# શ્રી મલ્લીનાથ ચરિત્ર.

## ભાષાંતર.

શ્રી વિનયચંદ્રસૂરિ વિરચિત સંસ્કૃત પદ્યાત્મક ચરિત્રનું
શુદ્ધ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવીને
શ્રી પાટણ (ગુજરાત) નિવાસી શેઠ નગીનદાસ
કરમચંદના ઉદાર આશ્રયથી ગુજરાતી
ભાષાના જાણનારા જૈનબંધુઓ માટે અનેક
વિષય પર વિસ્તૃત કથાઓનાં સંગ્રહવાળું
અત્યુપકારી ચરિત્ર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**

વીર સંવત ૨૪૪૧ | વિક્રમ સંવત ૧૯૭૧

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

કિંમત રૂ. [illegible]

P. P. Ac. Gunratansuriji M.S. | Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

આ ચરિત્રના કર્તા **શ્રી વિનયચંદ્ર સૂરિએ** સંસ્કૃત પદ્યમય આ ચરિત્ર તેરમી સદીમાં રચેલું છે. રચ્યાનો સંવત આ ચરિત્રને અંતે આપેલી પ્રશસ્તિમાં આપેલો નથી. પરંતુ તે મહાત્માએજ કલ્પસૂત્ર ઉપર નિરૂક્ત રચેલું છે, તેમાં સંવત ૧૩૨૫નો આપેલો છે.. તે ઉપરથી આને માટે પણ અનુમાન થઇ શકે છે. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર વિગેરે અન્ય ગ્રંથો પણ આ મહાત્માએ રચેલા છે. ઉપરાંત તેમના સમકાલીન અનેક આચાર્યાદિકના રચેલ ધર્મવિધિ વિગેરે અનેક ગ્રંથો ને ચરિત્રો શોધી આપેલા છે. ગ્રંથશોધનના કાર્યમાં તેઓ સારા પ્રતિષ્ઠા પામેલા છે. એમ આ ચરિત્ર સંસ્કૃતમાં શ્રી બનારસ યશોવિજય ગ્રંથમાળામાં નંબર ૨૯ તરીકે છપાયેલ છે તેની પ્રસ્તાવના ઉપરથી સમજી શકાય છે.

આ ચરિત્ર આખું અનુષ્ટુપ વ્રતમાં રચેલું છે. આઠ સર્ગ છે. એકંદર ૪૩૫૫ શ્લોક છે. દરેક સર્ગ કેટલા શ્લોકનો છે અને તે દરેક સર્ગમાં શું શું હકીકત સમાવેલી છે તે આ સાથે આપેલા **ચરિત્ર સંક્ષેપ** ઉપરથી જાણી શકાય તેમ છે. ચરિત્રમાં સમાવેલ હકીકત જાણવા માટે પ્રારંભમાં ખાસ ચરિત્ર સંક્ષેપ વાંચી જવાની જરૂર છે.

આ ચરિત્રમાં મોટો ભાગ પ્રાસંગિક કથાઓએ રોકેલો છે, તે જાણવા માટે કથાઓની અનુક્રમણિકા જુદી આપેલી છે. અને તે દરેક કથાએ ભાષાંતરના કેટલા પૃષ્ટ રોકયા છે તે પણ તેની અંદર જણાવેલ છે. દરેક પૃષ્ટમાં સુમારે ૧૩-૧૪ શ્લોકનું ભાષાંતર આવી શકે છે. મુખ્ય કથાઓની સંખ્યા ૨૩ ની છે.

આ ચરિત્રની અંદર ખાસ બે હકીકત વાંચનાર બંધુઓનું ધ્યાન ખેંચવા લાયક છે. મલ્લીનાથજીએ પૂર્વભવમાં પોતાના મિત્રોથી વધારે સારી સ્થિતિ પ્રાપ્ત કરવાની અભિલાષાથી માયા કપટ કરીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વધારે તપ કર્યો પરંતુ તે માયાનું પરિણામ સ્ત્રીવેદ બાંધવામાં આવ્યું. જૈન શાસ્ત્રકાર કહે છે કે 'કર્મની પાસે કોઇનું બળ ચાલી શકતું નથી. અધ્યવસાય પ્રમાણે કર્મબંધ થાય છે અને માયારૂપ કષાય યુક્ત અધ્યવસાય પ્રાણીને હલકી સ્થિતિ પમાડે તેવો બંધ કરાવે છે.' આંહી જૈન ધર્મનો નિષ્પક્ષપાત ન્યાય જોવાનો છે. તીર્થંકર જેવી વ્યકિત માટે પણ પૂર્વે કર્મના ઉદયથી સ્ત્રીપણાની પ્રાપ્તિનો તેણે સ્વીકાર કર્યો છે. આ ચોવીશીમાં આ ભરતક્ષેત્રમાં થયેલા દશ આશ્ચર્ય (અછેરા) પૈકીનું આ પણ એક આશ્ચર્ય છે.

બીજી હકીકત ખાસ ધ્યાન ખેંચે તેવી એ છે કે સ્ત્રીજાતિના બાહ્ય રૂપમાં મોહ પામેલા પ્રાણીઓ (મનુષ્યો) તેના અંતઃશરીરમાં શું ભર્યું છે ? તેનો વિચાર કરતા નથી. પોતાના છ મિત્રોને પ્રતિબોધ પમાડવા માટે મલ્લીકુંવરીએ પોતાની સદશ એક પુતળી બનાવીને તેના પેટમાં નાખેલા એકેક કોળીઆથી પરિણામે કેવી દુર્ગંધી ઉત્પન્ન થાય છે તે બતાવીને આ ઔદારિક શરીરમાં દરરોજ નખાતા ૩૨ કોળીઆઓથી કેવી દુર્ગંધ ઉત્પન્ન થયેલી હોવી જોઇએ તેનો ખ્યાલ આપ્યો છે. તે સાથે સમજાવ્યું છે કે—આવા અશુચિ શરીર પર મોહ પામનાર મુગ્ધ મનુષ્યની કેવી દઢ મૂર્ખાઇ છે ? કોઇ પણ રીતે આ શરીર મોહ કરવા લાયક નથી. બાર ભાવનાઓ પૈકી છઠ્ઠી અશુચિ ભાવનાનું સ્વરૂપ અહીં ખડું કરી દેવામાં આવ્યું છે.

આ ચરિત્રમાં સમ્યક્ત્વ ઉપર ને બાર વ્રત ઉપર જુદી જુદી કથાઓ આપેલી છે. તેમજ દાન, શીળ, તપ ને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મ ઉપર ચાર કથાઓ આપેલી છે. દરેક કથાઓ ખાસ વાંચવા લાયક છે. આખું ચરિત્ર ઘણુંજ રસીક, ઉપદેશક અને વાંચનારના દીલ પર ઉંડી અસર કરે તેવું છે.

આ ચરિત્ર છપાવવામાં શ્રીપાટણનિવાસી ગૃહસ્થ શેઠ નગીનદાસ કરમચંદે આર્થિક સહાય આપી છે. એ ગૃહસ્થ ઉદારચિત્ત હોવાથી તેમણે બીજાં પણ અનેક ધર્મકાર્યોમાં દ્રવ્યનો વ્યય સારો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરેલો છે. પાટણ શહેર જ એ ખાતે શ્રેષ્ઠ પંક્તિમાં ગણવા લાયક છે. ત્યાંના ગૃહસ્થો મુંબઇ વિગેરે સ્થળે જઈને દ્રવ્ય મેળવી આવ્યા પછી તીર્થયાત્રા, ઉદ્યાપન, સ્વામીવાત્સલ્ય, પ્રતિષ્ઠામહોચ્છવ વિગેરે અનેક પ્રકારના ધર્મકાર્યોમાં સારો દ્રવ્ય વ્યય કરે છે અને પોતાના પૂર્વપુરૂષોને પગલે ચાલે છે.

આ ચરિત્ર છપાવીને બહાર પાડવામાં તાકીદ છતાં પ્રેસાદિ કારણોથી વિલંબ થયો છે તે દરગુજર કરવા લાયક છે.

અમારી સભાના પુસ્તક પ્રસિદ્ધિને લગતા સતત ઉદ્યમની અંદર આ પણ એક નોંધી રાખવા લાયક કાર્ય બનેલું છે.

આ ભાષાંતર વાંચી તેમાંથી સાર ગ્રહણ કરીને અનેક ભવ્યાત્માઓ પોતાના આત્માનું કલ્યાણ કરો એવું ઇચ્છી આ લઘુ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

| | |
|---|---|
| અશાડ શુદિ ૨<br>સંવત ૧૯૭૬ | **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.**<br>**ભાવનગર.** |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ચરિત્ર સંક્ષેપ.

## સર્ગ ૧ લો. ( શ્લોક. ૫૭૬ )

મંગળાચરણ–વીતશોકા નગરી–બળરાજા–ધારિણી રાણી–રત્નચંદ્ર મુનિનું પધારવું–બળરાજાનું વાંદવા જવું–રત્નચંદ્ર મુનિને તેમના વૈરાગ્યના કારણુની પૃચ્છા–રત્નચંદ્ર મુનિએ કહેલી પોતાની પૂર્વ કથા–બળરાજાએ ગ્રહણ કરેલ શ્રાવકના વ્રત–એક વિદ્યાધરનું દીક્ષા લેવા આવવું–તેણે કહેલ શકાવતાર તીર્થની યાત્રા સંબંધી હકીકત–બળરાજાએ કરેલી તે તીર્થ સંબંધી અને તે તીર્થનો ઉદ્ધાર કરનાર હરિશ્ચંદ્ર રાજા સંબંધી પૃચ્છા–રત્નચંદ્ર મુનિએ કહેલી સત્ય હરિશ્ચંદ્ર રાજાની સવિસ્તર કથા–વિદ્યાધરે લીધેલ દીક્ષા–બળરાજાનું સ્વસ્થાને જવું–ધારિણી રાણીને સ્વપ્ન–પુત્રનો જન્મ–મહાબળ નામ સ્થાપન–મહાબળ કુમારના છ મિત્રો–રત્નચંદ્ર મુનિનું ફરીને પધારવું–બળરાજાનું વાંદવા જવું–તેને લાગેલ પ્રતિબોધ–દીક્ષા લેવાની તીવ્ર ઇચ્છા–મહાબળ કુમારને રાજ્યાભિષેક. પૃષ્ટ ૧ થી ૪૫.

## સર્ગ ૨ જો. ( શ્લોક. ૬૭૦ )

બળરાજાએ લીધેલ દીક્ષા ને તેનું નિર્વાણ–મહાબળનું રાજ્યપાલન–તેને થયેલ પુત્ર–બળભદ્ર નામ સ્થાપન–વરધર્મસૂરિનું પધારવું–મહાબળ રાજાનું વાંદવા જવું. સૂરિએ આપેલ દેશના–ચાર પ્રકારના ધર્મનું વર્ણન–ચારે પ્રકારના ધર્મપર કહેલી ચાર વિસ્તૃત કથાઓ–મહાબળ રાજાને તે સાંભળીને થયેલ વૈરાગ્ય–તેણે બતાવેલી ચારિત્ર લેવાની ઇચ્છા–બળભદ્ર કુમારને રાજ્યાભિષેક કરવાની તૈયારી–મુહૂર્ત્ત વર્ણન–રાજ્યાભિષેક–છ મિત્રો સહિત મહાબળ રાજાનું દીક્ષા લેવા નીકળવું. તેમણે લીધેલ દીક્ષા. પૃ. ૪૫ થી ૯૬.

## સર્ગ ૩ જો. ( શ્લોક ૨૫૭ )

મહાબળ રાજર્ષિનો વિહાર–વીતશોકા નગરીએ પધારવું–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બળભદ્ર રાજાનું વાંદવા આવવું–મહાબળ મુનિએ આપેલ દેશના–તેની અંદર કહેલું સંસાર રૂપ નગરમાં રહેલા કર્મપરિણામ રાજા સંબંધી અને ચારિત્રધર્મ રાજા સંબંધી સવિસ્તર વૃત્તાંત–બળભદ્ર રાજાએ ગ્રહણ કરેલ શ્રાવક ધર્મ–સાતે મુનિઓએ એક સરખો તપ કરવાની કરેલી પ્રતિજ્ઞા–મહાબળ મુનિએ વધારે તપ કરવા માટે કરેલ માયા ( કપટ )–તેથી તેમણે બાંધેલ સ્ત્રીવેદ–તેમણે કરેલ વીશ સ્થાનકનો તપ–વીશ સ્થાનકોનું વર્ણન–તેથી બાંધેલ તીર્થંકર નામ-કર્મ–પ્રાંતે કરેલી આરાધના–મૃત્યુ પામીને સાતે મિત્રોનું વૈજયંત અનુતર વિમાનમાં ઉપજવું. પૃ. ૯૬ થી ૧૧૩

## સર્ગ ૪ થો. ( શ્લોક ૨૦૭ )

જંબુદ્વિપ–ભરતક્ષેત્ર–વિદેહ દેશ–મિથિલા નગરી–કુંભ રાજા–પ્રભાવતી રાણી–તેમની કુક્ષીમાં મહાબળ દેવનું સ્રીપણે ઉપજવું–પ્રભાવતી રાણીને આવેલ ૧૪ સ્વપ્ન–સ્વપ્નફળ–કુંવરીનો જન્મ–૫૬ દિશાકુમારીકાઓએ કરેલ પ્રસૂતી કર્મ–સૌધર્મેંદ્રનો આસનકંપ–તેનું જન્મોચ્છવ કરવા માટે નીકળવું–પ્રભુને લઇને તેમનું મેરૂ પર્વતપર જવું–અન્ય સર્વ ઇંદ્રોનું ત્યાં આવવું–જન્માભિષેક મહોત્સવ–ઇંદ્રે કરેલી સ્તુતિ–પ્રભુને સ્વસ્થાને મૂકીને નંદીશ્વર દ્વીપે જવું–ત્યાં અ-ઠ્ઠાઇ મહોત્સવ કરીને સ્વસ્થાને જવું–પ્રાતઃકાળે કુંભરાજાને મળેલી વધામણી–તેણે કરેલ જન્મોચ્છવ–પ્રભુનું વૃદ્ધિ પામવું–પ્રાપ્ત થયેલ યૌવનાવસ્થા–પ્રભુના રૂપનું વર્ણન. પૃ. ૧૧૪ થી ૧૨૭

## સર્ગ ૫ મો. ( શ્લોક ૩૩૨ )

પ્રથમ મિત્ર અચળનું સ્વર્ગથી ચ્યવીને સાકેતપુરમાં **પ્રતિબુદ્ધિ** રાજા થવું–તેણે જોયેલ પુષ્પમુદ્ગર–મલ્લીકુંવરીના પુષ્પમુદ્ગરના થયેલ વખાણ–તે રાજાએ મલ્લીકુંવરીની માગણી માટે કુંભ રાજા પાસે મોકલેલ દૂત.

બીજા મિત્ર ધરણનું ચંપાપુરીમાં **ચંદ્રચ્છાય** રાજા થવું–તેની નગરીમાં રહેનાર અર્હન્નય નામે શ્રાવકનું સમુદ્ર યાત્રાએ નીકળવું–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવે કરેલી તેની પરીક્ષા–અર્હન્નયે બતાવેલી ધર્મદઢતા–દેવે આપેલી બે કુંડળની જોડ–એક જોડ મલ્લીકુંવરીને આપવી–બીજી જોડ ચંદ્રચ્છાય રાજાને આપતાં મલ્લીકુંવરીની નીકળેલ વાત–રાજાને ઉદ્‌ભવેલ તેનાપર સ્નેહ–તેણે માગણી માટે કુંભરાજા પાસે મોકલેલ દૂત.

ત્રીજા મિત્ર પુરણનું શ્રાવસ્તિ નગરીમાં રૂકૂમિ રાજા થવું–તેની પુત્રી સુબાહુનો સ્નપનોત્સવ–તે પ્રસંગે મલ્લીકુંવરીના સ્નપનોત્સવની થયેલી પ્રશંસા–રૂકૂમિ રાજાને ઉદ્‌ભવેલો પ્રેમ–તેણે કુંભ રાજા પાસે મોકલેલ દૂત.

ચોથા મિત્ર વસુનું વાણારસી નગરીમાં શંખ રાજા થવું–મલ્લીકુંવરીના કુંડળયુગળનું ખંડિત થવું–તે સાંધવા માટે સુવર્ણકારોને બતાવતાં તેઓએ બતાવેલી અશક્તિ–કુંભરાજાએ તેને કાઢી મૂકવા–તેમનું શંખ રાજા પાસે આવવું–તેણે કરેલું મલ્લીકુંવરીના રૂપનું વર્ણન–શંખરાજાને ઉદ્‌ભવેલો પ્રેમ–તેણે કુંભરાજા પાસે મોકલેલ દૂત.

પાંચમા મિત્ર વૈશ્રમણનું હસ્તિનાપુરમાં અદીનશત્રુ રાજા થવું–અહીં મલ્લીકુંવરીના બંધુ મલ્લકુમારે ચિત્રાવેલી ચિત્રશાળા–ચિત્રકારે ચિતરેલું મલ્લીકુંવરીનું આબેહુબ રૂપ–તેને જોતાં સાક્ષાત્ મલ્લીકુંવરી છે એવો મલ્લકુંવરને થયેલ ભ્રમ–મલ્લકુમારનું ચિત્રકાર ઉપર નાખુશ થવું–ચિત્રકારને કાઢી મૂકતાં તેનું અદીનશત્રુ રાજા પાસે આવવું–તેણે બતાવેલી મલ્લીકુંવરીની અપ્રતિમ છબી–તે જોતાંજ રાજાને ઉપજેલ તેનાપર અનુરાગ–તેણે કુંભ રાજા પાસે મોકલેલ દૂત.

છઠ્ઠા મિત્ર અભિચંદ્રનું કાંપિલ્યપુરમાં જિતશત્રુ રાજા થવું–અહીં મલ્લીકુંવરીએ ચોક્ષા જોગણનું તેના શૌચમતનું ખંડન કરવા વડે કરેલ અપમાન–તેનું ફરતાં ફરતાં જિતશત્રુ રાજા પાસે આવવું–તેની પાસે રાજાએ કરેલ પોતાના અંતઃપુરના વખાણ–જોગણે કરેલ મલ્લીકુંવરીના રૂપનું વર્ણન–રાજાને થયેલ અનુરાગ–તેણે કુંભ રાજા પાસે મોકલેલ દૂત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મલ્લીકુંવરીએ પૂર્વભવના મિત્ર છએ રાજાઓનાં દૂતોનું આગમન અવધિજ્ઞાનવડે જાણીને તે રાજાઓને પ્રતિબોધ કરવા માટે પોતાની જેવા રૂપવાળી એક સુવર્ણવર્ણી બનાવેલી પુતળી–તેને છ દ્વારવાળા એક અંધારા ઓરડામાં રાખવી–તે પોલી પુતળીના પોલાણવાળા ભાગમાં તાળવેથી દરરોજ આહારનો એકેક કોળીઓ નાખવો–છએ રાજાના દૂતોનું એક સાથે મિથિલામાં આવવું–રાજસભામાં એક સાથે દાખલ થવું–ક્રમસર છએ દૂતોએ પોતપોતાના રાજાઓ માટે મલ્લીકુંવરીની કરેલી માગણી–કુંભરાજાએ તે છએ દૂતોનો કરેલો એક સરખો તીરસ્કાર–તેમનું પોતપોતાના રાજા પાસે પાછું જવું–તેની વાત સાંભળીને છએ રાજાઓને ચડેલો ક્રોધ–તેમનું સૈન્ય સહિત મિથિલા તરફ પ્રયાણ–તેઓએ એકસાથે મિથિલાને ઘેરો ઘાલવો–કુંભરાજાને ઉત્પન્ન થયેલ ચિંતા–મલ્લીકુંવરીએ છએ રાજાઓને જુદા જુદા ગુપ્ત માણસોવડે બોલાવવાનું કહેવું–કુંભરાજાએ કરેલો તેનો અમલ–છએ રાજાઓનું એક વખતે આવવું–પુતળીવાળા ઓરડાના છ દ્વાર પાસેની છ કોટડીમાં જુદા જુદા દાખલ થવું. ત્યાં પુતળીને જોતાં સાક્ષાત્ મલ્લીકુંવરીનો તેમને થયેલ ભ્રમ–મલ્લીકુંવરીએ પ્રચ્છન્નપણે પુતળીના માથાનું ઢાંકણું ઉઘાડી નાખવું–તેમાંથી ઉછળેલો અત્યંત દુર્ગંધ મલ્લીકુંવરીએ પ્રગટ થઇને તે નિમિત્તે કરેલો બોધ–પૂર્વભવનું કરાવેલું સ્મરણ–તેમને ઉત્પન્ન થયેલ જાતિસ્મરણ જ્ઞાન–તેમણે મલ્લીકુંવરી પ્રત્યે કરેલ કર્ત્તવ્યની પૃચ્છા–મલ્લીકુંવરીએ બતાવેલ પોતાની ચારિત્ર ગ્રહણની ઇચ્છા અને તેજ માર્ગ–છ રાજાઓએ પણ તે માર્ગ ગ્રહણ કરવાનો કરેલો સ્વીકાર–તૈયારી માટે પોતપોતાના રાજ્યમાં પાછા જવું.

અહીં લોકાંતિક દેવોનું પ્રગટ થવું–તેમણે ધર્મતીર્થ પ્રવર્તાવવાની મલ્લીનાથજી પ્રત્યે કરેલી પ્રાર્થના–ભગવંતે આપેલું સાંવત્સરિક દાન–ભગવંતનો દીક્ષા મહોત્સવ–ભગવંતે ગ્રહણ કરેલ દીક્ષા–ઇંદ્રે કરેલ સ્તુતિ–તેજ દિવસે ભગવંતને થયેલ કેવળજ્ઞાન–દેવોએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રચેલ સમવસરણ–ઇંદ્રે કરેલ સ્તુતિ–કુંભરાજાએ કરેલ સ્તુતિ–છએ મિત્રરાજાઓનું ત્યાં આવવું. પૃ. ૧૨૭ થી ૧૫૨.

## સર્ગ ૬ ઠ્ઠો. ( શ્લોક ૫૬૧ )

મલ્લીનાથજીએ આપેલ દેશના ( પૃષ્ટ ૧૫૩ )–સમ્યક્ત્વ ઉપર કહેલી દવદંતીની વિસ્તૃત કથા. પૃ. ૧૫૩ થી ૧૯૬.

## સર્ગ ૭ મો. ( શ્લોક ૧૧૫૮ )

કુંભરાજાએ શ્રાવક ધર્મ સાંભળવા માટે કરેલી પ્રાર્થના–ભગવંતે કહેવા માંડેલું તેનું સ્વરૂપ–પ્રથમ વ્રત ઉપર સુદત્તની કથા–બીજાથી બારમા વ્રત પર્યંત દરેક વ્રત પર કહેલી વસુબંધુ, સંગમ, સુદર્શન શ્રેષ્ઠિ, ભોગદત્ત સુદત્ત, મિત્રાનંદ, ભીમ–ભીમસેન, લોભનંદી, ચંદ્રાવતંસક, ધનસેન, શિખરસેન અને ચંદનબાળાની કથા–કુંભરાજાએ અને છએ મિત્રોએ કરેલી ચારિત્ર ધર્મ માટે પ્રાર્થના–કુંભરાજાએ મલ્લકુમારને રાજ્યે બેસારીને દીક્ષા લેવા નીકળવું–છ મિત્રોએ પણ સાથે નીકળવું–તેમણે લીધેલ દીક્ષા–છએ મિત્રોનું કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પ્રભુની પહેલાં મોક્ષ પ્રયાણ–ભગવંતે કરેલી ગણધરોની તથા સંઘની સ્થાપના–ભગવંતનું બીજા ગઢમાં (દેવચ્છંદામાં) બિરાજવું–ગણધરે આપેલી દેશના–પ્રભુના યક્ષ ને યક્ષણીનું નિર્માણ. પૃ. ૧૯૭ થી ૨૮૫.

## સર્ગ ૮ મો. ( શ્લોક ૫૮૩ )

ભગવંતનો વિહાર–ચંદ્રપુરે પધારવું–ત્યાંના નાસ્તિક રાજાને કરેલો પ્રતિબોધ–તેણે ગ્રહણ કરેલ ચારિત્ર–એક ગ્રામ્ય પુરૂષનું વૃત્તાંત–તેનું પ્રભુ પાસે આવવું–તેણે ગ્રહણ કરેલ ચારિત્ર–દેવપાળ નામના ગોવાળનું વૃત્તાંત–તેનું હસ્તિનાપુરના રાજા થવું–તેની રાણીનું મરણ–તેને થયેલ શોક–ભગવંતનું હસ્તિનાપુર પધારવું–ભગવંતે તેને કરેલ પ્રતિબોધ–તેણે ગ્રહણ કરેલ ચારિત્ર–એક અભિમાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બ્રાહ્મણનું ભગવંત પાસે આવવું-તેને ઉપદેશ આપવા માટે ભગવંતે કહેલી યજ્ઞદત્ત અથવા ચિલાતીપુત્રની કથા-બ્રાહ્મણે માન તજીને લીધેલ ચારિત્ર-ભગવંતનું શ્વેતંબી પધારવું-ત્યાં વસતા ૩૦૦ ક્રોધી તાપસો-તેમને ઉપદેશ આપવા ભગવંતે કહેલ ચંડરૂદ્રાચાર્યની કથા-બધા તાપસોએ લીધેલ ચારિત્ર-ભગવંતનું મદિરાવતી નગરીએ પધારવું-ત્યાંના યશશ્ચંદ્ર રાજાનું દેવાંગનાઓના રૂપ જોવા માટે પ્રભુ પાસે આવવું-ભગવંતે કહેલી કુળધ્વજ કુમારની કથા-તે કથા સાંભળીને યશશ્ચંદ્ર રાજાને થયેલ વૈરાગ્ય-તેણે ગ્રહણ કરેલ ચારિત્ર.

ભગવંતનો પરિવાર-ભગવંતનું સંમેતગિરિ પધારવું-ભગવંતે કરેલ યોગ નિરોધ-ભગવંતનું નિર્વાણ-ઇંદ્રોએ કરેલો નિર્વાણ મહોત્સવ-ભગવંતના આયુષ્યની વહેંચણી. પૃષ્ટ ૨૮૯ થી ૩૨૯

પ્રશસ્તિ. ( શ્લોક ૧૧ ) પૃષ્ટ ૩૩૦-૩૩૧.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## कथानुक्रमणिका.


१ प्रत्येकबुद्ध रत्नचंद्र मुनिनी कथा. ४–१८
२ शक्रावतार तीर्थ–सत्य हरिश्चंद्र राजानी कथा. १९–३९

સર્ગ ૨ જો.

૩ દાનધર્મોપરી જિનદત્ત કથા (પદ્મશેખર) ૪૮–૬૦
૪ શીળધર્મોપરી વનમાળા કથા. ૬૧–૭૨
૫ તપધર્મોપરી વિદ્યાવિલાસ કથા. (શ્રીવત્સ) ૭૨–૮૭
૬ ભાવધર્મોપરી દૃઢપ્રહારી કથા. ૮૮–૯૨

સર્ગ ૩ જો.

૭ સંસાર રૂપ નગર–કર્મપરિણામ રાજા–ચારિત્રધર્મ રાજા ૯૭–૧૦૯

સર્ગ ૬ ઠ્ઠો.

૮ સમ્યકત્વ ઉપર દવદંતી (દમયંતી) ની કથા. ૧૫૪–૧૯૬

સર્ગ ૭ મો.

૯ પ્રથમ વ્રતોપરી સુદત્ત કથા. ૧૯૭–૨૦૧
૧૦ બીજા વ્રત ઉપર વસુબંધુની કથા. ૨૦૨–૨૦૭
૧૧ ત્રીજા વ્રત ઉપર સંગમની કથા. ૨૦૮–૨૧૧
૧૨ ચોથા વ્રત ઉપર સુદર્શન શ્રેષ્ઠિની કથા. ૨૧૨–૨૨૭
૧૩ પાંચમાં વ્રત ઉપર ભોગદત્ત સુદત્તની કથા. ૨૨૮–૨૩૬
૧૪ છઠ્ઠા વ્રત ઉપર મિત્રાનંદની કથા. ૨૩૭–૨૪૫
૧૫ સાતમા વ્રત ઉપર ભીમ–ભીમસેનની કથા. ૨૪૬–૨૫૦
૧૬ આઠમા વ્રત ઉપર લોભનંદીની કથા. ૨૫૧–૨૫૯
૧૭ નવમા વ્રત ઉપર ચંદ્રાવતંસક રાજાની કથા. ૨૫૯–૨૬૦
૧૮ દશમા વ્રત ઉપર ધનસેન શેઠની કથા. ૨૬૧–૨૬૬
ચંદ્રયશાની અવાંતર કથા. ૨૬૧–૨૬૫
૧૯ અગ્યારમા વ્રત ઉપર શિખરસેનની કથા. ૨૬૭–૨૭૧
૨૦ બારમા વ્રત ઉપર ચંદનબાળાની કથા. ૨૭૧–૨૮૩

સર્ગ ૮ મો.

૨૧ દેવપાળ ગોપાળની કથા. ૨૯૪–૩૦૩
૨૨ માન ઉપર યજ્ઞદત્ત અથવા ચિલાતીપુત્રની કથા. ૩૦૪–૩૦૯
૨૩ ક્રોધ ઉપર ચંડરૂદ્રાચાર્યની કથા. ૩૦૯–૩૧૩


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

श्री विनयचंद्रसूरि विरचित

# श्री मल्लिनाथ चरित्र.

## भाषांतर

### प्रथम सर्ग

महातेजःप्रसूः सर्व-मंगलोल्लासकारणम्।
अर्हन् गणाश्रयं प्रीणन्, जयताद् वृषभध्वजः ॥ १ ॥

મહાતેજને પ્રગટ કરનાર, સર્વ મંગલને ઉલ્લસિત કરવામાં કારણભૂત, ગણાશ્રય-ગણધર વિગેરે તથા ગણને આનંદ આપનાર અને જગત્‌ના પૂજ્ય એવા વૃષભધ્વજ-આદિનાથ મહાદેવ જયવંત વર્તો.

શુકલધ્યાન રૂપ અંજલિથી ભવસાગરનું શોષણ કરવામાં અગસ્ત્ય ઋષિ સમાન તથા કુંભરાજાના પુત્ર એવા શ્રીમાન્ મલ્લિનાથ * ભગવંત ભવ્યજનોના પાપરૂપ વાતાપિ ( દૈત્યવિશેષ ) નું શોષણ કરનાર થાઓ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમના આશ્રયથી ક્રમહીન ( ચરણહીન ) નાગ પણ નાગેંદ્ર થયો-એવા શ્રી પાર્શ્વનાથ તમારા કલ્યાણ નિમિત્તે થાઓ.

વંદન કરવા આવતા કરોડો દેવોના મુગટરૂપ ચકોરીસમૂહથી ચુંબિત થયેલા શ્રીવીર પરમાત્માના ચરણ-દ્વયના નખરૂપ ચંદ્રો જયવંત વર્તો.

સંસારના ત્રાસરહિત, મનહર કાંતિવાળા, અત્યંત નિર્મળ, તથા મુક્તાવલી ( સિદ્ધજીવો ) માં નાયક સમાન એવા અન્ય જિનેશ્વરોને પણ હું ( કર્ત્તા ) નમસ્કાર કરૂં છું.

જગતમાં સર્વત્ર વ્યાપ્ત થયેલી અને સાલંકાર એવી ભગવંતની ત્રિપદીરૂપ વાણી-મને સાક્ષાત્ તત્ત્વ-સુધાનું સિંચન કરનારી થાઓ.

रजःक्षोदपयोदं श्री-विश्वाहृद्यावतंसकम् ।
प्रणौम्यहं भवोद्यान-भंङ्गनागं गुरुं स्वकम् ॥ १ ॥

અજ્ઞાનરજને શાંત કરવામાં મેઘ સમાન, લક્ષ્મી અને સરસ્વતીના એક મનહર મુગટ સદૃશ તથા સંસારરૂપ ઉદ્યાનનો ભંગ કરવામાં હસ્તી સમાન એવા સ્વગુરૂને હું નમસ્કાર કરૂં છું.[1]

જગતને જીતનાર એવા જે દેવના અનેક દેવો પણ કિંકર સમાન છે, તે કામદેવનો જે પ્રભુએ કૌમારાવસ્થામાં પણ સત્વર જય કર્યો એવા તે જગતના નાથ શ્રીમલ્લિનાથના પાવનકારી અને શ્રોતાના શ્રોત્રને સુધાની પરબ સમાન સચ્ચરિત્રની હું રચના કરૂં છું. જેમ આરામપાલક બગીચામાંથી સારાં પુષ્પો એકઠા કરીને માળા રચે, તેમ આ ચરિત્રને છઠ્ઠા અંગ ( જ્ઞાતા ધર્મકથા ) માંથી ઉધ્ધૃત કરીને હું રચું છું.

---

૧ આ શ્લોકના દરેક ચરણના આદ્યાક્ષરથી 'રવિપ્રભ' એવું કવિનું નામ અને અંત્યાક્ષર લેવાથી ' શ્રીકનક ' એવું નામ નીકળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# कथा-प्रारंभ.

કનકાચલ જેની કર્ણિકા સ્થાને છે અને અષ્ટ દિશાઓ રૂપ સ્પષ્ટ દળ-પત્રોથી જે વ્યાપ્ત છે એવો જંબૂ નામે દ્વીપ એક વિકસિત કમળ સમાન શોભી રહ્યો છે. તે દ્વીપના અપર ( પશ્ચિમ ) વિદેહમાં સલિલાવતી નામના વિજયમાં શોક રહિત એવા જનોથી ભરપૂર એવી **વીતશોકા** નામે નગરી છે. જ્યાં કવિરૂપ સૂત્રધારે રચેલ સરસ,સજળ, અને ગંભીર પદનો જ્યાં સંક્રમ છે એવા પ્રબંધ અને ક્રીડાવાપીઓ શોભે છે. વળી સુષમા કાળમાં ઉત્પન્ન થયેલાની જેમ જ્યાં લોકો પરોપકારમાં તત્પર, ધનવંત, મધુર બોલનાર અને ધૈર્યવંત છે, જ્યાં અવૃદ્ધિ શબ્દનો ઉપયોગ માત્ર સમુદ્ર માટેજ, નિષ્કોશત્વનો પ્રસંગ તરવારને માટેજ અને દાનચ્છેદ હાથીઓ માટેજ વર્તે છે પણ મનુષ્યોમાં તેવું કાંઇ ( અવૃદ્ધિત્વ, નિષ્કોશત્વ ને દાનચ્છેદ ) વર્તતું નથી. ત્યાં શત્રુઓના બળને પરાસ્ત કરનાર, સમૃદ્ધિથી વિષ્ણુ સમાન અને બળમાં બળસૂદન જેવો **બળ** નામે રાજા રાજ્ય કરે છે, જેના ગાંભીર્યથી સમુદ્ર, પરાક્રમથી સિંહ અને દાનથી કલ્પવૃક્ષો પણ હીન દેખાય છે. જેનો આકારજ ઉંચા પ્રકારની સંપત્તિને સૂચવે છે, અને જેના છત્ર, ચામર, મુગટ અને હાર પ્રમુખ તેની સ્થિતિને સૂચવે છે. તેને વિલાસરૂપ રાજહંસની એક વિકસ્વર કમલિની સમાન શૃંગાર રસરૂપ યોગીની વશીકરણ વિદ્યા સમાન, શીલરૂપ અલંકારને ધારણ કરનાર, ચાતુર્ય રસથી મનોહર અને ગુણ રૂપ લતાઓની નીક સમાન **ધારિણી** નામે પટરાણી છે.

એકદા તે નગરીના ઇંદ્રકુબ્જ નામના ઉદ્યાનમાં દોષરૂપ અંધકારને ભેદનાર શ્રી **રત્નચંદ્ર** નામે મુનિ પધાર્યા. જે ઉદ્યાનની નજીકના સરોવરના કાંઠે રહેલા વૃક્ષો જાણે પાણી પીવાને આતુર થઇ ગયા હોય તેમ જળમાં સર્વાંગ પ્રતિબિંબિત થઇને શોભતા હતા, વળી જે ઉદ્યાન પુષ્પરૂપ અક્ષતથી વ્યાપ્ત એવા વૃક્ષરૂપ હસ્તથી દ્વિજ-પક્ષીઓની લીલાપૂર્વક અને ભ્રમરના શબ્દોથી જાણે અભ્યા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગત તરફ મંત્રોચ્ચાર કરતું હોય એવું ભાસતું હતું, તે ઉદ્યાનરૂપ નભસ્તળમાં સન્મિત્રરૂપ નક્ષત્રો સહિત અને નેત્રરૂપ કૈરવને વિકસિત કરનાર એવો તે રાજા ( ચંદ્ર ) આવ્યો અને દિવસપતિના સ્વરૂપ સમાન તે મુનિના રૂપને જોઇને પ્રફુલ્લિત વદનથી નમસ્કાર કરીને રાજાએ આદર સહિત તેમને પૂછયું કે-' હે મહાત્મન્ ! અપ્રતિમ રૂપ અને સમુજ્વલ લાવણ્ય છતાં તમે ગૃહસ્થપણાનો ત્યાગ કરીને શા કારણથી સંયમનો સ્વીકાર કર્યો ? ' એટલે પોતાની દંતપંક્તિના કિરણોથી આકાશ-પ્રદેશને જાણે ઉદ્યોતિત કરતા હોય એવા ભગવાન્ રત્નચંદ્રમુનિ મધુર વાણીવડે આ પ્રમાણે બોલ્યા કેઃ- "હે રાજન ! આ અસાર સંસારમાં સર્વ વસ્તુ વૈરાગ્યના કારણરૂપજ છે, છતાં મારા વૈરાગ્યનું વિશેષ કારણ આ પ્રમાણે છે તે સાંભળોઃ—

' આ વિદેહક્ષેત્રમાં કુરૂદેશના વિભૂષણરૂપ અને સર્વ સંપત્તિના એક નિવાસસ્થાન્ જેવું **ચંદ્રપુર** નામે નગર છે, ત્યાં મહાતેજસ્વી અને શત્રુઓને સંતાપ આપનાર એવો **વસુભૂતિ** નામે રાજા છે, તેને **રત્નાવલી** નામે પટરાણી છે તેમને **રત્નચંદ્ર** નામે પુત્ર છે. ( તેજ હું છું. )

એકદા અશ્વક્રીડાને માટે નીકળેલ અને ચાર પ્રકારની ધારામાં દક્ષ એવો તે રાજકુમાર ઇંદ્રના અશ્વસમાન શ્રેષ્ઠ, જેનું મુખમંડળ માંસ રહિત છે, જેના બંને કર્ણ લઘુ અને સ્તબ્ધ છે, પશ્ચિમ અને પાર્શ્વ ભાગમાં જે પીન છે અને દશાવર્ત્તથી જેનું શરીર મનોજ્ઞ છે, તેમજ મન કરતાં પણ જે અધિક વેગવાળો છે એવા અશ્વને સુંદર રીતે લાતપાતાદિ કરાવતો અને પગલે પગલે ચલાવતો-ખેલાવતો હતો, એવામાં પાંચમી ધારાપર ચડેલ, પ્રૌઢ પરાક્રમી અને વેગમાં પવનને જીતનાર એવો તે અશ્વ વેગમાં આવી ગયો. અને સ્ફુરાયમાન ખુરપુટથી ઉડતી રજના સંગનો પણ જાણે અંગ-મલિનતાની ભીતિને લીધે ત્યાગ કરતો હોય તેમ આકાશમાં અતિ વેગથી જતો, તથા અનેક નદી, પુર, ગિરિ, ગ્રામ વિગેરેને ઓળંગતો બલિષ્ઠ એવો તે અશ્વ જ્યાં સિંહ ક્રીડા કરી રહ્યા છે એવા એક ભયાનક જંગલમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે રાજકુમારને લઇ ગયો. પછી વ્યસન ( દુઃખ ) સદૃશ તેની પીઠ-પરથી રત્નચંદ્ર ઉતર્યો એટલે બહુ દૂર આવવાથી બહુ આશ્ચર્યની વાત છે કે–તે અશ્વ એક છતાં પંચત્વપણાને ( મરણને ) પામ્યો. એટલે રાજકુમાર ચિંતવવા લાગ્યો કેઃ-' અહો ! તે રાજ્યસ્થિતિ કયાં ? અને આ ભયંકર જંગલ કયાં ? બંદીજનોના શબ્દો કયાં ? અને આ વ્યાઘ્રની ઘોર ગર્જના કયાં ? અથવા પુણ્યની ક્ષીણતાને લીધેજ આવી દશા મને પ્રાપ્ત થઇ છે, આવા સાક્ષાત્ સંકટમાં પણ મારે ધૈર્યનો ત્યાગ કરવો ઘટિત નથી. ' આ પ્રમાણે વિચાર કરીને સુધૈર્યરૂપ પરિવારથી પરિવૃત્ત એવો તે રાજકુમાર પાદચારી થઇને તે મહા અરણ્યમાં આગળ ચાલ્યો. એવામાં—' હા તાત ! હા ભુવનોત્તમ ભ્રાત ! સૂરણકંદની જેમ ખડ્ગરૂપ યષ્ટિથી મારા કકડા કકડા થાય છે, આ વસુધામાં કોઇ વીર નથી અને સંક્રંદન વિગેરે લોકપાળો પણ પોતાના નામને સાર્થક કરનાર નથી કે જેથી હું અબળા બળાત્કારથી મારી જાઉં છું. હે રત્નચંદ્ર ! મારા અભાગ્યના ઉદયથી આપ પણ કયાં ચાલ્યા ગયા ? કે એક મૃગલીની જેમ દુઃખમાં સપડાયેલી એવી મને તમે બચાવતા નથી. હે દૈવજ્ઞ ! સર્વજ્ઞની જેમ તેં જે મારા પિતાને કહ્યું હતું તે સુપ્તપ્રલપિતની[1] જેમ કહ્યું હશે અથવા તને મતિભ્રમ થયો હશે. ' એ પ્રમાણે કરૂણસ્વરથી રૂદન કરતી અને પ્રતિશબ્દોથી સાખીની જેમ અટવીને રોવરાવતી એવી એક અબળાનો સ્વર સાંભળીને રાજપુત્ર મનમાં ચિંતવવા લાગ્યો કેઃ—' નાથવિનાની આ બિચારી ત્રાસપૂર્વક કોણ સ્ત્રી રૂદન કરતી હશે ? અને પ્રગટ રીતે મારા નામનો એણે કેમ ઉચ્ચાર કર્યો હશે ? અથવા તો આ અવનીતલપર સમાન નામ પણ ઘણા સાંભળવામાં આવે છે, પરંતુ ક્ષત્રિય શબ્દના અર્થને યથાર્થ કરનાર એવા પ્રબળ જનોએ પોતાના દેહનો વ્યય કરીને પણ અતિ પ્રયત્નથી અબલાજનનો બચાવ કરવો જોઇએ. ' એ પ્રમાણે વિચાર કરી હાથમાં તરવાર લઇ ક્રોધથી દુર્ધર અને દયાર્દ્ર મનવાળો એવો તે રાજકુમાર તે સ્ત્રીના સ્વરને

૧ ઉંઘમાં કરાતા લવન જેવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુસારે દોડ્યો. અને આગળ જતાં જાજ્વલ્યમાન અગ્નિથી પરિપૂર્ણ એવા કુંડની સમક્ષ, તેને કિનારે ઉભેલી, કંઠમાં કણેરના રક્ત પુષ્પોની માળા નાંખેલી, વધસ્થાને લાવેલી બકરીની જેમ બંને હાથ અને પગ જેના બાંધેલા છે એવી, શ્યેન (બાજ) પક્ષીની ચંચુમાં સપડાયેલી ચકલીની જેમ જેની દૃષ્ટિ ભયથી ચપળ થઈ ગઇ છે એવી અને આલાનસ્તંભમાં બાંધેલ હાથણીની જેમ પરવશ થયેલી એવી એક બાળાને તેણે જોઇ. અને તેની પાસે ધારવાળી છરીને નચાવતા એક કપાળીને જોયો. તે બંનેને જોઈને રાજકુમાર બોલ્યો કેઃ-" રે અમર્યાદ! રે અધમ કાપાલિક! અરણ્યમાં શરણરહિત એવી આ અબળાને મારવાને કેમ તૈયાર થયો છે? રે પાપી! એનાપર પ્રહાર કરતાં તારૂં મન કેમ ચાલે છે? અથવા તો આજે તારો પાપનો ઘડો ખરેખર ભરાઇ ગયો લાગે છે. હે નિર્લજ્જ! આ તારા ભુજબળને હું શિષ્ટગર્હિત[1] માનું છું કે જેથી આવી દીન અબળાપર પ્રહાર કરવાને તું તત્પર થયો છું. આ પ્રમાણે કર્ણમાં લોહની સોયના પ્રવેશ જેવા કુમારનાં વચનો સાંભળીને કલ્પાંતકાળના યમ જેવો ભયંકર તે યોગી કુમારની સામે ધસી આવ્યો અને બોલ્યો કેઃ-' કટુ વાણીનું શાસ્ત્ર તું આજ મને શું શીખવતો હતો? અથવા તો તે શાસ્ત્ર તારાથકીજ વસુધાપર પ્રગટ થયેલું લાગે છે, પણ હે વાચાલ! તું તારા માર્ગે ચાલ્યો જા. પરંતુ સ્વભાવેજ તું પરને સંતાપ કરનાર લાગે છે, તેથી પરાક્રમની કથા રચવામાં વ્યાસ મુનિ સમાન આ મારૂં ઉજ્વલ ચંદ્રહાસ ( ખડ્ગ ) તારી કલુષિત વાણીના આચારની શુદ્ધિ કરશે.' આ પ્રમાણેનું તે યોગીનું કથન સાંભળીને રત્નચંદ્ર બોલ્યો કે-' મારા પર પ્રથમ તું શસ્ત્રનો પ્રહાર કર.' એટલે તેણે પ્રહાર કર્યો. રત્નચંદ્રે તે પ્રહાર ચુકાવી દીધો. પછી કાપાલિકનો પ્રહાર વ્યર્થ જતાં રત્નચંદ્રે પોતાના ખડ્ગરૂપ ધારાનાં કિરણથી તેનું આયુરૂપ કમળ બંધ કરી દીધું. અર્થાત્ તે યોગીને મારી નાંખ્યો. પછી તે બાળાના

૧ ઉત્તમ પુરૂષોની નિંદાના પાત્રભૂત.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્ય બંધનને કાપતાં અને પ્રેમ બંધનને રચતાં રત્નચંદ્રે તે કન્યાને પૂછયું કે–' હે ભદ્રે ! તું કોણ છે અને અહીં કયાંથી આવી છે ? તથા આ યોગી કોણ છે ? ' આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળી પોતાના લોચનને મંદ કરીને તે પદ્માક્ષી બોલી કે:—

' શત્રુસમૂહથી નિર્ભય એવી **ચંપા** નામે નગરી છે, ત્યાં શંખ જેવા શુભ્ર ગુણથી ઉજ્વલ **શંખ** નામે રાજા રાજ્ય કરે છે. તેને પદ્મા ( લક્ષ્મી ) ની જેવી **પદ્મલેખા** નામની પતિવ્રતા પટરાણી છે, તેમની **પદ્મલોચના** નામે હું સુતા છું. બાલ્યવયરૂપ સમુદ્રનું મથન કરીને હું યૌવન લક્ષ્મીને પામી. એવામાં એકદા શુભાશુભ કહેવામાં કુશળ અને કળાના નિધાન એવા એક **શુભ** નામના નૈમિત્તિકને મારા પિતાએ પૂછયું કે–' આ બાળાનો રૂપ અને વયમાં સમાન એવો વિદ્યાધર કે મનુષ્ય કોણ પતિ થશે ? તેનો વિચાર કરીને મને કહો. ' એટલે સમ્યગ્જ્ઞાનના બળથી તે બોલ્યો કે:–' કુરૂદેશમાં જ્યાં અનેક શ્રેષ્ટ મકાનો આવેલાં છે એવા **ચંદ્ર** નામના નગરમાં વસુભૂતિ રાજાનો આલસ્યાદિક દોષથી રહિત એવો **રત્નચંદ્ર** નામનો પુત્ર છે. તે રોહિણીને જેમ ચંદ્રમા પરણે તેમ આ તમારી પુત્રીને પરણશે. '

આ પ્રમાણે તેની વાણી સાંભળીને મારા પિતાએ રત્નચંદ્ર સાથે સંબંધ જોડવા માટે મિત્રભૂતિ નામના પુરોહિતને ચંદ્રપુરે મોકલ્યો. એવામાં સખીઓ સાથે ગવાક્ષમાં બેસીને કૃત્રિમ બાળકો સાથે ( રમકડાં સાથે ) રમત કરતી એવી મને જોઇને જાણે પૂર્વના વૈરનું સ્મરણ થયું હોય તેમ આ પાપી કાપાલિકે પાસે રહેલ પદ્મિનીનું જેમ માતંગ ( હાથી ) પોતાના કર (સૂંઢ)થી હરણ કરે તેમ મારૂં હરણ કર્યું. પછી કામભોગને માટે એણે મારી અત્યંત પ્રાર્થના કરી, પણ તેનું વચન જયારે મેં ન માન્યું ત્યારે એ પાપાધમે મને આવી અવસ્થાએ પહોંચાડી. એટલે વિરસ અને કરૂણ સ્વરથી હું રૂદન કરવા લાગી. કારણકે સંકટ સમયે કાયર જનો પાસે રૂદન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિવાય બીજું બળ હોતું નથી. હે પરંતપ[1] ! ત્યાર પછી શું થયું તે આપ પોતેજ જાણો છો, પણ હવે આપના ચરિત્રથી મારા કર્ણ-યુગલને પાવન કરો. ' એટલે સ્મિતથી શુભ્ર જેની દંતદ્યુતિ છે એવો રત્નચંદ્ર કુમાર બોલ્યો કે—' હે ભદ્રે ! હું ચંદ્રપુરમાં રહેનારા રત્ન-ચંદ્રના પરિવારનોજ છું. હે કલ્યાણી ! હું તેના આદેશથીજ તારૂં રક્ષણ કરવા આવ્યો છું અને આ યોગીને મેં શિક્ષા આપી તે પણ રત્નચંદ્રનોજ પ્રતાપ સમજવાનો છે.' આ પ્રમાણે સાંભળીને વિશિષ્ટ ચેષ્ટા અને લક્ષણથી તેને ઓળખી તે બાળા વિચારવા લાગી કે— ' પોતાના સ્વરૂપને ગુપ્ત રાખનાર આ રત્નચંદ્ર જ છે. નહિ તો આવું અનુદ્ધત વીરવ્રત અન્ય કોનામાં હોય ? કે જે ફણીધર જેવા આ યોગીથી મને બચાવી શકે. ' આ રીતે ચિંતવી રત્નચંદ્ર તરફ નજર કરી વિસ્મય પામીને તે બોલી કે—' એ યોગીનો વીર નામે શિષ્ય કાષ્ઠ લેવા ગયો છે, તે બળ કે છળથી પણ અત્યંત ઉપદ્રવ કરે તેવો છે તેથી તે કંઇક અનર્થ કરશે, માટે તેના આવ્યા અગાઉ આપણે અહીંથી દૂર ચાલ્યા જવું સારૂં છે. ' આ પ્રમાણે ભયાકુળ મનથી ભક્તિપૂર્વક કહેલાં તેના વચનને રાજકુમારે પ્રેમને વધારે દૃઢ કરવા માટે માની લીધું. અને શક્તિની જેમ આસક્ત એવી તે બાળા સાથે પ્રસન્ન થઇને રાજકુમાર એક પર્વત તરફ ચાલ્યો. એવામાં દિવાકર અસ્ત થયો. એટલે જાણે અંજન પર્વતમાંથી અથવા પાતાળમાંથી પ્રગટ થયેલ હોય એવો નિબિડ અંધકારનો સમૂહ પૃથ્વીતલપર પ્રસરવા લાગ્યો. રવિરૂપ નાથ અસ્ત થતાં જાણે શોકથી આકુળ થઇ ગઇ હોય તેમ દિશાઓ શ્યામ મુખ કરીને વાચાળ એવા ઘુવડપક્ષીઓના ઘૂત્કારોથી જાણે વિલાપ કરતી હોય એવી દીસવા લાગી. વિશ્વના મિત્રરૂપ સૂર્યના પરલોક જવાથી પ્રાણીઓના લોચન તિમિરથી પરિપૂર્ણ થઇ ગયાં અને શશાંક (ચંદ્ર) પણ સરોવરોમાંથી કમળોની શોભાને ચોરવા લાગ્યો. કારણ કે જડ ( જળ ) ના ગૃહમાં લક્ષ્મી ચિરકાળ સ્થાયી રહી શકતી નથી. આવી સ્થિતિમાં તે કમલાક્ષીને

[1] શ્રેષ્ઠ તપ કરનાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક દુસ્તર વંશઘટામાં સુવાડીને કુમાર પોતે તેની આગળના ભાગમાં સ્થિત રહ્યો.

પછી પ્રભાત થતાં જેવામાં તે પ્રિયાને બોલાવે છે એવામાં તે હરિણાક્ષીને બદલે પર્વત પ્રતિશબ્દોથી ઉત્તર આપવા લાગ્યો. એટલે તે ખેદ કરવા લાગ્યો કે-'અહો! કયાંથી અશ્વે મારો અપહાર કર્યો? અને એ મૃગાક્ષીનો સમાગમ મને કયાંથી થયો? તથા મારી જાગૃતિ છતાં એનો અપહાર કેમ થયો? અથવા તો પુણ્યનો નાશ થતાં એ રીતે બની શકવા સંભવ છે. અને વિયોગ કરવામાં દૈવજ એક સમર્થ છે.' આ પ્રમાણે વિચાર કરીને રત્નચંદ્ર અરણ્યમાં આગળ ચાલ્યો. એવામાં ધર્મવૃક્ષના આરામ સમાન, સંપત્તિના નિધાનરૂપ અને દુષ્કર્મરૂપ દૈત્યગૃહના પિધાન (ઢાંકણુ) રૂપ એક દિવ્ય દેવમંદિર વિસ્મયથી વિકસ્વર નેત્રવાળા એવા રાજકુમારના જોવામાં આવ્યું. તે ચૈત્યમાં તેણે પ્રવેશ કર્યો એટલે પ્રાણીઓને પ્રમોદરૂપ અને દૃષ્ટિરૂપ મૃગલીના પાશ રૂપ શ્રીજિનબિંબ તેના જોવામાં આવ્યાં. પછી જગતના ગુરૂ એવા શ્રીવીતરાગને પરમ ભક્તિથી પ્રણામ કરીને દંતપાંચાલી (પુતળીઓ) થી મનોહર એવા રંગમંડપમાં તે આવ્યો. એવામાં જરાથી જેનું શરીર જર્જરિત થઇ ગયું છે, કૌપીન (લંગોટી) માત્ર જેણે વસ્ત્ર ધારણ કરેલ છે તથા મેલ અને પરસેવાથી જેનું શરીર આર્દ્ર અને મલિન દેખાય છે એવો કોઇ કૃશ પુરૂષ ત્યાં આવ્યો. જિનેશ્વર ભગવંતને ભાવશુદ્ધિપૂર્વક પ્રણામ કરીને પવિત્ર સત્ય બોલનારા એવા તેણે કુમારને સ્નેહપૂર્વક કહ્યું કે:-'હે ભદ્ર! અયોધ્યામાં વસનારો અને સમર્થ વૃષભની જેવા સ્વપુત્રોપર ગૃહભારનું આરોપણ કરીને આવેલો હું ગંધાર નામે શ્રાવક છું, જિનેશ્વર ભગવંતના જન્મ-દીક્ષાદિ કલ્યાણકોવાળા તીર્થોમાં જિનપ્રતિમાને વંદન કરતો હું અહીં મહા તીર્થમાં આવ્યો છું, અને હવે અહીંજ ભાવથી અનશન કરીને સુનિર્મળ એવો પરલોક સાધવા ઇચ્છા છે. બીજું કાંઇ હવે મારે કરવાનું બાકીમાં નથી. હે ભદ્ર! ગઇ કાલે જ્ઞાનથી વિશ્વત્ર-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યની સ્થિતિને જાણનારા એવા એક વિદ્યાધર મહામુનિને ભાવથી વંદન કરીને મેં મારા આયુષ્યનું પ્રમાણ પૂછયું હતું, એટલે તેમણે કહ્યું હતું કે—'હે ભદ્ર! તારી આવરદા હવે માત્ર પાંચ દિવસનીજ છે, તેથી અહીં આવીને મારે ઉત્તમ ઉત્તરસાધક એવા તારી સહાયતાથી વિદ્યાસાધકની જેમ અનશન સ્થિતિમાં રહીને મુક્તિ સાધવી છે.' આ પ્રમાણે સાંભળીને અંતરમાં વિસ્મય પામતાં રત્નચંદ્રે કહ્યું કેઃ—'પરલોક સાધવાને ઉત્સુક થયેલા એવા તમને મારે શી સહાયતા કરવી?' એટલે ગંધાર શ્રાવક બોલ્યો કેઃ—'પંચ નમસ્કારના નામથી પ્રખ્યાત એવા મહામંત્રને વિધિપૂર્વક પ્રથમ તું ગ્રહણ કર. કારણ કેઃ—

"ये याता येऽपि यास्यंति, ये च यांति परं पदम् ।
ते सर्वेऽपि नमस्कारं, स्मारं स्मारं कृतस्मयाः" ॥

'જે પ્રાણીઓ પરમપદને પામ્યા છે, પામે છે અને પામશે, તે બધા ભાવથી નમસ્કારનું સ્મરણ કરીનેજ બનેલ છે.' નમસ્કાર એ પિતા, માતા, પરમ ગુરૂ અને પ્રિય મિત્ર સમાન છે, કુળ તથા બળ પણ એજ છે, વળી એના માહાત્મ્યથી સંપત્તિઓ આકૃષ્ટ થઇને આવે છે, અને પરમશ્રુતથી કુવાસનાની જેમ વિપત્તિઓ સર્વ વિનાશ પામે છે.' પછી नमोऽर्हदादिभ्यः એ મહામંત્રને તે પવિત્ર બુદ્ધિવાળા રાજકુમાર ગંધાર શ્રાવકની પાસેથી યથાવિધિ અને શુદ્ધોચ્ચાર પૂર્વક શીખ્યો. પછી ગંધાર શ્રાવકે કહ્યું કેઃ—'હે સખે! તે વખતે મારા કર્ણની નજીકમાં આવીને તારે એ મહામંત્ર મને સંભળાવવો.' રાજકુમારે તેમ કરવા હા કહી, એટલે પરમ શ્રાવક ગંધારે ત્રિવિધ આહારનો યથાવિધિ પરિહાર કર્યો, પછી તેના કર્ણની પાસે બેસીને રાજકુમારે સુસ્વરથી અને ભાવપૂર્વક શુદ્ધ નમસ્કાર મંત્ર સંભળાવવા માંડ્યો. શ્રદ્ધાથી જેનું મન સંશુદ્ધ થયું છે એવો તે ગંધાર શ્રાવક સમાધિ-ધ્યાનમાં લીન થઇને પાંચમે દિવસે દેવપણાને પામ્યો. પછી પોતાના બંધુની જેમ તેની ઉત્તરક્રિયા કરીને દેવસદૃશ નિર્ભય અને ઉદ્યમી એવો રત્નચંદ્ર ત્યાંથી પૂર્વ દિશામાં આગળ ચાલ્યો. એવા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માં જ્યાં કુદ્દાલને વહન કરતા મુગ્ધ તાપસો વૃક્ષોને સિંચન કરી રહ્યા છે, જ્યાં મૃગલીઓ ક્રીડા કરી રહી છે, જ્યાં નીવાર—તંદુલથી આંગણું શોભી રહ્યું છે, નારંગીનું તેલ બનાવવામાં તાપસકન્યાઓ જ્યાં વ્યગ્ર દેખાય છે, તિમી વૃક્ષોના તંતુઓની માળાથી જ્યાં ઉટજ શોભાયમાન છે, વેદિકાનું પ્રમાર્જન કરવામાં તત્પર એવી ઋષિપત્નીઓથી જે મનોહર લાગે છે અને દૃષ્ટિરૂપ ચકોરીને આનંદ આપવામાં જે સુધાકર સમાન છે એવા આશ્રમને તેણે જોયો. પછી ત્યાં પ્રવેશ કરીને વિનયથી ઉજ્વલ એવો રાજકુમાર શિષ્યની જેમ ભક્તિપૂર્વક કુલપતિને નમસ્કાર કરીને બેઠો. એવામાં બે તાપસોએ આવીને અંજલિપૂર્વક કુલપતિને પ્રણામ કર્યા, એટલે તાપસસ્વામીએ તેમને પ્રીતિના કાર્મણરૂપ સ્વાગત પૂછયું. તેઓ બોલ્યા કે—" હે પૂજ્ય! તમારા પ્રસાદથી અમને સ્વાગત છે. અને અમારા મુખદ્વારાએ શંખરાજા આપના ચરણમાં નમસ્કાર કરે છે. વળી હે પ્રભો! માબાપના નેત્રને સુધારૂપ એવી તે પદ્મલોચના સુખેથી ત્યાં પહોંચી ગઇ છે. અને તે પણ અમારા વચનદ્વારાએ આપના ચરણને નમન કરે છે.' આ પ્રમાણે શંખરાજાનું નામ સાંભળીને રત્નચંદ્ર બોલ્યો કે 'હે સ્વામિન્! એ શંખરાજા અને પદ્મલોચના કોણ?' એટલે કુલપતિએ કહ્યું કેઃ—' ચંપાપુરીમાં શંખ નામે રાજા છે. તેને નેત્રને આનંદ આપનાર પદ્મલોચના નામે પુત્રી છે. એકદા ગવાક્ષમાંથી તેનું કોઇએ હરણ કર્યું. કારણ કે પૂર્વોપાર્જિત કર્મ અન્યથા થતાં નથી. તે બાળાને એક યોગી મારતો હતો એવામાં રત્નચંદ્ર કુમાર કયાંકથી ત્યાં આવી ચડ્યો અને યુદ્ધ કરીને તે યોગીને તેણે મારી નાંખ્યો. પછી તે રાજપુત્રીની સાથે રત્નચંદ્ર આગળ ચાલ્યો અને રાત્રે વંશ (વાંસ) ની ઘટાના એક ભાગમાં તેને સુવાડીને પોતે દ્વાર પાસે ચોકી કરવા રહ્યો. એવામાં પાદચારીની જેમ તે યોગીના શિષ્યે ત્યાં આવીને પાછળ એક દ્વાર કરી તે પદ્માક્ષીનું અપહરણ કર્યું. ગાયની જેમ પોતાના વસ્ત્રનો છેડો તેના ગળાપર લપેટીને જાગ્રત થયેલી એવી પદ્મલોચનાને તે વંશઘટામાંથી તેણે આગળ ચલાવી. કેટલોક માર્ગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

व्यतिक्रांत थतां ते योगीशिष्य बोल्यो केः—' अरे ! मारा गुरुना प्राणनो घात करावनारी ! तने हुं शुं करुं ? ' एटले अंतरमां धीरज धरीने राजसुता बोली केः–' जे तने उचित लागे ते सत्वर कर. ' पछी ते बोल्यो केः—' हे बाले ! अनेक मंत्र, औषधि अनेविद्याओने जाणनार एवा मने जो तुं परणे तो तने जीवती मूकुं. ' आ प्रमाणे सांभळीने पद्मलोचनाए मनमां विचार कर्यो केः—' गमे तेम थाओ पण राजकुमारने मारे मेळववो जोइए. धीमान् पुरुष कंइ पण चिंता कर्या विना अशुभ काळने व्यतित करे छे. कारण के काळक्षेप थतां अनुकूळ काळ आवी शके छे. ' आ प्रमाणे विचार करीने राजसुताए स्मितपूर्वक उत्तर आपतां तेने कह्युं केः—' हे भद्र ! तें बधुं समुचित कह्युं, पण मारुं वचन सांभळ-तापसाश्रममां मारी देवश्री नामे सखी छे. तेनी साथे शपथपूर्वक मे एवी प्रतिज्ञा करी छे के–रूप अने लावण्यनी पुण्यश्रीयुक्त एवी आपण बंनेए रति अने प्रीतिए मन्मथनी जेम सखीपणाने लीधे एकज पति करवो. माटे हे गुणसमुद्र ! प्रसन्न थइने तुं आश्रम तरफ सत्वर चाल, कारण के तारा एक प्रयत्नथी बे कार्य सिद्ध थशे. ' एटले ते योगीशिष्य ते वात कबुल करीने आ तापसाश्रममां आव्यो, अने सिंहथी सपडायेली मृगलीनी जेवी ते बाळा अमारा जोवामां आवी. हे भद्रास्य ! अमारा भाग्यथी जीवती एवी ते मारी भगिनीसुता मेघना उदयथी निबिड लतानी जेम अमने हर्षजनक थइ पडी. पछी ते योगीशिष्यने अमे दृष्टि मुष्टिवडे सारी पेठे शिक्षा करी, एटले सूर्यना किरणथी घूवडनी जेम ते शिष्य महा अरण्यमां नाशी गयो. पछी पद्मनेत्राए पोतानी कथा कही तेथी ते अमारा जाणवामां आवी. कारण के इष्ट जननो संयोग थतां प्रायः सुख दुःखनी वात थायज छे. पछी ते भगिनीसुताने आ तपस्वीओनी साथे बहुज हर्षपूर्वक शंखराजानी पासे मोकली. कोपनो निग्रह करवाथी तामस स्वभाव जेमनो शांत थयो छे एवा तेज आ बे तापसो तेने मूकीने अहीं पाछा आव्या छे. हवे हे गुण-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદ્ર ! તારૂં આગમન અહીં શી રીતે થયું તે કહે:'—એટલે રાજકુમાર કહેવા લાગ્યો કે:—

'હે સ્વામિન્ ! હું પરદેશી છું, ચાલતાં ચાલતાં આ પ્રદેશમાં આવી ચડ્યો છું, પૃથ્વીનું અવલોકન કરવાને કૌતુકી એવા મારે હવે ચંપાપુરી તરફ જવું છે, માટે હે સ્વામિન્ ! આદર્શની જેમ વિશુદ્ધ બુદ્ધિવાળા એવા આપ કૃપા કરીને મને ચંપાપુરીનો માર્ગ બતાવો. કારણ કે સાધુજન પ્રાર્થનાથી વિમુખ હોતા નથી.' પછી ઋષિએ તે તપોવનથી તેને ચંપાનો માર્ગ બતાવ્યો, એટલે રત્નચંદ્રકુમાર ચંપાનગરીમાં આવ્યો. ત્યાં સમસ્ત નગરી જોઇને કન્યાના અંતઃપુર પાસે ઉંચા ગવાક્ષવાળા એક કામદેવના પ્રાસાદમાં તે બેઠો. સંધ્યાસમયે પદ્મલોચના અગાસીમાં આવીને બેઠી, એટલે ઉદય પામેલા દ્વિતીયાના ચંદ્રની જેવા રત્નચંદ્રને તેણે જોયો. અને ચંદ્રકાંતપાષાણની પ્રતિમા જેમ સુધાકરના દર્શનથી દ્રવે, તેમ સ્વાભાવિક સ્નેહના મંદિરરૂપ પદ્મલોચના તેને જોઇને સર્વતઃ દ્રવિત થઇ ગઇ. આલસ્યથી ચંચલ અને લજ્જાથી નિર્જિત એવા નયનકમળથી વિશાળ નાળવાની જેમ તે વારંવાર પ્રેમરસનું પાન કરવા લાગી. પછી તેની સખીઓએ તેને પૂછ્યું કે—' હે સખી ! આ કોણ પુરૂષ છે ? એનું નામ શું છે? અને એ ક્યાંનો રહીશ છે?' તે સાંભળી પદ્મનેત્રા નીચું મુખ કરીને અંગુષ્ઠથી મહીતલને કોતરવા લાગી. એટલે ઇંગિતાકારથી રહસ્યને જાણનારી તેની સખીઓ સમજી ગઇ કે:–' આપણી સ્વામિનીને જીવન આપનાર રત્નચંદ્ર કુમારજ એ જણાય છે.' પછી કુંવરીની સખીઓ પાસેથી વૃત્તાંત જાણીને રાજા સાક્ષાત્ કામદેવ જેવા રત્નચંદ્ર કુમારને મહોત્સવપૂર્વક પોતાના મહેલમાં તેડી આવ્યા. અને દૈવજ્ઞ (જ્યોતિષી)ના કહેવા પ્રમાણે શુભ અવસરે રાજાએ પોતાની પુત્રી રત્નચંદ્રને પરણાવી.

રત્નચંદ્રે એક માસ ત્યાં રહીને ગુરૂને શિષ્ય વિજ્ઞપ્તિ કરે તેમ પોતાના શ્વસુરને વિજ્ઞપ્તિ કરી કે:–' કળાવાન્ અને સંપૂર્ણ તેજસ્વી છતાં કૃષ્ણપક્ષની જેમ મારા પિતા મારા વિયોગથી ક્ષીણ થતા હશે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે હવે આપના નિર્દેશથી સત્વર હું ત્યાં જવા ઇચ્છું છું, અને ત્યાં જઇને મારા વિરહથી દુ:ખી થતા મારા માતાપિતાને આશ્વાસન દેવા ધારૂં છું.' એટલે મોટી વિભૂતિ સહિત પદ્મનેત્રાની સાથે રત્નચંદ્રને શંખરાજાએ ચંદ્રપુર ભણી મોકલ્યો. પોતાના પુત્રને આવતો સાંભળીને વસુભૂતિ રાજાએ પ્રસાદથી ધવલ એવા નેત્રરૂપ કમળોથી તેનો આદર સત્કાર કર્યો. જાણે દેવતાએ આપેલો હોય અથવા જાણે પુન: તેનો જન્મ થયો હોય તેમ ચિરકાળે મળેલા મિત્રની જેમ રાજાએ પોતાના પુત્રને આલિંગન કર્યું અને અશ્વહરણથી આરંભીને પોતાના કુમારનો સર્વ વૃત્તાંત સાંભળતાં રાજાના અંતરમાં એકી સાથે હર્ષ અને શોક પ્રગટ થયા.

હવે કેટલોક કાળ ગયા પછી પરલોક સાધવાને તત્પર થયેલા રાજાએ શુભ દિવસે રત્નચંદ્રને રાજ્યપર બેસાર્યો અને એક ગ્રામની લીલાની જેમ સમસ્ત ભૂપીઠનું રક્ષણ કરનારા રાજાએ શાસ્ત્રસંપત્તિથી દુર્ગ્રહ એવા ષડ્રિપુનો નિગ્રહ કર્યો. એકદા સુખે નિદ્રામાં સુતેલા રત્નચંદ્ર રાજાને વામ હસ્તપર ઝેરી સર્પ દશ્યો. તરતજ બોલાવવામાં આવેલા અનેક માંત્રિકોએ ઘણા ઉપચાર કર્યા, પણ દુર્જનપર કરેલ ઉપકારની જેમ તે બધા વૃથા ગયા. એટલે રાજાને પંચત્વ પામેલ જાણીને પદ્મલોચના રાણી જાણે વિષથી વ્યાપ્ત હોય તેવા વિરસ અક્ષરોથી આ પ્રમાણે વિલાપ કરવા લાગી કે:–' હે નાથ ! આ તેજ આકાશપીઠ સમાન વિશાલ હૃદય છે કે જ્યાં સુધાકરની જ્યોત્સ્નાની જેમ હું રમણ કરતી હતી. હે પ્રાણેશ ! હવે આપના વિના વિકસિત પુષ્પોથી મારા કર્ણોને અલંકારથી વિભૂષિત કોણ કરશે ? હે સ્વામિન્ ! આપ.સ્વર્ગસ્થ થતાં અનંગલીલાથી વિખરાઇ ગયેલા અને અતિ ચપળ એવા મારા કેશને હવે સરખી રીતે ગોઠવીને રમણીય કોણ બનાવશે ? મન્મથના આયુધથી સંતપ્ત થયેલા મારા શરીરે હવે અત્યંત શીતલ એવા ચંદનરસનું વિલેપન કોણ કરશે ? વળી હે નાથ ! મારા કપોલપર પ્રેમરસથી અત્યંત સિક્ત અને મન્મથરૂપ માળીથી લાલિત થયેલ એવી પત્રવલ્લી કોણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રચશે?' આ પ્રમાણે વિલાપ કરીને પ્રધાનમંડળને બોલાવી અંજલિ જોડીને પદ્મલોચના અક્રાત્રમ અને સાત્વિક વચન કહેવા લાગી કે:—'હે સુજ્ઞો! પતિનો વિરહ સહન કરવાને અસમર્થ એવી હું પ્રાણનાથ ગયા તે માર્ગે જવા ઇચ્છું છું, માટે યાનપાત્ર (વહાણ) ની જેમ મારે માટે અગ્નિચિતાને સત્વર સજ્જ કરો.' આ પ્રમાણે સાંભળીને પ્રધાનો બોલ્યા કે:-'હે સ્વામિનિ! એમ ન બોલો, સ્વામીની જેમ તમે પણ અમને અનાથ કરીને ન જાઓ.' એટલે પદ્મલોચના ધીર અને સાત્વિક વચન કહેવા લાગી કે:— 'મેઘ જેવા પતિને મૂકીને શું વિદ્યુલ્લતા અન્યત્ર રમણ કરે? નજ કરે.' પછી વાંચ્છા કરતાં અધિક દાન આપતી, પગલે પગલે શોકસહિત નગરજનોથી નિરોધ પામતી, પકડાયેલા શુકોની જેમ કારાગૃહમાં પૂરેલા શત્રુઓને મૂકાવતી, સતીઓ પાસે પોતાને ઉત્તમ સતી કહેવરાવતી તથા સમસ્ત નગરને અમાવાસ્યામય કરતી પદ્મલોચના રાણી પિતૃગૃહ (પિતાના ઘર) ની જેમ હર્ષપૂર્વક પિતૃગૃહ (સ્મશાન) માં આવી. ત્યાં યમરાજની શય્યા સદૃશ ઘણા ચંદનકાષ્ઠ વડે એક ઉચિત ચંદનચિતા રચવામાં આવી હતી. એટલે જળપૂર્ણ અંજલિ જોડીને તેણે યજ્ઞાગ્નિ સમાન બળતા અગ્નિને ત્રણ પ્રદક્ષિણા કરી. એવામાં દિવ્ય રૂપધારી, પોતાની શરીરની કાંતિથી દેદીપ્યમાન અને વેગમાં વાયુને જીતનાર એવો કોઇ દેવ આકાશ માર્ગે નીચે ઉતર્યો, અને બોલ્યો કે–'હે પદ્મલોચના દેવી! આ અદ્ભૂત સાહસ ન કર, હું તારા નાથને સજીવન કરીશ.' આ પ્રમાણે સાંભળીને રાણી ચિંતવવા લાગી કે–'આ અમૃતમય વચનથી કોણ મારા કર્ણને પૂરે છે? અથવા તો શું મારા સત્વની પરીક્ષા કરવા કોઇ મને છેતરે છે?' આ પ્રમાણે તે વિચાર કરે છે, એવામાં તોતલાદેવીએ મહેશ્વરને કર્યા હતા તેમ તેણે પોતાની દૃષ્ટિ ફેરવવા માત્રથી રાજાને તરતજ નિર્વિષ કર્યા. એટલે સમસ્ત વિષ ધ્વસ્ત થતાં નેત્રકૂપને વિકસિત કરતા રાજાએ મરણને માટે યોગ્ય વેષ પહેરીને આવેલી પદ્મલોચના રાણીને જોઇ, અને પોતાની

સમક્ષ આકાશમાં રહેલા દિવ્ય રૂપધારી દિવ્ય નરને જોયો. તેને જોઇને રાજાએ કહ્યું કે–' તમે કોણ છો ? અને કયાંના રહેવાસી છો ? ' એટલે તે દિવ્ય નર બોલ્યો કે:–' હે રત્નચંદ્ર ! શું તું મને જાણતો નથી ? પૂર્વે વનમાં તને મળ્યો હતો તેજ હું ગંધાર શ્રાવક છું. તે અવસરે તારી પાસેથી નમસ્કાર મંત્ર પામીને હું લાંતક દેવલોકમાં દેવ થયો છું, અને અત્યારે અવધિજ્ઞાનથી તારી હકીકત જાણીને તને વિષરહિત કરવા અહીં આવ્યો છું. આ કાર્યથી કાંઇ તારા ઉપકારનો બદલો વળી શકે તેમ તો નથીજ, આ તો લવણસમુદ્રને લવણનું ભેટણું કરવા જેવું છે. પરંતુ અન્યદા કોઇ વાર સંકટ પડે તો મને તારો સેવક સમજીને સંભારજે. '

આ પ્રમાણે કહીને તે દેવ પુનઃ દેવલોકમાં ચાલ્યો ગયો. પછી બંદીજનોથી આનંદપૂર્વક બોલાતી બિરૂદાવલીને સાંભળતો રાજા દેવ જેમ પોતાના વિમાનમાં આવે તેમ પોતાના મહેલમાં આવ્યો. ત્યારથી પદ્મનેત્રાના વિકસ્વર પ્રેમથી લાક્ષા-રંગથી કંબલની જેમ રાજાનું મન બહુજ રંજિત થયું. હે સુજ્ઞ બળ ભૂપતિ ! આવા પ્રકારની કથાવાળો જે રત્નચંદ્ર તે હું પોતેજ છું. હવે આ સંસારથી મને જે કારણે વૈરાગ્ય થયો તે કારણ કહું છું.

એક દિવસે ઇંદ્રની જેમ ગજેંદ્રના પૃષ્ઠ પર બેસી ચતુરંગ સૈન્યથી પરિવૃત થઇ હું ક્રીડા કરવા ચાલ્યો. એવામાં રસ્તે ચાલતાં વિકસ્વર મંજરીના પુંજપર મધુર રીતે ગુંજારવ કરતા ભમરાઓથી જાણે આવતા મુસાફરોને સ્વાગત પૂછતું હોય તેવું પક્ષીઓના સમૂહથી સેવિત અને ચારે દિશાઓમાં વિસ્તાર પામેલ સેંકડો શાખા અને ઉપશાખાઓથી વ્યાપ્ત એક સહકારવૃક્ષ મારા જોવામાં આવ્યું. તેની શોભાને જોતાં શેષ ઇંદ્રિયોની સમસ્ત વૃત્તિ મારા નેત્રના વ્યાપારમાંજ લીન થઇ ગઇ. પછી હું મહા ઉદ્યાનમાં આવ્યો, કે જ્યાં વસંતઋતુની સહાયતા અને કોકિલાના મધુર ગીતથી મકરધ્વજ જાગ્રત થાય છે; જ્યાં લોલપ્રવાલ ( નવાંકુર ) થી કલિત અને કોકિલાની જેવા મધુર શબ્દાયમાન વિભૂષણથી યુક્ત એવી કિંકિલ્લી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લતાઓ ઈભ્ય રમણીઓની જેમ શોભે છે. શૃંગારરૂપ સાગરના તટ-પર આવતી તરંગિત વેલાની જેમ પંચમ ઉદ્ગારથી મનોહર એવી ગીતિ જ્યાં સાંભળવામાં આવે છે, વળી જ્યાં મેખલાથી કલિત, કટક–કંકણની આવલિથી શોભાયમાન તથા પ્રેંખાથી સુભગ એવી કોઇ કામિની ગિરિભૂમિની જેમ ક્રીડા કરી રહી છે. એવા ઉપવનમાં રાગ સાગરની મધ્યમાં રહીને અને મન્મથને વશ થઇને પ્રેમદાઓથી પર-વરેલા મેં બહુવાર ક્રીડા કરી. પછી ત્યાંથી તેજ રસ્તે પાછાં નિવૃત્ત થતાં મેં પેલા સહકારવૃક્ષને વિલક્ષણ થઇ ગયેલ જોયું, અને ક્ષણ-વારમાં વેશને બદલી નાખનાર નટની જેમ ‘ આ વૃક્ષ કયું ? ’ એમ ચિરકાળ પર્યંત મારૂં મન તે બાબતમાં ભ્રમિત થઇ ગયું. આ વખતે મારા અભિપ્રાયને જાણનાર સુજ્ઞ પ્રધાને કહ્યું કેઃ–‘ હે રાજન્ ! પૂર્વે જે સહકાર તમે જોયો હતો તેજ આ છે, પણ હે સ્વામિન્ ! કોઢ-રોગથી માણસની જેમ દાવાનળથી અલ્પકાળમાં તેનું સ્વરૂપ બદ-લાઇ ગયું છે. ’ આ પ્રમાણેના ભાવથી સદ્ગુરૂનાં વચન જેવાં મંત્રીનાં વચન સાંભળીને વૈરાગ્યરૂપ વૃક્ષના દોહદસમાન એવા ત-ત્ત્વનો મેં વિચાર કર્યો કેઃ–‘ જેમ આ સહકારવૃક્ષનું ક્ષણવારમાં સ્વરૂપ બદલાઇ ગયું, તેમ અન્ય સંસારની પણ સ્થિતિ દૃષ્ટનષ્ટ અને વિનશ્વર છે. પુત્ર, મિત્ર અને કલત્રાદિકમાં ‘ આ મારાં ’ એવી જે વાસના છે, તે કમળાના રોગવાળાને શંખાદિકમાં સુવર્ણની માન્યતા થાય તેવી છે. જે પુરૂષ પોતાના રૂપથી કામિનીઓને કામદેવ જેવો લાગે છે, તેજ પુરૂષ વૃદ્ધત્વ પ્રાપ્ત થતાં અળખામણો લાગે છે, તેથી તે બિચારો શેનો ગર્વ કરી શકે તેમ છે ? જે પુરૂષ મધુર સંગીતથી એક વખત સરસ્વતીની વીણા સમાન મધુર લાગે છે, તેજ પુરૂષ વૃદ્ધત્વ પ્રાપ્ત થતાં શ્લેષ્મ વિગેરેના પરાભવથી શબ્દ કરતા અરઘટ્ટ જેવો કઠોર લાગે છે. શ્યામ અને સ્નિગ્ધ એવા જે કેશપાશ પ્રશંસા-ના કારણભૂત થાય છે, તેજ કેશપાશ વૃદ્ધપણામાં કપાસના સમૂહની સ્પર્ધા કરનારા થઇ જવાથી પરાભવને પામે છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુરભિ દ્રવ્યથી જે પુરૂષ ચાલતાં કર્પૂરવૃક્ષ જેવા લાગે છે, તેજ પુરૂષ કુષ્ઠ વિગેરે વ્યાધિથી ઉત્પન્ન થયેલા વ્રણગંધથી શબના જેવા લાગે છે.' આ પ્રમાણે વિચાર કરતાં તેજ વખતે મને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને કર્મના લાઘવપણાથી હું પ્રત્યેકબુદ્ધ થયો. પછી ભવ્ય જનોને પ્રતિબોધ આપવા માટે વસુધાપીઠપર વિચરતાં હે રાજન્ ! તને બોધ આપવાને માટે હું અહીં આવ્યો છું.' આ પ્રમાણેના વચનો સાંભળીને બળરાજાએ કહ્યું કે:—'હે સ્વામિન્ ! આપનું ચરિત્ર સાંભળીને હું ભવ-વાસથી નિવૃત્ત થવા ઇચ્છું છું, પણ કુળ-ક્રમથી પ્રાપ્ત થયેલ આ વસુધાનો સત્વર ત્યાગ કરવાને અસમર્થ છું. તથાપિ હે મુનીશ્વર ! રાજ પાળતાં છતાં પણ જે સુગમ ધર્મથી હું પવિત્ર થાઉં, તેવો ધર્મ મને બતાવો.' એટલે નિધાનની જેમ આ-ચાર્ય ભગવંતે શ્રાવકના વ્રત બતાવ્યા. તેને અંગીકાર કરીને રાજા પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો.

એવામાં કોઈ વિદ્યાધરે આકાશ માર્ગથી આવી ત્રણ પ્રદક્ષિણા કરીને મુનીંદ્રને નમસ્કાર કર્યો. એટલે આચાર્ય મહારાજે તેને પૂછ્યું કે-'હે તીર્થયાત્રિક વિદ્યાધર ! તું કોણ છે અને અત્યારે અહીં ક્યાંથી ?' તે વિનયથી નમ્ર થઇને બોલ્યો કે:—'પુંડરીકિણી નગ-રીમાં ભગવંતના પાદદ્વયને વંદન કરી, વૈતાઢ્ય, મેરૂ પર્વત અને નંદીશ્વરાદિક દ્વીપોમાં શાશ્વત અને અશાશ્વત તીર્થોની યાત્રા કરી વ્રતનો ઇચ્છુ એવો હું દક્ષિણભરતાર્ધની અયોધ્યા નામની પુરીમાં ગયો. ત્યાં હરિશ્ચંદ્રરાજાએ જેનો હમણાજ ઉદ્ધાર કરાવેલ છે એવા શક્રાવતાર નામના મનહર તીર્થના મેં દર્શન કર્યા, એક તો મહા-તીર્થ અને તેનો હરિશ્ચંદ્ર જેવા રાજાએ ઉદ્ધાર કરાવ્યો, તેથી એક તો સુવર્ણ અને તેમાં સુગંધ મેળવ્યા જેવું થયું. ત્યાં અઠ્ઠાઇ મહો-ત્સવપૂર્વક મેં તીર્થસેવા કરી અને ત્યાંથી દીક્ષા લેવાની ઇચ્છાથી હું આપની પાસે આવ્યો છું.' તે સાંભળી બળરાજા બોલ્યો કે:—'હે સ્વામિન્ ! એ ઉત્તમ તીર્થ શી રીતે ? અને એ હરિશ્ચંદ્ર રાજા કોણ? તે કૃપા કરીને જણાવો.' એટલે આચાર્ય મહારાજ બોલ્યા કે:-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"હે રાજન્ ! આ જંબૂદ્વીપના દક્ષિણભરતક્ષેત્રમાં લક્ષ્મીના એક સ્થાનભૂત એવા **નાભિ** કુલકર થયા. તેને સ્વચ્છ, શાંત અને પતિવ્રતા એવી **મરૂદેવા** નામે પ્રિયા હતી, તેમના શ્રીમાન્ વૃષભધ્વજ ( ઋષભ ) ભગવંત પુત્ર થયા. તે ભગવંતને માટે ઇંદ્રે બાર યોજન લાંબી અને નવ યોજન વિસ્તૃત એવી **અયોધ્યા** નામે મહાપુરી બનાવી. અને ત્યાં યથાર્થ નામવાળું, સંપત્તિનું એક સ્થાન અને યુગાદિ દેવની પ્રતિમાથી ભાસુર એવું એક ચૈત્ય બનાવ્યું તે શકાવતાર નામે ઉત્તમ તીર્થ થયું.

## ( હરિશ્ચંદ્ર કથા પ્રારંભ. )

અનુક્રમે તે નગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં ભૂષણ સમાન, નીતિરૂપ ભ્રમરીઓને કમળરૂપ અને અર્થીજનોને સદા કામકુંભરૂપ **હરિશ્ચંદ્ર** નામે રાજા થયો. ચંદ્રની ચાંદની સમાન **સુતારા** નામની તેને રાણી હતી અને ન્યાયરૂપ લતાને મેઘ સમાન વસુભૂતિ નામને અમાત્ય હતો.

એકદા રાજા સુખે સુતો હતો, એવામાં લગભગ પ્રભાત સમયે સત્ત્વરૂપ જળના સાગરસમાન એક શ્લોક તેના સાંભળવામાં આવ્યો:-

"धीरैर्वीरैः समर्यादैः, सत्त्वं रक्ष्यं विवेकिभिः ।
समापन्ने निजप्राण-संशये सुमहत्यपि" ॥

'ધીર, વીર અને મર્યાદિત એવા વિવેકી પુરૂષોએ પ્રાણાંત કષ્ટ અને અતિ વિકટ સંકટ આવતાં પણ પોતાના સત્ત્વનું રક્ષણ કરવું.'

આ પ્રમાણે સાંભળીને એ શ્લોક બોલતાં બોલતાં રાજાએ નિદ્રાનો ત્યાગ કર્યો અને વિસ્મયના ઉલ્લાસથી તે મંત્રની જેમ વારંવાર તેને સંભારવા લાગ્યો. એવામાં રિપુથી નિગ્રહ પામેલાની જેમ ભયભીત એવો કોઇ તાપસ ત્યાં આવ્યો[1] અને જાણે કંઠમાં નિગ્રહ પામ્યો હોય તેવી વાણીથી ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યો કે:—'હે ભૂનાથ ! તમે આ વસુધાના પાલક હોવાથી અન્ય પ્રાણીઓને શંશશૃંગની જેમ વાસ્તવિક કંઈ પણ ભય જોવામાં આવતો નથી, પરંતુ જ્ઞાન અને ધ્યાનવંત એવા અમને અકસ્માત્ ભયે ઘેરી લીધા છે; જેથી હે વસુધાનાથ ! અમે નિર્નાથ જેવા બની ગયા છીએ. ભયંકર

૧ અહીંથી હરિશ્ચંદ્ર રાજાના સત્યની કસોટી માટે પ્રપંચ શરૂ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુખવાળા અને જાણે બીજો કાળ હોય એવા વરાહે કયાંકથી આવી સ્વપુત્રોની જેમ અમે પોતે વૃદ્ધિ પમાડેલ એવા અમારા વૃક્ષો ભાંગી નાખ્યા. વળી સાક્ષાત્ અમારી ક્રિયા સમાન એવી લતાઓ ક્રોધથી તેણે કાપી નાંખી તથા સાક્ષાત્ યજ્ઞકુંડ સમાન એવા દર્ભના કયારાઓને તેણે છુંદી નાંખ્યા. માટે હે રાજન્! નગરોના અને આશ્રમોના તમેજ ત્રાતા ( રક્ષક ) છો.' આ પ્રમાણેનું ઋષિનું કથન સાંભળીને રાજા ધીરતાયુક્ત વાણીથી બોલ્યો કે:—'હે મુને! શત્રુના વંશ સમાન તે દુરાત્મા વરાહને હું સત્વર મારી નાખું છું.' આ પ્રમાણે તે ધીર રાજાએ પ્રતિજ્ઞા કરી, એટલે તે તાપસ ત્યાંથી ચાલ્યો ગયો. પછી પ્રાતઃકર્મ કરીને સૈન્યથી પરિવૃત્ત એવો રાજા મનોવેગી અશ્વપર આરોહણ કરીને બહાર નીકળ્યો, અને આગળ ચાલતાં કયાંક મુસાફરો સ્નાન કરી રહ્યા છે, કયાંક સંધ્યાવિધિમાં વ્યગ્ર એવા વિપ્રજનોથી વ્યાપ્ત છે અને પોતાના કલ્લોલના મધ્યભાગમાં આવેલ હંસોને જે પુત્રોની જેમ જાણે રમાડી રહી છે એવી અને સર્વ સરિતાઓમાં શ્રેષ્ઠ સરયૂ નામની નદી તે રાજાના જોવામાં આવી. ત્યાં પાસે રહેલા કપિંજલ અને કપિંગલ નામના ઋષિઓને રાજાએ પૂછયું કે:—'તે વરાહ કયાં છે?' એટલે તે બોલ્યા કે–'હે સ્વામિન્! આ સામેજ ઉભો છે.' તાપસોનું તે વચન સાંભળીને શૌર્યચર્યાથી તરંગિત એવો તે વરાહ પ્રતિવાદીની સામે વાદીની જેમ રાજાની સામે થયો. પછી પોતાના શૌર્યસમાન ધનુષ્યને સજ્જ કરીને ટંકારોથી આકાશને પૂરતા એવા રાજાએ એક બાણવડે તે વરાહને જમીનપર પાડી નાંખ્યો. પછી ઘાયલ થયેલા તે વરાહને જોવાને રાજા તેની પાસે ગયો, તેવામાં તો જેનો ગર્ભ જમીનપર તરફડી રહ્યો છે એવી અને ઘાયલ થઇને જમીનપર પડેલી એવી મૃગલીને તેણે જોઇ.(વરાહ જોવામાં ન આવ્યો) એટલે મનમાં ખેદ પામી દયામાં તત્પર એવો રાજા કહેવા લાગ્યો કે:–'અહો! હરિણીહત્યાના અને ગર્ભહત્યાના પાતકથી કલંકિત થયેલા એવા મને ધિક્કાર થાઓ. દુર્ભગ અને દરિદ્ર, સદા આધિવ્યાધિયુક્ત તથા પરાધીનપણાથી પરાભવ પામેલો એવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણી પણ જીવવાને ઇચ્છે છે. તો હવે આવા મહાન્ પાપથી શુભ ધ્યાનમાં તત્પર અને ભવતારક એવા મુનિઓ વિના મારી શુદ્ધિ થાય તેમ નથી.' એ પ્રમાણે ચિંતવીને દયાપાત્ર અને પાપમાર્ગથી વિરક્ત એવા રાજાએ પોતાના બે મિત્રો સાથે પગે ચાલીને આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાં કુલપતિને જોઇને રાજાએ નમસ્કાર કર્યો, એટલે તેણે આશીષના ઉચ્ચારપૂર્વક રાજાના પૃષ્ઠપર પોતાનો હાથ સ્થાપન કર્યો. પછી રાજાએ કહ્યું કે:—' આપના દર્શન થવાથી હર્ષરૂપ કયારાથી કલિત એવું મારૂં સુકૃત રૂપ વૃક્ષ ફલિત થયું છે.' મુનિ બોલ્યા કે:—' હે મહીપાલ ! પંચમ લોકપાલ એવા તમને જોવાથી અમે પણ આજે જગતમાં ધન્ય થયા છીએ.'

એ અવસરે ત્યાં 'જુલમ થયો, જુલમ થયો' એવા શબ્દોથી ભયંકર એવો મોટો કોલાહલ થઇ પડ્યો. એટલે સિંહથી ત્રાસ પામેલા ગજની જેમ તાપસ અને રાજા એકદમ ઉત્કર્ણ અને અગણ્ય કારૂણ્યરસથી સંસિક્ત મનવાળા થઈ ગયા. એવામાં અત્યંત અશ્રુની ધારા વરસાવતી તથા બહુજ રૂદન કરતી એવી પોતાની પ્રિયપુત્રી વંચનાની પાછળ શનૈઃ શનૈઃ ચાલતી અને ' હે આશ્રમગુરો ! નિર્નાથના જેવી મને બચાવો.' એવા બોલ બોલતી પોતાની નિકૃતિ નામની ભાર્યાને તે ઋષિએ જોઇ. પછી પોતાની પુત્રીને જોઈને ઋષિએ કહ્યું કે:-' હે બાલિકે ! તું શા માટે રૂદન કરે છે ?' તે બોલી કે:- ' હે તાત ! કોઇએ મારી સખી મૃગલીને મારી નાખી.' એટલે કુલપતિ સાશ્રુ નેત્રે બોલ્યા કે:-' અહો ! તે તો સગર્ભા હતી તેથી એક તો મૃગવધનું પાપ અને બીજું વચનને અગોચર એવું ગર્ભહત્યાનું પાપ તેના ઘાતકને લાગ્યું.' પછી કોપાક્રાંત થઇને તેણે હૃદયને ફાડી નાખે એવું વચન કહ્યું કે:-'અરે! તે દુષ્ટે અમારા કુળનો ક્ષય કર્યો કારણકે બાળસખીના જેવી એ હરિણી વિના મારી પુત્રી મરણ પામશે, તે પુત્રી વિના ખરેખર મારી પત્ની પણ પંચત્વ જ પામશે અને એ પ્રાણપ્રિયા વિના મારો તપોવિધિ કયાંથી થશે ? તપોવિધિ વિના મને નિર્મળ બ્રહ્મની પ્રાપ્તિ પણ કયાંથી થશે ? અહો ! ક્ષમાવંતને પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુ:સહ આ કેવો અન્યાય ? કે મૃગયામાં અંધ બનેલા કોઇ પાપીએ બિચારી હરિણીને મારી નાંખી.' આવા વિષાદથી વ્યાપ્ત થયેલા કુલપતિએ રાજાને કહ્યું કે:-'હે ભૂપાલ ! કોઇ રીતે પણ તેનો પત્તો મેળવીને પિતૃવૈરીની જેમ તમારે તેનો નિગ્રહ કરવો યોગ્ય છે.' એવામાં ઋષિપુત્રી સાશ્રુવદને બોલી કે:-'હે તાત! અગ્નિથી પરિપૂર્ણ એવી ચિતા મારા માટે સત્વર તૈયાર કરાવો. શું આપ જાણતા નથી કે આ મૃગી વિના મારૂં જીવન રહે તેમ નથી, કારણકે જે કાર્ય પછીથી પણ કરવાનું હોય તે પ્રથમથી જ શા માટે ન કરવું ?'

એ વખતે દુષ્કૃત્યથી જેણે પોતાના મુખને નમાવી દીધેલું છે એવા રાજાએ અશ્રુ લાવીને કહ્યું કે:-'નિંદ્ય કર્મવાળા એવા એક આ પોતાના આત્મા શિવાય સર્વને હું શિક્ષા કરી શકીશ.' તે સાંભળીને મુનિએ કહ્યું કે:-'તમે તો યથાર્થ ક્ષત્રિય જણાઓ છો! કારણકે આ સામાન્ય કહેવતને.તમે અત્યંત સત્યાર્થ કરી બતાવી છે. ધાન્યની રક્ષા માટે ખેડુતોએ ક્ષેત્રમાં કરેલી વાડ જો પોતેજ ધાન્યનું ભક્ષણ કરી જાય, તો પછી કોની આગળ પોકાર કરવો ?' પછી મુનિના ચરણને નમસ્કાર કરીને ન્યાયની રીતિથી રાજાએ કહ્યું કે-'હે ક્ષમાવંતમાં શિરોમણિ! આ એક મારો અપરાધ ક્ષમા કરો.' આ સાંભળીને કુલપતિએ કહ્યું કે-'અરે પાપી! તું મારા દૃષ્ટિપથથી દૂર જા. અરે! અધમ ક્ષત્રિય! તું કોઈ કુલટાનો પુત્ર લાગે છે.' એવામાં અંગારમુખ નામનો તાપસ બોલ્યો:કે:-'હે મહર્ષે! રોષ ન કરો. એ રાજા આપનું અપમાન તો સહન નહિ જ કરી શકે.' પુન: તેણે રાજાને કહ્યું કે:-'હે મહારાજ! ધૈર્ય ધરો. પાપીનો પણ પ્રતિકાર હોય છે. મલિન વસ્ત્રને શુદ્ધ કરનાર શું જળ નથી? માટે જો એ ઋષિને તમે તમારૂં રાજ્ય આપી દ્યો તો એ મોટામાં મોટા પાપની પણ શુદ્ધિ થઇ જાય. કારણકે દાન દુર્નીતિનો પણ નાશ કરે છે.' આ પ્રમાણે સાંભળીને રાજા ઉલ્લાસ પામીને બોલ્યો કે:-'આ તમારા કથનથી હું પ્રસન્ન થયો છું. તમે અંગારવક્ત્ર છતાં મને સુધામુખ થઇ પડ્યા છો.' પછી રાજાએ કુળપતિને કહ્યું કે:-'ભંડાર, ગામ અને નગર સહિત સમુદ્ર પર્યંત આ વસુધા તમને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં આપી માટે હવે પ્રસન્ન થાઓ.' એમ કહીને રાજાએ કુળપતિને નમસ્કાર કર્યો. પછી અંગારમુખે પણ અંજલિ સહિત નમસ્કાર કરીને ઋષિને કહ્યું કે:-'આ રાજા જે કહે છે તેનો આપ સ્વીકાર કરો.' એટલે 'બહુ સારૂં' એમ બોલીને આક્ષેપપૂર્વક તેણે રાજાને કહ્યું કે:-'આજથી આ વસુધાને તારે માતા સમાન સમજવી.' એટલે રાજા બોલ્યો કે:-'હવે આ સર્વ પૃથ્વી મેં તમનેજ આપી દીધી છે, એ ભૂમિદાનમાં સાક્ષી તરીકે તમે કૌટિલ્યને સમજી લેજો.'

એવામાં કોઇ શિષ્યે આવીને તે મહામુનિને વિજ્ઞપ્તિ કરી કે:-'જ્યાંસુધી અમારાથી આ મૃત મૃગી અહીં પડી છે, ત્યાંસુધી તપ, જપ કાંઇ થઇ શકતા નથી.' એટલે ઋષિએ ખેદસહિત કહ્યું કે:-'એને અગ્નિસંસ્કાર કરાવો.' એટલે વંચના ઋષિપુત્રી બોલી કે:-'એની સાથે મારો પણ અગ્નિસંસ્કાર કરવો પડશે.' એટલે રાજાએ વિનયપૂર્વક કહ્યું કે:-'હે વંચને! આ એક મારો અન્યાય સહન કર, હે મહાભાગે! નમ્ર પ્રાણીઓપર તું કરૂણાર્દ્ર છે. વળી હે સુલક્ષણે! હું તને પણ એક લક્ષ સુવર્ણ આપીશ.' એટલે તે શાંત થઇ. અથવા તો દાનકર્મથી શું ન થાય? પછી ઋષિએ કહ્યું કે:-'હે ભદ્ર! લક્ષ્મીથી વિકસ્વર એવી મારી નગરીમાં તું જા અને સંધ્યાકૃત્ય કરીને અમે પણ સત્વર આવીએ છીએ.' આ પ્રમાણે સાંભળતાં મુનિને નમસ્કાર કરીને ક્ષત્રિયોમાં મુગટસમાન એવો તે રાજા પોતાની અયોધ્યા નગરીમાં આવ્યો. તે વખતે 'પોતાને નિર્વસુ (ધનરહિત યા કિરણરહિત) જાણીને પ્રભાકર અસ્ત થાય છે અને તપસ્વીરૂપ પાંડુર કાંતિવાળા આ તારાઓ પ્રસાર પામે છે.' આવી વૈતાલિકી ઉક્તિ સાંભળીને ભવિતવ્યતાનો વિચાર કરતો રાજા તેજસ્પતિ જેમ સમુદ્રમાં જાય તેમ પોતાના મહેલમાં આવ્યો.

પછી રાજાના બે મિત્ર પાસેથી સર્વ વૃત્તાંત જાણીને જાણે બધું લુંટાઇ ગયું હોય તેમ શૂન્ય થઇને વસુભૂતિ પ્રધાન ચિંતવવા લાગ્યો કે:-'એ દંભીએ હરિણીના ગર્ભના મિષથી રાજાને છેતર્યા છે. અહો! અવિચારિત કાર્ય કરનારા પગલે પગલે વ્યામોહ પામે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અહો ! વિધિનું વિલસિત વિચારને પણ અગોચર છે. જે સુઘટિતને વિઘટિત કરે છે અને અઘટિતને સુઘટિત બનાવે છે.' આ પ્રમાણે ચિંતવીને સશલ્યની જેમ દુઃખિત થયેલા અમાત્યે આવીને વિલાસમંડપમાં બેઠેલા રાજાને પ્રણામ કર્યા અને નમસ્કાર કરીને બેઠા. એટલે પેલું વૃત્તાંત કહેવાને રાજા તૈયાર થયો. પણ 'હે દેવ ! એ બધું મારા જાણવામાં આવ્યું છે, માટે આપને કહેવાની જરૂર નથી.' એમ કહીને તેણે રાજાને બોલતાં અટકાવ્યા. એટલે મેઘ જેવા ધ્વનિથી હરિશ્ચંદ્ર રાજા ધૈર્યપૂર્વક બોલ્યા કેઃ-' હે સચિવ ! તું વિદગ્ધ છે, માટે વિષાદ કરીશ નહિ. કારણકે માનીપુરૂષોનું સત્ત્વ એજ ધન છે. જો સત્ત્વ હશે તો બીજું બધું પ્રાપ્ત થશે; પણ સત્ત્વ ગયા પછી નહીં આવે. જો કંદ હશે તો લતાને પલ્લવસંપત્તિ થવાનો સંદેહ નથી. ભલે કંઠપીઠપર કુઠાર ફરી વળે અથવા અસહ્ય બંધન પ્રાપ્ત થાય, પણ સાત્ત્વિકજનો પોતાના નિશ્ચયાર્થને કદાપિ છોડતા નથી.' આ પ્રમાણેનાં રાજાનાં વચન સાંભળીને બુદ્ધિના ભંડાર એવા વસુભૂતિએ અંતરમાં વિચાર કર્યો કેઃ-'ખરેખર ! અહીં સત્ત્વજ ઝળકી રહ્યું છે.'

એવામાં જાણે બોલાવેલા હોય તેમ તે ઋષિ પોતાના શિષ્ય સહિત ત્યાં આવ્યા અને લક્ષ્યરહિત બુદ્ધિવાળા તેણે રાજાની પાસે લક્ષ સુવર્ણની માગણી કરી. અને તાકીદથી આપવા માટે આક્રોશ કરવા લાગ્યા. તેથી તે તાપસની સમક્ષ તરતજ દક્ષ એવા રાજાએ ભંડારીને આદેશ કરીને પોતાના ભંડારમાંથી લક્ષ સુવર્ણ મંગાવ્યું. આથી કોપને લીધે ભ્રકુટીના ભંગથી ભીષણ દેખાતા એવા તે ઋષિએ કહ્યું કેઃ—અહો ! તું તો મોટો વિવેકી લાગે છે કે મારા ધનથી પોતાને ઋણમુક્ત કરવા માગે છે. બસ ! તારૂં સત્ત્વ જોઇ લીધું. હવે અમે પાછા ચાલ્યા જઇએ છીએ. અહો ! ઘેર ઘેર વાચાળ અને નિર્દય માણસોજ જોવામાં આવે છે.' એટલે રાજા બોલ્યો કેઃ- 'હે મહાત્મન્ ! અન્ય ઉદ્યમ કે કળાથી પ્રયત્ન કરીને હું બીજેથી લક્ષ સુવર્ણ લાવું ત્યાંસુધી આપ સબુર કરો.' પછી રાજાએ વણિકોને બોલાવીને આદેશ કર્યો કેઃ—'અત્યારે મને લક્ષ સુવર્ણ આપો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું તમને વ્યાજ સહિત પાછું આપીશ.' એટલે ઋષિએ દિવ્ય શક્તિથી તેમને સુવર્ણ આપતા અટકાવી દીધા. તેથી તેમણે મસ્તક નમાવીને રાજાના આદેશનો ઇનકાર કર્યો. એટલે તેમને વિમુખ થયેલા જોઇને રાજાએ વિચાર કર્યો કે:—'હવે શું કરૂં ? અને કોની પાસે જાઉં ? મરૂદેશ (મારવાડ) માં જળની જેમ સુવર્ણને હું ક્યાંથી લાવું ?' એવામાં કોપથી અધરોષ્ઠને કંપાવતાં કુલપતિએ કહ્યું કે:—'અરે દુષ્ટ! હજી મારે કેટલો વિલંબ કરવો?' એટલે વસુભૂતિ બોલ્યો કે:—'હે મહર્ષે ! હે હર્ષવર્ધક ! હરિશ્ચંદ્ર જેવો સાત્વિક શિરોમણિ રાજા બીજે જોયો છે?' તે સાંભળીને સાથે આવેલ અંગારમુખ તાપસ ઉપહાસપૂર્વક બોલ્યો કે:—'તારા કરતાં બીજો કોઇ વાચાલ અને હરિશ્ચંદ્ર જેવો બીજો કોઇ વંચક અમારા જોવામાં આવેલ નથી. અરે કર્મચાંડાલ! આ તારા લાંબા ભાષણથી શું થશે? કારણકે રૂપકથી રૂષ્ટમાન થયેલ શું ચરણવંદનથી સંતુષ્ટ થશે?' પછી રાજાને કહ્યું કે-'હે દુરાચાર! એ સુવર્ણ આપ્યા વિના શું તું જીવિતને વાંછે છે? તારા યશનો અને કુળનો હવે ક્ષય પાસે આવ્યો સમજજે.' આ પ્રમાણે સાંભળીને રાજા બોલ્યો કે:—'હે સાધો! તમારાથી કુળક્ષય શી રીતે થશે? કારણ કે સુધાપાનથી કોઇને પણ મરણ પ્રાપ્ત થતું નથી.' એટલે ઋષિએ પગની પાનીથી રાજાને પ્રહાર કર્યો અને રાજાએ તેમને નમન કર્યું. આ વખતે ક્રોધી અને ક્ષમાશિલ જનોમાં તે બંને મુખ્ય દૃષ્ટાંતરૂપ થયા. પછી અંગારમુખ બોલ્યો કે:—'ક્રોધથી ઋષિને શામાટે પ્રજ્વલિત કરે છે? હે મૂઢ! આ કાંઇ હાસ્ય કરવાના સ્થાનરૂપ તારી ભાર્યાના ભાઇ (શાળા) નથી, પણ તારા ગુરૂ છે.' આ પ્રમાણે કર્ણદ્વયને તપ્ત સીસાસદશ વચન સાંભળીને વસુભૂતિ બોલ્યો કે:—'અમારા ઉત્તમ રાજાને માટે તમે આ પ્રમાણેનાં હલકાં વચનો ન બોલો.' એટલે ઋષિએ કહ્યું કે:-'હે રાજન્! આ તારા વાચાળ મંત્રીને વારી રાખ, નહિ તો હું એને પ્રગટ રીતે શિક્ષા કરીશ.' પછી કુંતલ અને વસુભૂતિ બંને બોલ્યા કે:-'હે રાજન્! અમારા

૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બંનેના વેચાણથી જેટલું સુવર્ણ તમને મળે, તેટલું તમે લઈ લ્યો.' એટલે ઋષિએ કહ્યું કે:–' અરે! જીર્ણ બિલાડા જેવા તમારાથી મારે શું પ્રયોજન છે? (તમારી કિંમત શું ઉપજે તેમ છે?)' પછી રાજાએ કુંતલને આદેશ કર્યો કે:–'વત્સસહિત ગાયની જેમ બજારમાં વેચવાને માટે રોહિતપુત્ર સહિત દેવી (રાણી) ને સત્વર બોલાવો.' આવો હુકમ થતાં જેના કુંતલ (કેશ) શિથિલ થઇ ગયા છે એવો દુઃખી કુંતલ રોહિત સહિત રાણીને રાજસભામાં બોલાવી લાવ્યો. પછી મુનિને નમસ્કાર કરીને રાજાએ કહ્યું કે:–'આના આભરણાદિક ગ્રહણ કરો.' એટલે તપસ્વીએ કહ્યું કે:–' જોઇ લીધી દાન કરવાની આ તારી દક્ષતા! કે જે મારૂં નેપથ્ય છે તેજ મને આપે છે. બેનના પુષ્પ બ્હેનનેજ બાંધી આપવાં–એ કહેવત તેં સાચી કરી.' એટલે અંગારમુખ બોલ્યો કે:–' હે સ્વામિન્! કપટસાગરના સુધાકર સમાન હરિશ્ચંદ્રરાજાની આ વલ્લભાને શું તમે જાણતા નથી?' તે સાંભળીને કોપથી ભ્રકુટી ચડાવીને કુંતલ બોલ્યો કે–' અરે! પતિવ્રતા સ્ત્રીને શું તમે સત્ત્વશાળી સમજતા નથી પણ તમે તો મુનિવેષધારી સાક્ષાત્ રાક્ષસ છો, તેમજ મદ્યમત્તની જેવા ઉન્મત્ત અને બાળકની જેવા વાચાલ છો.' એટલે કોપાયમાન થઈને કુલપતિએ કમંડળના જળનો છંટકાવ કરીને કુંતલને ક્ષણવારમાં જંબૂક (શિયાળ) બનાવી દીધો. એટલે કુંતલ શૃગાલ થઇ શબ્દ કરતો બહાર ચાલ્યો ગયો. પછી રાજાએ નમીને કહ્યું કે:–' હે મહર્ષે! કોપ ન કરો.' એટલે મુનિએ રાજાને પાટુ મારીને દૂર કર્યો, તે જોઇને રોહિત કરૂણસ્વરથી રૂદન કરવા લાગ્યો કે:–' હે મુનિ! મને ગ્રહણ કરી લ્યો, પણ મારા તાતને નિર્દય થઇને મારો નહિ.' આ પ્રમાણે સાંભળીને બાળકના વાક્યામૃતથી ઋષિને મનમાં સંતોષ થયો, પણ બહારથી ક્રોધાતુર અને નિર્દય બનીને ઋષિએ સુતારા રાણીને કહ્યું કે:–' અરે! તેં આ બાળકને શીખવી રાખ્યો જણાય છે, નહિ તો આવું તે શી રીતે બોલી જાણે?' એ વખતે હરિશ્ચંદ્ર રાજા બોલ્યો કે:–'હે મહર્ષે! હે બ્રહ્મનિ–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધાન! આપ એક માસ સબુર કરો, તેટલામાં હું આપને સુવર્ણ લાવી આપીશ.' મુનિએ કહ્યું કે:–'શું ભિક્ષા માગીને?' રાજાએ કહ્યું કે:– 'ઇક્ષ્વાકુ વંશના માની જનો શું ભિક્ષા માગે?' એટલે ઋષિએ કહ્યું કે:– 'તો કયાંથી લાવી આપીશ?' રાજા સ્મિત કરીને બોલ્યો કે:—'દાસપણું કરીને પણ તમને ધન મેળવી આપીશ.' ઋષિએ કહ્યું કે:—'બહુ સારૂં, પણ તું મારી વસુધાની હદમાંથી દૂર થા.' તે સાંભળી 'ઇક્ષ્વાકુવંશના રાજાઓ પ્રાણાંતે પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતાજ નથી.' એમ વિચારીને રાજાએ સુતારાને કહ્યું કે:—'હે સુભ્રુ! તું સત્વર અંતઃપુરમાં જા, કારણ કે આ કોમળ બાળક માર્ગના શ્રમને સહન નહિ કરી શકે.' એટલે કંઇક ધીરજથી સુતારા બોલી કે—'જે થવાનું હશે તે થશે, પરંતુ ચંદ્રની સાથે ચાંદનીની જેમ હું તો આપની સાથેજ આવીશ.' ઋષિએ કહ્યું કે– 'હે સુતારા! તું કયાં જઇશ?' તે બોલી કે:—'મારા સ્વામીની સાથે જઇશ, કારણ કે કુલીન સ્ત્રીઓ પતિનેજ અનુસરે છે.' એટલે ઋષિએ કહ્યું કે:—'તું મારે સ્વાધીન છતાં જો હરિશ્ચંદ્ર તને લઇ જાય, તો આશ્ચર્ય કહેવાય. સિંહના સપાટામાં આવેલી હરણીને શું મદમત્ત હાથીઓ લઇ જઇ શકે?' તે સાંભળી ક્રોધાગ્નિથી પ્રજ્વલિત થતો વસુભૂતિ બોલ્યો કે:—'અરે તાપસ! તું એક જંગલી ભીલની જેમ લોકમાર્ગને પણ જાણતો નથી. સ્મૃતિના સ્મરણમાં મૂર્ખ એવા હે અધમ તાપસ! પતિને પરમેશ્વર માનનારી લલનાઓ કદાપિ પરને સ્વાધીન નજ થાય.' એટલે વસુભૂતિને શ્રાપ દઇને તેણે શુક બનાવી દીધો. કારણ કે પ્રસ્તાવ વિના બોલવામાં આવેલું વચન ઉલટું બંધનકારક થાય છે. પછી ઋષિએ કહ્યું કે — 'હે રંડા! જા, નેપથ્ય (વસ્ત્રાલંકાર) મૂકીને ચાલી જા.' એટલે સુતારાએ પોતાના શરીરપરથી મુગટ વિગેરે તરત ઉતારી દીધા અને કહ્યું કે:– 'હે મુનીંદ્ર! કંઇક સધવાનું ચિહ્ન માત્ર મને રાખવા આપો.' તે સાંભળીને નિષ્ઠુર મુનિએ પરિહાસપૂર્વક કહ્યું કે:–'અરે ચંડી! દુર્ભગાને વિભૂષણ તે વેશ્યાના શણગાર તુલ્ય છે.' એટલે અશ્રુપૂર્વક તેણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બધા વસ્ત્રાલંકાર તેની આગળ મૂકયા. પછી પુત્ર અને પત્નિ સહિત હરિશ્ચંદ્ર રાજા એક અટવીમાંથી નીકળે તેમ પોતાની નગરીમાંથી તરત બહાર નીકળ્યા. તે વખતે રાજા ઉપરના તીવ્ર અનુરાગથી અશ્રુપાત કરતા અને પાછળ આવતા એવા નગરજનોને રાજાએ પ્રીતિપૂર્વક કહ્યું કે:–'ચિર પરિચયથી, ક્રોધથી, અજ્ઞાનથી કે લોભથી અથવા રાજ્યશ્રીના પ્રણય કે ઉન્માદથી મેં જે કાંઇ તમને દુભવ્યા હોય અથવા જે કાંઇ મેં તમારો અપરાધ કર્યો હોય તે બધું મને ક્ષમા કરજો.' આ પ્રમાણે સાંભળીને જાણે પોતાના પ્રિયજન મરણ પામ્યા હોય તેમ પૌરજનો આર્ત્તસ્વરે રૂદન કરવા લાગ્યા. અને ચંદ્ર જેવા નિર્મળ સ્વામીના ગુણોનું અત્યંત સ્મરણ કરતા નગરજનો મનથી નહિ પણ શરીરથી નગરી તરફ પાછા વળ્યા.

પછી કંઇક માર્ગ ઓળંગ્યા પછી સુલોચનાએ પરિશ્રાંત થઇને રાજાને પૂછયું કે:–'હજી કેટલેક જવાનું છે?' એટલે રાજાએ કહ્યું કે–'હે દેવી! ખેદ શાને કરે છે? શ્રાંત થયેલા નેત્રરૂપ મુસાફરોને પરમ સમાન આ વારાણસી નગરીને તું જોતી નથી? હે દેવી! રોહિતને દૂરથી વહન કરતાં જો તું ખિન્ન થઇ હોય તો ગંગાના કાંઠે આ સુંદર ચંપકવૃક્ષ નીચે જરા વિસામો લે.' રાણીએ તેમ કર્યું, એટલે રાજાએ પોતાના હાથવતી લોહના ખીલા સદશ એવા દર્ભાંકુરોને સુતારાના પગમાંથી ઉખેડીને દૂર કર્યા. એટલે પાદરૂધિર (પગમાંથી નીકળતા રક્ત)થી વસુધાને ઇંદ્રગોપ યુક્ત કરતી સુતારા કંઇક આડું મુખ કરીને મંદ મંદ શબ્દે રૂદન કરવા લાગી. એવામાં રોહિતાશ્વે કહ્યું કે:–'હે તાત! હું થોડો થોડો વખત જમીનપર પગે ચાલતો હતો, તે વખતે મારા પગ પણ તિક્ષ્ણ કંટકોથી વીંધાઈ ગયા છે.' એટલે રાજા સકરૂણ સ્વરે કહેવા લાગ્યા કે:–'હે વત્સ! તારા કયા પગમાં કાંટો લાગ્યો છે તે કહે કે જેથી લોહના ખીલાતુલ્ય એવા તે કાંટાને હું દૂર કરૂં (ખેંચી કાઢું.)' પછી રાજા એક કંટક લઇને રોહિતના પગમાંથી કાંટા કાઢવા લાગ્યો. કેમકે અગ્નિદગ્ધને અગ્નિ જ ઔષધરૂપ થાય છે એમ સાંભળવામાં આવે છે. પછી રોહિતાશ્વે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું કે:–'હે તાત! હું ક્ષુધાથી પીડાઉં છું.' એટલે પૂર્વની જેમ રાજાએ સુતારાને કહ્યું કે:–'પુત્રને મોદક આપ.' સુતારાએ અંતરને દાહ કરનારૂં તે વચન સાંભળીને કહ્યું કે:–'હે સ્વામિન્! સ્વપ્નમાં દીઠું હોય તેવું આ તમે શું બોલો છો?' એવામાં પુનઃ રોહિતાશ્વ બોલ્યો કે–'હે માત! હું ક્ષુધાતુર થયો છું.' એટલે સુતારા ઉંચે સ્વરે રૂદન કરવા લાગી. કારણ કે સ્ત્રીઓનું એજ એક બળ છે. પછી રાજાએ અશ્રુપાત કરતાં વિચાર કર્યો કે:–'સર્વ લક્ષણપૂર્ણ અને ભરતના વંશમાં જન્મ પામનાર આ બાળકને અહો! એક નીચ કુળના બાળક જેવી આ કેવી અવસ્થા પ્રાપ્ત થઇ! અરે! વળી મારી પણ આ કેવી કાળસ્થિતિ કે જેથી આ ગર્ભરૂપ બાળકનું પોષણ કરવાને પણ અશક્ત બની ગયો છું. ઠીક છે, જે થવાનું હતું તે થયું, હવે કૌતુકમાં પ્રેમાળ એવા એ બાળકને વિવિધ વિનોદથી આનંદ પમાડું.' પછી 'હે વત્સ! રાજહંસથી વ્યાપ્ત એવી જો આ ગંગાનદી છે.' ઇત્યાદિ કુતુહલથી રોહિતાશ્વને રાજા વિનોદ પમાડવા લગ્યો, એવામાં અસ્માત્ શંબલસહિત કોઇ વૃદ્ધ સ્ત્રી ત્યાં આવી. અને રાજાને નગરીનો માર્ગ પૂછતાં તે વિચારવા લાગી કે–'રાજલક્ષણથી સુશોભિત એવા આની આવી દુર્ઘટ અવસ્થા કેમ જણાય છે?' આમ વિચારીને તે વૃદ્ધાએ રાજાને પૂછયું કે:—'હે ભદ્ર! તમે કયાંના રહેનારા છો, અને અહીં કયાંથી આવેલા છો?' આ શબ્દો જાણે રાજાએ સાંભળ્યાજ ન હોય તેમ તે ઉત્તર આપ્યા વિના મુંગોજ બેસી રહ્યો. પછી તે વૃદ્ધાએ માગ્યા વિના રાજપુત્રને પોતાની પાસેનું ભાતું આપ્યું, કારણ કે અયાચિત દાન આપવાથી વિશેષ કલ્યાણ થાય છે. પછી રાજાએ સુતારાને કહ્યું કે:—'હે દેવી! જો હવે થાક ઉતરી ગયો હોય તો નગરી તરફ ચાલીએ.' એટલે તે ગાયની જેમ આગળ માર્ગે ચાલતાં બોલી કે:—'હે પ્રિય! રાજ્યલક્ષ્મીના પરિભ્રંશથી તમે લજ્જા પામતા નથી? તે તો ઠીક, પરંતુ હે સ્વામી! આપ આ શત્રુની નગરીમાં શી રીતે પ્રવેશ કરશો?' તે સાંભળી કંઇક ધીરજથી રાજાએ કહ્યું કે:–'સત્વશાળી જનોને લજ્જા કેવી? પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનારા

સજ્જનોને આપત્તિ સંપત્તિરૂપ છે. વળી પૂર્વે કરેલાં શુભાશુભ કર્મનું સામર્થ્ય કોનાથી નિવારી શકાય તેમ છે? તેના પ્રતાપથી જ્યારે આપણી આવી દશા થઇ છે ત્યારે હવે બીજા શત્રુઓ શું વધારે કરવાના હતા?' આમ કહીને રાજા વારાણસી તરફ આગળ ચાલ્યો. એવામાં સુતારા બોલી કે—' હે દેવ! મુનિને આપેલો અવધિ પૂરો થવા આવ્યો છે માટે હવે અમને વેચીને સત્વર જે સુવર્ણ મળે તે લઇ લ્યો.' એટલે રોહિતાશ્વ બોલ્યો કે:—' હે તાત! મને તમારે વેચવો નહિ. હે માત! ચતુષ્પથમાં મને વેચતાં મારા પિતાને તું અટકાવ.' એટલે રૂદન કરતી સુતારા તેને કહેવા લાગી કે:—' હે વત્સ! તું રાજા થઈશ, માટે હે ભદ્ર! રૂદન ન કર. તને કોઇ વેચનાર નથી. તું સત્વર મારી પાસે બેસી જા. હું તને મોદક (લાડુ) આપીશ.' એમ કહીને તે ચિંતવવા લાગી કે:—' અહો નાટકમાં વિવિધ રૂપ રચનારા નટની જેમ દૈવે એક ભવમાં મારા અનેક ભવ રચ્યા.' પછી પરિવાર સહિત રાજા સુતારાને વેચવા બજારમાં ગયો. કારણ કે દુઃખ એ સત્ત્વરૂપ સુવર્ણનો કષપટ્ટ ( કસોટી–પાષાણ ) કહેવાય છે. ત્યાં મનમાં નિશ્ચય કરી પોતાના પુત્ર અને કલત્રના મસ્તકપર તૃણ રાખીને રાજા અશ્રુપાત કરતો ઉભો રહ્યો. અને વિચાર કરવા લાગ્યો કે:—' અહો! મસ્તકપર સેંકડો સૂર્ય સમાન તેજસ્વી એવો મુગટ ક્યાં? અને સર્વ સંપત્તિના નાશરૂપ આ ઘાસનો વિન્યાસ ક્યાં?' વળી રાજાએ વિચાર કર્યો કે:—' એને પુત્રસહિત એના પિતાને ઘરે મોકલું, પછી મને જે થવાનું હોય તે થાઓ.' એમ ચિંતવીને તેણે રાણીને કહ્યું કે:—' હે દેવી! રોહિતને લઇને તું તારા પિતાને ઘરે જા, હું ગમે તે રીતે ઋષિને સુવર્ણ આપીશ.' એટલે સુતારા આક્ષેપપૂર્વક બોલી કે:—' આપ કહો છો, તે ઉચિત નથી. કારણ કે પતિવ્રતા સ્ત્રીઓ પતિનું કાર્ય કરનારી હોય છે એમ સર્વત્ર સાંભળવામાં આવે છે.'

એવામાં ચાકર ખરીદવાની ઇચ્છાથી કોઇ બ્રાહ્મણ દરેક જનને પૂછતો પૂછતો રાજા પાસે આવ્યો, અને રાજાને અને તેના પ્રશસ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લક્ષણવાળા મસ્તકને જોઇને તે કહેવા લાગ્યો કે:—' હે ભદ્ર ! તું કોણ છે ? અને રંકની જેમ આ શરીરને સેવક શા માટે બનાવે છે?' તે વખતે શોકથી મૌન સેવનાર રાજાને તથા ચપળ તારાવાળી સુતારાને જોઇને તે બ્રાહ્મણ વિધિના વિધાનને નિંદવા લાગ્યો, એવામાં તેમની આગળ સુલક્ષણયુક્ત એવા સુતને જોઇને તે વિપ્ર વિચારવા લાગ્યો કે:—' આ ત્રિભુવનમાં આ ત્રણે કોઈ સામાન્ય જન જણાતા નથી.' પછી બ્રાહ્મણે રાજાને વારંવાર પૂછયું કે:—' આ લલનાનું મૂલ્ય શું ? ' એટલે રાજા મંદ વાણીથી બોલ્યો કે:—' જે ઉચિત લાગે તે આપો.' બ્રાહ્મણ બોલ્યો કે:—' હે ભદ્ર ! આનું મૂલ્ય હું તને પાંચ હજાર સુવર્ણ આપું છું.' તે સાંભળીને રાજા મૌન રહ્યો. એટલે ' અનિષિદ્ધ કાર્ય સંમત થયું.' એમ ચિંતવીને તે બ્રાહ્મણે રાજાના છેડામાં તેટલું સુવર્ણ બાંધી દીધું. અહો ! દૈવ કેવી વિડંબના પમાડે છે? પછી ગાયની જેમ સુતારાને આગળ કરીને બ્રાહ્મણ રસ્તે પડ્યો, એટલે બહુજ ઉચ્ચ સ્વરે રૂદન કરતો રોહિત સુતારાને છેડે વળગ્યો. તે જોઇને સુતારાએ તેને કહ્યું કે:—' હે વત્સ ! તું તારા પિતાની પાસે બેસ, હે ગુણવાન્ ! હું બજારમાં તારે માટે મોદક લેવા જાઉં છું.' એ રીતે સુતારાએ સમજાવ્યા છતાં જ્યારે રોહિતે તેના વસ્ત્રનો છેડો ન મૂક્યો ત્યારે ' અરે કિંકરી ! કેટલો બધો વિલંબ ? ' એમ કહેતો પેલો બ્રાહ્મણ બહુજ ક્રોધાયમાન થઇ ગયો, અને તેની સાથે જતી સુતારાને રોહિતે મૂકી નહિ, એટલે પેલા વિપ્રે પાટુ મારીને તે બાળકને નીચે પાડી નાખ્યો. જમીનપર આળોટતા પોતાના નંદનને અશ્રુપૂર્વક જોઇને રાજાને મૂર્છા આવી ગઇ. ક્ષણવાર પછી સાવધાન થઇને તે મનમાં વિચારવા લાગ્યો કે:— ' જે ઈંદ્રના ઉત્સંગમાં રમવા લાયક છતાં, અંગરક્ષકોથી રક્ષિત થયા છતાં, અનેક દેવોની માનતાથી પ્રાપ્ત થયા છતાં અને અનેક દેવતાઓની શેષાના સમૂહ સમાન જેનું ઉત્તમ મસ્તક છતાં આ બાળકને એક સામાન્ય બ્રાહ્મણ રંકની જેમ પાદપ્રહાર કરીને જમીનપર પાડી દે છે તે ખરેખર આશ્ચર્યકારક છે.' આ પ્રમાણે ચિંતવીને રાજાએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિપ્રને કહ્યું કે:-' એની માતા વિના આ બાળક રહી શકે તેમ નથી, માટે આ બાળક પણ તમારે ઘરે રહેશે અને કંઈક કામ કરશે.' એટલે બ્રાહ્મણે રોષ લાવીને કહ્યું કે:-' આ સ્ત્રીના કામમાં વિઘ્ન કરનાર એવા આ બાળકના બદલામાં સુવર્ણ આપવું તો દૂર રહો, પણ એ મને મફત પણ જોતો નથી.' એટલે અશ્રુ પાડતી સુતારા બોલી કે:-'હે તાત! એ પુત્ર વિના પાકેલ કાકડી (ફળવિશેષ) ની જેમ મારૂં હૃદય દ્વિધા થઈ જશે, માટે મારા પર પ્રસાદ કરીને ગમે તે રીતે એને સાથે લેવા દ્યો, કારણકે સંતજનો અર્થીજનની પ્રાર્થનાનો ભંગ કરતા નથી.' આ પ્રમાણે સાંભળી શત સુવર્ણ આપીને હર્ષિત થતો બ્રાહ્મણ તે બંનેને લઈને પોતાને ઘરે ગયો.

હવે હરિશ્ચંદ્ર રાજા ચિંતવવા લાગ્યો કે:-' જો મુનિ આવે તો સારૂં, કારણકે આ સુવર્ણની સંભાળ રાખવી બહુ મુશ્કેલ છે.' એમ ચિંતવતાંજ તે મુનિ ત્યાં ઉપસ્થિત થઇ ગયા. પછી શિષ્ય સહિત આવેલા તે ઋષિને જોઇને રાજાએ કહ્યું કે:-' હે ઋષે! મનમાં ખેદ ન કરો અને આ સુવર્ણ ગ્રહણ કરો.' એટલે ક્રોધાંધ થઇને તે મુનિએ કહ્યું કે:-'અરે! આટલું થોડું કાંચન હું લેવાનો નથી.' પછી અંગારમુખે રાજાને કહ્યું કે:-' અહીંના ચંદ્રશેખર રાજા પાસે યાચના કર એટલે તે દ્રવ્ય આપશે.' એટલે હરિશ્ચંદ્રે કહ્યું કે:-' હે અંગારમુખ! આવું અનુચિત વચન શા માટે બોલે છે? ઇક્ષ્વાકુવંશજો શું કદાપિ કોઇની પાસે ભીક્ષા માગે?' એટલે ઋષિ બોલ્યા કે:-' હે પ્રતિજ્ઞાભ્રષ્ટ! અમારી પાસે પોતાની બડાઈ શાને કરે છે? હે વાચાળ! આત્મશ્લાઘા શા માટે કરે છે?' એટલે રાજા બોલ્યા કે:-' હે મુનીશ! કોપ ન કરો. લજ્જારહિતપણે ચંડાળનું કર્મ કરીને પણ હું તમને સુવર્ણ મેળવી આપીશ.' એવામાં લંગોટી માત્ર જેને વસ્ત્ર છે એવો અને જાણે બીજો કાળ હોય તેવો કાળ નામે કોઇ ચંડાળ વિષાદયુક્ત મતિવાળા હરિશ્ચંદ્રની આગળથી નીકળ્યો. તે રાજાને જોઇને બોલ્યો કે:—' અરે! તું મારૂં કામ કરીશ?' તે સાંભળી રાજા ચિત્તમાં ચિંતવવા લાગ્યો કે:—' ગગનઉત્સંગમાં ક્રીડા કરીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂર્ય અસ્ત થયો, છતાં મને ખરીદનાર કોઇ મળ્યો નહિ, અને આ ઋષિ સુવર્ણને માટે ઉતાવળ કરે છે, માટે આનું કહેવું કબુલ કરવું.' એમ ચિંતવીને રાજાએ કહ્યું કે:—'કરીશ.' ચંડાળે કહ્યું કે:–'મારૂં શું કામ કરીશ?' રાજા બોલ્યા કે:—'જે તું ફરમાવીશ તે કરીશ.' એટલે ચંડાલ બોલ્યો કે:–'કોપના વનરૂપ અને બીજા યમના જેવો હું કાળદંડ નામે ચંડાળ ગંગાની જમણી બાજુના સ્મશાનનો સ્વામી છું. તારે મારા તે સ્મશાનની રક્ષા કરવી અને મૃતનું વસ્ત્ર લેવું. તથા કંઇક દગ્ધ થયેલાં કાષ્ઠ ચિતામાંથી લઈ લેવાં. તેનું જે મૂલ્ય ઉપજે, તેમાંથી અર્ધ ભાગ રાજા લે છે અને બીજા અર્ધા ભાગના બે ભાગ કરી એક ભાગ મને આપવો અને એક ભાગ તારે લેવો.' રાજાએ તે શરત કબુલ કરીને કહ્યું કે:–'પ્રથમ મારે દેવું છે તેટલું બધું સુવર્ણ આ મહર્ષિને આપી દો.' આ વખતે ઋષિએ અંતરમાં ચિંતવ્યું કે:–'સત્ત્વશાલી, ધૈર્યપાત્ર અને કરૂણાળ એવા હે રાજન્! તને નમસ્કાર થાઓ.' પછી કાળદંડ બાકી રહેલું સુવર્ણ મહર્ષિને આપીને હરિશ્ચંદ્ર સહિત પોતાના સ્મશાનમાં આવ્યો.

એવામાં વારાણસી નગરીમાં મરકી સંબંધી મોટો ઉપદ્રવ થયો, જેથી મંગલધ્વનિ તો જાણે ક્યાંક છુપાઈજ ગયો. સતેજ બુદ્ધિવાળા **ચંદ્રશેખર** રાજાએ પોતાના પ્રતિબિંબરૂપ **સત્યવસુ** મંત્રીને બોલાવ્યો. રાજાના આદેશથી રાજસભામાં આવતાં મંત્રીને હાથમાં શુકપંજરને ધારણ કરતો એવો કોઈ પુરૂષ માર્ગમાં મળ્યો. એટલે મંત્રીએ તેને પૂછયું કે:–'હે રાજહંસ! આ શુકને ક્યાંથી મેળવ્યો?' તે બોલ્યો કે:–'ચંપાના ઉપવનમાંથી મને પ્રાપ્ત થયો.' આ પ્રમાણેનું તેનું વચન સાંભળીને તેને સાથે લઇ મંત્રી રાજા પાસે આવ્યો અને યથાસ્થાને બેઠો, એટલે રાજા બોલ્યા કે:–'હે મંત્રિન્! જુઓ, વ્યાધિની વિડંબના વિના અને નિરંતર પોતપોતાના ધર્મમાં તત્પર છતાં આપણી નગરીના લોકો અકાળે મૃત્યુ પામે છે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું નિવારણ શી રીતે કરવું ?' આમ વાત કરે છે તેવામાં કરૂણા સ્વરથી રૂદન કરતી અને 'હા દૈવ ! મને છેતરી' એમ બોલતી કોઇ કુટ્ટિની રાજસભામાં આવી. અને કહેવા લાગી કે:—'હે રાજન્! અનંગમંજરી નામે મધુર સ્વરવાળી મારી પુત્રી રોગના યોગ વિના સુતી અને તરત મરણ પામી. માટે હે નાથ ! જરૂર આપણી નગરીમાં મરકીનો ઉપદ્રવ જાગ્યો જણાય છે, તેથી તેની ઉત્પત્તિની તપાસ કરો અને અને તે દૂર થાય તેવું કરો. અન્યથા નૃપ ( नृन् पातीति नृपः ) એ :શબ્દ સત્યાર્થવાળો રહેવાનો નથી.' એટલે મંત્રી બોલ્યો કે:—'હે દેવ ! એમ સાંભળવામાં આવ્યું છે કે ઉજ્જયિની નગરીથી સ્વયમેવ કોઇ ઉત્તમ માંત્રિક આવ્યો છે માટે તેને મરકી સંબંધી વાત પૂછીએ, તે માંત્રિક અતીત અને અનાગતના જ્ઞાનથી, અકાળ પુષ્પદર્શનથી, વસ્ત્રાકૃષ્ટિ, અસ્ત્ર, ભ્રાંતિ અને મુદ્ગલાદિકના નિયંત્રણથી; દૃષ્ટિબંધ, મુષ્ટિબંધ, શરબંધ અને આકાશબંધ વિગેરે દશ્ય શક્તિઓથી, તથા સ્વપ્નોમદેશ અને શકુનને પ્રતિપાત્રમાં અવતારણ કરવાથી પ્રસિદ્ધ થયેલ છે. તથા મંત્રથી તે ઇંદ્રને આકર્ષી શકે છે, સૂર્યને બાંધી શકે છે, શેષનાગને નચાવી શકે છે, અને અગ્નિને સ્તંભી શકે છે.' મંત્રીના આ પ્રમાણેના કહેવાથી રાજાએ તરતજ તેને બોલાવ્યો. રાજાના આદેશથી માંત્રિક આવ્યો. એટલે તેને બધો વૃત્તાંત સમજાવવામાં આવ્યો. પછી ધ્યાન કરીને તે બોલ્યો કે:—'આ બધી કોઇક રાક્ષસીની ચેષ્ટા છે.' એટલે ઉલ્લાસ પૂર્વક વેશ્યા બોલી કે:—'હે માંત્રિક ! આધિ અને વ્યાધિની અસર વિના માત્ર મરકીના પ્રયોગથીજ મારી પુત્રી મરણ પામી છે.' એટલે મંત્રવાદી બોલ્યો કે:—'મારા મંત્રપ્રયોગથી તારી પુત્રી જીવતી થઇ છે.' એવામાં તેની દાસીએ સભામાં આવીને કહ્યું કે:—'મારી સ્વામિની જીવતી છે.' પછી સત્યથી વિશ્વાસ પામેલા રાજાના આદેશથી હ્રાં હ્રીં એવા મંત્રની રચનાવડે મનોહર એવું મંડલ આલેખીને તે માંત્રિકે જેની કુક્ષિ કૃશ છે અને જેના નેત્ર ચપળ છે, જે સાક્ષાત્ ચંડી જેવી છે અને જે ઉંચે સ્વરે ફેત્કાર કરી રહી છે એવી ભ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યંકર રાક્ષસીને ત્યાં બોલાવી. એટલે રાજા વિસ્મયપૂર્વક વિચારવા લાગ્યો કે:—' અહો ! મહામંત્રનો શો ચમત્કાર છે ? જુઓ ! આ માંત્રિકે આપણા દેખતાં આ રાક્ષસીને અહીં તેડાવી.' પછી માંત્રિક બોલ્યો કે:—' મારે જે કરવાનું હતું તે આપની સમક્ષ કર્યું, હવે એનો વધ કરવા ચંડાલને સત્વર બોલાવો.' એટલે રાજાના આદેશથી હરિશ્ચંદ્ર સહિત ચંડાલ ત્યાં આવ્યો. એવામાં પેલા શુકે હરિશ્ચંદ્ર રાજાની સામે જોઇને વિપ્રની જેમ કહ્યું કે:—' શૌર્યાચારથી તરંગિત, સત્ત્વંત અને માનવંત જનોમાં અગ્રેસર એવા ભરતવંશના ભૂષણરૂપ હે હરિશ્ચંદ્ર ! તારૂં કલ્યાણ થાઓ.' એટલે રાજાએ આક્ષેપપૂર્વક કહ્યું કે:-' હે શુક ! પ્રમત્તની જેમ આ તું શું બોલે છે ? અહીં હરિશ્ચંદ્ર રાજા નથી. અરે ! તું વૃથા ભ્રમિત થઇ ગયો જણાય છે.' એવામાં સુતારાને રાક્ષસીપણે જોઇને હરિશ્ચંદ્ર વિચારવા લાગ્યો કે:—' આ દેવીનું ચેષ્ટિત નથી, પણ કોઇ દંભીની ચેષ્ટા લાગે છે, પરંતુ મારા કર્મનું ઘોરત્વ અનિવાર્ય રીતે પ્રસરે છે, માટે જે કાંઇ દૈવ કરે, તે બધું મારે સહન કરવું છે.' રાજા આમ વિચારે છે એવામાં પ્રણામપૂર્વક શુક બોલ્યો કે:—' ઉશીનર રાજાની પુત્રી અને પવિત્ર દર્શનવાળી એવી હે સુતારા ! તને નમસ્કાર છે.' એટલે રાજાએ આગ્રહપૂર્વક પૂછ્યું કે:—' અરે ચંડાલના દાસ! ખરૂં બોલ, તું હરિશ્ચંદ્ર છે ? અને આ તારી સ્ત્રી છે ?' હરિશ્ચંદ્રે કહ્યું કે:—' હે રાજન્ ! હું હરિશ્ચંદ્ર નથી અને આ મારી પ્રાણપ્રિયા નથી, શુક તિર્યંચપણાથી જેમ તેમ બોલ્યા કરે છે.' એટલે રાજાએ શુકને કહ્યું કે:—' અરે શુક ! તું અમને શા માટે છેતરે છે ? તું અસત્ય વાણી બોલે છે, આ હરિશ્ચંદ્ર રાજાની રાણી સુતારા નથી, તેથી તે રાક્ષસીની જેમ વધ્ય છે.' એટલે શુક બોલ્યો કે:—' રાજ્યથી ભ્રષ્ટ થતાં શત્રુના રાજ્યમાં ફરનારા સાત્ત્વિક જનો મહાન્ આપત્તિ સહન કરે, પણ પોતાના આત્માને પ્રગટ ન કરે.' પછી રાજાના આદેશથી હરિશ્ચંદ્રે તે રાક્ષસીને ગધેડાપર બેસારી. ' પરાધીન થયેલ વિચક્ષણ પુરૂષ અભીષ્ટાર્થમાં પણ શું કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકે ? ' પછી ' હે રાજન્ ! એ સુતારા અને હરિશ્ચંદ્ર–બંને ન હોય તો અગ્નિ મારા દેહને બાળી નાખો, અને જો એ વાત સત્ય હોય તો તે શીતલ થઇ જાઓ. ' એવી પ્રતિજ્ઞા કરીને શુક મંત્રીએ રચેલ ચિતામાં કુદકો મારીને પડ્યો અને તરતજ તેમાંથી લેશ પણ બળ્યા વિના તે પાછો બહાર નીકળ્યો. એટલે મંત્રીએ કહ્યું કે:— ' હે દેવ ! હું ધારૂં છું કે–આ કાંઇ માંત્રિકપ્રપંચ છે, નહિ તો આકૃતિમાં આવી સુંદર આકારવાળી આ સ્ત્રી રાક્ષસી કેમ સંભવે ? ' આ પ્રમાણે મંત્રીએ કહ્યું. એટલે રાજાએ તેને ગધેડાપરથી નીચે ઉતરાવી, અને વિચાર કર્યો કે:—' કોઇએ આ મર્મવેધક કામ કર્યું જણાય છે. ' એ રીતે કોપ અને અનુતાપથી વ્યાપ્ત એવા રાજાએ માંત્રિકને તરતજ વિસર્જન કર્યો અને શુકને પાંજરામાં રખાવ્યો. એવામાં સાંજ થતાં ચંડાલના આદેશથી સાત્ત્વિકશિરોમણિ હરિશ્ચંદ્ર પણ સ્મશાનનું રક્ષણ કરવા ગયો. અને કયાંક રાક્ષસોના સમૂહથી વ્યાપ્ત, કયાંક યોગીંદ્રોથી સેવિત, કયાંક શૃગાલોના ફેત્કારથી ભયાનક, કયાંક ભૂતની ભયાનકતાથી ભીષ્મ–એવા શ્મશાનમાં પરિભ્રમણ કરતાં હરિશ્ચંદ્રે રૂદન કરતી કોઇક સ્ત્રીને જોઇ, એટલે તેને પૂછ્યું કે:—' હે સુતનો ! તું વિલાપ શા માટે કરે છે ? ' એટલે તે બોલી કે:—' આગળ ચાલીને પેલા વટવૃક્ષને જુઓ. ' હરિશ્ચંદ્રે આગળ જઇને જોયું તો ઉંચે પગ અને નીચે મસ્તક કરીને વટશાખામાં લટકતો, સર્વ લક્ષણથી લક્ષિત એવો એક પુરૂષ તેના જોવામાં આવ્યો. તેને જોઇને રાજાએ વિચાર કર્યો કે:—'વસુધા ઋષિને આપી અને ઋષિકન્યાને દેવાના ધનને માટે પુત્ર અને વલ્લભાને વેચ્યા, હવે જીવિતથી કંટાળી ગયેલો હું જો અત્યારે મરણ પામું, તો તેનાવડે પરપ્રાણોનું રક્ષણ થતું હોવાથી મારૂં ભાવિ કંઇક સુધરે. ' આ પ્રમાણે ચિંતવીને રાજા બોલ્યો કે:—' હે ભદ્ર ! તું કોણ છે અને કોનો પુત્ર છે ? તારી આવી અવસ્થા કેમ થઇ ? અને આ વટવૃક્ષમાં તું કેમ બંધાયો ? ' એટલે તે બોલ્યો કે:—' હે દેવ ! હું કાશીનરેશ ચંદ્રશેખરનો પુત્ર છું, કોઇ વિદ્યાધરી મને પ્રિયાસહિત પલંગમાંથી અહીં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઇ આવી છે, અને મારા માંસથી તે મહાહોમ કરનાર છે. અત્યારે તે નદીકાંઠે સ્નાન કરવા ગઇ છે.' તે સાંભળીને હરિશ્ચંદ્ર બોલ્યો કે:—'હે ભદ્ર! તું જા અને રાજ્ય કર. વિદ્યાધરીનું જે કામ છે, તે હું મારા માંસથી કરી આપીશ.' એટલે રાજકુમાર બોલ્યો કે:—'એ સમીચીન નથી. કારણ કે ગધેડાને મરણ પ્રાપ્ત થતાં તેને બદલે ધોબી શામાટે મરે?' પુનઃ રાજા બોલ્યો કે:—'હે ભદ્ર! મારી પ્રાર્થનાનો ભંગ ન કર.' એમ કહીને તેને સ્થાને તેણે વૃક્ષની સાથે પોતાને બાંધ્યો. એટલે રાજકુમાર પોતાની પત્ની સહિત તરતજ ત્યાંથી ચાલ્યો ગયો. એવામાં આર્દ્ર વસ્ત્રને આકાશમાં ધારણ કરતી (ઉછાળતી) પેલી વિદ્યાધરી ત્યાં આવી. એટલે રાજાએ પોતાનું માંસ કાપી ઉંચે ફેંકીને તેને આપ્યું. વિદ્યાધરીએ વિદ્યાસિદ્ધિના નિમિત્તે યથાવિધિ તેનો અગ્નિમાં હોમ કર્યો. એવામાં કુંડની ચારે બાજુ શૃગાલનો ફેત્કાર થયો. તેથી ખિન્ન થયેલી તેણે તે કુંડનું રક્ષણ કરવાને ખેચર (વિદ્યાધર) ને આદેશ કર્યો. એટલે તેણે શૃગાલને વાર્યા છતાં ઉલટો તે નજીક નજીક આવતો ગયો. એવામાં નજીકના આશ્રમના રહેનાર ઋષિ જાગ્રત થઇને વાયુની જેમ સત્વર ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા કે:—'અરે! આ શું આરંભ્યું છે?' આ પ્રમાણે સાંભળતાં તે વિદ્યાધરી સપરિવાર ભય પામીને ક્યાંક નાશી ગઇ. પછી શાખા સાથે બાંધેલા, શ્વાસ માત્ર લેનારા અને રૂધિરથી વ્યાપ્ત એવા રાજાને જોઇ ઓળખીને કૌટિલ્યઋષિએ ઔષધિના પ્રયોગથી તેને સાજો કર્યો.

એવામાં ચંડાલે હાક મારી કે:—'અરે! તું કયાં ગયો?' એટલે હરિશ્ચંદ્ર તેની પાસે આવ્યો. તેવામાં કોઇ સ્ત્રીનો કરૂણ સ્વર તેના સાંભળવામાં આવ્યો કે:—'હા પુત્ર! તું કયાં ગયો?' આવો વિલાપ કરતાં મૂર્છા પામેલી એક સ્ત્રીને જોઇને રાજાએ કહ્યું કે:—'તારો પુત્ર શાથી મરણ પામ્યો?' એટલે તે બોલી કે:—'હે દેવ! હું હરિશ્ચંદ્ર રાજાની પત્ની છું, અને નેત્રને આનંદ આપનાર આ રોહિતાશ્વ નામે મારો પુત્ર છે. ભાગ્ય ક્ષીણ થવાથી મારા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્રને સર્પે ડશ્યો છે અને તેથી દૈવયોગે તે આવી દશાને પામ્યો છે.' આ પ્રમાણે સાંભળતાં હરિશ્ચંદ્ર પણ રૂદન કરવા લાગ્યો. 'સુતનો નાશ થતાં કોને ધૈર્ય રહી શકે?' પછી તે પુત્રને અત્યંત આલિંગન અને મસ્તકમાં ચુંબન કરવા લાગ્યો પછી બોલ્યો કેઃ—'હે પુત્ર! તું શું રૂષ્ટમાન થયો છે અથવા કોઈએ તને વાર્યો છે? તું મને ઉત્તર કેમ આપતો નથી? ચિરકાળનો સમાગમ છતાં શું તું મને ઓળખી શકતો નથી?' એવામાં ચંડાલે હાક મારી કેઃ—'અરે! એની સાથે આ શું આરંભ્યું છે? એ બાળકના વસ્ત્ર લાવ. પોતાના સ્વાર્થમાં કોણ વિલંબ કરે?' આ પ્રમાણે ચંડાલના દુઃશ્રવ વાક્ય સાંભળીને તે રાજા વિમુખ થઇ સ્ફુટ શબ્દથી વસ્ત્ર માગવાને અસમર્થ થયો. પરંતુ પોતાના મુખને નિસ્તેજ કરીને વસ્ત્ર લેવાની ઇચ્છાથી પોતાનો હાથ પસાર્યો. 'અહો! દૈવ શું શું કરાવે છે?'

એ અવસરે 'અહો! સત્ત્વ, અહો! સત્ત્વ' એ પ્રમાણે સુંદર શબ્દ કરતા દેવોએ આકાશમાં રહીને હરિશ્ચંદ્રપર પુષ્પવૃષ્ટિ કરી. હરિશ્ચંદ્ર રાજા નેત્ર ખોલીને જુએ છે તો અયોધ્યા નગરીમાં રહેલ અને શિષ્યોથી ગુરૂની જેમ વસુભૂત્યાદિક સેવકોથી સેવાતા એવા પોતાને રાજસભામાં બેઠેલા જોયા. એટલે અત્યંત વિસ્મય પામીને તે કંઈક વિચાર કરે છે, તેવામાં તત્કાળ ત્યાં કોઇ દેવ આવીને રાજાને કહેવા લાગ્યો કેઃ—'હે રાજન્! અમે તાપસો નથી અને આ નિકૃતિ અને વંચના પણ નથી. પરંતુ અમે આ બધું તમારી પરીક્ષા કરવાને માટે કર્યું છે. હે રાજેંદ્ર! ઇંદ્રે ઇંદ્રસભામાં બેસીને ધીર અને પ્રશાંત વાણીથી તારા સત્ત્વના વખાણ કર્યા, તેમના વચનપર વિશ્વાસ ન આવવાથી અમે આ સઘળું વિચેષ્ટિત કર્યું તે ક્ષંતવ્ય છે. કારણ કે મહાત્માઓ નમ્રપર કરૂણાળુ હોય છે. તમારી જેવા સત્ત્વવાન્ ત્રણ ભુવનમાં અન્ય કોઇ નથી. અંધકારના સમૂહને દૂર કરનાર શું સૂર્ય શિવાય બીજો કોઈ હોઇ શકે?' એ પ્રમાણે રાજાની સ્તુતિ કરી અંજલિ જોડી નમસ્કાર કરીને તે દેવ તેની પ્રશંસા કરતો દેવલોકમાં ગયો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્યદા નગરીની બહાર ઉદ્યાનમાં જતાં હરિશ્ચંદ્ર રાજાએ, જીર્ણ અને શીર્ણ થયેલું શક્રાવતાર નામનું તીર્થ (ચૈત્ય) જોયું. એટલે વસુભૂતિ રાજાનો અભિપ્રાય જાણી ગયો. 'મંત્રીઓ ઇંગિતાકારના તત્ત્વને સમસ્ત પ્રકારે જાણનારા જ હોય છે.' મંત્રી કહે છે કે–' હે રાજન્ ! શક્રે રચેલું આ વૃષભસ્વામીનું દેદીપ્યમાન બિંબ છે અને મહીતલપર શક્રાવતારના નામથી પ્રસિદ્ધ થયેલ આ મહાતીર્થ છે. વળી હે રાજેંદ્ર ! કાળક્રમે એ હમણા જીર્ણ થઈ ગયું છે, તેનો ઉદ્ધાર કરવામાં આપના જેવાજ સમર્થ થઇ શકે તેમ છે. આપ પણ આદિ જિનના વંશમાં ઉત્પન્ન થયા છો, તો રસવેધી પ્રાણીની જેમ એ તીર્થને નવીન બનાવો. ' પછી હરિશ્ચંદ્ર રાજાએ તે તીર્થનો ઉદ્ધાર કરાવીને આદિત્યયશા વિગેરે પોતાના પૂર્વજ રાજાઓની વિખ્યાત એવી પ્રતિમાઓ ભરાવી. અને અમારી તથા પ્રભૂત દાન આપવાપૂર્વક તેની પ્રતિષ્ઠા કરાવી. એ પ્રમાણે નિર્મળ સમ્યકૃત્વને ધારણ કરતાં અને શાસનની પ્રભાવના કરતાં શુદ્ધાત્મા એવો હરિશ્ચંદ્ર રાજા અનુક્રમે કાળ કરીને દેવપણાને પામ્યો. '

## ઇતિ હરિશ્ચંદ્ર કથા.

હવે બળરાજા બોલ્યો કે–' હે સ્વામિન્ ! આ દૃષ્ટાંત સાંભળવાથી મારો અમંદ આનંદરૂપ કંદ નવપલ્લવિત થયો છે. એક તો સર્વ રસને પ્રગટ કરનાર હરિશ્ચંદ્ર રાજાનું દૃષ્ટાંત અને બીજું આપની નિ:સીમ વચનરચનાનું પરમ ગૌરવ. અહો ! કેટલાક મનુષ્યો મરણ પામ્યા છતાં પણ આશ્ચર્યકારક એવા પોતાના ચરિત્રથી જીવતાજ છે, કારણકે આ જગતમાં તેમની કીર્ત્તિ અવિનશ્વરી છે. ' પછી પૂર્વભવના બાંધવ એવા જૃંભક દેવોએ અયોધ્યામાં આવેલા વિદ્યાધરનો દીક્ષામહોત્સવ કર્યો અને ધર્મકર્મમાં પ્રવીણ એવો બળરાજા આચાર્યમહારાજના ચરણકમળને નમસ્કાર કરીને સ્વસ્થાને ગયો.

એકદા સુખે સુતેલી મહાસતી ધારિણીદેવીએ પોતાના મુખકમળમાં પ્રવેશ કરતા શાંત અને કાંત એવા મૃગેંદ્રને સ્વપ્નમાં જોયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે નિદ્રાને દૂર કરી અભીષ્ટ એવા જિનેશ્વરનું સ્મરણ કરતાં શેષ રાત્રિ એક વિચિત્ર વેત્રાસન (ખુરસી) પર બેસીને તેણે વ્યતીત કરી. પ્રભાતે તે રાણીએ મહા ઉત્સાહરૂપ ક્ષીરસાગરને ચંદ્રસમાન એવું તે મહાસ્વપ્ન રાજાને નિવેદન કર્યું, એટલે રાજાએ તે સંબંધી વિચાર કરીને રાણીને કહ્યું કે-' હે દેવી ! જગતમાં ઉત્કૃષ્ટ અને બલિષ્ઠ એવો તને પુત્ર થશે.' પછી વાંચ્છારૂપ વૃક્ષને મેઘસમાન ધારિણીનો ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો અને તે ગર્ભના પ્રભાવથી દાન અને પૂજાદિક કૃત્યોમાં ધારિણીનો ભાવ પણ વધવા લાગ્યો. સખીએ ધરેલા મણિદર્પણને પોતાના હાથથી દૂર ખસેડીને ધારિણી પ્રમાર્જિત તરવારમાં પોતાનું મુખ જોવા લાગી અને વિલાસરૂપ મગરી ( મગર ) ને માટે ઉંચા પ્રકારની કસ્તુરીને દૂર કરીને તે ગજમદને ગ્રહણ કરવા લાગી. લતાના દોહદ જેમ વસંતઋતુ પૂર્ણ કરે તેમ ગર્ભના પ્રભાવથી અંતરને આનંદ આપનારા એવા તે રાણીના દોહલા રાજાએ પૂર્ણ કર્યા. પછી સર્વત્ર મહર્ષિઓથી શાંતકર્મ કરાતાં, ધારિણીને બંને બાહુમાં રક્ષાપોટલી બાંધતાં, ઘટી ( કાળમાન ) ના તાત્પર્યને જાણનારા બ્રાહ્મણો હાજર થતાં, સૂતિકર્મમાં પ્રવીણ અને તે કર્મમાં લીન એવી સ્ત્રીઓ આવતાં નવ માસ ને સાડાઆઠ દિવસ પૂર્ણ થયા એટલે રાજનીતિ જેમ ધનને ઉત્પન્ન કરે તેમ ધારિણી રાણીએ પુત્રને જન્મ આપ્યો. તે વખતે સર્વ પ્રકારની શોભાથી યુક્ત, જોનારને આનંદ ઉત્પન્ન કરનાર અને શુભ્ર એવું સૂતિકાગૃહ ચોતરફ મંગળદીપકોથી શોભવા લાગ્યું. પછી ષષ્ઠીજાગરણનો મહોત્સવ યથાવિધિ વ્યતિક્રાંત થતાં અનુદ્ધત એવા બળરાજાએ પોતાના જ્ઞાતિ અને મિત્રવર્ગનો સત્કાર કરી, ગુરૂજનનું અર્ચન કરી અને બંદીજનોને મુક્ત કરી દશમે દિવસે તે બાળકનું મહાબળ એવું નામ રાખ્યું. પછી જાણે તેના અંગ હોય એવા અને સાથેજ જન્મેલા એવા સમાન વયના બાળકોથી અનુસરાતો તે બળપુત્ર સતત વૃદ્ધિ પામવા લાગ્યો. પાંચ વર્ષ વ્યતીત થતાં તે બાળક છતાં પણ જાણે પૂર્વે અભ્યાસ કર્યો હોય તેમ બધી વિદ્યાઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સત્વર શીખી ગયો. અને તે કૃતજ્ઞ, વિનયી, ધીર અને પરસ્ત્રીના સહોદર સમાન થયો. 'ભાવી તીર્થંકરોના જીવોનું એ લક્ષણજ છે.' તે વખતે સમ્યકત્વદર્શન નહોવા છતાં પણ તેની બુદ્ધિ નિર્મળ હતી. 'શરાણે ચડેલ ન હોય છતાં પણ જાત્યરત્ન બીજાં રત્નો કરતાં તેજવાળુંજ હોય છે.' પછી ઉદ્દામ કામવિલાસરૂપ શાસ્ત્રના સારસ્વત મંત્રસમાન અને કામિનીઓના મદનજીવનસમાન યૌવન તે પામ્યો, એટલે કાશ્યપી રાજાએ કુમારને એકજ દિવસમાં કમલશ્રી પ્રમુખ પાંચસો કન્યાઓ પરણાવી.

તે કુમારના અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રવણ અને અભિચંદ્ર એ નામવાળા છ બાળમિત્રો હતા. અધિકાધિક શોભાયમાન એવા એ છ મિત્રોથી છ વર્ષધર પર્વતોથી જંબૂદ્વીપની જેમ તે શોભતો હતો.

આશ્ચર્યની વાત છે કે તે બલાંગજ (બલપુત્ર) હોવા છતાં દેવોની સાથે ઇંદ્રની જેમ કોઇવાર તે વિબુધ (પંડિત) મિત્રોની સાથે ઐરાવત જેવા મોટા હાથીઓને રમાડવા લાગ્યો. કોઈવાર ઉદ્યાનમાં જઈ પોતાના ગુણસદશ એવા મિત્રોથી પરવરેલો સરલ આશયવાળો તે કુમાર વિવિધ ક્રીડાઓ કરવા લાગ્યો. કોઇવાર લાતપાત તથા સ્ફુરાયમાન એવી ઉત્તમ (ચતુર) ગતિથી શ્રેષ્ઠ અને જાણે વસુધાપર આવેલા ઉચ્ચૈઃશ્રવા (ઇંદ્રના અશ્વ) હોય તેવા અશ્વોને તે ચલાવવા લાગ્યો. કોઇવાર જાણે એક સ્થાનની બુદ્ધિથી સર્વ સાથે એકત્ર થયા હોય તેવા વિવિધ રસોથી ચિત્ર કાવ્યોના રહસ્ય વિચારવા લાગ્યો. વળી જેમ ધર્મ સીદાય નહિ, અર્થ ક્ષય થાય નહીં, બાહ્ય અભ્યંતર શત્રુઓ ફાવી જાય નહીં અને પોતપોતાના સ્થાને નીમેલ પ્રકૃતિ (પ્રધાન) મંડળ વિરક્ત થાય નહીં તેવી રીતે તે રાજકુમાર સંસારના અશેષ સુખભોગ ભોગવવા લાગ્યો. એ પ્રમાણે સંસારરૂપ કલ્પવૃક્ષની વિષયાવલિને તે ભોગવતો હતો, કારણકે ભાવી તીર્થંકરના જીવો વસુધાપર ભાવદેવ જેવા ગણાય છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા પુન: બલરાજાને બોધ આપવા માટે શમતાના નિધાનરૂપ રત્નચંદ્ર મુનિ ઇંદ્રકુબ્જ નામના મહા ઉદ્યાનમાં પધાર્યા. તે પ્રત્યેકબુદ્ધ નિર્ગ્રંથને ઉદ્યાનમાં પધારેલા સાંભળીને સંસારપર વૈરાગ્યવાળો બળરાજા આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે:—'પુત્ર મિત્રાદિકના ક્ષણવિનશ્વર એવા સુખથી હવે મારે સર્યું, ગજના કર્ણતાલ જેવી ચપળ સંપત્તિઓથી પણ સર્યું, અને અંતરાત્માને પાશ સમાન આ સંસારવાસથી પણ સર્યું.' આ પ્રમાણે ચિંતવી પોતાના પુત્ર અને મંત્રીઓને બોલાવીને તેણે કહ્યું કે:— "જેમ અમે વંશપરંપરાથી રાજા છીએ તેમ તમે વંશપરંપરાથી મંત્રી થતા આવ્યા છો, તેથી રાજ્યધુરાનો ભાર મારા અને તમારા પર રહેલો છે. તમારી સહાયતાથી આ વસુધાને મેં સાધી. 'ગાય (વસુધા) સુવ્રતા (સુશીલા) બને તેમાં ગોપાલ (રાજા)ની જ વિશેષતા છે.' હે મંત્રીન્! ઐશ્વર્યના મદથી શુભ કર્મમાં મેં તમને ખેદ પમાડ્યો, મદાંધ થઇને ભૂમિપીઠપર અનેક પ્રકારનો અન્યાય કર્યો, જયયાત્રાને માટે જતાં નિરપરાધી જનોને હેરાન કર્યા, વંટોળીયો જેમ મહાવૃક્ષોને ઉન્મૂલન કરી નાખે તેમ અનેક રાજાઓને ઉન્મૂલન કર્યા, અનેક ગામોને ભસ્મીભૂત કરીને લોકોને નિર્ધન બનાવ્યા અને ભાગતા એવા બીકણ જનોના હાથ તથા ઉત્સંગમાંથી તેના બાળકોને વિખુટા કર્યા–ઇત્યાદિ પાપોનું અત્રે પધારેલા ગુરૂમહારાજની પાસે જઈ ઉત્તમ મુનિઓને સંમત એવું ચારિત્ર લઇને મેલથી વ્યાપ્ત વસ્ત્રની જેમ હું પ્રક્ષાલન કરીશ; માટે જરાથી જર્જરિત થયેલો એવો હું સંધ્યાકાળે સૂર્ય જેમ પોતાનું તેજ અગ્નિમાં સ્થાપે તેમ મારા પુત્રને આ રાજ્યપર સ્થાપું છું. તો હે સુભગ! મારી શિક્ષાથી તમે રાજસભામાં જેમ મારી પાસે રહેતા હતા તેમ આ કવચધારી કુમાર પાસે પણ તમારે રહેવું." આ પ્રમાણે સાંભળીને સર્વ મંત્રીઓ બોલ્યા કે:—'હે સ્વામિન્! તમે અવશ્ય વિરાગી થયા જણાઓ છો; નહિ તો આસન્નમોક્ષગામીની જેમ આવાં વચન તમે શી રીતે બોલો? વળી કલ્યાણને માટે પ્રવૃત્ત થનારને તેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરના મોહથી નિષેધ કરવો, તે સારા ક્ષેત્રમાંથી ઉષર ક્ષેત્રમાં અક્ષત રોપવા જેવું છે. હે રાજન્! તમારા પૂર્વજોએ પણ વૃદ્ધપણામાં મુનિવૃત્તિ સ્વીકારી છે, તેથી અત્યારે આ તમારી શ્રેષ્ઠ વૃત્તિ તેમને પગલે ચાલવારૂપ કૃતજ્ઞતાને સૂચવે છે, વળી આ રાજ્ય તમે કુમારને સોંપો છો, તેમાં અમારે કશો વિચાર કરવાનો જ નથી; કારણ કે અમે એ કુમારને આપની જેવાજ જોઇએ છીએ.'

આ પ્રમાણે પિતા અને પ્રધાનોની વચ્ચે થયેલી વાત સાંભળીને મહાબલકુમાર બોલ્યો કેઃ—' હે તાત! આપ મારાપર શા કારણે અપ્રસન્ન થયા છો કે જેથી મને છોડી જવા ઇચ્છો છો?' એટલે રાજાએ કહ્યું કેઃ—' હે વત્સ! તું વિવેકી થઇને એક અજ્ઞની જેમ મારા વચનનો અનાદર કેમ કરે છે?' આ પ્રમાણેની પિતાની વાણી સાંભળીને મહાબલ કુમારે કહ્યું કેઃ—' આપની આજ્ઞા રાત્રિએ આવેલા સ્વપ્નના ઉપદેશની જેમ મારે પ્રમાણ છે.' એટલે હર્ષાકુલ એવા રાજાએ ઇંદ્ર જેમ પર્યંકપર જિનેશ્વરને સ્થાપન કરે તેમ કુમારને અભિષેકાસન પર બેસાર્યો. પછી ચારે બાજુ મંગલ વાજીંત્રો વાગતાં રાજાએ તીર્થજળથી કુમારના મસ્તકપર અભિષેક કર્યો, એટલે અન્ય રાજાઓએ પણ પ્રતિષ્ઠિત થયેલ જિનબિંબની જેમ સુવર્ણકળશો વડે તેને રાજ્યાભિષેક કર્યો; પછી ઉદય પામેલા દ્વિતીયાના ચંદ્રની જેમ સમસ્ત નગરજનોએ શિર નમાવીને તે નવીન રાજાને પ્રણામ કર્યા. પછી બલરાજાની આજ્ઞાથી તે નવીન રાજાએ સુંદર કોરવાળાં, મનોજ્ઞ અને જાણે ચંદ્રના કિરણોવડે વણેલાં હોય તેવાં ઉજ્વળ વસ્ત્રો પહેર્યાં; એટલે વારાંગનાઓએ ચંદ્રકાંત મણિમાંથી નીકળેલા જળબિંદુના સમૂહ સમાન ચંદનરસથી તેના સર્વાંગે વિલેપન કર્યું. પછી મુક્તા અને માણિકયના ભૂષણોથી ભૂષિત થયેલો તે નવીન રાજા પલ્લવોથી કલ્પવૃક્ષની જેમ શોભવા લાગ્યો. ઉદયાચલના તટપર ઉદય પામતા સૂર્યના બિંબની જેમ તેના મસ્તક પર માણિકયથી દેદીપ્યમાન મુગટ શોભવા લાગ્યો. જાણે ક્ષીરસાગરની ફીણના પિંડથી બનાવેલ હોય એવું છત્ર બલરાજાએ તેના

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મસ્તકપર ધારણ કરાવ્યું. નવા રાજાના સંગથી ઉલ્લાસ પામ્યા હોય અને જાણે રાજ્યલક્ષ્મીના સ્મિત હોય એવા ચામરો વારાંગનાઓ તેના પર વીંજવા લાગી. ચંચલ ભૃકુટીવાળા તેના વિશાલ ભાળઉપર બલરાજાએ રાજ્યશ્રીના ન્યાસના મંડળરૂપ તિલક કર્યું. પછી જેણે અખિલ ભૂતલનું પરિપાલન કર્યું છે અને જે નીતિશાસ્ત્રમાં પૂર્ણ વિશારદ છે એવો બલરાજા તેને આ પ્રમાણે શિક્ષા આપવા લાગ્યો કે-'હે વત્સ! સમુદ્રના જળથી ઉત્પન્ન થવાને લીધેજ અધોમાર્ગે ગમન કરનારી વેળા (ભરતી) હોય તેવી વેળા (અવસ્થા) સદા એકજ રૂપમાં રહેતી નથી. ગજની સાથે ઉત્પન્ન થયેલ હોવાથીજ જાણે ઉદ્દામ મદને આપવાવાળી હોય તેવી લક્ષ્મીદેવી, હે વત્સ! રાધાપતિને પણ દુરારાધ્ય છે. માટે હે વત્સ! એનું રક્ષણ કરવામાં યામિક (ચોકીદાર) ની જેમ ન્યાય આપવાની વૃત્તિથી તારે તારા વિક્રમને સદા સતેજ રાખવું. હે વત્સ! વિક્રમ (પરાક્રમ) વાન્ પુરૂષ સત્ત્વથી ભૂષિત થાય છે, માટે સ્વામીના પ્રસાદની જેમ તે (સત્ત્વ)નુ યત્નથી રક્ષણ કરવું. વળી સત્ત્વવંત થઇને પણ પ્રચંડ કર લેવાની કોશિષ કદાપિ ન કરવી. 'ચંડકર (રવિ) ની સામે લોકો નજર કરીને જોતા પણ નથી.' પ્રચંડ કર લેવાની ચતુરાઇ કરવા જતાં વ્યસનનો ઉદય થાય છે અને તેથી અરઘટ્ટના વૃષભની જેમ સંસારમાં ભ્રમણ કરવુ પડે છે; હે નૂતન નરેશ્વર! સપ્ત નરકના દૂતો જેવા સાત વ્યસનોથી અંતરના શત્રુઓ જાગૃત થાય છે અને તેને આધીન થવાથી પુરૂષ કામ અને અર્થમાં લુબ્ધ થાય છે; તેનાં મૂળ સ્ત્રી અને મૃષાવાદ એ બે છે, સ્ત્રી અને મૃષાવાદની આવા પ્રકારની સ્થિતિ છે. દોષ-નિશામુખનો ઉદય કરનારી, સૂર (રવિ યા શૂરવીર) ના કર-કિરણને પણ અગોચર અને ક્ષણવારમાં રક્ત અને વિરક્ત થનારી એવી સ્ત્રી સંધ્યાના જેવી છે, અને નદીના પૂરથી જેમ ગામો અને કોપથી જેમ સુવાસના તેમ મૃષાવાદથી પ્રતિષ્ઠા અને વિશ્વાસ નાશ પામે છે.'

આ પ્રમાણે તાત્ત્વિક પ્રેમવૃત્તિથી અને અભિનવ વચન રચ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાથી નમ્ર એવા નવીન નરેંદ્રને ઉદારપણે શિક્ષા આપીને મોહથી મુક્ત થવા ઇચ્છનાર તેમજ સુગુરૂચરણની સેવાના અભિલાષી બળરાજા તરતજ ઉદ્યાનમાં જવા તૈયાર થયો.

॥ इत्याचार्यश्रीविनयचंद्रविरचिते श्रीमत्प्रद्युम्नाचार्यशोधिते श्री मल्लिस्वामिचरिते विनयांके महाकाव्ये प्रत्येकबुद्ध श्री रत्नचंद्रसत्यहरिश्चंद्रनिदर्शनगर्भितः श्रीवलनृपतिबोधवंधुरः श्री महावलराज्याभिषेकोत्सवव्यावर्णनो नाम प्रथमः सर्गः ॥

## द्वितीय सर्ग.

સર્વાંગે હર્ષિત થઇને અને સ્નાનાદિ મંગલ કરીને શ્રી બળરાજા એક હજાર માણસો ઉપાડી શકે એવી શિબિકા ઉપર આરૂઢ થયો અને ભાવશુદ્ધિથી વિધિપૂર્વક દાન આપતાં નગરના મધ્યમાં થઇને વિશુદ્ધ બુદ્ધિવાળો તે રાજા ઉપવનમાં આવી જાણે સંસારથી ઉતરતો હોય તેમ શિબિકાથી નીચે ઉતર્યો; પછી દેહાદિ ઉપરના મોહની જેમ સમસ્ત નેપથ્યાદિકનો તેણે ત્યાગ કર્યો અને હર્ષથી પુષ્ટ બનીને શ્રી રત્નચંદ્રમુનિરાજના ચરણકમળને વંદન કર્યું. પછી નિર્વાણસંપત્તિના સત્રરૂપ સામાયિક મહામંત્ર પ્રકટાક્ષરે તે રાજર્ષિએ ગુરૂમુખથી ઉચ્ચર્યો ( ચારિત્ર અંગિકાર કર્યું ) અને વિવિધ અભિગ્રહોને ધારણ કરી, કુવાસનાઓનો નિગ્રહ કરી અને નિદાનરહિત તપમાં તત્પર થઇ શમતાના સ્થાનરૂપ એવા તે રાજર્ષિ ચિરકાળ વિધિપૂર્વક સંયમ પાળી, ઇંદ્રિયોને દમી, સર્વ કર્મોનો ક્ષય કરીને નિર્વાણ સંપત્તિને પામ્યા.

ઇતિ બળરાજર્ષિ નિર્વાણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે મહાબલરાજાને કમલશ્રીરાણીની કુક્ષિથી સિંહસ્વપ્નથી સૂચિત એવો એક પુત્ર થયો. એટલે 'ભવિષ્યમાં એ બલભદ્ર થશે' એમ વિચારીને રાજાએ પ્રેમપૂર્વક વાણીથી તેને **બલભદ્રના** નામથી બોલાવ્યો, અર્થાત્ બળભદ્ર નામ પાડ્યું.

એકદા વિકસિત ચંપકવૃક્ષથી મનોહર બાહ્ય ઉદ્યાનમાં **વરધર્મ** નામના આચાર્ય મહારાજ પધાર્યા. આરામપાલકના મુખથી વૃત્તાંત સાંભળીને યથેચ્છ કરેલા પીયૂષપાનની જેમ મહાબળ રાજા અત્યંત હર્ષિત થયો. પછી જાણે હંસોનો સમૂહ હોય તેવા નવીન છત્રોથી આકાશને આચ્છાદિત કરતો, પોતાની વલ્લભા એવી હાથણીઓ સહિત બલિષ્ઠ એવા હાથીઓથી, જાણે રવિના રથમાંથી અપહરી લાવ્યા હોય એવા અશ્વોથી, શ્રોત્રપથના પથિક એવા ચારૂ ચીત્કારથી મનોહર રથોથી અને અનંત ભક્ત સામંતોથી ચારે બાજુ પરવરેલો, મનુષ્યોને દેવાંગનાઓની ભ્રાંતિ આપનારી એવી વારાંગનાઓથી પગલે પગલે રત્નજડિત ચામરોથી વીંજાતો, બંદીજનોના બિરૂદાવલીના પાઠની સ્પર્ધાથી જાણે પ્રસરતા હોય એવા મંગલ વાજીત્રોના નાદથી આકાશ અને વસુધાતલને ઓતપ્રોત કરી દેતો, ધર્મવિચારમાં સંમત અને લક્ષ્મીથી વિકસ્વર છ મિત્રોથી પરવરેલો અને સિંહ જેવા પ્રૌઢ પરાક્રમથી પ્રખ્યાત એવા પદાતિઓથી વીંટાયેલો, તેમજ અચલ મનવાળો એવો મહાબલ રાજા ગજેંદ્રના સ્કંધપર આરૂઢ થઇને આચાર્ય ભગવંતને વંદન કરવા માટે ચાલ્યો. અનુક્રમે પ્રૌઢ તથા વિસ્તૃત ભાવના યુક્ત તે રાજા નંદનવનમાં ઇંદ્ર આવે તેમ ઉદ્યાનમાં આવ્યો, એટલે દૂરથીજ મદની જેમ હસ્તિસ્કંધથી નીચે ઉતરીને શાંત ચિત્તે પાંચ રાજચિન્હોનો[1] તેણે ત્યાગ કર્યો. પછી આગળ ચાલતાં ક્રોધરૂપ અંધકારને રવિ સદૃશ, માનરૂપ પર્વતને વજ્ર સદૃશ, માયારૂપ વલ્લીને તુષાર (ઠાર) સદૃશ, લોભરૂપ સાગરને અગસ્ત્યમુનિ સદૃશ, સમતારૂપ લતાના

---

૧ ખડ્ગ, છત્ર, મોજડી, મુગટ અને ચામર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આરામ સદશ, મહાવ્રતોથી અભિરામ, આત્મામાં રમણ કરનારા, મહાસત્ત્વયુક્ત, વિરાગથી રમણીસંગરહિત, લબ્ધિઓના ભંડાર અને મૂર્ત્તિમંત જિનધર્મ સદશ શ્રીમાન્ વરધર્માચાર્યને તેણે જોયા; એટલે જિનેંદ્રની જેમ તેમને પ્રદક્ષિણા કરીને રોમાંચના મિષથી સાક્ષાત્ ભક્તિને ધારણ કરતા એવા રાજાએ તેમને વંદન કર્યું.

ત્યાં કેટલાક મુનિઓ પદ્માસને બેઠેલા હતા; કેટલાક વજ્રાસને અને કેટલાક વીરાસને બેઠેલા હતા; કેટલાક મયૂરાસને અને કેટલાક ભદ્રાસન લગાવીને બેઠેલા હતા, કેટલાક દંડાસને બેઠા હતા અને કેટલાક કાયોત્સર્ગમાં રહેલા હતા; કેટલાક હંસાસનનો આશ્રય કરીને રહેલા હતા; કેટલાક શીલાંગરથના પરાવર્ત્તનમાં તત્પર હતા; કેટલાક માળાના મણકાવડે ભાંગાઓની ગણત્રી કરતા હતા; કેટલાક ઈતર મુનિઓને અનેક રીતે કાળાનુષ્ઠાનમાં સ્થિત કરતા હતા; કેટલાક પરમ હર્ષથી સિદ્ધાંતની વાંચના આપતા હતા; કેટલાક પાત્રને લેપ કરવામાં તત્પર હતા; કેટલાક મૌન ધરીને રહેલા હતા; કેટલાક શિષ્યોને શિક્ષા આપતા હતા; કેટલાક પદો શીખતા હતા; કેટલાક ચૂર્ણિ અને ભાષ્યાદિકના પદોની વ્યાખ્યાવડે કર્મપ્રકૃત્યાદિ-વિચાર ગ્રંથનો નિર્ણય કરતા હતા અને કેટલાક ઉચ્ચપ્રકારના નવા પ્રકરણો બનાવતા હતા. એવા અનેક કાર્યમાં સ્થિત થયેલા પૂજ્ય નિર્ગ્રંથોને કાશ્યપીપતિએ ત્રિવિધે ત્રિવિધે વાંદ્યા. પછી પુનઃ ઉદ્યાનમાં આવી સૂરીશ્વરને પ્રણામ કરી હર્ષિત થઇને પોતાના મિત્રો સાથે વિનયથી અંજલિ રચીને તે રાજા તેમની પાસે બેઠો; એટલે મહેલને ચાંદનીની પ્રભાની જેમ પોતાના શુભ્ર દંતકિરણોથી ભવ્યજનોને શુભ્ર બનાવતા તે મહામુનિએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો.

" હે ભવ્ય જનો ! આ ચતુર્ગતિરૂપ સંસારસાગરમાં દાન, શીલ, તપ અને ભાવ-એ ચારપ્રકારનો ધર્મ પોત ( નાવ ) સમાન છે. તેમાંના દાનધર્મને પૃથક્ કરીને તેનું વર્ણન કરવામાં આવે છે, કારણ કે હર્ષને વર્ષાવનારા એવા જિનેશ્વરોએ પણ તેનું એક વર્ષપર્યન્ત સેવન કર્યું હતું. સર્વ પ્રકારના દાનમાં સુપાત્રદાન શ્રેષ્ઠ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણીઓને દેહ એ સુકૃતનું સાધન છે, અને તે આહારના પુદ્‌ગલોથીજ નિષ્પન્ન થયેલ છે, માટે જેઓ સાધુઓને પ્રાસુક આહારનું દાન આપે છે, હે રાજન્! તેઓ જિનદત્તની જેમ સુખના ભાજન થાય છે. તે જિનદત્તની કથા આ પ્રમાણે છે:—

## દાનધર્મોપરી જિનદત્ત કથા.

પુષ્કરવર દ્વીપમાં **ચંદ્રકલા** નામે નગરી છે. ત્યાં નામ અને ગુણથી **પરંતપ**[1] નામે રાજા રાજ્ય કરતા હતા. તેને શિવને પાર્વતી ને ગંગાની જેમ અમિત રૂપ અને લાવણ્ય યુક્ત **સોમા** અને **યશોમતી** નામે બે પટરાણી હતી, તેમાં સોમાને **પદ્મશેખર** અને યશોવતીને **સૂર** નામે પુત્ર થયેલા હતા. તે બન્ને વિમાતાથી જન્મેલ હોવા છતાં એકજ માતાથી થયેલા યુગલ પુત્રની જેમ પરસ્પર દૃઢ પ્રેમભાવવાળા હતા. જન્મથીજ તે સાથે જાગતા હતા, હર્ષ શોકમાં સમાન રહેતા હતા અને બન્ને નેત્રની જેમ પરસ્પર પ્રીતિ રાખતા હતા.

એકદા સોમાએ વિચાર કર્યો કે:—" આ સપત્નીનો પુત્ર જીવતો હશે ત્યાં સુધી મારા પુત્ર સૂરને રાજ્ય મળશે નહીં, માટે સ્વપુત્ર હિતેચ્છુ જનોએ સપત્નીના પુત્રની અને રોગની ઉપેક્ષા ન કરતાં વિષવૃક્ષની જેમ તેનો મૂળથીજ ઉચ્છેદ કરવો જોઇએ. " આ પ્રમાણે વિચારીને સોમારાણી કપટથી કોપ કરીને મેઘથી આચ્છાદિત થયેલી ચાંદનીની જેમ વાસભવનમાં એકાંત સ્થાનકે સુઇ રહી. પછી પ્રમાદવશથી ભ્રષ્ટ થયેલ વિદ્યાવાળી વિદ્યાધરીની જેવી સોમાને નિસ્તેજ જોઇને રાજાએ તેને પ્રેમાર્દ્ર વાણીથી બોલાવી કે:—' હે સોમે! હે ચંદ્રાનને! ઉત્તરાયણના રવિબિંબની જેમ તારૂં વદન તેજ રહિત કેમ થઇ ગયું છે? શું કોઇએ તારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે કે જેથી મોહની દૃઢ ભિત્તિરૂપ એવા ક્રોધાવેશમાં તું આવી ગઈ છે? ' એટલે સોમા શ્યામ મુખ કરીને રાજાને કહેવા લાગી કે:—' અમુક અવસરે જે બનાવ બન્યો છે તં

[1] ઉત્કૃષ્ટ તપવાળો અર્થાત્ તીવ્ર તેજ–પ્રતાપવાળો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનમાં જીરવી શકાય તેમ નથી અને કહી શકાય તેમ પણ નથી.' આથી રાજાએ બહુ આગ્રહપૂર્વક તેને શપથ ( સમ ) દઇને પૂછ્યું. એટલે જાણે સર્વસ્વ હરણ થઇ ગયું હોય તેમ ગદ્ગદાક્ષરથી તે બોલી કે:—' તમારા કુળને કલંક લગાડનારા પદ્મ નામના પ્રિય પુત્રે કામાંધ થઇને કાલે સાંજે સ્નેહપૂર્વક મારી પાસે અનુચિત ગાગણી કરી.' આ પ્રમાણેનું વચન સાંભળતાંજ રાજા એકદમ ક્રોધાતુર બની ગયો. અને ' આ યુક્તિયુક્ત વચન નથી ' એમ મનથી વિચાર પણ કર્યા વિના રાત્રે ચંડ નામના પોતાના અંગરક્ષકને બોલાવીને આદેશ કર્યો કે:—' નવા મારાઓ પાસે તારે પદ્મશેખરને મરાવી નાંખવો.' આ પ્રમાણે જાણે સાક્ષાત્ ક્રોધનો ઉદ્ગાર હોય તેવો આદેશ આપીને તે સ્વસ્થ થયો. ' અહો ! કોપાંધ જનોને મતિ ક્યાંથી હોય ? '

પછી ચંડ અંગરક્ષકે સુદુઃશ્રવ એવો તે આદેશ પામીને એકાંતમાં પદ્મની આગળ તે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો; એટલે માનવામાં ન આવે તેવું વચન સાંભળીને કુમાર અંતરમાં ચિંતવવા લાગ્યો કે:—' અહો ! પિતાનો મારાપર અપ્રસાદ કેમ થયો ?' પછી તેણે ચંડને પૂછ્યું કે:—' તેનું કારણ શું હશે ? કારણ કે તમે દૈવજ્ઞની જેમ આકાર માત્રથી રાજાના ભાવને જાણી શકો તેમ છો.' એટલે ચંડ બોલ્યો કે:—' પ્રત્યય થકી જેમ પંડિત ક્રિયાતત્ત્વને જાણી શકે, તેમ રાજાના ઇંગિતથી હું ધારૂં છું કે–આ તમારી વિમાતાનો કપટ–પ્રપંચ છે, અને આલેખના આભાસની જેમ[1] એણે કંઇક કૂટ પ્રગટ કરીને રાજાને વ્યામોહિત કર્યો જણાય છે.' એટલે કુમાર ચિંતવવા લાગ્યો કે:—' અહો ! જગતને મોહના કારણભૂત, બુધ જનોથી પણ દુર્લક્ષ્ય અને વિવેકી જનોથી મુક્ત એવા સ્રીચરિત્રને નમસ્કાર થાઓ. સુસ્નેહસહિત પાત્રમાં રહેનાર અને દીપ્ર એવી દીપશિખાની જેમ ચપલાક્ષી ( સ્રી ) પોતાના આશ્રય ( ગૃહ ) નેજ મલીન કરે છે.'

૧ જાણે પ્રકટ લેખ અથવા ચિત્ર હોય તેવો આભાસ પાડીને.

આ પ્રમાણે ચિંતવીને વિશુદ્ધાત્મા અને શ્રેષ્ઠ આશયવાળો પદ્મશેખર પોતાના નગરને મૂકીને ઉત્તર દિશા તરફ ચાલ્યો. આગળ જતાં કેટલાક દિવસે તે પારધીઓથી હણાયેલા મૃગની પાછળ શૂન્ય થઇને જ્યાં મૃગલીઓ ભ્રમણ કરી રહી છે, જ્યાં રેતાળ જમીનપર સિંહના પગલાં જોવામાં આવે છે, જ્યાં વાતોમાં લીન થયેલા ભીલો પશુમાંસને પચાવી રહ્યા છે, ત્રાસરહિત ભ્રમણ કરતી સેંકડો યોગિનીઓથી જે વ્યાપ્ત છે, કાપાલિક જનો જ્યાં ઘોર મંત્રની સાધના કરી રહ્યા છે અને શાર્દૂલના ક્રૂર અને દારૂણ ફૂત્કાર જ્યાં સાંભળવામાં આવે છે, એવી સંસારની જેવા વિપુલ આકારવાળી અને જાણે સાક્ષાત્ યમની પ્રિયા હોય તેવી અટવીમાં આવી પહોંચ્યો. ત્યાં મહાફણાને જેણે નીચે નમાવી દીધેલ છે અને દવદગ્ધની જેમ જે શ્યામ થઇ ગયેલ છે એવા એક સર્પને તેણે રસ્તામાં પડેલો જોયો. એટલે તે સર્પ મનુષ્યભાષામાં બહુજ આસ્તેથી બોલ્યો કે:–' હે કુમાર! તૃષાર્ત્ત એવા મને અત્યારે જળપાન કરાવ, નહિ તો મારૂં જીવનવૃક્ષ સત્વર શુષ્ક થઇ જશે. મહાત્માઓ દુઃખિત અને ખિન્ન જનોપર બહુજ દયાળુ હોય છે. હે મિત્ર! પછી હું તારાપર પરમ ઉપકાર કરીશ કે જે ઉપકારથી તું મને કદી પણ ભૂલી શકીશ નહિ.' પછી કુમારે નદીનું જળ લાવીને કમળના નાળવતી પન્નગને પાયું. એટલે તે તરતજ પોતાના કરકમળમાં સુંદર સુવર્ણકમળને ધારણ કરનારો અને દિવ્ય રૂપધારી પુરૂષ થઇ ગયો અને હાથ તથા પગવતી આઘાત કરીને કુમારને તેણે વામન બનાવી દીધો. ' અહો! તે પાપીએ જુઓ, કુમારના ઉપકારનો બદલો કેવો આપ્યો!' કુમાર ચિંતવવા લાગ્યો કે:–' અહો! આની કઠોરતા જાણે વજ્રમયી બની હોય તેવી જણાય છે અને એનું દ્વિજિહ્વત્વ યથાર્થ જણાઇ આવે છે.'

આ પ્રમાણે વિચાર કરીને રાજકુમાર ઉત્તરદિશા તરફ સત્વર ચાલ્યો, એવામાં આકાશમાં ઉડતી રજઘટા તેના જોવામાં આવી. તે સાથે જયશ્રી પ્રાપ્ત કરવાવાળા કેયૂરના ઉંચા ઠાતકારથી સુંદર એવો અશ્વોના ખુરપુટનો શબ્દ તેના સાંભળવામાં આવ્યો. વળી દિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાકરના કિરણસમૂહથી દેદીપ્યમાન થતાં જાણે સૂર્યનાં ઘર હોય એવાં અશ્વો પણ તે રાજકુમારના જોવામાં આવ્યાં. એટલે બલવંત જનોથી આકુલ એવા પોતાના લશ્કરને ઓળખીને પદ્મકુમારે કોઈ ઘોડેસ્વારને પ્રગટ નામ લઇને તે તરફ આવવાનું કારણ પૂછ્યું. એટલે કુમારને ઓળખ્યા શિવાય તે કહેવા લાગ્યો કે:–' ચંદ્રકળા નગરમાં પરંતપ નામે રાજા છે. તેના પદ્મશેખર નામના મોટા પુત્રે મદોન્મત્ત હાથીની જેમ મર્યાદાસ્તંભનું ઉન્મૂલન કરીને કામવશ થઇ રાજાની યશોમતી રાણી પાસે અયોગ્ય પ્રાર્થના કરી; પછી રાજાને તે વાતની ખબર પડતાં જેનું નામ અગ્રાહ્ય છે એવા તે પદ્મકુમારને ચંડ નામના અંગરક્ષકને સોંપવામાં આવ્યો. તેની પાસેથી છળ કરીને તે ભાગી ગયો છે, હે ભદ્ર! તેને પકડવાને માટે રાજાએ સર્વ દિશાઓમાં આ પ્રમાણે લશ્કર મોકલ્યું છે. વળી વિશેષમાં તને પૂછવાનું એ છે કે–તું મારૂં નામ શાથી જાણી શક્યો ? ' એટલે પદ્મ બોલ્યો કે:–' તારા વસ્ત્રને છેડે લખેલા અક્ષરો અવલોકવાથી. ' આ પ્રમાણે જવાબ આપીને ભુજંગે કરેલ પોતાના વામનપણાને જીવનના ઔષધરૂપ માનતો પદ્મકુમાર સંસાર સમાન તે મહાઅટવીની બહાર નીકળ્યો અને શોભાપુર નામના નગરમાં આવ્યો. એવામાં મધ્યાહ્ન કાળ થવાથી ધૂળ બહુજ ગરમ થઇ ગઇ એટલે જાણે માર્ગમાં છાણાનો અગ્નિ પાથર્યો હોય તેમ સર્વ રસ્તા દુઃસંચાર થઇ ગયા. તે વખતે પાઠશાળામાંથી પોતાના પુસ્તકો સહિત વિદ્યાર્થીઓ હર્ષપૂર્વક આસનપરથી ઉઠી પોતપોતાના ઘર તરફ જતા હતા. તેવે વખતે માર્ગના શ્રમણથી પરિશ્રાંત થયેલો અને ક્ષુધાથી ક્ષીણ થઇ ગયેલો પદ્મશેખર એક સહકાર વૃક્ષની છાયામાં સૂઇ ગયો. તેને અલ્પ સમય થયો તેવામાં કોઇ મહાશયે આવીને પોતાના હાથવતી ઝગમગતી નખની પ્રભાવાળા તેના પગના અંગુઠાને હલાવ્યો. એટલે નિદ્રાનો ત્યાગ કરીને તે બેઠો થયો અને કહેવા લાગ્યો કે:–' તમે કોણ છો ? અને મારી નિદ્રાનો ભંગ કરવા શામાટે તૈયાર થયા છો ? ' તે મહાશય બોલ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે:-" હે મહાભાગ ! આ શોભાપુરમાં સોમ ( ચંદ્ર )વંશના ભૂષણરૂપ સોમ નામે રાજા છે. હે સન્મતે ! તેનો હું સુબુદ્ધિ નામે મુખ્ય પ્રધાન છું. રાજાએ ચિરકાળથી વૃષભની જેમ રાજ્યનો ભાર મને સોંપ્યો છે. હે ભદ્ર ! દૈવયોગે તે રાજા હાલ રોગથી બહુજ ઘેરાઈ ગયો છે. અને બધિરની પાસે મંત્રોચ્ચારની જેમ હવે તેને માટે કરવામાં આવતા ઔષધોપચાર સર્વ નિષ્ફળ થાય છે. રાજાના આવા દુશ્ચિકિત્સ્ય વ્યાધિને જોઇને ચિંતાતુર થયેલા એવા મારા દરેક દિવસ વરસ સમાન જાય છે. આજે રાત્રે હું નિદ્રાવશ થતાં કોઇ દેવીએ આવીને મને કહ્યું કે:-' હે ભદ્ર ! તું વધારે ચિંતા ન કર, પ્રાત:કાળે માર્ગના શ્રમથી સહકારની છાયામાં જેને તું સૂતેલ જુએ, તેને તારે લઇ આવીને રાજ્યપર બેસારવો. તેજથી મનોહર એવા તે માણસનું નામ પદ્મશેખર છે અને તેનાથી તમારી રાજ્યલક્ષ્મીની અવશ્ય વૃદ્ધિ થનાર છે.' હે ભદ્ર !. તે વાતની સત્યતા જોવાને માટે મારૂં અહીં આવવું થયું છે અને અમારા ભાગ્યથી જ આપ અહીં પધાર્યા જણાઓ છો; માટે હવે નગરમાં આવીને આ અખંડિત રાજ્યનું પાલન કરો.' એ વખતે પોતાના શરીરની પાછી સ્વાભાવિક આકૃતિ થઇ ગયેલી જોઇને પદ્મકુમાર વિચારવા લાગ્યો કે:-' અહો! પુણ્યોદયની કેવી લીલા છે?' પછી પદ્મશેખરે તે વાત સ્વીકારી એટલે તેને રાજમહેલમાં લઇ જઇ રાજ્યાસનપર બેસારી રાજા બનાવવામાં આવ્યો. ' વિદેશમાં પણ પુણ્ય તો મહાત્માઓની સાથેજ હોય છે.'

હવે તેજ નગરમાં પરાધીન થઇને પોતાનું જીવન ગુજારનાર અને મહોદર એવા નામથી વિખ્યાત કોઇ કુલપુત્ર રહેતો હતો. ધનની પ્રાપ્તિને માટે તેણે કરેલા સર્વ ઇલાજો નિષ્ફળ થયેલા હોવાથી અસુકૃતની સાથે અદ્વૈતભાવને ધારણ કરતો અને ઉપવાસો આચરતો એવો તે પદ્રદેવી ( ગામના પાદરની દેવી ) આગળ આવીને એક દિવસ બેઠો. એટલે મહાશક્તિ પૂર્વક ઉપવાસો કરતાં એકદા રાત્રે પોતાના શરીરની કાંતિથી દેદિપ્યમાન એવી તે દેવી તેની આગળ પ્રગટ થઇને બોલી કે:-' હે મહાભાગ ! તારા સાહસથી હું સં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તુષ્ટ થઇ છું. માટે વર માગ. કારણકે સુસ્વપ્નની જેમ અમારૂં દર્શન નિષ્ફળ જતું નથી.' એટલે કુલપુત્ર બોલ્યો કે:-' હે દેવી ! જો તું સંતુષ્ટ ( પ્રસન્ન ) થઇ હોય તો મને એકલાખ સોનામહોર આપ, નહિ તો મારૂં વાંચ્છારૂપ વૃક્ષ મૂળરહિત થઇને પડી જશે.' એટલે પદ્મદેવી ઉપયોગ દઇને બોલી કે:-' હે ભદ્ર ! લક્ષ સોનામહોર મારી પાસે નથી, પણ હું તને તેની પ્રાપ્તિનો ઉપાય બતાવું.' તે બોલ્યો કે:-' તો ઉપાય બતાવો. કારણ કે કળાંતરથી[1] મેળવેલ ધનથી શું બીજું ધન ઉપાર્જન થઇ શકતું નથી ?' એટલે તે દેવી બોલી કે:- ' પુરૂષાકાર એવું આ માટીનું પુતળું કે જેની પાસે તેની દુ:સ્થિતા નામે દયિતા બેઠેલી છે તે તું લે. તે પુરૂષનું દારિદ્રય એવું નામ રાખજે અને જે લક્ષ સુવર્ણ આપે તેને તું વેચજે.'

આ પ્રમાણે સાંભળી તે ખુબ હસીને બોલ્યો કે:-' હે પ્રણતવત્સલા દેવી ! એ દારિદ્રયના પ્રસાદથી જ મને આવી દશા પ્રાપ્ત થઇ છે. માટે સાક્ષાત્ મૃત્યુતુલ્ય એવા એની સાથે મારે કદાપિ કંઇપણ પ્રયોજન નથી. હું મારે સ્થાને ચાલ્યો જઇશ, મને તપનો લાભ થયો એટલુંજ બસ છે.' એટલે દેવી પુન: બોલી કે:-' હે ભદ્ર ! અદ્ભુત સત્વને ધારણ કરનાર કોઇ પુરૂષ એને લક્ષ સુવર્ણ આપીને જરૂર ખરીદશે. અને કદાચ કોઈ નહિ ખરીદે તો હું લક્ષ સુવર્ણ તને અવશ્ય આપીશ. પુત્રતુલ્ય એવા તને હું આ પ્રયોગથી છેતરતી નથી.' પછી ' આપની આજ્ઞા પ્રમાણે છે.' એમ કહીને તે કુલપુત્ર દેવીએ આપેલા દારિદ્રય પુરૂષને મસ્તકપર લઇને બહાર નીકળ્યો. એટલે નગરીના લોકોએ પૂછ્યું કે:-' હે ભદ્ર ! આ શું છે ? અને શું કિંમત આપવાથી મળી શકે તેમ છે ?' તે બોલ્યો કે:-' સ્ત્રી સહિત એ દારિદ્રયપુરૂષ છે અને તે એક લક્ષ સુવર્ણ આપવાથી મળે તેમ છે.' એટલે તેઓ બોલ્યા કે:-' અરે પાપી ! દુ:ખના કારણરૂપ અને સુખના વારણરૂપ એવી આ વસ્તુને ઉલટી નિંદા કરાવવાને માટે તેં શા વાસ્તે ઉપાડી છે?' એ રીતે પૌરજનોએ કરેલા વાક્ય-

૧ અન્ય કળાઓથી અથવા વ્યાજથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાડનને સાંભળતો એવો તે કુળપુત્ર ભૂતાર્ત્તની જેમ આખી નગરીમાં સર્વત્ર ભમ્યો. ભમતાં ભમતાં તે રાજમહેલ આગળ આવ્યો. એવામાં ગવાક્ષમાં બેઠેલા રાજાએ તેને દીઠો. એટલે સાક્ષાત્ વ્યસનના સમૂહરૂપ તેને રાજાએ પોતાની પાસે બોલાવ્યો. તેણે રાજા પાસે આવી પ્રણામ કરી અંજલિ જોડીને કહ્યું કે:-' હે દેવ! દેવતાએ આપેલ આ પુરૂષાકાર દારિદ્રય છે, હું તેને વેચવા માટે ફરૂં છું, પણ અદ્દભુત સત્ત્વને ધારણ કરનારા કોઈએ પણ એની ખરીદી ન કરી. હે સ્વામિન્! આ નગરીમાં નગરવાસીઓ બધા સત્ત્વહીન લાગે છે. હે રાજન્! એક તમારા વિના આ સમસ્ત નગર નિ:સત્ત્વ છે.' આ પ્રમાણેનાં તેના વચન સાંભળીને રાજાએ કહ્યું કે:-' હે ભદ્ર! એ પુરૂષ આપીને તું લક્ષ સુવર્ણ લઇ લે.' એટલે કુળપુત્રે લક્ષ સુવર્ણ લીધાં અને રાજાએ તે દારિદ્રય પુરૂષ લીધો. એવામાં તેના ભયથી જ હોય તેમ સૂર્ય અસ્ત થયો. એટલે દારિદ્રય આવતાં દૌર્ભાગ્ય પ્રસરે તેમ અંધકાર ચારે બાજુ પ્રસરી ગયો, અને સાધુવાદ નાશ પામે તેની જેમ દૃષ્ટિનો પ્રકાશ સત્વર દૂરથી જ ધ્વસ્ત થઇ ગયો. એ અવસરે પોતાના કરપદ્મમાં વિકસિત કમળને ધારણ કરતી અને પુણ્યરૂપ ક્ષીરસાગરની સુતા એવી લક્ષ્મી રાજાની આગળ પ્રગટ થઇને બોલી કે:—' હે દેવ! જ્યાં આ ભદ્ર (દારિદ્રય) કૌતુકી બનીને સુખે વિલાસ કરે છે, ત્યાં ગણિકાના ઘરમાં સતીની જેમ હું રહેતી નથી. અરે! આ પુરૂષને દાખલ કરીને બળતા ઘેટાને તૃણ અને પર્ણની ઝુપડીમાં દાખલ કર્યાની કહેવત તમે સાચી કરી છે; પરંતુ વિચક્ષણ જનોએ વિચાર કર્યા વિના કંઇ પણ કામ કરવું ન જોઇએ. સર્વ વિષયની પ્રત્યક્ષ યા અનુમાનથી પરીક્ષા કરી શકાય છે. બાકી વિચાર કર્યા વિના કાર્ય કર્યા પછી જે બુદ્ધિ પાછળથી ઉત્પન્ન થાય છે તે તો બધું પાણી વહી ગયા પછી સેતુબંધ[1] કરવા બરોબર છે.' આ પ્રમાણે કહીને લક્ષ્મીદેવી રાજ-

૧ પાણી રોકવા માટે બંધ બાંધવો તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંદિરમાંથી ચાલી ગઈ. એવામાં કોઈ પુરૂષ રાજાની આગળ આવીને ઉભો રહ્યો. એટલે રાજાએ તેને પૂછયું કે:– 'હે ભદ્ર! તું કોણ છે? અને કયાંથી આવ્યો છે?' તે બોલ્યો કે:–' હે દેવ! હું દાન નામે પુરૂષ છું. સુકૃતોદયથી જ્યાં લક્ષ્મી નિવાસ કરે છે ત્યાંજ માનસ-રોવરમાં હંસની જેમ પ્રાયઃ હું પણ નિવાસ કરૂં છું. તમારા આ-વાસમાં ચિરકાળ રહીને મેં લક્ષ્મીનું ફળ મેળવ્યું છે. હવે લક્ષ્મી જાય છે તેથી હું પણ જઇશ. હે મહાત્મન્! તમારૂં કલ્યાણ થાઓ.' આ પ્રમાણે રાજાને કહીને જાણે સંકેત કર્યો હોય તેમ તે પણ રાજ-મંદિરમાંથી લક્ષ્મીની પાછળ ચાલ્યો ગયો. ત્યાર પછી રાજાની આગળ કોઇ અપર પુરૂષે પ્રકટ થઇને કહ્યું કે:–' હે દેવ! હું બહુજ વેગશાળી યશ છું અને જ્યાં લક્ષ્મીરૂપ લતાના ફળરૂપ દાન વિલાસ કરે છે, ત્યાં ગુણથી બંધાયેલાની જેમ હું સતત સ્થિતિ કરૂં છું. હવે જ્યારે લક્ષ્મી અને દાન અહીંથી જાય છે ત્યારે હું પણ જાઉં છું.' આ પ્રમાણે સાંભળીને રાજા ક્ષણભર મૌન ધરી રહ્યો, એટલામાં તો જાણે ઉંચે સ્વરે બોલાવેલ હોય તેમ તે યશપુરૂષ પણ લક્ષ્મી ને દાનને પગલે ચાલતો થયો. ત્યાર પછી પોતાના બાહુ-દંડમાં પ્રચંડ અને મનોહર ધનુષ્યને ધારણ કરતો અને સુવર્ણ જેવી આકૃતિવાળો કોઈ પુરૂષ રાજા આગળ પ્રગટ થયો. એટલે રાજાએ તેને પૂછયું કે:—' હે ભદ્ર! તું કોણ છે?' એટલે રૂપાની કિંકિણીઓમાંથી નીકળતા સુંદર સ્વરથી તે બોલ્યો કે:—' હે રા-જન! નરરૂપધારી હું સત્ત્વ છું અને મારે લક્ષ્મીની પાછળ જવું છે, તારી પાસે રહેવું નથી.' એટલે રાજા જરા હસીને બોલ્યો કે:–' હે ભદ્ર! તું મારા ચિત્તમાં જાગૃત હોવાથીજ મેં આ ઉદ્દામ અને દયિતાયુક્ત દારિદ્રય મૂર્ત્તિનો સ્વીકાર કર્યો છે. લક્ષ્મી, દાન અને લોકોમાંથી યશ પણ ભલે ચાલ્યા જાઓ, પણ જીવન પર્યંત તારૂં ગમન હું સ્વીકારી શકું તેમ નથી. તું છતાં બધા અર્થો કરકમળમાં પ્રાપ્ત થઇ શકે છે, પણ તારા વિના નિર્લક્ષણ વક્તા-ની જેમ પુરૂષ શોભતો નથી. વળી હે સત્ત્વ! જ્યાંસુધી તું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિત્તરૂપ નગરમાં વિલાસ કરે છે, ત્યાંસુધીજ લક્ષ્મી, ગુણો અને સમુજ્વલ કીર્ત્તિ છે.' આ પ્રમાણે સાંભળીને મંડામતિ સત્ત્વે કહ્યું કે:—'હે દેવ ! હું તમારા ગુણના સંબંધથી બંધાયેલ હોવાથી હવે રહીશ.' એટલે દૂર ઉભેલી લક્ષ્મીદેવીએ દાનને કહ્યું કે:—'હે નરોત્તમ દાન ! અદ્યાપિ મહાબલ સત્ત્વ આવતો નથી, અને તે એક પુરૂષ વિના આપણે બધા લોચન વિનાના સર્વ અંગોપાંગની જેમ પંગુ સમાન છીએ.' એટલે દાન સત્ત્વપુરૂષને બોલાવવા આવ્યો. તેને રાજાની પાસે બેઠેલો જોઇને તે પણ ત્યાં બેસી ગયો. પછી દાન પાછો ન આવ્યો, એટલે લક્ષ્મીએ પોતાના મનમાં વિચાર કર્યો કે:—'યામિક વિનાની મને બંદીવાનની જેમ કોઈ પકડી જશે.' એમ વિચારીને યશ સહિત રાજા પાસે આવીને પોતાની દંતપંક્તિથી દેદિપ્યમાન તે દેવી રાજાને કહેવા લાગી કે:—'હે દેવ ! તારા નગરના દ્વાર પાસે રહેનારી હું પદ્મદેવી છું. ચંદ્રની જ્યોત્સ્નાજેવી નિર્મળ **ચંદ્રભાગા** નામે મારી સખી છે, તેણે એકદા હસીને મને કહ્યું કે:—'હે સખી ! તારા નવા રાજામાં રાજ્યશ્રીના જમાનરૂપ એવું કંઇ વિશિષ્ટ સત્ત્વ છે કે નહિ ?' એટલે મહાસત્ત્વશિરોમણિ એવા તારી પરીક્ષા કરવા માટે મેં આ દાદ્રિદ્રય નામે પુરૂષ બનાવ્યો. હવે હે મહાભાગ ! વર માગ, હું આ તારા સાહસથી સંતુષ્ટ થઇ છું.' રાજા બોલ્યો કે:—હે દેવી ! જો તું સાક્ષાત્ પ્રસન્ન થઈ હોય અને મારા સત્ત્વથી ખરેખરી સંતુષ્ટ થઇ હોય તો કોઇ શત્રુને મારે મારવા ન પડે અને રાજ્યલક્ષ્મીની વૃદ્ધિ થાય એવું મને વરદાન આપ.' એટલે દેવીએ તેને સ્ફુરાયમાન પ્રભાવવાળું એક દિવ્ય રત્ન આપ્યું, કે જેને ધનુષ્યદંડ સાથે બાંધતાં તેને દેખવા માત્રથીજ શત્રુસૈન્ય સમરાંગણમાં મૂર્ચ્છિત થઇ જાય.' આવું શ્રેષ્ટ રત્ન આપીને તેના સત્ત્વથી વિસ્મિત થયેલી દેવી અદૃશ્ય થઇ ગઇ અને રાજા પણ નિરંતર પરમ પ્રમોદને ધારણ કરવા લાગ્યો.

એકદા **યશ** નામના દૂતે આવીને વિજ્ઞપ્તિ કરી કે:—'હે દેવ ! ચંદ્રકલા નગરીમાં **પરંતપ** નામે રાજા રાજ્ય કરે છે. તેને સોમા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાણીનો સૂર અને યશોમતી રાણીનો પદ્મ–એ બે પોતાની ભુજા સમાન અત્યંત પ્રાણપ્રિય પુત્ર છે. એકદા સોમાએ કપટથી પદ્મશેખરને મરાવી નાખ્યો, એટલે તેના વિયોગથી રાજા મરણને શરણ થયો. પછી સોમાનો પુત્ર સૂર રાજ્યનો સ્વામી થયો. તે તમારા દેશના સીમાડા ઉપર યુદ્ધ કરવા માટે આવ્યો છે.' એટલે રાજાએ પૂછયું કે:—' મારી ઉપર તે સ્વાભાવિક કે કૃત્રિમ–કયા પ્રકારનું વૈર ધરાવે છે ?' તે બોલ્યો કે:—' હે સ્વામિન્ ! તે હું જાણતો નથી, કારણ કે અમારો તે રાજા બહુજ ગુપ્ત રીતે વિચાર ચલાવનારો છે, પણ તે અલક્ષ્ય તેજમાં અને આકૃતિમાં બિલકુલ આપના જેવો લાગે છે. એકઠા મળેલા ક્ષીર નીરની જેમ તમારામાં ને તેનામાં એક તિલમાત્ર પણ ભેદ જોવામાં આવતો નથી.' પછી જીવ જેમ કર્મથી વ્યાપ્ત થાય તેમ રાજાની આજ્ઞાથી બેસીને પગાર ખાનારા અનેક સુભટો નગરીના બાહ્ય પ્રદેશમાં વ્યાપ્ત (ભેગા) થઇ ગયા, મંડલેશ્વરો બધા બખ્તર પહેરવા લાગ્યા, સુભટોનો ભોગ લેનાર જેની બાહુ છે એવા ક્ષત્રિયો હર્ષ પામવા લાગ્યા, વળી બહાર નીકળતા હાથીઓથી તે ભૂમિ વિંધ્યાચલની વસુધા જેવી ભાસવા લાગી, અને અશ્વોથી સિંધુદેશના એક ભાગ જેવી દીસવા લાગી, જાણે સુષમાકાળમાં ઉત્પન્ન થયા હોય તેવા પદાતિઓથી, અને જાણે તૈયાર કરેલ સૂર્યના ઘણા રથો હોય તેવા રથોથી તેના રાજ્યની ભૂમિ ચોતરફ વ્યાપ્ત થઇ ગઇ. પછી ચતુરંગ સેના સહિત પ્રયાણ ઉપર પ્રયાણ કરતાં ઘણા પ્રયાણવડે બહુ સૈન્યયુક્ત પદ્મશેખર રાજા પોતાના દેશના સીમાડા ઉપર આવ્યો, એટલે આવાસ–સ્થિતિથી ચક્રવર્ત્તીની સંપત્તિને ધારણ કરતો અને બળથી દુર્ઘટ એવો સૂર રાજા પણ તેની સામે આવ્યો. પછી અનુક્રમે શબ્દ કરતા રણવાજીત્રોના ગંભીર નાદથી ભયંકર અને મહાવેગશાળી એવા તે બંને સૈન્યરૂપ સમુદ્ર એકત્ર મળ્યા; અને યોદ્ધા યોદ્ધાઓની સાથે, હાથીઓ હાથીઓની સાથે, રથો રથોની સાથે, દંડાદંડી ( દંતાદંતિ ), ખડ્ગાખડ્ગી અને મુષ્ટામુષ્ટિ ( તુંડાતુંડિ )

એમ અનેક રીતે યુદ્ધ કરવા લાગ્યા. એ વખતે આકાશ રજશ્રેણીથી વ્યાપ્ત થઇ જતાં એક બીજાની દષ્ટિએ નહીં પડવાથી ઉદ્દગારથી ભોજનની જેમ સુભટો ઘંટાનાદથી હાથીએનું અનુમાન કરી શકતા હતા. પવનથી વૃક્ષોની જેમ કેટલાક સુભટો મુદ્દગરોથી પતિત થતા હતા. કેટલાક મોટા દાંતવાળા હાથીઓની જેમ આવેશમાં આવીને દોડતા હતા. અનુક્રમે સૂરરાજાના નજીક આવતા સૈન્યના પ્રબળ ધસારાથી પદ્મશેખરનું સૈન્ય નિર્બળ થઇ ગયું; એટલે પદ્મશેખર રાજાએ શત્રુના બળને પરાજિત કરનાર અને દેવતાએ આપેલા પેલા રત્નને વંશપર ધ્વજા બાંધે તેમ પોતાના ધનુષ્યદંડપર ચડાવ્યું; એટલે અર્પિત કરી દીધેલા પોતાના બાહુદંડ હોય તેવા ધનુષ્યદંડને જોઇને ચિરકાળથી ભમતા મુસાફરો નિદ્રાને આધીન થાય તેમ સોમરાજાના સુભટો નિદ્રિત થઇ ગયા. કેટલાક રથ હાંકનારા જાણે શય્યા પાથરી હોય તેમ રથમાં પગ પસારીને સુઇ ગયા. પૂર્વે અભ્યાસ કરેલ શાસ્ત્ર જેમ સ્મરણ વિના ગલિત થઇ જાય તેમ લજ્જાથીજ કેટલાકના હાથમાંથી અસ્ત્રો નીચે પડી ગયાં. સ્વેચ્છાથી નવા મગ બહુ ખાવાને લીધે સ્તબ્ધ થઇ જાય તેમ અશ્વો પણ ઉભા ઉભાજ કંઇક નેત્ર બંધ કરીને ઉંઘવા લાગ્યા, પછી પદ્મરાજાએ પોતાના ભાઈ સૂરને લઇ આવી કાવ્યમાં સત્કવિ જેમ અર્થને સ્થાપે તેમ પોતાના રથમાં તેને બેસારી દીધો, પછી ધનુષ્યપરથી તે રત્ન ઉતારી લીધું, એટલે સૂરરાજાના સુભટો જાણે સુઇને જાગ્યા હોય તેવા થઇને ઉઠ્યા. જયશીલ અને પ્રતાપથી દિવાકરને જીતનાર પદ્મરાજા પોતાના પિતાના દેશની ચંદ્રકળા નગરીમાં આવ્યો; અને પ્રબળ પરાક્રમી તેમજ ત્વરિત સૈન્યથી સમન્વિત એવો તે પરંતપ રાજાની જેમ તે પ્રાજ્ય રાજ્ય પોતાને સ્વાધીન કરીને પછી પોતાની રાજધાની શોભાપુરીમાં આવ્યો.

એકદા ગ્રંથની જેમ વર્ણ ( કાંતિ ) થી ભાસુર તત્ત્વશાલિત અને સજ્જનોને આનંદ આપનાર એવા કોઇ નિર્ગ્રંથ ( મુનિ ) ત્યાં પધાર્યા; એટલે પરમ હર્ષ સહિત રાજા તેમને વંદન કરવા માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહામુનિથી પવિત્રિત થયેલા તે ઉપવનમાં આવ્યો, ત્યાં પધારેલા મુનિને પરમ ભક્તિથી પ્રણામ કરીને રાજા બેઠો, એટલે તે મહામુનિ મોહરૂપ અંધકારને પ્રભાત સમાન એક વાકય બોલ્યા કે:— " આ સંસારમાં સર્વ સુખ અસ્થિર છે, સ્ત્રીઓ કારાગાર સમાન છે અને જીવિતવ્ય પાણીના પ્રીણની જેવું ચપળ છે." આ પ્રમાણે સાંભળીને સંસારપર થયેલા વૈરાગ્યભાવથી પદ્મશેખર રાજાએ કહ્યું કે:– ' હે પ્રભો ! કર્મના દુરંત વિપાકથી હું બહુ ડરૂં છું, માટે હે સન્માર્ગદેશક ! કર્મબંધને છેદવાનો કોઇ દઢ માર્ગ બતાવો અને હું મારો પૂર્વભવ સાંભળવા ઇચ્છું છું તેથી તે કહો. ' એટલે નિર્ગ્રંથ બોલ્યા કે:—

" હે ભદ્ર ! પૂર્વ ભવમાં ભલ્લૂક નામના ગામમાં **જિનદત્ત** નામે તું કૃષિવલ ( ખેડુત ) હતો. એકદા ભીષ્મ ગીષ્મઋતુ આવતાં અનેક સેવકોથી પૂર્ણ એવા શકટો લઇને લંકાના પ્રદેશની જેમ સેંકડો ઉંચા પલાશો[1] ( રાક્ષસો ) થી વ્યાપ્ત, સંગીતની જેમ તાળવૃક્ષ[2] ( તાડ ) થી વિલસિત, નગરની જેમ શાલવૃક્ષો[3] ( કિલ્લા ) સહિત, પાંડુપુત્રની જેમ વિકસિત અર્જુનવૃક્ષ ( અર્જુન ) થી પ્રસાધિત અને હરિના વક્ષસ્થલની જેમ ક્રીડા કરતી વનમાલા ( કન્યા વિશેષ) થી વિભૂષિત એવી એક ભયંકર અટવીમાં તું આવી પહોંચ્યો. ત્યાં તેં વિરોધીની જેમ કેટલાક વૃક્ષોને મૂળથી ઉખેડી નાખ્યા અને કેટલાકને રાજાની જેમ શાખા અને ઉપશાખાઓથી રહિત કર્યાં. પછી રવિ ગગનના મધ્યભાગમાં આવતાં સર્વ સેવકોની સાથે એક મોટા માનસ જેવા સરોવર સમિપે તું ગયો ત્યાં તારા સેવકો હાથ પગ ધોવા લાગ્યા, એવામાં માર્ગથી ભૂલા પડેલા કોઇ મુનિ તારી સમીપે આવ્યા. તેમને જોઇને તું વિચારવા લાગ્યો કે:—' અહો ! આ મહા અરણ્યમાં સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન આ મુનિ ખરેખર મારા ભાગ્યયોગેજ જોવામાં આવ્યા છે; તેથી હું આજે ધન્ય થયો છું.

૧ પલ-માંસને ખાનારા રાક્ષસો-ખાખરાના ઝાડો. ૨ તાડના ઝાડ ૩ સાગના ઝાડ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે ભોજન ગુરૂને આપવામાં આવે તેજ ભોજન પ્રશસ્ત ગણાય છે, કારણ કે સંકટ પ્રાપ્ત થતાં પણ જેના યોગે પાપકાર્યમાં મતિ ન જાય તેજ ખરી પ્રજ્ઞા ગણાય છે.' આ પ્રમાણે વિચાર કરીને વિશુદ્ધાત્મા એવા તેં ઘણાજ ભાવથી મુનિને સુધા સમાન શીતલ એવો કરંબો[1] ( ભોજ્ય વિશેષ ) બે વાર વહોરાવ્યો તે વખતે તને દાન દેતાં જોઇને તારા ચંડ નામના સેવકે 'અહો ! આ ધન્ય છે' એમ વારંવાર તારી અનુમોદના કરી. પછી મહામુનિ તારા સાર્થ સાથે વસતિવાળા સ્થાનમાં આવ્યા. તું અનુક્રમે કાળ કરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને તું પદ્મશેખર થયો છે. બે વાર કરંબાનું દાન દેવાથી તને બે રાજ્યનો લાભ થયો. પેલો ચંડ પણ મરણ પામીને અનુક્રમે એક મહાવનમાં યક્ષ થયો, કે જ્યાં રાણીના પ્રપંચને લીધે તારૂં આવવું થયું હતું. ત્યાં યક્ષે જ્ઞાનવડે તને ઓળખીને સર્પનું રૂપ લઇ વામનપણું કરવા વડે તારી રક્ષા કરી; અને રાજ્યશ્રીનો લાભ થવાનો હતો ત્યારે તેણે તારૂં વામનપણું પાછું સંહરી લીધું. અહો ! સુપાત્ર દાનનું પ્રાણીઓને જે ફળ મળે છે, તેનું વાણીની વિસ્તૃત રચનાથી વર્ણન કરવાને બૃહસ્પતિ પોતે પણ અસમર્થ છે. વળી હે ભૂનાથ ! તેં સમુપાર્જિત કર્મોનો ચાર ગતિના કારણરૂપ અને બંધસત્તારૂપ જે વિપાક છે, તેના નિવારણનું કારણ પૂછ્યું તો તે વિપાક કર્મરૂપ લતાને મેઘસમાન છે; માટે હે રાજન્ ! જૈની દીક્ષા લીધા વિના તે બીજી કોઇ રીતે અટકી શકે તેમ નથી. જૈની દીક્ષા ભવસાગરથી તારવાને નાવસમાન છે, અને સામ્યરૂપ માકંદવૃક્ષને વસંતઋતુસમાન છે." આ પ્રમાણે સાંભળીને પદ્મરાજાએ તરતજ રાજ્યની વ્યવસ્થા કરીને અનેક રાજપુત્રોની સાથે તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી, અને ચિરકાળ ચારૂચારિત્ર પાળીને તે રાજર્ષિ વૈજયંત વિમાનમાં એકાવતારી દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યત્વ પામી જિનેશ્વર પાસે વ્રત (દીક્ષા) લઇને તે અક્ષય, નીરૂજ અને કાંત એવું નિર્વાણપદ પામશે."

૧ દહીં ને ચોખા મેળવીને બનાવવામાં આવે છે તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે સુપાત્રદાનનું સંપત્તિયુક્ત મહાફળ સાંભળીને વિસ્મય પામી મહાબળ રાજાએ કહ્યું કે–' હે ગુરો ! હવે આપની પાસેથી શીલધર્મ દષ્ટાંતયુક્ત સાંભળવાને હું સમુત્સુક છું.' એટલે મહામુનિ બોલ્યા કે–" સર્વ ધર્મોમાં શીલધર્મ પાળવો દુષ્કર છે. આ સમસ્ત ભુવન મન્મથને વશવર્તી છે. શીલ એ ભાવનારૂપ લતાનું મૂળ છે, કીર્ત્તિરૂપ નદીને પર્વતસમાન છે, ધર્મરૂપ મેઘને સાગરસમાન છે અને પાપરૂપ પર્વતને વજ્રસમાન છે. જેમ નીતિથી રાજા, ચંદ્રથી રાત્રિ, દયાથી ધર્મ, પ્રસંપદાથી પૂર્વ, ક્ષમાથી સાધુ, સારી વ્યાખ્યા કરવાથી ગ્રંથ અને ક્રિયાથી જ્ઞાન શોભે છે તેમ શીલથી પ્રાણી શોભા પામે છે. સ્ત્રીવિલાસરૂપ બાણથી સદ્ભાવનારૂપ ધર્મ શિથિલ થઈ જતાં સુનયપૂર્વક વર્તતા છતાં પણ પ્રાણી શીલરૂપ કુંજરથી નીચે ગબડી પડે છે. સ્ત્રી અપયશનું કારણ છે, વૈરનું કારણ છે અને સંસારનું પણ કારણ છે; માટે તેનો ત્યાગ કરવો યોગ્ય છે. કોઇ સુશીલા અને પાવન સ્ત્રીનાં તો દેવતાઓ પણ વખાણ કરે છે. એવી પવિત્રતાના સંબંધમાં વનમાલિકાનું દષ્ટાંત પ્રસિદ્ધ છે તે આ પ્રમાણે:—

" કાલોદધિથી મનોહર લાગતા પુષ્કરવરદ્વીપમાં વસુધાના વિભૂષણરૂપ વિભૂષણ નામે નગર છે. જ્યાં નિરાવલંબનપણે ભ્રમણ કરવાથી શ્રમિત થયેલ દિવાકર જાણે આસનો સ્થાપેલા હોય તેમ ગગનસ્પર્શી ગૃહોપર ક્ષણભર વિસામો લે છે. સૌધના ગવાક્ષમાંથી નીકળતા ધૂપના ધૂમને મેઘ સમજીને જ્યાં હવેલીઓપર બેઠેલા મયૂરો ટહુકા કરે છે, તે નગરમાં વિમળ આશયવાળો વિમળ નામે રાજા રાજ્ય કરતો હતો. જે મૂર્ત્તિમાં સોમ ( ચંદ્ર ) છતાં પ્રતાપથી સૂર ( રવિ ) જેવો પ્રકાશતો હતો. તેને પુષ્પમાળાની જેમ સદ્ગુણ (સારા દોરા) યુક્ત અને પ્રેમરત્નની રોહણભૂમિસમાન **ચંપકમાલા** નામે પત્ની ( રાણી ) હતી.

એકદા પીત વસ્ત્રધારી અને દયારહિત એવા શિકારીઓની સાથે શિકારમાં આસક્ત એવો તે રાજા કોઇ મહાવનમાં ગયો, ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેટલાક ગણેશની જેમ કુઠાર લઇને તૈયાર થયા, કેટલાક પ્રાકાર (કિલ્લા) ની જેમ પગલે પગલે ઘણા યંત્રો સ્થાપવા લાગ્યા, કોઇ શૂકરને બોલાવીને તેને તીક્ષ્ણ ભાલાથી મારવા લાગ્યા, કેટલાક શશલાને પકડવા વ્યગ્ર બની લતાની અંદર છુપાઇ ગયા. તે વખતે ઉડતા પક્ષીઓની પાંખથી પ્રગટ થતા કરૂણાજનક અવાજથી 'અહો ! આ અન્યાય છે' એમ જાણે તે વન બોલતું હોય એવું જણાવા લાગ્યું, અને સુરભિવડે ગુંજારવ કરતા મધુકરોના મિષથી જાણે સમસ્ત વન રૂદન કરતું હોય અને ભુજાની જેમ ભયથી જાણે લતાઓ કંપતી હોય-એવો દેખાવ થઇ રહ્યો. તે વખતે કેટલાક શ્વાપદો પગરહિત થતાં, કેટલાક પકડાતાં, કેટલાક મુખરહિત થતાં, કેટલાક બંધાતાં, કેટલાક મરાતાં અને કેટલાક ચારે બાજુ નાસ-ભાગ કરી રહ્યા હતા. એવામાં કોઇ પુરૂષે આવી પરમ હર્ષથી પ્રણામ કરીને વનવાસી પશુઓના કાળરૂપ મહીપાળને વિજ્ઞપ્તિ કરી કે-'હે દેવ ! એક ભાલૂકની પછવાડે જતાં દૂરથી મેં કામના સંજીવન ઔષધરૂપ એક બાળા જોઇ. તેના રૂપનું પ્રતિબિંબ કદાચ દર્પણમાં જોવામાં આવે, અન્યત્ર તો જોવામાં આવે તેમ નથી, કેમકે સુધારસસમાન અન્ય વસ્તુ ત્રણે ભુવનમાં બીજી હોય છે ? નથી હોતી. નિર્નિમેષ લોચનથી તેનું રૂપ જોતાં 'હું કોણ ? કયાંથી આવ્યો ? અને મારૂં નામ શું ?' તે બધું એક મદોન્મત્તની જેમ હું ભૂલી ગયો. હે રાજેંદ્ર ! સર્વ આશ્ચર્યના નિધાનરૂપ એવી તે બાળાના જો આપ પતિ થાઓ, તો તૃતીય પુરૂષાર્થ પણ પ્રથમ થઈ જાય.' આ પ્રમાણે સાંભળીને આશ્ચર્યમાં મગ્ન થયેલા વિમળરાજાએ કહ્યું કે-'હે અકારણ મિત્ર ! તે બાળાનો માર્ગ મને દેખાડ.' એટલે ધ્રુવતારાએ માર્ગ બતાવવાથી જેમ મોટું વહાણ ચાલે, તેમ તેણે માર્ગ દર્શાવવાથી રાજા તે વનરૂપ મહાસાગરમાં ચાલ્યો. પછી ઉદયાચલપર ઉદય પામેલા રવિબિંબની જેમ દૂરથીજ તે રાજાને આવતો જોઇને તપસ્વીઓ બધા ઉભા થયા અને પુણ્ય પાપના છઠ્ઠા અંશના ભાગીદાર એવા તે રાજાને યથાવિધિ અર્ઘ્ય આપીને મહર્ષિઓએ તેને કુશાસન (દ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ર્ભના આસન ) પર બેસાયો. પછી તેમનામાં મુખ્ય એવો ચંદ્ર નામે કુળપતિ બોલ્યો કે-" અહો ! અમે ધન્ય થયા કે ભાગ્યયોગે તત્ત્વજ્ઞ એવા તમે અમારા જોવામાં આવ્યા, હવે પૂજ્ય એવા તમારી અમે કંઇક સરભરા કરશું; કારણ કે અતિથિસત્કાર કરવો તે અમારો ધર્મ છે અને તે શ્રેયસ્કર છે." એટલે રાજા સમુદ્ર જેવા વિશાળ-ગંભીર ધ્વનિથી બોલ્યો કે-' તમારૂં આ આશીર્વાદ મંગળ છે એજ આતિથ્ય છે.' એટલે ઋષિએ જરા હસીને રાજાને કહ્યું કે-' હે ભૂપ! જે આશીર્વાદથી પણ દુષ્પ્રાપ્ય છે તેવી વસ્તુ અમે તમને આપશું.' એમ કહીને જેણે વલ્કલનાં વસ્ત્ર પહેર્યાં છે અને જે સાક્ષાત્ સિદ્ધિ સમાન છે એવી પોતાની સમક્ષ રહેલી કન્યા ઋષિએ રાજાને બતાવી, અને કહ્યું કે-' હે ગુણનિધિ ! અત્યારે ઉક્તિ-પ્રત્યુક્તિનો અમને અવસર નથી, માટે આ એક શ્રેષ્ઠ કન્યાનું પાણિગ્રહણ કરીને અમને કૃતાર્થ કરો. ' એટલે રાજાએ કહ્યું કે-' આ કન્યા કોણ છે ? એનું નામ શું છે ? એનો વંશ કયો છે ? અને અહીં એ કયાંથી આવેલી છે ? તે જાણવાની જરૂર છે. ' આ પ્રમાણેના પ્રશ્નો સાંભળી મહા-તપસ્વી ઋષિએ કહ્યું કેઃ—

" હે રાજેંદ્ર ! શુભ નામના નગરમાં મેઘવાહન નામે રાજા હતો. પોતાના નાથના મનરૂપ મુસાફરને વિશ્રામ માટે વનપ્રપા સમાન કૃષ્ણને લક્ષ્મીની જેવી લક્ષ્મીવતી નામની તેને પટરાણી હતી. તે રાજા વૃદ્ધપણામાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી લક્ષ્મીવતીની સાથે એક પર્વતપર રમ્ય આશ્રમમાં તાપસ થયો. લક્ષ્મીવતીએ પૂર્વે રહેલ ગર્ભની વાત રાજાને ન કહી, એટલે લતાના રમ્ય ફળની જેમ આશ્રમમાં રહેતાં તેનો ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો; અને અવસરે ગંગા જેમ સુવર્ણપદ્મિનીને પ્રસવે તેમ તેણે એક રમણીય સુતાને જન્મ આપ્યો. મહર્ષિઓએ તેનું વનમાળા એવું નામ રાખ્યું. રૂપ અને સૌંદર્યથી શોભાયમાન અને વલ્કલ વસ્ત્રને ધારણ કરતી એવી એ બાળા બાલ્યાવસ્થાને વ્યતીત કરીને યૌવનવયને પામી છે. હે રાજન્ ! જ્ઞાનથી અમારા જાણવામાં આવ્યું છે કે એના પતિ ત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેજ થશે; કારણ કે કમલિનીને રવિ વિના અન્ય સ્વામી કોણ હોય ? અમે એ સંબંધી વિચારમાં હતા, એવામાં યાચકોને કામધેનુ સમાન, સાક્ષાત્ જંગમ કલ્પવૃક્ષ, લાવણ્યરૂપ જળના સાગર, દ્રષ્ટિને એક વિશ્રામ-પલ્લવ સમાન, કળાના એક આધાર અને ક્ષત્રિયવંશમાં ઉત્પન્ન થયેલા એવા હે મહીપ ! તમે પોતેજ અહીં પધાર્યા. જે વલ્લીની જરૂર હતી તે વલ્લી જ પદપંકજ સાથે અથડાણી. અહો ! 'એક તો હરિ અને વળી ઘરે આવ્યા ' એ કહેવત આપે સત્ય કરી. " આ પ્રમાણે કહીને કુળપતિએ શુભ મુહૂર્ત્તે અને શુભ દિવસે સમુદ્ર પોતાની પુત્રી લક્ષ્મીને જેમ કૃષ્ણ સાથે પરણાવે તેમ કુળપતિએ પોતાની પુત્રીને તે રાજા સાથે પરણાવી. પછી મુનિને નમસ્કાર કરીને રાજા પોતાના નગર તરફ પાછો વળ્યો; અને રસ્તામાં મેઘ જેવી ગંભીર વાણીથી રાજાએ પોતાના સર્વ પરિજનને કહ્યું કે:—' જો કોઇ મોહ, લોભ કે કલહ કૌતુકથી આ વનમાળાની વાત ચંપકમાલા આગળ કરશે તો દયાહીન અને એક શત્રુરૂપ એવો હું પોતેજ તેનો ઘાત કરીશ. ' એટલે પરિજન બોલ્યા કે:—'હે નાથ ! અમારૂં વચન સાંભળો–તમારા પ્રસાદના પાત્રરૂપ નર્મકેલિ વિદૂષકને તમારે શપથ આપીને પ્રયત્નપૂર્વક સંભાળવો. ' એટલે નર્મકેલિ બોલ્યો કે:—' આ વ્યતિકર સિવાય બીજું મારે કાંઇ કહેવું નથી, કારણ કે સત્યમાં હું યુધિષ્ઠિર સમાન છું. ' તે સાંભળી રાજા બોલ્યો કે–" અહો ! નિવારણ કરતાં પણ મને તેં ઠીક સ્મરણ કરાવ્યું. એક માણસને કોઇએ કહ્યું કે–' હે ગ્રહિલ ! ગામને ન બાળ. ' એટલે તેણે કહ્યું કે–' ગામ બાળવાનું તેં ઠીક યાદ આપ્યું. આવી લોકોક્તિ તેં સત્ય કરી બતાવી. " આ પ્રમાણે કહી નર્મકેલિની નિર્ભર્ત્સના કરીને રાજાએ તેને નરક સદૃશ કેદખાનામાં નખાવ્યો. રાજા પોતાના નગરમાં આવ્યો, અને વનમાળાને નવા આવાસમાં રખાવી. પછી ' હે મૃગલોચને ! અહીં ભૈરવાનંદી કોઇ ખટ્વાંગી યોગીંદ્ર આવેલ છે તેની ઉપાસના કરવા હું જાઉં છું. ' એમ ચંપકમાલા રાણીને કહી, તેને છેતરીને રાજા નવા આવાસમાં રહેનારી

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

વનમાલા પાસે જવા લાગ્યો. એ પ્રમાણે કેટલોક વખત વ્યતીત થયા પછી એકદા પ્રભાતે વિદુષી ચંપકમાલાએ પોતાના અંતરમાં વિચાર કર્યો કે:—'અહો ! કપટમાં ચાલાક એવા મારા પતિ (રાજા) યોગીંદ્રના મિષથી પોતાના પરિવારનો નિષેધ કરીને કોઈ નવોઢા રમણી સાથે રમણ કરવા જાય છે.' એમ ચિંતવીને સ્વલ્પ પરિવાર સાથે લઈ ક્રોધાયમાન એવી તે પોતાના મહેલ બહાર નીકળી. આગળ ચાલતાં તે કારાગૃહ પાસે આવી એટલે શુષ્ક થતું ધાન્ય જેમ મેઘવૃષ્ટિને ભાળે-તેમ ચિંતાતુર નર્મકેલિએ તે રાણીને દીઠી. તેને જોઈને પોતાના વંશના વિસ્તૃત ઉદ્ધારની જેમ તે પોતાનો હાથ ઉંચે કરીને બોલ્યો કે:—'હે દેવી ! તમારૂં કાર્ય કરતાં મને બંધન પ્રાપ્ત થયું છે.' આ પ્રમાણે સાંભળીને રાણી વિસ્મય પામી તેની પાસે આવીને કહેવા લાગી કે:—'હે ભદ્ર! મારૂં કાર્ય કરતાં તને દુ:ખ શી રીતે પ્રાપ્ત થયું?' તે બોલ્યો કે:-"હે દેવી! રાજા શિકાર કરવા ગયા હતા. ત્યાં તાપસજનોએ તેને વનમાળા નામે એક સુંદર કન્યા પરણાવી; એટલે આપના ભયથી તેણે પોતાના પરિવારને તે વાત ગુપ્ત રાખવા સૂચના કરી. એવામાં હું બોલ્યો કે:-'આ વાત હું તો દેવીને અવશ્ય કહીશ.' તેથી મારી ઉપર જે પારાવાર પ્રેમ હતો તેનો એકદમ ત્યાગ કરીને રાજાએ ભસ્માંકુર સમાન થઈ મને આવી દશાએ પહોંચાડ્યો." પછી કોપાયમાન થયેલી રાણીએ તેને કેદખાનાથી તરતજ મુક્ત કરીને કહ્યું કે:-'તું મારો બાંધવ છે.' પછી વિદૂષકે બતાવેલે રસ્તે ચંપકમાળા કોઈની પણ દરકાર કર્યા વિના વનમાળાના ભવનમાં ગઈ, એટલે સાક્ષાત્ ઉપદ્રવની જેમ તેને આવતી જોઈને ભયને લીધે જેમના વાળના બંધન પણ શિથિલ થઈ ગયા છે એવા ભવનરક્ષકો બધા ગચ્છંતિ કરી ગયા, અને ભયથી વ્યાકુળ થઈને પોતાના પ્રાણની દરકાર કર્યા સિવાય વનમાલાએ ભવન ઉપરથી નીચે કુદકો માર્યો. 'અહો ! ભયાર્ત્ત જનો શું કરતા નથી?' એવામાં કોઈ બ્રાહ્મણે નીચે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડતી વનમાલાને સ્વામીના પ્રસાદની જેમ અધરથી ઝીલી લઈને પોતાના ગુપ્તગૃહમાં લઈ જઇ સંતાડી દીધી. હવે કેટલાક સુભટો-રોમાંચરૂપ કવચને ધારણ કરી યમની જીહ્વા જેવી ભયંકર તરવારો ખેંચવા લાગ્યા, કેટલાક ભયને લીધે દ્વાર બરાબર બંધ કરીને રૂદન કરતા પોતાના બાળકોને મુખ આગળ હાથ રાખી અટકાવવા લાગ્યા, મહાસુભટોએ પ્રતોલીના દ્વારો બંધ કરી દીધાં અને મહા રાત્રિની જેમ લોકોનો સંચાર બીલકુલ અટકી પડ્યો. એવામાં ઉપવનમાં અશ્વક્રીડા કરીને પાછા આવતાં રાજાએ તુમુલ શબ્દ સાંભળીને પોતાના રક્ષકોને પૂછ્યું કેઃ—' આ શું ? ' પુનઃ વધારે કલકલ સાંભળીને તેણે પોતાના અંગરક્ષકને કહ્યું કેઃ–' શું શત્રુનું સૈન્ય આવ્યું છે ? અથવા તો શું અકાળે યુવાનો ક્ષય થવા આવ્યો છે ? ' આવો પ્રશ્ન સાંભળીને અંગરક્ષકે રાણીનો સર્વ વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો, તે સાંભળીને પોતાનું સર્વ ધન ચોરાઇ કે ખોવાઇ ગયું હોય તેમ રાજા શૂન્ય ચિત્તવાળો થઈ ગયો. એવામાં ચંપકમાલાએ રાજાની પાસે આવીને કહ્યું કે—"અહો ! જગતમાં તમારા જેવો કોઇ મૃષાવાદી નહિ હોય કે જે ' હું ભૈરવ યોગીને નમસ્કાર કરવા જાઉં છું ' એમ કહી મને છેતરીને વારંવાર પોતાની વલ્લભા પેલી ભૈરવીની સાથે ભોગવિલાસ કરવા જતા હતા." આમ કહીને કોપાયમાન થયેલ રાણીએ પોતાના ભવનમાં આવી તરત ગળે ફાંસો ખાધો. ' અહો ! ક્રોધીને મતિ કયાંથી હોય ? '

પછી રાજાએ પોતાના માણસો પાસે વનમાળાની ઘણી શોધ કરાવી, પણ હાથમાંથી ખોવાઇ ગયેલ સૂક્ષ્મ ( ઝીણા ) રત્નની જેમ વનમાળા હાથ ન લાગી; એટલે રાજાએ ઉદ્દઘોષણા કરાવી કેઃ— ' જે કોઈ વનમાળાનો પત્તો મેળવીને તેના ખબર કહેશે, તેને એક લાખ સોનામહોર હું આપીશ. ' આ પ્રમાણેના ઢંઢેરાથી પણ તેનો પત્તો ન મળ્યો, એટલે રાજા બહુ ખેદ પામ્યો.

હવે ચારે દિશામાં વિસ્તાર પામેલ વનમાળાનો વૃત્તાંત અનુક્રમે બંધ પડ્યો; એટલે પેલો બ્રાહ્મણ પોતાની માતા સાથે વનમા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ળાને લઇને ત્યાંથી ચાલી નીકળ્યો, અને કેટલોક માર્ગ ઓળંધ્યા પછી એકદા રાત્રે તે બ્રાહ્મણે વનમાળાને કહ્યું કે:--' હે ભદ્રે ! તને દુ:ખથી અને મરણથી મેં બચાવી છે, માટે હવે મારી વલ્લભા થા.' આ પ્રમાણેના તેના શબ્દો સાંભળીને તે બોલી કે:--' હે ભદ્ર ! તું બ્રાહ્મણ અને મતિમાન્ છે, તો ક્ષત્રિયાણી સાથે સમાગમ કરવા કેમ ઇચ્છે છે ? પ્રતાપથી આક્રાંત છતાં પરાસક્ત ( પરદારલંપટ અને પશ્ચિમ દિશાભિમુખ ) લોકને એક અપરાધીની જેમ દૈવાધીન થઇ સૂર્યવત્ દુ:ખસાગરમાં પડવું પડે છે. તમે પુરાણજ્ઞ થઇને જો અન્યાય કરશો તો ' સમુદ્રમાંથી ધૂળ ઉડી ' એ કહેવત સત્ય ઠરશે. વળી કિંપાકના ફળ સમાન આપાતરમ્ય વિષયોમાં વ્યાકુળ થઇને ક્ષય થતા સમુદ્રની જેમ તું પોતાના કુળની મર્યાદાને કેમ જલાંજળિ આપે છે ? કહ્યું છે કે:--

" दिवा न वीक्षते घूकः, काको नक्तं न वीक्षते ।
कामार्त्तः कोपि पापीयान्, दिवा नक्तं न वीक्षते " ॥

' ઘૂવડ દિવસે અને કાગડો રાત્રે જોઈ શકતા નથી, પણ કામાર્ત્ત કોઈ એવો મહા પાપી છે કે જે દિવસે અને રાત્રે-કોઇ પણ વખતે જોઇ શકતો નથી.' કુલીન પુરૂષને પૃથ્વીતળપર એક પોતાનું શીલ એજ જીવિત છે; કારણ કે આયુષ્યના ક્ષયથી મરણ પામેલા કરતાં શીળભ્રષ્ટ ( ભ્રષ્ટ ) પુરૂષ વધારે અશુભ ( હીન ) છે, તું પ્રાણદાતા હોવાથી મારો ગુરૂ છે, અને રાજા તારો નંદન છે, તેથી હું પુત્રવધૂ હોવાથી તારી પુત્રીતુલ્ય છું, તો તેના પ્રત્યે આમ વિપરીત કેમ બોલે છે ? ' આ પ્રમાણેનાં વનમાળાનાં વચનો સાંભળીને તે દ્વિજ ક્રોધથી બોલ્યો કે:--' હે દુરાત્મિકે ! તું બહુ ચાલાક લાગે છે, માટે હવે તને નવા નવા મારાઓ પાસે હું માર મરાવીશ. હે અધમે! હે દુષ્ટચેષ્ટિતે! તારા માટે મેં પૂર્વજોએ સેવિત દેશ તજ્યો, અને તું આવી નીવડી. વળી તારા નિમિત્તે રાજ્ય, દેશ, બંધુ, કુળ, ઘર, મિત્ર, વિત્ત અને પોતાની ભૂમિનો મેં ત્યાગ કર્યો, છતાં તારૂં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવું ચેષ્ટિત નીકળ્યું.' એટલે વનમાળા બોલી કે:-' મને મહા આપત્તિમાંથી બચાવી, તેથી હે સદાચાર અને પરોપકારથી સુશોભિત ! તું મારે પિતા સમાન છે.' આથી તે દ્વિજે વધારે ક્રોધાવેશમાં આવીને ચર્મના મ્યાનમાંથી એક અતિશય તીક્ષ્ણ છરી ખેંચી કહાડી; કારણ કે 'કામાંધની જેમ કોપાંધ જનો પણ કૃત્યાકૃત્યથી વિમુખ હોય છે.' એવામાં તે બ્રાહ્મણની માતા પ્રેમપૂર્વક બોલી કે:--' હે સુતા ! જીવતો પ્રાણી અવશ્ય ભદ્ર પામે છે, માટે કાંઈક વિચાર કર.' એટલે વનમાળા બોલી કે:--' હે માત ! ભલે મારૂં મરણ થાઓ, પણ કદાપિ મારા શીલનો વિધ્વંસ તો હું નહિજ કરૂં.' આ પ્રમાણે શીલ સાચવવા સારૂ મરણને પણ કબૂલ કરતી એવી તેને દઢ સમજીને તે વિપ્રે એક હજાર સોનામહોરમાં તેનો વિક્રય કર્યો. ( તેને વેચી દીધી. ) તે ખરીદનારે પણ પેલા વિપ્રની જેમ પોતાની સ્ત્રી થવા માટે તેની અત્યંત પ્રાર્થના કરી, એટલે તે સાધ્વી ( ઉત્તમ સ્ત્રી) એ તેને પણ પૂર્વ પ્રમાણેજ જવાબ આપ્યો, કારણકે 'સતીઓ સદા એકરૂપજ હોય છે.' પછી તેણે પેલા વિપ્રની જેમ તેને બર્બરદેશમાં જઈને વેચી. 'અહો ! દુર્દૈવયોગે એક ભવમાં પણ સો ભવ થાય છે.' ત્યાં કુત્સિત અન્નને જમનારી અને અત્યંત મલિન શરીરવાળી વનમાળા શુષ્ક-માળાની જેમ ક્ષીણ થવા લાગી.

એકદા તે તૃણ અને કાષ્ઠ લેવાને વનમાં ગઇ, ત્યાં એકદમ મૂર્ચ્છિત થઇને છિન્ન વૃક્ષની જેમ પૃથ્વીપર ઢળી પડી; અને મૃતની જેમ શ્વાસરહિત તથા યોગિનીની જેમ મૌનયુક્ત એવી તે બહુ વખત બેભાન સ્થિતિમાં પડી રહી. 'અહો ! દૈવની ગતિ ન્યારી છે.' પછી મૃતતુલ્ય સમજીને એક ભારંડ પક્ષી પોતાની ચાંચવતી સમુદ્રની અંદર ચંદ્રકળા નામના અંતર્દ્વીપમાં તેને લઇ ગયો. ત્યાં શુષ્ક થતી લતા જેમ પ્રથમ મેઘની બહુ વૃષ્ટિથી પલ્લવિત થાય તેમ સમુદ્રના તરંગ યોગે તે વનમાળા કંઈક સાવધાન થઇ; એટલે શરીરચેષ્ટાથી તેને સજીવન સમજીને નભસ્તળથી નીચે મૂકી દયાધર્મમાં તત્પર એવો તે પક્ષી ચાલતો થયો. પછી સ્વસ્થ થઇને તે સ્વપ્ન-

દર્શનની જેમ પોતાનો પૂર્વ વૃત્તાંત અંતરમાં વિચારવા લાગી કે:— ' અહો ! મહર્ષિઓનો આશ્રમ ક્યાં ? અને રાજભુવનમાં સ્થિતિ ક્યાં ? વળી આ નિર્જન અંતર્દ્વીપમાં નિવાસ ક્યાં ? અને અરણ્યમાં મૂર્ચ્છા પ્રસંગ તેમજ આ સમુદ્રતરંગનો સંગમ ક્યાં ? અથવા તો બીજા પણ આવા દુ:ખદાયક પ્રસંગો ભલે મારે સહન કરવા પડે; કારણ કે પછીથી પણ જે આપવું છે, તે પ્રથમથીજ શા માટે ન આપવું ? ' આ પ્રમાણે તે વિચાર કરે છે, એવામાં કોઇક પુરૂષે આવીને તેને પ્રેમાળ વચનથી બોલાવી કે:—' હે વિકસિત પદ્માક્ષી ! તું કોણ છે ? અને અહીં શા માટે આવી છે ? ' આ વચન સાંભળ્યા છતાં તેણે તો અત્યંત મૌનમુદ્રાનોજ આશ્રય કર્યો, એટલે તે પુરૂષ પુન: બોલ્યો કે:—" હે શોભન દર્શને ! મારો વૃત્તાંત સાંભળ:–હું કાસાર નગરનો રહેવાસી છું. મહાસાગરમાં વહાણ ભાંગી જતાં દૈવયોગે ફલક મળવાથી હે સુંદરી ! હું એકાકી આ દ્વીપમાં આવ્યો છું. અદ્વિતીય એવી તું મળી છે, તો હું પ્રાર્થના કરૂં છું કે તું મારી કાંતા થવાનું કબુલ કર. " આ પ્રમાણે સાંભળીને તે ચિંતવવા લાગી કે:—" અહો ! શિયળ વ્રતનું રક્ષણ કરવું બહુ મુશ્કેલ છે. કપાસ જ્યાં જાય, ત્યાં લોકો તેનાપર આળોટે છે. " પછી વનમાળા બોલી કે:—' હે બાંધવ ! આવું વચન મ બોલ; કારણ કે વિવેકી જનો બંને લોકમાં વિરૂદ્ધ એવું કૃત્ય કરતાજ નથી. ' આ વચન સાંભળીને તે પુરૂષે મજબૂત રીતે તેના ગળામાં પાશ નાખ્યો. આ બનાવ સૌધર્મ દેવલોકના દેવો પણ જોઇ રહ્યા હતા; તેથી પંચત્વ દશાને પ્રાપ્ત થવાની તૈયારીમાં છતાં શીલમાં અચળ એવી વનમાળાને જોઇને તે દેવો તરતજ ત્યાં પ્રગટ થઇને બોલ્યા કે:—'હે પૌતિક ! હે પરસ્ત્રીના સંગને ઇચ્છનાર ! કસાઇ જેમ બકરીને મારે તેમ આ સતીને સતાવીને તું શા માટે મારે છે ? શીલવ્રતના પ્રભાવથી અમે એના પદાતિ ( સેવક ) જેવા છીએ અને એનો પ્રાણઘાત કરનાર એવા તારે માટે અમે યમના અનુચર સમાન છીએ. ' એટલે તે વહાણવટીએ જાણે ભોજન કરતો હોય, તેમ

પોતાના મુખમાં આંગળીઓ નાખી. કારણ કે 'બધા ભય કરતાં મરણનું ભય મોટું છે.' પછી કરૂણાળ એવા તે દેવો તેને મુક્ત કરાવીને અવધિજ્ઞાનથી ઓળખી ભૂષણપુરમાં લઇ જઈને તેના આવાસમાં મૂકી. ત્યાં અચાનક પોતાના આવાસમાં બેઠેલી તેને જોઈને વિસ્મયથી વિકસિત હૃદયવડે રાજા કંઇક વિચાર કરે છે, તેવામાં તે દેવો કહેવા લાગ્યા કે:—'હે દેવ! ખરેખર અમે ધન્ય છીએ કે આ સતી શિરોમણિના ચરણદ્વયને નમવાનો અમને સમય પ્રાપ્ત થયો એમ અમે ધારીએ છીએ. આ સતીના શીલનું માહાત્મ્ય કહેવાને અસમર્થ એવો બૃહસ્પતિ પણ નિરંતર અતિશય શૂન્ય પદની બ્રાંતિને ધારણ કરે છે.' પછી વિકસિત વદનકમળથી સુશોભિત એવા દેવોએ પેલા વહાણવટીનો બધો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો. પછી 'હવે ઇંદ્રની પાસે એના નિર્મળ શીલના માહાત્મ્યનું વર્ણન કરવાને અમે જઇએ છીએ' એમ કહીને દેવો ચાલતા થયા.

વનમાળાએ સ્નેહપૂર્વક રાજાને કહ્યું કે:–'હે દેવ! આપ દીક્ષિતની જેમ શ્વેત વસ્ત્રધારી અને કૃશાંગ કેમ થઈ ગયા છો?' એટલે રાજાએ કહ્યું કે:—'હે દેવી! તારો વિરહ થયા પછી એકદા ક્ષમાવંત, સમતાવંત અને દયાવંત એવા એક જૈનાચાર્ય વિહાર કરતા કરતા અહીં પધાર્યા. તેમની પાસે જઇ ધર્મ સાંભળીને મેં કહ્યું કે:—'હે ભગવન્! સંસારસાગરમાં સાક્ષાત્ નાવ તુલ્ય એવી દીક્ષા મને સત્વર આપો.' એટલે આચાર્ય બોલ્યા કે:—'હે રાજન્! અદ્યાપિ તારૂં ભોગાવળી કર્મ બાકી છે.' આ સાંભળતાં જેના મનોરથ હજી અપૂર્ણ છે એવો હું બોલ્યો કે:—'હે સ્વામિન્! વનમાળા વિના સર્વ સ્ત્રીઓનો મારે ત્યાગ છે અને ઘણા માણસો મોકલીને તજવીજ કરાવ્યા છતાં તેનો મને પત્તો મળી શકયો નથી.' એટલે આચાર્ય બોલ્યા કે:—'હે રાજન્! અરૂંધતીની જેમ અખંડ શીલઅલંકારને ધારણ કરતી એ મહાસતી બાર વર્ષને અંતે તને મળશે.' પછી મેં પૂછ્યું કે:—'હે સ્વામિન્! મને આવું બાર વર્ષ પર્યંતનું વિયોગ દુઃખ શાથી પ્રાપ્ત થયું?' એટલે જ્ઞાનથી ત્રણે લોકને જાણનાર એવા આચાર્ય ભગવંત બોલ્યા કે:—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" પૂર્વે શાલિગ્રામમાં દીનને દાન આપવામાં પરાયણ અને અનેક ગોધન ( ગાયરૂપ ધન ) નો સ્વામી ભદ્ર નામે તું કૃષીબલ ( ખેડુત ) હતો. એકદા શરદઋતુ આવતાં શાલિધાન્યથી સુશોભિત એવા ખેતરમાં તું ગયો, અને ત્યાં કામથી મોહિત હંસયુગલને તેં જોયું. પછી એક દિવસે કામાતુર હંસીને પાશમાં પકડીને તેં તેને કુંકુમનો લેપ કર્યો અને સાથે પોતાના આત્માને અશુભ કર્મથી લેપ્યો. કુંકુમવાળી હંસીને પોતાની સ્રીપણે ન ઓળખવાથી હંસીના વિયોગથી આતુર થયેલ હંસ આમતેમ ભમવા લાગ્યો અને બિશખંડ ( કમળપત્ર ) ના ભક્ષણનો તથા જળપાનનો પણ તેણે ત્યાગ કર્યો. પછી તે હંસને તેવી સ્થિતિમાં જોઇને દયા આવતાં બાર ઘડી પછી તે હંસીને જળધારાથી ધોઇને તેં છોડી મૂકી; એટલે તેને ઓળખીને હંસે સ્વીકારી અને પરસ્પરનું વિયોગ દુ:ખ નાશ પામ્યું. ત્યાંથી મરણ પામીને દીન-દાનના પ્રભાવથી તું રાજા થયો. કારણ કે પ્રાણીઓ દાનથી પરમ ભોગ પામે છે. બાર ઘડી પર્યંત હંસહંસીને વિયોગ કરાવવાથી તેં જે અશુભ કર્મ ઉપાર્જન કર્યું હતું તેથી બાર વર્ષ પર્યંત તારે રાણીના વિયોગનું દુ:ખ ભોગવવું પડશે. કહ્યું છે કે:—

" अदीर्घदर्शिभिः क्रूरै-र्मूढैरिंद्रियवाजिभिः ।
हसद्भिः क्रियते कर्म, रूदद्भिरनुभूयते ॥ "

" ટુંકા વિચારવાળા, ક્રૂર અને મૂઢ જનો હસતાં હસતાં ઇંદ્રિયરૂપ અશ્વોથી પ્રેરાઇને જે કર્મ બાંધે છે તે રૂદન કરતાં કરતાં ભોગવવું પડે છે. ' પૂર્વ ભવની તારી પત્નિએ તારા કામમાં અનુમોદના કરી હતી, તેથી તેનો અપહાર થયો અને બાર વર્ષ પર્યંત તેને પણ દુ:ખ ભોગવવું પડશે. કૃતકર્મ કોઇ કાળે અન્યથા થતું નથી. "

આ પ્રમાણે સાંભળી શ્રાવકના બાર વ્રત સ્વીકારી સુગુરૂને નમસ્કાર કરી હું મારે સ્થાનકે આવ્યો. વ્રતોનું આરાધન કરતાં ચાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્વ દિવસોએ હું પૌષધ કરવા લાગ્યો અને બાર વર્ષ પૂરા થવાની રાહ જોવા લાગ્યો. આજે બાર વર્ષ પૂરા થતાં જાણે મારાં સાક્ષાત્ ભાગ્ય હોય એવા દેવો તને અહીં લઇને આવ્યા." 'અહો ! ધર્મ-કર્મમાં તત્પર એવા પ્રાણીને શું શું સુખ પ્રાપ્ત નથી થતું ?'

હવે વનમાલાની સાથે વિષયસુખ ભોગવતાં દેવની જેમ રાજા કાળ વ્યતીત કરવા લાગ્યો. પ્રાંતે દ્રવ્ય તથા ભાવથી અનશન કરી મૃત્યુ પામીને તે છઠ્ઠા લાંતક દેવલોકમાં દેવ થયો. અનુક્રમે તે મોક્ષ-સુખ પામશે. વનમાલા શ્રાવકના બાર વ્રત લઇ તેનું આરાધન કરીને બારમા અચ્યુત દેવલોકમાં ગઈ. તે પણ અનુક્રમે મોક્ષે જશે.'

## ઇતિ શીળધર્મોપરિ વનમાલા કથા.

હે ભૂપાલ ! જેમ એ વનમાલાએ નિષ્કલંક શીળ પાળ્યું, તેમ બીજા મનુષ્યોએ પણ પાળવું જોઇએ.' પછી રાજા બોલ્યો કે:—" હે સ્વામિન્ ! શીલવતી સુંદરીઓમાં એક વનમાલા ધન્ય છે કે જેનું ચરિત્ર સાંભળતાં મારૂં મન બ્રહ્મચર્યને માટે ત્વરિત થાય છે. અહો ! મૂઢ પ્રાણી વિષયસેવનવડે પોતાના જન્મને નિષ્ફળ બનાવે છે. 'જુઓ ! બાળક સ્વલ્પ કોડીઓના બદલામાં શું રત્ન આપી દેતો નથી ?' અહો ! વિષયોનું સેવન કરતાં નરકગતિ પ્રાપ્ત થાય છે અને ભાવપૂર્વક તેનો ત્યાગ કરવાથી સ્વર્ગ અને મોક્ષ મળે છે.'

હવે 'યથા ઉદ્દેશ' એ ન્યાયનો વિચાર કરી તે મહામુનિ તપનું માહાત્મ્ય કહેવા લાગ્યા:—' સમસ્ત પ્રકારની લક્ષ્મીના એક કારણરૂપ, ધર્મરૂપ રત્નની રોહણભૂમિ રૂપ અને કર્મરૂપ કાષ્ઠને હુતાશન સમાન એવું તપ જયવંત વર્તો. કર્મના મર્મને ભેદનાર એવા તપનું વિધિપૂર્વક સેવન કરવાથી વિદ્યાવિલાસ રાજાની જેમ પ્રાણી સુગતિને પામે છે. તે કથા આ પ્રમાણે છે:—

## તપધર્મોપરિ વિદ્યાવિલાસ કથા

સર્વ વિષયો ( દેશો ) માં સ્રીસ્પર્શની જેમ મુખ્ય અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાંચનગિરિની જેમ [1]ભદ્રશાળથી સુશોભિત એવું કાંચનપુર નામે નગર છે. ત્યાં સૂરસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધરણી અને ધારિણી નામની બે રાણીઓ હતી. વળી તેજ નગરમાં જીવાજીવાદિ નવતત્ત્વને જાણનાર, સદા આસ્તિક અને પરમ શ્રાવક શ્રીપાલ નામે શ્રેષ્ઠી રહેતો હતો. સુશીલપણામાં તત્પર, દાનધર્મમાં કુશળ, કરૂણાળ, ધીમતી અને પરમ શ્રાવિકા એવી શ્રીમતી નામની તે શેઠને સ્ત્રી હતી. કૃષ્ણની ચાર [2]ભુજાઓની જેમ તે શેઠને શ્રીધર, શ્રીપતિ, શ્રીદત્ત અને શ્રીવત્સ એ નામના ચાર પુત્રો હતા.

એકદા શય્યાસ્થિત શ્રેષ્ઠીએ કૌતુકથી સર્વ પુત્રોને પૂછયું કે, 'હે વત્સો ! કેવા કેવા ઉપાયવડે તમે ધન ઉપાર્જન કરશો ?' એટલે તેમાંથી પ્રથમ બોલ્યો કે:–' હે તાત ! તમે ચિંતા શા માટે કરો છો ? હું નાના પ્રકારના રત્નોની પરીક્ષાવડે ધન ઉપાર્જન કરીશ.' બીજા બે પુત્ર બોલ્યા કે:–' હે તાત ! સુવર્ણ અને વસ્ત્રસમૂહના વિક્રયથી અમે વિત્તોપાર્જન કરશું.' પછી ચતુર્થ શ્રીવત્સ ઉચ્ચ સ્વરે બોલ્યો કે:–' સંગીતમાં જરા મન લગાવી, લક્ષપાક વિગેરે તેલથી અંગમર્દકો પાસે અભ્યંગ કરાવી, સ્નાનમંગળ કરી, પંચ પ્રકારના વાજીત્રના લય અને નૃત્યપૂર્વક સુંદર રીતે સુવર્ણ અને રત્નની જિનપ્રતિમાઓનું પૂજન કરીને નાના પ્રકારના પ્રસાદપાત્ર એવા પદાતિઓથી પરિવારિત થઈ ભોજ્ય, લેહ્ય અને પેયથી પરિપૂર્ણ એવું ભોજન કરી, બહુજ સુકોમળ વસ્ત્રપ્રાંતથી આર્દ્ર એવા બંને હાથને સાફ કરી શયન વખતે સ્ફુરાયમાન સંગીતમાં શ્રવણયુગલ સ્થાપી દેવતાઓની જેવી અત્યંત સ્વચ્છ અને કોમળ શય્યામાં બેઠા બેઠા એક રમણી મસ્તકપર નવીન રચનાથી વાળ ઓળતી ( ગુંથતી ) હોય, બીજી રમણી પંખાથી કોમળ ( શીતળ ) પવન નાખતી હોય, ત્રીજી રમણી પ્રેમપૂર્વક તાંબુલ

૧ કાંચનગિરિ–મેરૂ, તેની અપેક્ષાએ ભદ્રશાળવન; અને નગરની અપેક્ષાએ ભદ્રશાળ એટલે સુંદર કોટ કીલ્લો. ૨ અન્ય મતિની માન્યતા પ્રમાણે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપતી હોય અને ચોથી ચતુરા ચરણકમળ ચાંપતી હોય, હે તાત! આવા સુખવિલાસમાં રહી હું સૂરસેન રાજાની જેમ રાજ્ય કરીશ.' આ પ્રમાણે સાંભળીને શેઠ બોલ્યા કે:—'અરે વાચાલ! આવું અસંબદ્ધ વચન શું બોલે છે? જા, મારા ઘરમાંથી બહાર નીકળ.' એમ કહી શ્રેષ્ઠીએ તેની તર્જના કરી; એટલે સાગરમાંથી તેજનો સંગ્રહ કરીને સૂર્ય બહાર નીકળે તેમ તે શ્રેષ્ઠીસુત હજી બાળક છતાં તેના ઘરમાંથી તરતજ ચાલતો થયો; અને તાતના અપમાનથી પ્રેરાઈને તે નગરનો પણ ત્યાગ કરી વિકસ્વર પદ્મની જેવા લક્ષ્મીયુક્ત અને રમણીય એવા રત્નપુર નામના નગરમાં ગયો. ત્યાં હરિવંશમાં ઉત્પન્ન થયેલો રત્નકેતુ નામે રાજા હતો, અને યજ્ઞની શ્રેષ્ઠ દક્ષિણ દિશાની જેવી સુદક્ષિણા નામે તેને રાણી હતી. સુંદર સૌભાગ્ય યુક્ત તથા પ્રાસાદના અગ્ર ભાગ પર રહેલી પતાકાની જેવી ચપળતા યુક્ત સુવર્ણસમાન કાંતિવાળી તથા નેત્રને આનંદ આપનારી સૌભાગ્યમંજરી નામે તે રાજાને સુતા હતી. તે નગરમાં યથાર્થ નામવાળો તથા પવિત્ર બુદ્ધિવાળો નયસાર નામનો મંત્રીપુત્ર વિમલ નામના ઉપાધ્યાય પાસે અભ્યાસ કરતો હતો. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેના ચરણકમળની સેવા કરી રહ્યા છે એવા તે ઉપાધ્યાયને શ્રીવત્સે નગરમાં પ્રવેશ કરતાં જોયા, એટલે તેને પ્રણામ કરીને તે બોલ્યો કે:—'હે પૂજ્ય! મને વિદ્યાદાન આપો.' આથી તે ઉપાધ્યાય શ્રી વત્સને પણ પોતાના પુત્રની જેમ ભણાવવા લાગ્યા; પરંતુ પૂર્વે ઉપાર્જન કરેલા જ્ઞાનાવરણીય કર્મને લીધે ભણાવવાનો પ્રયાસ કર્યા છતાં પણ તે શ્રીવત્સ અસંજ્ઞી જીવની જેમ કંઈ ભણી ન શક્યો, એટલે વિદ્યાર્થીઓએ તેનું મૂર્ખચટ્ટ એવું ગુણનિષ્પન્ન નામ પાડ્યું. 'બાળકોને એવી ગમત બહુ પ્રિય હોય છે.'

મેઘનો ભારે ઉદય થતાં પ્રનષ્ટ થયેલ શલ્યથી[1] જેમ માણસ

---

૧ જ્યારે વરસાદનું ગાજવીજ સાથે તોફાન થાય છે ત્યારે શલ્યની ઉપાધિ વધી પડે છે. ટાંકા દીધેલા ત્રુટી જાય છે વિગેરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુભાય તેમ એ નામથી જ્યારે તેને બોલાવવામાં આવતો ત્યારે તે બહુ ખેદ પામતો હતો, તેથી તેણે વિચાર કર્યો કે:—' કોઇ પણ ઉપાયથી મારે આ નામને દૂર કરાવી દેવું.' એમ ચિંતવીને તે વિદ્યાર્થીઓની વારંવાર અદ્‌ભુત ભક્તિ કરવા લાગ્યો. પ્રતિદિન કોડાવતી ઘસીને તેમની પાટીઓ તે ઉજ્જળી કરી આપવા લાગ્યો, અને ખડી પલાળીને તે તેમના ખડીઆ ભરી આપવા લાગ્યો. રાત દિવસ તે છાત્રોના આસનો માંડી આપવા લાગ્યો અને પગચંપી વિગેરે પણ સારી રીતે કરવા લાગ્યો. આથી વિદ્યાર્થીઓએ તેનું મૂર્ખચટ્ટ નામ ફેરવીને **વિનયચટ્ટ** એવું નામ રાખ્યું. કારણ કે 'નવું નામ આપવામાં કયાં તેમને મુશ્કેલી પડે તેમ હતું?' આ પ્રમાણે ભણવામાં સર્વથા કુંઠિત બુદ્ધિવાળા અને હર્ષોત્કર્ષયુક્ત એ વિનયચટ્ટના બાર વરસ વ્યતિત થઈ ગયા.

હવે તે પાઠશાળામાં **નવયૌવના** એવી **સૌભાગ્યમંજરી** નામે રાજકન્યા પણ ભણતી હતી. તે એકદા વિચારવા લાગી કે:—" કદાચ રાજા મને કોઈ મૂર્ખ અને અપશબ્દ બોલવામાં કુશળ એવા પુરૂષ સાથે પરણાવશે તો હું શું કરીશ? કારણ કે કન્યાનો અર્થ મતિને અગોચર છે; અર્થાત્ કન્યા કોને ત્યાં જશે તે કહી શકાતું નથી. બાકી વિચાર કરતાં આ નયસાર મંત્રિપુત્ર બુદ્ધિનિધાન, વીર, શૂર, ન્યાયી, શાંત, દાક્ષિણ્યયુક્ત અને મધુર બોલનાર છે તેથી એ મારે યોગ્ય પતિ છે. ભાગ્યયોગે જો એ મારો પતિ થાય તો કુળદેવતાઓ મારાપર સંતુષ્ટ થયા અને તેમના આશીર્વાદ બધા સત્ય થયા એમ હું માનીશ."

આ પ્રમાણે ચિંતવીને સૌભાગ્યમંજરીએ એકાંતમાં નયસારને પ્રેમની રચનાવાળા વચનથી બોલાવ્યો અને પોતાની ઈચ્છા પ્રાર્થના રૂપે જણાવી; એટલે કંઇક હાસ્ય કરીને નયસાર બોલ્યો કે:—' હે ભદ્રે! હે શૃંગાર વૃક્ષ મેઘમાલે! તેં કહ્યું તે સર્વથા યુક્ત છે, દેવોને પણ પ્રાર્થનીય એવી તું જ્યારે મારી પ્રાર્થના કરે છે ત્યારે તો ખરેખર મારા સૌભાગ્યની વાત છે, છતાં મારે કહેવું પડે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે કે તું રાજકન્યા છે અને હું રાજાના સેવકનો પુત્ર છું; તો ભદ્રા હાથણીનો એક સામાન્ય હાથી સાથે સંબંધ શું યોગ્ય ગણાવા લાયક છે ?' રાજપુત્રી બોલી કે:-' હે ભદ્ર ! તું કહે છે તે સત્ય છે, પણ વિદ્યા અને ગુણો જોતાં જગતમાં તારા સમાન બીજો કોણ છે ? તેથી જો તું મારી પ્રાર્થના નહીં સ્વીકારે તો આખલાને ગળે બાંધેલી રાંકડી ગાયની જેમ કોઈ ગુણહીનના હાથમાં જતાં મારી શી દશા થશે ?' નયસાર વિચારવા લાગ્યો કે:—' મારાપર અનુરક્ત થયેલું એનું મન યુક્તિપૂર્વક નિષેધ કર્યાં છતાં પણ અન્યત્રવળે તેમ જણાતું નથી. કારણ કે પ્રચંડ પવનથી ઉદ્ધત થયેલા તરંગોવાળા સાગરનો પ્રવાહ અટકાવી શકાય, પણ અનુરક્ત ચિત્તનો વેગ અટકાવી શકાતો નથી.' એવામાં રાજપુત્રી બોલી કે:—' જો મારાપર તને દયા આવતી હોય તો મારી પ્રાર્થના કબૂલ કર, નહિ તો મારે અગ્નિનું શરણ લેવું પડશે.' એટલે ક્ષણભર વિચાર કરીને દાક્ષિણ્યને લીધે નયસારે હા કહી.

પછી બીજે દિવસે રાજપુત્રીએ તેની પાસે પોતાની દાસી મોકલીને કહેવરાવ્યું કે:-' હે મંત્રિનંદ ! જાણે આપણી પુણ્યપ્રકૃતિથી ખેંચાઇને આવેલું હોય તેમ આજે ઉંચામાં ઉંચા ગ્રહવાળું લગ્ન આવેલું છે; અને વાયુવેગી ઉંટડીઓને મણિઓથી પરિપૂર્ણ કરીને ગુપ્ત રીતે મેં તૈયાર કરાવી છે.' તે સાંભળીને કપટથી નયસારે કહ્યું કે:—' બહુ સારૂં.' પછી એકાંતમાં લઈ જઇને તેણે વિનયચટ્ટને કહ્યું કે:—' હે ભદ્ર ! તને રાજકન્યા અપાવું.' એટલે આકાશ પુષ્પની જેમ અશ્રદ્ધેય વચન સાંભળીને તે બોલ્યો કે:—' હે નયસાર! હવે હણેલાને ગમતની ખાતર તું શા માટે હસે છે ?' એટલે નયસાર બોલ્યો કે:—' અહો ! તમારી જેવા વણિક્‌પુત્ર પાસે અસત્ય બોલવું અયુક્ત છે, કારણ કે ઉંટને ગળે બાંધેલું નૂપુર કાંઈ શોભે નહિ. હે વિનયચટ્ટ ! હું તને સત્યજ કહું છું, એમાં તારી સાથે હું કંઇ પણ હાસ્ય જેવું કરતોજ નથી; માટે સૌભાગ્યમંજરી સાથે લગ્ન કરી ઉંટડીપર આરૂઢ થઇને તારે સત્વર ઉજ્જયિની નગરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરફ ચાલ્યા જવું.' એટલે શ્રેષ્ઠીસુત બોલ્યો કે:–' મારે એ વાત પ્રમાણ છે.' અહો ! સાથવામાં ઘૃતક્ષેપ થાય તે કોને હર્ષદાયક ન થાય ?

પછી સાંજે અધ્યાપકને નમસ્કાર કરીને વિનયચટ્ટ કહેવા લાગ્યો કે:—' હે તાત ! પ્રભાતે હું પિતાના ચરણને નમસ્કાર કરવા જવાનો છું.' એટલે ઉપાધ્યાય બોલ્યા કે:—" હે વત્સ ! તું મારી પાસે વિનયી થઇને બહુ કાળ રહ્યો, છતાં પૂર્વ કર્મના દોષથી તું લેશમાત્ર પણ વિદ્યા ભણી શક્યો નહિ; પરંતુ ' ગુરૂના ચરણની સેવા કદાપિ નિષ્ફળ થતી નથી.' એ કહેવત અસત્ય ન થાઓ." આમ ચિંતવી પવિત્રાત્મા એવા ઉપાધ્યાયે સારસ્વતવિદ્યાથી ચંદનને મંત્રી ઘસીને તેને પાઇ દીધું. પછી ગુરૂના ચરણને નમન કરી વિનયચટ્ટ હર્ષિત થતો નયસારે બતાવેલ સ્થાને રાત્રે ગયો. એ વખતે જાણે તેને સહાય કરવા આવેલ હોય તેમ અંધકાર ચારે બાજુ પ્રસરી ગયો. ' અહો ! ભાગ્યવંતને કોણ સહાય ન કરે ?' પછી તે વણિક્પુત્ર નયસારનું વસ્ત્ર પ્રેમપૂર્વક પહેરી ત્યાં આવેલ રાજપુત્રીને પરણીને તેની સાથે ઉંટડી ઉપર ચડી બેઠો. ઘણી ભૂમિ ઓળંગી ગયા પછી સર્વ છાત્રોમાં વિદૂષકરૂપ એવો વિનયચટ્ટ રાજકન્યાના જોવામાં આવ્યો, એટલે તપ્ત શિલાતલપર નાખેલી મુગ્ધ માછલીની જેમ તે રાજકન્યા સર્વાંગે અત્યંત સંતાપ પામી, અને ચિંતવવા લાગી કે:—" વિચાર કર્યા વિના કામ કરવાથી કેવું માઠું પરિણામ આવે છે તે મેં સાક્ષાત્ જોયું, અથવા તો ગુરૂનો ( વડીલોનો ) દ્રોહ કરનારી એવી જે હું તેના પર જે દુઃખ પડે તે ઓછું છે. અહો ! આ નયસારના પ્રયોગથી મેં જગતમાં અન્ય સ્વચ્છંદચારિણી સ્ત્રીઓના માર્ગને પણ ખરેખર ભગ્ન કર્યો. પોતાના કુળક્ષયના ત્રાસને લીધે નયસારે પોતાની ચાલાકીથી ખરેખર બુદ્ધિમાં ન્યૂન એવો આ વિનયચટ્ટ મને પરણાવ્યો.' આ પ્રમાણે, ચિંતાતુર થઇને રાજસુતાએ સૂર્યની સામે જેમ કોઇ ન જુએ તેમ તે તરૂણ શ્રેષ્ઠિપુત્રની સામે દૃષ્ટિ માત્રથી પણ જોયું નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુક્રમે તે ઉજ્જયિનીમાં આવ્યા અને એક ઉંચી હવેલીમાં રહ્યા, વિનયચટ્ટ જનસમાજમાં જતાં નવા શુભ, શ્રાવ્ય, સરસ અને સ્વયં-કૃત એવા કાવ્યોથી જન મન રંજન કરવાને લીધે ત્યાં **વિદ્યાવિલાસ** એવું મનોહર ઉપનામ પામ્યો.

સૌભાગ્યમંજરી તો ઘરના એક ખુણામાં બેસી કરૂણ સ્વરથી રૂદન કરતી દુઃખમાં દિવસો ગાળવા લાગી. એક દિવસ ધાત્રીએ તેને કહ્યું કે:—'હે દેવી! આ શ્રેષ્ઠિપુત્ર શાસ્ત્રસમુદ્રમાં પારંગત અને સત્ક્રિયાવંતમાં અગ્રેસર છે, માટે હે મનસ્વિની! યૌવનરૂપ ઉદ્યાનને બાળી નાખનાર એવા મિથ્યા માનને મૂકીને પ્રેમામૃતરસથી પૂર્ણ એવા આ તારા વલ્લભને પ્રીતિથી બોલાવ.' એટલે રાજસુતા કહેવા લાગી કે:—'હે ધાત્રિકે! એ જેવો છે તેવો હું જાણું છું; બાર વરસસુધી મેં એને જોયો છે.' એટલે પુનઃ ધાત્રી બોલી કે:—'હે દેવી! પોતાની કળાની કુશળતાથી નગરજનોને એણે રંજિત કર્યા છે, અને તેથી વિદ્યાવિલાસ એવી તેને પદવી મળી છે. અર્થાત્ તે નામથી તે ઓળખાય છે.' રાજસુતા બોલી કે:—'હે ધાત્રિકે! કોઇપણ પ્રકારના પ્રપંચથી પોતાના નામની પ્રસિદ્ધિને માટે તેણે લોકોને રંજિત કર્યા હશે, પરંતુ સુવર્ણના મધ્યમાં શું છે તે સુવર્ણકાર સિવાય કોણ જાણી શકે?'

એ અવસરે કાશ્મીર દેશના **ભીમ** નામના રાજાએ સંધિ યા વિગ્રહ કરવાને માટે રત્નકેતુ રાજાને એક લેખ મોકલ્યો. તે જાણે ગુરૂએ તેનાપર સખત મુદ્રા મારી હોય તેમ અન્ય લિપિમાં લખાયેલ હોવાથી કોઇનાથી વાંચી શકાયો નહિ, એટલે પ્રધાને રાજાને કહ્યું કે:—'હે સ્વામિન્! શાસ્ત્રસમુદ્રના સુધાકર જેવો વિદ્યાવિલાસ કદાચ આ લેખને પોતાની બુદ્ધિથી વાંચી શકશે.' એટલે રાજાએ તરતજ તેને બોલાવ્યો. રાજાના આદેશથી તે રાજસભામાં આવ્યો અને સમસ્ત લિપિમાં કુશળ એવા તેણે પૂર્વ પઠિતની જેમ સુખપૂર્વક તે લેખ વાંચી સંભળાવ્યો; તેથી તત્કાળ સંતુષ્ટ થયેલા રાજાએ સન્મતિવાળા એવા તેને પ્રધાનપદવી આપી. 'ગુણોમાં કોણ શ્રદ્ધાળુ ન હોય?' પછી રાજાએ આપેલા સામ્રાજ્યભારને વહન કરતાં પવિત્ર જનોમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ભૂષણરૂપ એવા તે સચિવે પોતાના સુમતિરૂપ શસ્ત્રોથી દુઃસાધ્ય શત્રુઓને પણ સાધી લીધા.

એકદા રાજાની આગળ કોઇએ કહ્યું કે:—' હે દેવ ! આ પ્રધાન જગત્પ્રિય છતાં પોતાની સ્ત્રીને તે અપ્રિય છે. ' એટલે રાજાએ પૂછ્યું કે:—' એ તેં શી રીતે જાણ્યું ?' તે બોલ્યો કે:—' હે રાજેંદ્ર ! હું જ્યોતિષના બળથી જાણી શકું છું કે–એ પોતાની વલ્લભાને વલ્લભ નથી. ' તે સાંભળીને કૌતુકથી રાજાએ સેવાને માટે આવેલા પ્રધાનને સભાસમક્ષ મધુર રીતે કહ્યું કે:–' હે મંત્રિન્ ! અભિનવ મંત્રી રાજાને ભોજન આપે એવો અમારો ચાલ્યો આવતો રીવાજ છે, તેનો તારે સત્વર અમલ કરવો. ' પછી 'બહુ સારૂં' એમ કહીને જાણે સર્વસ્વ નાશ પામ્યું હોય તેવો વિમનસ્ક થઇને તે ઘરે આવ્યો; એટલે ધાત્રીએ તેને મધુર વચનથી પૂછ્યું કે:–' હે વત્સ ! શું રાજાએ તારૂં કંઇ અપમાન કર્યું ? અથવા બુદ્ધિના ઉત્કૃષ્ટ વિષયમાં કોઇ કઠિન અર્થ તને અગોચર લાગ્યો ? શાથી તું ઉદાસ થયો છે ? ' તે બોલ્યો કે:–' હે માત ! રાજાએ કંઇ મારૂં અપમાન કર્યું નથી, તેમજ કોઇ અર્થ પણ મારી મતિને અગોચર નથી; પરંતુ રાજાએ એવો અશકય આદેશ કર્યો છે કે–નવા મંત્રીને ઘરે એકવાર ભોજન કરવાનો અમારો કુલાચાર છે, માટે તારે અમને જમાડવા પડશે. હવે રાજા અહીં જમવા આવશે તે વખત સૌભાગ્યમંજરીનું બધું ચેષ્ટિત પ્રગટ થશે; તેથી મને ખેદ થાય છે; અને તે ચિંતામાંજ હું મગ્ન થઇ ગયો છું.' તે સાંભળીને ધાત્રી બોલી કે:–' હે મંત્રીશ ! ચિંતાથી ચિત્તને શોકાતુર શા માટે બનાવે છે ? રાજા ભોજન કરવા આવશે તે વખતે હું સૌભાગ્યમંજરીને પીરસવા માટે તૈયાર કરીશ. ' આ પ્રમાણેનું તેનું વચન સાંભળવાથી તે જાણે સુધાથી સિક્ત થયો હોય તેમ નિશ્ચિંત થઇ ગયો. ' પતિત થતાં (પડતા પુરૂષને) શું હસ્તાવલંબન હર્ષજનક નથી થતું ? '

પછી ધાત્રીએ શાંતિયુક્ત વાણીથી મંત્રિપત્નિ સૌભાગ્યમંજરીને કહ્યું કે:–' હે વત્સે ! તું કૃત્યાકૃત્યથી બહિર્મુખી અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકાગ્રહી છે, છતાં હે અભિમાનિનિ ! મારૂં એક વચન તારે જરૂર માનવું પડશે. કારણકે જનનીની જેમ મારી આજ્ઞા ઓળંગવી તને ઉચિત નથી. તે આજ્ઞા એ છે કે–મંત્રીએ રાજાને ભોજન કરવાનું નિમંત્રણ કર્યું છે તે વખતે તારે તેને પીરસવું પડશે, એમ તારા પતિએ મારા મુખથી તને કહેવરાવ્યું છે, તે તારે કબુલ રાખવું પડશે.' આ પ્રમાણે સાંભળીને તે બોલી કે:—'હે માત ! કોઈએ રાજાને મારૂં ચરિત્ર કહ્યું લાગે છે, તેથી હું ધારૂં છું કે-રાજા ભોજનના મિષથી મને જોવા માગે છે; તો હે માત ! જાણે મારી બીજી બ્હેનો હોય તેવી મારા જેવા રૂપ રંગ ને આકારવાળી તેમજ સમાન વસ્ત્રાલંકારવાળી ત્રણ પ્રમદાઓને તો સત્વર લઇ આવો. હે માત ! તે ભામિનીઓ સાથે રાજાને ભોજન કરાવતાં જેમ હું લક્ષ્યમાં ન આવી જાઉં તેમ તમે કરો.' પછી તેના કહ્યા પ્રમાણે બધું અલ્પ સમયમાં તૈયાર કરીને પ્રધાને ભક્તિપૂર્વક ભોજનમાં ઉત્સુક એવા રાજાને આમંત્રણ કર્યું. એટલે રાજા શૃંગાર સજી પરિવાર સહિત શોભામાં વિમાન સદૃશ એવા મંત્રીના આવાસમાં આવ્યો; અને પરિચ્છદ સહિત ભોજન કરવા બેઠો. એટલે એક રમણી સુવર્ણનો વિશાળ અને ઉત્તમ થાળ મૂકી ગઇ, બીજી લલના અમૃતરસના નિઝરણાથી તૈયાર થયાં હોય તેવાં રમણીય પકવ ફળો મૂકી ગઇ, ત્રીજી શબ્દ કરતાં કંકણયુક્ત હાથવાળી સ્ત્રી સુંદર પકવાનો એક ક્ષણમાત્રમાં પીરસી ગઇ અને ચોથી ચંચળ ચતુરા પરિમલના ઉદ્દગારથી મનોહર એવા લાડુ સાધુના ચિત્તની જેવા વિશાલ રાજાના થાળમાં મૂકી ગઇ. તે વખતે 'મંત્રીની આ પત્ની કે આ પત્ની ?' એમ ચિંતવતો રાજા તેને ઓળખી શક્યો નહિ, કારણ કે 'સાદૃશ્ય ભ્રમ ઉત્પન્ન કરે છે.' પછી ભોજન કરીને ઉઠ્યા પછી મંત્રીને પૂછવાને અસમર્થ એવા રાજાએ વિસ્મયપૂર્વક મૌન ધારણ કર્યું (કાંઇ પણ પૂછ્યું નહિ.) અને મંત્રીની સેવાનો લાભ મેળવીને રાજા સ્વસ્થાને ગયો. ત્યાં જઇને તેણે પોતાના સેવક પુરૂષોને કહ્યું કે:— 'પ્રધાનની પત્ની જાણવામાં ન આવી, માટે હે વિચક્ષણો !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમે તેને જાણવાનો કોઈ ઉપાય શોધી કાઢો.' એટલે તેઓ બોલ્યા કે:—'હે દેવ! નગરની બહાર પુરદેવી છે, તેની આગળ મંત્રી વાદ્ય વગાડે અને તેની પત્ની નૃત્ય કરે એમ ઠરાવો કે જેથી તમારા અને પૌરજનોના તે જાણવામાં આવે.' આ સાંભળી 'બહુ સારૂં' એમ કહીને બીજે દિવસે રાજાએ પોતાનો મનોગત આદેશ મંત્રીની આગળ જાહેર કર્યો. એવો ક્ષુદ્ર આદેશ સાંભળીને મંત્રી વિસ્મય પામી પોતાના આવાસમાં જઇ ચિંતાની પરંપરાથી સંતપ્ત થઇને સુઈ ગયો; એટલે મહત્તમ મંત્રીને ખેદ પામેલ જાણીને ધાત્રીએ તેનું કારણ પૂછયું. તેણે કહ્યું કે:—'હે ધાત્રી! રાજાએ મને અતિ ક્ષુદ્ર આદેશ કર્યો છે.' એમ કહીને તે આદેશ કહી સંભળાવ્યો. પછી ધાત્રીએ પાવન વાણીથી ધીમંતોને પણ દુઃશ્રવ એવો રાજાનો આદેશ સૌભાગ્યમંજરીને કહી સંભળાવ્યો. તે સાંભળતાં હસીને તે બોલી કે:—'જો એ કુશળપણે વાદ્ય વગાડશે તો હું ખુશીથી નૃત્ય કરીશ.' એટલે ધાત્રી બોલી કે:—'હે પુત્રી! જો તેને વગાડતાં નહિ આવડે તો રાજસભા સમક્ષ મંત્રીની હાંસી થશે.' પછી ધાત્રીએ નૃત્ય કરવાની કબુલાતની વાત પ્રધાનને કહી સંભળાવી, તેથી તે ખુશી થયો. કારણ કે 'દુષ્પ્રાપ્ય વસ્તુનો લાભ થતાં હર્ષ પ્રકર્ષતાને પામે છે.'

પછી નૃત્ય જોવા માટે દેવીભવનમાં માંચડાઓની રચના કરવામાં આવી અને સર્વ નગરજનોની સાથે રાજા પણ ત્યાં આવીને બેઠો, એટલે મંદ્ર તથા મધ્યાદિ ભેદથી અને તત્તા વિગેરે તાલના નાદથી મંત્રીએ રમ્ય શબ્દયુક્ત પટહ વગાડવા માંડ્યો; એટલે જાણે વસુધાપર આવેલ રંભા હોય તેમ ઉદ્દામ શૃંગાર ધારણ કરીને પૌરજનોના મનને હરતી એવી સૌભાગ્યમંજરી ત્યાં આવી. જેમ જેમ તે પટહનો ધ્વનિ સાંભળતી ગઈ તેમ તેમ તેના શરીરપર રોમાંચ ખડા થતા ગયા. પછી 'અહો! આવું પટહવાદન કયાંથી આવડ્યું?' એમ વિચારતાં અંતરમાં આશ્ચર્ય પામતી તે લયપૂર્વક નૃત્ય કરવા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાગી. તે વખતે તે દંપતીના કળાક્રમને જોનારા માણસોની શેષ ઇંદ્રિયોની વૃત્તિ લોચનમાં લય પામી ગઇ. પછી વિસ્મયથી વિકસ્વર થઇને મસ્તક ધુણાવતાં રાજાએ મંત્રીને કહ્યું કે:—' હે સચિવ ! સર્વ તત્ત્વમાં તું પ્રવીણ છે.' એ વખતે તેની અપૂર્વ કળા જોઇને ' અન્યત્ર પણ તેવી કળા છે કે નહિ ?' એમ જોવાનેજ ગયો હોય તેમ સૂર્ય પરદ્વીપમાં ગયો ( અસ્ત થયો ), એટલે રાજા પોતાના પરિજનો સહિત નગરી તરફ ચાલ્યો; એવામાં સૌભાગ્યમંજરીએ પોતાના પતિને કહ્યું કે:—' હે નાથ ! મારી મુદ્રિકા ત્યાં પડી ગઈ છે; માટે તે સુંદર વીંટી બની શકે તો શોધી લાવો.' આ પ્રમાણે સ્નેહપૂર્વક બોલતી અને હર્ષિત થતી સૌભાગ્યમંજરી નગર તરફ ચાલી. તેણે મધુર સ્વરે કરેલા આદેશથી પ્રધાન બહુજ પ્રમોદ પામીને વિચારવા લાગ્યો કે:—' અહો ! આજ હું ધન્ય થયો કે મારી રમણીય રમણીએ મને ગૌરવસહિત બોલાવ્યો.' પછી પાછો દેવીભવનમાં જઇને ત્યાં પડી રહેલી તે મુદ્રિકાને લઇ મંત્રી નગરીભણી ચાલ્યો. કારણ કે ' રાત્રિએ નગર બહાર રહેવામાં મરણનો સંભવ હતો.' સત્વર નગરી તરફ આવતાં નગરીનું મુખ્ય દ્વાર બંધ થઇ ગયેલ જોઇને કિલ્લાની ચારે બાજુના વિસ્તીર્ણ જળમાર્ગવડે તે અંદર પ્રવેશ કરવા ચાલ્યો. વચમાં વિસામો લેતાં એક સર્પે તેના હાથપર ડંખ માર્યો, તેથી મંત્રીએ મૃત્યુના પટહસમાન હાહાકાર કર્યો. તે કર્ણને વિષતૂલ્ય હાહાકાર પોતાના આવાસમાં બેઠેલી રાજાની પણ્યાંગનાએ સાંભળ્યો, એટલે વિષથી વ્યાપ્ત થતા તથા પૃથ્વીપર પડતા તે પ્રધાનને જોઇને તે એકદમ ત્યાં આવી અને પોતાના હાથમાં રહેલા મણિને જળવડે ધોઇને તે જળ, પરોપકારમાં તત્પર એવી તે વારાંગનાએ સચિવને પાઇ દીધું, એટલે મંત્રી તરતજ નિર્વિષ થયો. કારણ કે ' મણિમંત્રનો પ્રભાવ અચિંત્ય હોય છે.' પછી પોતાને પુનઃ જન્મ પ્રાપ્ત થયેલ માનતા તે કૃતજ્ઞ પ્રધાને તેને કહ્યું કે:—' હે જીવનદાયિકે ! તારૂં હું શું અભીષ્ટ કરૂં ?' તે બોલી કે:—' હે નાથ ! જો તમે મને અભીષ્ટ આપવા ધારતા હો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો પાર્વતી સાથે શિવની જેમ આપે મારી પાસેજ રહેવું, મારા સિવાય અન્યત્ર કદાપિ ન જવું.' એટલે તે વાત કબુલ કરીને મંત્રી તેને ત્યાંજ રાત્રિ રહ્યો. અને તેની સાથે એક ઘડીની જેમ રાત્રિ વ્યતીત કરીને પ્રભાતકૃત્ય આચરી પ્રધાન એક સુંદર આસન પર બેઠો. એવામાં પૂર્વે કોઇ યોગીએ આપેલો પ્રભાવયુક્ત ઔષધિમિશ્ર દોરો તે પણ્યાંગનાએ પ્રધાનના ચરણપર બાંધી દીધો, તેના પ્રભાવથી એક જન્મમાં જાણે બીજો જન્મ પ્રાપ્ત થયો હોય તેમ ક્ષણવારમાં તે સારા પીંછાવાળો મયૂર બની ગયો. પછી તે મયૂર ઉડીને ત્રાસરહિત સમસ્ત નગરમાં ભમતો હતો અને સાંજે તે હમેશાં પણ્યાંગનાને ઘેર આવતો હતો. ત્યાં દોરો છોડી નાખવાથી પડદામાંથી નીકળેલ નટની જેમ તે પુરૂષ બનીને રાત્રિ વારાંગના સાથે આનંદમાં વ્યતીત કરતો હતો. એ પ્રમાણે પ્રતિદિન સમસ્ત રાત્રિ પણ્યાંગનાએને રમાડીને સવારે તેને મયૂર બનાવી દેતી, અને વશીભૂત એવો તે આખો દિવસ ચોતરફ ભમીને દરરોજ રાત્રે પણ્યાંગનાને ઘેર પાછો આવતો હતો.

અહીં મંત્રી પાછો ન આવ્યો, એટલે ધૈર્યમુક્ત થયેલી સૌભાગ્યમંજરી ગ્રીષ્મઋતુમાં મારવાડમાં જઇ ચડેલી હંસીની જેમ અત્યંત ખેદ પામવા લાગી. એવામાં એકદા મયૂર થઇને ભમતાં તેણે પોતાના ઘરના તોરણને આચ્છાદિત કરીને પોતાના પિચ્છસમૂહથી તોરણની શોભા (રચના) વિસ્તારી. એ વખતે સૌભાગ્યમંજરી પોતાની ધાત્રીને કહેવા લાગી કે:-'હે માત! આ મયૂર પતિના વિરહથી તપ્ત એવા મારા નેત્રને પ્રિયના આગમનની જેમ આનંદ ઉપજાવે છે; અહો! પૂર્વે અજ્ઞાનથી મેં પ્રાણપ્રિયને અપ્રિયવત્ જોયા, અને જ્યારે મને સ્નેહ ઉત્પન્ન થયો ત્યારે પૂર્વ દુષ્કર્મના વિપાકને લીધે તે મારાથી દૂર થઇ ગયા. લક્ષ્મીના સ્થાનરૂપ તે પ્રિયની હકીકતને ન જાણવાથી મેં જેમ પૂર્વે રૂદન કર્યા કર્યું, તેમ ચિરશિક્ષિતની જેમ અત્યારે પણ મારૂં તે રૂદન તો ચાલુજ રહ્યું. સર્પના શરીરની વિષજવાળાથી વ્યાપ્ત એવું ચંદન તો ભલે શરીરને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાળે, પણ અહો ! મારા શરીરને તો આ ચંદ્રમા પણ દગ્ધ કરે છે.' આ પ્રમાણે વારંવાર બોલતી અને વિલાપ કરતી સૌભાગ્યમંજરી જાણે કોઈએ તેનું જીવિત હરણ કરી લીધું હોય તેમ જમીનપર ઢળી પડી; એટલે ધાત્રી અને પરિજનોએ તેનો પ્રતીકાર કર્યો, તેથી ગાઢ મૂર્ચ્છા કંઇક દૂર થવાથી તે સ્વસ્થ થઇ, અને વિલાપ કરવા લાગી. બીજે દિવસે પણ તે મયૂર પણ્યાંગનાને ઘરેથી તે રાજપુત્રીના મનોહર મહેલમાં આવ્યો; એટલે કૌતુકથી તેની સખીએ જાણે પોતાને ઘરે ઉત્પન્ન થયો હોય ( પોતાનો હોય ) તેમ તેને પકડી લીધો અને ચિત્તના વિશ્રામરૂપ તે મયૂર મદનાવલીને[1] સોંપ્યો; એટલે મદનાવલીએ તે મયૂરને તપાસતાં તેને પગે પેલો દોરો જોઇને તે છોડી નાખ્યો, તેથી તે તરતજ નરરૂપધારી પ્રધાન થઇ ગયો. તેને જોઇને 'આ શું ?' એમ આશ્ચર્યથી નયન વિકસિત કરી મદનાવલીએ રોમાંચિત થઇને તેને બેસવા માટે આસન મૂકયું. સચિવ આસનપર બેઠો, એટલે રાજપુત્રીએ તેને પૂછયું કે:-'આ શું ?' એટલે પ્રધાને તેની આગળ બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી મદનાવલી બોલી કે:-'હે મંત્રિન ! તમારા વિરહથી રાજા અને સમસ્ત નગરજનો પણ દિગ્મૂઢ મુસાફરોની જેમ વિમૂઢ મનવાળા થઇ ગયા છે. હે મંત્રિન્ ! પોતાનું સ્વરૂપ ગોપવવાથી તમારૂં ચિત્ત નિષ્ઠુર થઇ ગયું જણાય છે.' પ્રધાન બોલ્યો કે:-'હે ભદ્રે ! જે તું કહે છે તે બધું સત્ય છે, પરંતુ હું તે વારાંગના સાથે વચનથી સખત બંધાયેલો છું; માટે હમણા તો મારા પગે દોરો બાંધી મને મયૂર બનાવીને પાછો છોડી મૂક.' એટલે રાજપુત્રીએ દોરો બાંધીને મયૂર બનાવવાથી તે ચાલ્યો ગયો.

મયૂરના ગયા પછી ત્યાં આવીને ધાત્રી બોલી કે:-'હે પુત્રી ! અહીં કોઇ પુરૂષનો શબ્દ મારા સાંભળવામાં આવ્યો તે શું ? અહીં પુરૂષ કયાંથી ?' તે સાંભળીને રાજપુત્રી બોલી કે:-'હે ઉપમાતા !

૧ આ મદનાવળી ઉજ્જયિનીના રાજાની પુત્રી છે અને તે સૌભાગ્યમંજરીની સખી હોવાથી તેની પાસે દરરોજ આવે છે.

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

અહીં પુરૂષનો સંચાર સંભવે જ કેમ? માટે ખરેખર! હમણા તું આવું અસંબદ્ધ જ બોલે છે.' આવો ઉત્તર સાંભળીને ધાત્રીએ વારંવાર તેને શપથપૂર્વક પૂછ્યું, એટલે મદનાવલીએ સચિવનો બધો વૃત્તાંત તેને કહી બતાવ્યો. બીજે દિવસે પણ કરેલા સંકેતની જેમ ભમતો ભમતો તે મયૂર ત્યાં આવી ચડ્યો, એટલે ધાત્રીએ રાજા પાસે જઇને તે ખબર આપ્યા. રાજા તે વૃત્તાંત જાણીને તરત જ ત્યાં આવ્યો અને તે દોરો કાપી નાખીને તેણે મંત્રીને મૂળરૂપધારી બનાવ્યો. પછી આનંદપૂર્વક રાજાએ કહ્યું કે:-' હે ભદ્ર! મારી પુત્રી સાથે તું પાણિગ્રહણ કર.' એટલે તેણે વેશ્યાનો સમસ્ત વૃત્તાંત રાજાને કહી બતાવ્યો. રાજાએ તરત જ પણ્યાંગનાને પોતાની પાસે બોલાવી. એટલે તે આવીને કહેવા લાગી કે:-' હે સ્વામિન્! હુકમ ફરમાવીને મારાપર પ્રસાદ કરો.' રાજાએ કહ્યું કે:-' વચનથી બંધાઇ ગયેલા આ સચિવને જીવિતદાન આપીને મુક્ત કર, કે જેથી શુભ દિવસે તે મારી પુત્રી સાથે પરણે.' વેશ્યાએ તે વાત કબૂલ કરી, એટલે રાજાએ તેનાપર બહુ પ્રસાદ કર્યો. 'ઉચિત અને અનુચિત જ્ઞાન વારાંગનાઓમાં હોય છે.'

પછી રાજાએ શુભ દિવસે મંત્રીશ્વરને સુંદરશેઠની પુત્રી સહિત પોતાની પુત્રી મદનાવલી પરણાવી, અને મહત્તમ એવા તેને કેટલાક દેશ આપીને યુવરાજપદપર સ્થાપન કર્યો. 'સમુદ્રના જળની જેમ પ્રાણીઓનું પુણ્ય માપી શકાતું નથી.' ત્રણ પોતાની પરિણીત[1] રમણીઓ અને ચોથી વારાંગનાની સાથે તે મંત્રીશ્વર માનવજન્મરૂપ આમ્રવૃક્ષના ફળસદૃશ વિષયસુખ ભોગવવા લાગ્યો. એ પ્રમાણે કેટલોક કાળ વ્યતિત થયા પછી સંસારથી અત્યંત ઉદ્વિગ્ન થઇને રત્નકેતુરાજાએ તાપસી દીક્ષા યથાવિધિ અંગીકાર કરી, એટલે પ્રચંડ શાસનવાળો અને જાણે સ્વર્ગમાંથી ઇંદ્ર આવ્યો હોય તેમ વિદ્યાવિલાસ રાજા થયો અને આનંદથી રાજ્ય કરવા લાગ્યો.

---

૧ સૌભાગ્યમંજરી, મદનાવળી ને સુંદરશેઠની પુત્રી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા શ્રેષ્ટિસુત શ્રીવત્સ જે હાલ વિદ્યાવિલાસ નામે રાજા થયેલ છે, તેણે ચતુરંગ સૈન્ય–સહિત જંબૂદ્વીપને સમુદ્રની જેમ કાંચનપુરને ઘેરો ઘાલ્યો, એટલે સૂર્યની જેવા તેના દુઃસહ તેજથી ઘૂવડની જેમ સૂરસેન રાજા ગુપચુપ ભાગીજ ગયો. પછી વીજળીયુક્ત મેઘસમાન નીલ પત્રાવલીથી વ્યાપ્ત એવા અને જ્યાં સુવર્ણમય તોરણ બાંધવામાં આવેલ છે એવા તે નગરની અંદર રાજાએ પ્રવેશ કર્યો, એટલે નગરવાસીઓએ રત્નોના સુવર્ણપાત્રો ભરીને રાજાને ભેટ કર્યા, અને તેણે તેમને વાંચ્છિતાર્થસૂચક પ્રસન્નતા દર્શાવી. એવામાં પોતાના પુત્રો સહિત નગરીમાં મુખ્ય એવો શ્રીપાલશેઠ આવ્યો, એટલે રાજાએ તેને પૂછ્યું કેઃ—'હે શેઠ! મને તમે ઓળખો છો?' તે બોલ્યો કેઃ—'રવિની જેવા પ્રખ્યાત આપને કોણ ન ઓળખે? બાકી હે રાજન્! વિશેષ રીતે તો હું આપને ઓળખતો નથી.' પછી સર્વ લોકોની સમક્ષ શ્રીવત્સ રાજાએ મૂળથી માંડીને પોતાનું ચરિત્ર સંક્ષેપમાં કહી બતાવ્યું. તેમાં કહ્યું કેઃ—'હે શ્રેષ્ઠિન્! હું તમારો શ્રીવત્સ નામનો પુત્ર છું, પૂર્વે ચાર રમણીના યોગ વિગેરેના વચનથી તમને સાક્ષાત્ કોપાયમાન થયેલા જાણીને હું ચાલ્યો ગયો હતો, ત્યારપછી તમારા ચરણપ્રસાદથી મને આ ચાર ચતુરાઓ પ્રાપ્ત થઇ છે.' એમ કહીને રાજાએ શ્રીપાલ શ્રેષ્ઠીનો સારી રીતે સત્કાર કર્યો, અને તે સ્ત્રીઓ પોતાના સસરાને પગે લાગી, અને ચિત્તમાં હર્ષિત થઈ. 'કુલીન કાંતાઓનો એ આચારજ છે.' પછી શ્રીધર નામના પ્રથમ બંધુને યુવરાજ પદ પર સ્થાપીને શ્રીવત્સ રાજા ન્યાયપૂર્વક વિસ્તૃત એવા બંને રાજ્ય કરવા લાગ્યો.

એકદા નગરીની બહાર ઉપવનમાં તપતેજથી રવિ સમાન એવા શ્રીમતિસાગર નામે આચાર્ય પધાર્યા, એટલે ભક્તિપૂર્વક અને નગરજનો સહિત પવિત્ર ક્રિયાને પાળનારો એવો રાજા તેમને વંદન કરવા ત્યાં ગયો. દેશના સંપૂર્ણ થતાં રાજાએ ગુરૂને પૂછ્યું કેઃ–'હે પ્રભો? પૂર્વે મને સર્વથા અજ્ઞાન શા કારણથી ઉદયમાં આવ્યું? અને પછી તે અધ્યાપકની કૃપાથી જ્ઞાન શી રીતે પ્રસર્યું? તે કહો.' એટલે ગુણગણા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લંકૃત શ્રીમાન્ આચાર્ય બોલ્યા કેઃ—'હે રાજન્! પૂર્વ ભવમાં વિદ્યાભ્યાસ કરનારાઓને તેં મોટો અંતરાય કર્યો હતો, તેથી તે દુષ્કર્મના યોગે તને આ ભવમાં પ્રથમ જ્ઞાનોલ્લાસ ન થયો. પછી કોઈ ગુરૂના ઉપદેશથી પ્રતિબોધ પામીને પ્રતિદિન પુસ્તકાદિકથી જ્ઞાન અને જ્ઞાનીની ભક્તિ કરી હતી, તે શુભ કર્મના યોગે તું સર્વ કળામાં વિશારદ થયો.' આ પ્રમાણેનાં ગુરૂમહારાજનાં વચનો સાંભળીને રાજા બોલ્યો કેઃ-'હે ભગવન્! મેં પૂર્વે જે કર્મબંધ કરેલ છે, તે સર્વથા શિથિલ કેમ થાય?' આચાર્ય બોલ્યા કેઃ—'હે રાજન્! કર્મના ચાર ભેદ છે. તેમાંથી બદ્ધ, સ્પૃષ્ટ અને નિધત્ત એ ત્રણ ભેદને સુશસ્ત્રરૂપ મિથ્યાદુષ્કૃત વિગેરેથી જીતી (ટાળી) શકાય છે, અને ચોથો ભેદ નિકાચિત નામે કહેલો છે, તેનો મુમુક્ષુ જનોએ દુષ્કર તપવડે જય કરવો પડે છે. જેમ હિમપાતથી વૃક્ષો દગ્ધ થાય છે, જેમ લંઘનથી અમ્લરસનો વિકાર દૂર થાય છે, અસહ્ય તેજવાળા દાવાગ્નિથી જેમ અરણ્ય દગ્ધ થાય છે, તેમ ચિરકાળ તપશ્ચરણ કરવાથી સર્વ કર્મો ધ્વસ્ત થઈ શકે છે. કીર્તિ, ગર્વ કે ભયથી પ્રાણીઓને દાન આપવું સુગમ છે, કુળ કે લજ્જાથી શીળ પાળવું પણ સુગમ છે, અને અન્ય જનોને રંજન કરવાવડે ભાવના પણ સુગમ છે, પરંતુ દેહ તથા ધાતુનો ક્ષય કરનાર તપ તપવું તે દુષ્કર છે.' આ પ્રમાણે સાંભળીને મદનાવલીથી ઉત્પન્ન થયેલ પુત્રને રાજ્યપર બેસાડી શ્રીવત્સ રાજાએ સૂરિમહારાજા પાસે દીક્ષા અંગીકાર કરી. પછી વિવિધ શિક્ષાનો અભ્યાસ કરીને ક્રિયા કરવામાં દક્ષ એવા તે રાજર્ષિ ત્રિવિધે તપ તપવા લાગ્યા. જેમ જેમ તપથી શરીરમાં ક્ષીણતા આવતી ગઈ તેમ તેમ તેમનો સદ્ભાવમહિમા વધતો ગયો. તપરૂપ ટાંકણાથી શિલારૂપ પોતાના શરીરને ઘડીને તેમણે એવું સુઘટિત કરી મૂક્યું કે જેથી તે એક જંગમ દેવ જેવા દીપવા લાગ્યા. અનુક્રમે આયુ ક્ષય થયા અગાઉ અનશન ગ્રહણ કરીને તે રાજર્ષિ એકાવતારી દેવ થયા અને ત્યાંથી ચ્યવી સિદ્ધિપદને પામશે. હે મહાબલ! જેમ વિદ્યાવિલાસ રાજર્ષિએ તપ તપ્યું, તેમ અન્ય જનોએ પણ ભાવપૂર્વક તપ તપવું.

**ઈતિ શ્રીવત્સ અપર નામ વિદ્યાવિલાસ કથા.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી મહાબલ રાજા એ સ્મિતપૂર્વક કહ્યું કે:—' હે સ્વામિન્! વિદ્યાવિલાસની જેમ હું પણ શુદ્ધ તપ કરીશ, એટલે મુનિ બોલ્યા કે:—' હે રાજન્! ઋતુ વિના વૃક્ષોની જેમ ભાવ વિના દાન, શીલ અને તપ ફલિત થતા નથી. જેમ ચક્ષુથી રૂપ, અલંકારથી કવિનું વચન અને પ્રકાશથી ચંદ્ર શોભે છે તેમ ભાવથી ધર્મ શોભે છે. દઢપ્રહારીની જેમ આજ ભવમાં એક ભાવનાજ ભવ્ય જનને સત્વર મુક્તિ સમાગમની એક દૂતીરૂપ થાય છે. તે દઢપ્રહારીનું દષ્ટાંત આ પ્રમાણે છે:—

## ભાવધર્મોપરિ દઢપ્રહારી કથા.

એક નગરમાં અન્યાયવંતમાં આદ્ય અને મહા ક્રોધી એવો કોઈ બ્રાહ્મણપુત્ર રહેતો હતો. તે યૌવનવય પામ્યો એટલે કોઇ વાર ભવ્યની જેમ તે સારીરીતે ગ્રંથિભેદ[૧] કરતો અને કોઇ વાર સતૃષ્ણ ડુક્કરની જેમ તે ખાતર ખોદતો હતો. અન્યદા રાજપુરૂષોએ તેને પકડીને બ્રાહ્મણ હોવાથી અવધ્ય સમજી નગરની બહાર કાઢી મૂક્યો; એટલે જ્યાં ચોરીનાં નિરંતર ગીત ગવાઈ રહ્યા છે એવી ચોરોની પલ્લીમાં તે ગયો. ત્યાં સ્થાનનો લાભ થવાથી મનમાં પોતાને કૃતાર્થ માનતો એવો તે વિપ્રસુત ચોરસેનાપતિ ( પલ્લીપતિ ) ની નિરંતર સેવા કરવા લાગ્યો, એટલે તેના ઉત્કટ ( પ્રચંડ ) ચારિત્રથી તેને પોતાના સમાન સમજીને ચોરસેનાપતિએ તેને પુત્ર તરીકે માન્યો. અનુક્રમે તે ચોરસ્વામી પંચત્વ પામ્યો. ચોરોએ મળીને તેને તેના પદપર સ્થાપ્યો એટલે તે વિશેષ ક્રૂરકર્મી થયો. તે વિપ્રપુત્ર નિર્દયપણે પ્રાણીઓને દઢ પ્રહાર કરતો હતો તેથી **દઢપ્રહારી** એવું તેનું નામ પડ્યું. નગરોને તે ભાંગવા લાગ્યો, મુસાફરોને પકડવા લાગ્યો અને સ્વાર્થ સાધવાને આગ્રહી એવો તે ગામોને બાળવા લાગ્યો.

---

૧ ભવ્યજીવો ગ્રંથિભેદ કરી સમકિત પામે છે, આ ગાંઠ કાપીને દ્રવ્ય મેળવવા લાગ્યો. તેમજ ડુક્કર જેમ જમીન ખોદે તેમ આ ભીંત વિગેરે ખોદીને ખાતર પાડવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા જાણે પોતાના જુદા અવયવ હોય તેવા તસ્કરોની સાથે મહા ભુજાવાળો તે કુશસ્થલ નામના ગામને ભાંગવા ગયો. ત્યાં દેવશર્મા નામે એક દુઃખી બ્રાહ્મણ રહેતો હતો. સ્વાંગની જેમ દારિદ્રય તો ચિરકાળથી તેના જન્મની સાથેજ પ્રગટ થયું હતું. એક દિવસ બાળકોએ તે વિપ્ર પાસે ક્ષીરભોજન માગ્યું, કારણ કે 'બાળકો પોતાના ઘરની સ્થિતિને જાણતા નથી.' ચોર, બાળક, રાજા અને બ્રાહ્મણ—એ પરપીડાને જાણતા નથી અને ગમે તે રીતે લેવાજ માગે છે.' પછી આખું ગામ ભમીને કયાંકથી દૂધ, કયાંકથી ચંદ્ર કિરણ જેવા ચોખા અને કયાંકથી સ્વસ્તિ બોલી ગોળ માગી લાવીને તેણે ખીર પકાવી અને પોતે નદીપર સ્નાન કરવા ગયો. એવામાં પેલા પ્રચંડ તસ્કરો તે વિપ્રના ઘરમાં પેઠા અને તેમાંના કોઇ એક ચોરે બાળકો પાસે રંકની જેમ ખીર જોઇને લઇ લીધી એટલે તે બાળકો કરૂણસ્વરે આક્રંદ કરવા લાગ્યા; કારણ કે સ્ત્રીઓની જેમ બાળકોનું પણ રૂદન એજ પ્રગટ અસ્ત્ર છે. બાળકોએ રૂદન કરતાં કરતાં નદીપર જઇને પોતાના તાતને કહ્યું કેઃ—'હે તાત! અમારા દેખતાં કોઈએ ઘરમાંથી ખીર લઇ લીધી.' તે સાંભળીને દુર્બળને સતાવનાર દૈવને મનમાં ઉપાલંભ આપતો અને 'શું ગામમાં બીજા ઘરોમાં દુકાળ પડ્યો છે?' એમ ક્રોધપૂર્વક બોલતો તેમજ મુખને લાલચોળ કરતો તે વિપ્ર ગામમાં આવ્યો અને યમના દંડની જેમ એક મોટો મુદ્દગર પોતાના હાથમાં લઇ ઘેર આવી એક નવીન ભૂતની જેમ પોતાના બાહુદંડને ઉછાળીને તે ચોરોને મારવા લાગ્યો; એટલે વાયુથી કપાસની જેમ તેનાથી ત્રાસ પામતા ચોરોને જોઇને યમદૂત જેવો તે તસ્કરસ્વામી (દઢપ્રહારી) પોતે દોડ્યો. એવામાં પ્રવાહ ને શિલાની જેમ સત્વર દોડતા એવા તેને વચમાં ગાય આડી આવી; એટલે જાણે દુર્ગતિથી પ્રેરિત થયો હોય અથવા રાક્ષસથી અધિષ્ઠિત થયો હોય એવા દયારહિત થયેલા તેણે તે ગાયને તરવારથી મારી નાખી. એટલે પોતાના બાળકનું રક્ષણ કરવા માટે મૃગ જેમ સિંહની સામે આવે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમ તે બ્રાહ્મણ પેલા તસ્કરનાયકની સામે થયો, અને બોલ્યો કે:—'અરે તસ્કર ! રે મૂર્ખ ! મારા ઘરમાં પેસીને તું શું મરવા માગે છે? વધ વિના માત્ર શ્રાપ દેવાવડે પણ મેં ઘણાને યમધામમાં પહોંચાડી દીધા છે.' તે સાંભળીને પ્રચંડ એવા તેણે તરવારથી તે દરિદ્ર બ્રાહ્મણનું વૃક્ષપરથી ફળની જેમ શિર નીચે પાડી દીધું. એવામાં 'અરે પાપી ! અરે પાપીઓમાં મુખ્ય ! અરે બ્રહ્મહત્યા કરનાર !' એમ બોલતી તે વિપ્રની સગર્ભા સ્ત્રી દઢપ્રહારીની સામે આવી; એટલે દુર્ગતિના સમાગમને માટે એક દૂતિ જેવી પાણીદાર તરવારથી તે નિર્દયે કોઠાના ફળની જેમ તેનું ઉદર ચીરી નાખ્યું, એટલે તેમાંથી નીકળી પડેલો, ભયથી કંપતો અને જરાયુ ( ગર્ભાવરણ ચર્મ ) માં રહેલો એવો તડફડતો ગર્ભ જોઇને તેના અંતરમાં કરૂણા પ્રગટ થઈ. તે બોલ્યો કે:—"અરે ! હા માત ! હા તાત !' એમ મોહથી સ્ફુટ વિલાપ કરતા એવા આ બાળકોને પણ મેં મારીજ નાખ્યા છે, કારણકે કઠોર કુઠારથી કાપી નાખેલા પલ્લવોની જેમ માબાપથી વિયુક્ત થયેલા બાળકો શું જીવી શકે ? અહો ! મને ધિક્કાર થાઓ કે—ગાય, બ્રાહ્મણ, સ્ત્રી અને બાળહત્યારૂપ જંતુને દુર્ગતિમાં નાખનાર એવું મહા પાતક મેં અનાર્યની જેમ ઉપાર્જન કર્યું. અહો ! હવે શું હું પોતાનો શસ્ત્રવડે આત્મઘાત કરૂં અથવા શું કુવામાં જઇને પડું ? અગ્નિમાં પ્રવેશ કરૂં ? કે વિષાદથી વિષપાન કરૂં ?" આ પ્રમાણે વૈરાગ્યભાવના ભાવતો તે ત્યાંથી પાછો ફર્યો. તેવામાં ઉદ્યાનમાં રહેલા સાધુઓને તેણે જોયા. તેમને પ્રણામ કરીને તે બોલ્યો કે:—'હે ભગવન્ ! હું પાપાત્મા અને દુરાશય છું. વળી આપ જેવાઓને નજરથી જોવાલાયક કે વચનથી ભાષણ કરવા લાયક પણ નથી. હે વિભો ! મારા કરતાં વધારે કોઇ પાપી, નિર્દય, અધર્મી કે અધમાધમ નહિજ હોય. એવા અધમનું ( મારૂં ) રક્ષણ કરવાને પણ આપ યોગ્ય છો; કારણ કે પ્રાયશ્ચિત્તના રહસ્યને જાણનારા મુનિઓ સર્વ સાધારણ–સર્વ જીવપર સમાન ભાવવાળા હોય છે.' પછી તે સાધુઓએ તેને સાધુધર્મનો ઉપદેશ આપ્યો, એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાપપંકને દૂર કરવાને નદીના પ્રવાહરૂપ એવું શ્રામણ્ય તેણે અંગીકાર કર્યું, અને સંસારપરના વૈરાગ્યથી રંગિત થયેલા તે શુદ્ધાત્માએ આ પ્રમાણે અભિગ્રહ લીધો કે:—' જ્યાંસુધી સ્વતઃ યા બીજાથકી પણ મારૂં કરેલ પાતક મને યાદ આવે ત્યાંસુધી મારે આહાર ન લેવો અને અક્ષીણ એવી ક્ષમા ધારણ કરવી. '

પછી પૂર્વે પરાભવ પમાડેલ એવા તે કુશસ્થલ નગરમાંજ મહાસત્ત્વવંત તથા કર્મનો ક્ષય કરવામાં તત્પર એવા દઢપ્રહારી મુનિ વિચરવા લાગ્યા. તેમને જોઇને નગરજનો ચિંતવવા લાગ્યા કે:—' હેરિક સમાન આ મહાપાપી, નટની જેમ વેષ પલટાવીને પુનઃ ગામ લુંટવાને માટેજ આવ્યો જણાય છે. અરે ! આ ગર્ભહત્યા વિગેરે મહાપાપ કરનારને દર્શનને મિષે તેની પાસે જઇને પણ આપણે મારી ન શકયા?' આ પ્રમાણે લોકો તેની વાકયબાણવડે તર્જના કરવા લાગ્યા. શ્રામગૃહોમાં ભિક્ષાને માટે પ્રવેશ કરતાં તે મુનિ ક્ષુદ્ર જંતુઓથી પણ પરાભવ અને ઢેફાંથી તાડના પામવા લાગ્યા. વિશેષે તાડના પામતાં છતાં પૂર્વના પાપને સંભારતા તે મહાત્મા આહાર લીધા વિના અહોનિશ તપ કરવા સાથે ક્ષમા ધરવા લાગ્યા. તે વખતે ગ્રામ્યજનો દૃષ્ટાંત આખલાની જેવા પાપ કરનાર તેના શરીરને યષ્ટિ મુષ્ટિથી અત્યંત પ્રહાર કરવા લાગ્યા. કાયોત્સર્ગમાં રહેલા એવા તેમને દેશના અનિષ્ટ સંયોગથી ઉત્પન્ન થયેલ ઉત્પાત જેમ નગરને આચ્છાદિત કરે તેમ ગ્રામ્યજનો ધુલિવૃષ્ટિથી દાટી દેવા લાગ્યા. એ રીતે ગ્રામ્યજનોથી પ્રતિદિન કદર્થના પામતા અને રજોગુણથી મુક્ત એવા તે મહામુનિ ભાવના ભાવવા લાગ્યા કે:—' અરે જીવ ! બહુ પ્રકારની કદર્થનાથી તું શામાટે દુભાય છે ? આપેલુંજ પાછું મળી શકે છે, નહિ આપેલું કદાપિ મળી શકતું નથી. તારાં અશુભ પરિણામથી આકૃષ્ટ થયેલ આ સંકટ તને પ્રાપ્ત થયું છે, તેથી જે તેં પૂર્વે અર્જિત કર્યું તે તારે ભોગવવાનુંજ છે. અન્ય મનુષ્યો તો હેતુમાત્ર છે. તેં જે પાપ ઉપાર્જન કર્યું છે તે કરોડો જન્મ સુધી ભોગ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાય તેટલું છે, છતાં જો શુભ ભાવપૂર્વક કષ્ટને સહન કરીશ તો આ ભવમાં થોડા વખતમાંજ તું ભોગવી લઈશ. કારણ કે:—

" अज्ञानी यत् कृतं कर्म, क्षिपेद्वत्सरकोटिभिः ।
तज्ज्ञानी गुप्तिसंपूर्णः क्षिपेदुच्छ्वासमात्रतः " ॥

'જે કર્મ અજ્ઞાની કરોડો વરસે ખપાવી શકે, તે કર્મ જ્ઞાની ત્રણ ગુપ્તિથી સંપૂર્ણ થઇને એક શ્વાસોશ્વાસમાં ખપાવી શકે છે.' વળી હે ચેતન! જાત્યરત્નની જેમ અલભ્ય એવું આ અદ્દભુત ચારિત્ર પામીને સમતાથી કર્મોનો ક્ષય કરી અવિનાશી સુખ ઉપાર્જન કર. વળી હે જીવ! આ ગ્રામ્યવચન પ્રથમ ઔષધની જેમ કટુક લાગશે, પણ પરિણામે તે અમૃતસમાન છે એમ સમજી લેજે. વળી હે જીવ! કર્મ ક્ષય કરાવવામાં આ બધા તારા મિત્રો છે, તેથી નિર્માલ્ય બનીશ નહિ; કારણ કે એમની સંપૂર્ણ સહાયથી તું સર્વ કર્મનો નાશ કરીશ. ચિરકાળ દુઃખો સહન કર્યા પછી ક્ષણભર જો સહન નહિ કરે તો પૂર્વનું સહન કરેલું બધું વૃથા જશે; કારણ કે પ્રાંતે મતિ તેવી ગતિ થાય છે. હે જીવ! તેં જેવું કર્મ કર્યું છે તેવું ખેદરહિત ભોગવી લે. કારણ કે કોદ્રવને વાવ્યા પછી કદી પણ ચાવલ ( ચોખા ) લણી શકાયજ નહિ. હે જીવ! જેવી સુખછાયાથી તેં કર્મ ઉપાર્જન કર્યું છે-તેવીજ સુખછાયા અત્યારે ધારણ કર. કારણ કે-મહાજનો સદા એકરૂપજ હોય છે." આ પ્રમાણે શુભ ભાવના ભાવતાં ચિત્ત વિશુદ્ધ થવાથી લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળજ્ઞાન તેમને ઉત્પન્ન થયું અને અયોગી ગુણસ્થાને રહેલા તે યોગીંદ્ર દઢપ્રહારી ભગવાન્ નિઃશેષ કર્માંશનો ક્ષય કરીને પરમપદને પામ્યા. હે રાજન્! ભાવધર્મનું યથાર્થ ફળ કહેવાને કોઈ પણ સમર્થ નથી. જુઓ! દઢપ્રહારી અત્યંત ક્રૂર છતાં ભાવધર્મથી અલ્પ સમયમાં પરમ પદ પામ્યા."

**ઇતિ દઢપ્રહારી કથા.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે આર્હત ધર્મનું સ્વરૂપ સાંભળીને શુભ ભાવરૂપ મેઘબિંદુથી તેના શરીરપર રોમાંચ ખડા થઇ ગયા; અને પોતાની ચારિત્ર લેવાની ઇચ્છા ગુરૂમહારાજને ફરીને જણાવી. એટલે અચલાદિક તેના મિત્રોએ પણ મુનીશ્વરને કહ્યું કે:-' હે ભગવન્ ! અમે પણ નરેંદ્રની જેમ પ્રીતિપૂર્વક તેની સાથે વ્રત ગ્રહણ કરશું. ' પછી રાજાએ કહ્યું કે:-' હે ભગવન્ ! હું પુત્રને રાજ્યપર બેસારીને અહીં આવું, ત્યાંસુધી આપ મારા પર કરૂણા કરીને અહીંજ રહો. ' એટલે ભગવાન્ વરધર્મા મુનીશ્વર બોલ્યા કે:-' હે દેવાનુપ્રિય ! કલ્યાણ સાધવામાં પ્રમાદ ન કરવો. ' રાજાએ કહ્યું કે:-' હે પ્રભો ! જ્યારથી આપની વાણી સાંભળી ત્યારથી જ પ્રમાદને મેં તજી દીધો છે. ' પછી ગુરૂને નમસ્કાર કરીને રાજા નગરમાં આવી રાજસભામાં ગયા. ત્યાં બલભદ્રકુમારના અભિષેકને માટે તૈયારી કરીને તેણે અષ્ટાંગ નિમિત્તના જાણ નૈમિત્તિકને બોલાવી પૂછયું કે:-' હે નૈમિત્તિક ! રાજ્યલક્ષ્મીની વૃદ્ધિ કરનારૂં શુદ્ધ લગ્ન કહો. '

પછી વિચારપૂર્વક ધરણીમંડળ ઉપર લગ્નકુંડળી સ્થાપીને જ્યોતિ:શાસ્ત્રનો પારંગત એવો નૈમિત્તિક બોલ્યો કે:-'હે રાજેંદ્ર! શુભ મુહૂર્ત્ત પાત, લત્તા, વેધ, પ્રગ્રહ અને એકાર્ગલાદિ દોષોથી રોગોથી કલેવરની જેમ નિર્મુક્ત હોવું જોઇએ, વળી ક્રૂર ગ્રહોથી જે ત્યક્ત હોય, એકાદ પણ ક્રૂર ગ્રહથી આલિંગિત ( સહિત ) ન હોય અને જન્મનક્ષત્રથી દશમું, અઢારમું, ઓગણીશમું અને એકવીશમું-એ નક્ષત્ર વર્જનીય કહેલ છે તેથી તેવા નક્ષત્રવાળું ન હોય તિથિ, ક્રૂર જન્મતિથિ, દગ્ધા, તારા, સામ્યવતી તિથિ, ત્રણ દિવસનો સ્પર્શ કરનારી વૃદ્ધિતિથિ, રિક્તા, ભદ્રા, સંક્રાંતિ અને ગ્રહણની તિથિ, ક્ષયતિથિ તથા કાળમુખી આટલી તિથીઓ ન હોય-તેવું મુહૂર્ત્ત ઉત્તમ કહ્યું છે. એવી અનેક ગુણયુક્ત મુહૂર્ત્તવાળી પુણ્ય તિથિ હે રાજન્ ! જાણે ભાગ્યથી જ આકર્ષાઇને આવી હોય તેમ આજે આવેલી છે. વળી રાહુ, કેતુ અને યમની છાયા, ક્રૂર વાર, તથા ક્રૂર વારનો દિવસ, વારનો અરિ અને હોરા, યમઘંટ, કર્કયોગ, ઉત્પાત, મૃત્યુ, કાણ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને સંવર્ત્તક–એ દોષો આ વારમાં કંઇ પણ નથી. વળી વિષ્કંભ, ગંડશૂલ, અતિગંડ, વજ્ર, વૈધૃતિ, વ્યાઘાત, પરિઘ અને વ્યતિપાત–એ નવ યોગોથી પરિત્યક્ત અને શુભ યોગોથી પરિવૃત્ત તથા કુત્સિત નામવાળા કાળદંડાદિ ઉપયોગથી રહિત હે રાજન્! આજનો દિવસ છે. વળી હે ભૂપ! ત્રિલોકના ઐશ્વર્યના સૂચક અને મનોહર એવા બવ, બાલવ તથા કૌલવ–એ ત્રણ કરણથી આ મુહૂર્ત્ત પાવન છે. વળી જન્મ વિનાનો મહિનો છે, તથા ધનુષ અને મીન રાશિમાં સૂર્ય રહેલો નથી, એટલે કે ધનાર્ક મીનાર્ક નથી અને સિંહરાશિમાં બૃહસ્પતિ રહેલો નથી, તેથી આ લગ્ન મનોહર છે. વળી હે નરેશ! મઘા, પુનર્વસુ, પુષ્પ, હસ્ત, સ્વાતિ, રેવતી, રોહિણી, શ્રવણ, ધનિષ્ઠા, ઉત્તરાત્રય, મૃગશીર્ષ, મૂલ અને અનુરાધા–એ પંદર નક્ષત્રો પ્રતિષ્ઠામાં શ્રેષ્ઠ ( શુભ ) ગણાય છે. શનિ, રવિ અને મંગલ જો છઠ્ઠા અને ત્રીજા ઘરમાં હોય, તો શુભ અને સર્વ કાર્ય સાધનાર થાય છે, જો બુધ પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને દશમા સ્થાને હોય અને ગુરૂ પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, નવમા, સાતમા અને દશમા સ્થાનમાં હોય–તો શુભતર કહેલ છે. તથા શુક્ર એક, પાંચ, ચાર, નવ અને દશમા સ્થાને રહેલ હોય તો તે સંતોને પ્રીતિકર–શુભતર છે. તથા રાહુ અને કેતુ જો અગીઆરમા સ્થાનમાં હોય તો શુભ જાણવા. એ ગ્રહો પ્રતિષ્ઠામાં લગ્નને વિશિષ્ટ બનાવે છે.'

આ પ્રમાણે સાંભળી તે નૈમિત્તિકને દ્રવ્ય આપીને એજ લગ્નમાં રાજાએ બલભદ્રને રાજ્યપર બેસાર્યો. પછી મહાબલ રાજા શિબિકાપર આરૂઢ થઇને મુનીંદ્રની ચરણરજથી પાવન થયેલ મહા ઉદ્યાનમાં આવ્યા, તે વખતે પોતાના સ્થાનપર સત્પુત્રને સ્થાપન કરીને નિશ્ચલ આશયવાળો અચલ, સ્થૈર્યાદિ શ્રેષ્ઠ ગુણોથી ધરણી સમાન ધરણ, સપ્ત ક્ષેત્રમાં ધન વાવરીને મનુષ્યોના ઋણરહિત થયેલો પૂરણ, વસુથી[1] વિશ્વને પૂરતો અને કાંતિવડે સૂર્ય સમાન વસુ,

[1] સૂર્યના પક્ષમાં કિરણ–વસુના પક્ષમાં ધન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રમણત્વમાં કટિબદ્ધ થયેલ મહામતિ વૈશ્રમણ, ગુરૂશુશ્રૂષાની આશાથી નિસ્તંદ્ર એવો અભિચંદ્ર—એ સર્વે મિત્રો ભાવનાથી ભવ્ય બની શિબિકાપર આરૂઢ થઈને પોતાના વૈભવને અનુસારે દાન દેતા યથોચિત વિત્ત વાપરતા સતા વ્રત લેવાને માટે ગુરૂમહારાજની પાસે આવ્યા. એટલે સરલાશયવાળા મુનીશ્વરે તેમને ડાબી બાજુએ ઉભા રાખીને વિધિપૂર્વક ધર્મધ્વજાદિ[1] ઉપકરણો અર્પણ કર્યાં. પછી જાણે મૂર્તિમાન્ પાંચ ઇંદ્રિયોના વિષયો હોય તેમ મસ્તકના કેશનો ગુરૂના આદેશથી પાંચ મુષ્ટિવડે તેમણે લોચ કર્યો. પછી મોક્ષલક્ષ્મીના પાત્રરૂપ એવો સામાયિક—મહામંત્ર તેમણે ગુરૂની સુધા વરસતી વાણીથી ઉચ્ચર્યો, તે વખતે તરતમાંજ સાધુવેષ ધારણ કરેલા છતાં તપસ્વી અને સંવૃત્ત અંગવાળા તેઓ સમાધિસ્થ ચિરદીક્ષિતની જેવા દીપવા લાગ્યા. પછી ગુરૂમહારાજને ત્રણ પ્રદક્ષિણા દઈ તેમના ચરણને નમીને વિનયથી નમ્ર મુખવાળા તેઓ ગુરૂની આગળ બેઠા. એટલે તેમના ભાવની વૃદ્ધિને માટે ગુરૂમહારાજ ઉપદેશ આપવા લાગ્યા કે:—

'હે ભદ્રો ! મોક્ષનગર તરફના પ્રસ્થાનમાં રથ સમાન ઉત્તમ શ્રામણ્ય તમને પ્રાપ્ત થયું છે. ચક્રીત્વ, દેવત્વ, નૃપત્વ અને અહમિંદ્રતા પ્રાપ્ત થવી સુલભ છે, પણ આ શ્રમણત્વ પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે, કારણ કે:—

" एकाहमपि निर्मोहः, प्रव्रज्यापरिपालकः ।
न चेन्मोक्षमवाप्नोति, तथापि स्वर्गभाग् भवेत् " ॥

'એક દિવસ પણ મોહરહિતપણે પ્રવ્રજ્યા પાલનાર ભવ્ય જીવ કદાચ મોક્ષ ન પામે, તો પણ સ્વર્ગ તો અવશ્ય પામેજ.' તો જેઓ લક્ષ્મીનો તૃણની જેમ ત્યાગ કરીને દીક્ષા લઇ ચિરકાળ પાળે તેવા મહા ભાગ્યવંતની તો વાતજ શી કરવી ?' આ પ્રમાણેની કુમતિરૂપ તિમિર શ્રેણિને રવિના તેજ સદૃશ પાવન દેશના

[1] ધર્મધ્વજ—ઓઘો, મુહપત્તિ વિગેરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળીને વિનયથી નમ્ર, પ્રીતિયુકત અને સમતામાં લીન એવા તે સાતે મુનીંદ્રો પરમ હર્ષને પામ્યા.

॥ इति श्रीविनयचंद्रसूरिविरचिते श्रीमल्लिस्वामिचरिते विनयांके महाकाव्ये दान–शील–तपो–भावनासु जिनदत्त–वनमाला–श्रीविद्याविलासक्षितिपति–श्रीदृढप्रहारि महर्षिकथागर्भितः श्री महाबलराजर्षि–अचल–धरण–पूरण–वसु–वैश्रमणा–ऽभिचंद्र व्रतमहोत्सवव्यावर्णनो नाम द्वितीयः सर्गः ॥

# तृतीय सर्ग.

જગજ્જનોને હિતકારક એવા તે સાતે તપસ્વી મુનિઓ અવિયુક્ત ગુણોની જેમ એકત્ર રહીને ગુરૂમહારાજની સાથે વિચરવા લાગ્યા. યથાવિધિ ગુરૂઆજ્ઞાની જેમ પાંચ સમિતિને સંભાળતા અને ઉત્કૃષ્ટ આચાર જેમને પ્રિય છે એવા તેઓ ઉંચા પ્રકારની સમતાને સેવવા લાગ્યા. હરિણો પોતાના કુઠાર જેવા તીક્ષ્ણ શૃંગોથી કાયોત્સર્ગે રહેલા એવા તે મુનિઓના શરીર સાથે પોતાના સ્કંધનું કંડુયન[1] કરવા લાગ્યા. પ્રાણીઓ જેમ પોતાની છાયાને ન ઓળંગે તેમ ક્ષુધાર્ત્ત છતાં દુસ્તપ તપને આચરતા એવા તે ધીર મુનિઓ એષણાનું કિંચિત્ પણ ઉલ્લંઘન કરતા નહોતા, જંગલના માર્ગમાં ભમવાથી અત્યંત પિપાસિત થયા છતાં તેઓ અમૃતપાન કરેલાની જેમ અપ્રાસુક જળને ઇચ્છતા નહોતા, હિમકણોથી વ્યાપ્ત એવી શીતથી બાધા પામતા છતાં તેઓ ગીષ્મસમયમાં સંતાપિત થયેલાની જેમ અગ્નિજ્વાળાની કદાપિ વાંચ્છા કરતા નહોતા, તાપથી અંગ દહ્યમાન થયા છતાં અને કાયોત્સર્ગમાં સ્થિત રહ્યા સતા તેઓ

૧ ખભા ખણવા–ખજવાળવા તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વસ્થ શ્રીમંતોની જેમ વૃક્ષની છાયાનો પણ આશ્રય લેતા નહોતા, લોહની સોય સમાન મચ્છરના ડંખથી પીડા પામતાં છતાં તેઓ ઉદ્વેગ કે દ્વેષ લેશ પણ કરતા નહોતા. એવી રીતે પરિષહ સૈન્યનો જય કરતા અને ગુરૂ આજ્ઞાને આધીન વર્તતા એવા તે તપસ્વીઓ અનુક્રમે ફરતા ફરતા વીતશોકાપુરીમાં પધાર્યા; એટલે ઉદ્યાનપાલકે 'જયવંત રહો ' એવા આશીર્વાદપૂર્વક તેમનું આગમન ત્યાંના રાજાને નિવેદન કર્યું; એટલે પૌરજનોથી પરવરેલો અને સ્વભાવે ભદ્રક એવો બલભદ્ર રાજા ભક્તિપૂર્વક તેમને વંદન કરવા માટે ત્યાં આવ્યો, અને તેમને વંદન કરીને ઉચિત સ્થાને બેઠો, એટલે તેમનામાં મુખ્ય અને ઉપદેશ આપવામાં કુશળ એવા મહાબલ મહામુનિ દેશના આપવા લાગ્યા કેઃ—

'અનાદિ અને અનંત એવું **સંસાર** નામે આ નગર છે, જેનું સંપૂર્ણ સ્વરૂપ કેવળી ભગવંત વિના કોઈ કહી શકે તેમ નથી. તે નગરમાં સૌધર્માદિ દેવવિમાનોરૂપ દેવમંદિરો છે અને કર્મભૂમિ તથા અકર્મભૂમિ વગેરે સમસ્ત ક્ષેત્રો કરિયાણાથી પરિપૂર્ણ એવી દુકાનો સમાન છે. વળી જ્યાં શૈવ, વૈશેષિક, બૌદ્ધ, કાપિલ અને નાસ્તિક–એ પાંચ દાર્શનિકો મીઠું મીઠું બોલીને પોતાનો ગમે તેવો માલ વેચનારા વેપારીઓ જેવા છે. વળી જ્યાં મોહ એ કિલ્લારૂપ છે, તૃષ્ણા એ મોટી ખાઇ છે અને સુખદુઃખના સમાગમરૂપ વિશાળ રસ્તાઓ છે. શબ્દાદિ પાંચ વિષયો જ્યાં પાદરદેવતા છે અને જંતુઓના દેહરૂપ જ્યાં ચારે બાજુ વિશાળ જંગલો આવેલા છે, ત્યાં **કર્મપરિણામ** નામે મહાબળીષ્ઠ રાજા છે. જેની આજ્ઞા સર્વ મનુષ્યો અને દેવો પણ પુષ્પમાળાની જેમ વહન કરે છે, જેની સર્વત્ર અલંધ્ય રચના છે, જેનો ઉદ્યમ વચનને અગોચર છે અને જે સારી ગતિવાળી છે એવી **કાલસંગતિ** નામે તેની પટરાણી છે. દેવપૂજામાં તત્પર, શાંત, મનોહર, સારાં સ્વપ્નોથી સૂચિત, ક્રોધ, માન, માયા અને લોભ જેને અલ્પ છે એવો, કુશળ, આસ્તિક, સાત્વિક, પ્રાજ્ઞ,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શુભ માર્ગનો પ્રરૂપક અને પવિત્ર આચરણમાં પ્રેમાળ ભવ્ય નામે તેમને પુત્ર થયેલો છે; તથા કળહી, ક્લિષ્ટ કર્મજ્ઞ, મહામોહયુક્ત, નિગોદ તથા પૃથ્વીકાયાદિમાં સ્થિતિ થવાથી જેણે ઉત્સવ કરેલો છે, પુદ્ગલપરાવર્ત્તરૂપ અક્ષય ભંડારનો જે રક્ષક છે એવો અભવ્ય નામે તેમને બીજો પુત્ર છે.

એકદા અભવ્યને યૌવન પામતો જોઇને કાળપરિણતિ રાણી ચિંતાથી આકુળવ્યાકુળ થઇ ગઇ. તેને ચિંતાતુર જોઇને રાજાએ કહ્યું કે:—'હે સુભગે! કોમળ વચનથી તારી ચિંતાનું કારણ નિવેદન કર.' તે બોલી કે:—'હે દેવ! તમારો અભવ્ય પુત્ર યૌવન પામ્યો છે છતાં તમે હજી કોઇ ઉત્તમ કુલીન કન્યા સાથે તેને પરણાવતા કેમ નથી?' એટલે રાજા બોલ્યો કે:—'હે સુલોચને! તેં મને ઠીક સંભારી આપ્યું, કારણ કે અનેક કાર્યમાં વ્યગ્ર હોવાથી મને બહુ વખત વિસ્મૃતિ થઇ જાય છે.' પછી સર્વ કાર્યના જાણ એવા કર્મપરિણામ રાજાએ પ્રતીહારી મોકલીને ક્લિષ્ટાશય નામના દૈવજ્ઞને બોલાવ્યો, તે આવ્યો એટલે બોલવામાં કુશળ એવા રાજાએ કહ્યું કે:—'હે ભદ્ર! મારા અભવ્ય પુત્રને યોગ્ય વધૂ કઇ છે? તે જ્ઞાનથી જાણીને નિવેદન કરો.' પછી જ્ઞાનથી બરાબર વિચાર કરીને તે ઉંચે સ્વરે બોલ્યો કે:—

'હે રાજન્! કાલપ્રતિષ્ઠ નામે અવ્યવહાર પત્તન[1] છે, ત્યાં અનાદિ વનસ્પતિ નામે રાજા છે, તેને અનંતકાલચક્રા નામે પ્રાણપ્રિય પત્નિ છે, તે દંપતીને તીવ્રમોહોદિતિ નામે એક કન્યા છે. જેનું અતિશયયુક્ત રૂપ જોઇ શકાય નહીં એવું છે. તેની સાથે આ આપના અભવ્ય પુત્રના જો લગ્ન થાય તો સુવર્ણ અને સુરભિના યોગ જેવું અને રત્ન સુવર્ણની સાથે જોડ્યા જેવું થાય.' આ પ્રમાણે સાંભળીને રાજાએ પોતે તેની પાસે નાસ્તિક નામનો પોતાનો દૂત મોકલ્યો. તે દૂતે ત્યાં જઈ પ્રણામ કરીને કહ્યું કે:—"હે સ્વામિન્! તમારી તીવ્રમહોદિતિ પુત્રી મારા પુત્રને આપો. એમ

1 અવ્યવહાર રાશી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારા સ્વામી તમને મારા મુખે કહેવરાવે છે. તમારા બંને વચ્ચે સ્નેહ તો જો કે કુળપરંપરાથી ચાલ્યો આવે છે, તથાપિ તેને વધારે દઢ કરવા માટે અત્યારે આ સંબંધ કરો." એટલે અનાદિવનસ્પતિ રાજા બોલ્યો કે:—'અહો! આલસ્યથી ઉપહત એવા મારૂં વિસ્મિત મુખકમળ આજે ગંગામાં નાહ્યું; અર્થાત્ આળસુને ગંગાસ્નાન ઘેર બેઠા પ્રાપ્ત થયું. સેંકડો મનોરથ કરતાં પણ ભાગ્યહીન જનોને અલભ્ય યોગ્ય જમાઇનો લાભ મને પ્રાપ્ત થયો. શ્રીમાન્ કર્મપરિણામ રાજાનો સુદુર્લભ એવો આદેશ ગોશીર્ષની માળાની જેમ હું ચિરકાળથી ધારણ કરતો આવ્યો છું તેમ આ આદેશ પણ સ્વીકારૂં છું.' આ પ્રમાણે પોતાનો પ્રમોદ જાહેર કરી તાંબૂલ, વસ્ત્ર અને પાત્રાદિકથી તેનો સારી રીતે સત્કાર કરીને તે રાજા કુશળ ( પ્રખ્યાત ) જનોમાં પોતાને અગ્રેસર માનવા લાગ્યો. પછી નાસ્તિક દૂતે આવી અંજલિ જોડીને તે હકીકત બધી કર્મપરિણામ રાજાને નિવેદન કરી. તે સાંભળીને રોમાંચિત થઇ તેણે કિલષ્ટાશય નામના કિલષ્ટ નિમિત્તજ્ઞને બોલાવ્યો, અને કહ્યું કે:—' હે દૈવજ્ઞ ! પરમ અને ઉચ્ચ ગ્રહયુક્ત એવું સલ્લગ્ન કહો કે જેના પ્રભાવથી મારા પુત્રને અનંત સંતતિ થાય.' એટલે પટ્ટપર યથાવિધિ ગ્રહચક્ર આળેખીને દૈવજ્ઞે કહ્યું કે:—' હે દેવ ! આજથી પાંચમે દિવસે ઉત્તમ લગ્ન આવે છે અને ત્યારપછી તે કરતાં શુભતર લગ્ન વરસને અંતે આવે છે, પણ હે રાજન્ ! સારા કામમાં વિલંબ ન કરવો.' પછી રાજાએ તરત મિથ્યાદર્શન નામનો પોતાનો મંત્રી વનસ્પતિ રાજા પાસે મોકલ્યો; એટલે તે મંત્રીએ વનસ્પતિ રાજા પાસે આવીને ઉત્તમ લગ્નનો નજીકનો દિવસ તેને નિવેદન કર્યો. વનસ્પતિરાજે કહ્યું કે:— ' હે ભદ્ર ! એ લગ્ન મને પ્રમાણ છે અને વિવાહને ઉચિત તૈયારી હું સત્વર તૈયાર કરાવીશ. કારણ કે:—દેવોને મન ( વિચાર ) ની સાથેજ ક્ષણવારમાં કાર્ય થાય છે, રાજાઓને વચનની સાથે થાય છે અને શ્રીમંતોને ધનદાનથી સત્વર કાર્ય થાય છે.' પછી રાજાએ બાદર નિગોદરૂપ પોતાના સેવકોને આદેશ કર્યો કે:—' ચંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવા ઉજ્વળ પકવાનના પર્વતો તૈયાર કરો, મહાવાપીઓ પગલે પગલે પ્રાજ્ય ઘૃતથી ભરી મૂકો, તથા રમણીય રંગથી અને સુચિત્રોથી શોભતા એવા ગૃહમંડપો પણ તૈયાર કરો. ભવિતવ્યતા વિગેરે ( સુવાસિની ) સ્ત્રીઓ પાસે ધવળમંગળ પૂર્વક પાપડ તૈયાર કરાવો અને ક્ષુલ્લક સવગ્રહણ નામના લેખકો પાસે લગ્નદિવસને સૂચવનારા લેખ ( કંકોત્તરીઓ ) કુંકુમથી લખાવી સ્વજનોને મોકલો.' આ પ્રમાણે આજ્ઞા કરીને વનસ્પતિ રાજાએ તે મંત્રીને પાછો મોકલ્યો. તેણે પોતાના નગરમાં આવીને કર્મપરિણામ રાજાને કહ્યું કે:—'હે સ્વામિન્! અનંતવનસ્પતિ રાજાએ વિવાહની તૈયારી કરી છે.' પછી વનસ્પતિના આદેશથી વરને આમંત્રણ કરવા માટે ઉન્માર્ગદેશક નામના પુરૂષો સંસારપત્તનમાં ગયા. કર્મ રાજાએ ઉત્સાહપૂર્વક તેમને પ્રવેશ કરાવ્યો અને પ્રફુલ્લિત લોચનવાળા તેમને નૃત્ય નામના આવાસમાં ઉતાર્યા. પછી મર્મોદ્ઘટ્ટના નામની વધૂએ તેમને સ્નાન કરાવ્યું અને ધૂર્ત્ત-રસોયો તેમને દુર્વાક્ ( દુર્વચન ) રૂપ રસવતીગૃહ ( રસોડા ) માં લઇ ગયો. ત્યાં મત્સરરૂપ થાળ મૂકીને અનાર્ય આચરણાદિક મૃગાક્ષીઓ તેમને પીરસવા લાગી. ભોજનને અંતે ઉન્માર્ગદેશકોએ રાજા પાસે આવીને લગ્નના દિવસે ત્યાં આવવાનું આમંત્રણ કર્યું. પછી લગ્નયાત્રાને માટે ઉદ્યમ કરનાર એવા રાજાએ વસ્ત્રાદિકથી તેમનો સત્કાર કરીને નિધત્તરૂપ સ્તંભવાળા ઘરમાં તેમને આવાસ અપાવ્યો. અભિગૃહિત[1] વિગેરે પાંચ દુર્જય ભ્રાતાઓ શૃંગાર ધારણ કરીને ત્યાં ભ્રાતૃવ્યના લગ્નમંગલમાં દાખલ થયા. દ્વાદશારક (બાર આરા) રૂપ કાલસંગતિના સહોદરો માતૃગૃહનો સરસ સામાન લઇને ત્યાં ઉપસ્થિત થયા. પછી મન્મથની રતિ અને પ્રીતિ પ્રેમદાથી ગવાતા ધવળમંગળપૂર્વક રજથી આકાશને શ્યામ કરનાર એવો અભવ્ય વરરાજા પરણવા ચાલ્યો; એટલે વરને આવતો સાંભળીને વનસ્પતિ રાજાએ નગરને ધ્વજાઓની શ્રેણીઓથી

૧ અભિગૃહિત, અનભિગૃહિત, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક—પાંચ પ્રકારના મિથ્યાત્વ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુશોભિત કરાવ્યું. પછી હંસ જેમ કમળવનને અલંકૃત કરે તેમ વરે રાજાએ દર્શાવેલ રાગ નામના જન્યમંદિરને અલંકૃત કર્યું. ત્યાં વનસ્પતિ રાજાએ ઉત્સાહથી કુવાસના અને કામેચ્છાના ધવળમંગળ પૂર્વક ધૂલિભક્તને મોકલ્યો. પછી લલનાઓએ સ્વસ્તિ વચનોની રચનાથી અભવ્યને નિકાચિત નામના ચારૂ વર્ણકપર સ્થાપન કર્યો, ત્યારબાદ નીરંગી પૂર્વક શ્વેત વસ્ત્રથી શરીર આચ્છાદિત કરીને વરરાજા યથાવિધિ ઉન્માદ નામના હસ્તીપર આરૂઢ થયો. એટલે સ્થૂલ અને સૂક્ષ્મ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદરૂપ ધવળમંગળથી પુદ્‌ગલ પરાવર્તો જેના પરાક્રમને ગાઈ રહ્યા છે, અને આગળ રહેલા બંદીજનોની જેમ બેઇંદ્રિયાદિક જીવો પગલે પગલે જેના સમસ્ત ગુણો વર્ણવી રહ્યા છે એવો અભવ્ય વરરાજા કૌતુકભવન પાસે આવીને સુબોધથકી દુર્મતિની જેમ તે હાથી પરથી નીચે ઉતર્યો. પછી પોતાના વસ્ત્રથી અનંતકાલચક્રા નામની બ્હેનથી આકૃષ્ટ થયેલ એવા તે વરરાજાએ પોતાના પાદ-પ્રહારથી સંવ્યાનરૂપ સંપુટને ફોડ્યો, અને યથાપ્રવૃત્તિ નામની કુળદેવીને પ્રણામ કરીને મોહોદિતિ વધૂ સાથે તારામેળ કર્યો. પછી કૃતજ્ઞ એવા અનાદિ ભવરૂપ બ્રાહ્મણે મંત્રપુરઃસર તેમનો હસ્ત મેળાપ કરાવ્યો; એટલે વનસ્પતિ રાજાએ કરમોચન વખતે તેમને ભવવેદ્યા નામની અક્ષયકારિણી વિદ્યા આપી. પછી વિવાહમંગળ સમાપ્ત થતાં દશ દિવસ મહોત્સવ પૂર્વક ત્યાં રહીને વરરાજા પોતાના સંસાર પત્તનમાં આવ્યા. પછી તે નવોઢાની સાથે પંચવિધ ભોગ ભોગવતાં તેને પૃથ્વીપર પ્રખ્યાત એવા વિકાર નામના પાંચ પુત્રો થયા અને વક્ર ચેષ્ટાવાળા તે પાંચ પુત્રોની સાથે અભવ્ય રાતદિવસ આસન્નસિદ્ધિક અને અદૂરસિદ્ધિકના સ્થાનને ઉપદ્રવ કરવા લાગ્યો; એટલે તેમનાથી ઉપદ્રવ પામેલા એવા આસન્નસિદ્ધિક અને અદૂર-ભવ્યાદિક એકત્ર થઇ ભેટણા લઇને કર્મરાજા પાસે આવ્યા અને કર્મ-રાજાને પ્રણામ કરીને તેમણે તે બધું નિવેદન કર્યું; કારણકે પરજનોથી પરાભવ પામેલા સર્વને રાજાજ શરણભૂત હોય છે. કહ્યું છે કેઃ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" दुर्बलानामनाथानां, बालवृद्धतपस्विनाम् ।
अन्यायैः परिभूतानां, सर्वेषां पार्थिवो गतिः " ॥

" દુર્બળ, અનાથ, બાળ, વૃદ્ધ અને તપસ્વી એટલા અન્યાયથી પરાભવ પામે ત્યારે તેમને રાજાજ આશ્રયરૂપ છે,' તેમની હકીકત સાંભળીને રાજા બોલ્યો કે:— ' અરે નગરવાસીઓ મારા વલ્લભ પુત્રનો તમે અન્યાય કેમ પ્રગટ કર્યો ? મારો પુત્ર જે કાંઈ તમારા ઘરમાંથી લઈ લે તે તેનું અને બાકીનું જે શેષ રહે તે તેનો તમારાપર પ્રસાદ સમજવો. જો તમે અહીં ન રહી શકતા હો, તો મારા નગરમાંથી ચાલ્યા જાઓ, મારા નગરના કોઇ પણ ભાગમાં આ મારો પુત્ર સંકોચ કે પ્રતિબંધ પામશે નહિં ' પછી નેત્ર સંજ્ઞાથી સૂચિત થયેલા કલિ નામના પ્રતીહારે અનાથની જેમ તેમને રાજા આગળથી ગળું પકડીને બહાર કાઢી મૂકયા એટલે ખિન્ન મનવાળા, દીન મુખવાળા અને ભ્રષ્ટ બુદ્ધિવાળા થયેલા તેઓ ચિરકાળ ચિત્તમાં વિચાર કરીને ભવ્યના મહેલમાં ગયા. ચિરકાળે તેમને આવેલા જોઇને પુનઃ પુનઃ સ્નેહદષ્ટિથી જોઈ ભવ્યકુમારે તેમનું અભ્યુત્થાન કર્યું; કારણ કે અભ્યાગત સર્વના ગુરૂ ( મોટા ) ગણાય છે. પછી જાણે દ્રવ્ય આપેલ હોય તેમ કંઈક આશ્વાસન પામીને પરમ હર્ષથી તેમણે ભવ્યકુમારને પ્રણામ કર્યો, અને કર્મરાજાએ કરેલ અપમાન તેને નિવેદન કર્યું. કારણ કે મિત્રોને અંતર દુઃખ કહેવામાં આવે, તો તે કંઇક અવશ્ય ઓછું થાય છે. પછી ભવ્યરાજકુમારનું જાણે બીજું અંતર હોય એવા સમીપે બેઠેલા સદાગમ નામના મિત્રના મુખ સામે તેણે જોયું, એટલે તે બોલ્યો કે:-" હે દેવ ! મારૂં વચન સાંભળો કે જેથી એમનું રક્ષણ કરવાને તમે સમર્થ થઈ શકોઃ—

આ ચૌદ રજ્જ્વાત્મક ભવસાગરમાં ભવ્યજનોને લભ્ય એવો ગ્રંથિભેદ નામે દ્વીપ છે. ત્યાં અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના આરક્ષકયુક્ત તથા છ આવલિમાં ઓળંગી શકાય એવા સાસ્વાદન નામના કિલ્લાવાળું સમ્યગ્દષ્ટિ નામે એક પ્રખ્યાત મહા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગર છે. ત્યાં સુબોધ નામે રાજા રાજ્ય કરે છે. તેને બુદ્ધિસુંદરી નામે ભાર્યા છે. તે રાજાનો ત્રિપુંજીકરણ નામે એક મહામતિ બંદી (સ્તુતિપાઠક) છે; જે શ્રી વીતરાગની બોગાવળી સદા ગાયા કરે છે. ત્યાંથી આગળ તેત્રીશ સાગરોપમપ્રમાણ અનુત્તર દેવોથી ભાસુર[1] એવી અવિરતિ નામે એક શુભ નગરી છે. તેથી આગળ દેશવિરતિ નામે એક મહાગ્રામ શોભે છે, જ્યાં ભવ્ય નામે ધાર્મિક ઉપાસક (શ્રાવક) વિલાસ કરે છે. ત્યાર પછી સર્વવિરતિ નામે એક મોટું નગર છે, જ્યાં પરાક્રમનો ભંડાર એવો ચારિત્ર નામે રાજા છે. કોમળ બોલનારી અને અતિ વિદુષી એવી ક્ષમા નામે તેની પટરાણી છે, જેના રૂપને મુનીંદ્રો પણ જ્ઞાનગીતિથી ગાયા કરે છે. તે રાજાને સમ્યગ્દર્શન નામે મહા અમાત્ય છે અને તેનો પવનની જેવો સર્વવ્યાપક મિશ્ર નામે સેવક છે. જો તે રાજા ને મંત્રીની પાસે ભવ્ય એવા મહાભાગ્યથી જઈ શકાય, તો એ કર્મરાજાનું અવશ્ય મહા અપમાન કરી શકાય તેમ છે. હે મહાભાગ! સહાય વિના કંઈ પણ કરી ન શકાય. વાયુના સહાયથી જ અગ્નિ કાષ્ટને બાળી શકે છે. કહ્યું છે કે:—

" असहायः समर्थोऽपि, तेजस्वी किं करिष्यति ।
निर्वाते ज्वलितो वह्निः, स्वयमेवोपशाम्यति " ॥

'સમર્થ અને તેજસ્વી પણ સહાય વિના શું કરી શકે? કારણ કે વાયુ વિના સળગાવેલ અગ્નિ સ્વયમેવ પ્રશાંત થઈ જાય છે."

આ પ્રમાણે સાંભળીને જાણે સુકૃતથી સારી રીતે પ્રેરાયેલ હોય તેમ પ્રબળ એવા સર્વ શુભ શકુનોથી પ્રેરાયેલ અને મિત્રસહિત કર્મનંદન (ભવ્ય) ચાલતો થયો. પછી પ્રભાતે તેના બધા ઘર શૂન્ય જોઈને લોકોએ ક્રોધાયમાન એવા રાજાને નિવેદન કર્યું. ક્રોધાગ્નિને પવનરૂપ તે વચન સાંભળીને રાજાએ બહુ જનોને સંમત એવા મિથ્યાત્વ નામના મહાઅમાત્યને બોલાવ્યો, અને સજળ મેઘના જેવા સ્વરથી કહ્યું કે:—" હે મહાભાગ! જગતમાં વ્યાપક એવા મિશ્રદૂતે મને કહ્યું કે:—' હે સ્વામિન્! ભવ્ય જનોના સમૂહ સહિત ભવ્ય-

૧ અનુત્તર વિમાનના દેવો પણ તે નગરીના નિવાસી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમાર અર્ધરાત્રે ઉચાળો ઉપાડીને સર્વવિરતિ નગરમાં ચાલ્યો ગયો છે. તેને ચારિત્રરાજાએ સન્માનપૂર્વક પોતાની પાસે રાખ્યો છે અને નિરંતર તેને પુત્રની જેમ જુએ છે. વળી ચારિત્રરાજાના ધર્મપુત્રની સાથે નીલીરક્ત[1] વસ્ત્રની જેમ તેની અવિનશ્વર મિત્રાઇ થઇ છે. વળી ભવથી વિરાગી થઇને ભવ્યકુમાર સારા લક્ષણવાળી સન્માર્ગદેશના નામની વારાંગનાને ઘેર રહ્યો છે; માટે હે કર્મભૂપતે ! ક્રમે ક્રમે સુબોધથી ઉદ્વાસિત તે નગરમાં લોકો બહુ ઓછા થઇ જશે.' આ પ્રમાણે સાંભળીને ક્રોધથી ઓષ્ઠને પીસતાં મેં કહ્યું કેઃ—' એ ચારિત્રરાજાનો હું એક શૃગાલની જેમ નાશ કરીશ.' હે મહત્તમ ! મેં તો ચારિત્રનું નામ પણ આજેજ સાંભળ્યું. વસુધાપર મારા સિવાય બીજો રાજા કદિ પણ સાંભળવામાં આવેલ નથી; અથવા તો અર્થી જનોને પ્રિય કલ્પવૃક્ષ વિદ્યમાન છતાં મૂઢ જનો સ્નુહી ( થોર ) ને પણ શું મહાવૃક્ષ કહેતા નથી ?" એવામાં અભવ્યકુમાર બોલ્યો કેઃ—' જે પુરૂષ પોતાના બાણના ભાથામાં ગરૂડની પાંખ આરોપવાને ઇચ્છે, જે દિગ્ગજોના દાંતથી પોતાની પ્રિયાના સુંદર કંકણ કરવાને ઇચ્છે અને જે લાક્ષારસથી જાણે ભીંજવેલી હોય તેવી અરૂણ સિંહની કેસરાથી વેણીબંધ કરવાને ઇચ્છે તે ભલે મારા તાતનો શત્રુ થવા જાય. હું રણાંગણમાં એ દુર્નયનું ફળ સદ્ય તેને દર્શાવીશ. હે સભ્યો ! તમે પુનરૂક્તિથી મારા વિક્રમની વાતો સાંભળજો.'

પછી ક્રોધાગ્નિથી જાજ્વલ્યમાન થયેલા કર્મરાજાએ વિજય આપનારી કુવાસના નામની ઢક્કા ( રણભંભા ) બહુજ જોરથી વગડાવી. એટલે શૌર્યરૂપ વૃક્ષને મેઘસમાન તે ભંભાનો નાદ સાંભળીને કામાદિક માંડલિક રાજાઓ સર્વે સજ્જ થવા લાગ્યા. ચારે દિશામાં જાણે જયને માટેજ હોય તેમ કર્મરાજાએ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ રૂપ ચાર પ્રકારના પ્રયાણવાજીંત્ર વગડાવ્યા. સૌથી આગળ કદાગ્રહરૂપ નિઃસ્વાન[2] બહુજ જોરથી વાગવા લાગ્યું.

૧ ગળીથી રંગેલા. ૨ નિશાન.

અને પાંચ ઇંદ્રિયોના વિકારરૂપ પાંચ વાજીંત્રોનો પણ તીવ્ર નાદ થયો. પછી પ્રસ્થાનમંગલ કરીને કર્મરાજા પર્વત જેવા ઉન્નત અભિમાનરૂપ હાથીપર આરૂઢ થયો, અને જાણે કર્મરાજાના ચાલતા ગુણો હોય તેવા અભવ્ય જાતિના માંડળિક રાજાઓથી તથા દૂરભવ્ય જાતિના પદાતિઓથી પરિવૃત્ત થઇ પવનની જેમ ઉદ્દામ અને અસ્ખલિત પુરૂષાર્થી એવો કર્મરાજા એક એક યોજનપ્રમાણ પ્રયાણ કરવા લાગ્યો. એ રીતે પ્રયાણ કરતાં સર્વવ્યાપક કર્મરાજા ગ્રંથિભેદ નામના દ્વીપમાં જઇ ત્યાં આવાસ કરીને રહ્યો. પછી કર્મરાજાની પ્રેરણાથી મિશ્ર નામે મહાદૂત ચિત્તની જેમ ઉતાવળો સમ્યક્ત્વ મંત્રીને ઘરે આવીને બોલ્યો કેઃ—“ હે સ્વામિન્ ! કર્મરાજાએ મારા મુખથી તમને આ પ્રમાણે કહેવરાવ્યું છે કે—‘ અનેક ભવ્યોના સમૂહ સહિત તમારી પાસે આવેલા ભવ્યકુમારને જે તમે આશ્રય આપ્યો છે તે સુતેલા સિંહને લપડાક માર્યા જેવું તમે કર્યું છે; છતાં હે રાજન્ ! આટલેથી કાંઇ બગડયું નથી; માટે કર્મરાજા પાસે આવીને તમારો અપરાધ ખમાવો, એટલે તે સર્વ ગુન્હા માફ કરશે; કેમકે સજ્જનો અતિઆગ્રહી હોતા નથી અને નમસ્કાર કરવા માત્રથીજ પ્રસન્ન થાય છે. ” આ પ્રમાણેનું દૂતનું કથન સાંભળીને ત્યાં બેઠેલા ચારિત્રરાજા સજળ મેઘના જેવા ગંભીર શબ્દથી હાસ્યપૂર્વક બોલ્યા કેઃ—‘ હે ભદ્ર ! સદાગમે છોડાવેલા તારા સ્વામીની નગરીના લોકોથીજ નિરંતર મારૂં નગર વસે છે. એ બાબત પોતાના અંતરમાં જાણે છે છતાં આજે તારો સ્વામી મારી સાથે વિગ્રહ કરવા કેમ તૈયાર થયો છે ? અથવા તો વિગ્રહની ધારણાથી ધીમાન્ સર્વ પરમંડલમાં ( પારકા દેશમાં ) પ્રવેશ કરે છે, અન્યથા તેની યશોહાનિ થાય છે; પરંતુ તારે તારા સ્વામી પાસે જઇને કહેવું કે તેણે મારી સામે કંઇ પણ ઓછું ન ઉતરવું, તેનાથી થાય તેટલું બળ અજમાવવું. ’

આ પ્રમાણે કહીને ચારિત્રરાજાએ દૂતને વિસર્જન કર્યો, અને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરતજ તેણે વૈરિવર્ગરૂપ પર્વતને વજ્રસમાન એવી પ્રભાવના નામની જૈત્રઢક્કા વગડાવી; એટલે તે રાજાના શમ, સંવેગ, નિર્વેદ પ્રમુખ માંડલિક રાજાઓ સર્વ પ્રકારની તૈયારી કરવા લાગ્યા. અને ભવ્યે સાંભળતાં પ્રમોદ ઉપજાવે તેવા જ્ઞાન, મૌન ક્રિયા, શીલ વિગેરે પ્રયાણવાજીંત્રો વગાડ્યા. પછી શુભ દિવસે પ્રસ્થાનમંગળ કરીને ચારિત્રરાજા સંયમ નામના કુંજરપર આરૂઢ થયા; એટલે જૈનધર્મ નામે બંદી ભાવનારૂપ તુરંગી (ઘોડી) પર બેસીને ઉંચા પ્રકારના આશીર્વાદ પુરસ્સર આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો કેઃ—'અશેષ કલ્મષનો નાશ કરનાર અને ભવ્ય જનરૂપ આરામને વસંત સમાન એવા હે ચારિત્રભૂપાલ! તમે જયવંતા વર્તો. ત્રણ લોકમાં માણિક્ય સમાન, સમતાના સાગર અને દુર્જય એવા દર્પ ને કંદર્પરૂપ ગ્રહને ભસ્મીભૂત કરનાર એવા હે ચારિત્રરાજ! તમે જયવંત વર્તો, તારા આગમમાં અહિંસા, ધ્યાન, યોગ, રાગાદિકનો જય અને સ્વધાર્મિકપર અનુરાગ—એજ સાર કહેલ છે. જિનેશ્વર દેવ, સાધુ ગુરૂ અને જિનકથિત ધર્મ એ તત્ત્વત્રયી જેના અંતરમાં સ્ફુરાયમાન છે તેને સંસાર શું કરી શકે તેમ છે?' ઇત્યાદિ ધીર વચનોથી આકાશ અને પૃથ્વીતળને પૂરતો એવો બંદીવાન ચારિત્રરાજાની આગળ ચાલવા લાગ્યો. પછી શુકલધ્યાન નામના પુરૂષે ચારિત્રભૂપના મસ્તકપર લોકોલોકને પ્રકાશ કરનારૂં એવું કેવળજ્ઞાન નામનું ઉજ્વલ છત્ર ધારણ કર્યું. સમત્વ નામે આરોહક (માવત) હસ્તીના કુંભસ્થલપર બેઠો અને સંતોષ, શમ વિગેરે બીજા બળવંત યોદ્ધાઓ પણ પોતપોતાના વાહનપર આરૂઢ થયા. પછી સેંકડો પ્રયાણોવડે ચારિત્રરાજા મિશ્રકોટ્ટ નામના દુર્ગપાસે આવી તંબુઓની શ્રેણી લગાવીને રહ્યો. ત્યાં શમ, માર્દવ, આર્જવ અને સંતોષને શ્રીમાન્ ચારિત્રરાજાએ રણપટ્ટ બાંધ્યા, એટલે કર્મરાજાએ પણ ક્રોધ, માન, માયા અને લોભના ભાલસ્થલપર તરતજ રણપટ્ટ બાંધ્યા. પછી રણતરંગ માટે બંને સૈન્ય સામસામા ઉપસ્થિત થયા. તેની અંદર ખાસ નિશાનીઓથી સુભટો ઓળખી શકાતા હતા. યુદ્ધ શરૂ થયું એટલે વાદ્યમાન રણ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાદ્યો, બંદીજનોના કોળાહળ તથા સુભટોના સિંહનાદથી સર્વત્ર શબ્દમય થઈ ગયું. બાણોથી ઉચ્છેદ થઇને પડતા દંડ અને વારંવાર ઉછળતા શ્વેત છત્રોથી તે વખતે નભસ્તળમાં જાણે સેંકડો ચંદ્ર પ્રગટ થયા હોય તેવું ભાસવા લાગ્યું. રણમાં છેદાઇ ગયેલા મસ્તકોથી અને તેના ભીષણ હુંકાર શબ્દોથી જાણે આકાશ વાચાળ એવા રાહુથી વ્યાપ્ત થયું હોય તેવું દીસવા લાગ્યું. 'આત્મા, દેવ, મોક્ષ, પુણ્ય અને પાપ કંઈ નથી, માત્ર આ જગત્ પંચભૂતમય છે; એક પત્થરપર લોકો પગ મૂકીને મૂત્રાદિ કરે છે અને બીજા પત્થરને શબના મંડનની જેમ પૂજે છે, તો જેની ઉપર ચરણ રાખીને મલોત્સર્ગ કરવા બેઠા તેણે પાપ શું કર્યું અને જેને પૂજવા બેઠા તેણે પુણ્ય શું કર્યું ? માટે જે જાણવામાં આવે છે તે તત્ત્વ નથી અને જે તત્ત્વ છે તે જાણવામાં આવતું નથી. અહો! મૂર્ખ લોકો અતત્ત્વાસક્ત જનોને છેતરે છે.' આ પ્રમાણે ભાલા જેવા વચનોની રચનાથી ઘાયલ કરીને અભવ્યોએ ક્ષણવારમાં દ્રવ્યશ્રાવકોને જીતી લીધા; એટલે રણરંગી પરમ શ્રાવકો ચારિત્રરાજાને પ્રણામ કરીને તે અભવ્યો સાથે યુદ્ધ કરવા પ્રવૃત્ત થયા. તેઓ બોલ્યા કે-' અરે ! તમે અસ્તિત્વની ઉપેક્ષા કરીને નાસ્તિત્વવાળાં વચનો જે કહો છો તેથીજ અસ્તિત્વનો પક્ષ ઉલટો સિદ્ધ થાય છે. વળી પત્થરપર ચરણ સ્થાપવા અથવા ભક્તિપૂર્વક તેનું પૂજન કરવું તે માત્ર તેની પ્રતિષ્ઠાનું જ ફળ છે, એમાં એમણે કંઈ પુણ્ય પાપ ઉપાર્જન કરેલ નથી.' આવા વાક્યરૂપ તીવ્ર લોહમય સખ્ત અસ્ત્રોથી ઘાયલ થયેલા અભવ્યો તરત જ પલાયન કરી ગયા.

પછી ક્રમથી આવેલા હોય તેવા સાથે સંચરતા અનેક રાજપુત્રો સહિત, જાણે અસ્ત્રો હોય તેવા સાત્ત્વિક અને શાંત અનુભાવો યુક્ત વળી લીલાવિલાસની રચના અને બિબ્બોકાદિક વિભ્રમો વિગેરે સાક્ષાત્ સ્થાયી તેજરૂપ તથા રાગસાગરને ચંદ્રરૂપ એવા સહજ સાધનો યુક્ત વિષયસુભટો મંડલાધિપ મન્મથના આદેશથી યુદ્ધ કરવાને ધસી આવ્યા. તેમને જોતાંજ શ્રીમાન્ ચારિત્રરાજાના પક્ષમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેનારા દ્રવ્યયતિઓ કિંકર્ત્તવ્યથી વિમોહિત થઇને ભાગી ગયા. એટલે કર્મરાજાના સૈન્યથી પોતાના સૈન્યને ભગ્ન થયેલ જોઇને શ્રીમાન્ ચારિત્રરાજા નિર્ગ્રંથોને આ પ્રમાણે શિક્ષા આપવા લાગ્યા કેઃ–" હે ભદ્રો ! તમે ભાગ્યવંત, મહાસાત્ત્વિક, આજન્મ બ્રહ્મચારી, યથાખ્યાત ચારિત્રી અને આ ઘોર સંસારસાગરથી ઉત્તીર્ણ થયા છો; માટે જયારે બ્રહ્મવિક્રમથી આ ઘોર વિષયોને જીતશો ત્યારેજ તમારૂં પાળેલ વ્રત સફળ થશે, નહિ તો એ વિષયો તમે જીવંત છતાં તમારા બ્રહ્મચર્યરૂપ મહા નિધાનને અવશ્ય લઇ લેશે. એ વિષય નામનો દુર્ગ્રહ દુર્ગ જો કબજે કરશો તો તમે આજેજ તમારા કુળને સારી રીતે વિભૂષિત કર્યું એમ સમજજો. એમનો સ્વામી મન્મથ અત્યંત બળવાન્ હોવાથી દુર્ધર છે. તેણે બ્રહ્માદિ દેવોને લીલામાત્રમાં પોતાને વશ કરી લીધા છે. માટે વસતિ, સ્ત્રીવાર્તાદિક નવગુપ્તિથી વિશેષિત એવા પવિત્ર બ્રહ્મસેનાથી એ મન્મથનો તમે જય કરો.' આ પ્રમાણે કહેવાવડે ઉત્તેજિત કરીને ચારિત્રરાજાએ પોતાના પ્રસાદની જેવું પોતાના હાથથી તેમને જિતેંદ્રિયરૂપ તાંબૂલ આપ્યું. પછી ચારિત્રભૂપથી આદેશ પામેલા, સર્વતઃ સર્વાંગે મલ (મેલ)રૂપ બખ્તર ધારણ કરનારા, બ્રહ્મગુપ્તિરૂપ અસ્ત્રથી ભાસુર નિરીહતારૂપ અશ્વપર આરૂઢ થએલા અને શમરૂપ તીક્ષ્ણ ભાલાને ધારણ કરનારા એવા તે યતિઓ હર્ષિત થઇને તેમની સાથે યુદ્ધ કરવાને ચારે બાજુથી ધસી આવ્યા, એટલે તેમને જોતાંજ વિષય સુભટો તરત ભાગી ગયા. સૂર્યોદય થતાં ઘૂવડપક્ષીઓ શું આનંદ કરી શકે ?

પછી રણપટ્ટધર શમ, માર્દવ, આર્જવ અને સંતોષ એમણે અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભનો જય કર્યો. એટલે બંધ, ઉદય, ઉદીરણા તથા સત્તાદિ બખ્તરને ધારણ કરનાર કર્મરાજા ચારિત્રરાજાની સાથે ભયંકર યુદ્ધ કરવાને તૈયાર થયો. તેને જોઇને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનાવરણોને સાથે લઇને જ્ઞાનાવરણીયકર્મ કર્મરાજાના હાથીની પાછળ ચાલ્યો. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળદર્શનાવરણ તથા નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાપ્રચલા અને સ્ત્યાનર્દ્ધિ–એ નવને સાથે લઇને દર્શનાવરણીય કર્મે પણ તેની પાછળ પાછળ ચાલવા માંડયું. સાતા અને અસાતા–એ બેની સાથે વેદનીય અને તિર્યંચ, નારક, નર અને દેવ–એ ચારની સાથે આયુષ્યે ગમન કર્યું. ગતિ, જાતિ, અંગ, ઉપાંગ અને સંસ્થાન વિગેરે એકસો ત્રણની સાથે તૈયાર થઇને નામકર્મે પ્રયાણ કર્યું. ઉચ્ચ અને નીચ એ બેની સાથે ગોત્રકર્મે તથા દાન, લાભ, વીર્ય, ભોગ અને ઉપભોગ અંતરાય એ પાંચની સાથે અંતરાય કર્મે ગમન કર્યું. પછી મહાબળવંત યોદ્ધાના જેવા કષાય અને નોકષાય સાથે રણકામી કર્મરાજાએ રણક્ષેત્રને અલંકૃત કર્યું; એટલે ચારિત્રરાજા સત્ક્રિયારૂપ કવચને ધારણ કરીને ધર્મરૂપ ધનુષ્યથી દેશનારૂપ બાણો વરસાવવા લાગ્યો. પાત્રના અનુપઘાતવડે અને ગુરૂના અનિન્હવપણાવડે તે જ્ઞાનાવરણ અને દર્શનાવરણને જીત્યો. જિનેંદ્ર, સિદ્ધ, ચૈત્ય અને સંઘના દ્વેષવર્જનથી તે અનંત દુઃખના સમૂહરૂપ દર્શનમોહનીયને જીત્યો. ભવભ્રમણને વારનાર તીવ્ર ક્રોધના પરિહારથી તે ચારિત્રમોહનીયને જીત્યો. મહા આરંભના પરિત્યાગથી અને તીવ્ર રાગના વર્જનથી તેણે નરકાયુષ્યને મૂળથી ઉખેડી નાખ્યું. પછી સન્માર્ગદેશકત્વથી તિર્યગાયુ અને કષાયોના વિજયથી તેણે મનુષ્યાયુનો જય કર્યો. નિર્મળ તપને લીધે પગલે પગલે થતી અત્યંત નિર્જરાથી ચારિત્રરાજાએ લીલામાત્રમાં દેવાયુષ્યનો જય કર્યો. ગારવોના પરિત્યાગથી નીચ ગોત્ર અને ચારિત્રવ્રતની સ્થિતિ પરિપૂર્ણ કરવાથી તેણે ઉચ્ચ ગોત્રનો પરાજય કર્યો. દાન, લાભના અનિવારણથી તેણે અંતરાયનો જય કર્યો. એ રીતે ચારિત્રરાજાએ કર્મરાજાનું મૂળથી નિકંદન કર્યું. પછી વિજયી એવો શ્રીમાન્ ચારિત્રરાજા શાશ્વત સુખોથી ભાસુર એવી નિર્વાણ નગરીએ પહોંચ્યો.'

હે બલભદ્ર રાજા! તેના આદેશથી ભવ્યજનોને ઉપદેશ આપવાને તત્પર એવો હું યથાવિધિ ભ્રમણ કરૂં છું. એ પ્રમાણે તત્ત્વાર્થથી રસિક અને કર્મનો નાશ કરનારી દેશના સાંભળીને બલભદ્રરાજા સંસારથી ભય પામીને બોલ્યો કે:—'જ્યાંસુધી છત્ર ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય ત્યાંસુધી સૂર્યનો તાપ લાગે, તેમ જ્યાંસુધી ધર્મદેશના સાંભળી ન હોય ત્યાંસુધીજ સંસારનો ભય લાગે છે; તો હે પ્રભો! હું જેમ દેશવિરતિ નામના નગરમાં રહી શકું તેમ કરો. ગુરૂની ઉપાસના કરતાં આ બધું મને અલ્પ લાગે છે. ત્યાં રહેતાં અનુક્રમે હું ચારિત્રરાજાને જોઇ શકીશ અને તેથી હે મહામતે! મને અવશ્ય અભીષ્ટ સિદ્ધિ થશે. માટે હે મહામુને! મને દેશવિરતિના ગુણો આપો.' આ પ્રમાણે સાંભળીને ક્ષમાદિકથી પુરૂષોત્તમ એવા તે નિર્ગ્રંથ બોલ્યા કે:—'સમ્યક્ત્વપૂર્વક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત—એ બાર વ્રત ગૃહસ્થોને ઉચિત છે.' તે સાંભળીને મહાબલ મુનિના નિર્દેશથી સમ્યક્ત્વપૂર્વક ગૃહસ્થ (શ્રાવક)ના બાર વ્રત તેણે અંગીકાર કર્યા. એટલે સમ્યક્ શ્રદ્ધાથી સંશુદ્ધ અન્ય જનોએ પણ ભાવથી બાર વ્રત અંગીકાર કર્યા; કારણકે યથા રાજા તથા પ્રજા હોય છે.

પછી તે સાતે ધીમંત મુનિઓએ એવી પ્રતિજ્ઞા કરી કે:—'જે પ્રમાણે એક તપ કરે તે પ્રમાણે બીજા બધાએ પણ તે તપ કરવો.' પછી તે સર્વે કર્મગ્રંથિને ભેદનાર અને ચતુર્થ પુરૂષાર્થના કારણરૂપ ઉપવાસાદિ તપ એકસરખી રીતે કરવા લાગ્યા. આ વખતે મહાબલ રાજર્ષિ અધિક ફળ મેળવવાની લાલચથી પારણાના દિવસે પણ બીજા મુનિઓને માયાથી છેતરીને પોતે આહાર ન કરતા. તેઓ કહેતા કે-'આજે મારૂં મસ્તક દુઃખે છે, આજે મારા ઉદરમાં પીડા થાય છે, આજે પ્રાજ્ય રસ અને વીર્યના વિપાકથી મને અરૂચિ છે, આજ તો આહારનું નામ લેવું પણ મને ગમતું નથી અને આજે કડવા ઉદ્ગારોથી મારૂં મુખ બગડી ગયું છે.' એ રીતે માયામિશ્ર બ્હાનાથી તેમને છેતરીને નિરંતર બીજા કરતાં વધારે તપ કરતાં છતાં પણ તે મહાબલ મહર્ષિએ સ્ત્રીવેદ રૂપ કર્મ બાંધ્યું. પછી તે ધીમાન રાજર્ષિએ જિનભક્ત્યાદિ વીશ સ્થાનક તપથી શુભ એવું તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

જિનેશ્વરોની પ્રતિમાની અર્ચા, તેમની સ્તવના તથા અવર્ણવાદ નિવારવાથી તેમણે પ્રથમ સ્થાનનું આરાધન કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધિસ્થાનોમાં સિદ્ધોના ઉત્સવ, પ્રતિજાગરણ અને સિદ્ધના એકત્રીશ ગુણોની સ્તવનાથી બીજા સ્થાનકની ઉપાસના કરી.

ગ્લાન, બાળ વિગેરે સાધુઓપર અનુગ્રહ કરવાવડે મનોજ્ઞ એવી પ્રવચનની સમ્યગ્ ઉન્નતિ કરવાથી ત્રીજું સ્થાનક આરાધ્યું.

ગુરૂમહારાજ સન્મુખ અંજલિ જોડવાથી, તેમને વસ્ત્ર, આહારાદિક આપવાથી અને તેમની અસમાધિ દૂર કરવાથી ચોથું સ્થાનક સેવ્યું.

અવસ્થા અને સુગુણોથી દ્વિવિધ સ્થવિરોની ( પર્યાયસ્થવિર, જ્ઞાનસ્થવિરની ) ભક્તિ કરવાથી પાંચમું સ્થાનક આરાધ્યું.

બહુશ્રુત, ગ્રંથાર્થના જાણ, અને તત્ત્વવેત્તા મુનિઓને પ્રાસુક અન્નાદિ આપવાથી છઠ્ઠું સ્થાનક આરાધ્યું.

સદા ઉત્કૃષ્ટ તપકર્મમાં સ્થિર એવા તપસ્વીઓને વિશ્રાંતિ મળે તેવી રીતે તેમનું વાત્સલ્ય કરવાથી સપ્તમ સ્થાનક આરાધ્યું.

દ્વાદશાંગરૂપ આગમના સૂત્ર, અર્થ અને ઉભય ભેદથી જ્ઞાનોપયોગમાં સતત્ રમણતા કરવાવડે અષ્ટમ સ્થાનક આરાધ્યું.

શંકારહિત, સ્થૈર્યાદિયુકત અને શમ વિગેરે લક્ષણોથી લક્ષિત એવું સમ્યકત્વરૂપ નવમું સ્થાનક આરાધ્યું.

જ્ઞાનથી, દર્શનથી, ચારિત્રથી અને ઉપચારથી જે ચાર પ્રકારનો વિનય ગણાય છે તેના સેવનથી દશમું સ્થાનક આરાધ્યું.

જિનકથિત ઇચ્છામિચ્છાદિ દશવિધ સામાચારીના આસેવનથી અગ્યારમું સ્થાનક આરાધ્યું.

નવ ગુપ્તિથી નિયંત્રિત એવું વિશુદ્ધ શીલ નિરતિચારપણે પાળવાવડે બારમું સ્થાનક આરાધ્યું.

પ્રમાદનો ત્યાગ કરીને ક્ષણે ક્ષણે અને લવે લવે શુભ ધ્યાન કરવાવડે તેરમું સ્થાનક આરાધ્યું.

અસમાધિનો પરિત્યાગ કરી બાહ્ય અને અભ્યંતર ભેદથી યથાશક્તિ તપ કરવાવડે ચૌદમું સ્થાનક આરાધ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપસ્વી મુનિઓને શુદ્ધ આહાર, પાણી આપીને યથાશક્તિ અતિથિસંવિભાગ કરવાવડે પંદરમું સ્થાનક આરાધ્યું.

બાળ વિગેરે દશ ભેદ યુક્ત જેમાં મુનિઓ હોય છે એવા ગચ્છની આહારવડે અને ભક્તિ બહુમાનાદિવડે વૈયાવચ્ચ કરીને સોળમું સ્થાનક આરાધ્યું.

પીડાદિકના નિવારણથી સર્વ જીવોને શરીર સંબંધી અને મન સંબંધી સમાધિ ઉપજાવવાથી સત્તરમું સ્થાનક આરાધ્યું.

સૂત્ર, અર્થ અને ઉભયભેદથી અપૂર્વ જ્ઞાન ગ્રહણ કરવાવડે અઢારમું સ્થાનક આરાધ્યું.

પુસ્તકો લખાવવા વિગેરેથી અને તેની શુદ્ધ વ્યાખ્યા વિગેરે કરવાથી શ્રુતભક્તિરૂપ ઓગણીશમું સ્થાનક આરાધ્યું.

વિદ્યા, વાદ કે નિમિત્તાદિકથી શાસનની ઉન્નતિ કે પ્રભાવના કરવાવડે વીશમું સ્થાનક આરાધ્યું.

આ વીશ સ્થાનકોમાં એક એક સ્થાનક પણ તીર્થંકર નામકર્મના કારણરૂપ થાય છે; પરંતુ મહાબલ રાજર્ષિએ તો એ સર્વ સ્થાનકોના આરાધનથી તે કર્મ ઉપાર્જન કર્યું. પછી ચોરાશી લક્ષ પૂર્વ આયુષ્યનો અંત સમિપ સમજીને તે મહર્ષિએ આ પ્રમાણે આરાધના કરી:--

કાલ વિનયાદિકથી આઠ પ્રકારના જ્ઞાનાચારમાં જે અતિચાર લાગ્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ, નિઃશંકિતાદિ આઠ પ્રકારના દર્શનાચારમાં જે અતિચાર લાગ્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિપૂર્વક જે ચારિત્ર ન પાળ્યું તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ, બાહ્ય અને અભ્યંતર મળી બાર પ્રકારના તપમાં જે અતિચાર લાગ્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ, ધર્માનુષ્ઠાન કરવામાં જે બળ છુપાવ્યું-ગોપવ્યું તે વીર્યાતિચારને હું ભાવથી સર્વતઃ નિંદું છું, ત્રસ અને સ્થાવર જીવોની જે જે હિંસા કરી હોય, ક્રોધાદિક કષાયોથી જે અસત્ય બોલાયું હોય, અલ્પ કે વધારે જે કાંઇ પરદ્રવ્ય લીધું હોય, તિર્યંચ, મનુષ્ય કે દેવસંબંધી જે મૈથુન સેવ્યું હોય, લોભની બહુલતાથી બહુ ભેદે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિગ્રહ વધાર્યો હોય-તે સર્વ સિદ્ધોની સમક્ષ ત્રિવિધે ત્રિવિધે હું નિંદું છું. વળી પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, અભ્યાખ્યાન, કલહ, પૈશુન્ય, રતિ અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને ભવસંતતિના કારણરૂપ મિથ્યાત્વ-શલ્ય-એ અઢાર પાપસ્થાનોનો હું ત્યાગ કરૂં છું. ભવસાગરમાં ભમતાં મેં એકેંદ્રિયાદિક જે જીવોને સતાવ્યા હોય તે સર્વને શુદ્ધ હૃદયથી ખમાવુ છું, જે પાપાધિકરણ કર્યાં હોય તેને સાવધાન થઇને નિંદું છું અને તત્ત્વથી જે શુદ્ધ શીલ પાળ્યું હોય તેની અનુમોદના કરૂં છું. ગ્લાન સાધુઓનું જે વૈયાવચ્ચ કર્યું હોય અને છ પ્રકારનું જે આવશ્યક આચર્યું હોય તેની અનુમોદના કરૂં છું. જિનેશ્વર, સિદ્ધ, સાધુ અને આર્હત ધર્મનુંજ મારે શરણ છે, નિર્મમત્વથી વિભૂષિત થઇ હું ઉપધિ અને આહારનો તથા અંતિમ શ્વાસ પછી આ દેહનો પણ ત્રિવિધે ત્યાગ કરૂં છું. મારા કરેલા અપરાધોને જિનેશ્વરો સમ્યક્ પ્રકારે જાણે છે-તે સર્વ અપરાધોને ભૂરિ ભાવથી સિદ્ધની સાક્ષીએ હું ગહું છું, છદ્મસ્થ એવો આ જીવ પોતે કેટલું પાપ યાદ કરી શકે ? માટે જે મારા સ્મરણમાં નથી-તેવું મારૂં દુષ્કૃત પણ મિથ્યા થાઓ. વર્તમાન જિનેશ્વરો અને સિદ્ધોની સમક્ષ પૂર્વકૃત સર્વ દુષ્કૃતને હું નિંદું છું અને તેનો ત્યાગ કરૂં છે.'

એ રીતે શુભ ધ્યાન અને નમસ્કારમાં તત્પર થઇ મરણ પામીને મહાબલ મહર્ષિ વૈજયંત નામના દેદીપ્યમાન બીજા અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. પવિત્ર આશયવાળા એવા અન્ય મુનિઓ પણ આરાધના કરીને જાણે પૂર્વે સંકેત કર્યો હોય તેમ તેજ વિમાનમાં દેવ થયા; અર્થાત્ ભાવનાથી પવિત્ર અંતઃકરણરૂપ કમળવાળા, સિદ્ધાંતના તત્ત્વને જાણનારા, સુગુરૂના ચરણની સેવાથી વિસ્તૃત કીર્તિને પ્રાપ્ત કરનારા એવા તે છએ મુનિઓ વૈજયંત નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

॥ इत्याचार्यश्रीविनयचंद्रसूरिविरचिते श्रीमल्लिस्वामि-चरिते महाकाव्ये विनयांकेऽतरंगदेशनागर्भितः प्रथम द्वितीयभव-व्यावर्णनो नाम तृतीयः सर्गः ॥ ३ ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# चतुर्थ सर्ग.

જિનેશ્વરોમાં ઋષભદેવ, સરોવરોમાં માનસરોવર, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, ચક્રવર્તીઓમાં ભરતેશ્વર, દેવોમાં ઇંદ્ર અને ગ્રહોમાં ભાસ્કરની જેમ સર્વ દ્વીપોમાં મુખ્ય એવો જંબૂદ્વીપ નામે પ્રખ્યાત દ્વીપ છે. ત્યાં બહુ વિસ્તૃત એવું ભરત નામે ક્ષેત્ર છે, જ્યાં ક્ષેત્રની જેમ બહુ ધાન્ય સામર્થ્ય (બહુધા ન્યાય-સામર્થ્ય) વસુધાપર પ્રસાર પામે છે. તે ક્ષેત્રમાં ગ્રામ, આકર અને પુરથી વ્યાપ્ત એવો વિદેહ નામે દેશ છે. જે દેશ શોભા અને લક્ષ્મીમાં અન્ય દેશના ઉપમાન કે ઉપમેયને ધારણ કરતો નથી. જ્યાં પુણ્યના નિધાનરૂપ અને યશોજળના કુંડ રૂપ ચૈત્યો દરેક ગામ અને નગરમાં શોભી રહ્યાં છે. જ્યાં ગામો તે નગરો જેવાં અને નગરો તે સ્વર્ગ જેવાં લાગે છે. વળી મોટાં નગરો તો જ્યાં ઉપમાનરહિતજ છે. ત્યાં લક્ષ્મીથી ગરિષ્ઠ એવી મિથિલા નામે નગરી છે. જ્યાં શ્વસ્તનકાળના વચનોની જેમ સ્ત્રીઓ બધી ગુણવંતી છે. જ્યાં ચૈત્યોમાં ધૂપ વેળાએ થતી ધૂમની શ્રેણિથી આકાશમાં વિદ્યાધરીઓના વસ્ત્રો વિના પ્રયત્ને સુગંધી થયા કરે છે. ફરતા કોટવાળા, રંગ અને સારા દેખાવથી પ્રશસ્ત તથા સુંદર વેદિકાથી ભાસુર એવા પ્રાસાદો જ્યાં શોભી રહ્યા છે, જ્યાં ગણકૃત્ કાર્ય શાસ્ત્રોમાંજ વ્યર્થ સંભળાતું, પણ સુજ્ઞ-ગણકૃત્ કાર્ય તો જિનવાક્યની જેમ સર્વત્ર પ્રમાણુજ ગણાતું હતું. ત્યાં વૈરીના ગર્વરૂપ સાગરને અગસ્ત્ય ઋષિ સમાન, કીર્ત્તિરૂપ અમૃતરસના કુંભસમાન અને યાચકોને કામકુંભ સમાન કુંભ નામે રાજા રાજ્ય કરે છે. લક્ષ્મી (શોભા) યુક્ત તથા શંખ, ચંદ્ર અને પદ્મના ચિન્હવાળા જેના ખડ્ગરૂપ સમુદ્રમાં શત્રુઓની કીર્ત્તિ નદીઓની જેમ આવી આવીને પડે છે, શેષનાગ, કૈલાસ તથા ચંદ્રના મિષથી ત્રણે જગતમાં ભ્રમણ કરતી અને ચંદ્રિકા સમાન કાંતિયુક્ત જેની કીર્ત્તિનું સમસ્ત વિશ્વજ નિવાસસ્થાન છે, સમરાંગણમાં દેવતાઓએ ચારે બાજુથી નાખેલ પુષ્પમાળાને પામીને જે રાજાનું ખડ્ગ બંધનરજ્જુયુક્ત હસ્તીની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શોભાને ધારણ કરી રહ્યું છે. મુખની પ્રભાથી પૂનમના ચંદ્રને પરાસ્ત કરનાર; સતીઓમાં શ્રેષ્ઠ અને પ્રભાયુક્ત એવી પ્રભાવતી નામે તે રાજાને રાણી છે. તે રાણીમાં નિર્મળ શીળ હતું, લોકોને આનંદ ઉપજાવે તેવા ગુણો હતા, ઉર્વશીના જેવું સુંદર રૂપ હતું અને અમૃત જેવી મધુર વાણી હતી. ' મારા પતિને ભૂપીઠને ધારણ કરવાનો વધારે ભાર ન લાગે ' એવા હેતુથીજ જાણે વિસ્તીર્ણ નિતંબથી સુશોભિત એવી તે આસ્તે આસ્તે ચાલતી હતી. લક્ષ્મીની સાથે કૃષ્ણ અને ઇંદ્રાણીની સાથે ઇંદ્રની જેમ કુંભરાજા તે દેવી સાથે સાંસારિક ભોગસુખ ભોગવતો હતો.

હવે અખંડિત ભાગ્યવંત એવો મહાબલનો જીવ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી વૈજયંતવિમાનથી ચ્યવીને ક્રૂર ગ્રહરહિત લગ્નમાં અશ્વિનિનક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં ફાલ્ગુન શુદિ ચતુર્થીએ વિજય નામના દિવસે શ્રીમાન્ કુંભરાજાના ભવનમાં મેરૂગિરિની મધ્યભૂમિમાં કલ્પવૃક્ષની જેમ પ્રભાવતી રાણીની કુક્ષિમાં અવતર્યો. તે રાત્રે સુખે સુતેલી મહાસતી પ્રભાવતીએ અનુક્રમે ચૌદ મહાસ્વપ્નો જોયાં. તે આ પ્રમાણે:—

ગોક્ષીર ધારા સમાન શ્વેત, પરિપુષ્ટ, જાણે આનંદના ઉદ્ગાર કાઢતો હોય તેમ મધુર શબ્દ કરતો વૃષભ, ભ્રમણ કરતા ભ્રમરના ધ્વનિનું અનુકરણ કરનાર, મદોન્મત્ત અને ચાર ઉપાયયુક્ત રાજાની જેમ ચાર શ્વેત દાંતથી શોભતો હસ્તી, જાણે કુંકુમથી રંગેલા હોય તેવા સ્કંધના કેશથી સુશોભિત, સૌમ્ય અને મનોહર મુખવાળો તથા પુચ્છને જેણે સરલ કરી દીધેલું છે એવો કેશરી, ગજેંદ્રના હસ્તમાં રહેલ સુવર્ણકુંભની જળધારાથી સિંચન કરાતા પુણ્યવૃક્ષ સદૃશ સન્મુખ ઉપસ્થિત લક્ષ્મીદેવી, કલ્પવૃક્ષ અને પારિજાતક વિગેરેના પુષ્પોથી ગુંથેલ અને સદા ચંચળ એવી લક્ષ્મીની જાણે અખંડિત માળા હોય તેવી પુષ્પમાળા, કુવલય (પૃથ્વીમંડળ)ના ઉલ્લાસને કરતો, દૃષ્ટિરૂપ ચકોરને હર્ષ ઉપજાવતો, કિરણોથી શોભતો અને પુણ્યવૃક્ષના દોહદરૂપ ચંદ્ર, કાંતિથી દિશામંડળને પ્રકાશિત કરનાર;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વાચળરૂપ મુગટના માણિક્યરૂપ અને પદ્મિનીવનને વલ્લભ એવો સૂર્ય, સુવર્ણની ઘુઘરીઓના અવાજથી જગતની સમસ્ત સંપત્તિને કહેતો તથા સારા વંશ ( દંડ ) થી સુશોભિત એવો ચપળ ધ્વજ, અંબર ( વસ્ત્ર ) થી જાણે નીલાંબર ( બલદેવ ) હોય એવો, પ્રબળ પુષ્પદળથી સુશોભિત અને લક્ષ્મીદેવીનું જાણે વિચિત્ર વિલાસસ્થાન હોય તેવો કામકુંભ, જળથી સંપૂર્ણ ભરેલું જાણે અપર સુધાકુંડ હોય તેવું, તાપ અને ઉપતાપનો નાશ કરનાર તથા પદ્મોથી રમ્ય એવું સરોવર, મર્યાદાપૂર્વકના ઉદયથી સુશોભિત, સેંકડો નદીઓથી વિરાજિત, ગંભીર તથા સાર્વભૌમના ભ્રમને કરનાર એવો સાગર, ગર્ભમાં આવેલ જીવના સ્ફુરાયમાન અતિશય હર્ષના વ્યતિકરથી જાણે પાછળ આવ્યું હોય એવું અને ચળાયમાન ઘુઘરીના અવાજથી ભાસુર એવું દેવવિમાન, જાણે રત્નાકર કે રોહણાચળને હાથમાં લઇને પુણ્યસંપત્તિએ ભગવંતની આગળ ભેટ ધરી હોય એવો રત્નરાશિ, વિદ્રુમની ભ્રાંતિને ધારણ કરનાર જ્વાળામાળાથી વ્યાપ્ત, ઉદય પામતા સૂર્યસદૃશ અને નિર્ધૂમ એવો અગ્નિ—એ પ્રમાણે હર્ષરૂપ કલ્પવૃક્ષને મેરૂપર્વતની ભૂમિ સદૃશ ચૌદ સ્વપ્નોને જોઇને મહાદેવી પ્રભાવતી જાગ્રત થઇ ગયા.

એ વખતે ચલિત કુંડળના માણિક્યથી ઇંદ્રધનુષ્યની પ્રભાને પ્રકટ કરનાર સર્વે ઇંદ્રો ભૂપીઠ પર આવી, પોતાના મુગટો નમાવી, નેત્ર સદૃશ નીલકમળોથી પ્રભાવતીની અર્ચા કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા:—'પ્રભાવના અતિશયયુક્ત તથા સદ્‌વૃત્ત અને તીર્થેશરૂપ રત્નની રોહણભૂમિરૂપ હે પ્રભાવતી માતા! તમને નમસ્કાર થાઓ. તમે પ્રભાવને લીધે મહીમંડલના એક મુખરૂપ, સમ્યક્‌ત્વી જીવોના પરમ ઔષધરૂપ, નિર્જળ પ્રદેશમાં એક જળાશયરૂપ, મરૂદેશમાં નદીના આગમનરૂપ, દરિદ્રોને ધનરૂપ, અને સંસારપથમાં મનુષ્યોને પરબરૂપ એવા ત્રિજગન્નાથને કુક્ષિપ્રદેશમાં ધારણ કરો છો.' એ પ્રમાણે પ્રભાવતીની સ્તુતિ કરીને નંદીશ્વર દ્વીપે જઇ ત્યાં અષ્ટાન્હિકા મહોત્સવ કરીને પોતપોતાને સ્થાનકે ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે સ્વપ્ન સમય પછી શેષ રાત્રિ જાગરણ કરતી એવી પ્રભાવતી દેવીએ પ્રભાતે યથાદૃષ્ટ તે સ્વપ્નો રાજાને નિવેદન કર્યાં. એટલે સરલ મનથી તેનો વિચાર કરીને રાજાએ કહ્યું કે:–"હે દેવી! તમને અપત્યરત્નની પ્રાપ્તિ થશે." પછી એ સ્વપ્નોનું વિશેષ ફળ જાણવાને માટે રાજાએ પ્રતીહારદ્વારા સ્વપ્નશાસ્ત્રમાં વિશારદ એવા પંડિતોને બોલાવ્યા; એટલે પૂર્ણિમાના ચંદ્રની જેમ આનંદ પમાડવામાં તત્પર અને વંશગોરોચનની જેમણે રેખાઓ કરેલી છે એવા સ્વપ્નપાઠકો રાજસભામાં આવ્યા અને ઉચ્ચ શબ્દે આર્યવેદના મંત્રોચ્ચાર કરતા કમળ પર હંસની જેમ તેઓ આસન પર બેઠા. પછી રાજાએ પડદાની અંદર પ્રભાવતી રાણીને બેસાડ્યા અને તેણે આપ્ત–તત્ત્વયુક્ત વાણીથી સ્વપ્નો પ્રકાશિત કર્યાં; એટલે સ્વપ્નપાઠકો બોલ્યા કે:–'હે રાજન્! બહોંતેર સ્વપ્નો પ્રશસ્ત ગણાય છે, તેમાંથી ત્રીશ અને તેમાં પણ ચૌદ સ્વપ્ન મોટાં ગણાય છે. જિનેંદ્ર અને ચક્રવર્ત્તીની માતા એ ચૌદ સ્વપ્નો જુએ છે, વાસુદેવની માતા સાત અને બળદેવની માતા તેમાંના ચાર જુએ છે. આ ભરતક્ષેત્રમાં અઢાર જિનેશ્વરો અને આઠ છ ખંડ ભરતક્ષેત્રના સ્વામી ચક્રવર્ત્તી થઈ ગયા છે. હવે ઓગણીશમા તીર્થંકરનો જન્મ સંભવે છે અથવા હે રાજન્! નવમા ચક્રવર્ત્તી હવે થવાના છે.' આ પ્રમાણે સાંભળીને પરિતુષ્ય થયેલા રાજાએ તેમને ગામ, આકરાદિ, ઉંચા વસ્ત્રો અને અલંકારો દાનમાં આપ્યા; એટલે કલ્પવૃક્ષના દલસદૃશ તે અલંકારોથી શોભતા અને લક્ષ્મીથી કુબેર સદૃશ થયેલા સ્વપ્નપાઠકો સ્વસ્થાને ગયા. પછી દેવના પ્રભાવથી મનોરથ સંપૂર્ણ થતાં અત્યંત પ્રમુદિત એવી તે મહારાણીનો ગર્ભ સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો. એ પ્રમાણે નવ માસ તથા સાડાસાત દિવસો જતાં માગશર શુદ અગ્યારશના દિવસે અશ્વિની નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ થતાં તથા જિનેશ્વરના જન્મગૃહને જોવાની ઇચ્છાથીજ આવ્યા હોય તેમ ગ્રહો બધા ઉચ્ચ સ્થાને આવતાં, ગંગાનદી જેમ સુવર્ણ પદ્મિનીને ઉત્પન્ન કરે તેમ પ્રભાવતી દેવીએ, પૂર્વે માયાથી સ્ત્રીવેદ ઉપાર્જન કરેલ હોવાથી કું-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભલાંછન અને નીલ વર્ણયુક્ત એવા ઓગણીશમા તીર્થંકરરૂપ કન્યાને જન્મ આપ્યો, એટલે તેમના જન્મથી જાણે સુખ પામ્યા હોય તેમ અનુકૂળ પવન વાવા લાગ્યા, કૃતકૃત્ય પ્રજાની જેમ દિશાઓ પ્રસન્ન થઇ, સંકટો ક્ષય થયા, જગતના પુણ્યનો ઉદય થયો, અને નારકી જીવોને પણ અકસ્માત્ ક્ષણભર સુખ ઉત્પન્ન થયું.

પછી આસનકંપથી જિનજન્મ જાણીને અધોલોકમાં રહેનારી–ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા અને અનિંદિતા–એ આઠ દિક્કુમારી દેવીઓ એકદમ આવી અને જિન તથા જિનમાતાને પ્રદક્ષિણા દઇ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને કહેવા લાગી કે:—'જગન્નાયકના જન્મથી ભુવનને પ્રકાશિત કરનાર અને જગદ્વંદ્ય ગુણવાળા પ્રભુને ધારણ કરનાર હે જગન્માતા! તમને નમસ્કાર થાઓ. હે જગન્નતે! અધોલોકમાં વસનારી અમે આઠ દેવીઓ તીર્થંકરના જન્મનો મહોત્સવ કરવા સારૂ અહીં આવી છીએ, માટે તમારે અમારાથી બીવું નહિ.' એમ કહીને ઇશાન ખુણામાં હજાર સ્તંભવાળું અને પૂર્વાભિમુખ દ્વારવાળું એક સૂતિકાગૃહ તેમણે બનાવ્યું; અને તેની ચારે બાજુ એક યોજન ભૂમિમાંથી સંવર્ત્ત વાયુવડે તેમણે કંટક, તૃણ અને કાષ્ઠાદિક દૂર કર્યા. પછી પવનને સંહરી જિનેશ્વરને નમન કરીને યથાવિધિ ગુણગાન કરતી તે પાસેના આસનપર બેઠી. તેજ પ્રમાણે ઉર્ધ્વલોકમાં મેરૂપર્વત પર વસનારી મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહિકા–નામની આઠ દેવીઓ આસનકંપ થતાં ત્યાં આવી અને મેઘ વિકુર્વી જળ વરસાવી પૃથ્વીપરની રજને શાંત કરી અને પુષ્પવૃષ્ટિ વરસાવીને ગુણ ગાતી ત્યાં ઉભી રહી. પછી પૂર્વરૂચકથી નંદોત્તરા, આનંદા, સુનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી, અને અપરાજિતા-એ આઠ દેવીઓ ત્યાં આવી અને હાથમાં દર્પણ લઈને જિનગુણ ગાતી ઉભી રહી. પછી દક્ષિણ રૂચકપર વસનારી સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા-એ આઠ

દેવીઓ આવી અને હાથમાં કળશ લઇને જિનગુણ ગાતી પોતાના દિગ્વિભાગમાં ઉભી રહી. પછી પશ્ચિમ રૂચકાદ્રિથી ઇલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા–એ આઠ દેવીઓ ત્યાં આવી અને હાથમાં પંખો લઇને ઉભી રહી. એજ રીતે ઉત્તર રૂચકપર વસનારી અલંબુશા, મિશ્રકેશી, પુંડરીકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રી–એ આઠ દેવીઓ ત્યાં આવી અને હાથમાં ચામર લઈને ઉભી રહી. પછી વિદિગ્ રૂચકપર વસનારી ચિત્રા, ચિત્રકનકા, સુતારા અને સૌત્રામણી–એ ચાર દેવીઓ આવી અને જિન તથા જિનમાતાને પ્રણામ કરી હાથમાં દીપક લઈને ઇશાન વિગેરે વિદિશાઓમાં ઉભી રહી. ત્યારપછી મધ્ય રૂચકમાં વસનારી રૂપા, રૂપાંચિકા, સુરૂપા અને રૂપકાવતી–એ ચાર દેવીઓએ ચાર અંગુલ વર્જી નાલ છેદીને જમીનમાં દાટી તેની ઉપર રત્નમય પીઠિકા બનાવી, અને જન્મગૃહની પશ્ચિમ દિશા સિવાય અન્ય ત્રણ દિશાઓમાં તેમણે ત્રણ કદલીગૃહ બનાવ્યા. અને તે કદલીગૃહોમાં પોતાના ચિત્તની જેવા વિશાળ અને સિંહાસનથી શોભાયમાન એવા ચતુઃશાલ ( ચોક ) બનાવ્યા. પછી દક્ષિણ ચતુઃશાલમાં પ્રભુને લઈ જઇ સિંહાસનપર બેસારીને દિવ્ય તેલથી તેમણે કોમળ રીતે મર્દન કર્યું. પછી જિન અને જિનમાતાનું અભ્યર્ચન તથા ઉદ્વર્ત્તન કરીને તેમને પૂર્વના કદલીગૃહમાં લઇ ગઇ, ત્યાં ગંધ જળ, પુષ્પ જળ અને શુદ્ધ જળથી તેમને સ્નાન કરાવીને આભૂષણોથી અલંકૃત કર્યા. પછી ઉત્તર દિશાના કદલીગૃહમાં તેમને લઈ જઇ અરણિકાષ્ઠથી બાવનાચંદનને સળગાવી તેની વિભૂતિ કરી અને તેની રક્ષાપોટલી પ્રભુના અને માતાના હાથપર તેમણે બાંધી. કારણ કે સર્વ વસ્તુઓમાં રક્ષા (રાખ) એ દુરિતભેદી એવી રેખાને પામે છે. પછી પ્રભુના કર્ણપાસે ‘ ચિરાયુષ્માન થાઓ ’ એમ ઉંચેથી બોલીને તે દેવીઓએ કાંસાના તાલની જેમ બે રત્નપાષાણ વગાડ્યા ( પરસ્પર અથડાવ્યા. ) પછી જિન અને જનનીને પાછા સૂતિકાગૃહમાં લઇ જઇને છપ્પન દિક્કુમારીઓ ગુણ–ગાન કરતી ઉભી રહી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવામાં પ્રથમ સૌધર્મદેવલોકમાં અતિશય વૈભવશાળી, અનેક દેવ દેવીઓથી પરવરેલો, ગંધર્વો કોમળ સ્વરથી જેના ગુણો ગાઇ રહ્યા છે, ચારણો બિરૂદાવલિથી જેનું ઉજ્વળ યશ સ્તવી રહ્યા છે અને દેવાંગનાઓ આદર પૂર્વક જેને ચામર ઢાળી રહી છે એવા સૌધર્મેંદ્ર સૌધર્માસભામાં આવીને બેઠા. એટલે તેમનું આસન કંપાયમાન થયું. આસનકંપથી રૂષ્ટમાન થઇને અંતરમાં રહેલા જ્વલંત કોપાગ્નિની જ્વાળાને જાણે પ્રકટ કરતા હોય તેમ લોચનને તામ્ર કરતા, અને ભીષણ ધનુષ્યની જેમ ભ્રૂકુટીને વક્ર કરતા એવા ઇંદ્રે બળતી જ્વાળા સમાન આરકત એવું વજ્ર હાથમાં લીધું. એટલે નૈગમેષી સેનાપતિ તેમના કોપના આટોપને જોઇ મસ્તક નમાવી અંજલિ જોડીને બોલ્યો કે:-' હે વિભો ! આ સેવક હાજર છતાં તમે શા માટે કોપ કરો છો ? પરંતુ આપના આસનકંપનું શ્રોત્રના પારણારૂપ કારણ સાંભળો-સર્વ દ્વીપોમાં આદ્ય એવા જંબૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં આવેલી મિથિલા નામે મહાપુરીમાં શ્રીમાન કુંભરાજાની પ્રભાવતી નામની પટરાણીએ આજેજ ત્રણ જગતના સ્વામી એવા ઓગણીશમા તીર્થંકરને જન્મ આપ્યો છે. તેથી તીર્થંકરના જન્મને સૂચવનાર આ આસનકંપ છે. દિવ્ય સુખમાં પ્રમત્ત થયેલા એવા તમારૂં અવધિજ્ઞાન અન્યથા કેમ થાય છે ? ' આ પ્રમાણે સાંભળીને પોતાન પ્રમાદપણાને નિંદતા એવા ઇંદ્રે પોતાના તે દુશ્ચિંતિતનું મિથ્યા દુષ્કૃત દીધું. પછી આસનપરથી ઉઠી જિનેશ્વરની સન્મુખ સાત આઠ પગલાં ચાલી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા:—' હે વિભો ! તમે ગર્ભવાસથી જ ત્રણ જ્ઞાને પૂર્ણ છો, ઉપરાંત આપના અન્ય ગુણોત્કર્ષને તો કોણ સર્વથા જાણી શકે છે ? ' આ પ્રમાણે સ્તુતિ કરીને ઇદ્રે ધીર અને પ્રશાંત વાણીથી હરિણગમેષી સેનાપતિને આદેશ કર્યો કે:—' જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મિથિલા નામે નગરીમાં શ્રીમાન કુંભરાજાની પ્રભાવતી રાણીના ઉદરથી ઓગણીશમા તીર્થંકરનો જન્મ થયો છે. તેમનો જન્મોત્સવ કરવાને માટે સર્વ દેવોને બોલાવો. કારણ કે કલ્યાણકઉત્સવ કરવાનો આપણો અધિકાર છે. '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે નૈગમેષી સેનાનીએ એક યોજનના ઘેરાવાવાળી સુઘોષા નામની ઘંટા વગાડી. તેના નાદથી બત્રીશ લાખ વિમાનોની બત્રીશ લાખ ઘંટાઓમાં સમકાળે અવાજ થયો, એટલે આખું સૌધર્મદેવલોક તે વખતે શબ્દમય થઇ ગયું. પછી તે ઘંટાઓના અવાજથી સંભ્રાંત થયેલા દેવોને જાણીને નૈગમેષીએ ઉદ્દઘોષણા કરી કે:-' જિનેંદ્રના જન્મસ્નાત્રમાં ઇંદ્રની સાથે સર્વે ચાલો. ' એટલે કેટલાક દેવો ઇંદ્રની આજ્ઞાથી અને કેટલાક જિનભક્તિથી વિચિત્ર વાહનોપર આરૂઢ થઇને ઇંદ્રની પાસે આવ્યા. પછી આભિયોગિક દેવોમાં મુખ્ય એવા પાલક નામના દેવને ઇંદ્રે આદેશ કર્યો, એટલે તેણે સત્વર મોટા પ્રમાણવાળું વિમાન તૈયાર કર્યું.

ભુજાઓની જેમ ધ્વજાઓથી જાણે નૃત્ય કરતું હોય, ઉજ્વળ છત્રોથી જાણે હાસ્ય કરતું હોય અને નેત્રોની જેમ ઉત્તુંગ ગવાક્ષોથી જાણે સર્વત્ર જોતું હોય એવા તે વિમાનને પ્રદક્ષિણા દઇને સૌધર્મ-ઇંદ્ર દેવોની સાથે પૂર્વના સોપાનમાર્ગથી તેમાં આરૂઢ થયા. પછી ગંધર્વ અને નાટકરૂપ બે સૈન્યના ગાયન તથા નૃત્યરૂપ કાર્યથી જેનું મન કૌતુકમાં આક્ષિપ્ત થયું છે એવા તે ઇંદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર ભણી ચાલ્યા. તે વખતે ' હે હસ્તીના વાહનવાળા ! મારા સિંહના વાહન કરતાં તું આગળ ન જા. હે અશ્વવાહિન્ ! અહીંથી તું દૂર જા, કારણકે મારૂં મહિષનું વાહન છે. હે સર્પગામિન્ ! તું અહીંથી દૂર જા, નહિ તો મારો ગરૂડ સહન નહિ કરી શકે. હે સુધાશન ! તારા વિમાનનો અગ્રભાગ મારા વિમાન સાથે કેમ ઘસાયા કરે છે ? ' આ પ્રમાણે બોલતા ને ચાલતા સૌધર્મદેવલોકના દેવોના કોળાહળથી નદીના ઘોષથી સમુદ્રની જેમ આકાશ વ્યાપ્ત થઇ ગયું. પછી ક્ષણવારમાં અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર ઉલ્લંઘી ગ્રંથની જેમ તે વિમાનને સંક્ષેપતાં સંક્ષેપતાં સૌધર્મઇંદ્ર દક્ષિણ ભરતમાં મિથિલાપુરીમાં આવ્યા અને વિમાનમાંથી ઉતરીને જિન તથા જિનમાતાને તેણે નમસ્કાર કર્યો. પછી 'પ્રભાયુક્ત, જિનરૂપ કલ્પવૃક્ષને, જગતના



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક દીપકને અને ચિંતામણિરત્નને આપનારી એવી હે પ્રભાવતી માતા ! તમને નમસ્કાર થાઓ.' આ પ્રમાણે પ્રભાવતીની સ્તુતિ કરી, તેને અવસ્વાપિની નિદ્રા આપી, પ્રભુનું પ્રતિરૂપ તેની પાસે મૂકી પ્રભુને લઇને ઇંદ્ર મેરૂપર્વત તરફ ચાલ્યા. મેરૂ તરફ જતાં માર્ગમાં વજ્રધારક, છત્રધારક, જિનધારક અને બે ચામરધારક-એમ ઇંદ્રે જુદા જુદા પાંચ રૂપ કર્યાં. પછી લાખો અને કરોડો દેવો તથા દેવાંગનાઓ સહિત હર્ષમય વાજીત્રના નાદથી ગગનને પૂરતા એવા તે ઇંદ્ર નિમેષમાત્રમાં મેરૂપર્વતની ચૂલિકાપર જઇને અતિ પાંડુકબલા નામની શિલાપર પૂર્વાભિમુખ બેઠા.

એજ પ્રમાણે ઈશાન, સનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્રાર, આનત-પ્રાણતેશ્વર તથા આરણ-અચ્યુતેશ્વર-એમ બીજા નવ વૈમાનિકના ઇંદ્રો ત્યાં આવ્યા; તથા ભુવનપતિની દશ નિકાયની બે બે શ્રેણિના અનુક્રમે ચમરેંદ્ર, બલીંદ્ર, ધરણેંદ્ર, ભૂતાનંદ, હરિસ્સહ, હરિસ્વભ, વેણુદેવ, વેણુદારી, અગ્નિશિખ, અગ્નિમાણવ, વેલંબ, પ્રભંજન, સુઘોષ, મહાઘોષ, જલકાંત, જલપ્રભ, પૂર્ણ, વિશિષ્ટ, અમિત અને અમિતવાહન-એ વીશ ઇંદ્રો ત્યાં આવ્યા. દક્ષિણ અને ઉત્તર બાજુની વ્યંતરોની બે શ્રેણિના અનુક્રમે કાળ, મહાકાળ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, કિંનર, કિંપુરૂષ, સત્પુરૂષ, મહાપુરૂષ, અતિકાય, મહાકાય, ગીતરતિ અને ગીતયશા-એ સોળ ઇંદ્રો આવ્યા. તથા અણપન્ની, પણપન્ની (આ પ્રજ્ઞપ્તિ, પંચપ્રજ્ઞપ્તિ) વિગેરે આઠ વાણવ્યંતર નિકાયના અનુક્રમે સંનિહિત, સમાનક, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલક, ઇશ્વર, મહેશ્વર, સુવત્સક, વિશાલક, હાસ, હાસરતિ, શ્વેત, મહાશ્વેત, પવક અને પાવકવતિ-એ સોળ ઇંદ્રો આવ્યા. તથા સમસ્ત જ્યોતિષ્કના ચંદ્ર અને સૂર્ય એ બે જાતિના સંખ્યાબંધ ઇંદ્રો આવ્યા. એ પ્રમાણે બધા મળીને ચોસઠ ઇંદ્રો મેરૂપર્વતના શિખરપર હાજર થયા. પછી અચ્યુતેંદ્રે જિનેશના સ્નાત્રને માટે ક્ષીરોદક વિગેરે લાવવા સારૂ આભિયોગિક દેવોને હુકમ કર્યો, એટલે ક્ષીરોદધિ વિગેરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદ્રોમાંથી, ગંગા વિગેરે નદીઓમાંથી અને માગધાદિ તીર્થોમાંથી તેમણે જળ ગ્રહણ કર્યું અને પ્રશસ્ત મૃત્તિકા તથા કમળ વિગેરે પુષ્પો અને ગોશીર્ષચંદનાદિ લઇ આવીને તે સર્વ તેમણે ઇંદ્રોને અર્પણ કર્યું. પછી સુવર્ણના, રજતના, રત્નના, સુવર્ણ અને રજતના, રત્ન અને સુવર્ણના, રજત, સુવર્ણ અને રત્નના, રજત અને રત્નના અને માટીના–એમ આઠ જાતિના પ્રત્યેકે એક હજાર ને આઠ આઠ દિવ્ય કળશો તેમણે વિકુર્વ્યા. પછી અતિપાંડુકશિલાના પીઠપર રહેલા રત્નસિંહાસનપર બેસીને સૌધર્મેદ્રે પ્રભુને પોતાના ઉત્સંગમાં ધારણ કર્યા; એટલે અચ્યુતેંદ્રે કર્પૂર અને અગરૂથી ધૂપિત એવી કુસુમાંજલિ ભગવંતની આગળ મૂકી. પછી ભેરીઓનું તાડન થતાં, મૃદંગોનો ધ્વનિ થતાં, વારંવાર ઝાંઝનું આસ્ફાલન થતાં, મુખપર સ્થાપન કરેલા વિકસિત કુસુમોથી જાણે હસતા હોય અને ગુંજારવ કરતા ભ્રમરોના મિષથી જાણે સ્નાત્રશ્લોકો બોલતા હોય એવા એક યોજનપ્રમાણ મુખવાળા કળશોવડે અચ્યુતેંદ્રે પોતાના દેવો સાથે મહા આનંદપૂર્વક ભગવંતનું સ્નાત્ર કર્યું. પછી જ્યેષ્ઠની પાછળ કનિષ્ઠ બંધુઓની જેમ બીજા બાસઠ ઇંદ્રોએ પણ અતિશય ભક્તિથી હર્ષપૂર્વક પ્રભુનું સ્નાત્ર કર્યું. તેમાં જ્યારે એક ઇંદ્ર સ્નાત્ર કરતા હતા ત્યારે અન્ય ઇંદ્રો સર્વે હાથમાં ચામરાદિક લઇને પ્રભુ આગળ ઉભા રહેતા હતા. પછી પૂર્વ પ્રમાણે ઇશાનેંદ્ર, પાંચ રૂપ વિકુર્વી ભગવંતને ખોળામાં ધારણ કરીને સૌધર્મેદ્રને સ્થાને બેઠા, એટલે સૌધર્મેદ્રે ચારે દિશામાં અનુક્રમે ઉંચા પ્રકારના સ્ફટિક રત્નના બનાવેલા હોય તેવા ઉજ્વળ ચાર વૃષભના રૂપ વિકુર્વ્યા. તેમના શૃંગોના અગ્ર ભાગમાંથી નીકળતી અને ચંદ્રિકા સમાન ઉજ્વલ એવી આઠ જળધારા ગગનાંગણમાં ઉછળી એકત્ર થઇ સમુદ્રમાં જેમ નદીઓ પડે તેમ પ્રભુના મસ્તકપર પડવા લાગી. એ પ્રમાણે ભાવી તીર્થપતિને સ્નાન કરાવીને ઇંદ્રે રત્નદર્પણની જેમ ભગવંતના અંગનું માર્જન કર્યું. પછી પોતાના પુણ્ય જેવા અખંડ અને રજતના બનાવેલા તંદુલથી ઇંદ્રે રત્નમય પટ્ટપર અષ્ટ મંગળ આળેખ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી ઇંદ્રે પ્રભુના અંગે વિલેપન કર્યું અને પ્રત્યેક અંગે આભૂષણુ પહેરાવ્યા. પછી મુખકોશથી મનોહર થઇને ઇંદ્રે પારિજાતાદિક વિકસ્વર પુષ્પોથી પ્રભુની પૂજા કરી, અને સર્વ દોષને ભેદી નાખનાર એવું ત્રણ વાર લૂણુ ઉતારીને ઇંદ્રે ભગવંતની આગળ આરતિ કરી. સ્નાત્ર દરમ્યાન કેટલાક દેવો વિસ્મિત થઇને ભ્રમરની જેમ મધુર ગુંજારવ કરતા હતા, કેટલાક કુંજરની જેમ ગર્જના કરતા હતા, કેટલાક વાઘની જેમ મુખથી તકાર અને ધોંકાર બોલતા હતા, કેટલાક નટની જેમ વારંવાર સિંહનાદ કરતા હતા, કેટલાક જાણે ઘૂતમાં સરત જીત્યા હોય તેમ કોલાહલ કરતા હતા અને કેટલાક મશ્કરા માણુસની જેમ મશ્કરી કરી દેવોને હસાવતા હતા.

એ પ્રમાણે જન્મોત્સવ વખતે દેવતાઓને જે કાંઇ હર્ષ થયો તેનું વચનરચનાથી વર્ણુન કરવાને બૃહસ્પતિ પણુ અસમર્થ છે. પછી, ડાબો ઢીંચણુ સંકોચીને મસ્તકપર અંજલિ જોડી તથા પરમાનંદમાં નિમગ્ન થઇ ઇંદ્રે આ પ્રમાણે શક્રસ્તવવડે પ્રભુની સ્તુતિ કરી:—

'અર્હંત, ભગવંત, ધર્મતીર્થની આદિના કરનાર, તીર્થંકર અને સ્વયં તત્ત્વને જાણુનાર એવા હે વિભો ! તમને નમસ્કાર થાઓ. પુરૂષોમાં ઉત્તમ, પુરૂષોમાં સિંહ, પુરૂષરૂપ કમળમાં પુંડરીક કમળસમાન, પુરૂષરૂપ હસ્તીમાં શ્રેષ્ઠ ગંધહસ્તીસમાન એવા હે પ્રભો ! આપને નમસ્કાર થાઓ. લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકનું ઉત્તમ હિત કરનાર, લોકના દીપક સમાન અને લોકને પ્રકાશિત કરનાર એવા આપને નમસ્કાર થાઓ. અભય, ચક્ષુ, માર્ગ, શરણુ અને સમ્યકત્વને આપનાર એવા તમને નમસ્કાર થાઓ. ધર્મદાતા, ધર્મના ઉપદેશક, ધર્મના અધિપતિ, ધર્મના સારથી અને ચતુર્ગતિરૂપ સંસારનો અંત કરનાર ધર્મચક્રવર્તી એવા આપને નમસ્કાર થાઓ. સદા અપ્રતિહત જ્ઞાન અને દર્શનના ધરનારા તથા છદ્મસ્થતારહિત, એવા આપને નમસ્કાર થાઓ. જિન[1] અને જાપક,[2] તરણુ અને

[1] કર્મશત્રુને જીતનાર. [2] જીતાવનાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારણ, બુદ્ધ અને બોધક તેમજ મુક્ત અને અન્યને મુક્ત કરનાર આપને નમસ્કાર થાઓ. સર્વજ્ઞ, સર્વદર્શી તેમજ શિવ, અચલ, અરૂજ, અનંત, અક્ષય, અવ્યાબાધ અને અપુનરાવર્ત્ત એવા નિર્વાણ સ્થાનને પ્રાપ્ત થયેલા એવા હે પ્રભો ! તમને નમસ્કાર થાઓ.' આ પ્રમાણે સ્તવના કરી પોતાના આત્માને કૃતકૃત્ય માનતા તથા જિનેશને નમન કરતા એવા ઇંદ્રે રોમાંચિત થઇને આ પ્રમાણે વિશેષ સ્તુતિ કરી.

'પરમાનંદ દાતા તથા ઉલ્લસાયમાન કરૂણારૂપ ક્ષીરસાગરને શશી સમાન એવા હે જિનાધીશ! તમને નમસ્કાર થાઓ. હે ત્રિજગન્નાથ ! પ્રિયંગુલતાના પર્ણસમાન કાંતિવાળા એવા તમારાથી આ મેરૂપર્વત જાણે ઇંદ્રનીલમણિનો મુગટ ધારણ કર્યો હોય તેવો શોભે છે.' આ પ્રમાણે સ્તુતિ કરીને મિથિલા નગરીમાં આવી, જિનમાતાની અવસ્વાપિની નિદ્રા દૂર કરી, તેમની પાસે ભગવંતને મૂકીને ઇંદ્ર આ પ્રમાણે બોલ્યા કે–'આ સ્વામીનું જે અધમ અશુભ ચિંતવશે, તેનું શિર અર્કમંજરીની જેમ સ્વયમેવ સત્વર ફુટી જશે.' પછી સ્વર્ણ રત્નાદિકથી પ્રભુનું ધામ ભરી દઇ નંદીશ્વરદ્વીપની યાત્રા કરીને ઇંદ્રો પોતપોતાને સ્થાનકે ગયા.

હવે પ્રભાવતીને પ્રસૂતા જાણીને દાસીઓએ એકદમ ઉતાવળથી કુંભરાજાને તે નિવેદન કર્યું (વધામણી આપી). એટલે રાજાએ એક મુગટ વિના પોતાના અંગપરનાં બધાં ભૂષણો તેમને ઇનામમાં આપ્યાં અને સાત પેઢી સુધી તેમને પેન્શન (વર્ષાશન) કરી આપ્યું. પછી રત્ન સુવર્ણાદિકથી પોતાના ધામને સંપૂર્ણ જોઇને રાજાએ સુતાજન્મમાં દેવેંદ્રોનું આગમન સમજી લીધું. અને સુતાજન્મની ખુશાલીમાં રાજાએ કારાગૃહમાંથી શત્રુરાજાઓને મુક્ત કર્યા તથા જિનચૈત્યોમાં વારંવાર પૂજા અને ઉત્સવો કરાવ્યા. તથા સુતમાતૃકાનો ઉચ્ચાર કરતા અને કરાવતા ઉપાધ્યાયો (મહેતાજીઓ) અનેક છાત્રો સહિત જે ત્યાં આવ્યા તેને રાજાએ પ્રસન્ન કર્યા. પછી ત્રીજે દિવસે રાજારાણીએ પ્રભુને પ્રમોદથી સૂર્ય ચંદ્રના દર્શન કરાવ્યા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને છઠ્ઠે દિવસે તેમણે છઠ્ઠીજાગરણ કરાવ્યું. પછી પ્રભુ ગર્ભમાં હતા ત્યારે માતાને પુષ્પશય્યામાં સુવાનો દોહદ થયો હતો તેથી ભગવંતનું મલ્લિ એવું નામ રાખ્યું.

ભગવંત ક્ષુધા લાગે ત્યારે ઈંદ્રસંક્રમિત અંગુષ્ઠસ્થ સુધાનું પાન કરતા હતા. કારણકે ક્ષુધાનો ઉદય થતાં જિનેશ્વરો સ્તનપાન કરતા નથી. પ્રક્ષાલના વિના પણ નિર્મળ, નિરામય અને પૂર્ણ કર્પૂરના પાત્ર જેવો સુગંધી ભગવંતનો દેહ શોભતો હતો. પ્રભુનો પદ્મના રેણુ સમાન સુગંધી શ્વાસ હતો અને ગોક્ષીરધારા સમાન શ્વેત રૂધિર તથા માંસ શરીરમાં રહેલા હતા. પ્રભુના આહાર અને નીહાર ચર્મચક્ષુને અગોચર હતા. સહજ નિષ્પન્ન ગુણોની જેમ આ ચાર અતિશય પ્રભુને જન્મથીજ હતા. વળી સ્નાન, વિલેપન, વસ્ત્ર, ક્રીડા તથા લાલન પાલન કર્મમાં કુશળ એવી પાંચ ધાત્રીઓને પ્રભુના પાલન માટે ઇંદ્રે નિયુક્ત કરી હતી. તેમનાથી લાલન પાલન કરાતા ભગવંત વૃદ્ધિ પામવા લાગ્યા અને અનુક્રમે ત્રિલોકની લક્ષ્મીની દૃષ્ટિને ઔષધરૂપ એવું યૌવન પામ્યા. એટલે પચવીશ ધનુષ્ય પ્રમાણ ઉંચા, નીલોત્પલના દલ સમાન કાંતિવાળા, વજ્રઋષભનારાચ સંઘયણના ધારક, કળશના લાંછનયુક્ત, પદ્મના જેવા સુરભિ શ્વાસવાળા, સર્વ સંપત્તિના નિવાસરૂપ અને રતિપતિરૂપ મૃગને પાશસમાન એવા શ્રીમાન્ મલ્લિનાથ ભગવંત અતિશય શોભવા લાગ્યા.

ભગવંતના કુંદપુષ્પ સમાન મનોહર નખના કિરણો નમતા એવા રાજાઓના મસ્તકપર વિકસિત કેતકીપત્રની શોભાને પામતા હતા. પ્રભુની બંને જંઘા મૃગની જંઘા સમાન અને લાવણ્યના આશ્રયરૂપ નાભિ સરિત્પતિ સમાન શોભતી હતી. ભગવંતના મુખની સદૃશતા મેળવવાનેજ જાણે કમળ કંઠસુધી જળમાં નિમગ્ન થઇ ગયું હોય અને ભ્રમરના ગુંજારવના મિષથી જાણે સારી રીતે મંત્રજાપ કરતું હોય-એમ લાગતું હતું. પ્રભુના નેત્રકમળમાં લક્ષ્મી અને વાણીમાં સરસ્વતી-જાણે પોતાના કલંકને દૂર કરવા સ્નેહથી આવીને સાથે રહી હોય એમ ભાસતું હતું. અહો ! ભગવંત તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક નવિનજ શ્રીપતિ હતા કે જે હિરણ્યકશિપુપ્રદ ( હિરણ્ય-સુવર્ણ, કશિપુ-ભોજન વસ્ત્રાદિ, પ્રદ-આપનાર ) હતા. જેમની વક્ષઃસ્થિત લક્ષ્મી ( શોભા ) જગતને અભીષ્ટ હોવાથી શોભતી હતી. ભગવંતનું હસ્તતળ જાણે વિદ્રુમ, કિંકિલ્લિ લતાના કોમળ પલ્લવ અથવા પદ્મરાગમણિથી આલિપ્ત કર્યું હોય તેવું શોભતું હતું. પ્રભુના કેશમાં શ્યામત્વ, ભ્રકુટીમાં વક્રત્વ અને મધ્યભાગમાંજ તુચ્છત્વ હતું, અન્યત્ર કયાંઇ નહોતું. નદીઓના પ્રવાહથી સમુદ્રની જેમ ભગવંતનું શરીર અહંપૂર્વિકાપૂર્વક સર્વ લક્ષણોથી અલંકૃત થયેલું શોભતું હતું. અહો ! જેમની આગળ દેવોના શરીર પણ અંગાર જેવા લાગતા હતા એવા ભગવંતના રૂપનું વર્ણન કરવાને કોણ સમર્થ થઇ શકે ? છતાં લલાટપર રચેલ અંજલિથી શોભાયમાન અને [1]વિનયવડે વિનતમૂર્ત્તિ એવા મેં ભવસાગરમાં બૂડતા પ્રાણીઓને નાવ સમાન તથા પુણ્યલતારૂપ મલ્લિજિનેશ્વરના સ્વરૂપનું વર્ણન કર્યું છે.

॥ इत्याचार्यश्रीविनयचंद्रसूरिविरचिते श्रीमल्लिस्वामिचरिते महाकाव्ये विनयांके च्यवनजन्मकल्याणिकद्वितयव्यावर्णनो नाम चतुर्थः सर्गः ॥

# पंचम सर्ग.

હવે વૈજયંત નામના વિમાનથી ચ્યવીને અચલનો જીવ સાકેતપુરમાં પ્રતિબુદ્ધિ નામે રાજા થયો. જે વય ( રૂપ ) માં મન્મથ સમાન, વચનમાં અમૃત સમાન, સભામાં બૃહસ્પતિ સમાન અને ક્ષત્રિયતેજમાં વિશ્વકર્મા સમાન હતો. કૃષ્ણને લક્ષ્મીની જેમ અતિ મહંત એવા સમસ્ત ગુણોના સ્થાનરૂપ પદ્માવતી નામે તે રાજાને રાણી હતી.

1 અહીં કર્ત્તાએ પોતાનું વિનયચંદ્ર નામ પણ સૂચવ્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે નગરની ઈશાન દિશામાં એક મોટા નાગમંદિરમાં અભીષ્ટ આપનારી એવી અનેક નાગો ( સર્પો ) ની પ્રતિમાઓ હતી. માનતાઓ પૂર્ણ થતાં ભક્તિવંત નગરજનો તે પ્રતિમાઓની પ્રતિદિન પૂજા કરતા હતા. એકદા રાજાની રજા લઇને પદ્માવતી રાણી હર્ષિત થઇને નાગદેવના મંદિરમાં તે પ્રતિમાઓની યાત્રા કરવા ગઇ. શૃંગાર સજવાથી શોભામાં અસાધારણ એવો પ્રતિબુદ્ધિ રાજા કેતકીની પાછળ મધુકરની જેમ તે રાણીની પાછળ ત્યાં આવ્યો. પુષ્પના મંડપમાં સ્થાપન કરેલ નાગપ્રતિમા અને પુષ્પમુદ્‌ગર જોઇને રાજાએ મંત્રીને કહ્યું કે:–' હે સુબુદ્ધિ સચિવાધીશ ! અમારા પ્રેષણોત્સવોમાં જાત્યરત્ન સમાન ઉજ્વલ અને મધુકરોની શ્રેણિ જ્યાં ભ્રમણ કરી રહી છે એવા કુસુમમુદ્‌ગરને ધારણ કરનાર આવું સ્વરૂપવંત સ્ત્રીરત્ન અને આવો પુષ્પમુદ્‌ગર તેં કોઇ રાજભવનમાં જોયેલ છે ? ' એટલે મંત્રીશ્વર જરા હસીને બોલ્યો કે:–' હે રાજેંદ્ર ! તમારા આદેશથી હું મિથિલાનગરીમાં ગયો હતો. ત્યાં નેત્રરૂપ સારંગને પાશ સમાન, મનરૂપ મુસાફરને વિશ્રામવૃક્ષની છાયા સમાન અને પુણ્યની જેમ અનેક પવિત્ર લક્ષણોથી યુક્ત એવી કુંભરાજાની મલ્લિકુમારીને જોઇને મારો ગર્વ બધો ગળી ગયો છે. હે મહીપતે ! સ્ત્રીરત્નોમાં મુખ્ય એવી તેની વર્ષગાંઠ વખતે સરસ રીતે અનુપમ પુષ્પમુદ્‌ગર રચવામાં આવે છે, તેની આગળ આ તમારો પુષ્પમુદ્‌ગર લાખમે ભાગે પણ શોભતો નથી, પણ નિસ્તેજ દર્પણ સમાન લાગે છે. જો એકવાર પણ શ્રીમલ્લિકુમરીનું રૂપ જોવામાં આવે તો પૃથ્વીપર રહેતાં છતાં પણ અનિમેષ સ્થિતિ ( દેવતા ) પ્રાપ્ત થાય. હે સ્વામિન્ ! મલ્લિકુમરીની પ્રતિકૃતિ ( છબી ) તો દર્પણમાંજ દેખાય છે, કારણકે મહાસાગરની ઉપમા મહાસાગરજ કહેવાય છે. મેરૂપર્વત કરતાં અધિક પર્વત નથી, માનસ કરતાં અધિક ( મોટું ) સરોવર નથી, આકાશ કરતાં અધિક કંઈ વસ્તુ નથી અને મલ્લિકુમરીના રૂપ કરતાં અધિક રૂપ નથી. હું ધારૂં છું કે જેમણે વિકસ્વર લોચનથી મલ્લિકુમારીનું રૂપ જોયું નથી, તેઓ નરરૂપધારી કુવાના દેડકાજ છે.' આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણે કુશળ જનોના કર્ણને સુધા સમાન વર્ણન સાંભળીને કુસુમોથી કદંબવૃક્ષની જેમ સુબુદ્ધિરાજાના દેહપર રોમાંચ ખડા થઈ ગયા. પછી પૂર્વ ભવના સ્નેહને લીધે તે કન્યાને વરવાને માટે રાજાએ કુંભરાજા પાસે એક પોતાનો કાર્યકુશળ દૂત મોકલ્યો.

ઇતિ પ્રથમ મિત્રોત્પત્તિ:

હવે ધરણનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને ચંપાપુરીમાં **ચંદ્રચ્છાય** નામે રાજા થયો. તેજ નગરીમાં જીવાજીવાદિ તત્ત્વને જાણનાર, ચાર[1] પર્વણીએ તપ કરીને સમાધિપૂર્વક પૌષધ કરનાર, લબ્ધ, ગૃહિત અને પૃષ્ટાર્થને ધારણ કરનાર,[2] પાપના દ્વાર બંધ કરેલા હોવાથી બંધુર, નિર્દોષ સાધુજનોને વસ્ત્ર, પાત્ર, આસન, આવાસ વિગેરે સારી રીતે આપનાર, કૃતજ્ઞ, વિનયી, ધીર, અને પરનારીસહોદર એવો **અર્હન્નય** નામે શ્રાવક રહેતો હતો. તે મહામતિને એકદા સમુદ્રયાત્રાએ જવાનો વિચાર થયો; કારણ કે સમુદ્રની ઉપાસના કરવાથી ક્ષણમાત્રમાં દારિદ્રનો નાશ થાય છે. કહ્યું છે કે:—'ઇક્ષુક્ષેત્ર, સમુદ્ર, ગાય ભેંશ વિગેરે ચતુષ્પદોનું પોષણ, અને રાજપ્રસાદ–એ દરિદ્રતાનો સત્વર નાશ કરે છે.'

પછી વિવિધ વસ્તુઓ લઇને મિત્રોની સાથે અચળ આશયવાળો અર્હન્નય સમુદ્રયાત્રાએ ચાલ્યો. એ વખતે સુંદર વસ્ત્ર જેણે પહેરેલાં છે અને જેણે અક્ષતનું ભાજન હાથમાં લીધેલું છે એવી કોઇ સ્ત્રીને સાક્ષાત્ અર્થસિદ્ધિની જેમ સામે આવતી તેણે દીઠી; અર્થાત્ તેને શુભ શકુન થયા. પુણ્યની જેમ સારા શકુનથી પ્રેરાયલ તે શ્રેષ્ઠી વાણિજ્યરૂપ વૃક્ષના મૂળ સદૃશ સમુદ્રને સામે કાંઠે પહોંચ્યો.

---

૧ અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા ને અમાવાસ્યા.

૨ શ્રાવક लद्धठा, गहियठा, पुच्छियठा હોય છે; એટલે સૂત્રાર્થના ગુરૂમહારાજ પાસેથી વ્યાખ્યાનાદિ દ્વારા લબ્ધાર્થ, ગૃહિતાર્થ હોય છે અને કેટલાક અર્થ પૂછીને ગ્રહણ કરનારા હોય છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વખતે પોતાના નામની જેમ મહાસમુદ્રના આવર્ત્તાદિ સર્વને જાણનાર નિર્યામકને તે સમુદ્રયાત્રા કરનારમાં મુખ્ય ગૃહસ્થે પુષ્કળ દ્રવ્ય આપી પ્રસન્ન કર્યો. પછી નીલી ( ગળી ), ગુગ્ગલ, લાક્ષા, નિંબ, ચીવર અને હળદર વિગેરેની તેણે પુષ્કળ ખરીદ કરી. અને શુક્રવારે સ્ફુરાયમાન જયનશીલ વાજીંત્રોથી સુંદર એવું એ વહાણ– સમુદ્રની અર્ચાપૂર્વક તેણે સંપૂર્ણ ભર્યું; એટલે સિદ્ધાંતના આધારે સાધુ ચાલે તેમ ધ્રુવચક્રના આધારે તે વહાણ વાયુવેગે સમુદ્રમાં ચાલવા લાગ્યું.

એ અવસરે પોતાની સભામાં બેઠેલા ઇંદ્રે દેવોની આગળ મધુર વાણીથી અર્હન્નય શ્રાવકની ધર્મદઢતાની પ્રશંસા કરી. તે સાંભળીને ‘ મનુષ્ય કીટક છતાં દેવતાઓ પણ તેને ધર્મથી ચળાયમાન કરી ન શકે, આવાં ઇંદ્રનાં વચનને હું આજ મિથ્યા કરૂં.’ એમ ચિંતવી મનમાં મત્સર લાવી કોઇ મિથ્યાદષ્ટિ દેવતાએ સમુદ્ર ઉપર આકાશમંડળમાં મહામેઘ વિકુર્વ્યો; એટલે મેઘમાળા સર્વત્ર નીલીરક્તના જેવી દીસવા લાગી અને વહાણમાં રહેલા મનુષ્યોને ગળી જવાને તો એક રાક્ષસી હોય તેવી જણાવા લાગી. સત્વરૂપ સુવર્ણની પરીક્ષામાં વીજળીનો પ્રકાશ તે શરાણ જેવો અને પ્રાણીઓનો નિગ્રહ કરવામાં ગર્જના તે ઠાત્કાર જેવી જણાવા લાગી. જેમ જેમ મંદિરના ધ્વજની માફક વહાણ ડોલવા લાગ્યું તેમ તેમ માણસોના મન પણ ભયથી વિહ્‌વળ થવા લાગ્યા. પછી જળતરંગોના ઝપાટાથી વહાણ ડોલા ખાતું ઉંચે ઉછળવા લાગ્યું. એટલે ખારવા સ્પર્ધાથી ચાટવાવતી પાણી ભરી ભરીને બહાર કાઢી નાખવા લાગ્યા. એ વખતે પેલા દેવતાએ ઝંઝાવાત કરતાં પણ ભયંકર એવો પવન વિકુર્વ્યો, જેથી પોતમાં બેઠેલા લોકોએ પોતાની બુદ્ધિની સાથે નેત્રોને પણ બંધ કરી દીધાં. ‘ હા માત ! હા તાત ! હા ભ્રાત ! હા બંધો ! હા કુળદેવતા ! આ મહા આપત્તિમાં અમને સહાય કરો. ’ ઈત્યાદિ કર્ણને સૂચિકા સમાન લોકોના પોકારથી ભંયકર ગર્જનાની સાથે ગગનમંડળ વ્યાપ્ત થઈ ગયું. ‘ હે દેવી ! કુંકુમયુક્ત જળના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભરેલા લાખો ઘડાઓથી તમારૂં સ્નાત્ર કરીશ; માટે આ સંકટથી મારો ઉદ્ધાર કર.' ઇત્યાદિ અનેક પ્રકારની લોકો માનતાઓ કરવા લાગ્યા. કારણ કે— આર્ત્ત જનો દેવચરણની બહુ ભક્તિ કરે છે. આ પ્રમાણેનો પ્રબળ ઉપદ્રવ જોઇને પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતો, પવિત્રાસન પર બેસી પ્રત્યાખ્યાન લઈ પોતાના હૃદયકમળમાં વીતરાગને ધારણ કરી શુભ આશયવાળો અર્હન્નય શ્રાવક અનિત્યાદિક ભાવના ભાવવા લાગ્યો; એટલે તેને શુભ ભાવનામાં નિમગ્ન થયેલો જોઈને ક્ષોભ પાડવા સારૂ તે અધમ દેવતાએ કાળરાત્રિ સમાન રાક્ષસનું રૂપ વિકુર્વ્યું. મુખમાંથી નીકળતી જ્વાળાના અવિરલ સ્ફુલિંગથી આકાશને જાણે ખદ્યોતમય બનાવતો હોય, હાસ્યચ્છટાના પાતથી વસુધાને જાણે પ્રીણમય બનાવતો હોય, પાદરૂપ શિલાના ઘાતથી પૃથ્વીને જાણે પાતાળમાં દબાવી દેતો હોય એવો અને પ્રલયકાળના રૂદ્રની જેમ ઉંચે સ્વરે કલકલારવ કરતો તથા યમની પ્રિયા સમાન શસ્ત્રોને હાથમાં ધારણ કરતો એવો તે ક્રૂર રાક્ષસ બોલ્યો કે:— 'અરે અધમ શ્રાવક! તારા ધર્મને સત્વર તજી દે, નહિ તો વૃક્ષના ફળની જેમ આ શસ્ત્રોવતી તારૂં અખંડ મસ્તક જમીનપર પાડી દઇશ, અને હે દુરાશય! બળાત્કારે જળજંતુઓને તારૂં બળિદાન આપીશ. સમુદ્રના અગાધ જળમાં પડતાં તને તારો ધર્મ આડો આવે તેમ નથી. અરે! નિર્દયશિરોમણિ! પોતાને પગલે પગલે શ્રાવક તરીકે ઓળખાવીને પાછો સમુદ્રની સદા સફર કર્યા કરે છે!' એ પ્રમાણેના તે દેવતાના કઠોર વાક્યોથી અર્હન્નય શ્રાવક પોતાના સ્વાધ્યાય ધ્યાનથી કિંચિત્પણ ચલાયમાન ન થયો. શું પવનથી પર્વત કંપે? પછી પ્રગટ થઇને તે દેવ બોલ્યો કે:—'હે ભદ્ર! સૌધર્મેંદ્રે સભામાં તારી સ્તુતિ કરી કે—'અર્હન્નય શ્રાવકને સ્વધર્મથી દેવતાઓ પણ ચળાયમાન કરી શકે તેમ નથી.' આવી પ્રશંસા સાંભળીને હું અહીં તારી પરીક્ષા કરવા આવ્યો હતો પણ તેમાં તું પસાર થયો છું. માટે હે કરૂણાનિધાન! મારો આ અપરાધ ક્ષમા કર. મદોન્મત્ત હસ્તીના દંતઘાતથી પર્વતની જેમ મારાથી તું લેશ માત્ર પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચળાયમાન થયો નથી.' પછી તે દેવતા તેને દિવ્ય કુંડળની બે જોડ આપીને અને મેઘ તથા વાયુ વિગેરે સંહરીને મેઘમાં છુપાયેલા ચંદ્રની જેમ અદૃશ્ય થઇ ગયો.

અર્હન્નય શ્રાવક અનુક્રમે ગોષ્પદની જેમ ક્ષેમકુશળ સમુદ્ર ઓળંગીને સમસ્ત વસ્તુઓ લઇ મિથિલાનગરીએ આવ્યો. ત્યાં પોતવાહક એવા અર્હન્નય શ્રાવકે આદરપૂર્વક શ્રી કુંભરાજા પાસે જઇને કુંડળની એક જોડ તેમને ભેટ કરી. એટલે રાજાએ તે દિવ્ય કુંડળની જોડ નેત્રના મિત્ર જેવી પોતાની પુત્રી મલ્લિકુમારીને આપી, અને પાત્રજ્ઞ એવા તેણે સમુદ્ર જેમ જળ આપીને મેઘને વિસર્જન કરે તેમ અર્હન્નયને ઉંચા પ્રકારનું પારિતોષિક આપીને વિસર્જન કર્યો. પછી સમસ્ત વસ્તુઓનો ક્રયવિક્રય કરીને અર્હન્નય શ્રાવક ચંપાનગરીએ આવ્યો અને ત્યાં ચંદ્રચ્છાયરાજાના સભામંડપમાં આવી બીજી દિવ્ય કુંડળની જોડ તેણે તે રાજાને ભેટ કરી, કારણ કે ઉત્તમ પદાર્થો ઉત્તમ જનોને જ યોગ્ય હોય છે. તે જોઇને રાજા બોલ્યો કે:-'હે અર્હન્નય શેઠ! આ કુંડળની જોડ તને કયાંથી પ્રાપ્ત થઇ? કારણ કે કાંતિમાં દિવાકરને જીતે એવા આવી તરેહના કુંડળ મનુષ્યલોકમાં હોવા સંભવ નથી.' આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને અર્હન્નયે પ્રથમ સમુદ્રનો અહેવાલ કહીને છેવટે ચંપામાં આવતાં સુધીનો બધો વૃત્તાંત વિસ્તારથી કહી સંભળાવ્યો. તે. સાંભળીને રાજાએ પૂછયું કે:—'તેં એક જોડ જેને ભેટ આપી એ મલ્લિકુમરી કોણ છે? તે કહે. કારણ કે અપૂર્વ વાત શ્રવણ કરવાને કયો કુશળ પુરૂષ પ્રયત્ન ન કરે?' પછી તે શ્રેષ્ઠી બોલ્યો કે:—'હે દેવ! મિથિલાનગરીમાં ઇક્ષ્વાકુ કુળના ભૂષણરૂપ કુંભ નામે રાજા છે. તે રાજાને સુસાફરોને પરબની જેમ લોકોના નેત્રોને આનંદ આપનારી, કુસુમ જેવા સ્મિતવાળી તથા સુંદર ગુણોની જંગમ લતા જેવી મલ્લિકુમરી નામે સુતા છે, જેના મુખની આગળ ચંદ્રમા તો તદ્દન નિર્માલ્ય લાગે છે અને જેના નેત્રની આગળ કમળોની શોભા બેડોળ લાગે છે.' આ પ્રમાણે સાંભળીને પૂર્વજન્મના સ્નેહથી મોહિત થઇ તેની માગણી કરવા માટે ચંપાપતિએ કુંભરાજા પાસે એક દૂત મોકલ્યો.

## ઇતિ દ્વિતીય મિત્રોત્પત્તિઃ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે પૂરણનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને શ્રાવસ્તિનગરીમાં રૂક્મિ નામે રાજા થયો. જાણે સ્વર્ગની દેવી પૃથ્વીપર આવી હોય એવી અને અતિશય રૂપવતી, શાંત, મનોહર આકારવાળી અને સારા લક્ષણોયુક્ત ધારિણી નામે તે રાજાને પટરાણી છે. સુરેંદ્રને લક્ષ્મી અને સમુદ્રને વાર્ધિસુતાની જેમ તે રાજદંપતીને સુબાહુ નામે કન્યા છે. તે કન્યા રાજાને પોતાના પ્રાણ કરતાં પણ વધારે વલ્લભ છે. ઇતર પ્રાણીઓને પણ પોતાના સંતાન પ્રિય હોય છે તો પછી રાજાઓને હોય તેમાં શું આશ્ચર્ય !

એકદા તે કન્યાએ પરિવાર જનો પાસે ચતુર્માસીને દિવસે મંગળ વિધાનપૂર્વક વિશેષે સ્નાનમહોત્સવ કરાવ્યો; એટલે અંતઃપુરની વધૂજનોએ મુદિત થઇને લવણોત્તારણપૂર્વક તેને સ્નાન કરાવ્યું, પછી વસ્ત્રાલંકારથી મંડિત થઇ અંગી, ચંગી વિગેરે દાસીઓથી પરિવૃત્ત થયેલી તે પિતાને પ્રણામ કરવા ઉત્તમ એવા સભામંડપમાં આવી; એટલે વીણાની જેમ સદ્દગુણવતી એવી તેને પોતાના ઉત્સંગમાં સ્થાપીને રાજાએ પ્રેમથી તરંગિત થઇ અંતઃપુરના રક્ષકને કહ્યું કેઃ—' હે ભદ્ર ! આવો કન્યાનો સ્નાનોત્સવ તારા જોવામાં કોઇ ઠેકાણે આવ્યો છે ? ' એટલે તે સ્મિતપૂર્વક બોલ્યો કેઃ—' હે રાજન્ ! તમારા આદેશથી એકવાર હું મિથિલાનગરીએ ગયો હતો. ત્યાં કુંભરાજાની પ્રખર કાંતિવાળી મલ્લિપુત્રીની વર્ષગાંઠ હોવાથી તેનો અસાધારણ સ્નપનોત્સવ થયો હતો. તેવો મહોત્સવ સ્વર્ગમાં પણ નહિ થતો હોય તો પછી પૃથ્વીતળમાં તો ક્યાંથીજ થાય ? જેમ સમુદ્રની ઉપમા સમુદ્ર અને અમૃતની ઉપમા અમૃતજ છે તેમ એ મલ્લિકુમરીના રૂપની ઉપમા તેના રૂપમાંજ રહેલી છે. પૃથ્વીતળપર માનવમંડળરૂપ સાગરમાં અદ્વિતીય સ્રીરત્નરૂપ અને જગતના નેત્રને કાર્મણરૂપ તે એકજ ઉત્પન્ન થયેલ હોય એમ લાગે છે. ' આ પ્રમાણે સાંભળીને પૂર્વભવના સ્નેહને વશ થઇ બુદ્ધિના નિધાનરૂપ રૂક્મિરાજાએ તેની માગણીને માટે એક કુશળ દૂતને કુંભરાજા પાસે મોકલ્યો.

ઇતિ તૃતીય મિત્રોત્પત્તિઃ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે વસુનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને વાણારસી નગરીમાં શંખ નામે રાજા થયો. અન્યદા શ્રી મલ્લિકુમરીના અત્યંત રમણીયતાના મંદિરરૂપ પેલા દિવ્ય કુંડળયુગલ દૈવયોગે ખંડિત થયાં, એટલે તે સાંધવાને માટે રાજાએ અનેક સુવર્ણકારોને એકત્ર કર્યા અને કુંડળયુગળ બતાવ્યા. તે કુંડળયુગલને જોઈને સર્વ સુવર્ણકારો અસંજ્ઞીની જેમ શૂન્ય મનવાળા થઇ જઇને બોલ્યા કે:—'હે દેવ! અત્યંત દેદીપ્યમાન એવા આ દિવ્યકુંડળ સાંધવાને અમે કોઈ સમર્થ નથી; કારણ કે દિવ્ય પદાર્થોને દિવ્ય પુરૂષોજ સુધારી શકે.' આ પ્રમાણે સાંભળીને રૂષ્ટમાન થયેલા રાજાએ તે સર્વ સુવર્ણકારોને પોતાની નગરીમાંથી કાઢી મૂકયા. કારણકે રાજાનો અપ્રસાદ (કફ્રામરજી) થતાં નગરવાસીઓને આવી શિક્ષા કાંઈ દૂર નથી.

પછી તે સુવર્ણકારોએ વાણારસીમાં જઈને શંખરાજાને પ્રણામ કર્યા, એટલે રાજાએ તેમને મધુર વચનથી પૂછયું કે:—'તમે કયાંના રહેવાસી છો?' તેઓ બોલ્યા કે:—'હે દેવ! વિજ્ઞાનરૂપ લતાજાળને વર્ષાકાળના મેઘ સમાન એવા અમે મિથિલાનગરીના રહેવાસી સુવર્ણકાર છીએ. હે રાજન્! ત્યાં રહીને સુવર્ણકારનું કામ કરતાં અમારા પૂર્વજોની સાત પેઢી થઈ ગઈ, પણ અત્યારે એક દિવ્ય કુંડલ સાંધવાને અસમર્થ થયેલા એવા અમને હે ઇશ! મિથિલાના સ્વામી કુંભરાજાએ પોતાની નગરીમાંથી બળાત્કારે બહાર કાઢી મૂકયા છે.' આ પ્રમાણે કહ્યા પછી કુંડળના પ્રસંગથી પ્રાપ્ત થયેલ શ્રી મલ્લિકુમરીના ઉત્તમ રૂપને હર્ષોત્કર્ષને પામેલા એવા તેમણે સારા શબ્દોમાં વર્ણવી બતાવ્યું. છેવટે કહ્યું કે 'તેના મુખની આગળ શશી એક દાસ સમાન છે એમ અમારૂ માનવું છે, અને એટલા માટેજ તેનું રૂપ અનુપમેય કહેવા યોગ્ય છે.' આ પ્રમાણેના તેના રૂપના શ્રવણથી અને પૂર્વના સ્નેહાતિરેકથી તેની માગણી કરવા માટે શંખરાજાએ કુંભરાજા પાસે એક ચાલાક દૂતને મોકલ્યો. ઇતિ ચતુર્થ મિત્રોત્પત્તિ:

હવે વૈશ્રમણનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને હસ્તિનાપુરમાં **અદીનશત્રુ** નામે રાજા થયો.

અહીં મલ્લિકુમરીને **મલ્લ** નામે એક લઘુ બંધુ હતો, તે યૌવનવય પામ્યો એટલે તેણે ચિત્રકર્મમાં કુશળ એવા ચિત્રકારોને પોતાને માટે એક ચિત્રશાળા ચીતરવા બોલાવ્યા અને ગોત્રીઓને સંપત્તિની જેમ તેમને સમાન ભાગે ભીંત વહેંચી આપીને તેની ઉપર સરસ ચિત્રો કરાવ્યાં. તે ચિત્રકારોમાં દેવ પાસેથી જેણે વરદાન મેળવેલું છે એવો અને શરીરનો એક ભાગ માત્ર જોવાથી યથાવસ્થિત આખું શરીર આળેખી આપનારો એક કુશળ ચિત્રકાર હતો. તેણે પડદામાં રહેલ મલ્લિકુમરીના ચરણના અંગુષ્ઠને જોઇને સર્વ અંગોપાંગથી સુંદર એવું યથાસ્થિત તેનું રૂપ પોતાને વેંચી આપેલી ભિંત ઉપર આળેખી કાઢ્યું. એકદા ક્રીડારસિક એવો મલ્લકુમાર પોતાના મિત્રો સહિત ત્યાં આવ્યો અને ચિત્રસ્થ મલ્લિકુમરીના રૂપને જોઈને સાક્ષાત્ ઉર્ધ્વસ્થ (ઉભેલી) પોતાની બહેન છે એમ સમજીને પ્રસરતું નીકનું જળ જેમ સેતુ (બંધન) થી રોકાઇ જાય તેમ લજ્જાથી રોકાઈ જઇને તરતજ તે પાછો વળ્યો. ધાત્રીએ તેને પાછો વળતો જોઇને કહ્યું કે-' હે વત્સ! કેમ ઉતાવળે પગલે તરતજ પાછો વળ્યો ? ' એટલે કુમાર બોલ્યો કે-' હે માત! સામે મારી બ્હેન ઉભાં છે, તો મિત્રો સહિત હું શી રીતે ત્યાં જઇને ક્રીડા કરૂં ? ' એટલે બરાબર તપાસ કરીને ધાત્રી બોલી કે-' હે વત્સ! ત્યાં તારી બ્હેન ઉભી નથી, પણ ચિત્રકારે આનંદને લીધે ભ્રાંતિ ઉપજાવે તેવું તેનું ચિત્ર બનાવ્યું છે. ' એટલે મલ્લિકુમરીના લઘુબંધુએ અત્યંત ક્રોધાયમાન થઇને તે ચિત્રકારનો જમણો અંગુઠો કાપી નખાવી તેને પોતાના દેશમાંથી કાઢી મૂક્યો.

મહીપીઠપર સર્વત્ર ભમતો ભમતો તે ચિત્રકાર હસ્તિનાપુર ગયો અને અંજળિ જોડીને અદીનશત્રુરાજાને તેણે નમસ્કાર કર્યા. પછી મૂળથી માંડીને યથાભૂત પોતાનો વૃત્તાંત રાજાને નિવેદન કરતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીમલ્લિકુમરીના રૂપનું તેણે આ પ્રમાણે વર્ણન કર્યું–' નદીઓમાં જેમ ગંગા, પુષ્પોમાં જેમ માલતી અને ગાયોમાં જેમ કામધેનુ–તેમ રૂપવતી રમણીઓમાં મલ્લિકુમરી સર્વોત્કૃષ્ટ છે. મનોમયૂરને મેઘસમાન એવી તે મલ્લિકુમરીને જેણે જોઈ નથી તેના નેત્રયુગળ વૃથા છે. ચુલુકની જેમ નેત્રો જેના રૂપનું સર્વદા પાન કર્યા કરે છે અને કવિવરો જેના ચારૂ ચરિત્રનું નિરંતર વર્ણન કર્યા કરે છે એવી તે પરમ સુંદર છે.' આ પ્રમાણેનું વર્ણન કરીને પેલા ચિત્રકારે ચક્ષુને ચમત્કાર પમાડનાર મલ્લિકુમરીની છબી રાજાને દેખાડી. તે જોઇને વિસ્મય પામી તેમજ પૂર્વભવના સ્નેહને લીધે મોહિત થઈ તેની માગણી કરવાને માટે કુંભરાજાની પાસે તેણે પોતાનો દૂત મોકલ્યો.

## ઇતિ પંચમ મિત્રોત્પત્તિ:

હવે અભિચંદ્રનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં કાંપિલ્યપુર નામના નગરમાં યથાર્થ નામવાળો જિતશત્રુ નામે રાજા થયો. તેના પ્રતાપથી એકત્ર કરેલા ઘૃતપિંડની જેમ શત્રુઓ વિલય પામી જાય છે. તે રાજાને સ્વર્ગમાંથી દેવાંગનાઓ વસુધાપર આવી હોય તેવી અને અગણ્ય પુણ્ય લાવણ્યવાળી ધારિણી વિગેરે હજારો પ્રાણવલ્લભાઓ છે.

અહીં મિથિલાપુરીમાં મંત્ર–કાર્મણરૂપ રત્નોની રોહણાચલ–ચૂલિકાસદૃશ ચોક્ષા નામની એક જોગણુ રહે છે. તે હાથમાં ત્રિદંડ, શરીરપર રંગેલ વસ્ત્ર અને શૌચને માટે અંદર દર્ભ નાખેલી જળકુંડિકાને ધારણ કરીને ફરે છે. વાયુની જેમ નિર્બાધિત અને અસ્ખલિત ગતિવાળી તે જોગણુ એકદા કુંભરાજાની કન્યાઓના અંતઃપુરમાં આવી, અને દાંભિક વાણીથી યથાવિધિ પોતાનો ધર્મ દર્શાવવા શ્રી મલ્લિસ્વામીની પાસે બેઠી. પછી વાકયવિધાનને જાણનારી એવી તેણે મલ્લિકુમરીની આગળ પુરાણના વાકયોથી જળશૌચમય ધર્મનું સવિસ્તર વર્ણન કર્યું. તે સાંભળીને મલ્લિકુમરી બોલ્યા કે–'જો જળસંગમથી ધર્મ થતો હોય તો જળાશયમાં રહેનારા મત્સ્યો સર્વ લોક કરતાં વધારે ધર્મી ગણાય.' આમ કહ્યા છતાં જોગણે ફરીને કેટલીએક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યુક્તિઓથી શૌચમય શૈવધર્મનું પ્રતિપાદન કર્યું; એટલે મુખ મરડીને દાસીઓએ તેને બહાર કાઢી મૂકી. જતાં જતાં તેણે વિચાર કર્યો કે–' સપત્નીઓમાં પડીને જેમ આ મલ્લિકુમરી વધારે દુઃખી થાય તેવા ઉપાયો હવે સત્વર યોજું.' આ પ્રમાણે ચિંતવીને દર્પથી દગ્ધ થતી ચોક્ષા તે નગરીમાંથી વિદાય થઇને પાંચાલદેશના મુખમંડનરૂપ કાંપિલ્યનગરમાં આવી, અને જિતશત્રુ રાજાની રાજસભામાં ગઇ. રાજાએ વિસ્મિત નેત્રથી તેને જોઇને આસન અપાવ્યું. કારણ કે 'સંન્યાસિનીનો પણ સત્કાર કરવો જોઇએ.' પછી બહુજ પ્રતિપત્તિપૂર્વક રાજાએ તેનો સત્કાર કર્યો. 'શું તેવાં સજ્જનોને ઔચિત્યાચરણ શીખવવું પડે છે?' પછી આશીર્વાદ આપીને તે આસનપર બેઠી; કારણ કે લિંગધારીઓ પાસે આશીર્વાદરૂપ મૂળ ધન અક્ષય હોય છે. પછી મહાભક્તિપૂર્વક રાજાએ અને રાણીઓએ તેને બોલાવી. કારણ કે 'સ્ત્રીઓ પતિના માર્ગને અનુસરનારી હોય છે.' તે બોલી કે:–' હે રાજન્! હે કમલાક્ષીઓ! આ ભવ અને પરભવમાં પણ પ્રિયંકર એવો જળશૌચમય પરમ ધર્મ સમાન બીજો કોઇ ધર્મ થયો નથી ને થશે નહીં.' આ પ્રમાણે કહીને તે વિરામ પામી. એટલે રાજા બોલ્યો કે:—' ભગવતી! તમે સાગર પર્યંત પૃથ્વી જોઇ હશે, પણ હે માત! મારા જેવું અંતઃપુર કોઇ ઠેકાણે જોયું કે સાંભળ્યું છે? કારણ કે તમારા જેવા વ્રતધારી બહુ દૂરદર્શી હોય છે.' આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને ચોક્ષા વિસ્મય પામી રાજાને કહેવા લાગી કે:–' હે રાજન્! આ વસુધાતળપર તું કુવાના દેડકા જેવો લાગે છે, કારણ કે મિથિલાપુરીમાં કુંભરાજાને દેવાંગનાં સમાન લલિત આકૃતિવાળી મલ્લીકુમરી નામે પુત્રી છે. તેના ચરણના અંગુઠાની શોભા આગળ આ તારૂં સર્વ અંતઃપુર કોલસા કરતાં પણ હીન લાગે તેમ છે. તેના આખા શરીરની શોભાની ઉપમા તો ત્રિભુવનમાં પણ મળી શકે તેમ નથી. વધારે શું કહેવું?' આ પ્રમાણે સાંભળીને પૂર્વ જન્મના સ્નેહથી મોહિત થઇ તેની માગણી કરવાને માટે જિતશત્રુ રાજાએ કુંભરાજા તરફ એક દૂત મોકલ્યો.

ઇતિ ષષ્ઠ મિત્રોત્પત્તિઃ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે મહાબુદ્ધિવંત એવા પૂર્વ જન્મના છએ મિત્રોના દૂતો એકીસાથે મિથિલાનગરીમાં દાખલ થયા. હવે પૂર્વભવના છ મિત્ર પર કૃપાવંત અને ત્રણ જ્ઞાન સહિત એવા ભગવંત મલ્લિસ્વામીએ તેમને ઉપદેશ આપવા માટે આ પ્રમાણે રચના કરી. કારણ કે ' જિનેશ્વરો સદા પ્રતિબોધ આપવામાંજ તત્પર હોય છે.' અશોક નામના ઉદ્યાનમાં સુવર્ણની ભીંતોથી વિકસ્વર અને રત્નપીઠથી મનોહર એવા સૌધની અંદરના ઓરડામાં પોતાની સદશ, સારા અલંકારથી વિભૂષિત, ઇંદ્રનીલ સમાન નેત્રવાળી, રમ્ય, વિદ્રુમની જેવા અધરોષ્ઠરૂપ પલ્લવવાળી, કાજળની જેવા શ્યામ કેશવાળી, પ્રવાળની જેવા રક્ત હાથવાળી, સારા વર્ણવાળી, કળશની જેવા શિરવાળી, મનોહર ભ્રકુટીવાળી, જાનુ પર્યંત જેના બાહુ છે, મધ્યભાગ જેનો અતિ કૃશ છે, શરીરની કાંતિ જેની સ્વચ્છ છે, ચરણના ગુલ્ફ જેના ગુપ્ત છે, જંઘાઓ જેની વૃત્તાકાર છે અને ત્રિરેખાથી જે સુશોભિત છે, એવી એક સુવર્ણની પ્રતિમા કરાવી. તે ઓરડાને ( દિવાનખાનાને ) કપાટથી બંધ રાખેલા છ મોટા દ્વાર કરાવ્યા. તે દ્વારોની આગળ નાની નાની છ ઓરડીઓ કરાવી અને પ્રતિમાની પછવાડેના ભાગમાં એક દ્વાર કરાવ્યું. પછી તાળુથી ઉદર પર્યંત જેનો અંદરનો ભાગ પોલો છે એવી તે પ્રતિમાની અંદર ભગવંત પ્રતિદિન આહાર કરતી વખતે બધી જાતના આહારનો મિશ્ર એક પિંડ નાખીને પછી ભોજન કરવા લાગ્યા.

હવે છએ રાજાઓના છએ દૂતો એક સાથે કુંભરાજાના દરબારમાં દાખલ થઈ પ્રણામ કરીને અનુક્રમે આ પ્રમાણે કહેવા લાગ્યા.

પ્રથમ દૂત બોલ્યો કે:–' હે રાજન્! રત્નોની જેમ સુબુદ્ધિના નિધાનરૂપ, વીર પુરૂષોને ઉચિત જેના બાહુદંડ છે, વળી જે મહાબાહુ, મહાબલિષ્ઠ, રૂપવડે કંદર્પનો તિરસ્કાર કરનાર, દર્પ સહિત સર્વત્ર વિગ્રહ કરનાર તથા શત્રુઓને પરાસ્ત કરવાથી પ્રતાપવાન સાકેતપુરનો સ્વામી પ્રતિબુદ્ધ નામે રાજા છે. જે ધર્મવત્સલ હોવાથી ધર્મને પોતાના ઇષ્ટ બંધુ સમાન માને છે, અને મંત્રીઓના પવિત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વચનને ગુરૂવચનની જેવાં માને છે. તે રાજા તમારી મલ્લિકુમરીને પરણવા માગે છે. કારણકે સજ્જનો પાસે યાચના કરતાં કદાચ તે વિફળ થાય, તોપણ લજ્જાસ્પદ નથી. વળી હે રાજેંદ્ર! કન્યા–એ પારકું ધન હોવાથી ગમે તેને પણ આપવી તો પડેજ છે, માટે આવો જમાઈ શોધતાં પણ તમને સાંપડનાર નથી.'

પછી બોલવામાં કુશળ એવો બીજો દૂત બોલ્યો કે:–'હે ભૂપ! જબરજસ્ત સ્કંધવાળો, મહાભુજાવાળો, કુલીન, કોઈ પણ પ્રકારના કલંકરહિત, સત્યવાદી, સત્ય પ્રતિજ્ઞાવાળો, સમરાંગણમાં સત્કીર્તિ મેળવનાર, કીર્તનીય ગુણવાળો, પૂર્ણેંદુના જેવા મુખવાળો અને ચંપાનગરીનો સ્વામી **ચંદ્રચ્છાય** રાજા આપની સુતા મલ્લિકુમરીને પરણવા માગે છે.'

પછી ત્રીજો દૂત બોલ્યો કે:–'હે નૃપ! કોટિ સુભટોમાં અગ્રેસર, કૃતજ્ઞ, પ્રાજ્ઞ જનોમાં શ્રેષ્ઠ, શૌર્યરૂપ સુવર્ણના નિકષરૂપ, શરણાર્થી જનોને શરણરૂપ, દાન, દાક્ષિણ્ય, સ્થૈર્ય, ધૈર્યરૂપ વૃક્ષોના ઉદ્યાન સમાન અને ક્ષત્રિય વ્રતને પાળનારો શ્રાવસ્તી નગરીનો સ્વામી રૂકૂમિ નામે રાજા બહુ જ આનંદપૂર્વક આપની કન્યાને પરણવા ઇચ્છે છે.'

પછી ચોથો દૂત બોલ્યો કે:—'હે નરેંદ્ર! સુધાકર જેવા ઉજ્વળ યશવાળો, સેવક જનોને કલ્પવૃક્ષ સમાન, ન્યાયરૂપ કંદને મેઘ સમાન અમોઘ વાણીવાળો, પાપનો નાશ કરનાર, મહાદાતા, સૂર્યની જેવા પ્રતાપથી દુર્દર્શનીય, સદાચારના માર્ગમાં સદા પ્રવીણ, અને કાશી-નગરીનો સ્વામી શંખનામે રાજા આપની કુમારીને પોતાની વલ્લભા કરવા ઇચ્છે છે'.

પાંચમો દૂત બોલ્યો કે:—'હે રાજન્! રૂપમાં રતિપતિ સમાન, યુદ્ધમાં પ્રૌઢ પરાક્રમને પ્રગટ કરનાર, સાલ વૃક્ષ સમાન ઉન્નત, મહા સ્કંધવાળો, ગુણજ્ઞ, ગુણી જનોમાં પ્રવર અને હસ્તિનાપુરનો નાયક **અદીનશત્રુ** નામે રાજા તમારી કન્યાની માગણી કરે છે.'

છઠ્ઠો દૂત બોલ્યો કે:—'હે રાજન્! જેની સેના અપરિમિત છે, જે માયારહિત છે, જે ઇંદ્રસમાન પરાક્રમવાળો, અંતરના છ શ-

ત્રુઓને જીતનાર, દુર્દાંત શત્રુઓને પરાસ્ત કરનાર અને કાંપિલ્ય-નગરનો સ્વામી છે તે જિતશત્રુ નામે રાજા આપની કન્યાને પરણુવા ઇચ્છે છે. '

આ પ્રમાણે સાંભળીને કુંભરાજા ક્રોધ કરીને બોલ્યા કે:— " આવી અપ્રાપ્ય વસ્તુની આશા ( ઇચ્છા ) કરતાં તમારા રાજાઓને લજ્જા કેમ ન થઈ? કારણ કે ત્રણ ભુવનમાં એક રત્નરૂપ, ઇંદ્રોને પણ નમસ્કાર કરવા યોગ્ય એવા અનુત્તર કન્યારત્નનો વિવાહ શી રીતે થાય? જેના જન્મસમયે ઇંદ્રો મેરૂ પર્વતપર એકઠા થયા હતા, ત્યાં લઈ જઇને જેનો જન્મોત્સવ કર્યો હતો, જેના શરીરની વૃદ્ધિ નિરંતર સુધાથીજ થઇ છે, જે બદધાનતથી એમનું બુરૂં ચિંતવે છે તેનું મસ્તક અર્જમંજરીની જેમ સત્વર ખંડિત થઇ જાય છે, તેનો વિવાહ શી રીતે થઈ શકે? અરે દૂતો! તમે અઘટિત માગણી કરનાર હોવાથી વધ યોગ્ય છો, છતાં દૂત હોવાથી તમને મુક્ત કરવામાં આવે છે, કારણ કે ન્યાયવેત્તાઓ સ્ત્રી, બાળ, દૂત અને મુંગા પ્રાણી વિગેરેનો ઘાત કરતા નથી. " પછી આંખના ઇસારાથી પ્રેરિત થયેલા રાજપુરૂષોએ કઠોર વચન અને તાડનપૂર્વક તેમને તરત બહાર કાઢી મૂક્યા.

અત્યંત તિરસ્કાર થવાથી ખેદ પામેલા તે દૂતોએ જઈને પોતપોતાના સ્વામીને બધી હકીકત વિસ્તારીને કહી બતાવી; એટલે તે રાજાઓના મનરૂપ કુંડમાં ક્રોધરૂપ અગ્નિ જાજ્વલ્યમાન થયો. પછી અત્યંત દૂર સુધી પ્રસરનાર તેમના પ્રયાણભેરીના અવાજથી નદી-ઘોષથી સાગરની જેમ આકાશતલ વ્યાપ્ત થઈ ગયું. પ્રલયકાળમાં ક્ષોભાયમાન થયેલ સાગરના તરંગોથી વસુધાતલની જેમ તેમના ચપળ એવા લશ્કરરૂપ જળથી ચારે દિશાઓ આચ્છાદિત થઇ ગઇ. પછી જાણે મૂર્ત્તિમંત વર્ષધર-પર્વત હોય તેમ વિસ્તૃત ધ્વજાઓરૂપ પક્ષોથી પૃથ્વીમંડળને ક્ષોભ પમાડતા અને માનાર્ત્ત એવા તે છએ રાજાઓ પોતપોતાને નગરેથી ચાલ્યા. તે વખતે તેમના રથોથી રથમય, હસ્તીઓથી હસ્તીમય, અશ્વોથી અશ્વમય અને સુભટોથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુભટમય પૃથ્વી લાગતી હતી પંચરંગી કંબળોને પૃષ્ઠપર ધારણ કરવાથી જાણે વિકસ્વર ધાતુમત્તાને વિખેરતા હોય તેવા ગંધહસ્તીઓ ગંડશૈલની શોભાને ધારણ કરવા લાગ્યા. ધૂલીપટળથી સરોવરોને પણ સ્થળ જેવા કરતા, અશ્વોના ખુરીપુટથી સ્થળોને પણ કમળાકર સમાન બનાવતા અને વિસ્તૃત ફણાવાળા સર્પો જેમ ચંદનવૃક્ષનો, યોગીઓ શ્વાસના નિરોધથી જેમ દેહદષ્ટિનો અને સમુદ્રના તરંગો જેમ દ્વારિકા નગરીનો નિરોધ કરે તેમ પગલે પગલે જવા આવવાના માર્ગોને રોકતા છ રાજાઓએ પોતાના લશ્કરવડે મિથિલાનગરીને ઘેરો ઘાલ્યો.

તેમના નિરોધથી જાણે હસ્તસ્થ ધન હરાઇ ગયું હોય તેમ કુંભરાજા ખેદાતુર અને અતિ ચિંતાતુર થઇ ગયો. એટલે તેમની પાસે આવી અંજલિ જોડીને શ્રીમલ્લિકુમરી તેમને કહેવા લાગ્યા કે—'હે તાત! આપ અત્યારે ઉદ્વિગ્ન કેમ દેખાઓ છો?' આવો પ્રશ્ન થવાથી સદ્દગુરૂની પાસે ભાવિક ભક્તની જેમ રાજાએ મલ્લિકુમરી આગળ નગરીનિરોધરૂપ ઉદ્વેગનું કારણ કહી સંભળાવ્યું; એટલે ભગવંતે કહ્યું કે—"હે તાત! તમે ગુપ્ત પુરૂષો દ્વારા એકી સાથે છએ રાજાઓને કહેવરાવો કે—'મલ્લિકુમરી હું તમને આપીશ.' પછી સાંજે અલ્પ રસાલા સાથે ગુપ્ત રીતે તેમને અશોકવનમાં બનાવેલા પેલા નાના ઓરડાઓ પાસે બોલાવજો." કુંભરાજાએ તે પ્રમાણે અમલ કર્યો, એટલે હર્ષિત થતાં છએ રાજાઓ ત્યાં આવ્યા અને પોતપોતાની સમક્ષ મલ્લિકુમરીની મૂર્ત્તિ જોઇને વિસ્મય પામ્યા; અને 'અહો! મલ્લિકુમરીને આપણે ભાગ્યયોગેજ જોઇ શક્યા' એમ અંતરમાં ચિંતવતા તેઓ જાણે મંત્ર સિદ્ધ થયો હોય તેમ પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યા. પછી મલ્લિકુમરીએ પ્રતિમાની પાછળ રહીને પ્રતિમાને આચ્છાદિત કરેલું તાળવા પરનું વસ્ત્ર ઉઘાડ્યું; એટલે લસણના ગંધ જેવો અંદર પ્રક્ષિપ્ત કરેલા અને કોહી ગયેલા અન્નનો અત્યંત દુઃસહ દુર્ગંધ ચારે બાજુ પ્રસર્યો.[1]

૧ આ વાક્યવડે એવો ઉપદેશ આપ્યો છે કે માત્ર એક એક કોળીઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેથી સર્વ લોકો ત્યાંથી તરતજ દૂર થઇ ગયા. સર્પ, બળદ અને શ્વાનના શબની દુર્ગંધ કરતાં પણ અતિ દુઃસહ દુર્ગંધ તે છએ રાજાઓના નાસિકાપુટમાં દાખલ થયો; એટલે તેવા અસહ્ય દુર્ગંધને લીધે તીક્ષ્ણ ભાલાના અગ્ર ભાગના પ્રહારથી કાયરજનોની જેમ અને જેમનો પ્રિય પુત્ર ગુજરી ગયેલો હોય તેવા જનોની જેમ તેઓ અધોમુખવાળા થઇ ગયા. તેમને મૌનપણે ઉભા રહેલા જોઇને મલ્લિકુમરી બોલ્યા કે—'અરે રાજાઓ! તમે જાણે ભારથી શિરપર દબાયેલા હો તેવા કેમ થઇ ગયા છો?' એટલે વસ્ત્રના છેડાથી નાસિકા બંધ કરીને તેઓ બોલ્યા કેઃ—'આ દુઃસહ દુર્ગંધ અમે સહન કરી શકતા નથી.' પછી તેમને પ્રતિબોધ આપવાને માટે ભગવંત બોલ્યા કે—"જેમ સુવર્ણની પ્રતિમા માત્ર જોતાંજ મનહર લાગે છે, તેમ વિકસિત નીલકમળ જેવા લોચનવાળી સુંદર રમણીઓ પણ વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, ચરબી, રક્ત અને મળથી ભરેલી હોવા છતાં પણ અનુરાગને આધીન થયેલા લોચનવાળા જનોને તે પ્રિય લાગે છે; અને તે રમણીઓના શરીરના અવયવો અકામ્ય (ન ઇચ્છવા યોગ્ય) છતાં પણ તેઓ અતિ પ્રિય માનીને જુએ છે. જેમ કમળાના રોગવાળો માટીના ઢેફાંને પણ સૂવર્ણ માની લે છે, તેમ મોહથી અંધ થયેલા મનવાળા જનો સ્ત્રીસંગથી ઉત્પન્ન થતા દુઃખને સુખ માની લે છે. જટાધારી, મુંડન કરાવનાર, શિખા રાખનાર, વલ્કલ ધારણ કરનાર સારો તપસ્વી યા તો ભલે બ્રહ્મા હોય પણ જો તે બ્રહ્મચર્યરહિત હોય તો પસંદ કરવા લાયક નથી. ખસવાળો જેમ ખસને ખજવાળતાં દુઃખને સુખ માને છે, તેમ દુર્વાર મન્મથના આવેશને વિવશ થયેલા માણસો કામભોગના દુઃખને સુખ માની લે છે. જેઓ સ્ત્રીઓને સૂવર્ણમૂર્ત્તિ વિગેરેની ઉપમા આપે છે, તેઓ તે મૂર્ત્યાદિકનું વારંવાર આલિંગન કરીને શા માટે તૃપ્ત થતા નથી? સ્ત્રીઓ-

નાખવાથી અમુક દિવસમાં આવો દુર્ગંધ ઉછળ્યો તો આ શરીરમાં દરરોજ ૩૨ કવળ નખાય છે તે શરીરમાં કેવો દુર્ગંધ હોવો જોઇએ? આવું દુર્ગંધમય શરીર કે જે માત્ર ત્વચાવડે આચ્છાદિત કરેલું છે તે મોહ કરવા યોગ્ય શી રીતે હોય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નું જે અંગ ગોપનીય અને કુત્સનીય છે, ત્યાંજ લોકો જ્યારે રક્ત (આસક્ત) થાય છે, ત્યારે તેના બીજા અંગથી તો તેઓ શી રીતે વિરક્ત થાય? અહો! માંસ અને અસ્થિઓથી નિર્મિત છતાં મોહથી લોકો સ્ત્રીનાં અંગોપાંગને ચંદ્ર, કમળ અને કુંદપુષ્પ વિગેરેની સદૃશ બનાવી દઇને–તેવી ઉપમાઓ આપીને તે તે વસ્તુઓને દૂષિત કરે છે. માટે સંસારના કારાગૃહરૂપ રમણીના રૂપનું વર્ણન સાંભળીને અંગનાના અંગસંગમમાં રાગ કરવા યોગ્ય નથી. વળી આ ભવની પૂર્વે ત્રીજા ભવમાં તમે સમાન વયવાળા મારા મિત્રો હતા, અને તે વખતે સરખી રીતે આપણે વિષયસુખ ભોગવ્યા છે; અને તે વિષયોનો આપણે એકી સાથે ત્યાગ કરીને મુનિપણામાં એકી સાથે સરખી રીતે ઉપવાસાદિક તપસ્યાઓ કરી છે, તો તે પૂર્વ ભવના ચેષ્ટિતને તમે કેમ યાદ કરતા નથી? તે વખતે હું તમારો મહાબલ નામે સાતમો મિત્ર હતો.”

આ પ્રમાણેનાં વચનો સાંભળીને સરસ્વતીના હાથમાં રહેલ પુસ્તકની જેમ કર્મલાઘવથી તેઓ જાતિસ્મરણ પામ્યા; એટલે ભગવંતે દ્વારના કપાટ (બારણા) ઉઘાડ્યા. હર્ષાશ્રુ પાડતા તે સર્વે અંદર આવ્યા, તથા શરદૃઋતુના મેઘની જેમ ઉપદેશથી કલુષતા રહિત થઇને ભગવંતને પ્રણામ કરી તે છએ રાજાઓ ભક્તિપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા–‘ હે ભગવંત ! આપણે સાતેએ પૂર્વભવમાં કર્મરૂપ ઘામને મેઘના ઉદય સમાન ઉપવાસાદિ સત્તપ કર્યું હતું તે અમને યાદ આવે છે. અત્યારે આપે આ ઉપદેશથી અમને જાગૃત કર્યા છે, માટે હવે અમને [1]વિધેયનો આદેશ કરો; કારણ કે આપ હવે અમારા ગુરૂ છો.’ પછી ભગવંત સજળ મેઘસમાન ગંભીર વાણીથી બોલ્યા કે–‘ હું અનિષ્ટ ગૃહની જેમ આ સંસારરૂપ વનનો ત્યાગ કરીને મુક્તિરમણીના વશીકરણરૂપ અને કર્મનો નાશ કરવામાં સમર્થ એવી દીક્ષા ધારણ કરી નિર્મળ થવા ઇચ્છું છું.’ આ પ્રમાણે સાંભળીને તે રાજાઓ બોલ્યા કે–‘ હે સ્વામિન્ ! તો અમે

૧ કરવા યોગ્ય.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ આપના માર્ગે પ્રવર્ત્તશું; કારણ કે ગુરૂના માર્ગે ચાલતાં મનુષ્યોનું કલ્યાણ થાય છે.' આ પ્રમાણે કહી પ્રભુને પુનઃ નમસ્કાર કરીને શુભ આશયવાળા એવા તે છએ રાજાઓ પોતપોતાના લશ્કર સાથે પોતપોતાની રાજધાનીમાં ગયા.

હવે પાંચમા દેવલોકના અરિષ્ટ નામના પ્રતરમાં રહેનારા નવ પ્રકારના લોકાંતિક દેવોના આસનો ચળાયમાન થયા; તેથી અવસરના યોગે તે સારસ્વતાદિ નવે પ્રકારના દેવોએ પ્રભુનો દીક્ષા અવધિ જાણ્યો; એટલે તરતજ ભગવંત પાસે આવીને ભક્તિથી તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે:—'હે ભગવાન! સર્વ જગતના જીવોને હિતકારક એવું ધર્મતીર્થ પ્રવર્તાવો.' એટલે ભગવંત તો પૂર્વે ગૃહાવાસમાં પણ વૈરાગ્યપૂર્ણ તો હતાજ, ઉપરાંત લોકાંતિક દેવોની વિજ્ઞપ્તિથી પ્રભુ દીક્ષા લેવા માટે વિશેષે ત્વરિત થયા. પછી ભગવંતે સાંવત્સરિક દાન દેવાનો પ્રારંભ કર્યો; કારણ કે 'મહાત્માઓની સર્વ ક્રિયાઓ દાનપૂર્વકજ હોય છે.'

ભગવંત રાજમાર્ગમાં અને ચતુષ્ક રસ્તાઓ પર સૂર્યોદય થતાં પ્રતિદિન ઘોષણા કરાવતા કે—'જેને જે વસ્તુ જોઇએ તેણે તે વસ્તુની યાચના પ્રભુપાસે કરવી અને લઇ જવી.' એ પ્રમાણે ભગવંતે એક વર્ષ પર્યંત પ્રતિદિન પ્રભાતે માણસો પાસે ઘોષણા કરાવી તે દરમ્યાન ઇંદ્રના આદેશથી કુબેર [1]યક્ષ, જેના સ્વામી ભ્રષ્ટ અને નષ્ટ થયેલ હોય તેવું ધન અનેક સ્થાનકોથી લાવીને મેઘ જેમ પૃથ્વીપર જળ પૂરે તેમ પ્રતિદિન પૂરૂં કરતો હતો. એટલે ભગવંત સર્વને ઇચ્છાનુસાર હાથીઓ અશ્વો, રથો, આભરણો, વસ્ત્રો, રત્નો, ઉંટો, ખચ્ચરો, મોટા નગરો, ઘણા ગામો, બગીચા, જમીન તથા ધનાદિક આપતા હતા. પોતાની ઇચ્છાનુસાર યાચના કરનારા લોકોને જે કાંઇ વસ્તુઓ આપવામાં આવતી તેનું પરિમાણ કરવું અશક્ય હતું; તો પણ અનુમાનથી દરરોજ સૂર્યોદયથી ભોજન સમય સુધી ભગવંત એક કોટી

[1] આ ઇંદ્રનો લોકપાળ છે અને તેના તાબામાં દશ પ્રકારના તિર્યક્ જૃંભક દેવો છે. તે દરેક વસ્તુ લાવી લાવીને પૂરે છે. જ્યાં જ્યાં દ્રવ્યાદિક દાટેલું હોય છે તે સર્વ તેના જાણવામાં હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને આઠ લાખ સોનામહોરનું દાન આપતા હતા. એ રીતે એક વર્ષ પર્યંતના દાનની સર્વ સંખ્યા કરતાં ભગવંતે ત્રણસો અઠ્યાશી કોટિ અને એંશી લાખ સોનામહોરનું દાન કર્યું.

સાંવત્સરિક દાનના પ્રાંતે આસન ચળાયમાન થવાથી સૌધર્મેન્દ્ર પોતે પરિવાર સહિત દીક્ષામહોત્સવ કરવાની ઇચ્છાથી ત્યાં આવ્યા, અને જળપૂર્ણ સુવર્ણના કળશો હાથમાં લઇને દેવો સાથે તેમણે ભગવંતને દીક્ષાભિષેક કર્યો. પછી દિવ્ય ગોશીર્ષચંદનથી ભગવંતના અંગનું વિલેપન કરીને પ્રભુના મસ્તકપર ઇંદ્રે સુગંધી પુષ્પોની સુંદર રચનાવડે ધમ્મિલ[1] બાંધ્યો; અને ભગવંતને તેણે દિવ્ય વસ્ત્રાલંકારો ધારણ કરાવ્યા. પછી ઇંદ્રે પોતે ભગવંતને માટે જયંતી નામની શિબિકા તૈયાર કરી; એટલે ઇંદ્રે આપેલા હાથના ટેકાવડે ભગવંત તે શિબિકામાં આરૂઢ થયા. પાછળના ભાગમાં દેવોએ અને આગળના ભાગમાં મનુષ્યોએ તે શિબિકાને ધારણ કરી ( ઉપાડી ). પછી જાણે સાક્ષાત્ નિર્મળ ધર્મ અને શુક્લધ્યાન હોય તેમ ભગવંતની બંને બાજુ બે ઉજ્વળ ચામરો શોભવા લાગ્યા. જાણે પ્રભુ અધર્મ વાર્તાનો સર્વથા નિષેધ કરવા માગતા હોય તેમ વાજીંત્રોના મહાઘોષથી સર્વ દિશાઓ વ્યાપ્ત થઇ ગઇ. મોહરાજના પ્રવાસના પટહસમાન[2] દેવો ઉંચે શબ્દે જયજયારવ કરવા લાગ્યા. જાણે ભગવંતનો વિરહ સહન કરવાને અસમર્થ હોય તેમ પૌરજનો પ્રમોદથી ક્ષણવાર આગળ અને ક્ષણવાર પાછળ ઉભા રહેવા લાગ્યા. એ અવસરે કેટલાક પૌરજનો ભગવંતને જોવાની ઇચ્છાથી અગાશી ઉપર, કેટલાક હવેલીના ઉપલા ભાગ પર અને કેટલાક માંચડા પર બેસી ગયા. ભગવંતની પાછળ હસ્તી, અશ્વ, પદાતિ, રથ તથા નગરજનોના પરિવાર સહિત શ્રીમાન્ કુંભરાજા ચાલવા લાગ્યા. અને ગોત્ર સ્ત્રીઓ સાથે ભગવંતની માતા પ્રભાવતી પણ હાથણીની પીઠપર રચેલાં આસન (અંબાડી)માં બિરાજમાન થયા.

1 કેશપાસ—પ્રભુ ઓપણે હોવાથી અંબોડો 2 મોહરાજાને નાશી જવાની સૂચના કરનારા.

ભગવંત દીક્ષા લે છે તે વાત સાંભળીને ઉત્કંઠિત થયેલા, તેમની સાથે દીક્ષા લેવાને ઇચ્છતા, હર્ષપૂર્વક આગળ આવીને ઉભેલા અને ત્રણસે સ્ત્રીઓના આંતર પરિવારયુક્ત એવા ત્રણસે રાજાઓ તથા આ પરમ મહોત્સવ જોવાને આતુર થઈને ઉપસ્થિત થયેલા, નગરજનોથી પરવરેલા ભગવંત ઉત્સુક વર જેમ વધૂને પરણવાં નીકળે તેમ મિથિલાના મધ્યમાર્ગથી નીકળ્યા. ત્યાં દિવ્ય આભરણોથી દેદીપ્યમાન શિબિકાવાહકો જાણે વસુધાપર આવેલા અશ્વિનીકુમાર હોય તેવા શોભવા લાગ્યા.

તે અવસરે ભગવંતનો નિષ્ક્રમણોત્સવ જોવાને આતુર થયેલી લલનાઓને ક્ષણભર ક્ષોભ બહુ વધી પડ્યો. સ્વામીને જોવાની ઈચ્છાથી ત્વરાને લીધે અર્ધી બાંધેલી હોવાથી લટકતી મેખળાને લીધે પગલે પગલે સ્ખલના પામતી કેટલીક રમણીઓ ગવાક્ષમાં આવીને બેઠી. કેટલીક ચપળાક્ષીઓ દેશાંતરથી આવેલા પોતાના પતિના સમાચારની પણ દરકાર ન કરતાં ભગવંતનો દીક્ષામહોત્સવ જોવા ચાલી. કેટલીક ગૃહસ્થની સ્ત્રીઓ પોતાના પૌત્રનો પવિત્ર જન્મ સાંભળીને પણ હર્ષદાન આપવા ન રોકાતાં એકદમ દોડતી ચાલી. ચંચળ હાવભાવયુક્ત શરીરલતાવાળી કેટલીક ચંચળાક્ષીઓ ચંચળ ચામરની જેમ પોતાના વસ્ત્રોના છેડા ચળાવવા લાગી. કેટલીક પ્રેમદાઓ અમોઘ પુણ્યાંકુર સદૃશ લાજા[1] અને કેટલીક શુકલધ્યાનના લવ સદૃશ અક્ષત ભગવંતના મસ્તકપર ઉછાળવા લાગી. કેટલીક સુંદરીઓ ભગવંતના જાણે યશ હોય તેવા ચદ્રમા સમાન પૂર્ણ પાત્રો પોતાના હસ્તકમળમાં ધારણ કરવા લાગી. કેટલીક રમણીઓ ભગવંતના ઉત્સંગમાં રહેલા પૂર્ણકુંભની સ્પર્ધા કરનારા તથા જાણે શ્રેયઃફળો હોય તેવા પૂર્ણકુંભો પોતાના હસ્તમાં ધારણ કરવા લાગી. કેટલીક કામિનીઓ જાણે પુત્ર જન્મનો મહોત્સવ હોય તેમ નૃત્ય કરવા લાગી અને કેટલીક ગોત્રવૃદ્ધાઓની જેમ મંગળ ગીતો ગાવા લાગી. આકાશમાં જાણે ગાંધર્વનગરોની રચના કરતા હોય તેમ

૧ ધાણી જેવો માંગળિક પદાર્થ.

ઇંદ્રોના ચોસઠ પ્રકારના નૃત્યકારો ભગવંતની આગળ નાટક કરવા લાગ્યા. ત્યાં એકત્ર થયેલા દેવો, મનુષ્યો અને પાતાળવાસી દેવોથી જાણે કૌતુકથી ત્રણે લોક એકત્ર થયેલ હોય એમ જણાવા લાગ્યું. મિથિલાના મંડનરૂપ રાજાના ગવૈયાઓ પણ નવ નવી ગીતિથી ભગવંતના અનેક રીતે ગુણગાન કરવા લાગ્યા. ઇભ્યજનો અને સામંત–વર્ગની પરસ્પર અથડા અથડીથી તૂટીને પડી ગયેલા હારોથી જાણે સર્વત્ર નગરીની પૂજા થયેલી હોય એવો દેખાવ થઇ રહ્યો. એ વખતે ભગવંત નિર્મમ છતાં પણ પગલે પગલે સેવકજનોના મંગળોને સ્વીકારવા લાગ્યા. કારણ કે– જિનેશ્વરો પણ સેવા-સ્થિતિને જાણનારા હોય છે.' આકાશમાં રહીને નમસ્કાર કરતા કેટલાક દેવોને ભગવંત વિકસિત નેત્રકમળથી નિહાળીને કૃતાર્થ કરવા લાગ્યા.

એ રીતે સુરાસુર અને મનુષ્યોથી કરાતા મહોત્સવપૂર્વક ભવ વાસના નિવાસની જેમ નગરીનું ગોપુર ( મુખ્ય દ્વાર ) ઓળંગીને સ્મર અને કેતકી પુષ્પનું સૂચન કરનાર, અર્થોથી મહાકાવ્યની જેમ–કુમુદના આમોદથી મદોન્મત થયેલા ભમરાઓના ગુંજારવથી શબ્દાયમાન, સદાશાથી વિસ્તાર પામેલી સાધુઓના મનોરથોની જેમ એલાયચી, લવિંગ, કક્કોલ અને નારંગાદિ વૃક્ષોથી પૂર્ણ, અને જ્યાં ગગનસ્પર્શી વૃક્ષોમાં બાળકોએ હીંચકા બાંધેલા છે એવા, જ્યાં નગરજનોની લલનાઓ મુખમાંથી કાઢેલા આસવાદિકથી વૃક્ષોના દોહદ પૂર્ણ કરી રહી છે એવા, પૌરબાળકો જ્યાં ક્રીડા કરતા સતા લતાઓને ચળાયમાન કરી રહ્યા છે એવા, પોતાના કરકમળથી પુષ્પો વીણતી કુમારીકાઓ જ્યાં ક્રીડા કરી રહી છે એવા તથા મનોહર ગુંજારવ કરતી કોયલના નાદથી જાણે ભગવંતને બોલાવતુ હોય એવા મહોદ્યાનમાં શ્રીમલ્લિનાથ પ્રભુ પધાર્યા.

પછી સ્વભુજાથી જાણે ભવસાગર તરવાને ઇચ્છતા હોય તેમ નાવપરથી મહાબાહુની જેમ ભગવંત તે શિબિકા પરથી નીચે ઉતર્યા; અને તત્વજ્ઞ જેમ મિથ્યાત્વનો અને નાગેંદ્ર જેમ કાંચળીનો ત્યાગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરે તેમ પ્રભુએ સગ્રગ વસ્ત્રાદિકનો ત્યાગ કર્યો. પછી સુજ્ઞાનનું જાણે સાક્ષાત્ અગ્રયાન હોય તેવું એક અદૂષિત દેવદૂષ્ય વસ્ત્ર ઇંદ્રે ભગવંતના સ્કંધપર મૂક્યું; એટલે અશ્વિની નક્ષત્રયુક્ત માગશર શુદ એકાદશીના દિવસે પ્રથમ પહોરે અષ્ટમ તપ કરીને પચવીશ ધનુષ્ય પ્રમાણ શરીરવાળા શ્રીમલ્લિનાથ ભગવંતે પોતે સાક્ષાત્ વિષયોની જેમ પંચ મુષ્ટિથી કેશનો લોચ કર્યો. એટલે મેઘથી મુક્ત થયેલ જળ જેમ પૃથ્વી ગ્રહણ કરે તેમ ભગવંતે આપેલા પ્રસાદની જેમ ઇંદ્રે તે કેશોને પોતાના વસ્ત્રપ્રાંતમાં ગ્રહણ કર્યા અને કજ્જલ જેવા શ્યામ ભગવંતના કેશને નિર્મળ કરવાને ઇચ્છતા હોય તેમ તેણે ક્ષીરસાગરમાં જઇને ક્ષેપવ્યા પછી સત્વર પાછા આવીને સદ્ભક્તિપૂર્વક નટની જેમ બંને હાથ ઉંચા કરી ઇંદ્રે માણસોને કોળાહળ કરતા અટકાવ્યા, એટલે સિદ્ધને નમસ્કાર કરીને સામાયિકનો ઉચ્ચાર કરતાં ભગવંતે મુક્તિવધુને વશ કરવાના ઔષધરૂપ ચારિત્ર અંગીકાર કર્યું. તે વખતે કેવળજ્ઞાનના લાભનો જાણે અનઘ સત્યંકાર ( કોલ ) હોય તેવું મનઃપર્યાય જ્ઞાન ભગવંતને ઉત્પન્ન થયું. એ અવસરે ક્ષણભર નારકોને પણ અકસ્માત્ સુખ ઉત્પન્ન થયું અને નરકમાં વિજળીના પ્રકાશની જેવો ક્ષણભર ઉદ્યોત થયો. આ વખતે ભગવંતની પાછળ સંવેગરૂપ જળથી જેમણે સ્નાન કરેલ છે એવા ત્રણસો રાજાઓ અને ત્રણસો સ્ત્રીઓએ દીક્ષા અંગીકાર કરી.

પછી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇને ઇંદ્ર અમૃતસમાન મનોહર ભાષાથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યાઃ—" બાળ બ્રહ્મચારી, વૈરાગ્યરૂપ વૃક્ષને મેઘસમાન અને કલેશાગ્નિના આવેશને જળ સદૃશ એવા હે ભગવંત! તમને નમસ્કાર થાઓ. હે સ્વામિન્! જળથી પદ્મપત્રની જેમ કર્મોથી તમે અસંસ્પૃષ્ટ છો. વળી આપનો સંસારવાસ પણ મુક્તિવાસ જેવો જ હતો. હે વિભો! મૈત્રી વિગેરે ભાવનાઓથી પવિત્ર, શાશ્વત સુખના એક દૂતરૂપ અને મદથી અનભિભૂત એવા આપના શાસનનું હું વારંવાર સ્મરણ કરૂં છું. હે ભગવંત! આપે જગતના ઉપકારને માટે દીક્ષા ગ્રહણ કરી છે; કારણ કે માર્ગવૃક્ષ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુસાફરોના ઉપકારને માટેજ રમણીય ફળોથી ફલિત થાય છે. હે પ્રભો! આપનાથી પરાજિત થયેલ કામદેવ અનંગપણાને ધારણ કરે છે. કારણ કે–દૂધથી દાઝેલ માણસ જળને પણ ફુંકીને પીએ છે." આ પ્રમાણે જગત્પતિની સ્તુતિ કરીને ભક્તિથી નમ્ર એવા ઇંદ્રે ભગવંતની પાછળની ધરાપીઠને ત્રણવાર નમસ્કાર કર્યા પછી છત્રાકારે રહેલ અશોકવૃક્ષની નીચે ભુજા લાંબી કરીને ભગવંત પ્રતિમાએ ( કાઉસગ્ગ ધ્યાને ) રહ્યા; એટલે અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાનોનો આશ્રય કરનારા પ્રભુના ધ્યાનરૂપ અગ્નિમાં ઘાતિકર્મો ભસ્મીભૂત થઇ ગયા અને તેજ વખતે સર્વ દ્રવ્ય ગુણ પર્યાયને જણાવનારૂં અને વિશ્વપ્રકાશક એવું કેવળજ્ઞાન પ્રભુને ઉત્પન્ન થયું.

અવધિજ્ઞાનના ઉપયોગથી ભગવંતને ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન તરતજ ઇંદ્રના જાણવામાં આવ્યું. એટલે ઇંદ્રના આદેશથી વાયુકુમાર દેવોએ યોજન પ્રમાણ ભૂમિમાં રહેલ તૃણ કાષ્ઠાદિ સર્વ દૂર કર્યું.[1] મેઘકુમાર દેવોએ જાણે શુદ્ધ સ્વાતિનક્ષત્રમાં ઉત્પન્ન થયેલ હોય તેવી અને રજ:પુંજને શાંત કરનારી એવા સુગંધી જળની વૃષ્ટિ કરી. પછી શુદ્ધ બુદ્ધિવાળા એવા વ્યંતર દેવોએ ત્યાં ચૈત્યના મધ્યભાગની જેમ મહીતળને સુવર્ણ અને રત્નથી બાંધી લીધું. ષટ્ ઋતુના અધિષ્ટાયક દેવોએ મધુર ગંધથી મધુકરોને પ્રમત્ત કરનારી અને મનને પ્રસન્ન કરનારી એવી જાનુપ્રમાણ પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી. પછી ભવનપતિ દેવોએ પ્રથમ સુવર્ણના કાંગરાવાળો રજતનો ગઢ રચ્યો, જ્યોતિષી દેવોએ સૂર્યના કિરણો એકત્ર થયા હોય એવા સુવર્ણથી રત્નના કાંગરા વાળો બીજો સુવર્ણ ગઢ રચ્યો તથા વૈમાનિક દેવોએ જાણે રોહણાચલથી લાવ્યા હોય તેવા રત્નોથી માણિક્યના કાંગરાવાળો ત્રીજો રત્નગઢ રચ્યો.

દરેક કિલ્લામાં જાણે ચારે દિશાના લોકોને બોલાવવાને દૂતિકાઓ હોય તેવી ચાર પ્રતોલી[2] રચી. તેની ઉપર જાણે દિગંત

૧ સમવસરણની રચનાની અહીંથી શરૂઆત થાય છે. ૨ દરવાજા.

જોવાને ઉંચે આકાશમાં રહ્યા હોય તેવા તોરણો શોભવા લાગ્યા; તથા જેના મુખ ઉપર કમળો રાખેલા છે એવા તોરણપર રહેલા પૂર્ણ કળશો જાણે મોહથી સંતપ્ત થયેલા ભવ્યોને સિંચન કરવા તૈયાર થયા હોય તેવા શોભવા લાગ્યા. તે પ્રતોલીઓની આગળ જાણે કૈવલ્યલક્ષ્મીની ક્રીડા કરવાની સુદીર્ઘિકાઓ હોય તેવી સુવર્ણકમળવાળી દિવ્ય વાપીઓ શોભવા લાગી. ઇંદ્રોએ જાણે ત્રિપુરારૂપ દંશનો નાશ કરવાને ગોઠવી હોય એવી અને પગલે પગલે જેમાં ધૂપ સ્ફુરાયમાન છે એવી ધૂપઘટીઓ પ્રતિદ્વારે શોભવા લાગી. દેવોએ ભગવંતને વિશ્રામ લેવા માટે મધ્ય કિલ્લામાં ઇશાન ખુણામાં યથાસ્થિત એક દેવચ્છંદ રચ્યો. પછી વ્યંતર દેવોએ ત્રીજા કિલ્લાની મધ્ય ભૂમિમાં ત્રણસો ધનુષ્ય[1] ઉન્નત, પત્રયુક્ત તથા એક યોજન વિસ્તૃત એવું ચૈત્યવૃક્ષ બનાવ્યું. ત્યાર પછી દેવોએ ત્રૈલોકયના વૈભવને સૂચવનાર એવું શુભ્ર છત્રનું ત્રીક, દિવ્ય સિંહાસન તથા બે સુંદર ચામર પ્રત્યેક દિશાએ રચ્યા. આ પ્રમાણે સર્વ આશ્ચર્યો અને મંગળોથી જાણે બનાવેલ હોય, શોભાથી જાણે સંકીર્ણ થયેલું હોય, જાણે સાક્ષાત હર્ષથી આવૃત્ત હોય, જગતના ચિત્રોથી વ્યાપ્ત હોય અને નવે નિધાનો જાણે તેની સેવા કરવા આવ્યા હોય એવું સમવસરણ તૈયાર કર્યું. એક બાજુ દેવાંગનાઓ કરતલથી દુંદુભિ વગાડી રહી છે, એક તરફ પંચ સુગ્રામની રચનામાં કિન્નરો વ્યગ્ર થયેલા છે, એક બાજુ દેવાંગનાઓએ હાથમાં લીધેલા કુભોમાંથી જળ ઝરી રહ્યું છે, એક તરફ રમતા એવા સ્વર્ગીય કુમારો હુંકારા કરી રહ્યા છે, એક બાજુ દેવાંગનાઓ રાસડા ગાઇને મહોત્સવ કરી રહી છે, તથા એક બાજુ જ્યાં કિન્નરો કિન્નરીઓનું ગાન સાંભળી રહ્યા છે એવું અને દેવોના શરણરૂપ સમવસરણ દેવોએ તૈયાર કર્યું. પછી વારંવાર સંચરિત કરેલ અને જાણે લક્ષ્મીના લીલાગૃહ હોય એવા સુવર્ણના કમળોપર પોતાના સુકોમળ ચરણો સ્થાપતા, આગળ બંદીજનોની જેમ વારંવાર જય

૧ પ્રભુના શરીરથી બારગણું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જય શબ્દ બોલતા દેવો જેમને માર્ગ બતાવી રહ્યા છે, અને દેવીઓ જેમના મંગળ ગીત ગાઇ રહી છે એવા ભગવંતે પૂર્વ દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરીને ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દીધી. કારણ કે 'અવશ્ય કરવાનું તો જિનેશ્વરો પણ કરે છે.' પછી **'નમસ્તીર્થાય'** એમ ગંભીર અને ધીર વચનથી બોલતા અને જેમને કુંભનું લાંછન છે એવા ભગવંત દિવ્ય સિંહાસનપર પૂર્વસન્મુખ બિરાજમાન થયા.

તે વખતે ઇંદ્રે આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરી–' મન્મથનું મથન કરનારા એવા હે નાથ ! આપને જોઇને અશોકવૃક્ષ પોતાના ચંચળ પત્રરૂપ હસ્તો ઉછાળીને જાણે લીલા સહિત નૃત્ય કરતું હોય એમ ભાસે છે. દિવ્ય ધ્વનિના રસાસ્વાદમાં લુબ્ધ અને તેમાંજ જેમનું અંતર એકતાન થઇ ગયું છે એવા મૃગો સતત્ આપના પાદપંકજને સેવે છે. જાણે ચંદ્રમાના કિરણથી અથવા સમુદ્રના પીણથી બનાવેલા હોય એવા ઉજ્વળ બે ચામર હે નાથ ! આપની બંને બાજુ શોભી રહ્યા છે. પરવાદીઓથી બિલકુલ અપ્રકંપ્ય અને શ્રેષ્ઠ કલ્યાણ ( સુવર્ણ ) ના ભાજનરૂપ એવું આપનું સિંહાસન મેરૂ પર્વતની શોભાને ધારણ કરે છે. હે ભગવન્ ! ઉદય પામતા બાર સૂર્યના તેજસમૂહને વિડંબના પમાડનારૂં તથા દેવોએ એકત્ર કરેલા તેજના સમૂહરૂપ ભામંડળ આપના પૃષ્ઠભાગમાં શોભી રહ્યું છે. હે મલ્લિજિનાધીશ ! આકાશમાં વાગતો દુદુભિનો નાદ મોહનીયાદિક ચોરોનો પરાભવ કરે છે. હે જગન્નાથ ! આપના મસ્તકપર રહેલા દેદીપ્યમાન ત્રણ છત્ર–તે જંબૂદ્વીપમાં રહેલા ત્રણ ચંદ્રમા[1] બરાબર છે.' આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા એટલે શ્રીમાન્ કુંભરાજા ભક્તિયુક્ત અંજલિ જોડીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા–'ભાગ્યવંત એવો ઇક્ષ્વાકુવંશ ભારતમાં આજે વિશેષ પ્રસિદ્ધ થયો છે કે જેમાં સુવૃત્ત મૌક્તિક સમાન આપના જેવા તીર્થંકર ઉત્પન્ન થયા છે. હે તીર્થેશ ! જે કામદેવે સમસ્ત જગતને દાસ

૧ અહીં ત્રણ ચંદ્ર કેમ કહ્યા છે તે સમજાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બનાવી દીધેલ છે. તે કામદેવનું વાયુ જેમ જીર્ણ વૃક્ષનું ઉન્મૂલન કરે તેમ તમે સમૂળ ઉન્મૂલન કર્યું છે.' આ રીતે ભગવંતની સ્તુતિ કરીને મનમાં હર્ષ પામતા શ્રીકુંભરાજા જાણે વારંવાર જોવાથી પણ તૃપ્ત ન થયા હોય તેમ ભગવંતના મુખકમળને જોઈ રહ્યા.

એવામાં સાંવત્સરિક દાનની સમાપ્તિ જાણીને પોતાની રાજધાનીનો ત્યાગ કરી સમતાવંત એવા પૂર્વોક્ત છએ રાજાઓ ત્યાં આવ્યા અને ભૂમિતળનો લલાટથી સ્પર્શ કરી અંજલિ જોડી તે બધા ધીર અને પ્રશાંત વાણીથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા– "હે સ્વામિન્! જેમ આપ પૂર્વ જન્મમાં અમારા તારક થયા હતા તેમ આ ભવમાં પણ વિવાહના નિમિત્તે આવેલા એવા અમને દેશના આપીને આપે ચેતાવ્યા છે. હે વિભો! આપની મૂર્ત્તિ જોવાથી હવે અમારે સંસારનો ભય રહ્યો નથી. કારણ કે જ્યાંસુધી સૂર્યોદય ન થાય ત્યાંસુધીજ ઘૂવડ ખેલ કરી શકે છે." આ પ્રમાણે સ્તુતિ કરીને વિનયથી નમ્ર અને ભક્તિવંત એવા તે રાજાઓ ત્રિભુવનગુરૂ શ્રીમલ્લિનાથને પ્રણામ કરીને ભગવંતની વાણી સાંભળવાને ઉત્સુક થયા સતા ઇંદ્રની પાછળ બેઠા.

॥ इत्याचार्यश्रीविनयचंद्रविरचिते श्रीमल्लिस्वामिचरिते महाकाव्ये विनयांके दीक्षाकेवलज्ञानोत्पत्तिसंकीर्त्तनो नाम पंचमः सर्गः ॥

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

# षष्ठ सर्ग.

यो लङ्केशविलोपनव्रतधरो रौद्रं च धर्मं भजन्,
संप्राप्तः सकलत्र एव तपसे तातानुमत्या वने ।
राज्यप्राज्यसुखोत्सवस्य विमुखो रामावतारो जिनः,
स श्रीमल्लिरपौरूषेयचरितः पायादपायाज्जगत् ॥

"જે કેશનો લોચ કરી વ્રતને ધારણ કરતા (લંકેશનો નાશ કરવાના નિયમને ધરનાર), મહા આકરા (રૌદ્ર) ધર્મને ભજતા (ભયંકર ધનુષ્યને ધારણ કરનારા), સર્વનું રક્ષણ કરવાને ઇચ્છતા, તાતની અનુમતિથી દીક્ષા લેવાને (સીતા સહિત તાપસ જેવા થઇને વનમાં રહેવાને) વનમાં પ્રાપ્ત થયેલા, રાજ્યના પ્રાજ્ય સુખોત્સવથી વિમુખ એવા રામાવતાર (સ્ત્રીરૂપ) અને જેનું લોકોત્તર ચરિત્ર છે એવા શ્રી મલ્લિનાથ ભગવંત જગત્‌ને સંકટથી બચાવો." (આ શ્લોકમાંહેના વિશેષણો શ્રી મલ્લિનાથને તથા રામચંદ્રને-બંનેને ઘટી શકે છે.)

પછી ભગવંત કલેશનો નાશ કરવા પાંત્રીશ ગુણયુક્ત અને સંદેહને દૂર કરનારી વાણીથી આપ્રમાણે દેશના આપવા લાગ્યા:—

"હે ભવ્યજનો! સદા ભવસાગરમાં ભમતાં સમિલા અને યુગના[૧] સંમેલનની જેમ પ્રાણીઓને મનુષ્યત્વ અતિ દુર્લભ છે. કદાચ તે ભાગ્યયોગે પ્રાપ્ત થાય છતાં દેવ, ગુરૂ અને ધર્મ (સમ્યકત્વ) તત્ત્વયુક્ત સમ્યક્ તત્ત્વ પામવું તે તો અતિશય દુર્લભ છે. એવા સમ્યકત્વનું જે રક્ષણ કરે છે અને પરને જે પ્રબોધે છે તેઓ દવદંતી (દમયંતી)ની જેમ પરમ પદને પામે છે. (તેની કથા આ પ્રમાણે છે.)

૧ યુગ-ધોંસરૂં અને સમિલા-તેમાં નાખવાની ખીલી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## દમયંતી કથા.

આ ભરતક્ષેત્રમાં અષ્ટાપદ પર્વતની પાસે **સંગર** નામે નગર છે, ત્યાં **મમ્મણ** નામે રાજા હતો. તેને **વીરમતી** નામની વલ્લભા હતી. એકદા તે રાજા પોતાની સ્ત્રી સહિત નગરની બહાર શિકાર કરવા ચાલ્યો. એવામાં સામે આવતા કોઇ મુનિને જોઇને મનમાં અપશુકન માની તરત સાર્થથી તેમને અલગ કરીને તે રાજમહેલમાં લઇ ગયો અને ત્યાં તે બંને રાજા-રાણીએ તે ઋષિની બાર ઘટિકા પર્યંત કદર્થના કરી. પછી દયા આવવાથી તેમણે મુનિને પૂછયું કે- 'તમે કયાંથી આવ્યા છો અને કયાં જવાના છો?' તેમણે કહ્યું કેઃ- 'અષ્ટાપદ ગિરિપર મારે જિનપ્રતિમાઓને વંદન કરવા જવું છે, પણ હે શુભાશય! તમે સાર્થથી મને અલગ કર્યો, તેથી મુશ્કેલીમાં આવી પડ્યો છું.' એ પ્રમાણે સાંભળીને લઘુકર્મી હોવાથી તેમણે તરતજ રોષનો ત્યાગ કર્યો; એટલે તે મહામુનિએ તેમને જીવદયા-મૂળ ધર્મ સંભળાવ્યો; તેથી તે બંને ધર્માભિમુખ થયા અને તેમણે મુનિને પ્રતિલાભ્યા. પછી તેમણે અનુમતિ આપી, એટલે તે મુનિ સાર્થની ભેળા થઇને અષ્ટાપદપર આવ્યા અને તે દંપતી ચિરકાળ પર્યંત આર્હત્ ધર્મ પાળવા લાગ્યા.

એકદા ધર્મસ્થિરતામાં વૃદ્ધિ કરવા માટે શાસનદેવી વીરમતી-ને પુણ્ય વધારનાર એવા અષ્ટાપદ ગિરિપર લઇ ગઇ. ત્યાં જિન-પ્રતિમાની પૂજા કરતાં તે પરમ આનંદ પામી. પછી ત્યાં વંદના કરીને દેવીની સહાયતાથી તે પુનઃ પોતાના નગરમાં આવી. પછી તેણે દરેક જિનેશ્વરના આરાધન નિમિત્તે વીશ વીશ (૪૮૦) આંબિલ કર્યાં અને ચોવીશે પ્રભુના રત્નના તિલક કરાવ્યા. અન્યદા અષ્ટાપદ પર જઇને સ્નાત્રપૂજા પૂર્વક પ્રતિમાઓના લલાટપર તે તિલક સ્થાપન કર્યાં; અને સાધુઓને દાન આપી તે તપને તેણે વધારે પ્રદીપ્ત કર્યું, ધર્મારાધનવડે મનમાં આનંદ પામી, પોતાને કૃતાર્થ માનતી વીરમતી પાછી પોતાના નગરમાં આવી. પછી આર્હત ધર્મ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાળતાં તે દંપતી સમાધિમરણથી મરણ પામીને દેવલોકમાં પણ દંપતીપણેજ ઉત્પન્ન થયા.

મમ્મણનો જીવ સ્વર્ગથી ચ્યવીને જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના મંડનરૂપ **બહલી** નામના દેશમાં પોતનપુર નામના નગરમાં **ધમ્મિલ** નામના ગોવાળીયાની **રેણુકા** નામની પત્નીની કુક્ષિથી **ધન્ય** નામે પુત્ર થયો. તે પુત્રથી પિતા પોતાને ધન્ય માનવા લાગ્યો. વીરમતીનો જીવ પણ દેવલોકથી ચ્યવીને **ધુસરી** નામે ધન્યની પત્ની થઇ.

હવે ધન્ય પ્રતિદિન ભેંશો ચારવા લાગ્યો. એકદા પ્રવાસીઓને કાળરૂપ વર્ષાકાળ આવ્યો, એટલે વરસાદ વરસતાં છતાં ભેંશો ચારવાને તત્પર એવો ધન્ય માથે છત્ર ધારણ કરીને આનંદથી વનમાં ભમવા લાગ્યો. ત્યાં એક પગે કાયોત્સર્ગે રહેલા અને વરસાદના શૈત્યથી સર્વાંગે કંપતા એવા એક મુનિને તેણે જોયા. તેમને જોઇને મનમાં દયા આવતાં તેણે મુનિના મસ્તકપર છત્ર ધારણ કર્યું, એટલે વૃષ્ટિનું કષ્ટ નિવારણ થવાથી મુનિ કાંઇક શાંતિ પામ્યા; પરંતુ તે વખતે જાણે ત્રણેને સ્પર્ધા ઉત્પન્ન થઈ હોય તેમ વૃષ્ટિથી મેઘ ન વિરમ્યો, કાયોત્સર્ગથી મુનિ ન વિરમ્યા અને છત્ર ધારણ કરતાં ધન્ય ન અટક્યો. અનુક્રમે જ્યારે વરસાદ શાંત થયો ત્યારે મુનિએ કાયોત્સર્ગ પાર્યો. તે વખતે તેમના ચરણને ચાંપવાપૂર્વક પ્રણામ કરીને ધન્યે પૂછ્યું કે:—'હે મહર્ષે ! આ વર્ષાદના સમયમાં આપ અહીં ક્યાંથી આવી ચડ્યા ?' એટલે મુનિ બોલ્યા કે:—'હું પાંડુદેશથી આવું છું અને મારે ગુરૂ પાસે જવું છે.' તે સાંભળીને ધન્ય નમસ્કાર કરીને બોલ્યો કે—'હે ભગવન્ ! મારા મહિષ (પાડા) પર આપ આરૂઢ થાઓ.' એટલે મુનિ બોલ્યા કે 'હે ભદ્ર ! મુનિઓ જીવ (કોઇ પણ વાહન) ઉપર આરૂઢ થતા નથી.' પછી ધન્ય ભેંશ દોહીને દૂધનો ઘડો ભરી લાવ્યો, અને તે-વડે મહામુનિને તેણે પારણું કરાવ્યું. વર્ષાકાળ સમાપ્ત થતાં મુનિ પોતનપુરથી અન્યત્ર વિહાર કરી ગયા અને ધન્ય પોતાની ધુસરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પત્ની સાથે પરમ શ્રાવક થયો. પ્રાંતે સાત વરસ દીક્ષા પાળી સમાધિપૂર્વક કાળ કરીને તે બંને હૈમવત ક્ષેત્રમાં જુગલીયા થયા. પછી આર્ત્ત અને રૌદ્રધ્યાન રહિત તથા ભદ્રક ભાવથી શોભતા એવા તે બંને ત્યાંથી મરણ પામીને ક્ષીરડિંડીરનામના **દેવદંપતી** થયા.

દેવપણાથી ચ્યવીને ધન્ય આ ભરતક્ષેત્રમાં **કોશલ** નામે દેશમાં **કોશલા** નામની મહા નગરીમાં **નિષધ** રાજાની સુંદરા નામે મહા રાણીથી **નળ** નામે સાત્વિક પુત્ર થયો. તેને તેના કરતાં વિપરીત લક્ષણવાળો **કુબર** નામે એક લઘુ બંધુ થયો.

હવે **વિદર્ભ** દેશમાં કુંડિન નામના નગરમાં **ભીમરથ** નામે રાજા છે. તેને પુષ્પદંતી નામે રાણી છે. તે રાણીની કુક્ષિમાં ક્ષીરડિંડીરાદેવી સ્વર્ગથી ચ્યવીને શુભ અવસરે પુત્રીપણે ઉત્પન્ન થઇ; એટલે સુખે સુતેલી તેણે એક સ્વપ્ન જોઇને રાજાને નિવેદન કર્યું કે–' હે નાથ ! મેં સ્વપ્નમાં એમ જોયું કે જાણે દાવાનળથી ત્રાસ પામેલો એક હસ્તી આપના મહેલમાં આવ્યો. ' એટલે રાજાએ કહ્યું કે–' હે દેવી ! એ સ્વપ્ન એમ સૂચવે છે કે સૈન્યમાં મુખ્ય હસ્તીની જેમ તારો ગર્ભ રાજલક્ષ્મીથી અધિકાધિક વૃદ્ધિવાળો થશે. ' એ પ્રમાણે તે દંપતી વાતો કરતા હતા, એવામાં જાણે તે સ્વપ્નવિચારનું નિરાકરણ કરવાનેજ આવ્યો હોય તેમ મંદ મંદ સંચરતો એક હસ્તી ત્યાં આવ્યો અને રાણી સહિત રાજાને પોતાના સ્કંધપર બેસારી આખા નગરમાં ફેરવી નાગરોથી સત્કાર પામતા એવા તે હસ્તીએ તેમને મહેલમાં લાવીને ઉતાર્યા અને પર્વત સમાન ઉચ્ચ તેમજ અત્યંત મનોહર એવો તે હસ્તી પોતાની મેળે આલાનસ્તંભ પાસે જઇને ઉભો રહ્યો. તે વખતે દેવોએ તેને રત્નો અને પુષ્પોથી સારી રીતે વધાવ્યો; એટલે રાજાએ વિલેપન તથા પૂજન કરીને તેની આરતી ઉતારી. પછી ગર્ભના પુણ્યથી જાણે સ્થિર થયો હોય તેમ તે હાથી ત્યાંજ રહ્યો.

ગર્ભસ્થિતિ પૂર્ણ થતાં રાજપત્નીએ એક પુત્રીને જન્મ આપ્યો. તે વખતે આકાશમાં રવિની જેમ તે કન્યાના લલાટ પર તિલક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચળકવા લાગ્યું; એટલે એક તો તે બાળા પોતે તેજસ્વિની હતી અને વળી તે તિલકથી વિજળીથી મેઘધારાની જેમ તે અધિકાધિક દીપવા લાગી. તે બાળાના જન્મપ્રભાવથી ભીમ પરાક્રમવાળો ભીમ રાજા વડવાનલથી સાગરની જેમ અન્ય રાજાઓને અધૃષ્ય થઇ પડ્યો. પછી રાણીના સ્વપ્નમાં અને પ્રત્યક્ષ આવેલા હસ્તીને જોઇને ભીમરથ રાજાએ તે બાળાનું [1]**દવદંતી** (દમયંતી) એવું નામ રાખ્યું. પદ્મ જેવા સુગંધી શ્વાસવાળી, પદ્મ જેવા મુખ તથા લોચનવાળી અને પોતાના હસ્તપાદથી પદ્મને જીતનારી એવી તે બાળા સાક્ષાત્ પદ્મા ( લક્ષ્મી ) સમાન શોભવા લાગી. તે આઠ વર્ષની થઇ, એટલે કળાજ્ઞાનને માટે શુભ દિવસે રાજાએ એક ધુરંધર કળાચાર્યને સોંપી. પ્રજ્ઞાશાલિની એવી તે કન્યાને કળાચાર્ય તો માત્ર સાક્ષી તરીકેજ થયા. સ્યાદ્વાદમાં કુશળ થયેલી સ્યાદ્વાદવાદિની એવી તે કન્યાનો પ્રતિવાદી કોઇ પણ દેખાતો નહોતો. આ પ્રમાણે કળાંબુધિનો પાર પામેલી તેને સાક્ષાત્ વાગ્દેવી સમાન જોઇને રાજાએ તેના ગુરૂને એક લાખ સોનામહોર ઇનામમાં આપી.

એકદા શાસનદેવીએ સાક્ષાત્ દવદંતી પાસે આવીને કહ્યું કે:- 'ભાવી તીર્થંકર શ્રી શાંતિનાથની આ પ્રતિમા તારે દરરોજ પૂજવી.' એમ કહી પ્રતિમા આપીને દેવી અદૃશ્ય થઇ ગઇ. પછી દમયંતી તે પ્રતિમાને પોતાના ભવનમાં સ્થાપીને નિરંતર તેની પૂજા કરવા લાગી.

લતાઓની સાથે ભ્રમરીની જેમ સખીઓ સાથે ક્રીડા કરતી તે અનુક્રમે અનંગ રતિના વિશ્રામને માટે ઉપવનરૂપ યૌવન પામી; એટલે હસ્તીની જેમ દમયંતીને અન્યૂન કુચ કુંભવાળી જોઇને તેના વિવાહને માટે માબાપને ચિંતા ઉત્પન્ન થઇ. તેને યોગ્ય વર નજરે ન પડવાથી તેના માતપિતા મનમાં બહુ ખેદ પામવા લાગ્યા. એ વખતે દમયંતી લગભગ અઢાર વર્ષની થઇ. એટલે 'અવિવાહિત પ્રૌઢ કન્યાનો સ્વયંવર કરવો યોગ્ય છે' એમ ચિંતવીને અનેક રાજા-

૧ દવથી ભય પામીને આવેલ દંતી-હસ્તિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એને બોલાવવા માટે ભીમ ભૂપતિએ પોતાના માણસો મોકલ્યા; એટલે એક એક કરતાં લક્ષ્મીમાં અધિક તથા લાવણ્યશાળી એવા અનેક રાજાઓ અને રાજપુત્રો સત્વર ત્યાં આવી પહોંચ્યા. તે વખતે ખાસ દૂત મોકલીને બોલાવેલ નિષધરાજા પણ પોતાના નળ અને કૂબર નામના બંને પુત્રો સાથે ત્યાં આવ્યા. ત્યાં આવેલા સર્વ રાજાઓનો ભીમનૃપતિએ યથાયોગ્ય સત્કાર કર્યો; કારણકે 'અભ્યાગત આવે તેનો સત્કાર કરવો ઉત્તમ જનોને યોગ્ય છે.'

પછી ભીમરાજાએ સ્વયંવરમંડપના અંતરભાગમાં સુવર્ણના સિંહાસનથી મનોહર એવા મંચકો રચાવ્યા. ઠરાવેલ વખતે દિવ્ય અલંકારોથી દેદીપ્યમાન થયેલા રાજાઓ ત્યાં આવ્યા અને અનેક પ્રકારની ચેષ્ટા કરતા તેઓ પોતપોતાના સિંહાસન પર બેઠા. તે વખતે કોઈ રાજપુત્ર પોતાના કરકમળથી જીતાયેલ લીલાકમળને જાણે દૂર ફેંકવા માગતો હોય તેમ લીલાથી ઉછાળવા લાગ્યો. કોઈ યુવક જાણે યશ અને મલ્લિકાના અંતરની પરીક્ષા કરવા ઇચ્છતો હોય તેમ મધુકરની જેમ મલ્લિકાપુષ્પને સુંઘવા લાગ્યો. મન્મથની જેમ અધિક ગોલકાભ્યાસને ધારણ કરતો કોઇ રાજા હસ્તવતી પુષ્પના દડાને ઉછાળવા લાગ્યો. 'હું જ એક પુરૂષ છું' એમ માનતો કોઇ રાજા ક્ષણે ક્ષણે હાથવતી પોતાની મુછોનો સ્પર્શ કરવા લાગ્યો. નાટ્યાચાર્યની જેમ ઉદ્‌ભટ એવા કોઈ રાજા શબ્દ કરતા કંકણના તાલ સાથે પોતાની મુષ્ટિરૂપ રંગભૂમિમાં વારંવાર છુરિકા નચાવવા લાગ્યો. એ વખતે દેદીપ્યમાન દીપની પ્રભા સમાન સ્વયંવરમંડપને પ્રકાશિત કરતી દમયંતી પિતાના આદેશથી સત્વર ત્યાં આવી. એટલે મૌક્તિક સદૃશ તેજસ્વી અલંકારોથી અલંકૃત, સ્વચ્છ અને અજડ ( જળ–અજ્ઞાનરહિત ) જાણે અપર જંગમ તામ્રપર્ણી (નદી–વિશેષ) જેવી અને રાજાઓના પ્રતિબિંબને માટે જાણે સ્વચ્છ આદર્શ હોય તેવા તેમજ સૂર્ય કરતાં પણ અધિક તેજસ્વી એવા તિલકને લલાટમાં ધારણ કરતી, નીલોત્પલ સમાન જેના ચપળ નેત્ર છે એવી અને કજ્જળ સમાન જેના ચળકતા શ્યામ કેશ છે એવી

દવદંતીને સામે ઉભેલી જોઇને સર્વ રાજાઓએ પોતાના નેત્રોને ક્ષણ માત્ર વિશ્રાંતિ આપી.

પછી ભીમરથ રાજાના આદેશથી પ્રતિહારી આગળ ચાલીને પ્રત્યેક રાજાનું નામ લઇ તેની ઓળખાણ આપવા લાગી:—" આ કુસુમાયુધનો પુત્ર મુકુટેશ નામે રાજા છે. જો ઉષાની જેમ એની પત્ની થવાની ઇચ્છા હોય તો એને વર. આ જયકેશરી રાજાનો પુત્ર ચંદ્રરાજ છે. રોહિણીની જેમ તું એના પત્નીપણાને સ્વીકારીશ ? આ ધરણેંદ્ર રાજાનો પુત્ર, ચંપાનો સ્વામી અને ભોગવંશી સુબાહુ નામે રાજા છે, જો તને રૂચે તો એનો હસ્ત ગ્રહણ કર. આ સુસુમારપુરનો સ્વામી દધિપર્ણ નામે રાજા છે. હે કૃશાંગિ ! જો તારૂં મન ખેંચાતું હોય તો એને સ્નેહનજરથી નિહાળ. આ વૃષભસ્વામીના કુળની ધુરાને વહન કરવામાં વૃષભ સમાન, શત્રુઓનો નાશ કરનાર અને કોશલાના સ્વામી નિષધ રાજાને તો તું જાણેજ છે. હે શુભે ! આ એનો નળ નામે પુત્ર છે કે જે ન્યાયી, બાહુબળથી પ્રબળ અને ઉન્નત છતાં વિનીત છે–એ તને અભીષ્ટ થાઓ. ' એટલે દવદંતીએ તરતજ નળરાજાના કોમળ કંઠમાં વરમાળા આરોપી. તે વખતે ' અહો ! આ ઠીક વરી–ઠીક વરી ! ' એવો આકાશમાં ધ્વનિ થયો.

એ વખતે કૃષ્ણરાજ ખડ્ગ ખેંચીને નળરાજા પર ધસ્યો. એટલે નળરાજા બોલ્યો કે:—" વાહ વાહ ! ક્ષત્રિયોને આ ઉચિત છે.[૧]" પછી બંને પક્ષની સેનાઓ સામસામી યુદ્ધ કરવાને સજ્જ થઇ ગઈ. તે જોઇને દવદંતીએ એવી દૃઢ પ્રતિજ્ઞા કરી કે:—' જો મારા જિનેશ્વર દેવ અને સુસાધુ ગુરૂ હોય તો બંને સૈન્યને કુશળ હો, અને પરબળપર આક્ષેપ કરતાં નળરાજા વિજયી થાઓ. ' આ પ્રમાણેનું તેના મુખમાંથી વાક્ય નીકળતાંજ કૃષ્ણરાજના હાથમાંથી ખડ્ગ નીચે પડી ગયું; એટલે ચિરકાળે આવેલા સેવકની જેમ તેણે નળરાજાને મસ્તક નમાવીને પ્રણામ કર્યા અને વિનયથી કહ્યું કે–'આ

૧ આ વ્યંગ વચન છે. ભાવાર્થ આ ઉચિત નથી એવો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારો અપરાધ ક્ષમા કરો.’ એટલે તેની સાથે માનપૂર્વક વાતચીત કરીને નળરાજાએ તેને મુક્ત કર્યો. ભીમરાજા પણ તેથી મુદિત થયો. પછી ભીમરાજાએ અન્ય રાજાઓને માનપૂર્વક બોલાવી તેમનો યથાયોગ્ય સત્કાર કરીને તેમને વિસર્જન કર્યા અને દવદંતી નળનો પાણિગ્રહણ મહોત્સવ કર્યો.

વિવાહમહોત્સવ સમાપ્ત થતાં હસ્તમોચન અવસરે ભીમરાજાએ નળને હાથીઓ વિગેરે પુષ્કળ દાયજો આપ્યો. પછી જેમના કરકમળ કંકણસહિત છે અને જેમના ધવળમંગળ ગવાઇ રહ્યા છે એવા નવપરિણીત વહુવરે ગૃહબિંબોને વંદન કર્યું. પછી ભીમરાજાએ પુત્રી સહિત નિષધરાજાનો સત્કાર કરીને તેમને વિસર્જન કર્યા, એટલે નિષધરાજા કેટલાક પ્રયાણ આગળ જઇને નળરાજાની રાહ જોતા સ્થિત થયા.

એ અવસરે નળરાજાની પાછળ જતી દવદંતીને તેની માતાએ કહ્યું કેઃ—“ હે વત્સે ! વંશને ધ્વજા ન છોડે તેમ સંકટમાં પણ પતિનો કદી ત્યાગ કરીશ નહિ.’ ઇત્યાદિ શિખામણ શિરસાવંદ્ય કરીને સાથે ઉપસ્થિત થયેલી દવદંતી પ્રિયાને નળરાજાએ પોતાના રથમાં બેસારી. પછી નવીન કાવ્યોથી કવિ જેમ શાસ્ત્રમાર્ગને અવગાહે ( ઓળંગે ) તેમ કોશલાપતિ અખંડ પ્રયાણોવડે પિતાની ભેળા થઇ જઇને રસ્તો કાપવા લાગ્યા.

એમ પ્રયાણ કરતાં સૂર્ય અસ્ત પામ્યો, એટલે બ્રહ્માંડ અંધકારથી પૂરાઇ ગયું. તે જોઇને નળરાજા પોતાની નવોઢાને કહેવા લાગ્યા:—‘ હે દેવી ! ક્ષણભર જાગ્રત થઇને તું તિલકને પ્રગટ કર.’ એટલે તેણે લલાટને સાફ કરીને દીપકની જેમ તે તિલકને દીપ્ત કર્યું. તેના તેજથી નિર્વિઘ્ને બધું સૈન્ય આગળ ચાલવા લાગ્યું. એવામાં નળરાજાએ કાર્યોત્સર્ગે રહેલા એક મુનિને જોયા; એટલે પોતાના પિતાને કહ્યું કેઃ—‘ હે પિતાજી ! જુઓ આ મુનિને વંદન કરો. એ મહાત્મા કોઇ મદોન્મત્ત હાથીના મદથી ખરડાયેલા છે, જેથી તેમના શરીર પર અનેક ભમરાઓ બેઠા છે. છતાં મુનિ ધ્યાનથી ચ્યુત થયા નથી.’ પછી પુત્રો સહિત નિષધરાજાએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રદ્ધાપૂર્વક તે મહાત્માને વંદના કરી. પછી નળ, દમયંતી. નિષધ અને કૂબર તે મહામુનિને ઉપદ્રવ રહિત કરી વારંવાર વાંદીને આગળ ચાલ્યા; અને જ્યાં દવદંતી હર્ષિત ચિત્તથી અનેક ચૈત્યોનું અવલોકન કરી રહી છે એવી કોશલાનગરીમાં મહોત્સવપૂર્વક તેમણે પ્રવેશ કર્યો. પછી કોઈવાર ગીત નૃત્ય કરાવતાં, કોઇવાર જળક્રીડા કરતાં, કોઈવાર હીંચકવાની રમત કરતાં, કોઇવાર ધ્યૂત રમતાં, અને કોઇવાર સ્વેચ્છાએ બગીચામાં ફરતાં સ્વર્ગીય દંપતીની જેમ નળ દમયંતી કાળને વ્યતિત કરવા લાગ્યા.

એકદા નિષધરાજાએ નળને રાજ્યપર અને કૂબરને યૌવરાજ્યપર સ્થાપન કરીને દીક્ષા અંગીકાર કરી. પછી ન્યાયધર્મમય રાજ્યને પાળતાં પ્રબળ પરાક્રમવાળા નળરાજાએ એકદા ક્રમથી આવેલા પોતાના અમાત્યોને પૂછ્યું કે:—'હું માત્ર પિતા વિગેરેની ભૂમિનુંજ રાજ્ય કરૂં છું કે તે કરતાં અધિક રાજ્ય કરૂં છું?' એટલે તેઓ બોલ્યા કે:—'તમારા પિતાએ તો ત્રણ અંશ ન્યૂન ભરતનું રાજ્ય કર્યું હતું અને તમે સમસ્ત ભરતનું રાજ્ય ભોગવો છો; તથાપિ અહીંથી બશેં યોજનપર તક્ષશિલા નામે નગરી છે, ત્યાં કદંબ નામે રાજા છે, તે આપની આજ્ઞાને માન્ય કરતો નથી.' તે સાંભળીને કોપના આટોપથી ઉદ્ભટ થયેલ નળરાજાએ તેનીપાસે દૂતને મોકલ્યો. દૂતે જઇને તેને કહ્યું કે:—'અનલ સમાન સ્ફુરાયમાન તેજવાળા અમારા સ્વામી નળરાજાની આજ્ઞા માન્ય કર, અને પોતાના આત્માને યમપુરીમાં ન લઇ જા.' આ પ્રમાણે સાંભળીને કદંબરાજાએ ભ્રકુટીથી ભીષણ મુખ કરીને પોતાના જીવિતની જેમ તેનું ગળું પકડીને બહાર કહાડી મૂક્યો; એટલે તે દૂતે જઇને નળરાજાને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, તેથી અનેક વાહનો તથા સૈન્ય યુક્ત નળરાજાએ તેનાપર ચડાઇ કરી અને તક્ષશિલાપુરીને ઘેરો ઘાલ્યો, એટલે કદંબ પણ સૈન્યસહિત તેની સન્મુખ આવ્યો. પછી તે બંને વચ્ચે અત્યંત યુદ્ધનો સમારંભ શરૂ થયો. તે જોઇ નળરાજા-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ કદંબની પાસે દ્વંદ્વયુદ્ધની માગણી કરી. કદંબે તે સ્વીકારી, એટલે ઉદ્ધત બાહુયુગવાળા અને જાણે જંગમ પર્વત હોય એવા તે બંનેએ ચિરકાળ દ્વંદ્વયુદ્ધ કર્યું. સર્વ પ્રકારના યુદ્ધમાં નળરાજા કદંબને જીતી ગયા, એટલે વૈરાગ્યથી વાસિત થઈને કદંબે રાજ્ય તજી દઈ ચારિત્ર અંગીકાર કર્યું. નળરાજાએ તેને નમસ્કાર કરીને કહ્યું કે:—'અહો ! તમને ધન્ય છે કે આવા વિશાળ રાજ્યનો ક્ષણ માત્રમાં ત્યાગ કર્યો.' આ પ્રમાણે પ્રશંસા સાંભળીને પણ કદંબ રાજર્ષિએ તેને કંઈ ઉત્તર ન આપ્યો. કારણ કે 'નિરીહને રાજા કે રંક પર સમાન દૃષ્ટિ હોય છે.' પછી નળરાજાએ કદંબના જયશક્તિ નામના પુત્રને તેના રાજ્યપર સ્થાપન કર્યો અને સર્વ રાજાઓએ મળીને નળરાજાને ભરતાર્ધના સ્વામિત્વ તરીકેનો અભિષેક કર્યો. પછી તે દવદંતી સાથે મહોત્સવપૂર્વક કોશલા નગરીમાં આવ્યા અને સુખે સુખે રાજ્ય કરવા લાગ્યા.

હવે દુષ્ટ વ્યંતર જેમ શુભ પાત્રના છિદ્ર જુએ તેમ રાજ્યલુબ્ધ કૂબર નિરંતર નળરાજાના છિદ્ર જોવા લાગ્યો. અન્યદા નળ અને કૂબર બંને જુગારમાં અત્યંત આસક્ત થઈ ગયા. તેઓ પાસા નાખતા હતા અને જય અને પરાજય પામતા હતા. એકદા નળરાજાના ઇચ્છાનુસાર અનુકૂળ પાસા ન પડ્યા, તેથી કૂબર વારંવાર તેને જીતવા લાગ્યો. એમ કરતાં કૂબરે નળના નગર અને ગ્રામ વિગેરે બધા જીતી લીધા, તેથી રાજલોક બધા ખિન્ન થયા અને કૂબર હર્ષમાં આવી ગયો. એ વખતે જુગારના વ્યસનમાં આસકત થઇ ગયેલા નળરાજાને દમયંતીએ સમજાવ્યું કે:—'હે સ્વામિન્ ! આ પાસા એક પાશની જેમ આપને બંધનકારી થશે; તેથી તમે પોતાની મેળે કૂબરને રાજ્ય આપો તે સારૂં છે, પણ જુગારમાં જીતીને તે રાજ્ય લઈ લે એ અપવાદ સારો નથી.' આ પ્રમાણે દમયંતીના વચનોપર નળનરેંદ્રે બિલકુલ લક્ષ્ય આપ્યું નહીં, એટલે પતિથી અવજ્ઞા પામેલી તે રમણી રૂદન કરતી સ્વસ્થાને ગઈ. પછી કુલીન અમાત્યોએ પણ નળરાજાને જુગારથી બહુ રીતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિવાર્યો, છતાં ભૂતથી અભિભૂત થયેલાની જેમ તેમનું વચન પણ નળરાજાએ સાંભળ્યું નહિ. એમ દ્યૂત રમતાં નળરાજા અંતઃપુર અને પરિવારસહિત સમસ્ત પૃથ્વી હારી ગયા, એટલે તેણે પોતાના શરીરના બધા આભરણાદિક દ્યૂતમાં મૂકયા, તે પણ હારી ગયા. તે વખતે કૂબર નળને કહેવા લાગ્યો કે:–' હે નળ! હવે રાજ્યને ત્યજી દો; કારણ કે પાશથી જાણે અધિક બદ્ધ થયું હોય તેમ એ રાજ્ય હવે મારૂં થયું છે.' આ પ્રમાણે સાંભળીને 'બળવંત પુરૂષોને રાજ્ય દૂર નથી' એમ કૂબરને કહેતા કળાનિધાન અને વસ્ત્રમાત્ર જેની પાસે દ્રવ્ય છે એવા નળરાજા રાજ્ય તજીને ચાલતા થયા.

નળની પાછળ જતી દમયંતીને જોઇને દુષ્ટ કૂબર કહેવા લાગ્યો કે:—' તું દ્યૂતમાં જીતાઇ ગઇ છે, માટે મારા અંતઃપુરને અલંકૃત કર.' આ પ્રમાણે સાંભળીને અમાત્યો કહેવા લાગ્યા કે:--' એ સતીને સતાવીને કોપાયમાન ન કર; કારણ કે જ્યેષ્ઠ ભ્રાતા તારે પિતા સમાન હોવાથી આ તારી માતા સમાન છે; છતાં બળાત્કારથી એને રોકીશ તો એ સતી કોપાગ્નિથી તને ભસ્મ કરી દેશે, માટે નળની પાછળ જતી એને તું ઉલટી પ્રોત્સાહિત કર અને અશ્વ, રથ તથા સારથિસહિત નળને વિદાય કર.'

આ પ્રમાણેનાં અમાત્યોનાં વચનોથી કૂબરે તે પ્રમાણે કર્યું; પરંતુ રથાદિક આપતાં કૂબરનો નળરાજાએ નિષેધ કર્યો એટલે પ્રધાનપુરૂષોએ નળને કહ્યું કે:—' હે નાથ! અમે તમારી સાથે શી રીતે આવી શકીએ? કારણ કે અમારે તો રાજ્યનો હુકમ માન્ય રાખવો જોઇએ. અમે રાજ્યના સેવકો છીએ, માટે હે જગતીનાથ! એમાં અમારો કાંઇ અપરાધ નથી. હાલ તો આપને દમયંતીજ મિત્ર, મંત્રી, પ્રિયા કે સહચરી છે; તો એ સુકોમળ હોવાથી રસ્તામાં પગે કેમ ચાલી શકશે? માટે હે નાથ! આ રથને ગ્રહણ કરો; અને આ કિંકરજનો પર અનુગ્રહ કરો.' આ પ્રમાણે પ્રધાનોની અભ્યર્થનાનો સ્વીકાર કરીને કૃત્યાકૃત્યને જાણનાર નળરાજા દમયંતી સાથે રથમાં આરૂઢ થઇને રાજમાર્ગે ચાલ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વખતે જાણે અભ્યંગને માટે[1] તત્પર થઇ હોય તેમ દમયંતીને એક વસ્ત્રયુક્ત જોઇને ખેદ થવાથી નગરની સ્ત્રીઓ પોતાના વસ્ત્રોને આર્દ્ર કરતી અશ્રાંત અશ્રુધારા વરસાવવા લાગી. તે વખતે નગરના મધ્ય ભાગમાંથી જતાં નળરાજાએ પાંચસો હસ્તપ્રમાણુ એક સ્તંભનું ઉન્મૂલન કરીને પુન: તેને આરોપી દીધો. આ બનાવ જોઇને નગરજનો કહેવા લાગ્યા કે:—" અહો નળરાજાનું સત્વ અને બળ તો જુઓ. ખરેખર ! એ બળિષ્ઠ પુરૂષપર કંઇ દૈવયોગેજ આ મહા સંકટ આવી પડ્યું છે. પૂર્વે એક જ્ઞાની મુનિ કહી ગયા છે કે-'આ નળરાજા મુનિને ક્ષીરદાન આપવાથી ભરતાર્ધનો સ્વામી થશે.' તો સ્તંભને ઉન્મૂલન કરીતે આરોપતાં એ ભરતાર્ધનો સ્વામી થશે એ વાત તો સિદ્ધ થઇ, પણ એને રાજ્યભ્રંશ થયો એ વાત બહુ સંતાપકારી બની છે. હવે આ નગરમાં જો પુન: નળરાજા રાજ્ય કરશે તો પોતાના બાંધવપર ક્રૂરતા વાપરનાર આ કૂબર કદી પણ સુખ પામી શકશે નહિ." આ પ્રમાણેનાં પૌરજનોનાં વચનો શ્રવણ કરતાં અને જેણે આંખમાં આંસુ લાવીને હાર વિગેરે આભૂષણો કાઢી નાખેલ છે એવી દમયંતી સાથે નળરાજાએ કોશલાનગરીનો ત્યાગ કર્યો.

આગળ ચાલતાં નળે દમયંતીને કહ્યું કે:—' હે દેવી ! હવે આપણે ક્યાં જઇશું ? ' દમયંતી બોલી કે:—' હે નાથ ! મારા તાતના અતિથિ થઇને તેને પાવન કરો. ' પણ સારથિએ કુંડિનનગર તરફ અશ્વો ન ચલાવ્યા; એટલે કર્માવલિની જેમ અલંઘ્ય એવી એક અટવીમાં નળરાજા ભ્રમણ કરવા લાગ્યા. ત્યાં રીંછડીઓને મારવાથી જેમના ભાલા તેજસ્વી થઇ ગયા છે એવા ભીલ લોકોને તેણે જોયા. નળને જોઇને બાણોને વરસાવતા ભીલો તેના તરફ ધસ્યા. એટલે ઘડામાંથી બહાર કહાડેલા સર્પની જેમ મ્યાનમાંથી ખડ્ગ ખેંચીને નળરાજા પણ સત્ત્વશુદ્ધિને માટે એકદમ તે ભીલો તરફ ધસ્યા. એ વખતે દમયંતીએ નળનો હાથ પકડીને કહ્યું કે:—' હે નાથ ! હસ્તી અને મચ્છરની જેમ આવા લોકોપર આપનો આ આ-

૧ સ્નાન કરવા માટે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષેપ શો ? સ્વામીએ કુવ્યાપારમાં નિયુક્ત કરેલા સુસેવકની જેમ ભરતાર્ધના જયથી અભિષિક્ત થયેલા એવા આપની આ ક્રૂરતા લજ્જાસ્પદ છે. '

પછી દમયંતીએ ભીલોની તરફ માત્ર બાણુ જેવા દારૂણુ હુંકારાજ કર્યા, એટલે તેના પ્રભાવથી ભીલ લોકો એકદમ ગચ્છંતિ કરી ગયા, પરંતુ તે ભીલોની સામે જતાં તે બંને રથથી બહુ દૂર નીકળી ગયેલ હોવાથી ઇતર ભીલો તેમનો રથ હરણુ કરી ગયા.

પછી તેના વિશ્વાસને માટેજ જાણે દક્ષિણુ હસ્ત આપતા હોય તેમ દમયંતીને દક્ષિણુ હાથનો ટેકો દઇને નળરાજા અટવીમાં આગળ ચલાવવા લાગ્યા. અને વૈદર્ભી ( દમયંતી ) દર્ભના સમૂહપર ચરણુદ્વય રાખીને રૂધિરબિંદુઓથી જાણે અરણ્યને અનુરાગયુક્ત કરતી હોય તેમ ચાલવા લાગી. નળરાજાએ તેના બંને પગે પાટા બાંધ્યા; કારણુ કે પાટાની સહાયથી આગળ માર્ગ ઓળંગવો હતો, પછી થાકી જવાને લીધે એક વૃક્ષ નીચે બેઠેલી દમયંતીને નળરાજાએ પોતાના વસ્ત્રના છેડાવડે પવન નાખીને શાંત કરી; અને ત્રિપત્રલતાના[1] પાંદડાનો દડીયો બનાવી તેમાં અશ્રુજળથી વૃદ્ધિ પામેલું જળ લાવીને તેણે દમયંતીને પાયું. પછી ભીમસુતાએ વિનયપૂર્વક પૂછયું કે:—' હે સ્વામિન્ ! આ વન હજી કેટલું છે ? ' એટલે નળરાજાએ કહ્યું કે—' હે દેવી ! ચારસો કોશ પ્રમાણુ આ વન છે, તેમાં હજી આપણે માત્ર વીશ કોશ ઓળંગ્યા છે. ' આ પ્રમાણે તે બંને વાતચીત કરતા હતા એવામાં અનિત્યતાને સૂચવતો સૂર્ય અસ્ત પામ્યો; એટલે મહાશય નળરાજાએ દમયંતીને માટે અશોકના પાંદડા એકત્ર કરીને એક લાંબી પથારી કરી અને કહ્યું કે—' હે દેવી ! આ શય્યાપર નિદ્રા લો, હું યામિકની જેમ આખી રાત્રી જાગતો રહીશ. ' પછી અર્ધ વસ્ત્ર તે શય્યાપર બિછાવીને રાજાએ પોતાની પ્રિયાને તે પર સુવાડી, એટલે પંચ નમસ્કારનું સ્મરણુ કરીને દમયંતી ત્યાં સુઇ ગઇ. દમયંતીને નિદ્રા આવતાં નળરાજા

૧ ખાખરાના—તેને ત્રણુ પાંદડાજ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિંતવવા લાગ્યા કેઃ—' અહો! દુઃખને વખતે શ્વસુરને શરણે જ-નારા મને ધિક્કાર થાઓ. એવી રીતે શ્વસુરને ત્યાં જવું કોઇ રીતે ઘટિત નથી માટે આ વલ્લભાનો પણ ત્યાગ કરી, અંતરને દઢ કરીને મારે એકાકી અહીંથી ચાલ્યા જવું તેજ સારૂં છે. કારણ કે મારા ધારવા પ્રમાણે આ સુશીલાને કોઇ ઉપદ્રવ કરનાર નથી. વળી સતી-ઓના અંગની રક્ષા કરનાર તો એક શીલજ કહેલ છે.' એમ ધારી પ્રેમની સાથે છુરીવતી દમયંતીનું અર્ધ વસ્ત્ર કાપીને પોતાના રક્તથી ભીમસુતાના વસ્ત્રપર તેણે આ પ્રમાણે એક શ્લોક લખ્યોઃ—

" अयमध्वा विदर्भेषु, याति न्यग्रोधरोधसा ।
कोशलेषु तु तद्वाम—स्तद्गच्छेस्त्वं यथारुचि " ॥

'વટવૃક્ષના મૂળ આગળથી આ માર્ગ વિદર્ભ દેશ તરફ જાય છે અને તેની ડાબી બાજુનો માર્ગ કોશલદેશ તરફ જાય છે. માટે તને રૂચે તે માર્ગે જજે.' આ પ્રમાણે લખીને ગુપ્ત રીતે આક્રોશ કરતો અને ડોક ફેરવીને પુનઃ પુનઃ નિહાળતો નળરાજા આસ્તેથી પગલાં ભરી ત્યાંથી આગળ જવાને તત્પર થયો. દમયંતી ન દેખાય તેટલે સુધી તે ગયો એટલે પાછો જેનું દ્રવ્ય ખોવાઇ ગયું હોય એવા પુરૂષની જેમ તે ફરીને પાછો આવ્યો; અને ભૂતળપર સૂતેલી દવદંતીને જોઇને તે વિચારવા લાગ્યો કે—' અહો! નળરાજાની રાણી શ્રમિત થઇને આમ રસ્તા વચ્ચે સુતી છે. અહો! કુકર્મને કર-નાર જે હું તેના મર્મભેદી દુષ્ટ કર્મોએ આ કળાનિધિ કુલીન કાંતાને આવી દશાએ પહોંચાડી છે. મર્મ બોલનારની જેમ અધર્મને આચ-રનારા એવા મને અત્યંત ધિક્કાર થાઓ, કે આ ધર્મશીલા અને શુદ્ધશીલા સતીને મેં આવી અવસ્થાએ પહોંચાડી. અહો! હું નળ-રાજા સમીપે છતાં ક્ષેત્રમાં રહેલ ભરવાડણની જેમ નિર્નાથિકા આ નિતંબિની માત્ર પૃથ્વીપર સુતી છે. જો હું એને એકલી મૂકીને અ-ન્યત્ર ચાલ્યો જઇશ, તો હું ધારૂં છું કે એનું જીવિત મારી પાછળ જ આવશે અર્થાત્ એ મરણ પામશે. તેથી પ્રેમાળ અને ભક્ત એવી આ દમયંતીને તજી દેવી એ કોઇ રીતે યોગ્ય નથી; માટે સુખ કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુ:ખ પણ હું એની સાથે રહીનેજ સહન કરીશ; પરંતુ એ જબર-જસ્તીથી મને પોતાના પિતાને ઘેર લઇ જશે તો કુલીનોને શ્વશુર-ગૃહ કરતાં સ્મશાન વધારે સારૂં છે; માટે હું મારો પિંડ લઇને ચાલ્યોજ જઉં. મારી આજ્ઞાને માન્ય કરનારી આ દમયંતી જરૂર પોતાના પિતાને ઘેર જશે.' આ રીતે ચિત્તમાં નિશ્ચય કરીને રાત્રિ સમાપ્ત થતાં દમયંતીના જાગૃત થવાના સમયે નળરાજા ત્વરિત ત્યાંથી ચાલ્યો ગયો.

હવે પ્રભાતે કમળોના પરિમળથી સુગંધી થયેલ વાયુ વાવા લાગ્યો. તે વખતે દમયંતીએ આવા પ્રકારનું સ્વપ્ન જોયું કે:—'હું આમ્રવૃક્ષપર બેઠેલી છું, એવામાં કોઇ વનહાથીએ આવીને તે વૃક્ષ ભાંગી નાખ્યું, તેથી હું નીચે પડી ગઇ.' આવું સ્વપ્ન જોઇને ભીમ-સુતા તરતજ જાગ્રત થઇ અને આગળ જોયું તો નળને પોતાની પાસે ન દીઠા; એટલે જાણે વિશ્વાસુની જેમ વેચાયેલી હોય તેમ તે ચારે દિશાએ જોવા લાગી; અને ચિંતવવા લાગી કે:—'આ અરણ્યમાં નિર્દયરીતે સ્વામીએ મને કેમ તજી દીધી હશે? પરંતુ હું ધારૂં છું કે તેઓ પોતાનું મુખ ધોવાને જળસ્થાનકે ગયા હશે. યા તો મારૂં મુખ ધોવાને માટે પલાશપત્રના દડીયામાં નિર્મળ જળ લેવા ગયા હશે, તે હજી સુધી આવ્યા નહિ હોય. અહો! આ તેના તેજ સરોવર, અરણ્ય, નદી, પર્વત અને ગુફા વિગેરે બધાં નળ વિના દૃષ્ટિને અનળ (અગ્નિ) જેવા લાગે છે, તે ખરેખર ઉચિતજ છે.' આ પ્રમાણે ચિંતામગ્ન ચિત્તથી દિશાઓનું અવલોકન કરતાં પોતાના પ્રાણનાથને ન જોવાથી તે સ્વપ્નનો અર્થ વિચારવા લાગી કે:—'સહકાર તે નળરાજા, રાજ્ય તે ફળ અને પરિજન તે લય (સંબંધ)—એમનાથી પરિભ્રષ્ટ થયેલી દવદંતી તે હું છું. માટે હવે મને નળ-રાજા મળવા દુર્લભ છે.' આ પ્રમાણે સ્વપ્નાર્થનો નિશ્ચય થવાથી તે અંતરમાં વિચારવા લાગી કે:—'રાજ્ય અને સ્વામી એ બંનેથી દૈવયોગે હું ભ્રષ્ટ થઈ છું.' પછી દીર્ઘનેત્રવાળી તે ઉંચે સ્વરે વિ-લાપ કરવા લાગી. કારણ કે 'દુર્દશામાં આવી પડેલી અબળાઓનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂદન એજ બળ છે. ' તે બોલી કે–' હે નાથ ! હું ભક્તિયુકત છતાં આપે મને કેમ તજી દીધી ? તમને હું ભાર કરનારી શી રીતે થઇ પડી ? અથવા તો આ એ પગબંધન છે તે ખરી વાત છે. હે પ્રાણેશ ! કદિ જો હાસ્ય કરવા માટે તમે લતાઓમાં છુપાઇ ગયા હો તો સત્વર દર્શન આપો; કારણ કે એમ વધારે રહેવું સારૂં નથી. હે નિર્દોષ વનદેવીઓ ! આ દવદંતી આપની પાસે યાચના કરે છે કે– મારાપર કૃપા કરીને મને મારો સ્વામી બતાવો યા સ્વામીનો માર્ગ બતાવો. હે વસુધા ! તું દ્વિધા થઇ જા, એટલે હું તેમાં સમાઇ જાઉં. હે પવન ! તું મને હરણ કરી લે. હે જીવિત ! તું હવે દૂર જા અને હે પ્રાણો ! તમે હવે સત્વર મારો ત્યાગ કરો. ' આ પ્રમાણે નયન- જળથી વૃક્ષોને સિંચતી દવદંતી અશ્રુપુષ્પોને વિસ્તારવા લાગી, પણ તેનું ફળ તો એક દુઃખરૂપજ ઉત્પન્ન થયું. 'નળ! નળ!' એવું ચિંત- વન કરતાં તેને જળ, સ્થળ, છાયા, કે આતપમાં લેશમાત્ર પણ સુખ ઉત્પન્ન ન થયું. પછી પોતેજ પોતાને ધીરજ આપતાં વસ્ત્રના છેડાવડે મુખને સાફ કરવા લાગી, એવામાં તેનાપર અક્ષરો લખેલા જોઇને તે હર્ષિત થઇ સતી વાંચવા લાગી. વાંચીને તેણે વિચાર કર્યો કે:– અહો ! ખરેખર હજી હું સ્વામિના મનરૂપ ગગનાંગણમાં ચંદ્રિકા- રૂપ છું, નહિ તો તેમનો મારી ઉપર આવો આદેશરૂપ પ્રસાદ કયાંથી હોય ? માટે હવે સ્વામીના આદેશને હૃદયમાં બહુમાનથી ધારણ કરીને હું પિતાને ઘરે જાઉં, પણ પતિ વિના પિતાને ઘરે જવું તે યોગ્ય જણાતું નથી પરંતુ પૂર્વે મારી સાથે પ્રાણનાથને ત્યાં લઇ જવાનું મેં વાંચ્છયું હતું, તે તો ગયા અને મને આદેશ કરતા ગયા; તો હવે પતિનો આદેશ થવાથી મારે પિતાને ઘરે જવું યોગ્ય છે.' આ પ્રમાણે વિચાર કરીને સાક્ષાત્ નળની જેમ તેના અક્ષરોનું અવલોકન કરતી દમયંતી વટમાર્ગથી આગળ ચાલવા લાગી, એટલે મુખ ફાડીને આવતા વાઘો, સદર્પ સર્પો, જંગલી હાથીઓ અને જાંગુલિક જવાળાઓ સિંહ- ણની જેમ એ દમયંતીથી તરતજ દૂર થઇ જવા લાગ્યા. રસ્તે ચાલ- તા તેને બીજા પણ ઉપદ્રવ નડ્યા નહિ, કારણ કે પાતિવ્રત્ય એ સ્ત્રી- ઓને અતિશય કુશળ ( ક્ષેમ ) રાખનાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી જેના કેશ ચપળ છે અને સ્વેદજળથી જેનું શરીર આર્દ્ર છે એવી, ઉત્સુક પગલે ચાલતી, જેના અંતરમાં મહાશોક સમાતો નથી એવી તથા દર્ભથી વીંધાયેલા પગમાંથી નીકળતા રક્તથી મહીતળને સિંચન કરતી દમયંતીએ આગળ જતાં ત્રિભુવનની ઋદ્ધિના એક સ્થાન જેવો એક સાર્થ જોયો; એટલે તેણે ચિંતવ્યું કે—'અહો! સમુદ્રમાં વહાણ મળે તેની જેમ આ સાર્થ મને મળ્યો છે. હવે એની સહાયતાથી મારે આ અરણ્યરૂપ મહાસાગરનો પાર પામવો સુલભ થશે.' આ પ્રમાણે વિચાર કરીને મહાસતી દમયંતી કંઇક સ્વસ્થ થઇ. તેવામાં કેટલાક ચોરોએ આવીને તે સાર્થને ઘેરી લીધો. એ પ્રમાણેની ચોરોની સેનાને આવેલી જોઇને સાર્થજનો અત્યંત ભય પામ્યા: કારણ કે 'વસ્તુને ભય હોય છે.' એ વખતે તેમની ગોત્રદેવીની જેમ દમયંતી બોલી કે:—'હે સાર્થવાસી લોકો! તમે ભયભીત ન થાઓ.' પછી તેણે તસ્કરોને કહ્યું કે:—'હે દુરાશયો! તમે દૂર ચાલ્યા જાઓ; નહિ તો તમારાપર સંકટની સીમા નહિ રહે, કારણ કે હું આ સાર્થની રક્ષા કરનારી છું.' આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળ્યાં છતાં પણ દૈવથી પરાહત થયેલા તસ્કરોએ તેની બીલકુલ દરકાર કરી નહિ, એટલે તે તસ્કરોના અહંકારને પરાસ્ત કરવા માટે અને સાર્થની રક્ષા કરવા માટે દવદંતીએ સપ્ત હુંકારા કરવા માંડ્યા. તેના તે હુંકારાઓ સાંભળીને ધનુર્દંડના ટંકારથી કાગડાઓની જેમ બધા તસ્કરો મુઠી વાળીને ભાગી ગયા. પછી સાર્થપતિએ દમયંતીને જનનીની જેમ નમન કરીને કહ્યું કે:—'હે ભામિની! તમે કોણ છો? અને આ વનમાં શા માટે ભમો છો?' એટલે આંખમાં આંસુ લાવીને દમયંતીએ પોતાના ભ્રાતા સમાન તે સાર્થેશને પોતાનો યથાસ્થિત વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને સાર્થેશ બોલ્યો કે:—'તમે મારા સ્વામિની અને માતા સમાન છો. નળરાજાના પત્ની હોવાથી સ્વામિની અને અમને જીવિતદાન આપવાથી જનની છો, માટે નિષ્કારણ બંધુ એવા તમારો હું કિંકર છું.'



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ રીતે કહી તેને પોતાના તંબુમાં લઈ જઇને તે તેમનો બહુજ આદરસત્કાર કરવા લાગ્યો.

એવામાં વજ્રપાતના શબ્દ સમાન ઘોર ગર્જના કરતો અને ગ્રીષ્મઋતુને તર્જિત કરતો મેઘ વિસ્તૃત ધારાથી વરસવા લાગ્યો; એટલે જાણે સાર્થના મુસાફરોને રોકવાને માટે મોટી ખાઇઓ નિ-ર્માણ કરી હોય તેમ દરેક સ્થળે પાણીના મોટા પ્રવાહો વહેવા લાગ્યા. એ પ્રમાણે અવિચ્છિન્ન ત્રણ દિવસ પર્યંત વરસાદ પડ્યો, એટલે દમયંતી સુખપૂર્વક સાર્થેશના તંબુમાં રહી. પછી વૃષ્ટિ વિરામ પામી એટલે સાર્થને મૂકીને સતી દમયંતી એકલી સાર્થેશને કહ્યા વિના ત્યાંથી ચાલી નીકળી.

માર્ગે ચાલતાં કાજળ સમાન શ્યામ કાંતિવાળો, હાથમાં છ-રીને નચાવતો, પીળા કેશવાળો, જ્વાળા સમાન ભયંકર મુખવાળો, જોતાંજ ભય ઉપજાવે તેવો, ક્ષુદ્ર મનવાળો અને સાક્ષાત્ જાણે યમ હોય એવો એક રાક્ષસ તેના જોવામાં આવ્યો. તે રાક્ષસ દમયંતી પાસે આવીને કહેવા લાગ્યો કે:—' હું તારૂં ભક્ષણ કરી જઇશ ! ' એટલે સતી નિર્ભય થઇ ધૈર્યપૂર્વક બોલી કે:—' મારૂં વચન સાંભળ-'આ જગતમાં જે અકૃતાર્થ જનો છે તેમને મરણનો ભય હોય છે, પણ હું તો કૃતાર્થ છું, માટે મને કશો ભય નથી; પરંતુ તું મારો સ્પર્શ કરીશ નહિ, કારણ કે મારો સ્પર્શ કરતાં હું તને શ્રાપ દઇશ તો તારૂં ભલું નહિ થાય. '

આ પ્રમાણેની તેની ધીરતાવાળી વાણી સાંભળીને રાક્ષસ બોલ્યો કે:—' હું તારાપર સંતુષ્ટ થયો છું; માટે કહે, હું તારૂં શું શ્રેય કરૂં અને તને શું આપું ? ' એટલે દમયંતી બોલી કે:—' જો તું સંતુષ્ટ થયો હોય તો મને કહે કે મારા પતિનો સમાગમ મને ક્યારે થશે ? ' રાક્ષસ બોલ્યો કે:—' પ્રવાસના દિવસથી બાર વરસે સમાગમ થશે; અને તમારા પિતાને ઘેર આવીને તે તમને મળશે, માટે અંતરમાં વૃથા ખેદ કરશો નહીં. હવે જો તમે કહો તો હું તમને તમારા પિતાને ઘરે મૂકી દઉં. ' દમયંતી બોલી કે:—' અન્ય પુરૂષની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે હું ત્યાં જવા ઇચ્છતી નથી, માટે તારૂં કલ્યાણ થાઓ.' પછી પોતાનું મૂળ રૂપ પ્રગટ કરીને તે રાક્ષસ જેમ આવ્યો હતો તેમ પાછો ચાલ્યો ગયો. એ વખતે દમયંતીએ બાર વરસને માટે આ પ્રમાણે અભિગ્રહો લીધા કે:—' છએ વિગઇ, રંગીન વસ્ત્ર, તાંબૂલ, વિલેપન અને શણગાર-એ સ્વામી ન મળે ત્યાંસુધી મારે ગ્રહણ ન કરવાં.'

પછી વર્ષાકાળ વ્યતીત કરવાને દમયંતી નજીકમાં એક પર્વતની ગુફામાં રહી; અને ત્યાં તેણે શ્રી શાંતિનાથ ભગવંતનું એક મૃતિકાનું બિંબ બનાવ્યું. પછી પુષ્પો લાવીને તે બિંબની દમયંતી પૂજા કરવા લાગી, અને તપના પ્રાંતે પ્રાસુક ફળોવડે પારણું કરવા લાગી.

હવે અહીં દમયંતીને ન જોવાથી સાર્થેશ તેનાં પગલાંને અનુસરીને તેની પાછળ પાછળ આવ્યો. ત્યાં ગુફામાં જિનબિંબને પૂજતી એવી દમયંતીને જોઇને તે અંતરમાં અત્યંત હર્ષ પામ્યો. પછી દમયંતીને નમસ્કાર કરીને તે જમીનપર બેઠો, એટલે દમયંતીએ તેને સ્વાગત પ્રશ્ન કરીને તેની સાથે વાર્ત્તાલાપ કર્યો. એવામાં નજીકમાં રહેનારા કેટલાક તાપસો ત્યાં આવ્યા અને મેઘની ગર્જના સાંભળીને મયૂરની જેમ તેઓ ઉંચું મુખ કરીને સ્થિત થયા. એટલામાં અનવચ્છિન્ન એવી જળવૃષ્ટિ થવા લાગી, જેથી તાપસો પરસ્પર કહેવા લાગ્યા કે:—

'હવે આ વૃષ્ટિનું નિવારણ શી રીતે થાય?' એ વખતે તેમને ભયભીત જોઇને દમયંતી બોલી કે:—' હે તાપસો! તમે ગભરાઓ નહિ.' એમ કહી તેમની ચારે બાજુ કુંડાળું કરીને તે સતી આ પ્રમાણે બોલી કે:—' જો હું સતી હોઉં તો આ કુંડાળાથી મેઘ દૂર વરસો.' આ પ્રમાણેનાં તેનાં વચનથી જાણે તૃણથી આચ્છાદિત કરેલ હોય તેમ તે કુંડાળામાં જળ ન પડ્યું. તે જોઇને તાપસો ચિંતવવા લાગ્યા કે:—' રૂપ અને શક્તિથી આ કોઇ દેવી હોય તેમ ભાસે છે.'

પછી સાર્થવાહે દમયંતીને પૂછ્યું કે:—' તમે આ કયા દેવની પૂજા કરો છો?' તે બોલી કે-' સર્વજ્ઞ અને ત્રણ જગતના ગુરૂ એવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જિનેશ્વર ભગવંતની હું પૂજા કરૂં છું, એટલે કોઈ શ્વાપદોથી પણ મને અહીં ભય નથી.' પછી જિનેશ્વરનું સ્વરૂપ અને દયાપ્રધાન આર્હત ધર્મ તેણે સાર્થવાહને બરાબર સમજાવ્યો, એટલે તેણે તેનો સ્વીકાર કર્યો. તે વખતે પોતાના ધર્મપર વિરાગ ( અરૂચિ ) થવાથી તાપસોએ પણ જિનધર્મ અંગીકાર કર્યો; કારણ કે 'રત્નનો લાભ થતાં કાચનો કોણ ત્યાગ ન કરે ?' પછી તાપસોના કહેવાથી સાર્થવાહે ત્યાં એક **તાપસપુર** નામે નગર વસાવ્યું; અને પોતાના દ્રવ્યને કૃતાર્થ કરવા માટે તેણે ત્યાં શાંતિનાથ ભગવંતનું ચૈત્ય કરાવ્યું. પછી સાર્થજનો અને તાપસો ત્યાં આર્હત ધર્મની ઉપાસના કરતા સતા આનંદથી રહેવા લાગ્યા.

એકદા મધ્યરાત્રે દમયંતીએ પર્વત પર પ્રકાશ જોયો અને ત્યાં જતા આવતા દેવો તથા અસુરોને પણ જોયા. તે વખતે આશ્ચર્યથી ઉંચે નજર કરીને નગરજનો પણ તે જોવા લાગ્યા, એટલે સાર્થવાહ તથા તાપસો સાથે દમયંતી તે પર્વત પર ગઇ. ત્યાં દેવોથી સેવા કરાતા કેવળી મુનિને તેમણે જોયા. પછી તેમને વંદના કરીને આદરપૂર્વક તેઓ તે મહાત્માના ચરણ આગળ બેઠા; અને તે મુનિના યશોભદ્ર નામના ગુરૂ પણ તેમને કેવળજ્ઞાન થયેલું હોવાથી નમસ્કાર કરીને આગળ બેઠા. એટલે કરૂણાના ક્ષીરસાગર એવા તે સિંહકેસરી કેવળીએ ક્લેશનો નાશ કરવામાં મહૌષધિરૂપ દેશના દેવાનો પ્રારંભ કર્યો:—

"અહો ભવ્ય જનો! દુષ્પ્રાપ્ય એવા માનવજન્મને પામીને દેવપૂજા, દયા, દાન અને ધર્મકર્મ કરતાં આદરપૂર્વક તેને સફળ કરો." એ રીતે ધર્મ કહીને તે મહાત્મા જ્ઞાની [1]કુળપતિને કહેવા લાગ્યા કે:–'દમયંતીએ જે ધર્મ કહ્યો છે તે સદા તમારે અંતરમાં ધારણ કરવો. એણે તે વખતે રેખાકુંડ કરીને મેઘને અટકાવ્યો તેનું કારણ એ છે કે એના સતીત્વને લઇને દેવો પણ એને સહાય કરે

[1] તાપસોના ગુરૂ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. વળી આ સાર્થવાહના સાર્થને પણ એણે ચોરોથી બચાવ્યો છે. મહાસતી દવદંતીનું બોલવું સર્વ સત્ય છે-તે અન્યથા બોલતીજ નથી.'

એવામાં કોઈ દેવ આવીને કેવળી ભગવંતને નમ્યો અને દમયંતીને કહેવા લાગ્યો કે:-"હે ભદ્રે! આ વનમાં પંચાગ્નિના તપથી ઉત્કટ એવો **કર્પર** નામે હું પૂર્વે તાપસ હતો. 'અહો! તાપસો મને વચન માત્રથી પણ કેમ પ્રસન્ન કરતા નથી?' એવા અહંકારથી તે તપોવનનો ત્યાગ કરીને હું ચાલી નીકળ્યો અને સમુત્સુકપણે રાત્રે ચાલતાં હું એક પર્વતની ખીણમાં પડી ગયો. ત્યાં પડતાં પડતાં પર્વતના નિતંબભાગ સાથે અથડાવાથી મારા દાંત બધા પડી ગયા. તેવી સ્થિતિમાં હું સાત રાત્રિ સુધી રહ્યો, છતાં કોઇ તાપસોએ મારી ખબર પણ લીધી નહિ. મારા જવાથી તેમને ઉલટી શાંતિ થઇ હોય એમ લાગ્યું. તેથી તેમની ઉપર મારો ગિરિદાહ-સમાન ગુસ્સો વધી પડ્યો. તેવા ઉભરાતા કોપ સાથે મરણ પામીને હું આ અરણ્યમાં સર્પ થયો; અને તમને ડશવાને માટે દોડ્યો; એવામાં હે સતી! તમે નમસ્કાર મંત્ર બોલ્યા. જાંગુલીમંત્રની જેમ તે શબ્દો કર્ણમાં પડતાં હું અન્યત્ર ચાલ્યો ગયો, ત્યાં દેડકા વિગેરે જીવોનું ભક્ષણ કરતો હું બિલમાં રહ્યો.

એકદા હે શુભે! મેં તમારૂં આ પ્રમાણેનું કથન સાંભળ્યું કે:—'જે જીવહિંસા કરે છે તે પાપી પ્રાણીઓ દુ:ખના ભાજન થાય છે.' તે સાંભળીને મેં વિચાર કર્યો કે:—'સર્વદા જીવોનો ઘાત કરનાર હું તો ખરેખરો પાપાત્મા છું, તો મારી શી ગતિ થશે?' આ પ્રમાણે વિચારતાં તાપસોને જોઇને મને ક્ષાંતિ (ક્ષમા) ઉત્પન્ન થઇ અને જાતિસ્મરણ ઉત્પન્ન થવાથી ગઇ કાલના કાર્યની જેમ મને પૂર્વ ભવ યાદ આવ્યો; એટલે વૈરાગ્યના કલ્લોલથી મન અત્યંત ભીંજાઇ જતાં મેં આત્મસાક્ષીએ ચારે આહારનો પરિહાર કર્યો. (અનશન કર્યું.) ત્યાંથી મરણ પામીને હે દેવી! તમારાપ્રસાદથી હું પ્રથમ દેવલોકમાં **કુસુમસમૃદ્ધ** નામના વિમાનમાં **કુસુમપ્રભ** નામે દેવ થયો છું. જો તે વખતે તમારૂં ધર્મવચન મેં સાંભળ્યું ન હોત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો હું પાપાત્મા ક્યાંક દુર્ગતિમાં જઇને પડત. હે દેવી ! અવધિ-જ્ઞાનથી તમને મારી ખરેખરી ઉપકારિણી જાણીને હું અહીં આવ્યો છું. હે ધર્મશીલે ! હું તમારો ધર્મપુત્ર છું." આ પ્રમાણે કહીને તે તાપસવર્ય દેવ તાપસોને કહેવા લાગ્યો કે–' હે પરમ શ્રાવકો! મારા કોપાચરણને આપ ક્ષમા કરજો. ' એમ કહીને તે સર્પના શરીરને ગિરિગુહારૂપ ગૃહમાંથી બહાર કાઢી ઉંચે લટકાવીને બોલ્યો કે:- ' મારી જેવા કર્પરની[1] જેમ ક્રોધીની આવી દશા થાય છે. '

પછી પરમ વૈરાગ્યથી કેવળી ભગવંતને નમસ્કાર કરીને તાપસોના અધિપતિએ આદરપૂર્વક વ્રતની યાચના કરી, એટલે કેવળી બોલ્યા કે:—' મારા ગુરૂ યશોભદ્રસૂરિ તમને વ્રત ( દીક્ષા ) આપશે.' પુનઃ કુળપતિએ કેવળીને પૂછ્યું કે:–' હે પ્રભો! ભરયૌવનમાં આપે શા કારણે દીક્ષા અંગીકાર કરી ? ' એટલે કેવળી બોલ્યા કે:— " કોશલદેશના અધિપતિ અને નળરાજાના લઘુબંધુ કૂબરનો હું પુત્ર છું. સંગાનગરીના સ્વામી કેશરીરાજાએ પોતાની બંધુમતી નામે પુત્રી મને આપી, એટલે પિતાના આદેશથી હું ત્યાં ગયો અને તેને પરણીને આવતાં રસ્તામાં જાણે સાક્ષાત્ શમ હોય એવા આ સૂરિવર્ય મારા જોવામાં આવ્યા; એટલે તેમને વાંદીને હું તેમની પાસે બેઠો. તેમણે દેશના આપી. દેશનાની પ્રાંતે મેં મારા આયુષ્યનું પ્રમાણ પૂછ્યું; એટલે તે ગુરૂમહારાજે મને કહ્યું કે–' હે ભદ્ર ! હવે માત્ર પાંચ દિવસનું તારૂં આયુષ્ય છે. ' તે સાંભળતાં મારૂં મુખ શ્યામ થઇ ગયું; એટલે પુનઃ ગુરૂ બોલ્યા કે–' હે ભદ્ર ! ભય ન પામ, અને દીક્ષા અંગીકાર કર. કારણ કે માત્ર એક દિવસ ચારિત્ર પાળવામાં આવે તો પણ તે નિર્વાણપદને આપે છે.' પછી એમની પાસે દીક્ષા લઈને એમના આદેશથી હું આ પર્વતપર આવ્યો. શુભ ધ્યાનના યોગવડે ઘાતિકર્મનો ક્ષય થવાથી મને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું." આ પ્રમાણે કહેતા સતા અયોગી ગુણસ્થાને ચડેલા સિંહકેસરી કેવળી બાકીના ચાર કર્મોનો ક્ષય કરીને તેજ વખતે પરમપદને પામ્યા; એટલે સમ્યગ્દષ્ટિ દેવોએ તેમના શરીરનો સંસ્કાર કર્યો.

૧ પૂર્વભવે તે નામનો તાપસ હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી તાપસ કુળપતિએ યશોભદ્રગુરૂ પાસે દીક્ષા અંગીકાર કરી. એ વખતે દવદંતી બોલી કે–'હે સ્વામિન્! મને પણ દીક્ષા આપો.' ગુરૂ બોલ્યા કે–' હે ભૈમી! હજી તારે ભોગાવળી કર્મ બાકી છે.' પછી પર્વતપરથી નીચે ઉતરીને યશોભદ્રસૂરિએ તાપસનગરમાં જઇ શ્રી શાંતિનાથના ચૈત્યમાં અનેક નગરવાસીઓને સમ્યક્ત્વ ધારણ કરાવ્યું. પછી ધર્મધ્યાનમાં તત્પર, વસ્ત્ર અને શરીર જેના મલિન છે એવી દમયંતીએ ત્યાં ગુફારૂપ ગૃહમાં સાત વરસ ગાળ્યા.

એકદા કોઇ મુસાફરે આવીને દમયંતીને કહ્યું કે–' તારા પતિને મેં અહીં આગળ જોયો.' તે સાંભળીને દવદંતી રોમાંચિત થઇ ગઇ અને 'મારા કર્ણમાં આ અમૃત કોણ રેડે છે' એમ બોલતી તે પેલા મુસાફરની પાછળ દોડી; એટલામાં મુસાફર તો કયાંક અદૃશ્ય થઇ ગયો અને મુસાફર તથા ગુફા બંનેથી ભ્રષ્ટ થયેલી, ખિન્ન અને સ્વેદયુક્ત તથા સંકટમાં સપડાયેલી નળપત્ની એક મોટા જંગલમાં આવી પડી. ત્યાં તે ક્ષણભર ઉભી રહેતી હતી અને પુનઃ આગળ ચાલીને રૂદન કરતી હતી. પછી 'અરે! હવે હું શું કરૂં? અને કયાં જાઉં?' એમ ચિંતવીને તે પાછી ગુફા તરફ ચાલી. એવામાં મૃગલીને સિંહણની જેમ તેને જતી જોઇને વિસ્તૃત વદનવાળી કોઇ રાક્ષસીએ કહ્યું કે–'હું તારૂં ભક્ષણ કરીશ.' તે બોલી કે–'જો મારા જિનેશ્વર દેવ, સુસાધુ ગુરૂ, જૈન ધર્મ અને નળ પતિ હોય તો હે રાક્ષસી! તારી આશા ભગ્ન થઇ જાઓ.' આ પ્રમાણેનાં તે મહા સતીનાં વચન સાંભળીને તેને પ્રણામ કરી સ્વપ્નમાં આવેલ રાક્ષસીની જેમ તે ક્ષણવારમાં અદૃશ્ય થઇ ગઇ. આગળ જતાં એક નિર્જળ નદી તેના જોવામાં આવી; એટલે તૃષાને લીધે જેના તાળુ અને ઓષ્ઠ સુકાઇ ગયા છે અને મુખમાં થુંક પણ રહ્યું નથી એવી તે સતી બોલી કે–'જો મારૂં મન સમ્યકત્વથી વાસિત હોય તો અહીં લોલ કલ્લોલથી વિમળ એવું જળ થઇ જાઓ.' એમ કહી પગની પાનીથી ભૂતળને પ્રહાર કરીને તેણે ત્યાં જળ ઉત્પન્ન કર્યું અને અમૃત સમાન તે જળનું તેણે પાન કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આગળ ચાલતાં પરિશ્રાંત થઇ જવાથી એક વટવૃક્ષની નીચે તે બેઠી. એવામાં કોઈ સાર્થના મુસાફરોએ તેને જોઇને પૂછયું કે:- 'હે સુંદરી! તું કોણ છે?' તે બોલી કે-'હું સાર્થથી ભ્રષ્ટ થયેલ હોવાથી આ વનમાં વખત ગુજારૂં છું. મારે તાપસપુર જવું છે; માટે ત્યાં જવાનો માર્ગ બતાવો.' એટલે તે બોલ્યા કે:-'તાપસપુરનો માર્ગ અમારાથી બતાવી શકાય તેમ નથી, પરંતુ બીજા કોઇ નગરમાં તારે જવું હોય તો અમારી સાથે ચાલ.' પછી તેમની સાથે તે સાર્થમાં ગઇ, ત્યાં કરૂણાળ એવા **ધનદેવ** નામના સાર્થવાહે તેને બોલાવી કે-'હે ભદ્રે! વનમાં વસનારી તું કોણ છે?' એટલે તે બોલી કે-'હું વણિક્સુતા છું. પતિની સાથે પિતાને ઘેર જતાં રસ્તામાં રાત્રે દૈવયોગે મારા પતિએ મને સુતેલી તજી દીધી; એટલે બંધુ સમાન આ તમારા પુરૂષો સાથે હું અહીં આવી છું. તો હવે મને કોઇ વસ્તીવાળા સ્થાનમાં પહોંચાડો.' તે સાંભળીને સાર્થવાહ બોલ્યો કે—'હું અચલપુર જવાનો છું; માટે હે વત્સે! જનકની જેમ મારી સાથે તું નિર્ભય થઇને ચાલ.' એમ કહી તેને વાહન પર બેસારીને આગળ ચાલતાં સાર્થવાહે એક ગિરિકુંજમાં મુકામ કર્યું. ત્યાં રાત્રે સુતેલી દમયંતીએ કોઇના મુખથી નમસ્કાર મંત્ર સાંભળ્યો, એટલે તેણે સાર્થવાહને કહ્યું કે:—'આ નમસ્કાર બોલનાર કોઇ મારો સાધર્મિક જણાય છે; માટે તમારી આજ્ઞાથી બાંધવની જેમ હું એની પાસે જવા ઇચ્છું છું.' પછી પોતાના પિતા સદૃશ તે સાર્થવાહની સાથે દમયંતી તે બોલનારના સ્થાનપર આવી. ત્યાં ચૈત્યવંદન કરતાં તે શ્રાવકને તેણે જોયો. પછી ચૈત્યવંદનની સમાપ્તિ સુધી દમયંતી ત્યાં બેઠી અને ગુપ્ત રહેલા અર્હંતના બિંબને જોઇને તેણે દર્શન અને વંદન કર્યું. પછી દવદંતીએ તેને પૂછયું કે—'હે ભ્રાત! આ બિંબ કયા તીર્થંકરનું છે?' તે બોલ્યો કે—"હે બ્હેન! ભાવી તીર્થંકર શ્રી મલ્લિનાથનું આ બિંબ છે. એ બિંબની હું પૂજા કરૂં છું તેનું કારણ કહું તે સાંભળ—હું કાંચીપુરીમાં રહેનારો વણીક છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં એકદા **ધર્મગુપ્ત** નામના જ્ઞાની આવીને ઉદ્યાનમાં સમવસર્યા. તેમને નમસ્કાર કરીને મેં પૂછયું કે—' હે ભગવન્! કયા પ્રભુના તીર્થમાં હું નિવૃત્તિ (મોક્ષ) પામીશ ?' તે બોલ્યા કે-' તું અહીંથી સ્વર્ગમાં જઈ ત્યાંથી ચ્યવીને મિથિલાનગરીનો **પ્રસન્નચંદ્ર** નામનો રાજા થઈ મલ્લિભગવંતના તીર્થમાં સિદ્ધ થઈશ. ' ત્યારથી શ્રીમલ્લિનાથ સ્વામીપર મારા હૃદયમાં અતિશય ભક્તિ જાગી છે અને તેથી હે સાધર્મિક સત્તમે ! હું એ બિંબને પટ (વસ્ત્ર) માં રાખીને નિરંતર પૂજું છું.' આ પ્રમાણે કહીને તે દવદંતીને પૂછવા લાગ્યો કે— હે બ્હેન ! તું કોણ છે ? અને કયાંથી આવે છે ?" એટલે સાથે આવેલ સાર્થવાહે દમયંતીનો બધો વૃત્તાંત તે શ્રાવકને કહી સંભળાવ્યો. તે સાંભળીને તેના દુઃખથી દુઃખી થતો તે શ્રાવક બોલ્યો કે-' હે ભદ્રે ! કંઇ પણ શોક કરીશ નહિ. આ સાર્થવાહ તારો પિતા છે અને હું તારો ભ્રાતા છું, માટે સુખપૂર્વક અમારી સાથે રહે.' પછી સાર્થવાહ પ્રભાતે અચલપુર પહોંચ્યો, અને ત્યાં દવદંતીને મૂકીને પોતે અન્યત્ર ગયો.

અચળપુરમાં પનીયારીઓથી સાક્ષાત્ દેવીની જેમ જોવાતી એવી તે દમયંતી તૃષાતુર થવાથી નગરના દ્વાર પાસે એક વાવમાં ઉતરી. એવામાં જળની અંદર રહેલા તેના ડાબા પગને જળગોધાએ પકડી લીધો; પરંતુ ત્રણ નવકાર ગણવાથી તેના પ્રભાવવડે તેણે પગ તરત મૂકી દીધો. પછી મુખ અને હાથ પગ ધોઇને તથા નિર્મળ જળનું પાન કરીને દવદંતી વાવની બહાર આવી ઓટલાપર બેઠી.

હવે તે નગરમાં ઋતુપર્ણ નામે રાજા રાજ્ય કરે છે, તેને **ચંદ્રયશા** નામે રાણી છે. તેની જળ ભરનારી દાસીઓ પાણી ભરવાને માટે તે વાવપર આવી. ત્યાં નિર્નિમેષ નયનથી દમયંતીના અસાધારણ રૂપને વારંવાર નિહાળતી એવી તે દાસીઓ વાવમાં જઇ પાણી ભરીને બહાર નીકળી, અને જાણે કલ્પલતા પ્રાપ્ત થઇ હોય તેમ પરમ હર્ષથી તેમણે ચંદ્રયશા રાણી પાસે જઇને તે વાત નિવે-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દન કરી. તે સાંભળીને ચંદ્રયશા બોલી કે—' હે દાસીઓ ! તેને સત્વર અહીં લઇ આવો, મારી ચંદ્રાવતી સુતાની તે ભગિની ( બહેનપણી ) થશે.' પછી સાક્ષાત્ લક્ષ્મીની જેમ નગર ભણી જતી તેને જોઇને વાવપાસે આવેલી તે દાસીઓએ તેને કહ્યું કે–' હે ભદ્રે ! અંતરમાં પુત્રત્વના સ્નેહને ધારણ કરતી એવી ઋતુપર્ણ રાજાની ચંદ્રયશા નામે રાણી તમને બોલાવે છે; માટે અમારી સ્વામિની પાસે ચાલો અને તમારા દુઃખમાંથી તેને ભાગ આપીને શાંત થાઓ; નહિં તો શૂન્ય ચિત્તવાળા એવા તમને કોઇ ભૂતાદિક છળશે.' આ પ્રમાણેનાં તેમનાં વચન સાંભળીને સ્નેહતંતુથી આલીઢ થયેલી દમયંતી તેની સાથે ચાલી. દાસીઓ તેને નમ્ર વચનથી રાજમહેલમાં તેડી ગઇ.

આ ચંદ્રયશા રાણી પોતાની માશી છે એમ દમયંતી જાણતી નહોતી અને બાલ્યાવસ્થામાં જોયેલી હોવાથી દમયંતી પોતાની બ્હેનની પુત્રી છે એમ ચંદ્રયશા રાણી પણ જાણતી નહોતી; છતાં દૂરથીજ રાણીએ તેને ધર્મપુત્રીના પ્રેમથી જોઇ, કારણ કે ઇષ્ટ અને અનિષ્ટનો મેળાપ થતાં મનને રાગ અને વિરાગ સ્વયમેવ ઉત્પન્ન થાય છે. પછી ચંદ્રયશા દેવીએ તેને ગાઢ આલિંગન કર્યું; અને દમયંતીએ વિનયથી નમ્ર થઇને તેના ચરણમાં વંદન કર્યું. પછી રાણીએ તેને પૂછયું કે–' તું કોણ છે ? ' એટલે લોચનમાં અશ્રુ લાવીને પૂર્વે જેમ સાર્થવાહને કહ્યો હતો તેમ તેણે પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એટલે રાણીએ તેને કહ્યું કે—' હે ભદ્રે ! મારા ભવનમાં મારી ચંદ્રાવતી સુતાની જેમ તેની સાથે તું શુભ આશય રાખી સુખે રહે. '

એકદા રાણીએ ચંદ્રાવતીને કહ્યું કે:—' આ દમયંતી જેવી લાગે છે; પણ તેની આવી અવસ્થા કેમ થાય ? કારણ કે તે તો નળરાજાની પત્ની છે. વળી તે અહીંથી અઢીસો યોજનપર રહે છે, તો અહીં તેનું આગમન પણ કયાંથી હોય ? માટે એ મારી બ્હેનની પુત્રી નથી, પણ તેના જેવી અન્ય કોઇ છે. '

હવે તે ચંદ્રયશા રાણી નગરની બહાર દીન અને દુઃસ્થિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જનોને નિરંતર દાન આપતી હતી. એકદા દમયંતીએ વિજ્ઞપ્તિ કરી કે—' એ દાનશાળામાં હું દાન આપવા બેસું, કે વખતસર કયાંકથી મારો પતિ આવીને મને પુન: મળે. ' રાણીએ તે વાત સ્વીકારી, એટલે ત્યારથી રાણીની આજ્ઞાથી નળના આગમનની રાહ જોતી દમયંતી ખેદને સહન કરતી દાનશાળામાં રહીને યથાયોગ્ય દાન આપવા લાગી. ત્યાં દાન લેવા આવનાર પ્રત્યેકને તે પૂછતી હતી કે— આવા લક્ષણવાળો કોઇ પુરૂષ તમારા જોવામાં આવ્યો છે ? '

એકદા દાનશાળામાં બેઠેલી દમયંતીએ એક ચોરને જોયો. કે જેને રાજપુરૂષો બાંધીને લઇ જતા હતા, અને તે કરૂણ શબ્દથી વિલાપ કરતો હતો. તેને જોઇને તેણે રાજપુરૂષોને પૂછયું કે—'આ ચોરે શું અપરાધ કર્યો છે, કે જેથી એનો આવી રીતે વધ કરવામાં આવે છે ?' તે બોલ્યા કે—'એ પાપીએ ચંદ્રાવતી રાજપુત્રીના રત્નોનો દાબડો ચોર્યો છે, તેથી હે દેવી ! એને વધ્યભૂમિમાં લઇ જઇએ છીએ. ' એ વખતે દમયંતીને પ્રણામ કરીને ચોર બોલ્યો કે—' હે સ્વામિની ! મારૂં રક્ષણ કરો. ' એટલે દવદંતીએ તેને અભયદાન આપીને પ્રમુદિત કર્યો; પછી પોતાના સતીત્વના પ્રભાવપૂર્વક ત્રણ વાર જળ છાંટીને દમયંતીએ તેના બંધન તોડી નાખ્યા, અર્થાત્ બંધન ત્રુટી ગયા; એટલે મહાન્ કોળાહળ થઇ પડ્યો. તે વાત સાંભળીને ઋતુપર્ણ રાજા સેવકો સહિત ત્યાં આવ્યો અને વિસ્મય પામીને સ્મિતપૂર્વક તે દમયંતીને કહેવા લાગ્યો કે—' રાજાએ સર્વત્ર દુષ્ટને શિક્ષા અને શિષ્ટની રક્ષા કરવી–આવો નીતિમાર્ગને પ્રવર્તાવનાર ક્ષત્રિયધર્મ છે. પ્રજા પાસેથી કરને ગ્રહણ કરનાર રાજાએ તેના સર્વ ઉપદ્રવોનું નિવારણ કરવું જોઇએ; નહિ તો રાજા પોતે તે પાપથી લેપાય છે. હે પુત્રી ! જો એ ચોરનો હું નિગ્રહ ન કરૂં તો હલકા લોકો બધા નિર્ભય થઇને તરતજ ચોરી કરવા મંડી પડે. ' તે સાંભળીને ભૈમી બોલી કે—' હે તાત ! આપનું કહેવું સત્ય છે, પરંતુ મારી નજરે ચડેલ પ્રાણી જો કમોતે મરણ પામે તો પરમ શ્રાવિકા એવી મારી દયા વૃથા થાય; માટે મારો આ અપરાધ માફ કરો. કારણ કે એ મારે શરણે આ-

વેલા છે. ' આ પ્રમાણેનાં ધર્મપુત્રીનાં વચનથી રાજાએ તે ચોરને છોડી મૂક્યો. પછી મુક્ત થતાંજ તેણે મસ્તક નમાવીને દવદંતીને માતા માની લીધી; અને પ્રાણદાનના ઉપકારને સંભારતો તે વારંવાર તેને નમસ્કાર કરવા લાગ્યો.

એકદા દમયંતીએ તેને પૂછયું કે—' હે ભદ્ર ! તું કોણ છે ? અને ક્યાંથી આવેલ છે ? ' તે બોલ્યો કે—" હું તાપસપુરમાં રહેનારા વસંતશેખરનો પિંગલ નામે નોકર છું. મારામાં અનેક વ્યસનોની કુટેવો હોવાથી એકદા મેં તેનું સર્વસ્વ ચોરી લીધું. ત્યાંથી તે લઈને ચાલી નીકળતાં ચોરીના માલસહિત માર્ગે લુટારાઓએ મને લુંટી લીધો. 'અહો ! સ્વશુરૂ, સ્વામી, મિત્ર અને સ્ત્રીનો દ્રોહ કરનારને કુશળતા કયાંથી હોય ? ' પછી અહીં આવીને ઋતુપર્ણરાજાની સેવા કરતાં દુષ્ટ બુદ્ધિવાળા એવા મેં એકદા રત્નનો દાબડો જોયો અને તેનું હરણ કર્યું; પછી ઉત્તરીય વસ્ત્રથી પોતાને આચ્છાદિત કરીને નીકળતાં રાજાએ પોતેજ મને ઓળખ્યો. ' અહો ! ધીમાનોને શું અગોચર છે ? ' રાજાના હુકમથી રાજપુરૂષો મને બાંધીને વધ કરવા લઇ જતા હતા, એવામાં તમે મારી દૃષ્ટિએ પડયા; અને હે અનઘે! તમે મને મુક્ત કરાવ્યો. હે સતી ! તમે તાપસપુરમાંથી ગયા પછી જ્વરાર્ત્તની જેમ સાર્થવાહે ભોજનનો ત્યાગ કર્યો હતો. પછી યશોભદ્રસૂરિએ તેને બહુ રીતે સમજાવ્યો, એટલે તેણે સાત ઉપવાસને અંતે પરિવાર સહિત ભોજન લીધું.

એકદા હે દેવી ! વસંતસાર્થવાહ કુબરરાજા પાસે ગયો, ત્યાં ભેટ આપતાં રાજા એના પર સંતુષ્ટ થયો. એટલે તેને છત્રાદિક આપીને **વસંતશ્રીશેખર** એવા નામથી તાપસપુરનો સ્વામી બનાવ્યો. પછી કુબરરાજાએ વિસર્જન કરેલ, ભંભાદિ વાજીંત્રોના સ્વરથી શોભાયમાન તથા લોકોના ચિત્તરૂપ વૃક્ષને આનંદ આપનાર એવો તે વસંતપુરમાં આવ્યો. હે મહાસતી દવદંતી ! તમારા પ્રસાદથી અત્યારે તે તાપસપુરનો સ્વામી થઇને વિશાળ રાજ્ય ભોગવે છે. "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી દમયંતીએ તેને કહ્યું કેઃ—'પોતાના દુષ્કર્મના મર્મને ભેદવામાં સમર્થ એવી દીક્ષા તું ગ્રહણ કર.' તે બોલ્યો કે—'જેમ તમે કહો છો તેમજ હું કરીશ.' એવામાં ત્યાં બે સાધુ આવ્યા. તેમને વંદન કરીને દવદંતીએ કહ્યું કે—'હે ભગવન્! જો આ પુરૂષ યોગ્ય હોય તો એને દીક્ષા આપો.' મુનિએ કહ્યું કે—'એ વ્રતને યોગ્ય છે.' એટલે પિંગલે વ્રતની યાચના કરી, અને તરતજ તેને જિનચૈત્યમાં લઇ જઇને મુનિએ દીક્ષા આપી.

એકદા કુંડિનપુરના રાજાએ (દમયંતીના પિતાએ) સાંભળ્યું કે—'દ્યૂતમાં નળરાજાને હરાવી રાજ્ય લઇને કૂબરે તેને કાઢી મૂકયા છે, અને તે દમયંતીની સાથે એક મોટા અરણ્યમાં ગયા છે. ત્યારપછી તે જીવે છે કે મરણ પામ્યા છે તેના અથવા તો તે કયાં ગયા છે તેના કાંઈ સમાચાર નથી.' આ પ્રમાણેની હકીકત ભીમરથરાજાએ પુષ્પદંતી રાણીને કહી, એટલે તે ઉચ્ચ સ્વરે વસુધાને રોવરાવતી સતી રૂદન કરવા લાગી. પછી ભીમરથરાજાએ તે બંનેની શુદ્ધિ મેળવવાને માટે હરિમિત્ર નામના બટુકને પ્રતિદિશામાં જવાનો આદેશ કર્યો. તે નળ-દમયંતીની સર્વત્ર તપાસ કરતો કરતો અચળપુરમાં આવ્યો, ત્યાં રાજા પાસે ગયો એટલે ચંદ્રયશા રાણીએ તેને આદરપૂર્વક પૂછયું કે—'પરિવાર સહિત મારી બ્હેનને કુશળ છે?' તે બોલ્યો કેઃ—'તમારી બ્હેનને તો કુશળ છે, પણ નળ-દમયંતીને માટે વિચારવા જેવું છે.' એટલે દેવીએ કહ્યું કે—'એ શું બોલે છે?' આથી બોલવામાં કુશળ એવા બટુકે કર્ણને વ્યથા કરનાર એવી દ્યૂત વિગેરેની કથા કહી સંભળાવી. તે સાંભળીને ત્યાં સભામાં જ ચંદ્રયશા દેવી રૂદન કરવા લાગી, અને તેના નેત્રમાંથી કાજળની જેમ હૃદયમાંથી પ્રમોદ ઉડી ગયો. પછી ત્યાં સર્વને દુઃખિત જોઇને ક્ષુધાથી ક્ષીણ કુક્ષિવાળો તે બટુક દાનશાળામાં ગયો; કારણકે 'ભોજન એ સજ્જનના મેળાપનું પ્રથમ ફળ છે.' ત્યાં તે ભોજન કરવા બેઠો, એવામાં દાનશાળાની અધિકારિણી તરીકે રહેલી દમયંતીને પોતાના સ્વામીની સુતા છે એમ તેણે ઓળખી લીધી, અને તરતજ રોમાંચિત થઇને તેણે તેના ચર-

ણમાં વંદન કર્યું; પછી જેની ક્ષુધા વિસ્મૃત થઈ ગઈ છે અને નયનકમળ જેના વિકાસ પામ્યા છે એવા તેણે દમયંતીને કહ્યું કે:—' હે દેવિ! દાવાનળમાં રહેલી લતાની જેવી તમારી આ શી દશા ? આપ અહીં દાનશાળામાં રહીને એક નોકરને ઉચિત કામ કર્યા કરો છો એ શું ? પરંતુ મારા બહુ ભાગ્યની વાત છે કે, આપ જીવતા મારી નજરે ચડ્યા!' એમ કહી ત્યાંથી ઉઠીને ધીમાન્ એવા તેણે ચંદ્રયશા દેવીને વધામણી આપી કે—' હે દેવી! દમયંતી તો આપણી દાનશાળામાંજ છે.' તે સાંભળીને અત્યંત ઉત્સાહપૂર્વક ચંદ્રયશા ત્યાં આવી અને ભ્રમરી જેમ ચિરકાળે પ્રાપ્ત થયેલી પદ્મિનીને ભેટે, તેમ નેત્રને આનંદ આપનાર એવી દમયંતીને ભેટી પડી. અને બોલી કે—" હે વત્સે ! તું પ્રગટ લક્ષણોથી લક્ષિત છતાં હું તને નજ ઓળખી શકી, માટે અજ્ઞાનથી વંચિત એવી મને ધિક્કાર થાઓ. હે ગતસ્મયે ! તેં પણ મને શા માટે છેતરી ? દુર્દશા પ્રાપ્ત થતાં પણ માતૃમંદિરમાં લજ્જા કેવી ? પરંતુ હે વત્સે ! તેં નળને તજ્યા કે તેણે તારો ત્યાગ કર્યો ? વિચાર કરતાં જણાય છે કે તેણેજ તને તજી હશે. હે મહાસતી ! તું તેને કદી તજે નહીં. દુર્દૈવયોગે દુર્દશામાં આવેલા પતિને જો તું તજી દે તો ચંદ્રમાથી અંગારાની વૃષ્ટિ થવા જેવું થાય. શું આવો નળનો ધર્મ ! તેના કુળમાં આવી કુલીનતા કે જેથી નિર્લજ્જ મનવડે મહાસતી પ્રિયાને તેણે માર્ગમાં તજી દીધી. હે પુત્રી ! તારાં દુઃખોને હું લઈ લઉં, તારા હું ભામણા લઉં, પણ હું તને ઓળખી ન શકી એ મારા અપરાધને તું ક્ષમા કરજે. વળી હે બાળે ! કૃષ્ણપક્ષની રાત્રિઓમાં અંધકારરૂપ રાહુનો નાશ કરનારૂં અને તારા જન્મથી ઉત્પન્ન થયેલું તારા ભાળપરનું તિલક ક્યાં છે ? " આમ કહી પોતાના મુખ માંહેના થુંકના જળથી તેણે દમયંતીનું લલાટ સાફ કર્યું, અને તેને વારંવાર મસ્તક પર ચુંબન દેવા લાગી. એટલે મેઘથી મુક્ત થયેલ જાણે ચંદ્રમા હોય અથવા જાણે દીપક જગમ્યો હોય. તેમ તરતજ તેનું ભાળતિલક તેજથી વધારે ચળકવા લાગ્યું. પછી ચંદ્રયશા દેવીએ સાક્ષાત્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવતાની જેમ પોતાના હાથે સુગંધી જળથી દમયંતીને ન્હવરાવી અને જાણે ચંદ્રિકાથી બનાવ્યા હોય તેવા શ્વેત અને સ્નિગ્ધ એવાં બે વસ્ત્રો રાણીએ તેને આપ્યા, એટલે દમયંતીએ હર્ષની સાથે તે પહેર્યાં. પછી દમયંતીનો હાથ પકડીને તેને દેવી ઋતુપર્ણરાજાની સભામાં લઇ ગઇ. એવામાં સૂર્ય અસ્ત થયો, અને વર્ષાકાળમાં જળપૂરથી રાફડા પૂરાઇ જાય તેમ અંધકારથી સમસ્ત વિશ્વ પૂરાઇ ગયું, છતાં તે રાત્રિનો અંધકાર દમયંતીના તિલકના તેજરૂપ દ્વારપાળોએ જાણે અટકાવેલો હોય તેમ રાજસભામાં તો પ્રવેશજ ન કરી શક્યો. એટલે રાજાએ કહ્યું કે —' હે દેવી ! દિવાકર અસ્ત થયા છતાં અને દીપકનો અભાવ છતાં આ પ્રકાશ ક્યાંથી ? ' એટલે રાણીએ જન્મથી ઉત્પન્ન થયેલું દમયંતીનું તે ભાળતિલક બતાવ્યું. રાજાએ કૌતુકથી તેને આચ્છાદિત કર્યું, એટલે આખી રાજસભા અંધકારથી વ્યાપ્ત થઇ ગઇ. પછી પોતાનો હાથ દૂર કરીને પિતાની જેમ રાજાએ દમયંતીને રાજ્યભ્રંશ વિગેરે સર્વ હકીકત પૂછી, એટલે પોતાના નેત્રજળના પૂરથી પૃથ્વીને પંકિલ કરતી દમયંતીએ દ્યૂતથી માંડીને બધી કથા કહી સંભળાવી. પછી રાજાએ પોતાના ઉત્તરીય વસ્ત્રથી તેના બંને લોચન સાફ કરી આંસુ લુહીને કહ્યું કે—' હે વત્સે ! તું કલ્પાંત ન કર, કારણ કે દૈવ કરતાં કોઈ બળવાન્ નથી. '

એવામાં સ્વર્ગમાંથી કોઈ દેવ રાજસભામાં આવી વિનયથી અંજળી જોડીને દમયંતીને કહેવા લાગ્યો કે—' હે સ્વામિની ! હું પિંગલ નામે તસ્કર તમારા આદેશથી દીક્ષા લઇને વિહાર કરતાં એકદા તાપસપુરમાં ગયો. ત્યાં સ્મશાનમાં મધ્યસ્થ ભાવે હું પ્રતિમાએ રહ્યો; એવામાં પવનથી ઉડેલ ચિતાના અગ્નિથી મારૂં શરીર બળી ગયું, તથાપિ ધર્મધ્યાનમાં સ્થિત રહી આરાધના કરીને હું દેવલોકમાં પિંગલ નામે દેવ થયો છું. હે મહાસતી ! અવધિજ્ઞાનથી તમારો ઉપકાર જાણીને હું તમને નમસ્કાર કરવા આવેલ છું. હે ભગવતિ ! તમે મારી રક્ષા કરી અને મને સાક્ષાત્ હિતશિક્ષા આપીને દીક્ષિત કર્યો, એ તમારા પ્રસાદથીજ હું દેવત્વ પામ્યો છું. '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે કહી સાત કોટી સુવર્ણ વરસાવીને તે દેવ અદૃશ્ય થઇ ગયો. આવી આશ્ચર્યવાળી હકીકત સાંભળીને રાજાએ વિઘ્ન વારનાર, અધર્મના મર્મને ભેદનાર તથા સાચા પ્રભાવવાળા આર્હતધર્મનો સ્વીકાર કર્યો.

અન્યદા ચંદ્રયશા અને રાજાની રજા લઇને હરિમિત્ર દમયંતીને કુંડિનપુર તેડી ગયો. પોતાની સુતાને આવતી સાંભળીને ભીમરાજા સ્નેહપૂર્વક વાયુવેગી અશ્વથી સામે આવ્યો. પોતાના પિતાને આવતાં જોઇને વિકસિત વદનકમળવાળી દમયંતી પગે ચાલીને તાતના ચરણકમળમાં પડી. પછી જેમના નેત્ર પરસ્પર મળ્યા છે એવા તે બંનેના નેત્રમાંથી પ્રસરતા જળથી વર્ષા સમયની જેમ પૃથ્વી બહુજ પંકિલ થઇ ગઇ. પદ્મિની ને રાજહંસીની જેમ પુષ્પદંતી પોતાની સુતા દમયંતીને બહુજ દૃઢતાથી ભેટી પડી, એટલે તેના કંઠમાં વળગીને દમયંતી મુક્તકંઠે ઉંચે સ્વરે રોવા લાગી, કારણ કે 'ઇષ્ટને જોતાં દુ:ખ તાજું થાય છે.' પછી જળથી નેત્ર બરાબર ધોઇને તેમણે પરસ્પર દુ:ખનું વર્ણન કરવાવડે તેને ઓછું કર્યું પછી પોતાની સુતાને ઉત્સંગમાં બેસારીને પુષ્પદંતી બોલી કે–' હે વત્સે ! ભાગ્યયોગે આજ તને જીવતી જોઇ; તેથી હજી અમારૂં ભાગ્ય જાગ્રત છે એમ જણાય છે. હે વત્સે ! અહીં સુખપૂર્વક સમય ગાળતાં તને અલ્પ કાળમાં નળ રાજાનો મેળાપ થશે. કારણ કે જીવતો મનુષ્ય બધું પામી શકે છે. '

રાજાએ હરિમિત્રને ઇનામમાં પાંચસો ગામ આપ્યા અને નગરમાં દેવ ગુરૂની અર્ચાપૂર્વક મોટો મહોત્સવ કર્યો. ભીમરાજાએ દમયંતીને આદરપૂર્વક કહ્યું કે—' હે વત્સે ! જેમ તને અલ્પ સમયમાં નળરાજા મળે તેવા ઉપાયો હું કરીશ.'

હવે અહીં દમયંતીનો ત્યાગ કરીને વનમાં ભમતાં વનના એક ભાગમાંથી ઉઠેલા અને આકાશને ઓળંગી જતા એવા ધૂમ્રને નળરાજાએ જોયો. વનમાં ઉત્પન્ન થતા કેશુડાનાં પુષ્પોની ભ્રાંતિ આપનાર એવો તે ધૂમ્ર એક નિમેષમાત્રમાં જ્વાળાઓથી ભયાનક થઇ પડ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં એક બાજુ વાંસ બળતા હતા, અને બીજી બાજુ શ્વાપદો પોકાર કરતા હતા; તેથી કલ્પાંતની ભ્રાંતિ કરનાર બધું શબ્દમય થઇ ગયું હતું. એવામાં તે દીપ્ત દાવાનળમાં નળરાજાએ પુરૂષનો શબ્દ સાંભળ્યો કે—' હે ઇક્ષ્વાકુ કુળના ભૂષણરૂપ નળનરેશ! મારૂં રક્ષણ કર. સજ્જનો જો કે નિષ્કારણ ઉપકારી હોય છે, તથાપિ હે રાજન્! હું તો તારીપર અધિક ઉપકાર કરીશ. ' આવા શબ્દો સાંભળીને શબ્દવેધી બાણની જેમ નળરાજા તે શબ્દને અનુસારે આગળ ગયો, એટલે તે દાવાનળમાં 'બચાવ, બચાવ' એમ બોલતા એક સર્પને તેણે જોયો. નળે તેને પૂછયું કે—' મારા નામ અને વંશને તેં કયાંથી જાણ્યા? વળી હે નાગ! તારી આ માનુષી ભાષા કયાંથી ? ' તે બોલ્યો કે—' અવધિજ્ઞાનથી એ બધું હું જાણી શકું છું અને પૂર્વ ભવમાં હું મનુષ્ય હતો, તેથી માનુષી ભાષા બોલી શકું છું. ' પછી દાવાનળથી કંપતા એવા તે સર્પને જોઇને દયાળુ એવા નળરાજાએ તેને બહાર કાઢવાને માટે પોતાનું વસ્ત્ર ફેંકયું. એટલે તેનો છેડો પૃથ્વીપર લાગતાં તે સર્પ તરતજ તેમાં લપેટાઇ ગયો; એટલે પરસુખથીજ આનંદ પામનાર એવા નળરાજાએ વસ્ત્રમાં લાગેલ તે સર્પને બહાર ખેંચી કાઢ્યો અને દૂર પ્રદેશમાં જઇને જ્યાં દાવાનળ ન આવી શકે એવા સ્થાનમાં તેને મૂકયો. પૃથ્વીપર છોડતાં તે સર્પ નળરાજાને હાથપર ડશ્યો, એટલે તેને આચ્છોટીને નળ બોલ્યો કે—' તેં સ્વોચિતજ કર્યું છે, કારણ કે જે તમને દૂધ પાય તેનેજ તમે ડસો છો.'

આ પ્રમાણે બોલે છે એવામાં તો તેના શરીરમાં વિષ પ્રસરી ગયું અને તેથી વૃદ્ધાવસ્થાથી જેમ બાધિત થાય તેમ તેનું શરીર કુબ્જ થઇ ગયું; એટલે હાથ, પગ અને ગ્રીવા નાના થઇ ગયા, કેશ પીળા થઇ ગયા અને ઉદર ઘડા જેવું થઇ ગયું. વિષના વિકારથી તે આકૃતિમાં બીભત્સ બની ગયો. આ પ્રમાણે બનવાથી તે ચિંતવવા લાગ્યો કે—' આવા કુરૂપવડે હવે મારે જીવવું તે વૃથા છે, હવે તો અક્ષય ફળને આપવાવાળી એવી દીક્ષા ધારણ કરવી તેજ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રેષ્ઠ છે.' આ પ્રમાણે તે વિચાર કરે છે, એવામાં તે સર્પ સર્પપણાનો ત્યાગ કરીને ક્ષણવારમાં દિવ્ય અલંકારને ધારણ કરનાર એક દેવ બની ગયો, અને બાલ્યો કે—" હે ભદ્ર ! ખેદ ન કર. હું તારા પિતા નિષધ છું. દીક્ષા ગ્રહણ કરવાથી હું બ્રહ્મદેવલોકમાં દેવ થયો છું. અવધિજ્ઞાનથી તારી આવી અવસ્થા જોઇને માયાથી મેં તારા સર્વ અંગમાં વૈરૂપ્ય કર્યું છે, પણ તે તને હિતકારી થશે. પૂર્વે દંડિત કરેલા, ખંડિત કરેલા અને દાસ બનાવેલા શત્રુરાજાઓ તને ન ઓળખવાથી હવે તને સતાવશે નહિ. વળી અત્યારે તારે દીક્ષાના મનોરથ પણ ન કરવો, કારણ કે હજી તારે ભરતાર્ધનું રાજ્ય ભોગવવાનું છે. હું દૈવજ્ઞની જેમ યોગ્ય અવસરે તને દીક્ષા લેવાનો સમય જણાવીશ. વળી આ શ્રીફળ અને રત્નકરંડને તું ગ્રહણ કર. જ્યારે તને પોતાનું અસલ રૂપ પ્રગટ કરવાની જરૂર પડે ત્યારે આ શ્રીફળ તારે ફોડવું, તેમાંથી બે દેવદૂષ્ય વસ્ત્ર નીકળશે તે તથા રત્નકરંડ ઉઘાડી તેમાંથી આભરણો નીકળે તે તારે ધારણ કરવાં, કે જેથી તરતજ તું દિવ્ય સ્વરૂપી બની જઇશ." આ પ્રમાણે સાંભળીને નળ રાજાએ તેને પૂછ્યું કે–' હમણાં દમયંતી ક્યાં છે ?' એટલે તે દેવે મૂળ સ્થાનથી માંડીને પોતાના પિતાને ઘેર જવા પર્યંતનો તેનો વૃત્તાંત કહી સંભળાવ્યો, અને બોલ્યો કે—' હે વત્સ ! આવા વનમાં તું શા માટે પરિભ્રમણ કરે છે ? તારે જે સ્થાને જવાની ઇચ્છા હોય, તે સ્થાને હું તને મૂકી દઉં.' એટલે નળરાજા બોલ્યો કે—' હે દેવ ! મને સુસુમારપુરે મૂકો.' આથી દેવ તેને ત્યાં મૂકીને તરતજ પોતાના દેવલોકમાં ચાલ્યો ગયો.

નળરાજાએ તે નગરની પાસેના ઉદ્યાનમાં એક ચૈત્ય જોયું અને તેમાં નમિનાથ ભગવંતની પ્રતિમા જોઇ, એટલે તેને તે નમ્યો. પછી કુબ્જ થયેલ નળરાજા નગરમાં પ્રવેશ કરવા માટે આગળ ચાલ્યો. તે વખતે એક હાથી આલાનસ્તંભને ઉખેડીને નગરમાં ભમતો હતો. તે સામે આવતા પવનને પણ સહન કરતો નહોતો. પોતાની સુંઢવડે વૃક્ષપરથી પક્ષીઓ સહિત તેમના માળાઓને ખેંચી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેતો હતો. મહાવતોએ દૂરથીજ તે હાથીની પુંઠ તજી દીધી હતી. વળી આક્ષેપથી પ્રચંડ વાયુરૂપ થયેલો તે હાથી ઉદ્યાનના વૃક્ષોને ભાંગી નાખતો હતો. તે મદોન્મત્ત હાથીને વશ કરવાને અસમર્થ એવો દધિપર્ણ રાજા તરત કિલ્લાપર જઇને બેઠો અને ઉંચેથી બોલ્યો કે—' એવો કોઇ ગજશિક્ષક છે કે જે આ હાથીને વશ કરે ? જે તેને વશ કરશે તેને હું મનોવાંછિત આપીશ.' આ પ્રમાણેનાં તેનાં વાકય સાંભળીને તે કુબ્જ હસ્તી તરફ દોડ્યો; એટલે હાથી પણ મેઘની જેમ ગર્જારવ કરતો તેની સામે આવ્યો. એવામાં 'આ કુબ્જ મુઓ–મુઓ.' એમ લોકોના કોળાહળ વચ્ચે યુક્તિવડે ખેદ પમાડીને તેણે હાથીને વશ કર્યો, અને પછી ગરૂડની જેમ આશ્ચર્યયુક્ત દૃષ્ટિએ લોકો જેને જોઇ રહ્યા છે એવો તે કુબ્જ હાથીપર આરૂઢ થયો. પછી રાજાએ નાખેલી સ્વર્ણમાળાથી કંઠમાં શોભાયમાન એવા તેણે તે મદોન્મત્ત હાથીને આલાન–સ્તંભ સાથે બાંધ્યો અને પછી તે નીચે ઉતર્યો. પછી રાજા પાસે જઇ પ્રણામ કર્યા સિવાય તે ત્યાં બેઠો, એટલે રાજાએ તેને પૂછ્યું કે—' અહો ! તું ગજશિક્ષામાં તો બહુ ચાલાક છે, પણ શું બીજી કળા પણક ઇં જાણે છે ?' તે બોલ્યો કે—'હે નૃપ! હું સૂર્યપાક રસોઇ જાણું છું.' એટલે આશ્ચર્ય સહિત રાજાએ તેને તંદુલાદિ અપાવ્યા અને પોતે 'જ્યાં આકૃતિ હોય ત્યાંજ ગુણો હોય' એ કહેવત વૃથા છે એમ ચિંતવવા લાગ્યો.

અહીં સૂર્યના આતપમાં ચરૂને મૂકીને તે સંબંધી વિદ્યાનું સ્મરણ કરી કુબ્જે ક્ષણવારમાં દિવ્ય રસોઇ તૈયાર કરી, એટલે રાજા પરિવાર સહિત તે રસવતી જમ્યો. શ્રમને છેદનાર તથા આનંદને ઉપજાવનાર એવી તે રસવતીનો આસ્વાદ લઇને રાજા વિચારવા લાગ્યો કે—'નળ રાજા વિના આવી રસવતી કોઇ જાણતું નથી, કારણ કે પૂર્વે તેની સેવા કરતાં મેં તે રસવતીનો આસ્વાદ લીધેલો છે; માટે શું આ નળ રાજા હશે ! પણ તે આવો ન હોય અને વળી આઠશેં કોસથી તે અહીં કયાંથી આવે ! તથા તેના રૂપનો આવો વિપર્યય કેમ થાય અને તે એકાકી પણ કેમ હોય !' પછી રાજાએ તે કુબ્જને આદરપૂર્વક વસ્ત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આભરણાદિક, લાખ ટકા અને પાંચસો ગામ આપ્યા, એટલે તે કુબ્જે પાંચસો ગામ સિવાય બીજું ગ્રહણ કર્યું. રાજાએ કહ્યું કે—'હે કુબ્જ! બીજું કાંઇ તને આપું!' એટલે તે બોલ્યો કે:—'હે રાજન્ તમારા રાજ્યમાં મદિરાનો અને શિકારનો સર્વથા નિષેધ કરો.' તેની આ અભ્યર્થનાથી હર્ષિત થઇને રાજાએ તે પ્રમાણે કર્યું.

અન્યદા રાજાએ એકાંતમાં બેઠેલા કુબ્જને પૂછયું કે—'તું કોણ અને કયાંનો રહેવાસી છે તે મને કહે.'

એટલે કુબ્જ બોલ્યો કે—'કોશલાનગરીમાં રહેનારા નળરાજાનો હુંડિક નામે હું રસોયો છું. તેની પાસેથી હું સર્વ કળાઓ શીખ્યો છું. કૂબરે જુગારમાં નળની સમસ્ત પૃથ્વી જીતી લીધી, એટલે દમયંતીને લઇને નળરાજા મુનિની જેમ વનવાસી થયો. ત્યાં નળ મરણ પામ્યો, એટલે હું તમારી પાસે આવ્યો, પણ વંચક અને ગુણહીન એવા કૂબરનો મેં આશ્રય ન કર્યો.' આ પ્રમાણેના સમાચારથી કરૂણ સ્વરે વિલાપ કરતા રાજાએ નળની ઉત્તરક્રિયા કરી, અને કુબ્જે તે સ્મિતપૂર્વક જોઇ.

એકદા કાંઇક કારણને લઇને મિત્રાઇને ઇચ્છતા દધિપર્ણ રાજાએ ભીમરાજા પાસે એક દૂત મોકલ્યો. ત્યાં પ્રસંગોપાત વાત નીકળતાં દૂતે ભીમરાજાને કહ્યું કે—'અમારા સ્વામી પાસે સૂર્યપાક રસોઇ જાણનારો નળરાજાનો રસોયો આવેલો છે.' આ પ્રમાણેનું વાકય સાંભળીને દવદંતીએ ભીમરાજાને કહ્યું કે—'હે તાત! આપણા એક માણસને મોકલીને તે રસોયો કેવો છે, તેની તપાસ કરાવો, કારણ કે મને તે નળરાજા હોવાની શંકા પડે છે, પછી સ્વામીનો હુકમ બજાવવામાં કુશળ એવા એક ચાલાક બ્રાહ્મણને બોલાવીને રાજાએ તે રસોયાની તપાસ કરવાનો આદેશ કર્યો. રાજાના આ મહત્વના આદેશને મેળવીને શકુનોથી જેને ઇષ્ટ સૂચિત થયું છે. એવો તે વિપ્ર સુસુમારપુરે પહોંચ્યો, અને ત્યાં કુબ્જ પાસે જઇ અતુચ્છ બુદ્ધિવાળા એવા તેણે બહુ રીતે પૂછયું, અને તેની પાસે બહુવાર બેઠો. તેની વિકૃત આકૃતિ જોઇને તે ખેદ પામ્યો સતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિંતવવા લાગ્યો કે—'નળરાજા ક્યાં ને આ ક્યાં? સુવર્ણ ક્યાં અને પીતળ ક્યાં? માટે આમાં દમયંતીની નળની ભ્રાંતિ ખરેખર વૃથાજ છે, તથાપિ હું એની વધારે પરીક્ષા કરૂં.' એમ ચિત્તમાં ચિંતવીને તે વિપ્ર નળના અપયશના બે શ્લોક બોલ્યો:—

"पापिष्ठानां निकृष्ठाना-मसत्त्वानां शिरोमणिः ।
एक एव नलः पत्नीं, सतीं तत्याज यो वने" ॥ १ ॥
"ऋजुमेकाकिनीं सुप्तां, प्रियामुत्सृज्य गच्छतः ।
विलीनौ भुवि लीनौ वा, कथं पादौ न नैषधेः?" ॥ २ ॥

'અહો! પાપી, નિર્દય અને નિઃસત્વ જનોમાં શિરોમણિ ખરેખર એક નળરાજા જ છે-કે જેણે પોતાની સતી પત્નીને વનમાં તજી દીધી. સરલ અને પ્રસુપ્ત એવી પ્રિયાને એકલી તજીને જતાં તેના પગ પૃથ્વીમાં કેમ પેસી ન ગયા, અથવા તો ગળી કેમ ન ગયા?' આ પ્રમાણે વારંવાર તેને બોલતો સાંભળીને દમયંતીનું સ્મરણ થવાથી અશ્રુબિંદુવડે જેણે ભૂતળને સિંચન કરેલું છે એવો નળ રૂદન કરવા લાગ્યો. તે જોઈ પેલો વિપ્ર બોલ્યો કે—'તું શા માટે રૂદન કરે છે?' કુબ્જ બોલ્યો કે-'તારૂં કથન કરૂણાથી બહુજ ઓતપ્રોત છે, તે સાંભળતાં મારૂં દિલ કંપી ઉઠે છે.' પછી તે કુબ્જકે બ્રાહ્મણને તે શ્લોકનો અર્થ પૂછ્યો; એટલે દ્યૂતથી માંડીને કુંડિનપુરમાં આવવા સુધીની દમયંતીની કથા તેણે કુબ્જને કહી સંભળાવી; અને 'અહીંના રાજાનો દૂત ભીમરાજા પાસે આવ્યો હતો. તેણે સૂર્યપાક રસોઈના તત્ત્વને જાણનાર એવા તારી વાત કહી. તે સાંભળીને તને નળ ધારતી દમયંતીએ મને અહીં મોકલ્યો છે' એ વાત પણ તેણે કહી બતાવી. પછી કહ્યું કે 'તને જોઈને હું નિરાશ અને ખિન્ન થઇ ગયો છું; કારણ કે તારૂં રૂપ જોતાં તું નળ નથી એમ ખાત્રી થાય છે. વળી એમ થવાથી મને થયેલા સારા શુકન પણ વ્યર્થ થાય છે અને 'દરેક કાર્યમાં શકુન છે તે દંડનાયક છે' એ શાસ્ત્રોક્ત પદ વૃથા છે એમ હું ધારૂં છું.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાર પછી દમયંતીને યાદ કરીને રૂદન કરતા કુબ્જે તેને પોતાના સ્થાનમાં લઇ જઇને કહ્યું કે-' હે મહાસત્ત્વ! દમયંતીની કથાને કહેનાર એવો જે તું તેનો હું શું સત્કાર કરૂં ? ' એમ કહી સ્નાન અને ભોજન કરાવીને દધિપર્ણ રાજાએ આપેલાં વસ્ત્રાદિ કુબ્જે તે બ્રાહ્મણને આપી દીધા. પછી કુશળ એવો તે વિપ્ર કુબ્જની રજા લઇને કુંડિનપુર આવ્યો અને પોતે અનુભવેલો કુબ્જનો સર્વ વૃત્તાંત તેણે દમયંતી સહીત ભીમરાજાને કહી સંભળાવ્યો. તેમાં આવેલી ગજ શિક્ષા, શ્લોક સાંભળવાથી થયેલ ખેદ અને છેવટ વસ્ત્રદાન પર્યંતની કુબ્જની હકીકત સાંભળીને દમયંતી બોલી કે-' હે તાત ! કોઈ કર્મના દોષથી અથવા કાંઇ ખાનપાનના દોષથી તેમનું રૂપ ફરી ગયું જણાય છે, પરંતુ ક્રિયાથી તો તે અવશ્ય નળરાજા જ છે એમ જણાય છે; કારણ કે ગજશિક્ષાનું નૈપુણ્ય, સૂર્યપાક રસવતીનું જ્ઞાન તથા આવું ઉદારતાવાળું દાન-એ નળરાજા વિના બીજામાં સંભવતું નથી. માટે હે તાત ! ગમે તે યુક્તિથી તે કુબ્જને અહીં બોલાવો, કે જેથી હું તેને જોઈને પરીક્ષા કરૂં. ' એટલે ભીમરાજા બોલ્યા કે— ' ખોટી રીતે તારો સ્વયંવર માંડી દૂતને મોકલીને સમુત્સુક એવા દધિપર્ણ રાજાને અહીં બોલાવું, એટલે તારો સ્વયંવર સાંભળીને કુબ્જ તેની સાથે જરૂર આવશે; કારણ કે એક સામાન્ય પુરૂષ પણ પોતાની સ્ત્રીને થતો પરાભવ સહન કરી શકતો નથી, તો નળ કેમ સહન કરી શકશે ? વળી તેની મુદત બહુજ નજીક નાખવાથી મહાબળીષ્ઠ અને અશ્વવિદ્યામાં કુશળ એવો તે કુબ્જ, પવન જેમ આકડાના તુલને ઉડાડે તેમ દધિપર્ણ રાજાને અહીં સત્વર લાવશે. '

આ પ્રમાણે કહીને ભીમરાજાએ દધિપર્ણ રાજા પાસે દૂત મોકલ્યો, અને ધારણા પ્રમાણે કહેવરાવ્યું. એટલે ' આવતી કાલેજ દમયંતીનો ફરી સ્વયંવર થશે.' એમ જાણીને દધિપર્ણરાજા જાળમાં ભરાઈ ગયેલા મત્સ્યની જેમ નિરાશ બની ગયો. તે વખતે બધી હકીકત સાંભળીને કુબ્જ વિચારવા લાગ્યો કે-' દમયંતી બીજા પતિને કદી ઇચ્છે નહિ, અને કદાચ ઇચ્છે તો હું જીવતાં તેને બીજો

કોણ લઈ શકે ? માટે મારે કોઇ રીતે ત્યાં જવું.' આ હકીકતથી એકબાજુ તેને પ્રેમ ઉત્પન્ન થયો, બીજી બાજુ પોતાના અપરાધથી તે વિલક્ષ થઈ ગયો અને પુનઃ સ્વયંવર સાંભળીને તેનું મન ક્રોધાયમાન પણ થયું. એટલે તેણે વિચાર કર્યો કે–' દધિપર્ણ રાજાને હું છ પહોરમાં કુંડિનપુર પહોંચાડી દઉં, કે જેથી એની સાથે મારે પણ ત્યાં જવાનું બને.' આમ ચિંતવીને તેણે રાજાને કહ્યું કે–' હે રાજન્ ! આપના ખેદનું કારણ કહો, કેમકે આચ્છાદિત મૌક્તિકની કિંમત ન થઇ શકે.' રાજા બોલ્યો કે–' નળરાજા મરણ પામ્યા છે, તેથી આવતી કાલે દમયંતીનો ફરી સ્વયંવર થવાનો છે, ત્યાં મને બોલાવેલ છે, પણ છ પહોરમાં મારે ત્યાં શી રીતે પહોંચવું ?' એટલે કુબ્જ બોલ્યો કે--' હે રાજન્ ! વૃથા ખેદ ન કરો, અશ્વો અને રથ મને સોંપી દો, એટલે તમને સત્વર કુંડિનપુરમાં પહોંચાડી દઉં.' આ પ્રમાણે સાંભળીને હર્ષિત થયેલા રાજાએ કહ્યું કે—' તારી ઇચ્છા પ્રમાણે રથ અને અશ્વ લઈ લે.' એટલે કુબ્જે પોતે મન ગમતો રથ અને સર્વ લક્ષણ સંપૂર્ણ બે જાતિવંત અશ્વ લીધા.

આ હકીકતથી સર્વ કળામાં તેને કુશળ જાણીને દધિપર્ણ રાજા ચિંતવવા લાગ્યો કે—' આ સામાન્ય પુરૂષ નથી, પણ કોઈ દેવ કે વિદ્યાધર લાગે છે.' પછી રથમાં અશ્વો જોડીને કુબ્જે રાજાને કહ્યું કે–' આ રથમાં બેસારીને હું તમને પ્રભાતે કુંડિનપુર પહોચાડીશ.' પછી રાજા, સ્થગીધર ( તાંબૂલ આપનાર ), છત્ર ધારણ કરનાર, કુબ્જ અને બે ચામરધર–એમ છએ જણા ઉત્સુક થઇને સજ્જ કરેલા રથપર આરૂઢ થયા. પછી પેલો રત્નકરંડ અને શ્રીફળ પોતાની કેડમાં બાંધી લઇ પંચ નમસ્કાર સંભારીને કુબ્જ અશ્વોને ચલાવવા લાગ્યો. એટલે અશ્વવિદ્યાને જાણનાર એવા નળથી સજ્જિત થયેલ રથ સાક્ષાત્ મનોરથની જેમ મનના જેવી ત્વરિત અતિએ ચાલવા લાગ્યો. માર્ગમાં રથવેગના પવનથી પ્રેરિત થયેલું દધિપર્ણ રાજાનું ઉત્તરીય વસ્ત્ર દમયંતી સમાગમના મનોરથની જેમ પડી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગયું; એટલે રાજાએ કુબ્જને કહ્યું કે—' એક ક્ષણભર રથને થોભાવ કે જેથી પવનને લીધે પડી ગયેલું મારૂં વસ્ત્ર હું લઇ લઉં.' કુબ્જ હસીને બોલ્યો કે—'હે ધરાધવ! તમારૂં વસ્ત્ર કયાં પડ્યું છે? વસ્ત્ર પડ્યા પછી તો અશ્વો સો કોશ ઓળંગી આવ્યા છે. વળી આ તો મધ્ય જાતિના અશ્વો છે, પણ જો ઉત્તમ અશ્વો હોય તો આટલા વખતમાં બસેં કોશ ઓળંગી જાત.' આગળ ચાલતાં દધિપર્ણરાજાએ દૂરથી અક્ષનું વૃક્ષ જોઈને કુબ્જને કહ્યું કે-' ગણત્રી કર્યા સિવાય આ વૃક્ષના ફળોની સંખ્યા કહે.' એટલે નળ બોલ્યો કે—' તમે કહો.' રાજા કહે પાછા ફરતી વખતે તને એ કૌતુક બતાવીશ, કારણ કે અત્યારે આપણે રોકાવું પોસાય તેમ નથી.' એટલે કુબ્જ બોલ્યો કે-' હું અશ્વવિદ્યાને જાણનાર હોવાથી તમારે કાળવિલંબથી બ્હીવું નહિ.' એમ કહી રથ ઉભો રાખીને એક મુષ્ટિના પ્રહારથી તેણે બધાં ફળો જમીનપર પાડી નાખ્યાં. રાજાએ કહ્યું કે—' તે અઢાર હજાર છે.' નળે ગણત્રી કરી તો તે તેટલાંજ હતાં. પછી પ્રશસ્ત બુદ્ધિવાળા એવા કુબ્જે અશ્વ ચલાવવાની વિદ્યા દધિપર્ણરાજાને આપી, અને ફળ સંખ્યા જાણવાની વિદ્યા તેની પાસેથી વિધિપૂર્વક પોતે ગ્રહણ કરી. એવામાં પ્રાતઃકાળ થતાં નળથી પ્રેરિત થયેલો રથ કુંડિનપુરની નજીકમાં આવી પહોંચ્યો.

અહીં પ્રભાતે અંતઃપુરમાં રહેલી દમયંતીએ સ્વપ્ન જોયું અને પિતાને કહ્યું કે-' હે તાત! મને બરાબર ખ્યાલ છે કે-આજે શાસનદેવીએ કોશલાનું ઉદ્યાન ગગનાંગણમાં લાવીને મને બતાવ્યું. પછી તેના આદેશથી હું એક ફલિત આમ્રવૃક્ષપર આરૂઢ થઇ, એટલે તેણે મારા હાથમાં એક કમળ આપ્યું. એ વખતે તે વૃક્ષપર પૂર્વે આરૂઢ થયેલ એક પક્ષી તેનાપરથી પડી ગયું.' તે સાંભળીને ભીમરાજા બોલ્યા કે—'હે સુતે! આ સ્વપ્ન બહુજ સુંદર છે. શાસનદેવી તે તારો પુણ્યરાશિ, અને અદ્દભુત ઉદ્યાન તે રાજ્ય સમજવું. આમ્રવૃક્ષપર આરોહણ તે પતિસમાગમ અને પક્ષીનું પડવું તે કૂબરનું પડવું સમજવું. વળી આ સ્વપ્ન પ્રભાતેજ તેં જોયેલ હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારા ધારવા પ્રમાણે તને આજેજ નળરાજા મળશે. " આ પ્રમાણે તેઓ વાત કરે છે એવામાં કોઈએ આવીને નિવેદન કર્યું કે-' દધિપર્ણ રાજા નગરના દ્વારપાસે આવી પહોંચ્યા છે.' એટલે ભીમરાજા તેની સામે ગયા અને આલિંગન પૂર્વક મળી આતિથ્ય કરીને બોલ્યા ' તમારો કુબ્જ રસોયો સૂર્યપાક રસોઇ જાણે છે તેને તે કરી બતાવવાનો હુકમ કરો અને અમારૂં એ આશ્ચર્ય પૂર્ણ કરો.' પછી દધિપર્ણરાજાના આદેશથી કુબ્જે રસોઈ તૈયાર કરી, એટલે તેનો સ્વાદ જાણવાને માટે ભીમરાજા પરિવારસહિત ત્યાં જમ્યા, અને ભાતથી ભરેલો થાળ મંગાવીને દમયંતીએ પણ તેનો આસ્વાદ લીધો, તેથી તે કુબ્જને તેણે પોતાના સ્વામી નળ તરીકે સમજી લીધો. પછી તેણે પોતાના પિતાને કહ્યું કે—" પૂર્વે જ્ઞાની કહી ગયા છે કે-ભરત ક્ષેત્રમાં સૂર્યપાક રસવતીને જાણનાર એક નળરાજાજ થશે; માટે એ કુબ્જ નિશ્ચય નળરાજાજ છે. છતાં વધારે ખાત્રીને માટે જાણે મને તિલક કરતા હોય તેમ તે મારા શરીરપર સ્પર્શ કરે કે જેથી જો તે નળરાજા હશે તો તેની અંગુળી માત્રના સ્પર્શથી મારા રોમાંચ વિકસ્વર થશે. " પછી કુબ્જે ભીમરાજાના કહેવાથી પોતાની અંગુળીવતી દમયંતીના વક્ષઃસ્થળનો સ્પર્શ કર્યો, એટલે કમલિનીના નાળની જેમ તેનું શરીર તરતજ રોમાંચિત થઇ ગયું; તેથી દમયંતી બોલી કે—' તે વખતે તો હું નિદ્રિત હોવાથી તમે મારો ત્યાગ કરી ગયા હતા, પણ હવે ક્યાં જશો? ' એમ કહીને દમયંતી તેનો હાથ પકડીને ઘરની અંદર લઇ ગઈ; એટલે શ્રીફળ અને કરંડીયામાંથી વસ્ત્ર તથા આભરણાદિક ધારણ કરીને દેવની જેમ નળરાજા તરતજ દિવ્ય રૂપધારી થયા; એટલે યથાર્થ રૂપધારી અને પોતાના ચિત્તના ચોર તથા બહુ કાળે પ્રાપ્ત થયેલા એવા નળને કટાક્ષવડે તાડિત કરીને દમયંતીએ પોતાના ભુજપાશથી બાંધી લીધા. પછી બહાર આવેલા નળરાજાને આલિંગનપૂર્વક મળીને વિકસિત મુખકમળવાળા ભીમરાજાએ પોતાના સિંહાસનપર બેસારી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું કે—' આ મારો દેહ, ગૃહ, લક્ષ્મી અને સુતા-એ બધું તમારૂં છે, માટે તમે કહો તેમ હું કરૂં. ' એટલે દધિપર્ણ રાજા પણ નળને નમીને બોલ્યો કે-' હે નાથ! તમે અમારા સ્વામી છો, માટે પ્રસન્ન થઇને મારૂં અનુચિતાચરણ બધું ક્ષમા કરજો. ' એ અવસરે ભીમરથરાજાને મળવાને માટે ધનદેવ સાર્થવાહ ત્યાં આવ્યો, એટલે દમયંતીએ તેને ઓળખીને તેનું બહુમાન કર્યું. પછી વસંતશ્રીશેખર, ઋતુપર્ણરાજા, તેની પ્રિયા અને તેની સુતા-એ સર્વને તેનો પ્રત્યુપકાર કરવાની ઇચ્છાથી દમયંતીએ કુંડીનપુર બોલાવ્યા, અને ભીમરાજાએ બંધુની જેમ તે સર્વનો સત્કાર કર્યો તથા નવા નવા પ્રકારે આતિથ્ય કરીને દમયંતીએ તેમને એક માસ સુધી આનંદપૂર્વક ત્યાં રાખ્યા.

એકદા તે બધા ભીમરાજાની સભામાં બેઠા હતા, એવામાં આકાશમાંથી કોઇ દેવ આવીને દમયંતીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે—' હે ભદ્રે ! હું તે કુળપતિ છું, કે જેને તેં પૂર્વે બોધ આપ્યો હતો. અત્યારે હું કેશર નામના વિમાનમાં શ્રીકેશર નામે દેવ થયો છું. તારા પ્રસાદથી હું વૈભવથી વિસ્તૃત એવી આ દેવસમૃદ્ધિ પામ્યો છું. ' આ પ્રમાણે કહી સપ્ત કોટિ સુવર્ણની વૃષ્ટિ કરીને તે દેવ અદૃશ્ય થયો.

પછી આર્હંત બિંબને શ્રાવકો અભિષેક કરે તેમ ભીમરથ, ઋતુપર્ણ, દધિપર્ણ, અને વસંતશ્રીશેખર વિગેરે રાજાઓએ નળનો રાજ્યાભિષેક કર્યો, અને નળની આજ્ઞાથી તે બળીષ્ઠ રાજાઓએ પોતપોતાના સબળ સૈન્યો એક લીલામાત્રમાં એકત્ર કર્યા. પછી સાક્ષાત્ ઇંદ્ર સમાન, શત્રુઓના બળને મર્દન કરનાર અને વાહન તથા સૈન્યયુક્ત નળરાજાએ ત્યાંથી પ્રયાણ કર્યું, અને શૂરવીર એવા તેણે કેટલેક દિવસે અયોધ્યાના રતિવલ્લભ નામના બાહ્ય ઉદ્યાનમાં સૈન્ય સાથે પડાવ કર્યો. તે વખતે જાણે સર્વસ્વ નાશ પામ્યું હોય તેમ શૂન્ય મનવાળો કૂબર નળને આવેલ જાણીને ભયાતુર થઇ ગયો. પછી નળરાજાએ કૂબરને બોલાવીને કહ્યું કે—' મારી સાથે ફરીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્યૂત રમ કે જેથી બંનેની લક્ષ્મીનો એક સ્વામી થાય.' એટલે કૂબરે મુદિત થઇને દ્યૂતને માન્ય રાખી નળની સાથે જયશીલ થવાની ઇચ્છાથી ફરી દ્યૂત રમવું શરૂ કર્યું. તે વખતે દ્યૂત રમતાં નળે તેને જીતી લીધો. કારણ કે 'જ્યાં ભાગ્ય છે ત્યાંજ વિજય છે.'

પછી નળરાજાએ ક્રૂર એવા કૂબર પાસેથી રાજ્ય જીતી લઇને પોતે રાજ્યને અલંકૃત કરી ક્રોધરહિતપણે કૂબરને યુવરાજ પદવી આપી. આ અવસરે પોતાનું રાજ્ય પાછું મેળવીને દમયંતી સહિત નળરાજાએ હર્ષપૂર્વક જ્યાં સંભાળ કરવાને માટે સૈન્ય રાખવામાં આવેલું છે એવા નગરીના સર્વ ચૈત્યોને વંદન કર્યું. તે વખતે ભેટણા લઇ લઇને અનેક રાજાઓ નળરાજાની સેવાને માટે હાજર થયા. પછી ઇંદ્રની જેમ અખંડ શાસનવાળા તથા શત્રુઓને ખંડિત કરી ત્રણ ખંડ ભરતનું રક્ષણ કરનારા નળરાજાએ એક હજાર વરસ આનંદમાં વ્યતીત કર્યાં.

એકદા નિષધ દેવે સ્વર્ગમાંથી આવીને નળરાજાને બોધ આપ્યો કે—' વિષની જેમ વિષયોમાં હવે પ્રેમ રાખવો યુકત નથી. પૂર્વે તારે પ્રવજ્યા કાળ કહેવાનું મેં કબૂલ કરેલું હતું. તેથી અત્યારે કહેવા આવ્યો છું; માટે જીવિતવૃક્ષના ફળરૂપ એવી દીક્ષાનો હવે સ્વીકાર કર. હે નંદન ! આ ચતુર્ગતિરૂપ સંસારમાં જે ભવોભવ દુ:ખકારી છે એવા દ્વિધા વિષયગ્રામોનો[1] ત્યાગ કર.' આ પ્રમાણે નિષધ દેવે તેને ઉપદેશ આપ્યો, એટલે દીક્ષા લેવાને ઉત્સુક થયેલા નળરાજાએ સુપાત્રે દાન દેવા માંડયું. એ અવસરે ત્યાં જિનસેન નામના એક કુશળ આચાર્ય પધાર્યા, જે જ્ઞાનમાં સાવધિ ( અવધિજ્ઞાનવાળા ) હતા અને ગુણોમાં નિરવધિ હતા—એ આશ્ચર્યની વાત છે. પછી નળ અને દમયંતી બંનેએ આદરપૂર્વક તેમની પાસે જઇને તેમને વંદન કર્યું અને તેમને પોતાનો પૂર્વભવ પૂછયો. એટલે ગુરૂમહારાજે પ્રથમ તેના પૂર્વ ભવનું સ્વરૂપ કહીને પછી કહ્યું કે:—' પ્રભાતે મુનિને દુગ્ધદાન આપવાથી ઘૃતની જેમ

૧ વિષયગ્રામ–ઇંદ્રિયના વિષયો અને દેશના ગામો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તને યશ, સુરભિ, સદ્વર્ણ, અને સ્વાદુ જીવન જેમાં છે એવું રાજ્ય પ્રાપ્ત થયું છે, અને બાર ઘડી સુધી મુનિને સતાવ્યા હતા તેથી તમને બાર વરસ વિયોગ રહ્યો છે.' આ પ્રમાણે સાંભળીને પોતાના પુષ્કલ નામના પુત્રને રાજ્ય સોંપી તેજ ગુરૂ પાસે વ્રત લઇને તે બંને નિરતિચાર પણે પાળવા લાગ્યા.

એકદા નળ રાજર્ષિને દમયંતી સાથે ભોગની ઇચ્છા થઇ,એટલે આચાર્ય મહારાજે તેને ગચ્છથી દૂર કર્યો. તે વખતે દેવલોકથી આવીને નિષધે તેને પ્રતિબોધ આપ્યો. એટલે વ્રત પાળવાને અસમર્થ એવા નળ રાજર્ષિએ અનશન કર્યું; અને તેના સ્નેહાનુરાગથી દમયંતીએ પણ તેમ કર્યું. નળ રાજર્ષિ મરણ પામીને સૌધર્મ ઇંદ્રના લોકપાળ ધનદ (કુબેર) થયા અને દમયંતી તેની સ્ત્રી થઇ. ત્યાં પણ પૂર્વની જેમ તેમને પરસ્પર ગાઢ સ્નેહ થયો. ત્યાંથી ચ્યવીને દમયંતી પેઢાલપુરમાં હરિશ્ચંદ્ર રાજાની લક્ષ્મીવતી રાણીની કુક્ષિએ કનકવતી નામે સુતા થઇ. તેને સ્વયંવરમાં પ્રશસ્ત મૂર્ત્તિવાળા દશમા દશાર્હ વસુદેવ પરણ્યા. ત્યાં ધર્મકથામાં લીન અને કલંકહીન તથા ધાર્મિક એવી તે ઉત્તમ પ્રકારે સમય ગાળવા લાગી. અન્યદા સાગરચંદ્ર નામે બળભદ્રનો પૌત્ર અકસ્માત સ્વર્ગસ્થ થતાં તે કનકવતી ગૃહવાસમાં છતાં ભવસ્થિતિનો વારંવાર ઉહાપોહ કરતાં અને તેની અનિત્યતાનો વિચાર કરતાં કેવળજ્ઞાન પામી. પછી શ્રીનેમિપ્રભુ પાસે જઇ એક માસનું અનશન કરીને શેષ કર્મ પ્રક્ષીણ થતાં તે નિર્વાણ પદને પામી.

જે પ્રાણી સમ્યક્ત્વ પામે છે, પ્રાણીઓનું રક્ષણ કરે છે, અસત્ય બોલતો નથી, અદત્ત એવા પરદ્રવ્યનું હરણ કરતો નથી, બ્રહ્મચર્ય સેવે છે, પરિગ્રહનું પ્રમાણ કરે છે અને સાધુનો વિનય કરે છે તે પ્રાણી એ ગુણોથી ભૂષિત થયો સતો સતી દમયંતીની જેમ પ્રાંતે સિદ્ધિપદને પામે છે.

॥ इत्याचार्य श्री विनयचंद्रविरचिते महाकाव्ये विनयांके सम्यक्त्वफले दवदंतीमहासतीचरितव्यावर्णनो नाम षष्ठः सर्गः ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# सप्तम सर्ग.

હવે મલ્લીનાથ ભગવંતને નમસ્કાર કરીને કુંભરાજાએ કહ્યું કે—' હે ભગવન્ ! આ સમ્યક્ત્વના મહિમાનું દૃષ્ટાંત સાંભળવાથી મારો મોહવિપ્લવ દૂર થયો છે અને મારૂં મન વૈરાગ્યરસથી ભાવિત તેમજ શુદ્ધ થયું છે. હવે મોક્ષારોહણને માટે દઢ નિઃશ્રેણિરૂપ શ્રાવકની વ્રતાવળી સાંભળવાને ઇચ્છું છું. ' એટલે ભગવંત બોલ્યા કે—' હે કુંભરાજા ! સર્વ વ્રતોમાં જીવદયા એ મૂળ છે. તેના વિના ક્ષારભૂમિમાં વાવેલ બીજની જેમ બધું કૃત્ય વૃથા છે. જટાધારી હો, મુંડન કરાવનાર હો, તપસ્વી હો, દિગંબર હો કે રકતાંબર હો પણ જળહીન સરોવરની જેમ દયા વિના કોઇ શોભતા નથી. અહિંસા ભયભીત પ્રાણીઓને અભય આપનારી છે, અને સંસારથી સંતપ્ત થયેલા જનોને ઉત્તરા નક્ષત્રના મેઘ સમાન છે. એક લવ માત્ર હિંસાથી પણ મહાપાપ બંધાય છે. જુઓ ! વિષના એક લવમાત્રથી પણ શું મરણ નથી નીપજતું ? જે વિવેકી જનો પ્રાણાતિપાતથી વિરત થાય છે, તેઓ પરભવમાં સુદત્તની જેમ સર્વ લક્ષ્મીના પાત્ર થાય છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

## પ્રથમ વ્રતોપરી સુદત્ત કથા.

મગધદેશમાં સ્વસ્તિ ( કલ્યાણ ) રૂપ લતાને મેઘસમાન અને સર્વ સંપત્તિઓના એક સ્થાનરૂપ રાજગૃહ નામે નગર છે. ત્યાં સમસ્ત રાજાઓએ જેના ચરણદ્વય સેવ્યા છે અને લક્ષ્મીથી જે ત્રિવિક્રમ સમાન છે એવો વિક્રમ નામે રાજા રાજ્ય કરતો હતો.

એકદા સીમાડાના રાજાઓએ તેના પ્રાંત દેશની કદર્થના કરી અને ત્યાં વસનારા ધનવંતોને બંદીવાનની જેમ પકડ્યા. આ પ્રમાણે પોતાના દેશને થતો ઉપદ્રવ સાંભળીને વિક્રમરાજાએ તેમની સામે પોતાનું લશ્કર મોકલ્યું એટલે તેમણે ત્યાં જઇને તે સીમાડાના રાજાઓના ગામોમાં ઉપદ્રવ કર્યો; કારણ કે ' અતિ ઉત્કટ પાપનું ફળ અહીં ( આ લોકમાં ) જ મળે છે. '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વખતે સુદત્ત નામના ગામમાં વસનાર અને જેને માત્ર હજી સાત વર્ષજ થયા છે એવા **સુદત્ત** નામના વણિક્ પુત્રને કોઇએ બળાત્કારથી બંદી તરીકે પકડ્યો, અને તે રાજસુભટે તેને રાજગૃહમાં લાવીને મસ્તકપર તૃણનો પૂળો રાખીને ચતુષ્પથમાં વેચવા માટે ઉભો રાખ્યો. એ વખતે બીજો કોઇ રાજપુરૂષ સુદત્તની માતાને ત્યાં લાવીને પુત્રની નજર આગળ જ વેચવા લાગ્યો. એટલે તે બંને એક બીજાને જોઇને કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યા. કારણ કે 'દુઃખાર્ત્તને રૂદન જેવું બીજું મહૌષધ નથી.' આ વખતે સુદત્તની માતા ચિંતવવા લાગી કે—'સ્વદેશનો ભંગ, ગોધનનો પરિક્ષય, પરિરક્ષિત અને લભ્ય વસ્તુઓનો પરિભ્રંશ અને સ્વજનનો વિયોગ થવાથી આ મારો પુત્ર ભાગ્યહીન જણાય છે કે જેથી દરિદ્રીના બાળકની જેમ તેને પણ આ સુભટોએ પકડીને વેચવા માટે ઉભો કર્યો છે.' સુદત્ત વિચારવા લાગ્યો કે—'અહા ! અનાથની જેમ મારી માતાને આ સુભટોએ પકડીને અહીં ચતુષ્પથમાં વેચવા માટે ખડી કરી છે, તેથી ખરેખર ! સર્વ સુખોને હણુનાર એવા પૂર્વ કર્મોની ગતિ અચિંત્ય જણાય છે, હવે જો પૃથ્વી માર્ગ આપે, તો હું તેમાં પેસી જાઉં અને જો વિષ મળે તો મોદકની લીલાથી તેનું ભક્ષણ કરૂં.' આ પ્રમાણે તે બંને વિચાર કરતા હતા એવામાં સુદત્તની માતાનું હૃદય દુઃખના અત્યંતપણાથી ફાટી ગયું, એટલે તે ત્યાંજ મરણ પામી. તે જોઇને સુદત્ત ચપળ નેત્રવડે બહુજ રૂદન કરી બીજાઓને પણ રોવરાવવા લાગ્યો. એક તો માતાનું મરણ અને બીજું આ સ્થિતિએ પરદેશમાં આગમન—આ વાતથી તે મૂળથી છેદાયલા વૃક્ષની જેમ મૂર્ચ્છા ખાઇને પૃથ્વી ઉપર પડી ગયો. એવામાં શુષ્ક થતા વનને જળ સીંચન કરે તેમ નગરજનોએ દયાથી તેનાપર પાણી છાંટયું, એટલે સંજ્ઞા પામી ચોતરફ દૃષ્ટિ ફેરવતો તે ઉઠ્યો. પછી રાજાના સુભટે તેને મૂર્ચ્છાનું કારણ પૂછયું, એટલે તેણે દુઃખપૂર્વક માતાના મરણ પર્યંત બધું કહી સંભળાવ્યું. એવામાં કોઇ રસોયાએ આવીને તેનું મૂલ્ય પૂછયું, એટલે તે સુભટ બોલ્યો કે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મૂલ્ય લઇને હું એનો વિક્રય કરનાર નથી. એના મૂલ્યના ધનથી હું કાંઇ દેવભવન બંધાવી શકું તેમ નથી, તેમજ દારિદ્રચથી હણાયેલા એવા મારે જે ન્યૂનતા છે તે પૂર્ણ થવાની નથી; વળી દુઃખિત એવા એનું સ્વપુત્રની જેમ ભરણપોષણ કરવું તે પણ મને પાલવે તેમ નથી; માટે કાંઇ પણ ધન લીધા વિના સ્નેહથી હું આ બાળક તને આપું છું.' એ રીતે વિના મૂલ્યે બાળક મળવાથી રસોયો હર્ષિત થઇને તેને લઇ ત્યાંથી પાછો ફર્યો અને પોતાના ઘરે જઇને તેને ભોજન કરાવ્યું. પછી તે રસોયો તેને રાજમંદિરમાં લઇ ગયો અને ત્યાં ભાત રાંધવા માટે ઇંધન વિગેરે લાવવાનો તેને આદેશ કર્યો.

એવામાં પ્રસંગોપાત તેણે કહ્યું કે-'હે બાલક! વાંસ અને કંબાદિના પાંજરામાંથી લાવકો (પક્ષિવિશેષ) ને બહાર કાઢ.' આથી દિલમાં દયા લાવીને પાંજરામાંથી તેણે બધા લાવકોને છોડી મૂકયા. એટલે તે તરત આકાશમાં ઉડી ગયા. ક્ષણવાર પછી તે રસોયા પાસે આવીને કહેવા લાગ્યો કે—'હે તાત! આપના આદેશથી પાંજરામાંથી મેં બધા લાવકોને છોડી મૂકયા.' તે સાંભળીને રસોયાએ તેને ચાબુકવતી માર માર્યો અને 'આ મુગ્ધ છે' એમ તેણે મનમાં સમજી લીધું.

બીજે દિવસે તેણે આદેશ કર્યો કે—'હે બાલક! હવે વક્ર ગ્રીવા કરીને એટલે ડોકી મરડી નાખીને (મારીને) પાંજરામાંથી લાવકોને સત્વર લાવ.' એટલે પૂર્વની જેમ બધા લાવકોને પાંજરામાંથી બહાર કાઢીને તેણે તે રસોયા પાસે મૂકયા અને પોતે વક્ર ગ્રીવા કરીને ઉભો રહ્યો. તે જોઇને રસોયો બોલ્યો કે—'તું કેમ વક્ર ગ્રીવા કરીને ઉભો છે?' એટલે તે આસ્તેથી બોલ્યો કે—'હે તાત! આપના આદેશથી મેં અત્યારે વક્ર ગ્રીવા કરી છે.' તે સાંભળીને રસોયો મનમાં વિચારવા લાગ્યો કે—'અહો! આ વક્ર જણાય છે. તો વક્રને તાડન કરવાથી, લોભીને દ્રવ્ય આપવાથી, તથા દુર્દાંત સ્ત્રી, પુત્ર તથા માયાવીને આવર્જના ગુણથી વશ કરી શકાય છે.' આમ વિચારી વક્ર અશ્વની જેમ તેને ચાબુકવડે માર માર્યો અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દોરડીવતી તેને મજબૂત બાંધ્યો. એવામાં ગવાક્ષમાં બેઠેલા રાજાએ તેને મારતો જોઇને રસોયાને પૂછયું કે—'આ બિચારાને જંગલી વૃષભની જેમ શામાટે મારે છે?' એટલે તેણે તેનો વૃત્તાંત રાજાને કહી બતાવ્યો. આથી રાજાએ પણ વાયુથી કંપિત વૃક્ષની જેમ કોપથી શરીર કંપાવી તે બાળકને દૃઢ બંધને બાંધાવીને યમની જેવા ભયંકર તેણે ચર્મપુત્રની જેમ તેને નિર્દય રીતે હસ્તી આગળ મૂકાવ્યો. અને હાથીને ઈસારો કર્યો, એટલે તેણે તેને સુંઢમાં ઉપાડ્યો. 'પ્રાજ્ઞ જનોએ નિર્દય રીતે શિખવેલા તિર્યંચો શું નથી કરતા?' એ વખતે રાજાએ તે બાળકને કહ્યું કે—'જો તું જીવવાને ઇચ્છતો હોય તો હજુ પણ જીવહિંસા કર, અન્યથા તારૂં મરણ થશે.' એટલે સુદત્ત કહેવા લાગ્યો કે—'હે દેવ! ભલે હાથીથી મારૂં મરણ નીપજે, પરંતુ જીવ જતાં પણ હું પ્રાણીઓનો વધ તો નહીં કરૂં.'

આ પ્રમાણેનું તેનું વચન સાંભળીને રાજા બહુજ સંતુષ્ટ થયો અને સ્નેહથી વિકસિત મુખ કરીને તેણે તેના ગોત્રાદિક પૂછયા. એટલે તે બોલ્યો કે—'હે રાજન્! હું સુદત્ત ગામમાં રહેનારો સુદત્ત નામે શ્રાવકનો પુત્ર છું. મારી માતા હમણાજ મરણ પામી છે. હે દેવ! અમે તૃષિત છતાં ગળ્યા વિના જળપાન કરતા નથી, શોધ્યા વિના ઈંધનાદિને અગ્નિમાં નાખતા નથી, રાત્રે ભોજન કરતા નથી, જિનેશ્વર ભગવાનને પૂજીએ છીએ અને ક્ષમાધારી એવા શ્વેતાંબર ગુરૂને વંદન કરીએ છીએ. તેમજ મારા કુળમાં જન્મેલા સર્વ મનુષ્યો સર્વથા જીવરક્ષા કરે છે, હે ભૂપાલ! હું બાળક હોવાથી એ કરતાં અધિક કંઇ જાણતો નથી.' આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને રાજા કહેવા લાગ્યો કે—'પૃથ્વીપર શ્રાવકકુળને ધન્ય છે કે જેમાં બાળકો પણ આવા દયાળુ અને શિષ્ટતાયુક્ત હોય છે, અહો! જે જાતિમાં અજ્ઞાન બાળકો પણ આવા જીવદયાપરાયણ છે, તે જાતિમાં સિદ્ધાંતજ્ઞ જનો તો કેવા ઉત્તમ હશે?' એ રીતે શ્રાદ્ધકુળની પ્રશંસા કરીને સુદત્તને રાજાએ પોતાના અંગરક્ષકોમાં મુખ્ય અંગરક્ષક બનાવ્યો. પછી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાના અંગની રક્ષા કરતા સતા જિનેશ્વર ભગવંતની પૂજામાં તત્પર, દાનધર્મમાં પરાયણ, કુલીન લલના સાથે લગ્ન કરનાર અને પ્રશાંત બુદ્ધિવાળા એવા સુદત્તે **શ્રી ચંદ્રપ્રભ** ભગવંતની પાસે સમ્યકૃત્વથી સુશોભિત એવાં શુદ્ધ શ્રાવકનાં વ્રત વિધિપૂર્વક અંગીકાર કર્યા અને તે સારી રીતે પાળી પ્રાંતે અનશન કરીને પંચપરમેષ્ટીનું સ્મરણ કરતાં મરણ પામી માહેંદ્ર દેવલોકમાં તે દેવ થયો. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામીને તે નિર્વાણપદને પામશે.

જેમ જીવદયાથી સુદત્તને આ ભવ અને પરભવમાં સંપત્તિ પ્રાપ્ત થઇ તેમ જીવરક્ષા કરવાથી અન્ય જનોને પણ અનેક પ્રકારના લાભ પ્રાપ્ત થાય છે.

## ઇતિ સુદત્ત કથા.

આ કથા સાંભળીને કુંભરાજા અંજલિ જોડી ભગવંતને નમસ્કાર કરીને બોલ્યો કે:—'હે ભગવન્! સુદત્તને ધન્ય છે કે જે બાલ્યવયમાં પણ જીવ દયામાં તત્પર હતો.'

પછી ભગવંત બોલ્યા કે—'હે રાજન્! બીજું અણુવ્રત કે જે પ્રાણાતિપાત વિરતિના ભૂષણરૂપ છે તે પ્રાણીએ અવશ્ય અંગીકાર કરવું. બીજા અણુવ્રતમાં મૃષાવાદનો ત્યાગ કરવો; કારણ કે સત્ય એ કીર્ત્તિલતાનું મૂળ છે, પુણ્યરૂપ નદીને નીકળવાના પર્વત સમાન છે, વિશ્વાસનું એક મંદિર છે અને લક્ષ્મીનું અદ્વિતીય ભવન છે. જેમ તિલકથી માનિનીનું મુખકમળ શોભે છે, જેમ ગંગાના પ્રવાહથી ત્રણે લોક પાવન થાય છે અને જેમ અર્થયુક્ત પદરચનાથી કાવ્ય શોભે છે તેમ સત્યથી મનુષ્ય આ લોકમાં અને પરલોકમાં શોભા ( મહત્ત્વ ) પામે છે. જેમ નદીના પૂરથી તટવાસી ગામો તણાઇ જાય છે તેમ લોકના વિશ્વાસથી બંધાયેલ પ્રતિષ્ઠા અસત્ય બોલવાથી અસ્તવ્યસ્ત થઇ જાય છે. સત્યવચનના પ્રભાવથી વસુબંધુ શ્રેષ્ઠીની જેમ પ્રાણી રાજમાન્ય થાય છે. તેની કથા આ પ્રમાણે છે:—



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## બીજા વ્રત ઉપર વસુબંધુની કથા.

ધરણીવાસ નામના ઉત્તમ નગરમાં લક્ષ્મીના એક વિશાળ સ્થાનરૂપ અરવિંદ નામે રાજા રાજ્ય કરે છે. તે નગરમાં શ્રેષ્ઠ અને ગુણી એવો વસુબંધુ નામે શેઠ વસતો હતો. જેના ધનની વિપુળતાથી અન્યત્ર વ્યાપાર કરવાને માટે કુબેર અલકાપુરીમાં ચાલ્યો ગયો જણાય છે. એ શેઠને વસુભદ્ર નામે પુત્ર હતો. તે દુર્દાંત એવા મિત્રોની સાથે મદોન્મત્ત હાથીની જેમ નગરીમાં ભમ્યા કરતો હતો, પિતાની શિક્ષા તે કદી માનતો નહોતો, કંઇ પણ કળાઓનો અભ્યાસ કરતો નહોતો અને પર્વના દિવસે પણ તે દુરાશય ગુરૂના ચરણને નમતો નહોતો.

એકદા રાજમહેલ પાસે કીડા અને કાદવથી ખદબદતા ખાળને જોઇને તે શ્રેષ્ઠિકુમારે દેવદૂષ્ય વસ્ત્ર સમાન પોતાના મસ્તકપરનું વસ્ત્ર તરત ઉતારીને તેનો ગોળ ગોટો વાળી ઢેફાંની જેમ તેને ખાળમાં ફેંકી દીધું, અને તેની ઉપર પગ દઇ મદોન્મત્તશિરોમણિ એવો તે પેલા વસ્ત્રને મૂકીને ચાલ્યો ગયો. એવામાં 'આ કોણ છે?' એમ રાજાએ કોઇ પુરૂષને પૂછ્યું; એટલે તેના કુળને સમસ્ત રીતે જાણનાર એવા તે માણસે કહ્યું કે:—' હે રાજન્! આ વસુબંધુ શેઠનો વસુભદ્ર નામે પુત્ર છે. તે વ્યસનોથી ઘાયલ થયેલો છે, વળી ઉડાઉ અને દુઃશિક્ષણના મદથી અંધ થયેલો છે.' આ પ્રમાણેની હકીકત સાંભળીને રાજાને કૌતુક ઉત્પન્ન થવાથી તેણે વસુબંધુ શેઠને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે:—' હે શ્રેષ્ઠિન્! તારો પુત્ર કુળાચારથી કેમ વિવર્જિત છે?' એટલે તે બોલ્યો કે—' હે સ્વામિન્! એણે કદાપિ શિક્ષોપદેશ માન્યોજ નથી. ખરેખર! જ્યારે કુળનો ક્ષય થવાનો હોય છે ત્યારેજ આવા પુત્રો પેદા થાય છે.' પુનઃ રાજાએ કહ્યું કે-' હે શ્રેષ્ઠિ! તમે અધીરા થશો નહિ. મારા કથનપર લક્ષ્ય રાખજો કે એ તમારો પુત્ર વિવાહિત થવાથી શાંત થશે.' એમ કહીને રાજાએ પોતાના છડીદારોને પૂછ્યું કે-' હે વેત્રધરો! આ શ્રેષ્ઠિપુત્રને પરણાવવા યોગ્ય કોઇ કન્યા છે? કારણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે તમે નગરવાસીઓની હકીકતને જાણો છો.' એટલે એક છડીદાર બોલ્યો કે-'હે સ્વામિન્! આજ નગરમાં ગુણી અને શાંત **પદ્મ** નામે શેઠ હતો. તેને મર્મવેધક વચનોની ખાણ, કટુવાણીજ બોલનારી અને સાક્ષાત્ જંગમ કલિવૃક્ષ (કળહવૃક્ષ) સમાન **પદ્માદેવી** નામે પ્રિયા હતી. તેમને પવિત્રાચારથી સુશોભિત, અલ્પ ક્રોધી, અલ્પ લોભી અને ગુણમાણિક્યના રોહણાચલ સમાન **શુભંકર** નામે પુત્ર હતો. તેને ધરણીની જેવી વચનમાં સ્થિર, નીરંગી (લાજ) થી સુભગ, સારા આચારવાળી અને સાસુના ચરણ નીચે રહેનારી ધારિણી નામે પત્ની હતી. દુર્મુખી એવી તેની સાસુ પદ્માદેવી લોહ જેવા અતિ કઠિન વાકયોવડે તે નિરપરાધી વધુને નિરંતર પ્રહાર કરતી હતી; વળી ગળા નીચે સુખે ઉતરે એવું કંઇ પણ ભોજન તેના થાળમાં તે પીરસતી નહોતી. આથી જાણે એક માસના ઉપવાસ કર્યા હોય તેવી તે ધારિણી દુર્બળ થઇ ગઇ. વળી ઘણા રોગથી શરીરની જેમ તેના ક્રૂર આદેશોથી અને બહુ કામ કરવાથી તેનું શરીર દગ્ધ થઇ ગયું, એટલે રોગગ્રસ્તની જેવી તે અશકત લાગતી હતી. છેવટે બહુ કાયર થવાથી તે સસરાના ઘરનો ત્યાગ કરીને તેના પિતાને ઘેર ગઇ. 'અતિપૂર્ણ થયેલ ઘડો છેવટે ફુટેજ છે' એ કહેવત સત્ય છે.

ધારિણીનો પિતા તેને શિખામણ આપવા લાગ્યો કે-'હે વત્સે! સત્વર પાછી સાસરે જા. પિતાને ઘેર રહેવાથી પુત્રીઓ નિંદાપાત્ર થાય છે, કદાચ રોષ લાવીને તારી સાસુ તને કાંઇ કટુ બોલ કહે તો તેને મંત્રાક્ષરોની જેવા શુભ સમજી લેજે.' ઇત્યાદિ પોતાના તાતની શિખામણ સાંભળીને ધારિણી કહેવા લાગી કે-'હે તાત! સ્મશાનની જેવા સસરાના ઘરનો તો મેં સર્વથા ત્યાગ કર્યો છે. હે પિતાજી! વારંવાર દાવાનળથી દગ્ધ થયેલી લતા કદાચ નવાંકુરિત થાય પણ વાણીથી દગ્ધ થયેલા પુનઃ કદાપિ પ્રોલ્લસિત થતાજ નથી, હે તાત! મારા દુર્ભાગ્યથી મને ગૃહાવાસ વનવાસ જેવો થયો છે. કિલષ્ટ કર્મના ઉદયથી મારી સાસુ વિષમુખી થઇ છે. હે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાત ! હું કુવામાં કે અગ્નિમાં પડવાનું કબુલ કરીશ, પણ સસરાના ઘરે તો હવે કદાપિ જવાની નથી.' આ પ્રમાણેનાં પુત્રીનાં વચનો સાંભળીને શેઠ મુનિની જેમ મૌન ધરી રહ્યો; કારણ કે બહુ કહેવાથી વખત પર જીવનું પણ જોખમ થાય. એવામાં તેનો દીયર તેને ત્યાં બોલાવવા (તેડી જવા) આવ્યો; એટલે ધારિણીએ પોતાના પિતાને કહ્યું કે–' હે તાત ! મારે શ્વસુરના ઘરે જવું નથી.' આ પ્રમાણે સાંભળી શિર ખંજવાળીને પોતાની માતાનું ચેષ્ટિત સમજી ગયેલ તે જેમ આવ્યો હતો તેમ પાછો ચાલ્યો ગયો અને ઘેર જઇને મૌન ધરી બેસી રહ્યો.

અહીં કોઇ દરિદ્રીને યથારૂચિ ધન આપીને તેની પુત્રી સાથે પદ્માદેવીએ સત્વર પોતાના પુત્રને પરણાવ્યો અને પૂર્વની જેમ તે વધૂને પણ તે કર્કશ વચનનો માર મારવા લાગી. ' જેનો જે સ્વભાવ હોય છે તે કદાપિ અન્યથા થઇ શકતો નથી.' હે રાજન ! આથી વધૂજનોએ[1] મળીને સ્વરની જેમ સાન્વય એવું વધૂમારિ એવું તેનું નામ રાખ્યું છે. હે દેવ ! તે પદ્માદેવીને જંગમ કલિલતા સમાન અંગારશકટી નામે પુત્રી છે; કારણકે ' સામાન્ય રીતે પુત્રીઓ માતા સમાન અને પુત્રો પિતા સમાન જોવામાં આવે છે.' વિષકન્યાની જેમ તે કન્યાને કોઇ પરણતું નથી. તો હે સ્વામિન્ ! વસુભદ્રનો જો તેની સાથે સંયોગ થાય તો એકજ ઘરનો નાશ થાય પણ બીજું ઘર ન બગડે. "

આ પ્રમાણેની હકીકત સાંભળીને રાજાએ પોતે પોતાના પુત્રની જેમ સત્વર અંગારશકટી સાથે વસુભદ્રને પરણાવી દીધો અને અક્ષરપત્ર ( ફારગતી ) કરીને શેઠના ઘરથી તેને જુદો કર્યો. 'દુર્દાંત પુત્રોને બીજી કેવી શિક્ષા હોય ? '

પછી કળારહિત એવા તેણે અલ્પ સમયમાં સંગ્રહિત ધનનો વ્યય કરી નાખ્યો અને પોતે નિર્ધન બની ગયો. વળી સાક્ષાત્ શૂળી સમાન એવી સ્ત્રીથી પણ તે અત્યંત કદર્થના પામ્યો, એટલે વખત-

---

૧ ગામની વહુવારૂઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર અને સુખે સુખે તે ભોજન કે જળપાન પણ કરી શકતો નહોતો. ઘરમાં પેસતાં જ તે એક મૌનધારી જેવો થઇ જઇને કંઇ પણ બોલતો નહોતો અને કળહના ભયથી તે લલનાનું વચન ગુરૂવાકયની જેમ માની લેતો હતો. પછી દુ:ખિત થઇને દ્રવ્યોપાર્જન માટે વર્ષાકાળમાં તે હળ ચલાવવા લાગ્યો. કારણકે કોઈ પણ પ્રકારની કળારહિત પુરૂષો કૃષિ વિગેરે કર્મ કરીને જ પોતાનું ગુજરાન ચલાવે છે. તેની સ્ત્રી તેને લૂખું, ટાઢું અને કુત્સિત અન્ન બપોર પછી ખાવા આપતી હતી, છતાં તે રોજ મુંગે મ્હોડે જમી લેતો હતો.

એકદા ક્ષેત્રમાં દુર્બળ એવો તે હળ હાંકતો હતો, તે વખતે દુર્બળ શરીરવાળા અને લંગડા એવા બળદને મારતાં મારતાં તેણે આદરપૂર્વક કહ્યું કે–' અરે વૃષભ! તું સત્વર શાંત થઇ જા, નહિ તો મારી જેમ તને પણ પરણાવી દઇશ.' એ વખતે બહાર ફરવાને નીકળેલા રાજાએ તે બોલ સાંભળ્યા અને કહ્યું કે–' હે વત્સ! તારૂં પ્રબળ દુર્દાતપણું કયારે નાશ પામ્યું?' તે બોલ્યો કે–' હે દેવ! જ્યારથી તમે મને પરણાવ્યો છે, ત્યારપછી જ તત્ત્વવેત્તાને તત્ત્વની પ્રાપ્તિ થાય તેમ મને શાંતત્વ પ્રાપ્ત થયું છે ને દુર્દાતપણું નાશ પામ્યું છે. હે રાજન્! હવે પછી મારા વડીલો જે કાંઇ આદેશ કરશે તે ગૌરવપૂર્વક અને અહંકાર રહિત બજાવવાને તત્પર થયો છું.' આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને રાજાએ ગૌરવ સહિત તેને જિનચંદ્ર શેઠની **અમૃતસુખી** નામે સુતા પરણાવી.

પછી તે દૌર્જન્યથી સર્વથા મુક્ત, સદા સત્ક્રિયાને કરનાર, સર્વથા લોકોનું રંજન કરનાર અને શાંત થઈ ગયો. એ રીતે વિષયસુખ ભોગવતાં તેને એક પુત્ર થયો, એટલે રાજાએ તેનું **સોમદેવ** એવું નામ રાખ્યું.

એકદા સોમદેવ નાવપર બેસીને સમુદ્રમાર્ગે ચાલ્યો અને વ્યાપાર કરીને પરદેશથી પાછો ફરી તે પોતાના નગર પાસે આવ્યો; એટલે પૌત્રને મળવાને ઉત્સુક અને મહા ધૈર્યવાળો એવો વસુબંધુ તેની સાથે આવ્યો અને વહાણમાં બેઠેલા પોતાના પૌત્રને જોઇ તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આલિંગન તથા મસ્તકપર ચુંબન કર્યું. પછી સ્વસ્થ ચિત્તથી તેણે માર્ગનો બધો વૃત્તાંત પૂછયો; કારણ કે ચિરકાળે મળેલા સ્વજનોને એવી વાતોથી ધીરજ મળે છે.

તેજ વહાણમાં **ધર્મદેવ** નામે એક વણિકપુત્ર બેઠો હતો. તેને સોમદેવે પૂછયું કે—' આ સામે શું દેખાય છે ? ' એટલે તે બોલ્યો કે—' હે દેવ ! સામે જાણે બીજો પર્વત હોય તેવો કંઇ કારણથી બરાબર નિશ્ચળ થઇ ગયેલો મત્સ્ય છે, પણ હે ભદ્ર ! એ પર્વત નથી. ' તે સાંભળીને સોમદેવ બોલ્યો કે—' હે મહામતે ! એ મત્સ્ય નથી, પણ સમુદ્રમાં મત્સ્ય જેવો દેખાતો કોઇ પર્વત છે. હે ભદ્ર ! જો એ મત્સ્ય હોય તો મારૂં સર્વ ધન હું તને આપી દઉં, પણ જો એ પર્વત હોય તો તારે શી સરત કરવી છે ? ' એટલે ધર્મદેવ પ્રતિતાક્ષરમાં બોલ્યો કે—' જો એ પર્વત હોય તો મારૂં શિર તને આપી દઉં. ' એ પ્રમાણે તે બંનેએ કબુલત કરી અને તેમાં વસુબંધુને સાક્ષી રાખ્યો. પછી ધર્મદેવે ત્યાં જઇને તેની ઉપર બળતા તૃણનો પૂળો નાખ્યો; એટલે તે પીઠપર પડવાથી મત્સ્યને તાપ લાગ્યો તેથી લાકડીથી દીનની જેમ તે તરતજ ભાગી ગયો. તે વખતે પિતૃદત્તની જેમ ધનદેવે સોમદેવની પાસે સર્વ ધન માગ્યું. આથી તે અન્યત્ર આક્ષિપ્ત કરેલા મનની જેમ મૌન ધરી રહ્યો. ધનદેવે તે વૃત્તાંત રાજાની આગળ જઇને નિવેદન કર્યો; કારણ કે ' પરાભવ પામેલા જનોનું પિતાની જેમ રાજાજ સમાધાન કરે છે.' રાજાએ તેને પૂછયું કે—' અરે ! તમારા વિવાદમાં કોઇ સાક્ષી છે ? ' એટલે ધર્મદેવ બોલ્યો કે—' એનો પિતામહ જ સાક્ષી છે. ' પછી રાજાએ વસુબંધુને બોલાવીને પૂછયું; એટલે તેણે તે વૃત્તાંત સવિસ્તર સત્ય કહી બતાવ્યો. તેનું સત્ય વચન સાંભળીને રાજાએ કહ્યું કે—" અહો ! આ શેઠની સત્ય વાણી ! અહો ! એના વ્રતનું વિવેચન ! જેમ કૌસ્તુભ મણિથી કૃષ્ણનું વક્ષઃસ્થળ શોભે છે તેમ અંતરમાં રહેલા અકલંકી સત્યથી મનુષ્ય શોભા પામે છે. જ્યાં જન્મ, જરા અને મરણરૂપ કલ્લોલ છે એવો વિઘ્નોના સમૂહરૂપ મહાસાગર નાવની જેમ સત્ય વચનથી સુખે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરી શકાય છે. ધર્મવાન્ અને વિજ્ઞ છતાં અસત્ય બોલવાથી અશુચિમાં મંત્રપાઠીની જેમ તે આનંદી રહી શકતો નથી. ક્ષારસમુદ્રમાં ક્ષીરકૂપિકાની જેમ[1] આ અસાર વૈભવ છતાં તેમાં સત્ય વાણી એક સારરૂપ છે. ”

આ પ્રમાણે પ્રશંસા કરીને રાજાએ શ્રેષ્ઠીને કહ્યું કે–‘ પ્રપુત્રને માટે તમે અસત્ય કેમ ન બોલ્યા ? ’ તે બોલ્યો કે—‘ સ્વામિન્ ! શ્વેતાંબરાચાર્ય શ્રી દ્રુમઘોષની પાસે સર્વ વ્રતોને વિવિધ ભેદથી ભાવપૂર્વક ગ્રહણ કરતાં એ વ્રતગ્રહણમાં મેં વિશેષે નિશ્ચય કર્યો હતો કે કદિ અસત્ય ન બોલવું. આજે આપના આદેશથી તે વ્રત મેં બરાબર પાળ્યું છે. ’ પછી તેનો સત્કાર કરી તેના ભાલપર સત્યને સૂચવનાર સુવર્ણપટ્ટક બાંધીને રાજા પોતે તેને ઘરે મૂકવા ગયો. ત્યારપછી શ્રાવકના વ્રતો પાળી મરણ પામીને તે છઠ્ઠા લાંતક દેવલોકમાં ગયો અને ત્યાંથી ચ્યવી ભરતક્ષેત્રમાં મનુષ્ય થઇને મોક્ષે જશે.”

## ઇતિ દ્વિતીય વ્રતોપરી વસુબંધુ દૃષ્ટાંત.

કુંભરાજાએ આ કથા સાંભળીને ભગવંતને નમસ્કાર કરીને કહ્યું કે—‘ હે સ્વામિન્ ! સત્ય વ્રતમાં તત્પર એવો તે વસુબંધુ ખરેખર કૃતાર્થ થયો છે. ’

પછી ભગવંત અદત્તાદાનવિરતિરૂપ શુભ લક્ષણવાળું ત્રીજું અણુવ્રત પ્રકાશવા લાગ્યા:—

“ પ્રાય: ભારેકર્મી પ્રાણીને જ પરદ્રવ્ય લેવાની મતિ થાય છે. જુઓ, સોમ ( ચંદ્ર ) પણ પદ્મિનીની શોભાને રાત્રેજ હરણ કરે છે. તેમ જેઓ પરદ્રવ્યને હરણ કરે છે તેઓ ભારેકર્મી થઇ પ્રાપ્ત થયેલી કીર્ત્તિનો નાશ કરીને નરકમાં જાય છે, અને તેઓ અદત્તાદાનમાં આસક્ત થવાથી અત્યંત દુ:ખને પામે છે. હે ભવ્યો ! આ સંબંધમાં સંગમનું દૃષ્ટાંત બોધદાયક છે તે કહું છું. તે તમે લક્ષ દઇને સાંભળો:—

૧ ખારા સમુદ્રમાં મીઠા પાણીની વીલડીની જેમ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## તૃતીય વૃત્તોપરિ સંગમ દૃષ્ટાંત.

ઐરવત ક્ષેત્રમાં સોમપત્તન નામના નગરમાં શત્રુઓને કેતુ સમાન ચંદ્રકેતુ નામે રાજા હતો. તે નગરમાં સંગમ નામે એક ક્ષત્રિયાણીનો પુત્ર રહેતો હતો. તે પાંચ વરસનો થતાં બહુ ખાઉકણુ નીવડ્યો. એક દિવસે તેણે પોતાની માતાને કહ્યું કે-'હે માત ! મને તલ આપ.' એટલે તે બોલી કેઃ—' ખળાવાડમાં જઇને પોતાની ઇચ્છા પ્રમાણે લઇ લે. ' તે બોલ્યો કે—' ખળાવાળો તિલપતિ[૧] કાંઇ મારો તાત, બંધુ, મામો, કાકો કે ધણી થતો નથી, તો તે મને તલ શી રીતે આપશે ? ' એટલી તેની માતાએ તેને કંઠ સુધી ન્હવરાવ્યો, અને તલ મેળવવાનો ઉપાય સૂચવ્યો. તેથી આર્દ્ર શરીરે તે ખળામાં ગયો અને શ્યેનપાતની[૨] જેમ તે તલ ઉપર પડ્યો. પછી શ્રાંત થયેલા ( થાકેલા ) અશ્વની જેમ તેનાપર આળોટવા લાગ્યો. એટલે 'અરે પાપી ! અહીં બાળક્રીડા શા માટે કરે છે ? ' એમ કહેતાં ખળાવાળા તેને મારવા લાગ્યા. આથી તે ઉઠીને ત્યાંથી આસ્તે આસ્તે ભાગ્યો અને ઘરે આવી શરીરે લાગેલા તલ તેણે જમીન ઉપર પાડ્યા, એટલે તેની માતાએ તે બધા ભેગા કરી લીધા. પછી તેની સુખડી ( તલસાંકળી ) બનાવી દીધી. સંગમને તલ મેળવવાનો ઉપાય ઠીક હાથ લાગ્યો; એટલે તે નિરંતર એ પ્રમાણે કરી તલનો સ્વાદ મેળવીને મનમાં મગરૂર થવા લાગ્યો.

પ્રારંભમાં ' એ બાળક છે ' એમ ધારીને નગરજનો તેને હમેશાં છોડી મૂકતા હતા, તેથી મોટો થયો એટલે તે સંખ્યાબંધ સુભટોથી પણ દુર્ગ્રાહ્ય એવો તસ્કર થયો. સમુદ્રસમાન ખાઇને તે એક સામાન્ય ખાડા સમાન માનતો, અને મોટા મહેલોને તે ક્ષણવારમાં ધુળના ઢગલાની જેમ ઓળંગી જતો હતો. કોઇવાર તે મૌનધારી થઇને બેસી જતો, કોઇવાર ભિક્ષુક બનતો, કોઇવાર શ્રીમંત થતો અને કોઇવાર તે નાટકીઓ બની જતો હતો. આવી રીતે

૧ તલનો સ્વામી ( માલેક ) ૨ બાજ બીજા પક્ષીપર પડે તેમ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વસુધાપર તે વિદ્યાસિદ્ધની જેમ સર્વ રૂપધારી બન્યો. તેની માતા તેને રાગથી **સૂર** એવા નામથી પ્રગટ રીતે બોલાવતી હતી.

એકદા તેના **યશોનાગ** નામના મામાએ એકાંતમાં શિષ્યને ગુરૂ આપે તેમ તેમ શિખામણ આપી કે-“ હે સ્વચ્છાશય વત્સ ! હવે તારે ચોરીનો ત્યાગ કરવો ઉચિત છે. ખરેખર પરદ્રવ્યને હરણ કરનારા જનો કોમળ વૃક્ષની જેમ. છેદાય છે, દ્યૂતક્રીડામાં પાશાની જેમ વિવિધ રીતે માર ખાય છે અને અસવારોથી અશ્વોની જેમ તેઓ ચાબુકથી તાડના પામે છે. હે સુંદર ! આટલા દિવસ તેં આવું જે કર્યું, તે તારા બાળત્વથી મેં સહન કર્યું; કારણ કે ‘ બાળકો અજ્ઞ હોય ’ એવી કહેવત છે, પણ હવે સહન કરી શકું તેમ નથી.” આ પ્રમાણેના શિખામણના બોલ બીલકુલ ન સાંભળતાં–તે તો પોતાના ચોરી કરવાના કામમાં તેવો ને તેવોજ મચી રહ્યો. ‘ કરોડો દીવા જગવ્યા હોય તો પણ અંધને તે શું લાભ કરી શકે ? ’

એક દિવસ ત્યાં વસનાર ભદ્ર નામના સાર્થવાહના મહામંદિરમાં તે ખાતર પાડવા ગયો, પણ ત્યાં તેને કંઇ ઉપાય હાથ ન લાગ્યો. તેના દ્વાર આગળ સુભટો ઉભા હતા અને ભીંતોમાં ચારે બાજુ પાટીયાં લગાવેલા હતા. તેથી ખાતર પાડવાનો લાગ મળે તેમ નહોતું. આથી તે નિરૂપાય બની ગયો. એવામાં ભદ્રશેઠ એક દિવસે **ચંદન** દેશ તરફ ગયો, એટલે પદાતિની જેમ સંગમ પણ તેની પાછળ ગયો. ત્યાં જઇને તે મહામતિએ એવી વાત ચલાવી કે— “ભદ્રશેઠના ઘરમાં કોઇએ ખાતર પાડ્યું છે ’ આ કિંવદંતી અનુક્રમે ભદ્રશેઠને કાને આવી. એટલે તે પ્રગટ રીતે બોલ્યો કે–‘આ વાત સાચી જણાતી નથી; પરંતુ ભંડારનો ઉત્તર બાજુનો ખુણો કંઇક જર્જરિત છે, તેથી વખતસર ત્યાંથી ખાતર પાડ્યું હોય તો સંભવે છે, અન્યત્ર તો તેમ બનવુંજ અસંભવિત છે.’ આ પ્રમાણે મંત્રની જેમ તેનું વચન સાંભળી લઇને સંગમ નગર ભણી પાછો વળ્યો અને વિકસિત કમળ જેવી આકૃતિ કરીને રાત્રે ઉત્તર બાજુજ ખાતર પાડ્યું અને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભદ્રશેઠનું ધન ચોરી લઈને ત્યાં નિર્ભય ચિત્તે રહ્યો. અહીં ભદ્રશેઠ પણ તરતજ પાછો આવ્યો અને પ્રથમ તેણે તેજ સ્થાન જોયું. એટલે સિપાઈઓ બોલ્યા કે—' હે સ્વામિન્! આજ રાત્રેજ કોઈએ ખાતર પાડ્યું છે.' આ પ્રમાણેનાં તેમનાં વચન સાંભળીને શેઠ બોલ્યા કે—" ગઈ કાલે મેં સાંભળ્યું હતું કે-'તમારા ઘરમાં કોઈએ ખાતર પાડ્યું છે.' આ વાત અભાગ્યના ઉદયથી આજ સત્ય ઠરી. પણ બુદ્ધિપૂર્વક વિચાર કરતાં આ કોઈ ધૂર્તનું કામ હોય એમ લાગે છે; કારણ કે જે કાર્ય દેવોને પણ દુર્જેય હોય તે બુદ્ધિના વૈભવથી સાધ્ય થાય છે."

પછી અક્ષતની જેમ રત્નોથી થાળ ભરી રાજા પાસે જઈને શેઠે રાજાને તેની ભેટ કરી. પછી તેણે ખાતરનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને રાજાના લોચન કોપથી લાલચોળ અને દારૂણ થઈ ગયા. તરતજ કોટવાળને બોલાવીને તેણે આક્ષેપપૂર્વક આ પ્રમાણે કહ્યું કે:—' અરે કોટવાળ! તું હાજર છતાં તસ્કરો મારા સમસ્ત નગરને ખરેખર અનાથની જેમ લુંટે છે તેનું શું કારણ?' તે બોલ્યો કે—' હે નાથ! તે ચોરને પકડવાને ઘણા ઉપાયો કરવામાં આવ્યા છે, પણ સમુદ્રમાં નાખેલા ચૂર્ણની જેમ તેનો ક્યાંઇ પત્તો લાગતો નથી; પરંતુ હવે આજથી સાત દિવસમાં એ ચોરને આપની સમક્ષ રજુ કરીશ, નહિ તો તે ચોરનો દંડ મને આપજો.'

ત્યારથી તે કોટવાળ સતત્ નગરમાં ભમવા લાગ્યો. નગરમાં ભમતાં કોઇ સ્થુલાંગ પુરૂષને તેણે જોયો. પછી દૂર રહીને તેને પગલે પાછળ ચાલતાં બપોરે તે વિપ્રના વેષે શેઠને ઘરે જતો જોવામાં આવ્યો અને સંધ્યાએ સામંતપુત્રનો વેષ પહેરીને જતો જોવામાં આવ્યો. આ પ્રમાણે વેશપરાવર્તન જોઇને કોટવાળે જાણ્યું કે—'ચોક્કસ આ ચોર લાગે છે.' પછી તેને મયુરબંધને બાંધીને કોટવાળ રાજા પાસે લઇ ગયો, એવામાં તેના વસ્ત્રમાંથી ભદ્રશેઠના નામની મુદ્રિકા નીચે સરી પડી; એટલે રાજાના આદેશથી કોટવાળે તેને શૂ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શીપર ચડાવ્યો; એવામાં અજાણતાં તેની માતા ત્યાં આગળ આવી ચડી અને તલારક્ષકથી કટાક્ષિત થયેલા પોતાના પુત્રને શૂળીએ ચઢાવેલ જોઇને દુઃશુકનથી મુસાફરની જેમ ભય પામીને તે પલાયન કરી જવા લાગી; એટલામાં તે સંગમના જોવામાં આવવાથી તે બોલ્યો કે—'હે સિપાઇઓ! પેલી રાંડને સત્વર મારી પાસે લાવો, એટલે હું તમને ધનનું સ્થાન બતાવું.' આથી વરૂ જેમ બકરીને ઉપાડે તેમ ખરની જેમ બરાડા પાડતી તે બાઇને તેઓ ઉપાડી લાવ્યા; એટલે સંગમે તેને કહ્યું કે—"હે રંડે! તારી દુઃશિક્ષાનું આ ફળ મને પ્રાપ્ત થયું છે. તલની ચોરી કરતાં અને તેનું ભક્ષણ કરતાં જો તેં મને અટકાવ્યો હોત, તો આ અનર્થ અત્યારે મને ઉપસ્થિત ન થાત. 'વસ્ત્રમાં લાગેલા ગળીના રંગની જેમ બાલ્યપણામાં પડેલા સંસ્કાર દુસ્ત્યાજ્ય છે.' મારી તે વખતે તેં ઉપેક્ષા કરી, માટે તેંજ મને આજે મરાવ્યો છે." એમ કહીને પોતાના બે બાહુદંડથી તેને પોતાની પાસે ખેંચીને દંતાગ્રવતી તે દુરાશયે મૂળથી તેના કાન અને નાક કરડી ખાધા. આ પ્રમાણે દુષ્ટ કામ કરતાં રૌદ્રધ્યાનથી કદર્થિત થઇ રૌદ્રાત્મા એવો સંગમ મરણ પામીને પાંચમી નરકે ગયો. હે રાજન્! અદત્ત ગ્રહણ કરવાથી આવું અનિષ્ટ ફળ મળે છે; માટે હિતેચ્છુ જનોએ પરધનનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે."

## ઇતિ અદત્તાદાનોપરિ સંગમ દૃષ્ટાંત.

આ પ્રમાણેનું તેનું દૃષ્ટાંત સાંભળીને કુંભ રાજાએ કહ્યું કે-'હે નાથ! વાયુથી આંદોલિત ધ્વજાની જેમ આ કથા સાંભળીને અમારૂં ચિત્ત કંપાયમાન થાય છે. આધિપત્યના મદથી કેટલાક નિરપરાધી સામંત રાજાઓના ઘરો ખણાવીને અમે તેમનું સર્વસ્વ લઇ લીધું છે, કેટલાક બાળકોને મરાવી નાખ્યા છે અને વાર્ધકિ સમાન મેં લાખોગમે મનુષ્યોને વૃક્ષોની જેમ છિન્નભિન્ન કરી દઇ તેમનું સર્વસ્વ હરણ કરી લીધું છે. આ પ્રમાણે કરવાથી મેં જે પાપકર્મ ઉપાર્જન કર્યું છે તે આપના ચરણની રજથી હવે સત્વર હું ભસ્મીભૂત કરી નાખીશ.

પછી ભગવંત ચોથા અણુવ્રતની વ્યાખ્યા કરવા લાગ્યા કે–"બ્રહ્મચર્ય એ માહાત્મ્યરૂપ વૃક્ષને મેઘ સમાન **છે.** કેટલાક નવીન તરૂણ વયવાળા હોવા છતાં પણ વૃદ્ધની જેવા વિવેકી થઇ શીળ મલીન થવાની શંકાથી અનાચારમાં પ્રવર્તતા નથી. પરદારાસક્ત જનો ધનાપહારના દુઃખો, નાના પ્રકારની કદર્થના અને અંગોપાંગનો વિચ્છેદ પામે છે. શીળ એ વિશ્વાસનું સ્થાન છે, ઉન્નતિનું કારણ છે, સર્વ સુખોનું નિધાન છે અને કીર્ત્તિરૂપી નદીના એક પર્વતરૂપ છે. શીલ એ કોઇથી હરણ ન કરી શકાય તેવો શૃંગાર છે, તે સર્વાંગ ભૂષણરૂપ છે, શ્રી સર્વજ્ઞના ધર્મરૂપ વૃક્ષનું તે મૂળ છે અને શીળ એ લક્ષ્મીનું સ્થાન છે. શીળવ્રતના ગુણથી આકૃષ્ટ થયેલા દેવો પણ પદાતિની જેમ સ્મરણમાત્રથી આવે છે અને વિસર્જન કરવાથી જાય છે. જેઓ દૃઢ વ્રતધારી થઇ સ્વદારાસંતોષને ભજે છે, તેમને સુદર્શન શેઠની જેમ શૂળી સિંહાસનરૂપ થાય છે. તે કથા આ પ્રમાણે છેઃ—

## ચતુર્થવ્રતોપરિ સુદર્શન શ્રેષ્ઠી કથા.

'ભરતક્ષેત્રના અંગ નામના દેશમાં ચંપા નામે નગરી છે. ત્યાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને લાવણ્યસંપત્તિના ધામરૂપ અભયા નામે પટરાણી હતી. તે રાણીની બુદ્ધિના પાત્રભૂત પંડિતા નામે ધાત્રી હતી. તે નગરીમાં સંપત્તિના સ્થાનરૂપ વૃષભદાસ નામે શેઠ રહેતો હતો. તેને યથાર્થ નામવાળી અર્હદ્દાસી નામે પતિવ્રતા પત્ની હતી. એ શેઠનો દયાળુ, મધુર બોલનાર, શાંત અને સુભગ આશયવાળો સુભગ નામે ભેંશને ચારનાર નોકર હતો.

એક દિવસે ભેંશો ચારીને સુભગ પાછો વળ્યો, એવામાં તપથી કૃશ થયેલા અને સાક્ષાત્ જાણે શમ હોય એવા મુનિને તેણે જોયા. નગરીના સમીપમાં વસ્ત્રરહિત કાયોત્સર્ગે રહેલા અને મહા સત્ત્વવંત એવા તે મહાત્માને જોઇને સુભગ ચિંતવવા લાગ્યો કે–'અહો! આ મહાત્મા ધન્ય અને પુણ્યવંત છે કે જે ગેંડાના શૃંગની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમ એકાકી આ સ્મશાનભૂમિમાં ઉભા રહ્યા છે.' અહીં દિનાંતે પણ તેમનું અવિનશ્વર તેજ જોઇને જ સૂર્ય સમુદ્રમાં નિમગ્ન થઈ ગયો; કારણકે 'લજ્જિત થયેલ શું ન કરે?' સૂર્ય અસ્ત પામ્યો એટલે દૃષ્ટિપ્રચારને રોકનાર, અને સજ્જનોના માર્ગને બંધ કરનાર અંધકારે કુનરપતિની સેવાની જેમ આશા (દિશા) ને ચોતરફથી રોકી દીધી. પછી વિકાળ (સાંજ) થયેલ જાણીને ભેંશોને લઇને મુનિના ચરણકમળને સંભારતો તે સુભગ શેઠને ઘરે આવ્યો અને ભેંશોને દોહવા વિગેરેનું પોતાનું કામ કરીને ઉચિત સ્થાને ઘાસની કઠણ પથારી પર સુઇ ગયો.

સુતાં સુતાં તે ચિંતવવા લાગ્યો કે—'અહો! આ વિકરાળ શિશિર ઋતુ તુષારકણને વરસાવનાર, કમલિનીના વનને દહન કરનાર અને લતાશ્રેણિને ખંડિત કરનાર છે. એ શીતઋતુમાં ધનિક જનો પોતાના નિર્વાત વાસગૃહમાં રહીને અને ધગધગતી સગડીનો આશ્રય લઇને એ ઋતુને સુખપૂર્વક વ્યતિત કરે છે અને અમારા જેવા ગરીબો તો શરીરે તેલ ચોપડીને અને ગોદડીનો આશ્રય લઇને ઘાસની પથારીમાં મહારાત્રિને વ્યતીત કરે છે; પરંતુ પેલા યતિ તો જન્મવખતની જેમ બિલકુલ વસ્ત્રરહિત નગર બહાર ઉભા રહ્યા છે, તો આ એકદમ પડતા અસહ્ય શીતને તેઓ શીરીતે સહન કરી શકશે? જો તે વખતે મેં મારૂં વસ્ત્ર તે મહાત્માને ઓઢાડયું હોત તો મહાસત્વશાળી એવા તે આ શીતને નિઃસંશય સુખે સહન કરી શકત.'

આ પ્રમાણે વિચાર કરતાં પ્રભાત થઇ, એટલે પોતાનું કામ કરીને આદરપૂર્વક તે સુભગ મુનિચરણથી પાવન થયેલા તે પ્રદેશમાં આવ્યો. એવામાં અંધકારનો સંહાર કરીને દિશાઓને પ્રકાશતો સૂર્ય પણ પૂર્વાચળપર ઉદય પામ્યો, એટલે '**नमोऽर्हद्भ्यः**' એ પદ કહીને ગરૂડની જેમ તે મહાત્મા એના દેખતાં આકાશમાં ઉત્પતી ગયા; એટલે સુભગ વિચારવા લાગ્યો કે—" અહો! આજે ભાગ્યહીન જનોમાં ખરેખર હું મુખ્ય થયો કે એ મુનિને મેં વંદન પણ ન કર્યું અને એમના મુખથી ધર્મ પણ ન સાંભળ્યો; પરતું જે મંત્રથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ મહામુનિ આકાશમાર્ગે ઉત્પતી ગયા તે મંત્ર બરાબર મારા સાંભળવામાં આવેલ છે; માટે હું કૃતાર્થ થયો છું. એ મંત્રથી મુનિરાજની જેમ મને પણ આકાશગામિત્વ પ્રાપ્ત થશે." એમ ધારીને તે ' **नमोऽर्हद्भ्यः** ' એટલા અક્ષરો વારંવાર બોલવા લાગ્યો. સ્વભાવે ભદ્ર આશયવાળો તે ભોજનાવસરે, રાત્રે સુતાં, અને જાગતાં તે મંત્રને ગોખવા લાગ્યો.

એકદા ઉંચે સ્વરે તે શબ્દને ગોખતો તેને સાંભળીને શેઠની સ્ત્રી કહેવા લાગી કે—'અરે નાદાન! અમારા મંત્રની મશ્કરી કેમ કરે છે?' તે બોલ્યો કે—' હે માત! હું એ મંત્રને હસતો નથી, પણ આપ પ્રસન્ન થઇને એનાથી થયેલ લાભ અને મંગળ બધું સાંભળશો તો તમને પણ આનંદ થશે.' પછી સદાચારી એવા તેણે તે મહાત્માનો વૃત્તાંત કહી સંભળાવ્યો; એટલે તે શ્રાવિકાએ તે વાત સત્ય માની અને તેને કહ્યું કે—'હે ભદ્ર! સર્વ મંત્રો, વિદ્યાઓ, નિધાનો, સમસ્ત મંગળો અને નિર્વાણસંપત્તિઓમાં આ મંત્ર આદ્ય છે, માટે સારા સ્થાનમાં પવિત્ર થઇને જંગમ કલ્પવૃક્ષ સદૃશ એ મહામંત્રનું ભાવથી તારે સ્મરણ કરવું. ( જ્યાં ત્યાં જેવે તેવે શરીરે એ મંત્ર ન બોલવો.)' આ પ્રમાણે સાંભળીને તે બોલ્યો કે—' હે માત! કાલે આ મનોહર મંત્ર મને સંપૂર્ણ ( આખો ) શીખવજો.' પછી બીજે દિવસે તે પરમશ્રાવિકાએ તેને આખો નવકારમંત્ર શીખવ્યો.

અન્યદા ગ્રીષ્મઋતુ રૂપ વેતાળનો ઉચ્છેદ કરનાર મંત્રની જેમ વનમહિષ જેવા શ્યામ મેઘમંડળથી આકાશ છવાઇ ગયું. જાણે મુસાફરોના ગમનને અટકાવનાર કામદેવની આજ્ઞા સર્વત્ર ફરતી હોય તેમ કર્ણને અત્યંત હર્ષ આપનાર મયૂરના કેકારવ સંભળાવા લાગ્યા. તોયરૂપ યોદ્ધાએ ધારારૂપ બાણોથી ભૂમિરૂપ ધનુર્ધરોને વીંધ્યા, તેથી વહન થયેલું જળ અશ્રુના મિષથી મુસાફરોનાં નેત્રોમાં જોવામાં આવ્યું. માટીના ગંધથી હાથીઓ ઉન્મત્ત થવા લાગ્યા; કારણ કે ' મલિનનો ઉદય થતાં મલિન આનંદ પામે તેમાં આશ્ચર્ય શું?' મધુકરો પદ્મિનીને મૂકીને માલતીનું સેવન કરવા લાગ્યા. ' સર્વજનો સંપૂર્ણને

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સેવે છે અને નિઃસારને દૂરથીજ તજી દે છે.' એવે સમયે વરસાદ મંદ મંદ વરસતો હતો. તે વખતે સુભગ ભેંશોને લઈને ગંગાનદીની નજીકના વિશાળ તટપર ચારવાને ગયો, ત્યાં જળધરે જળધારાથી વસુધાને એવી પૂરી દીધી કે નીચા ઉંચા સ્થળ વિગેરે કાંઇ જાણુવામાં આવતું નહિ. કૂકાર ( कृ ) સદૃશ આકારવાળી વીજળીએ એક તેજસ્વી દીવાનું રૂપ ધારણ કર્યું અને કાજળ જેવા શ્યામ દુર્દિનોએ બરાબર રાત્રિનું રૂપ ધારણ કર્યું. વિજળીના ભયથીજ પક્ષીઓ માળામાં શાંત થઈને બેસી ગયા અને યાચકોની જેમ ચાતકો ચોમેર મેઘની સામે આલાપ કરવા લાગ્યા. તે વખતે સાધારણ પ્રવાહ નદીની જેવા અને નદીઓ સમુદ્રની જેવી ભાસવા લાગી. કલ્પાંત કાળની જેમ પૃથ્વી જળનું એક પાત્ર થઇ ગઇ. આ વખતે સુભગ કાંબળી ઓઢીને એક નાગદેવના મંદિરમાં બહુવાર બેસી રહ્યો, એટલે ભેંશો નદીના પેલા કિનારાપર ચાલી ગઈ. એવામાં પક્ષીઓના કલકલ શબ્દથી સંધ્યા સમય થયેલો જાણીને સુભગ દેરામાંથી બહાર નીકળી ભેંશોને ચોમેર જોવા લાગ્યો. કલ્પના કરતાં તેને જણાયું કે—'મારી ભેંશો ગંગાના પેલા કિનારાપર ચરવા ગઇ છે, માટે હવે શું કરવું ?' આ પ્રમાણે ચિંતવી 'नमोऽर्हद्भ्यः' એ પૂર્વે સાંભળેલ મંત્રનું સ્મરણ કરતો સુભગ જળના અતિશય અવાજથી દારૂણ એવી ગંગામાં પડ્યો. તે વખતે મૂળસહિત ઉખડી આવેલા મોટા વૃક્ષો ઘાસની જેમ ગંગાનદીમાં તરતાં હતાં. 'સ્થાનનો ભ્રંશ થતાં સ્થિતિ ક્યાંથી હોય ?' મેઘદેવોએ જળની સાથે વિમાનો મૂક્યા હોય તેમ કિનારાપર આવેલા ગામોના ઘરો તણાઇ આવીને તરતા તરતા શોભતા હતા. જાણે યમરાજના પ્રચંડ મંગળના વાજીત્રોના નાદ હોય તેમ જળમાં તણાતા લોકોના કરૂણાજનક શબ્દો સંભળાતા હતા. એવી ગંગામાં પ્રવેશ કરતાં જાણે એક રથ ભાગી ગયો હોય તેમ તરવામાં અતિ કુશળ એવા સુભગને અત્યંત તીક્ષ્ણ એવો ખીલો વાગ્યો અને તેથી તે જાણે શૂળીથી વીંધાયો હોય તેવો સ્થિર થઈ ગયો. તે ખીલાએ એટલી પીડા કરી કે સદ્ગતિના શાસન સમાન

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પંચ નમસ્કારનું સ્મરણ કરતાં સુભગ તરતજ પંચત્વ પામ્યો. ' અહો ! ભવિતવ્યતા ખરેખર દુર્લંઘ્ય છે. '

સુભગ મરણ પામીને શુભ ધ્યાનના યોગથી વૃષભદાસ શેઠની સ્ત્રી અર્હદાસીની કુક્ષિમાં ઉત્તમ સ્વપ્નથી સૂચિત પુત્રપણે ઉત્પન્ન થયો. એટલે ઉત્તમગર્ભના પ્રભાવે ' હું જિનેશ્વરોની પૂજા કરૂં, દીન જનોને દાન આપું, સુપાત્રે ધન વાપરૂં અને બંદીજનોને કેદખાનામાંથી મુક્ત કરાવું. ' આ પ્રમાણેના અર્હદાસીને ઉત્તમ દોહલા[1] ઉત્પન્ન થયા. શ્રેષ્ઠીએ પોતાની સંપત્તિના અનુસારે અમારિઘોષણાપૂર્વક તે સર્વ દોહલા પૂર્ણ કર્યા. પછી અવસરે પુત્રજન્મ થતાં તેણે મનોહર મહોત્સવ કર્યો અને પ્રેમપૂર્વક તેનું ' સુદર્શન ' એવું સત્યાર્થ નામ રાખ્યું. પછી દિવસે દિવસે દેહ અને કળાઓથી વૃદ્ધિ પામતો તે બાળક ચંદ્રમાની જેમ નેત્રને આનંદદાયક થઇ પડ્યો. અનુક્રમે લલનાઓના મનરૂપ પદ્મને ઉલ્લાસ પમાડવામાં ભાસ્કર સમાન એવા પૂર્ણ યૌવનવયને તે પામ્યો; એટલે તેના પિતાએ આનંદપૂર્વક **સાગરદત્ત** શેઠની **મનોરમા** નામે શુભ કન્યા સાથે તેને પરણાવ્યો, અને પોતે પુત્રને પોતાના પદપર સ્થાપીને ચારિત્ર ગ્રહણ કર્યું.

સદા શુભ દર્શનવાળો સુદર્શન થોડા વખતમાંજ સજ્જનોને શ્લાઘ્ય થઇ પડ્યો. રૂપમાં કામદેવ જેવો, બુદ્ધિમાં બૃહસ્પતિ જેવો અને ગૃહસ્થ છતાં પોતાના પવિત્ર ચરિત્રથી તે મુનિ જેવો હતો. સત્યવચનથી તેનું મુખ, વિવેકથી તેનું મન અને લાવણ્યથી તેનું રૂપ શોભતું હતું. સર્વજ્ઞના શાસનપર તેને રાગ હતો, સ્ત્રીઓપર નહોતો. ધર્મશાસ્ત્રનુંજ તેને વ્યસન હતું, કામશાસ્ત્રમાં લેશ પણ તેને પ્રેમ નહોતો. ગુરૂમહારાજ પાસે બાર પ્રકારનો શ્રાદ્ધધર્મ તેણે અંગીકાર કર્યો હતો અને વિશિષ્ટ બુદ્ધિવાળો એવો તે પરમશ્રાવક થયો હતો. તે રાજા વિગેરેને પણ માન્ય હતો, તો પછી નગરજનોમાં માનપાત્ર હોય તેમાં તો શું આશ્ચર્ય ? તેનું શીલ અને વચન

[1] ગર્ભવતી સ્ત્રીને થતી ઇચ્છાઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનોરમ હતાં. તેને સારી મતિવાળો કપિલ નામે એક સન્મિત્ર હતો. ષટ્કર્મમાં શ્રદ્ધાયુક્ત એવો તે કપિલ રાજાનો પુરોહિત હતો. તે કપિલને તારૂણ્યના મદથી વિહ્વળ, ચોસઠ કળાઓનું પાત્ર, દક્ષ અને પોતાને પંડિત માનનારી એવી કપિલા નામે પત્ની હતી.

એકદા કપિલે પોતાની સ્ત્રી પાસે પ્રેમપૂર્વક દેવો કરતાં પણ મનોહર એવા સુદર્શન શેઠના ગુણોનું વર્ણન કર્યું. આથી તે જાણે કામબાણથી ઘાયલ થઇ ગઇ હોય તેમ તેનાપર રાગી થઇ ગઈ; તેથી તેને ક્યાંઇ ચેન પડયું નહિ અને કામોત્સુક એવી તેને સુદર્શનને જોવાની પ્રગળ ઈચ્છા ઉત્પન્ન થઇ.

એકદા રાજાના કામ પ્રસંગે કપિલ ગ્રામાંતર ગયો; એટલે પ્રસ્તાવને જાણનારી કપિલાએ ધાત્રીને કહ્યું કે—'હે ભદ્રે! સુદર્શન શેઠને જઇને કહે કે--'હે શ્રેષ્ઠિન્! તમારા મિત્રના શરીરે સારૂં નથી, છતાં તેને કુશળ પૂછવાને પણ તમે કેમ આવતા નથી?' આ પ્રમાણે વારંવાર સમજાવી-શીખવીને તેણે પોતાની ધાત્રીને સુદર્શન પાસે મોકલી, એટલે તેણે તેને ઘરે જઇને તે પ્રમાણે કહ્યું, તે સાંભળીને મિત્રવત્સલ એવા સુદર્શને તરતજ કપિલને ત્યાં આવીને તેની પત્નીને કહ્યું કે—'હે ભ્રાતૃપત્ની! મારો ભ્રાતા ક્યાં છે?' એટલે તે બોલી કે—'તમારા ભ્રાતા ઘરમાં સુતા છે, માટે હે સદાશય! આપ તેની પાસે સત્વર જાઓ.' સુદર્શને ઘરમાં પ્રવેશ કર્યો, પણ પોતાનો મિત્ર ન જોયો, એટલે પુનઃ તે બોલ્યો કે—'હે ભ્રાતૃજાયે! બાળકની જેમ મને શામાટે છેતરો છો?' એટલે હૃદય, નાભિ, સ્તન અને નેત્રરૂપ કામાસ્ત્રોને પ્રગટ રીતે ધારણ કરતી અને નયનોને નચાવતી કપિલા તેની સામે આવીને ઉભી રહી અને કહેવા લાગી કે— 'હે નાથ! જ્યારથી તમારા રૂપાદિકનું વર્ણન સાંભળ્યું છે, ત્યારથી મારૂં શરીર કામથી તપ્ત થઇ ગયું છે, માટે હે પ્રિય! તમારા સંગમરૂપ અમૃતથી મારા શરીરને શાંત કરો કે જેથી હું કંદર્પના દાહથી ભસ્મીભૂત ન થઇ જાઉં.' આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રેષ્ઠીએ હસીને કહ્યું કે—'હે મુગ્ધે ! ખરેખર તું મુગ્ધ લાગે છે ? હું તો નપુંસક છું, માત્ર પુરૂષના વેષેજ પ્રગટ રીતે ફરૂં છું.' આ વાક્ય સાંભળતાંજ કપિલા તો મૌન થઇ ગઇ; એટલે એ પ્રકારના કૂટ પ્રયોગથી પોતાના આત્માને કપિલા પાસેથી છોડાવીને શુભ આશયવાળો શ્રેષ્ઠિવર્ય પોતાને ઘરે આવ્યો. પછી તેણે પોતાના મનમાં નિરધાર કર્યો કે—'હવે પછી પ્રયોજન છતાં પણ મારે પારકે ઘેર જવું નહિ, કારણ કે પરઘર જતાં વખતપર અનર્થ નીપજવાનો સંભવ છે.'

એકદા માનિનીઓના માનનું મર્દન કરનાર, સ્મર (કામદેવ)ને સંજીવન ઔષધરૂપ અને પદ્મિનીઓને નૃત્ય કરાવનાર વસંતઋતુ આવી, એટલે બંદી જનોના સ્વરની જેમ ભ્રમરીઓના ગુંજારવથી અને કોકિલાઓના કૂજિતથી સુઇ ગયેલો કામદેવ રાજા જાગ્રત થયો. તે વખતે પ્રતિવૃક્ષે શાખાઓમાં લટકાવેલ હીંચકાઓ જોવામાં આવતા હતા, તે જાણે મુસાફરોના પ્રાણરૂપ પક્ષીઓને પકડવાને કામદેવે પાશ માંડ્યા હોય તેવા ભાસતા હતા. એ અવસરે વસંતની શોભાથી વિકસિત થયેલા વનને જોવાને માટે પરિવાર સહિત **દધિવાહન** રાજા નગર બહાર નીકળ્યો, એટલે રૂપમાં મન્મથ સમાન સુદર્શન શેઠ પણ નંદનવન સમાન તે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો, તથા યજ્ઞકર્મમાં કુશળ અને અતિ ધીરતાથી અક્ષરોચ્ચાર કરી દિશાઓને બધિર બનાવનાર એવા વેદવેત્તા બ્રાહ્મણો સહિત કપિલ વિપ્ર પણ વનમાં જવા ચાલ્યો. એટલે તેની પાછળ અનેક બ્રાહ્મણીઓ સહિત કપિલા પણ જવાને તૈયાર થઇ. તેની આગળ અભયારાણી પણ સારા યાનપર બેસીને ચાલી. અને શોભાયુકત સર્વ અલંકારોથી વિભૂષિત મનોરમા પણ વિષ્ણુની ભુજાઓની જેવા પોતાના ચાર પુત્રો સાથે ઉદ્યાનમાં જવાને ચાલી. તે અવસરે દેવીઓને પણ દુર્લભ એવું તે મનોરમાનું લીલાયિત જોઇને કપિલાએ રાણીને પૂછ્યું કે—'આ સુંદર સુંદરી કોની પત્ની છે ?' રાણી બોલી કે—'એ સુદર્શન શેઠની મનોરમા નામે પત્ની છે અને જાણે સાક્ષાત ઉપાય[1] હોય

[1] સામ, દામ, દંડ, ભેદ.

તેવા આ ચાર તેના પુત્રો છે.' આ પ્રમાણે દેવીએ કહ્યું. એટલે કપિલા હસીને બોલી કે-' અહો! વણિક્‌લલનાઓનું કેવું કૌશલ્ય? કારણ કે એનો પતિ તો નપુંસક છે, છતાં એને પુત્રો કેમ થાય? આવી અન્યોઅન્ય વિરૂદ્ધતા છતાં વણિક્‌પત્ની પતિવ્રતા ગણાય! કદાચ આકાશમાં પદ્મ થાય અને અગ્નિ ગાંઠે બંધાય, તો પણ એ શેઠ નપુંસક હોવાથી તેને પુત્રો ન થાય.' એટલે અભયારાણી બોલી કે--' હે મુગ્ધે! એ વાત તેં શી રીતે જાણી?' એના ઉત્તરમાં તેણે રાણી પાસે પૂર્વનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને રાણી હસીને બોલી કે-' હે મુગ્ધ કપિલા! કામશાસ્ત્રના અર્થથી અજ્ઞાત વૃથા પોતાને પંડિત માનનારી! એ શેઠ ભગિની સમાન પરસ્ત્રીઓમાં તો સદા નપુંસક સમાન છે, પણ પોતાની સ્ત્રીઓ પાસે તે નપુંસક નથી. માટે હે મુગ્ધે! તે સુબુદ્ધિએ છળ કરીને તને છેતરી છે.' એટલે કપિલા બોલી કે--' હે સખી! હું તો ભલે એવી છું, પણ કામશાસ્ત્રની નિપુણતા તમારામાં તો છે. હું તો જેવી છું તેવી તમે મને જાણી લીધી, પણ હવે હે દેવી! કામશાસ્ત્રમાં આપની દક્ષતા કેવી છે તે જોઇશ. એને રાજાની જેમ લજ્જારહિત થઇને તમે જોઉં કેવા રમાડો છો?' તે સાંભળીને રાણી બોલી કે-' હે સખી! જો હું એને ન રમાડું, તો મને પણ તારે કૌશલ સહિત છતાં તારી જેવી એક સાધારણ રમણી સમજી લેવી.' આ પ્રમાણે રાણી ગરિષ્ઠ પ્રતિજ્ઞા લઇ, ઉદ્યાનમાં યથેચ્છ ક્રિડા કરીને પોતાના મહેલમાં આવી.

હવે એ અભયારાણીને એક વિશ્વાસપાત્ર પંડિતા નામે ધાત્રી હતી. તેની આગળ રાણીએ એકાંતમાં આદરપૂર્વક કહ્યું કે:-' કંઇક કપટપ્રપંચ રચીને સુદર્શનની સાથે મારો સમાગમ થાય તેમ કરી દે.' તે સાંભળીને ધાત્રી બોલી કે-' હે પુત્રી! હે રાજવલ્લભે! આ ભવમાં અને પરભવમાં પણ અપ્રિયંકર એવું અનુચિત તું શું બોલી? કારણ કે મહાસત્વશાળી, પરસ્ત્રીસહોદર અને પોતે ગૃહસ્થ છતાં સાધુ સમાન એવો એ સુદર્શન તને ઇચ્છશેજ કેમ? વળી જંગલમાંથી સિંહની જેમ તેને અહીં શી રીતે લાવવો? અને લાવતાં પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે તારી ઇચ્છાને પૂરે તેમ નથી, એ ચોક્કસ સમજજે.' એટલે અભયા રાણી બોલી કે—'મેં કપિલાની સાથે એને રમાડવાની સરત કરી છે, માટે ગમે તે રીતે તે પાર પડવીજ જોઇએ. વળી હે માત! બીજા કોઇની પાસે એ વાત કહી શકાય તેમ પણ નથી. વળી અતિ દુષ્કર કાર્યો કરવામાં તમેજ એક વિચક્ષણ છો.' પછી નિસાસો નાખી ક્ષણભર રહીને ધાત્રી બોલી કે—'હે વત્સે! મને એક ઉપાય સૂઝ્યો છે.' રાણી બોલી કે—'તે ઉપાય શું છે?' એટલે તે બોલી કે—'એ શેઠ પર્વ દિવસે પૌષધ કરે છે અને રાત્રીને વખતે ચત્વર વિગેરે શૂન્ય સ્થાનમાં મૌનપણે કાયોત્સર્ગ કરીને રહે છે. તો તારી ખાતર ત્યાં જઇને કાર્યોત્સર્ગમાં પરાયણ અને મૌન ધરીને રહેલા એવા તેને વસ્ત્રોમાં લપેટીને લઇ આવું. તેને માટે પ્રથમ બે ત્રણ વાર મન્મથની મૂર્તિ તેવી રીતે લાવવા લઇજવા વિગેરેનો પ્રયોગ કરવો પડશે. પછી મંમથની મૂર્તિના મિષથી દ્વારપાલોને વ્યામોહ પમાડીને સુદર્શનનેઅહીં લાવી શકાશે. ત્યાર પછી લીધેલી પ્રતિજ્ઞા તારે પૂર્ણ કરવી, એમાં મારૂં કામ નથી. કારણ કે એમાં કાંઇ મોટું લશ્કર જીતવાનું નથી.' આ પ્રમાણેના ધાત્રીના કથનથી રાણી પ્રમુદિત થઇ અને પંડિતાએ ઘણા વખત સુધી તેવો પ્રસ્તાવ જોયા કર્યો.

એકદા અષ્ટમીની રાત્રીએ કાર્યકુશળ એવી ધાત્રીએ મહા સત્વવંત એવા શેઠને પૌષધાગારમાં રહેલા જોયા. એટલે પુષ્પાદિક પુજાના સાધન લાવવા અને લઇ જવાના બાને કંદર્પમૂર્તિના મિષથી સુદર્શનશેઠને તે ઉપાડી આવી. એટલે તેને જોઇને પ્રાપ્ત થયેલ નિધાનની જેમ અભયા રાણી આનંદ પામી અને તીક્ષ્ણ કટાક્ષ બાણોથી તે શેઠને ક્ષોભ પમાડવા લાગી. અને બોલી કે:— 'હે લલનાપ્રિય! પોતાના સંગરૂપ સુધાસ્વાદથી સંકલિત એવી દયા લાવીને અદ્ભુત એવા સ્વર્ગસુખનો અહીં મનુષ્યપણામાંજ અનુભવ લ્યો. હે મૂઢ મનવાળા! આવું વ્રતકષ્ટ શાને ભોગવો છો? અનેક વ્રતો કરવાથી પણ દુષ્પ્રાપ્ય એવી હું અત્યારે વિનાપ્રયત્ને તમને પ્રાપ્ત થઇ છું. તો અનાથની જેમ મદનબાણોથી ઘાયલ થયેલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે હું તેની હે નાથ ! શા માટે ઉપેક્ષા કરો છો ? અબલા જનપર તો તમે દયાળુ છો. વળી હે ગુણાધાર ! તમારૂં સ્મરણ કરતાં મને દિવસો શતયુગ જેવા અને રાત્રિઓ બ્રાહ્મીના દિવસો જેવી ( લાંબી ) થઈ પડી હતી. રાત્રે સ્વપ્નોમાં, વાતોમાં અને દિશાઓમાં અવલોકન કરતાં તમે એકરૂપી છતાં જાણે સહસ્ર રૂપવાળા હો તેમ મારી નજર આગળ તર્યા કરતા હતા.'

આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને ધર્મધ્યાનમાં વિશેષે અનુરક્ત થઈ મનને શાંત રાખી શ્રેષ્ઠિએ સાકાર પ્રત્યાખ્યાન કર્યું. અહીં અભયા પણ યથામતિ નવા નવા પ્રકારે સરાગ વચન બોલવા લાગી. રૂપસંપત્તિમાં તો તે અભયા મુનિઓને પણ ક્ષોભ પમાડે તેવી હતી. અને પંચમ સ્વર તથા ગ્રામથી મનોહર એવા નવીન સંગીતને ગાતી હતી, તેણે આખી રાત્રિમાં અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છતાં તેને ક્ષોભ પમાડી ન શકી. એટલામાં સ્વદારસંતોષવ્રતથી પવિત્ર એવા સુદર્શનને જોવાનેજ થયો હોય તેમ સૂર્ય કિરણોથી અંધકારને સંહરતો પ્રભાત સમય થયો. એટલે અભયા બોલી કે—' ઉદકથી સન્નિપાતની જેમ મેં કહેલા શાંત વચનોથી તું સાધ્ય ન થયો, તો હવે હે દુષ્ટ ! નખના અગ્રભાગથી મારા દેહને ક્ષતયુક્ત કરીને હું ઉંચે સ્વરે પોકાર કરીશ, એટલે તને તારાં વ્રત બચાવવા નહિ આવે.' આ પ્રમાણે કહેવાથી પણ સુદર્શન શેઠ ક્ષુભિત ન થયો. એટલે રાજપત્ની 'અહો ! આ તો વજ્રમય લાગે છે, તેથીજ તે મારી પાસે પીગળ્યો નહિ.' એમ ચિંતવીને ઉંચે સ્વરે પોકાર કરવા લાગી. ' અહો ! ખરેખર સ્ત્રીઓ રક્ત થઈને અને વિરક્ત થઈને-બંને પ્રકારે મારે છે.' તે બોલી કે-' હે રક્ષકો ! આ માણસ બળાત્કારથી મારી લાજ લેવાને તૈયાર થયો છે અને તીક્ષ્ણ નખથી મને ઘાયલ કરી નાંખી છે. માટે સત્વર દોડો.' આ પ્રમાણે સાંભળીને રાજા-પોતે ત્યાં સત્વર આવ્યા અને પોતાના ચિત્તની જેમ વિશ્વાસના સ્થાનરૂપ એવા તે શેઠને તેણે જોયા. એટલે પ્રયત્નપૂર્વક તેણે પૂછયું કે—' આ તમારી શી દશા ?' છતાં તે તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશેષ રીતે સમાધિસ્થ થઈને મૌનજ રહ્યા, જ્યારે તેણે કંઈ પણ જવાબ ન આપ્યો ત્યારે રાજા તેનાપર વિશેષે ક્રોધાયમાન થયો અને પોતાના પુરૂષોને હુકમ કર્યો કે—' આને લઈ જઇને શૂળીપર ચડાવો. '

આ પ્રમાણેનો રાજાનો હુકમ થતાં સત્વર તે રાજપુરૂષો ' અરે પરદારલંપટ ! ' ઇત્યાદિ સર્પદંશ જેવા કઠણ શબ્દોથી તેના કર્ણપુટને ભેદવા લાગ્યા અને તેમણે તેના કંઠમાં શરાવલાં ( રામપાત્રો ) ની માળા નાખી, માથે નિંબપત્રોનો મુગટ પહેરાવ્યો અને શરીરે કાજળનો લેપ કરીને ગધેડાપર બેસાર્યો. પછી અત્યંત વિડંબના પમાડી સમસ્ત નગરમાં ફેરવીને પંચ નમસ્કારને સંભારતા એવા શેઠને તેઓ શ્મશાનમાં લઈ ગયા.

હવે શેઠની પત્ની મહાસતી મનોરમાએ વજ્રપાતની જેમ આ દુઃશ્રવ વાત સાંભળી. એટલે તે ચિંતવવા લાગી કે— " સર્વજ્ઞના શાસનને જાણનાર અને પરસ્ત્રીથી વિમુખ એવા શ્રેષ્ઠિ રાજાની પટરાણીને કેમ ઇચ્છે ? માટે આમાં કંઇક રાણીનો પ્રપંચજ લાગે છે. વળી રાણી તેવા પ્રપંચોથી ભરપૂર છે, ' પોતાનો અર્થ સિદ્ધ ન થતાં પ્રપંચી પ્રેમદાઓ શું ન કરે ? ' જળની જેમ અંતરમાં શૂન્ય અને બાહિર રમ્ય એવી રમણીને અત્યાસક્ત થઇને ભોગવતાં તે પુરૂષોનું ગળુંજ પકડે છે. લજ્જારૂપ કોશથી નિર્મુક્ત એવી સ્ત્રી શસ્ત્રી ( તરવાર ) ના જેવી ભયંકર છે. મહામોહથી જો તેવી સ્ત્રીને હાથમાં સ્થાપન કરવામાં આવે તો મ્યાનવિનાની તલવારની જેમ વિવેકી જનોને તે શું ન કરે ? "

આ પ્રમાણે ચિંતવી, સ્નાન કરી, બે શ્વેત વસ્ત્ર ધારણ કરી, સત્વર જિનબિંબની અર્ચા કરીને સતી મનોરમા બોલી કે–'હે શાસનદેવી માતા ! જો એ મારા સ્વામી પરસ્ત્રીમાં નિર્વિકારી હોય તો અત્યારે તેને સહાય કરો. ' એમ વ્યકતાક્ષર કહીને શિલાની જેમ શરીરને નિશ્ચલ રાખી નાસિકાના અગ્ર ભાગપર નેત્રોને સ્થાપન કરીને તે પરમ શ્રાવિકાએ કાયોત્સર્ગ કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વખતે જ તેના શીળના મહા પ્રભાવથી શાસનદેવી જ્યાં સુદર્શન શેઠને લઇ જવામાં આવેલ છે ત્યાં વધ્યભૂમિમાં આવી. અહીં સુદર્શન શેઠને શૂળીપર ચડાવ્યા, એટલે દેવીના પ્રભાવથી તે સિંહાસન થઇ ગયું. પછી નિર્લજ્જ એવા તે નગરરક્ષકોએ મ્યાનમાંથી તીક્ષ્ણ તરવારો કહાડીને શેઠના કંઠપર ચલાવી, એટલે દેવીના પ્રભાવથી તે પ્રહારો ચારે બાજુ ભ્રમણ કરતા ભ્રમરોથી મનોહર એવી પુષ્પમાળાઓ રૂપ થઇ ગયા. આથી સીપાઇઓએ ગળે ફાંસો દેવા માટે તેને ગળે દોરડી બાંધી, એટલે તે પણ જેમાં મુખ્ય મોતી ચલાયમાન છે એવી મુક્તામાળા બની ગઇ.

ત્યારપછી દેવીએ વધારે ક્રોધાયમાન થઇને આખી નગરીને ઢાંકી દે તેવી, કાળચક્ર જેવી અને યમના મુખ સમાન એક વિશાલ શિલા નગરી ઉપર વિકુર્વી. તે જોઇને નગરજનો સહિત રાજા ભયભ્રાંત થઇ ગયો. કેમકે 'સર્વ ભયો કરતાં મરણ એ મહાભય છે.' પછી તે દેવી બોલી કે–' મારૂં વચન સાંભળો–' હું પરિવાર અને પૌરજનોસહિત અપરાધી એવા રાજાને આ શિલાપાતથી મારી નાખું છું. સર્વથા દોષરહિત એવા શેઠના વધથી હું ક્રોધાયમાન થઇ ગઇ છું. માટે હે પૌરજનો! તમારા કષ્ટને નિવારનારા તમારા ઇષ્ટદેવતાને સંભારો. અરે મૂર્ખ રાજન્! તું તારી રાણીનું દુશ્ચેષ્ટિત જાણતો નથી. માટે હે મૂઢ! જે તેં સુદર્શન માટે ચિંતવ્યું છે તે ( મૃત્યુ ) તારે શિર પડે છે.' આ પ્રમાણેનાં વજ્રપાત સમાન દેવીનાં વચનો સાંભળીને મરણથી ભય પામતો રાજા બોલ્યો કે–' હે દેવી! મારો અપરાધ ક્ષમા કરો. મારાથી વિચાર્યા વિના થઇ ગયેલ મારો દુર્નય ક્ષંતવ્ય છે. મહાત્માઓ અપરાધી છતાં નમ્ર જનોપર દયાળુજ હોય છે.' તે સાંભળીને દેવી બોલી–' હે મૂઢ! જો એ સજ્જનને તું પોતે હાથીપર બેસારે અને છત્રધારકની જેમ તું પોતે એના મસ્તકપર જો છત્ર ધારણ કરે, તો તારૂં જીવિત અને રાજ્ય નિર્ભય થાય. અન્યથા આ શિલાપાતથી અવશ્ય તારો ઘાતજ થશે.' આ પ્રમાણે સાંભળીને ભયભીત થયેલ રાજા નગરજનો સહિત હાથમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભેટણું લઈને પગે ચાલતો વધ્યભૂમિમાં આવ્યો. અને બોલ્યો કે–'હે શ્રેષ્ઠિન્ ! તમે નિરપરાધી છતાં અપમાનપૂર્વક મેં આપને ખેદ પમાડ્યો છે તે ક્ષમા કરો અને આ સમસ્ત જનોને જીવિત આપો. હે નિર્વિકારી જનોમાં ઉત્તમ એવા શેઠ ! આપના પ્રભાવથી પદાતિની જેમ દેવતાઓ પણ હાજર થાય છે. તો પછી અમારી જેવાની શું ગણતી છે ?' આ પ્રમાણે કહી શ્રેષ્ઠતાયુક્ત એવા શેઠને હસ્તીની પીઠપર બેસારીને રાજાએ પોતે તેના મસ્તકપર નિર્મળ છત્ર ધારણ કર્યું. એટલે નગરજનો પ્રમુદિત થઈને જેના ગુણગાન કરી રહ્યા છે, બંદીજનોથી જેની સ્તુતિ ગવાઈ રહી છે, કવીશ્વરો જેનું વર્ણન કરી રહ્યા છે તથા વૃદ્ધ સ્ત્રીઓ પગલે પગલે જેનું મંગલ બોલી રહી છે અને જે સંસારથી વિરાગ પામેલ છે એવો શ્રેષ્ઠિવર્ય સુદર્શન પોતાને ઘરે આવ્યો. અને રાજા તેને ત્યાં મૂકીને પોતાના આવાસમાં ગયો. એટલે મનોરમાની અનુજ્ઞા લઈને શાસનદેવી પણ અદૃશ્ય થઈ. મનોરમાએ કાયોત્સર્ગ પાર્યો.

એકદા સુદર્શન શેઠ ચિંતવવા લાગ્યા કે–' ક્ષણવારમાં બંધન, ક્ષણવારમાં સત્કાર, ક્ષણવારમાં દુઃખ અને ક્ષણવારમાં સુખ–એમ આ ક્ષણિક સંસારમાં સર્વ ક્ષણિક દેખાય છે. સ્વાતિ નક્ષત્રની મર્યાદાવાળા મેઘ અને ગજાંત લક્ષ્મી[1]ની જેમ રાજપ્રસાદ પણ પ્રાંતે અવશ્ય દુઃખકર નીવડે છે. જે કર્ણોથી પોતાના ગુણોનું વર્ણન સાંભળ્યું હોય, તેજ કર્ણોથી ' અરે પારદારિક ! ' એવા કઠોર શબ્દો પણ સાંભળવા પડે છે. જેમણે અતિશય વિનયથી ચિરકાળ મારા ચરણોમા વંદન કર્યું હતું, તેમણેજ કૃપારહિત થઈને તીક્ષ્ણ તરવારોથી મારી ઉપર પ્રહાર કર્યા છે. એટલે આ જગતમાં સર્વ ક્ષણિક છે.' આ પ્રમાણે તે શુભ ભાવના ભાવતો હતો, એવામાં શ્રુતસાગરને ચંદ્રમા સમાન એવા કોઈ પાવન આકૃતિવાળા આચાર્ય ત્યાં પધાર્યા. એટલે રાજાએ અને નગરજનોએ રોકવાનો પ્રયત્ન કર્યા છતાં સન્મ-

---

૧ હાથી ઘોડાની સંપદાવાળી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તિવાળા સુદર્શન શ્રેષ્ઠીએ તેમની પાસે સંવેગથી ભાવપૂર્વક દીક્ષા અંગીકાર કરી.

અહીં તેવા ઉત્કૃષ્ટ પ્રભાવવાળા અને પ્રભાશાળી તે શેઠને જાણીને અભયાએ સત્વર ગળે ફાંસો દઇને પોતાના જીવિતનો ત્યાગ કર્યો અને તે પાટલીપુત્ર નગરના સ્મશાનમાં વ્યંતરી થઇ. કારણ કે ઉદ્બંધન ( ગળે ફાંસા ) વિગેરેથી વ્યંતરત્વ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે:—' ગળે ફાંસો ખાવાથી, વિષભક્ષણથી, રજ્જુબંધથી, અગ્નિથી અને જળપ્રવેશ વડે મૃત્યુ પામવાથી જો મરણ—વખતે કર્મલાઘવને યોગે કાંઇક વિશુદ્ધ ચિત્ત હોય તો વ્યંતરતા પ્રાપ્ત થાય છે, નહિ તો મહાદુ:ખના નિધાનરૂપ નરકાદિ દુર્ગતિ પ્રાપ્ત થાય છે. '

પેલી પંડિતા ધાત્રી પણ રાજાના ભયથી ભ્રાંત થઇને ચંપાપુરીથી પલાયન કરી પાટલીપુત્રમાં આવીને રહી. ત્યાં દેવદત્તા નામની વેશ્યાના ઘરે રહેતાં તે હમેશાં સુદર્શન શેઠના રૂપનું પ્રગટ રીતે વર્ણન કરતી હતી. એટલે તેના ગુણશ્રવણથી તેનાપર રાગ ઉત્પન્ન થવાને લીધે તે વેશ્યા કૃષ્ણપક્ષની ચંદ્રરેખાની જેમ દિવસે દિવસે ક્ષીણ થવા લાગી હતી.

મહાસત્વશાળી, ગીતાર્થ અને શ્રુતના પારગામી એવા ધીમાન્ સુદર્શનમુનિ ગુરૂના આદેશથી એકાકી વિચરવા લાગ્યા. તપથી જેમણે શરીરને શોષિત કરેલું છે અને જે સમસ્ત લબ્ધિના ભંડાર થયેલા છે એવા તે મહાત્મા મહીતલપર વિહાર કરતા અનુક્રમે પાટલીપુત્ર નગરે આવ્યા. ત્યાં સિદ્ધાંતોક્ત વિધિથી ભિક્ષાને માટે ભમતાં દેવદત્તાસહિત પેલી ધાત્રીએ તેમને જોયા, એટલે ગણિકા બોલી કે—' આ મહાનુભાવજ સુદર્શન નામના સાધુ છે કે જેની વાતોથી એક ક્ષણવારની જેમ હું દિવસ નિર્ગમન કરૂં છું. જો કે એ તપથી ક્ષીણ થઇ ગયેલા છે, તથાપિ અદ્દભુત રૂપવાન્ છે. સુવર્ણકળશ ભગ્ન થતાં પણ તે અન્ય કળશોની જેમ સાધારણ ગણાતો નથી. '

પછી તે ગણિકાના આદેશથી તેની દાસીએ મુનિ પાસે જઇને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કપટશ્રાવિકા બની મુનિના ચરણમાં વંદન કર્યું, અને કહ્યું કે-' હે ભગવાન્! મારી સ્વામિનીને ગઇ કાલે ઉપવાસ હતો અને અત્યારે પારણું કરવાનું છે માટે આપ ત્યાં લાભ દેવા પધારો.' એટલે તેના પ્રપંચને ન જાણતા, સરલ સ્વભાવી અને મહા સત્ત્વવંત એવા તે મહાત્મા દાસીએ બતાવેલ માર્ગે વેશ્યાને ઘરે આવ્યા. પછી મુનિના આચાર પ્રમાણે તે જેમ જેમ ઘરની અંદર પ્રવેશ કરતા ગયા, તેમ તેમ દુષ્ટ દાસી દ્વારને અર્ગલા દેતી ગઇ. એવામાં રંભા સમાન મનોહર એવી તે વેશ્યા પોતાના ચંચળ કટાક્ષપાત (નેત્રાંચલ) થી મહાત્માના ચારિત્રરૂપ અગ્નિને બુઝવવાનો પ્રયાસ કરવા લાગી. એટલે મુનિ ચિંતવવા લાગ્યા કે—' અહો! જો કે હું વ્રતધારી છું, તથાપિ મારૂં શરીર સાક્ષાત્ વિગ્રહરૂપ[1] થયું. માટે મારા સુંદર રૂપને ધિક્કાર થાઓ.' આમ ચિંતવી મૌન ધારણ કરીને મુનિ કાયોત્સર્ગે રહ્યા. કારણ કે કાયોત્સર્ગથી ઉપસર્ગો વિલય પામે છે. પછી તે દુષ્ટાએ કામચેષ્ટાથી મહાત્માને આખો દિવસ ખેદ પમાડ્યો, તથાપિ પાષાણમૂર્તિની જેમ તે ધ્યાનથી લેશ માત્ર પણ ચલાયમાન ન થયા. એટલે રાત્રે દેવદત્તાના આદેશથી પેલી દાસી તે સુદર્શન-મુનિને ક્રીડા કરતા ઘુવડ પક્ષીઓ અને શૃગાલ વિગેરેથી ભીષણ એવા સ્મશાનમાં મૂકી આવી. એવામાં ત્યાં ક્રિડા કરતી પેલી વ્યંતરીને એ મહામુનિને જોતાં અવધિજ્ઞાનવડે પૂર્વ વૈરનું સ્મરણ થયું. એટલે તેણે હિમ-કણને વરસનાર શીતલ વાયુ વિકૂર્વ્યો કે જેનાથી પાષાણ પણ વિદીર્ણ થઇ જાય, તો મનુષ્યના શરીરનું તો શું કહેવું? પછી તે વ્યંતરી શકુનિકાનું રૂપ વિકુર્વી પોતાની પાંખ જળથી ભરી ક્રોધથી તેમની ઉપર બેસીને પાંખમાં ભરેલા જળને આસ્તે આસ્તે છાંટવા લાગી અને તે પાંખને હલાવીને પંખાના જેવો પવન નાંખવા લાગી. મુનિ તો તપથી ક્ષીણ થયેલા અને વસ્ત્રરહિત હોવાથી તે શીતને સહન કરી શકે તેમ નહોતા તેથી કંપના મિષથી જાણે શીતને દૂર કરતા હોય તેમ શરીરે કંપવા લાગ્યા, અને મનમાં શુભ ભાવના

૧ કલેશ આપનાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવવા લાગ્યા કે–'અરે! જીવ! આ કષ્ટ તે શું માત્ર છે? આ તો નરકમાં પૂર્વે તેં જે કષ્ટ સહન કર્યું છે તેની વાનકી માત્ર છે. હે જીવ! નરકમાં પરમાધામી દેવોએ તને સંતપ્ત સીસું પાયું, કુંભીપાકમાં તને પચાવ્યો, દુર્ગંધથી ભરેલી વૈતરિણી નદીમાં ઉતાર્યો અને ભાલા વિગેરે શસ્ત્રોથી તને છિન્નભિન્ન કર્યો-તે કષ્ટને અંતરમાં વિચારતાં આ કષ્ટ શી ગણતીમાં છે ? આ શરીરને ક્ષીણ કરીને એ તારી ઉપર મહાન્ ઉપકાર કરે છે. એ ઉપકારનો બદલો એને આપવાને તું સમર્થ નથી. ' આ પ્રમાણે ભાવના ભાવતાં અને કષ્ટ સહન કરતાં સુદર્શન મહાત્માને સૂર્યોદય થતાં વિશ્વદીપક એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે ભક્તિથી આકર્ષિત થઇને દેવતાઓ ત્યાં આવ્યા અને મહોત્સવપૂર્વક કેવળજ્ઞાનનો મહિમા કરવા લાગ્યા. પછી તે મહાત્મા દેવકૃત પદ્માસનપર બિરાજમાન થયા, એટલે નગરવાસી જનો તેમને વંદન કરવા આવ્યા. મુનિએ દેશના આપી. તેમની દેશનાથી તે વ્યંતરી પ્રતિબોધ પામી એટલે તેણે અને અન્ય પણ ઘણા લોકોએ આર્હત ધર્મનો સ્વીકાર કર્યો. પછી ચિરકાળ મહીતલપર વિચરી ભવ્યજનોને પ્રતિબોધ આપીને સુદર્શન કેવલી સર્વ ક્લેશનો નાશ કરનાર એવા નિર્વાણપદને પામ્યા. '

હે રાજન્ ! ગૃહસ્થપણામાં પણ જેમ એ મહાનુભાવે સ્વદારા સંતોષ વ્રત પાળ્યું તેમ ઇતર પુરૂષોએ પણ અવશ્ય પાળવું. '

## ઇતિ ચતુર્થ વ્રતોપરી સુદર્શન શેઠ દૃષ્ટાંત.

કુંભરાજાએ ભગવંતને નમસ્કાર કરીને કહ્યું કે—' હે વિભો ! જિનશાસનમાં વિખ્યાત એવો સુદર્શન શ્રેષ્ઠી ધન્ય છે, જ્યાં સુધી પુરૂષ સ્ત્રીના કટાક્ષથી ઘાયલ થયેલ નથી, ત્યાંસુધીજ તે ધીમાન, પંડિત, શુચિ અને કૃતજ્ઞ છે. ઘનની જેમ કામિનીએ કરેલ મન્મથના વિકારોથી જાત્ય રત્નની જેમ જે ભેદાય નહિ, તેનું શીલ નિવૃત્તિના સ્થાનરૂપ છે.

પછી ભગવંત મેઘસમાન ગંભીર ગિરાથી પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતને પ્રકાશવા લાગ્યા—' અતિ ભારથી ભરેલું નાવ જેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાસાગરમાં નિમગ્ન થાય છે, તેમ પરિગ્રહ પ્રમાણથી ભ્રષ્ટ થયેલ-અપરિમિત પરિગ્રહવાળો પુરૂષ દુસ્તર સંસારમાં નિમગ્ન થાય છે, ધન, ધાન્ય, ક્ષેત્ર, વસ્તુ, રજત, સુવર્ણ, દ્વિપદ, ચતુષ્પદ અને કુપ્ય વિગેરેનું પ્રમાણ કરવું-તે પાંચમું અણુવ્રત છે. સચિત્ત અચિત્ત પદાર્થોની જેણે જેટલી વિરતિ કરી હોય, તેણે તેટલી પાળવી જોઇએ, મૂળ માર્ગની જેમ તેનું ઉલ્લંઘન કરવું નહીં. જિનશાસનના તત્ત્વને જાણનારા જે પ્રાણીઓ પરિગ્રહનું પરિમાણ કરે છે તેઓ ભોગદત્ત તથા સુદત્તની જેમ નિરંતર ભોગના પાત્ર થાય છે. તે કથા આ પ્રમાણે છે:—

## પરિગ્રહ પરિમાણ ઉપર ભોગદત્ત સુદત્ત કથા.

આ ભરતક્ષેત્રમાં પરિખાના મિષે જાણે સમુદ્રોથી વેષ્ટિત થયેલું હોય એવું **રત્નાકર** નામે નગર છે. તે નગરમાં જેના ગુણથી ગ્રથિત થયેલ કીર્ત્તિરૂપ વસ્ત્ર દિશાઓને આચ્છાદિત કરતું હતું એવો, પ્રતાપયુક્ત અને શત્રુઓને વશ કરનાર **સત્પ્રભ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેજ નગરમાં **ભોગદત્ત** નામે એક વિચક્ષણ શ્રેષ્ઠિપુત્ર રહેતો હતો, પરંતુ તે દૈવયોગે દરિદ્રી હતો. એકદા તે ચિંતવવા લાગ્યો કે-' લક્ષ્મી કીર્ત્તિની સખી છે, કલ્યાણ (સુવર્ણ) ને પાસરૂપ છે, વિપત્તિલતાને છેદવામાં દાતરડા સમાન છે અને રક્ષણ કરવામાં મંગલરૂપ છે. મનુષ્યોના જાતિ, કુળ, વિવેક અને રૂપાદિક સર્વે ગુણો જો તે એક લક્ષ્મીથી હીન હોય તો તૃણ સમાન લેખવાય છે. જુઓ ! સુવંશ[1] સગુણ[2], સપર્વ[3] અને કોટિમાન્[4] છતાં ધનુર્દંડ સતત લક્ષ ( લક્ષ્ય ) લાભને માટે પ્રયત્નશીલ રહે છે. તેજ પ્રમાણે સારા વંશમાં ઉત્પન્ન થયેલ, ગુણવાન્, બુદ્ધિમાન્ તથા ક્રોડ દ્રવ્યવાળો હોય છતાં મનુષ્યે લક્ષ-દ્રવ્ય મેળવવા માટે ઉદ્યુક્ત રહેવું પડે છે. સમુદ્ર લક્ષ્મીરહિત થવાથી તેના જળનું કોઇ પાન કરતું નથી. શક્રવૃક્ષના સ્વાદિષ્ટ ફળો શ્રીમંતના ઘરે હોય છે. પોતે ગોપમુખ્ય છતાં અને હલી ( બળદેવ ) નો

૧ સારાવાંસનું બનેલું, ૨ પણછવાળું, ૩ ગાંઠાવાળું, ૪ અણીઓવાળું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બંધુ છતાં લક્ષ્મીને સદા પાસે રાખેલ હોવાથીજ કૃષ્ણ–પુરૂષોત્તમ કહેવાય છે.'

આ પ્રમાણે ચિંતવીને દૈવને પોતાનો સહચારી બનાવી તે નગરથી બહાર ચાલી નીકળ્યો. જંગલમાં ચાલતાં વિસ્મયપૂર્વક તેણે એક યોગીને જોયો. પછી તેની આજ્ઞા પ્રમાણે વર્તવાથી અને બહુજ નમ્રતાથી તેના શિષ્ય બની ગયેલા તેણે તે યોગીને અત્યંત રંજિત કર્યો. 'અહો ! વિનયથી શું સિદ્ધ થતું નથી ?' તે યોગીએ તેને કહ્યું કે–' હે ભદ્ર ! તું આદરપૂર્વક નિરંતર મારી સેવા શા માટે કરે છે ? તારા મનમાં જે ઇચ્છા હોય તે કહી દે કે જેથી હું તારો મનોરથ પૂર્ણ કરૂં.' તે બોલ્યો કે–' હે યોગીંદ્ર ! હું દ્રવ્યનો અર્થી છું માટે તે મેળવવાનો ઉપાય બતાવો. ધનહીન પુરૂષ દુની-આમાં પશુ સમાન ગણાય છે.' એટલે યોગી બોલ્યો કે–'હે વત્સ ! અહીં કોટિવેધ રસથી ભરપૂર એક મનોહર કૂપિકા છે. તેમાં સત્વર પ્રવેશ કરીને એક નિમેષમાત્રમાં તેનો રસ ભરી લે કે જેથી તારા વાંછિતને પૂર્ણ કરનાર સુવર્ણસિદ્ધિ તને પ્રાપ્ત થાય. કારણ કે કલ્પ-વૃક્ષની જેમ રસાદિકનો મહિમા પણ અચિંત્ય કહેવાય છે.' ભોગ-દત્તે તે વાત કબુલ કરી એટલે યોગી તેને રસકૂપિકા પાસે લઇ ગયો. પછી તુંબડી સહિત તેને એક નાની માંચીપર બેસારીને તેણે લાંબા દોરડાથી ખાણની જેમ કૂપિકામાં ઉતાર્યો. તે કૂપિકામાં અર્ધો ઉતર્યો, તેવામાં જેના પ્રાણ કંઠે આવેલા છે એવા અને અધવચ પોલાણ-વાળા ભાગમાં બેઠેલા કોઈ પુરૂષના જોવામાં તે આવ્યો. એટલે અંદર રહેલો પુરૂષ બોલ્યો કે–-' અરે ! ભલા માણસ ! શા માટે રસ લેવાને તૈયાર થયો છે ? અહીં તને અવશ્ય મરણ પ્રાપ્ત થશે. યમની પાસે કુશળતા કયાંથી ? ' આ પ્રમાણે ભેરીના ભાંકાર સમાન તેનું વચન સાંભળીને તે બોલ્યો કે:–' તું કોણ છે ? અને અહીં શામાટે બેઠો છે તે કહે.' એટલે તે બોલ્યો કે–' ભ્રાત ! વેપારને પ્રિય માનનાર ધનગામનો રહેવાસી સુદત્ત નામે હું વેપારી છું. તે ગામ ચોરોની ધાડથી ભગ્ન અને ભસ્મીભૂત થઇ ગયું, એટલે કુટુંબીઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધન આપીને પ્રવાસે નીકળતાં અને જંગલમાં ભમતાં આ યોગીંદ્ર મારા જોવામાં આવ્યો. એટલે હાથ પગ વિગેરેની ચંપી કરવાવડે મેં તેની સેવા કરી. આથી તે દુષ્ટે રંજિત થઇને ધનનો એવો ઉપાય બતાવ્યો કે—' હે ભદ્ર ! આ વાવમાંથી રસ કાઢી તેનાથી પુષ્કળ સુવર્ણ બનાવીને તું દારિદ્રયને જલાંજલિ આપી દે. ' મેં એ વાત કબુલ કરી એટલે એ દુરાત્માએ તારી જેમ મને આ કૂપિકામાં ઉતાર્યો અને હે ભદ્ર ! આનંદદાયક તે રસથી મેં તુંબડું ભર્યું. એટલે દોરડી વતી ખેંચીને મને તે કુવાને કાંઠે લાવ્યો, અને મારી પાસે તે તુંબડું માગ્યું. એટલે હે ભદ્ર ! મુગ્ધભાવથી મેં તેને તે અર્પણ કર્યું. પછી તે દુરાત્માએ દોરડી કાપીને મને કૂપિકામાં નાંખી દીધો. પડતાં પડતાં અધવચમાં સુખે બેસી શકાય એવું આ પોલું સ્થાન મને મળી ગયું. હે ભદ્ર ! અહીં રહેતાં મને આઠ દિવસ થવા આવ્યા. એવામાં મારા ગોત્રી (કુટુંબી) ની જેમ બીજો તું અહીં દાખલ થયો. હે ભ્રાત ! દ્યૂત, વેશ્યાનુરાગ, ધાતુવાદ, વિભ્રમ (ભ્રમણ) અને યોગીસેવા—એ જ્યારે દૈવ રૂષ્ટમાન થાય ત્યારેજ મનુષ્યોને પ્રાપ્ત થાય છે. જગતમાં દ્રવ્ય પેદા કરવાના પાશુપાલ્યાદિ બહુ ઉપાયો છે, છતાં હે ભદ્ર ! તેં આ યોગીની સેવા શા માટે સ્વીકારી ? ખરેખર ! કર્માનુસારેજ મતિ થાય છે. યમની એક રાશિમાં આવેલો હોવાથી સ્વપ્નમાં પણ એ યોગીથી હું ભય પામું છું, તો સાક્ષાત્ જોતાં ભય પામું તેમાં કહેવુંજ શું ? ' આ પ્રમાણે સાંભળીને ભોગદત્ત ભય પામીને જાણે પ્રાણ ઉડી ગયા હોય તેમ મુંગો થઇ જઈ તેની પાસે બેસી ગયો. એટલે યોગીએ કહ્યું કે હે વત્સ ! તારૂં તુંબડું રસથી સત્વર ભરી લે, અત્યારે વિઘ્નને વિધ્વંસ કરનાર સારો અવસર છે. ' આ પ્રમાણે વારંવાર કહ્યા છતાં માર્જારને જોવાથી પંજરમાં રહેલ શુક મૌન થઇ જાય તેમ ભોગદત્ત કંઇ પણ બોલ્યો નહિ, એટલે યોગી ખિન્ન થઇ ત્યાંથી ચાલ્યો ગયો.

હવે ગર્ભમાં રહેલાની જેમ તે બંને ત્યાંથી નીકળવાનો ઉપાય શોધવા લાગ્યા. ભોગદત્તે ઉભા થઇને હાથ લાંબો કર્યો, એટલે પ્રત્યા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાની ભૂમિકા જેવી બીજી અધિત્યકા ( બારી ) તેના જોવામાં આવી. એટલે જાણે એક પ્રકારનું આલંબન મળ્યું હોય તેમ તે બંને તેમાં દાખલ થયા અને તે માર્ગે કુપિકામાંથી બહાર નીકળી ગયા.

યમના ગૃહ સદશ તે સ્થાનમાંથી નીકળીને આગળ ચાલતાં મદિરાથી મદમત્ત થયેલની જેવા રક્ત નેત્રવાળો પેલો યોગી તેમને મળ્યો. એટલે યોગી દંડ લઇને તેમની સામે ધસ્યો. મહાબાહુ-વાળા એવા તે બંને પણ મરણીયા થઇને તે યોગીની સામે ધસ્યા. પછી તેમની વચ્ચે યમના નાટક સદશ ભલ્લાભલ્લિ, મુષ્ટામુષ્ટિ, દંડાદંડિ અને ભુજાભુજીનું મહાયુદ્ધ થયું. પરિણામે તેમણે લતા-જાળની દોરડીથી તે યોગીને મજબુત બાંધી લીધો. એ દુષ્ટને જે કરવામાં આવે તે ઓછું હતું. કારણ કે શઠની સામે શઠતા વાપરવી એવો નીતિકારનો નિયમ છે. પછી યોગી બોલ્યો કે—'હે વત્સ ! મને ગળે ફાંસો દઇ શા માટે મારી નાખો છો ? હું તમારી વાંછાને પૂર્ણ કરનાર દ્રવ્ય તમને આપું.' એટલે તે બોલ્યા કે—' એ વાવમાંથી કોટિવેધ રસ કહાડીને અમને આપ, તોજ તારૂં જીવિત ટકી શકે, નહિ તો ઇષ્ટ દેવને સંભારી લે. ' તે સાંભળીને યોગીએ તેમ કરવું કબુલ કર્યું. એટલે તેમણે તેને વાવમાં ઉતાર્યો અને પૂર્વની રીતે તેને તુંબડું ભરવું પડ્યું. પછી ઉપર આવતાં તે બોલ્યો કે—' બહાર કાઢયા શિવાય હું તમારા હાથમાં તુંબડું આપવાનો નથી, કારણ કે વખતસર તમે મારી જેમ કરો. ' એટલે તે બોલ્યા કે—' હે યોગિન્ ! જેમ તને તારા પ્રાણ વલ્લભ છે તેમ અમને પણ અમારા પ્રાણ વલ્લભ હતા, છતાં તે વખતે અમને કૂપિકામાં નાખતાં તેં એ ન્યાય કેમ બિલકુલ વિસારી દીધો ?' યોગી મૌન રહ્યો એટલે સજ્જનપણાથી તેમણે તુંબડા સહિત તે યોગીને બહાર કાઢયો. પછી યોગીએ તેમને સુવર્ણસિદ્ધિનો ઉપાય બતાવ્યો. એટલે યોગીના પ્રપંચી નાટકને અંતરમાં વિચારતા અને જેમના પૂર્ણ મનોરથ થયા છે એવા તે બંને ત્યાંથી પોતાના સ્થાન તરફ વળ્યા.

રસ્તે ચાલતાં તેમને વિચાર થયો કે—' કદાચ માર્ગમાં ભીલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકો એકઠા થઈને આ રસ લઇ લેશે, તો પ્રસારિત નેત્રમાં વાયુએ ધૂળ નાખ્યા જેવું થશે.' એમ ચિંતવી રસથી ભરેલા એક તુંબડાને પૃથ્વીમાં દાટીને ભયભીત થઈ દિગંત જોતા તે બંને સત્વર આગળ આગળ ચાલવા લાગ્યા. એવામાં ભીલ લોકો મળ્યા. તેમણે તેમને બાંધીને બીજું તુંબડું લઈ લીધું અને જેમણે ઇષ્ટ દેવને સંભારેલા છે એવા તેમને મહા મુશીબતે મુક્ત કર્યા. એટલે તે બંને ચિંતવવા લાગ્યા કે-"અહો! આ રસ આપણને પ્રાપ્ત થયો. તથાપિ દૈવયોગે તે ગુમાવ્યો. 'ભાગ્યહીન જનોના હાથમાં રહેલી વસ્તુ પણ શું ચાલી જતી નથી?' આપણે ઘણા ઉપાયો કર્યા છતાં પણ દુર્ભાગ્યને લીધે પ્રાપ્ત થયેલી વસ્તુ આપણાથી દૂર થઇ જાય છે."

આ પ્રમાણે ચિંતવતા તેઓ એટલામાંજ ભ્રમણ કરતા હતા. એવામાં પુનઃ ભીલોએ દોડી તેમને પકડીને પદ્રદેવીના ગર્ભગૃહ (ગભારા) માં પૂરી દીધા. એટલે તેમણે પહેરાવાળાને કહ્યું કે-'અમારો ઔષધ સંચય અને સર્વસ્વ રસ લઇ લીધા છતાં શા માટે ફરીને પકડ્યા છે?' એટલે તે બોલ્યો કે-'હે ભદ્ર! એક યોગીએ ભીલોના સ્વામીને એક હજાર સોનામહોર આપીને તમને મરાવવાની ધારણાથી પકડાવ્યા છે.' આ પ્રમાણે સાંભળીને બારણાથી બંધ કરેલા ગર્ભગૃહમાં રહેતા અને શૂન્ય મનવાળા થઈ ગયેલા તે બંને 'હવે શું કરવું?' એવા વિચારમાં પડ્યા. ભોગદત્ત તો હાથમાં એક મોટો પત્થર લઇ નિર્ભય થઈને તે દેવીની મૂર્તિ ભાંગવાને ધસ્યો અને બોલ્યો કે-'ચોરના ગામમાં વસનારી અને પદ્રરક્ષા કરનારી હે દેવી! તું શું નિગ્રહ કરવા લાયક નથી?' એટલે દેવી બોલી કે-'હે મહામતે! નિરપરાધી એવી મને ભાંગવાને તું શા માટે તૈયાર થયો છે?' તે બોલ્યો કે-'નિરપરાધી જનોનો વધ કરવો એવો અહીં રીવાજ છે, નહિ તો અમે મુસાફરોએ શું કંઇ અપરાધ કર્યો છે કે જેથી જેના દ્વાર પાસે પહેરાવાળા રાખવામાં આવ્યા છે એવા તારા મંદિરમાં અમને પૂરી દીધા છે.' એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવી બોલી કે—' તમે જે કહો તે માતપિતાની જેમ કરવાને હું તૈયાર છું. ' 'અહો ! સત્વથી ક્ષણવારમાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે.' પછી તેમણે કહ્યું કે—' હે પદ્મદેવી ! જમીનમાં દાટેલું બીજું તુંબડું અમને લાવી આપ, અને આ ભીલ લોકોના પ્રદેશથી અમને દૂર મૂકી દે. ' દેવીએ તરતજ તેમના કહ્યા પ્રમાણે કર્યું, એટલે તે મગધ દેશ તરફ ચાલ્યા. અનુક્રમે જ્યાં પ્રવર મંદિરો છે એવા કુશસ્થલ નગરમાં આવ્યા. ત્યાં એક સુતારની ઝુંપડીમાં તેઓ ઉતર્યા. પછી તુંબડાની રક્ષા કરવા માટે સુદત્તને બેસારીને ભોગદત્ત બહાર ગયો. એવામાં સુદત્તને નિદ્રા આવતાં તુંબડામાંથી રસના છાંટા નીચે પડવાથી સુતારનો સંતપ્ત થયેલો વાંસલો સુવર્ણમય થઇ ગયો. તે જોઇને સંતુષ્ટ થયેલા સુતારે તુંબડાને લઈ લીધું અને પૂત્કારપૂર્વક પોતાની ઝુંપડીને અગ્નિ મૂકી સળગાવી દીધી. તે વખતે ઉંઘી ગયેલા સુદત્તને કરકમળમાં લઈ માયાપૂર્વક કરૂણા બતાવતાં સુતારે બહાર કાઢ્યો. અહીં સુતારે જીર્ણ ઘરમાં રાખેલ તુંબડાની દોરી ઉંદરે કાપી નાખી, એટલે રસ બધો જમીન પર ઢળી પડ્યો અને નિષ્ફલ થઇ ગયો. કારણ કે-'જે ધન વિશ્વાસઘાત અને મિત્રવધથી મેળવેલું હોય તે અગ્નિથી આલીઢ ગૃહની જેમ બહુ વખત ટકી શકતું નથી. '

હવે ભોગદત્ત નગરમાં ફરીને ત્યાં આવ્યો એટલે સુતારની ઝુંપડીને દગ્ધ થયેલી જોઇને તેણે મિત્રને પૂછ્યું કે-' તુંબડું તારી પાસે છે કે નહી ?' એટલે તે બોલ્યો કે-' હે મિત્ર ! ઝુંપડામાં રાખેલું તુંબડું ભસ્મીભૂત થઇ ગયું. અદ્યાપિ આપણા ભાગ્યનો લેશ માત્ર પણ ઉદય થયેલો જણાતો નથી. '

પછી ત્યાંથી નીકળીને તે બંને વૈભારગિરિપર જઇ ઇષ્ટ દેવનું સ્મરણ કરીને ઝંપાપાત ખાવા તૈયાર થયા, એવામાં પર્વતના શિખરપર કાયોત્સર્ગે રહેલા અને દૃષ્ટિવડે સમતાને વિસ્તારતા એવા એક મુનિ તેમના જોવામાં આવ્યા. એટલે આપઘાતના વિચારને કંઇક



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિથિલ કરી તેમની પાસે જઇ શુભ આશયવાળા એવા તે બંનેએ તે મુનિને વંદન કર્યું. મુનિએ ધ્યાનથી મુક્ત થઇ તેમને ધર્માશીષ આપીને કહ્યું કે—

" અહો ! લોભના માર્યા બહુ વખત તમે પૃથ્વીપર પરાભવ પામ્યા છો. પેલા યોગીપાસેથી સુવર્ણરસના બે તુંબડા મેળવી પદ્મદેવીના પ્રભાવથી તમે બચવા પામ્યા પરંતુ છેવટે તે રસ નાશ પામ્યો અને આ પર્વતપર આવીને તમે મરવાને તૈયાર થયા. હે ભદ્રો ! બુદ્ધિપૂર્વક વિચાર કરતાં એમ જણાય છે કે એ તો ભ્રમરૂપ કલ્લોલની શ્રેણિવાળા લોભના ક્ષોભરૂપ મહાસાગરના માત્ર પ્રીણજ છે. તેનો વિશેષ પ્રભાવ તો હજુ બાકીમાં છે. જેમણે મહામોહરૂપ ધતુરાનું પાન કરેલ છે એવા સામાન્ય જનો કનકની આશાએ નીચ જનોના કહેવાપરથી કદાચ સુવર્ણ પ્રાપ્ત કરે, તો પણ આ તૃષ્ણારૂપ અગાધ ખાડો દુષ્પૂર હોવાથી તેને કોણ પૂરી શકે તેમ છે ? જે ખાડામાં બહુ ધન નાખ્યા છતાં તે ઘટતો નથી પણ ઉલટો વધ્યાજ કરે છે. દાંત પડી ગયા, કેશ શ્વેત થયા, ચાલતાં પગલે પગલે સ્ખલના થવા લાગી અને આ દેહ પડવાની તૈયારી થઈ, છતાં તૃષ્ણાસાંક્ષી શાંત થતી નથી. ઘણું ધન પ્રાપ્ત કરવાથી તૃષ્ણા શાંત ન થતાં ઉલટી ઘૃત હોમથી અગ્નિની જેમ પુનઃ પુનઃ વૃદ્ધિ પામ્યા કરે છે. લોભથી પરાભવ પામેલા જનો શું શું નથી કરતા ? વેશ્યાના ચરણ ચાંપવા, અવંદ્યને વંદન કરવું, ઉચ્છિષ્ટ ભોજન કરવું, અકૃત્ય આચરવું અને પોતાના કર્ત્તવ્યનો ત્યાગ કરવો વિગેરે અકાર્ય કરવા તેઓ તૈયાર થાય છે. માટે લોભની શાંતિ કરવા સારૂ અપાર મહામોહરૂપ મહાસાગરના સેતુબંધ સમાન પરિગ્રહનું પરિમાણ તમે કરો. " આ પ્રમાણેની દેશના સાંભળીને તેમણે શ્રાવકના બાર વ્રત લીધા અને વિશેષથી પરિગ્રહ પ્રમાણ વ્રતમાં ત્રીશ હજાર સોનામહોરનું પ્રમાણ કર્યું; ઉપરાંતનો ત્યાગ કર્યો.

એ અવસરે તે સાધુમહાત્માના ભાઇનો પુત્ર **વિદ્યુન્માલી** નામે વિદ્યાધર વિદ્યાબળથી આકાશમાર્ગે થઇને તે મહાત્માને વંદન કરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવ્યો. તેણે મુનિને વંદન કરી આ બંનેને બેઠેલા જોઇ પૂછયું કે-'હે મહાત્મન્! આપનું મુખ જોવામાં તત્પર અને ભદ્ર આકૃતિવાળા આ બંને કોણ છે ?' મહાત્મા બોલ્યા કે-"હે ભદ્ર ! સરલ જનોમાં અગ્રેસર, અને હમણાજ જેમણે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા છે એવા ભોગદત્ત અને સુદત્ત નામના આ બે મહાશયો છે. હે ભદ્ર! વિદ્યા અને વિત્તના દાનથી તારે એ સાધર્મિકની સારી રીતે ભક્તિ કરવી યોગ્ય છે. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે-'અન્ય અન્ય દેશમાં જન્મ પામેલા અને અન્ય અન્ય આહારથી વૃદ્ધિ પામેલા છતાં જિનશાસનને પામ્યા પછી તે બધાને બાંધવ કહેવામાં આવે છે." આ પ્રમાણેના ગુરૂ મહારાજના ઉપદેશથી તે વિદ્યાધરે કુષ્ટ રોગનો નાશ કરનાર એવું મહૌષધિનું એક સરસ કંકણ તેમને આપ્યું. 'ઉત્તમ જનો સત્ય ભલામણમાં મુંઝાતા નથી. પણ તરતજ તેનો અમલ કરે છે.' પછી વિદ્યાધરે તેમને કહ્યું કે-'એ પુરૂષ ધન્ય અને પુણ્યવંત છે તથા એમનું જીવિત પણ સફળ છે કે જેમને દિવ્ય રત્ન (ચિંતામણિ) સમાન આ આર્હત ધર્મ પ્રાપ્ત થયો છે.' આ પ્રમાણે તેમની પ્રશંસા કરીને અને મહાત્માને વંદન કરીને તે વિદ્યાધર સ્વસ્થાને ગયો. અને ભોગદત્ત તથા સુદત્ત પણ મુનિને વંદન કરી કુશસ્થલ નગરમાં આવ્યા.

કુશસ્થળ નગરના **નરદેવ** નામના રાજાના **પરંતપ** નામના પુત્રને ગળતકુષ્ટ[૧] વ્યાધિ થયો હતો. અનેક ઉપાયો કર્યા છતાં તે વ્યાધિ ન મટવાથી રાજાએ આ પ્રમાણે ઉદ્દઘોષણા કરાવી છે કે—'જે કોઇ મારા પુત્રને રોગરહિત કરશે તેને હું લક્ષ સોનામહોર આપીશ.' વાજીત્રના ધ્વનિપૂર્વક થતી આ ઉદ્દઘોષણા સાંભળીને તેમણે તે અદ્દભુત પટહનો સ્પર્શ કર્યો. અને રાજા પાસે જઇને તીવ્ર વેદનાથી આતુર થયેલા તથા કોઢ રોગના અતિશયપણાથીજ જેની નાસિકા ખવાઇ ગઇ છે

૧ જે કોઢ થયે સતે શરીરમાંથી રસ ગળે તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવા કુમારને જોઈને સ્વર્ગીય વૈદ્યોની જેમ તેમણે સાત દિવસમાં તેને રૂપસંપત્તિમાં કામદેવ જેવો બનાવી દીધો. આથી રાજા સંતુષ્ટ થઈ મુખને વિકસિત કરીને બોલ્યો કે—'આ રાજ્ય અને આ લક્ષ્મી તમારી છે માટે તેનો સ્વીકાર કરો.' એટલે તેઓ બોલ્યા કે—'હે રાજન્! ત્રીશ હજાર સોનામહોર કરતાં વધારે દ્રવ્ય ન રાખવાનો અમે મુનિ પાસે નિયમ લીધો છે.' તે સાંભળી રાજા વિસ્મય પામીને બોલ્યો કે—'અહો! આ બંનેને ધન્ય છે કે જેમણે લોભસાગરના અગસ્ત્યઋષિ સદૃશ નિયમ લીધો છે.' પછી તેટલુંજ સુવર્ણ ગ્રહણ કરીને તે બંને નગરમાં આનંદથી રહેતાસતા યથાવિધિ શુદ્ધ શ્રાવકધર્મ પાળવા લાગ્યા.

મલ્લીનાથ પ્રભુ કહે છે કે—હવે અમે મગધ દેશમાં વિહાર કરશું ત્યારે તે બંને અમારી પાસે સંયમ લઈને પરમપદને પામશે."

## ઇતિ પરિગ્રહ પ્રમાણોપરી ભોગદત્ત સુદત્ત કથા.

આ પ્રમાણે ભગવંતનું વચન સાંભળીને કુંભરાજાએ કહ્યું કે—'હે ભગવન્! તે બંનેને ધન્ય છે કે જે આપની પાસે મહાવ્રત ગ્રહણ કરશે. જિનેશ્વર ભગવંત પાસેથી ભાવપૂર્વક પ્રાપ્ત થયેલ એ મહાવ્રત પણ કામધેનુના દુગ્ધથી સિંચન કરાયેલ કલ્પવૃક્ષ સમાન ફળદાયક થાય છે. હે સ્વામિન્! પાંચ અણુવ્રત તો મેં એકાગ્ર મનથી સાંભળ્યા, હવે ત્રણ ગુણવ્રત સાંભળવાને ઉત્સુક છું.' એટલે ભગવંત બોલ્યા કે—'હે રાજન્! ત્રણ ગુણવ્રતમાં પ્રથમ દિશિપરિમાણ વ્રત, બીજું ભોગોપભોગ પરિમાણ વ્રત અને ત્રીજું અનર્થદંડ વિરમણ વ્રત છે. તેમાંના પહેલા ગુણવ્રતનું સ્વરૂપ આ પ્રમાણે:—

ગાંધીના સુક્ષ્મ સુગંધવાળા દાબડાની જેમ કર્મથી સૂક્ષ્મપણું પામેલા જીવોથી આ આખું જગત્ વ્યાપ્ત છે. તેમજ ઉર્ધ્વ, અધો ને તિરછાં—એ ત્રણે લોકમાં સ્થાવર[1] અને જંગમ[2] એમ બે પ્રકા-

---

૧ સ્થિર રહેલા—એકેંદ્રિય. ૨ હાલતા ચાલતા ત્રસ—વિકલેંદ્રિય તથા પંચેંદ્રિય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રના બાદર જીવો પણ ભરેલા છે, એટલે તેમને બાધા થવાથી ભય પામતા ભવ્ય જીવોએ દિશિ પરિમાણ વ્રત લઇને તેને બરાબર પાળવું જોઈએ, કારણ કે આ અવ્રતી પ્રાણી લોઢાના તપ્ત ગોળા સમાન છે. તેથી જો પોતાનો દેહ નિયંત્રિત હોય તો ગમનાગમનના નિમિત્તે થતી હિંસાને અટકાવીને પ્રાણી સર્વ જીવોને–પુણ્યફળ સંપાદન કરાવનાર અભયદાન આપી શકે છે. દિશિપરિમાણવ્રત લેવાથી પ્રાણી આ લોક અને પરલોકમાં ઐરવત ક્ષેત્રનિવાસી મિત્રાનંદની જેમ લક્ષ્મીનો ભોગી થાય છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

## દિશિપરિમાણ વ્રત ઉપર મિત્રાનંદ કથા.

'પુષ્કરવર દ્વીપના ઐરવતક્ષેત્રમાં ભોગપુર નામે નગર છે. ત્યાં મિત્રાનંદ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નિરંતર શૃંગારરસની વાપી સમાન્ કામિનીઓની સાથે ક્રીડા કરતો હતો, રાજ્ય સંબંધી કાળજી બિલકુલ રાખતો નહોતો. કોઇવાર લલનાઓની સાથે બેસી વિકસિત કમળોથી યુક્ત એવા સુવર્ણના પાત્રોમાં મદ્ય લઇને આશ્ચર્ય સાથે તેનું પાન કરતો હતો. કોઇવાર વસંતઋતુમાં સ્ત્રીઓની સાથે ઉદ્યાનમાં જઇ ઘણા પુષ્પો એકઠા કરીને રમતો હતો. હર્ષને આપનાર એવા વર્ષાકાળમાં પોતાના મહેલની અગાશીમાં બેસીને રમણીઓ સહિત કોઇવાર તુંબુરૂદેવની જેમ તે મલ્હારરાગ ગાતો હતો. કોઇવાર ક્રીડાવાપીઓમાં હાથણીઓ સાથે હાથીની જેમ કામથી તપ્ત થયેલી રમણીઓને પિચકારીઓ ભરીને તે જળસિંચન કરતો હતો. આ પ્રમાણે નિરંતર વિષયો સેવતાં તે જાણે હર્ષોત્કર્ષમય હોય તેમ દિવસો નિર્ગમન કરતો હતો.

એક દિવસ મંત્રીઓ ઘણા આગ્રહપૂર્વક રાજાને અટકાવીને દ્રાક્ષ સમાન મધુર વાણીથી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે-' જોયેલ સ્વપ્ન જેમ પુરૂષને ક્ષણભર સુખ ઉપજાવે છે, અને જાગૃત થતાં જેમ તેમાંનું કશું હોતું નથી તેમ હે રાજન્! વિષયસુખ પણ તેવુંજ છે. શબ્દાદિ વિષયોમાં આસક્ત, ધર્મમાર્ગથી વિમુખ અને જ્ઞાન રહિત એવા મૂઢ જનો અજરામરની જેમ ચેષ્ટા કરે છે. વિષયોમાં સદા આસક્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણીઓ મૂક અને બધિરની જેમ પોતાના હિતાહિતને જાણતા નથી અને હિતવાકય સાંભળતા પણ નથી. પરંતુ આદિમાં મધુર લાગે એવા અને પ્રાંતે પરિતાપ ઉપજાવે તેવા વિષયોનો સ્વહિતને ઇચ્છનારા પુરૂષોએ વિષની જેમ ત્યાગ કરવો યોગ્ય છે. વિષનું પાન કરતાં તે એકવાર મારે છે પણ તેના ચિંતવનથી તો કાંઇ થતું નથી, પરંતુ વિષયો તો ચિંતવનથી પણ બહુધા વિનાશ કરે છે. ગંધર્વનગરની જેમ ક્ષણવાર તુષ્ટમાન અને ક્ષણવાર રૂષ્ટમાન એવા વિષયો પ્રાપ્ત થયા છતાં પ્રાણીઓને અનેક પ્રકારના દુઃખો આપે છે. વિષયોમાં આસક્ત અને મન્મથની આજ્ઞાને માથે ચડાવનારા પ્રાણીઓને બંને લોકનો ઘાત કરનારા અનર્થો પ્રાપ્ત થાય છે. એ વિષયોનું અગ્રળા એ મૂળ છે અને નિવૃત્તિરૂપ સંપત્તિની પ્રાપ્તિને માટે તે એક શૂળ છે. જુઓ, **ધર્મધર** રાજા સ્ત્રીની અત્યંત આસકિતથી મરણ પામ્યો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે:—

'આજ ક્ષેત્રમાં **પુંડ્રવર્ધન** નામના નગરમાં શત્રુરાજાઓને દુર્ધર એવો **ધર્મધર** નામે રાજા રાજ્ય કરતો હતો. તેજ નગરમાં **ગોધન** નામે બ્રાહ્મણ રહેતો હતો. બ્રહ્માને સાવિત્રીની જેમ તેને **સાવિત્રી** નામે પત્ની હતી. એકદા અપ્રતિમ સૌંદર્યવતી એવી તે બ્રાહ્મણી રાજાના જોવામાં આવી, તેથી તેણે બલાત્કારથી તેને અંતઃપુરમાં રાખી લીધી. એટલે પોતાની પત્નીને લઇ લીધેલ જાણીને વેદમાં પારંગત એવો તે બ્રાહ્મણ ' અરે ! હું લુંટાયો ! લુંટાયો !' એવા દયાજનક શબ્દો વારંવાર બોલવા લાગ્યો. વળી તે વિલાપ કરવા લાગ્યો કે-" હે પ્રિયે ! હે પ્રાણપ્રિયે ! હે વિકસિત કમળ સમાન મુખવાળી ! તું રાજમંદિરમાં શા માટે ગઇ ? તારા વિના હું મરી જાઉં છું. હે પ્રિયે ! તારા વિના હું સ્વાહા અને સ્વધાનો ઉચ્ચાર શી રીતે કરીશ ? બીજી વિષ્ણુમૂર્ત્તિની જેમ હું તનેજ સર્વત્ર જોઇ રહ્યો છું. ગૃહસ્થોને ગૃહિણીઓજ ધર્મક્રિયાઓનું મૂળ છે. હે વલ્લભે ! તારા વિના મને દિવસો મહિના જેવા લાંબા થઇ પડયા છે. " આ પ્રમાણે વિલાપ કરતાં તે વિપ્ર શૂન્ય મનથી સર્વત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભમવા લાગ્યો અને પ્રેમવૃક્ષની નીકરૂપ તે લલનાનીજ પંચપદી ગાવા લાગ્યો. એકદા પાંચ વરસની વયના તેના પુત્રને પણ વેપારીઓ લઇ ગયાં. ' આ બધી દુષ્કર્મનીજ બાજી છે.' અનુક્રમે પોતાના દુ:ખના ગાયન વડેજ તેની આજીવિકા ચાલવા લાગી. કારણ કે ' સાત દિવસો વ્યતીત થતાં દુ:ખ પણ વિસ્મૃત થાય છે. '

અહીં રાજા સાવિત્રીની સાથે સુખભોગ ભોગવવા લાગ્યો. અને તેણીએ પણ પોતાના પતિ તથા પુત્રના સ્નેહને અને ઘરને વિસારી મૂકયા. એકદા રાજમંદિર પાસે મધુર સ્વરે પ્રિયાની પંચપદીને ગાતા તે બ્રાહ્મણને રાજાએ જોયો. એટલે તેણે રાણીને કહ્યું કે—'હે પ્રિયે! જો, આ કોણ છે તે સત્વર કહી દે. ' તે બોલી કે—' હે દેવ ! આ કોણ છે તે હું જાણતી નથી, જો આપની કૃપા હોય તો હું કંઇક જાણી શકું. અર્થાત્ આપ ઓળખાવો તો હું જાણી શકું.' એટલે રાજા બોલ્યો કે—' હે ભદ્ર ! એ તારો પરિણીત પતિ છે. ' આ પ્રમાણે સાંભળીને તે ચિંતવવા લાગી કે-' પોતાના પરિણીત પતિને પણ હું જાણી શકી નહિ. તેથી કામને વશ થયેલ એવી મને ધિક્કાર છે. આ રાજાએ મારૂં શીલ ખંડિત કર્યું છે, તેથી એનો જો હું નાશ કરૂં તોજ ખરી. કારણ કે જે જેવો થાય તેની સામે તેવા થવું તે યોગ્યજ છે. ' આ પ્રમાણે ચિંતવતા મહા કષ્ટે દિવસ નિર્ગમન કરીને રાત્રે અત્યંત ઈર્ષ્યાને લીધે તેણે નિંદ્રાવશ રાજાને મારી નાખ્યો અને તેજ વખતે ચોકીદારોની નજર ચૂકવીને તે પોતાના આવાસમાં ગઇ અને ત્યાં પોતાના પતિને સુતેલ જોઇ તેને અંગુષ્ટ ચાંપી જાગૃત કર્યો. એટલે તે બોલ્યો કે—' એ કોણ દેવી છે ? ' બ્રાહ્મણી બોલી કે—' હે પ્રાણપ્રિય ! હું તમારી પ્રિયા સાવિત્રી છું. આટલા દિવસ ત્યાં કંઇ છળ જોતાં મને રહેવું પડયું, અત્યારે અવસર મળવાથી હું આપની પાસે આવી છું. હવે આપના ચરણનું મને શરણ થાઓ. કારણ કે પતિ એ સ્ત્રીઓનો ગુરૂ છે. ' સાવિત્રી આ પ્રમાણે કહે છે તેવામાં અકસ્માત્ તે બ્રાહ્મણને સર્પ ડશ્યો, એટલે વિષના આવેગથી જાણે ભયભીત થયા હોય તેમ તેના પ્રાણોએ તેનો ત્યાગ કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતે પોતાના પતિને પ્રાણરહિત જોઇને પોતાના ચેષ્ટિત સામે નજર કરનાર બ્રાહ્મણી તેજ રાત્રે પશ્ચિમ દિશા તરફ ચાલી. અને કેટલાક દિવસો વ્યતિત થતાં તે પાટલીપુર નગરમાં આવી, ત્યાં તેણે એક દેવીનું મનોહર મંદિર જોયું. એવામાં માયાના મંદિરરૂપ કામદંષ્ટ્રા નામે એક વેશ્યા ત્યાં આવી. તે આ ચપલાક્ષીને જોઇને ચિંતવવા લાગી કે—' આ સ્થાનભ્રષ્ટ થયેલી અથવા રૂષ્ટમાન થતાં કષ્ટથી ભાગી આવેલી લાગે છે. અને એ અમારા આવાસને તથા મન્મથને યોગ્ય છે.' આ પ્રમાણે ચિંતવીને તે બોલી કે—' હે પુત્રી ! હે ભગિની· સુતા ! મારે ઘરે કેમ ન આવી ? કદાચ દૈવયોગે દુ:ખ આવે તોપણ માસીને ઘરે આવતાં શી લજ્જા ? ' એમ કહી પોતાના બાહુથી તેને આલિંગન દઇ આંખમાં હર્ષાશ્રુ લાવીને તે પણાંગના તેને પોતાને ઘરે લઇ ગઇ. ત્યાં તેને સ્નાન કરાવી ચંદનરસથી વિલિપ્ત કરી ચંદ્રિકા જેવા બે ઉજ્વળ વસ્ત્રો પહેરાવ્યા. પછી હાથમાં પ્રાભૃત ( ભેટણા ) લઇને ત્યાં આવનારા અનેક પુરૂષો એક પરવાવાળી દેવીની જેમ નિરંતર તેને સેવવા લાગ્યા.

એક દિવસ પુષ્કળ દ્રવ્ય આપીને કોઇ ધનવંત તેની સાથે રાત્રી રહ્યો અને રાતભર તેને રમાડીને પ્રભાતે તેણે પૂછ્યું કે–' હે રંભોરૂ ! તું કયાંની રહેવાસી છે ? અને હે સુલોચને ! તારૂં નામ શું છે ? તને જોઇને મારૂં મન પ્રેમાર્દ્ર થઇ જાય છે, માટે તારી હકીકત યથાર્થ નિવેદન કર.' એટલે તેણે પોતાના નામ અને સ્થાન સહિત મૂળથી પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. આથી તે શ્રીમાન્ શય્યા મૂકી દૂર થઇને બોલ્યો કે–" હે માત ! હું તારો સુત્ર છું. મને વેપારીઓ લઇ ગયા હતા. અહા ! ચંડાળોને પણ વર્જનીય એવું અકાર્ય મેં આચર્યું, કદાચ દેહને કટકા કરીને અગ્નિમાં દગ્ધ કરી દઉં, તો પણ આ પાપથી હું મુક્ત ન થઇ શકું. અદર્શનીય જનોમાં ખરેખર હું શિરોમણિ છું, અને જગતમાં અગ્રાહ્ય નામ· વાળા જનોમાં પણ હું અગ્રેસર છું. અહા ! તારા ભવનમાં આવતાં શકુનોએ પણ મને અટકાવ્યો નહિ ! પરંતુ ભાવિભાવને દૂર કરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇ સમર્થ નથી. માટે હવે તો અગ્નિમાં પ્રવેશ કરીને હું તે પાતકનું પ્રક્ષાલન કરીશ; કારણ કે અત્યુગ્ર પાપ કરનારની અન્ય કોઇ ગતિ નથી. ”

આ પ્રમાણે કહી તેને નમસ્કાર કરી પોતાના સ્થાને જઇને પ્રભાતે દીન જનોને દાન આપી સર્વ ધનનો વ્યય કરીને તે ભસ્મીભૂત થઇ ગયો. અહીં પેલી બ્રાહ્મણીએ પણ વેશ્યાની આગળ પોતાનું પાપ પ્રગટ કરીને કહ્યું કે-' હે માત ! આ મહા પાપથી શુદ્ધ થવાને સુવર્ણની જેમ હું અગ્નિમાં પ્રવેશ કરીશ. ' એટલે વેશ્યા બોલી કે-" હે શુભાશયે ! ચાંદ્રાયણ વિગેરે વિવિધવ્રત આચરીને સર્વ દુષ્કૃત્યથી શુદ્ધ થા. હે પુત્રી ! તીર્થમાં દાન આપીને એ પાતકથી મુક્ત થા. પણ આ તારૂં કોમળ શરીર જાજ્વલ્યમાન અગ્નિને સહન કરી શકશે નહિ. મહાતીર્થને નમસ્કાર કરતાં અને તલ તથા સુવર્ણનું દાન આપતાં પુત્રસમાગમથી બંધાયેલ પાપ પણ નાશ પામે છે. ” આ પ્રમાણે બ્રાહ્મણના મુખથી સાંભળેલા સ્મૃતિના વાકયો સંભળાવતી તે પણ્યાંગનાએ દિવસના ત્રણ પહોર સુધી તે બ્રાહ્મણીને સમજાવી; પરંતુ તે બોલી કે-' હે માત ! હું નવીન દાંતથીજ ભોજન કરનાર છું; આ દાંતે અન્ન ખાનાર નથી. મેં એવો નિશ્ચય કર્યો છે તો હવે તું ધર્મકાર્યમાં વિઘ્ન શા માટે કરે છે ? ' આ પ્રમાણેનો તેનો નિશ્ચય જાણીને કુટ્ટિની બોલી કે-' દાન આપવાવડે આ સમસ્ત દ્રવ્યને તું કૃતાર્થ કર. ' પછી ચિતા ખડકાવી, સ્નાન કરી, અદ્ભુત દાન આપતી, પૌર જનોથી પરવરેલી એવી તે ચિતા પાસે આવી અને ચિતાને પ્રદક્ષિણા દઇને તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો. એવામાં પ્રચંડ વાયુ જાગ્યો અને ઘણો વરસાદ થયો; તેથી અગ્નિ પ્રબળ સળગાવેલ છતાં તેના અંગના સ્પર્શને ન ઇચ્છતો હોય તેમ બુઝાઇ ગયો. વૃષ્ટિથી પરાભવ પામીને નગરજનો તો સર્વ જતા રહ્યા. આ વખતે તે વેશ્યા-બ્રાહ્મણી કંઇક દગ્ધ થયેલી ચિતામાંથી નીકળી અને ચિતાના કાષ્ટની જેમ તે સરયૂ નદીના કિનારાપર પડી. પછી અલ્પ જળમાં માછલી તરફડે તેમ કંપતી અને વારંવાર દિશાઓને રોવ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાવતી એવી તે એક પક્ષિણીની જેમ આક્રંદ કરવા લાગી. અનુક્રમે વૃષ્ટિ શાંત થઈ એટલે કોઈ ગોવાળ તે તરફ આવ્યો. અર્ધરાત્રે તેનું રૂદન સાંભળીને તેણે વિચાર્યું કે-' અહીંઆં કોઇ સ્ત્રી અગ્નિથી દગ્ધ થયેલી પડેલી જણાય છે. ' એમ ધારી પ્રેમપૂર્વક તેના કોમળ અંગનો સ્પર્શ કરીને તેને તે પોતાને ઘરે લઇ ગયો, અને એરંડાના પાન તથા જીરૂં વિગેરે ઔષધોથી તેની દાહપીડા શાંત કરી. અનુક્રમે તે પણ્યાંગનાને તેણે બીલકુલ નિરોગી બનાવી. દૈવયોગે તે તેની સ્ત્રી થઇને રહી. ' પ્રાણીને એક જન્મમાં પણ શત જન્મો કરવા પડે છે.'

અન્યદા તે ગોવાળ ભમતો ભમતો કોઈ બીજા નગરમાં આવ્યો. ' શરદ્ઋતુનાં મેઘની જેમ તેવા જનો એકત્ર નિવાસ કરતા નથી. ' ત્યાં આમ્રના પાનથી જેણે પોતાનું શરીર આચ્છાદિત કરેલ છે, મસ્તકપર જેણે દહીં, ઘૃત અને માખણ વિગેરેનું ભાજન ધારણ કરેલું છે અને ' છાશ લ્યો-છાશ લ્યો ' એમ ઉંચે સ્વરે જે બોલે છે- એવી તે ચપલાક્ષી ગોપાંગના દુર્ગમ રસ્તામાં ઠેબું વાગવાથી પડી ગઇ, અને મૂર્ખને કહેલા રહસ્યની જેમ તેના ભાજનો ફુટી ગયાં, એટલે અન્ય સ્ત્રીઓએ સ્નેહપૂર્વક તેને પૂછયું કે-'હે સખી ! તારાં ભાજન ભાંગી ગયાં હવે ઘેર જઇને તારા ' પતિને શો જવાબ આપીશ ? ' આથી તે કંઇક હસીને કહેવા લાગી કે-હે સખીઓ ! હું કેટલાનો શોચ કરૂં ? મારે બહુ શોચનીય છે; માટે બહુ ઋણ તો અનૃણજ છે. પ્રથમ રાજાનો ઘાત કરીને પતિ પાસે આવતાં પતિને સર્પે ડંશેલ જોઇને દૈવવશાત્ દેશાંતરમાં ગઇ. ત્યાં હું ગણિકા થઈ, ત્યાં પુત્રને જાર તરીકે ભોગવીને મેં ચિતામાં પ્રવેશ કર્યો અને અત્યારે હું ગોપાંગના થઈ છું; માટે આ છાશના ભાજનનો મારે શો શોક કરવો ? '

આ પ્રમાણે હે રાજન્ ! ચપલાક્ષીનું ચરિત્ર સાંભળીને જીવિતવ્યનો નાશ કરનારી એવી વિષયવાસનાને શિથિલ કરો. ' એટલે મિત્રાનંદ રાજાએ કહ્યું કે-" હે મંત્રીઓ ! તમોએ કહેલી કથા સાંભળવાથી અપશુકનોથી મુસાફરની જેમ વિષયોથી હું નિવૃત્ત થાઉં છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમ પ્રસરતું પાણી સેતુબંધથી, ઉન્માર્ગે ચાલનાર અશ્વ જેમ સ્વારથી અને અન્ય પુરૂષોની સોબતથી સ્વેચ્છાચારિણી થયેલી કુળવધુ જેમ પોતાના પતિના સમાગમથી વશ થાય, તેમ અપ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલ રાજાને સુમંત્રીઓએ સુમાર્ગે લાવવોજ જોઇએ. માટે તમે મારા ગુરૂ છો, મિત્ર છો, નેત્ર સદશ છો અને ખરેખરા પંડિત છો."

એક દિવસ રાજા અગાશી ઉપર બેઠો હતો, તેવામાં તેણે લોકોને બહુજ શૃંગારસહિત નગરની બહાર જતા જોયા; એટલે રાજાએ કોઇ પુરૂષને બોલાવીને બહાર જવાનું કારણ પૂછતાં તે બોલ્યો કે–' હે રાજન્! આપના રમણીય ઉદ્યાનમાં સુવ્રત નામના કેવળી પધાર્યા છે.' તે સાંભળીને રાજા આનંદ પામી મંત્રીઓ સહિત તેમને વંદન કરવા ચાલ્યો. ત્યાં જઇ તેમને ભક્તિપૂર્વક વંદના કરી અંજલિ જોડીને રાજા બેઠો. એટલે કેવળી ભગવંતે કોમળ ગિરાથી રાજાને ઉદ્દેશીને કહ્યું કે–"અહો! આશારૂપી પિશાચણી અત્યંત દૃઢ છે અને તેનાથી આ ત્રણે લોક વ્યાપ્ત છે. પ્રાચીન કર્મરૂપ કુલાલ (કુંભકાર) પ્રાણીઓને ચિંતારૂપી ચક્રપર ચડાવીને અને યોગરૂપ દંડથી તેનો આઘાત કરીને ઘટની જેમ ભમાવે છે. આતપ અને છાયા જેમ સાથે ન રહી શકે તેમ આ સંસારમાં સુખ અને વાંચ્છા એકત્ર રહેતા નથી. જો વાંચ્છા હોય તો સુખ સંભવતું નથી અને વાંચ્છાના અભાવમાં પરમ સુખ સંભવે છે. વાંચ્છાની સાથે કદાપિ સુખ રહી શકતુંજ નથી. (ન ભૂતં ન ભવિષ્યતિ) લોભાંધ થઇ પરદ્રવ્યને ગ્રહણ કરવાને ઇચ્છતા અને લજ્જારહિત થયેલા પુરૂષો શું શું કરતા નથી? તેવા જનો નિરપરાધી જીવોનો વધ કરે છે, મૃષાવાદ બોલે છે, કૂડ કપટ કરે છે, બીજાઓને છેતરે છે, પોતાના પૂજ્ય જનોનો દ્રોહ કરે છે, ગુરૂજનોને નિંદે છે, મહા આરંભ કરે છે, વિશ્વાસુ જનોનો વિનાશ કરે છે તથા ગૌહત્યા, બાળહત્યા, બ્રહ્મહત્યા કરવાને પણ તેઓ અચકાતા નથી. લોભ રૂપી ક્રૂર સર્પને વશ કરવાના મહામંત્ર સમાન દિશિપ્રમાણ વ્રતનો જે પુરૂષો શાંત મનથી સ્વીકાર કરે છે તેઓ બરાબર જીવદયા પાળી શકે છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણેની દેશના સાંભળીને રાજાએ દિશિપરિમાણવ્રત અંગીકાર કર્યું. તેમાં ચારે દિશાઓમાં એકસો એકસો યોજનનું પ્રમાણ રાખ્યું. પછી તે નિગ્રંથ મહાત્માને વંદન કરી ગ્રંથની જેમ વર્ણ (જાતિ) થી ભાસુર એવો રાજા પોતાના આવાસમાં આવીને ભાવથી શ્રાવકધર્મ પાળવા લાગ્યો.

એકદા મિત્રાનંદ રાજાએ શત્રુઓની સામે ચડાઈ કરી. પોતાના રાજ્યની સીમાને છેડે આવતાં તે બંનેની વચ્ચે યુદ્ધ ચાલ્યું; અને મિત્રાનંદ રાજાએ તે બધા બળવંત શત્રુઓને એક લીલામાં જીતી લીધા. પછી પલાયન કરતા તે શત્રુઓની પાછળ પડતાં રાજા બહુ દૂર નીકળી ગયો. એવામાં પોતાને બહુ દૂર આવેલ જાણીને રાજાએ મંત્રીને પૂછ્યું કે—'હે ભદ્ર! આપણે આપણા નગરથી કેટલા દૂર આવ્યા છીએ?' મંત્રી બોલ્યો કે—'હે રાજન્! આપણા નગરથી આપણે સો યોજન દૂર આવ્યા છીએ.' એટલે દિગ્વ્રત સંભારીને તે ચિંતવવા લાગ્યો કે—'મારે સો યોજન ઉપરાંત ન જવું' એવો કેવળી ભગવંત પાસે મેં નિયમ લીધેલો છે, તેથી મારે હવે આગળ જવું યોગ્ય નથી.' એમ વિચારીને મૌન ધરી રહેલા રાજાને મંત્રીએ વિજ્ઞપ્તિ કરી કે—'હે દેવ! શત્રુઓ તરફ સત્વર પ્રયાણ કરો, કારણ કે તેઓ હવે નજીકમાંજ છે.' એટલે રાજાએ કહ્યું કે—'અહીંથી આગળ મારાથી જઈ શકાય તેમ નથી. હે મંત્રિન્! દિગ્વ્રતમાં મેં સો યોજન સુધીજ જવાનો નિશ્ચય કરેલો છે; માટે હવે હું આગળ પ્રયાણ કરનાર નથી. ઉત્તમ જનોએ ગ્રહણ કરેલા નિયમનું અવશ્ય પાલન કરવું જોઈએ.' આ પ્રમાણે સાંભળીને મંત્રી બોલ્યો કે—'હે ભૂપાળ! શાંતિવાળી અવસ્થામાં એ નિયમની મર્યાદા ખુશીથી પાળજો, પણ સંકટ આવતાં તો યથાવિધિ બધું કરવું જોઈએ.' એટલે રાજા બોલ્યો કે—'હે મંત્રિન્! સંકટ આવતાં તો વિશેષે નિયમનું પાલન કરવું જોઇએ; કારણકે સંકટ સમયેજ ધીર અને કાયર જનોનું અંતર સમજાય છે.' પછી રાજાની અનુજ્ઞા સિવાય શત્રુને જીતવાની ઈચ્છાથી કંઇક સૈન્ય લઈને નીતિઘટ મંત્રીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રયાણ કર્યું. પણ મંત્રી સાથેના લશ્કરને અત્યંત શ્રમિત થયેલું જાણીને શત્રુરાજાઓએ તેનો પરાજય કર્યો અને નીતિઘટને તેમણે મારી નાખ્યો. મંત્રીના મરણ પામવાના ખબર સાંભળીને રાજા સંસાર-સાગરના અગસ્તિ સમાન આચાર્યની સ્તુતિ કરવા લાગ્યો કે:—'જેમણે નિયમના દાનથી આ વખતે મારા જીવિતનો બચાવ કર્યો છે તેમના ચરણને નમસ્કાર કરીને હું પણ મહાવ્રત ધારણ કરીશ.' આવો નિશ્ચય કરીને તે પોતાના નગર ભણી પાછો વળ્યો. અર્ધ માર્ગે જ તે મહામુનિ તેને મળી ગયા. એટલે ભવસાગરને તરવાની પ્રબળ ઇચ્છાથી રાજાએ તે ગુરૂની પાસે નિર્ગ્રંથોથી સેવિત એવું ચારિત્ર તરતજ અંગીકાર કર્યું; અને યથોક્ત પ્રકારે સંયમ પાળીને તે રાજર્ષિ અચ્યુત દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી મનુષ્ય થઇને તે પરમ પદને પામશે.

ઇતિષષ્ઠવ્રતોપરી મિત્રાનંદ કથા.

આ પ્રમાણેની કથા સાંભળીને શિરથી પ્રણામ કરવાપૂર્વક કુંભરાજાએ કહ્યું કે—'હે ભગવંત ! એ મિત્રાનંદ રાજાને ધન્ય છે કે જેણે દિગ્વ્રતનો નિયમ લઇને બરાબર પાળ્યો.'

પછી ભગવંત બોલ્યા કે—'હે રાજન્! ભોગોપભોગની વસ્તુઓ વિગેરેની જે સંખ્યા કરવી-પ્રમાણ બાંધવું તે ભોગોપભોગ નામે બીજું ગુણવ્રત સમજવું. એ વ્રત ભોજન આશ્રી અને કર્માદાન આશ્રી-એમ બે પ્રકારે છે. તેમાં ભોજનમાં બહુબીજ વિગેરે પદાર્થો અને કર્મમાં ખરકર્મ (હિંસક કર્મ) ગણાય છે. ભોજ્ય-ભેદમાં સર્વ જાતિના અજાણ્યાં ફળ, બહુ બીજવાળાં ફળ, અનંત-કાય, માંસ, મદ્યપાન, રાત્રિભોજન-એ સર્વ ત્યાજ્ય છે અને વટવૃક્ષ, પીપ્પળ, ઉદુંબર (ઉંબરાનું ઝાડ), કાષ્ઠોદુંબર તથા શ્રીવૃક્ષ-એ પાંચ વૃક્ષનાં ફળ અનેક સૂક્ષ્મ જીવોથી વ્યાપ્ત હોવાને લીધે શ્રાવકને સર્વથા ત્યાજ્ય છે. વળી અપક્વ (કાચાં-ઉષ્ણ કર્યા વિનાના) ગોરસ[1]થી

૧ ગોરસ તે દુધ, દહીં ને છાશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મિશ્ર તથા પુષ્પિત ( ઉગી ગયેલ ) એવું દ્વિદળ, બે દિવસ ઉપરાંતનું દહીં, અને કોહી ગયેલ અન્ન ત્યાજ્ય છે, એ ભોજન સંબંધી કહેવામાં આવ્યું. હવે કર્મ સંબંધી આ પ્રમાણે-અંગાર કર્મ, વનચ્છેદકર્મ, શકટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકર્મ; રસ, કેશ, વિષ, દંત અને લાખનો વ્યાપાર, યંત્રપીલનકર્મ, નિર્લાંછનકર્મ, વનદાહકર્મ, સરશોષણ, અને અસતિ ( બિલાડા, શ્વાન, કુકડા વિગેરેનું ) પોષણ—એ પંદર કર્માદાનનો ધર્માર્થી અને દયાળુ શ્રાવકે સર્વદા ત્યાગ કરવો જોઈએ. જે સુજ્ઞ જનો ભોગોપભોગની વિરતિ કરે છે તેઓ ભીમ અને ભીમસેનની જેમ સુખને મેળવે છે. તેમની કથા આ પ્રમાણે છે:—

## સાતમા વ્રત ઉપર ભીમ-ભીમસેન કથા.

' ગાયોના વાડાના સમૂહથી સુશોભિત એવા નિવેશ નામના સંનિવેશમાં ભીમ અને ભીમસેન નામના બે ભાઇ રહેતા હતા. તેમને કલ્પાંત કાળ સંબંધી પૂર્વ પશ્ચિમ સમુદ્રના જળની જેમ ચારે બાજુથી આવેલા ક્રૂર તસ્કરો મળ્યા, એટલે તે તસ્કરો સાથે મળી જઇને તે બંને અમુક પ્રવાસીઓનું ધન તથા ગાયો વિગેરે ચોરવા-લુંટવા લાગ્યા અને લોકોના ઘર અને નગર ભાંગીને તેમાંથી કિંમતી ચીજો લઈ લેવા લાગ્યા.

એકદા મહાસત્ત્વવંત, શમશ્રીથી સર્વોત્તમ અને મહીતળને પાવન કરતા એવા કોઇ આચાર્ય ત્યાં પધાર્યા. એ વખતે મંડળાકાર અને અખંડ એવા ઇંદ્રધનુષ્યથી સુશોભિત એવો પ્રચંડ મેઘ આકાશમાં ચડી આવ્યો, અને મુશળધારે વરસવા લાગ્યો. તેથી રસ્તાઓ નદી જેવા, નદીઓ સમુદ્ર જેવી અને તળાવો માનસસરોવર જેવા ભાસવા લાગ્યા; એટલે પ્રસરતા જળને લીધે સામાન્ય લોકોનો સંચાર પણ અટકી પડ્યો, તો પછી પ્રાસુક માર્ગેજ વિહાર કરનારા મુનિઓની તો શી વાત કરવી ? આથી આચાર્યમહારાજે બુદ્ધિના ભંડાર એવા બે સાધુને ભીમ ને ભીમસેનની પાસે વસ્તીની યાચના માટે મોકલ્યા. તેઓએ તેમની પાસે આવીને યુક્તિયુક્ત વચનવડે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું કે—' હે આયુષ્મંત ! અમારા ગુરૂએ અમને આપની પાસે મોકલ્યા છે કે અત્યારે વર્ષાકાળ આવેલ હોવાથી અમારાથી અન્યત્ર જઇ શકાય તેમ નથી; માટે તમારી આજ્ઞા હોય તો અમે અહીં ચોમાસું રહીએ. ' આ પ્રમાણેના તે મુનિનાં વચન સાંભળીને તે બંને બોલ્યા કે—' તમારા ગુરૂની સાથે પોતાનો ધર્મ આચરતાં તમે સુખે અહીં રહો; અને અન્નાદિક જે કંઇ તમને જોઈએ તે બધું અમારે ત્યાંથી લેજો. કારણ કે દાન એજ લક્ષ્મીનું ફળ છે. ' એટલે મુનિ બોલ્યા કે—" હે ભદ્રો ! સાધુઓને એકજ ઠેકાણેથી અશનાદિક લેવું કલ્પે નહિ. કહ્યું છે કે—' જેમ મધુકર વૃક્ષના પુષ્પોપર બેસી તેમાંથી રસાસ્વાદ લે છે, છતાં પુષ્પને ખેદ ન પમાડતાં પોતાના આત્માને સદા પ્રસન્ન રાખે છે, તેમ ધીર એવા સુસાધુઓએ પણ રસમાં અગૃદ્ધ રહીને ગોચરી અવસરે ગૃહસ્થને ઘરે જઇને ભિક્ષા ગ્રહણ કરવી. ' હે ભદ્ર ! સ્ત્રી, નપુંસક અને પશુથી વર્જિત તથા પરમ શુદ્ધ એવા કોઇ કુલીન જનના ઘરમાં અમને સ્થાન આપો; કારણ કે-જ્ઞાનવંત અને તત્ત્વશાળી એવા મુનિઓને જે આશ્રય આપે છે તેણે તેમને વસ્ત્ર, અન્ન, પાન અને શય્યાદિ બધું આપ્યું સમજવું. જે મહાત્માઓને ઉપાશ્રય આપે છે તેણે પરોપકાર, સ્વાધ્યાય, જ્ઞાનાભ્યાસ અને સંયમ-એ બધું આચર્યું સમજવું. તે પુરૂષ રાજ્ય, સામ્રાજ્ય, દેવ અને ઇંદ્રની ઋદ્ધિ, સારા કુળમાં જન્મ, કીર્ત્તિ અને લોકસમાજમાં માન પામે છે. શય્યા ( વસતી ) દાનના પ્રભાવથી તે સંસારસાગરથી સત્વર તરી જાય છે; એટલા માટે સર્વ તીર્થંકરોએ તેને શય્યાતર કહેલા છે. " આ પ્રમાણેનું મુનિનું કથન સાંભળીને તે બંને ભ્રાતા બોલ્યા કે—'હે મહાત્માઓ ! વિધિપૂર્વક આ ઉપાશ્રયનો આપ સ્વીકાર કરો.' એટલે શ્રી સિદ્ધાંતની વાચના કરતા અને પોતાના મનને સમાધિસ્થ રાખતા એવા આચાર્ય સાધુઓ સહિત ત્યાં રહ્યા. પછી દૃષ્ટાંતની સ્થિતિથી સુશોભિત એવી પદ-વ્યાખ્યાને વ્યકત ન સાંભળતાં તે બંને સિદ્ધાંતના માત્ર ઉત્તમ ધ્વનિનેજ સારી રીતે સાંભળતા હતા. અનુક્રમે વર્ષાકાળ વ્યતીત થયો, કાદવ બધો સુકાઇ ગયો, નદીઓના પાણી નીચા ઉતરીને કિનારાની અંદર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વહેવા લાગ્યા, શરદ્ઋતુની શોભા વિકસ્વર થઇ અને મન્મથ પણ સર્વ રીતે જાગ્રત થવાનો વખત આવ્યો; એટલે સાધુના આચાર પ્રમાણે આચાર્યે વિહાર કરવાની તૈયારી કરીને વિહાર કર્યો. તે વખતે એક સારા શ્રાવકની જેમ ભક્તિપૂર્વક પોતાના પરિવારને સાથે લઇને શુભ આશયવાળા એવા તે બંને ભાઇઓ આચાર્યની પાછળ વળાવવા ચાલ્યા. સૂરિમહારાજે જરા દૂર જઈ ઉચિત સ્થાને નીચે બેસીને પ્રશાંત વાણીથી તેમને કહ્યું કે—' હે ભદ્રો! મારૂં કથન સાંભળો—આપની શુદ્ધ અન્નાદિદાન આપવાની સહાયતાથી અમે અહીં એક દિવસની જેમ સુખપૂર્વક ચોમાસું રહી શકયા. હવે ભગવંતની આજ્ઞા પ્રમાણે સેનાની જેવા નિર્ગ્રંથ સુભટોથી પરવરીને અમે મોહ-રિપુનો વિજય કરવા જશું ( પ્રયત્ન કરશું. ) ચોમાસા દરમ્યાન અમે તમને કોઇ પણ વખત ધર્મ સંભળાવી શકયા નથી, પણ હવે તમારે કલ્યાણની વૃદ્ધિ કરવા માટે અમારૂં એક વચન માન્ય રાખી તે પ્રમાણે વર્ત્તવું યોગ્ય છે. તમે બીજા અભિગ્રહોને પાળી શકો તેમ નથી, પરંતુ સાચા ભાવથી એક રાત્રિભોજનનો પરિહાર કરો. કારણ કે–રાત્રે સર્વત્ર ભયંકર રાક્ષસો ભમતા હોય છે, માટે એ દુષ્ટ અવસર હોવાના દોષથી રાત્રે ભોજન ન કરવું. વળી રાત્રે ભોજન કરવાથી મક્ષિકા આવી જાય તો વમન કરાવે છે, કીડી બુદ્ધિનો નાશ કરે છે અને કરોળીયો કોઢરોગ નીપજાવે છે. વાળ આવી જાય તો સ્વરનો ભંગ થાય છે અને મધમાખી તાળવાને વીંધી નાંખે છે. આવા પ્રકારના દોષો જાણી કયો સુજ્ઞ પુરૂષ રાત્રે ભોજન કરે ? જે ભાગ્યવાન્ ભવ્ય રાત્રિભોજનની વિરતિ કરે છે તેણે સો વર્ષના આયુમાંથી અર્ધ આયુના ઉપવાસ કર્યા એમ માની શકાય. ' આ પ્રમાણેનું આચાર્યનું કથન સાંભળીને સંવેગરસથી રંગિત થતા તે બંનેએ રાત્રિભોજન ન કરવાનો નિયમ લીધો. પછી બુદ્ધિરૂપ ધનવાળા એવા આચાર્ય પણ સાધુઓની સાથે અન્યત્ર વિહાર કરી ગયા. કારણ કે ' કોકિલ, મધુકર અને હંસ એક સ્થળે રહેતા જ નથી. '

હવે એકદા તે બંનેએ પ્રતિગ્રામે ધાડ પાડીને ધન તથા વિશે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ષથી ગોધન ( ગાયો વિગેરે ) નું હરણ કર્યું. પાછા વળતાં રસ્તામાં તેમના નિવૃત્ત થયેલા પાપી પરિજનોએ તીક્ષ્ણ કુહાડાવતી એક મોટા પાડાને મારી નાખ્યો. તેમનામાંથી કેટલાકો જે ગામમાં ગયેલા તેમણે ગામમાં જઇને દારૂ ખરીદ કર્યો. 'પાપમાં પ્રવૃત્ત થયેલા પુરૂષો સર્વ વ્યસનોમાં પ્રવૃત્ત થાય છે.' હવે ગામ બહાર રહેલા દુષ્ટ પદાતિ-ઓએ વિચાર કર્યો કે–' ગામમાં મદિરા લેવા ગયેલાઓને જો વિષ દઇને આપણે મારી નાખીએ તો આ ધનાદિક બધું આપણને મળે; તેઓનો ભાગ પાડવો ન પડે.' આમ વિચારીને તેમણે પાડાના માંસમાં વિષ ભેળી રાખ્યું. અહીં દારૂ લેવા જનારાઓએ પણ એવો જ વિચાર કર્યો કે 'આપણે દારૂમાં વિષ ભેળવીને જઇએ ને બહાર રહેલા તે પીવાથી મરી જાય તો આપણી લુંટમાંથી તેમનો ભાગ પાડવો ન પડે.' આમ વિચારીને અતિ મૃદુ એવા દારૂમાં ગંધધૂલિની જેમ તેમણે વિષ ભેળવી દીધું. એ વખતે તેમના વિષદા-નની શંકાથીજ સૂર્ય પણ અસ્તાચળપર આરૂઢ થઇને સમુદ્રમાં પડ્યો; એટલે ચારે બાજુ અંધકાર પ્રસરી ગયો. નાગના સમૂહ સમાન ભયંકર એવા ઘુવડ પક્ષીઓ રાક્ષસોનાં મંગલવાદ્યની જેમ ચોતરફ ઘોષ કરવા લાગ્યા. આ વખતે ક્રૂર ચેષ્ટાવાળા બંને પક્ષના તસ્કરો એકઠા મળ્યા અને પરસ્પર તેમણે પોતપોતાની વસ્તુ હાજર કરી. તેઓએ તેમના ઉપરીને કહ્યું કે—' હે સ્વામિન્ ! આ બહુજ સ્વાદિષ્ટ વસ્તુઓ છે, માટે તેનો સ્વાદ તો જુઓ.' એટલે તે મહાભાગ બોલ્યા કે–' અમારે રાત્રિભોજનનો ત્યાગ છે.' આથી તે પરિજનો પુન: બોલ્યા કે–' હે સ્વામિન્! સ્વસ્થ અવસ્થામાં આપણે સ્થાને રહીએ ત્યારે એ નિયમ બરાબર પાળજો; કારણ કે સર્વત્ર ધર્મ કર્મમાં શરીર એ પ્રથમ સાધન છે.' તે બોલ્યા કે–' અરે અજ્ઞજનો ! ગુરૂમહારાજની પાસે લીધેલા નિયમનો ભંગ કરવાથી શું ભલું થવાનું હતું ? શૂરવીર તો તેજ કે જે સંગ્રામમાં હસ્તીઓના બંને દાંતને ભેદે, વાદી તેજ કે જે રાજસભામાં યુક્તિયુક્ત વાણી



P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલે, ગુરૂ તેજ કે જે ઉપાસકસમાજમાં તત્ત્વનો ઉપદેશ કરે અને ભવ્ય તેજ કે જે સારી રીતે અંગીકાર કરેલ વ્રત પાળે.' આ પ્રમાણે તત્ત્વાર્થને સાધનારી તેમની વાણી સાંભળીને અન્ય તસ્કરો અંદર અંદરજ પરસ્પરને તે વસ્તુ આપવા લાગ્યા. તે મદ્યમાંસ વિષમિશ્રિત હોવાથી તેની અસર થતાં કલ્પાંત કાળના અગ્નિ સમાન પ્રગટતી જ્વાળાઓવડે તેમનું આયુરૂપ વૃક્ષ નાશ પામી ગયું. 'અહો ! જીવિત ખરેખર ભયયુક્ત છે. (તેને માથે અનેક ભય છે)'

આ પ્રમાણે તે સર્વને મરણ શરણ થયેલા જોઇને બંને ભાઇઓ 'વ્રત આપતાં ગુરૂમહારાજે આપણને જીવિત આપ્યું' એમ અંતરમાં ચિંતવવા લાગ્યા. પછી તેમણે વિચાર કર્યો કે—'સતત્ પરોપકાર કરનારા એવા તે ગુરૂમહારાજના ઋણથી આપણે જીવતાં તો મુક્ત થઇ શકીએ તેમ નથી, માટે હવે તો તેમની પાસે જઇને ચારિત્રજ લેવું.' આવી દૃઢ ધારણાથી તેમણે તેજ ગુરૂમહારાજ પાસે જઇને ચારિત્ર અંગીકાર કર્યું; અને તે નિરતિચાર પાળીને તેઓ અચ્યુત દેવલોકમાં દેવતા થયા. ત્યાંથી ચ્યવીને તેઓ પરમપદને પામશે.

## ઇતિ સપ્તમ વ્રતોપરી ભીમ–ભીમસેન કથા.

મલ્લીનાથ ભગવંત પુનઃ કહેવા લાગ્યા કે—'હવે પરિમિત પદોથી વર્ણવામાં આવતું એવું ત્રીજું ગુણવ્રત સાવધાન થઇને સાંભળો. આર્ત્ત અને રૌદ્ર એ બે દુર્ધ્યાન ધ્યાવાં તથા સ્વાર્થ વિના પરને પાપોપદેશ આપવો–તે અનર્થદંડ કહેવાય છે.[1] જે જનો ક્રૂર ચેષ્ટાવડે અનર્થદંડ કરે છે તેઓ લોભનંદી વિગેરેની જેમ દુઃખના ભાજન થાય છે. તેની કથા આ પ્રમાણે છેઃ—

## અષ્ટમ વ્રતોપરી લોભનંદી કથા.

ભોગપુર નામે એક પ્રખ્યાત નગર હતું. ત્યાં શ્રેષ્ઠ ગુણોના

૧ અનર્થદંડના ચાર પ્રકાર છે તેમાં બે અહીં બતાવ્યા છે. ઉપરાંત પ્રમાદાચરિત ને હિંસપ્રદાન એ બે ભેદ કહેલાં છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થાનરૂપ **તારાચંદ્ર** નામે શ્રેષ્ઠી રહેતો હતો. એકદા તે સંપૂર્ણ સામગ્રીથી નાવિકોને પ્રોત્સાહિત કરી, વિવિધ કરિયાણા લઈ બળિષ્ઠ સુભટો સહિત વહાણમાં બેઠો. બાણની જેમ અનુકૂળ વાયુના યોગે નાવથી મહાસાગરનું ઉલ્લંઘન કરતાં તે **રત્નમેખલા** નામના મહાદ્વીપમાં પહોંચ્યો. ત્યાં સમુદ્રના કિનારાપર કરિયાણા ઉતારીને લક્ષ્મીના ક્રીડાપર્વતોની જેવા તેણે ઢગલા કરાવ્યા. પછી સંપત્તિમાં ઈંદ્રના નગર સમાન પુરંદર નામના નગરમાં તે ગયો. ત્યાં જેને શ્વેત વાહન છે એવો **મેઘવાહન** નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં સદા પાપકર્મમાં આસક્ત, મહામોહના સ્થાનરૂપ અને યથાર્થ નામવાળો **લોભનંદી** નામે મુખ્ય વેપારી રહેતો હતો. વળી તે નગરમાં બીજાઓના દેખતાં દેખતાં પોતાની ચાલાકીથી દ્રવ્ય લઇ લેનાર **વંચનામતિ** નામે એક કાણો મંત્રી રહેતો હતો, અને તે બંનેને સલાહ આપનાર, પાપના મહામંદિર રૂપ તથા કારીગરીમાં ચાલાક એવો **માયામય** નામે એક મોચી રહેતો હતો. તેમજ જ્યોતિષમાં વિચક્ષણ, શાંત અને નેત્ર રહિત છતાં **ત્રિલોચન** નામે એક બ્રાહ્મણ ત્યાં સૂર્યમંદિરમાં રહેતો હતો.

હવે દરીઆ કીનારે વહાણ આવેલા સાંભળીને લોભનંદી કંઇક પ્રસાદી લઇને રાત્રે તારાચંદ્ર શેઠ પાસે આવ્યો, અને કંઇક વાતચીત કરીને પછી મલીન મનવાળા એવા તેણે પૂછયું કે—'હે ભદ્ર! તમારા વહાણમાં શું શું અને કેટલું કરિયાણું છે તે મને કહો.' એટલે સરલ સ્વભાવી હોવાથી તેણે બધું યથાસ્થિત કહી સંભળાવ્યું. તે સાંભળતાં શિર હલાવી તેણે ખેદસહિત કહ્યું કે—'અહો! આ નિર્માલ્ય કરિયાણા અહીં લાવવાનો તમે વૃથા પ્રયાસ કર્યો; કારણ કે ચપળ વાંદરાની જેમ એ માલનો અહીં વિક્રય થઇ શકે તેમ નથી, તથાપિ અમારા નગરના અપયશના ભયથી હું એ બધાં લઇ લઉં અને તેના બદલામાં તમે કહેશો તે વસ્તુ એક પ્રસ્થ (અમુક માપ) પ્રમાણ હું તમને આપીશ.' આ વાત તારાચંદ્ર શેઠે કબુલ કરીને તેને કોલ આપ્યો, એટલે લોભનંદીએ પોતાના માણસોને ફે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રવીને તે બધાં કરિયાણા નજરમાં લઈ લીધાં. પછી 'પારકી લક્ષ્મી પણ આજે મારી થશે' એવો વિચાર કરતો તે લોભનંદી ઘરે જઇને પુત્રવિવાહના પ્રસંગની જેમ સુખે સુઇ ગયો.

હવે રાત્રિના બીજા પ્રહરે વંચનામતિ પ્રધાન તારાચંદ્રને છેતરવાને માટે ખુશી થતો થતો તેની પાસે આવ્યો; એટલે તારાચંદ્રે તેનો ઉચિત સત્કાર કરી આસન પર બેસારીને સ્વાગત પૂછયું. પછી વાતોના પ્રસંગમાં ક્રૂર મનવાળા મંત્રીએ કહ્યું કે—'પૂર્વે અહીંના રાજાએ મને ચોરની જેમ કેદખાનામાં નાખ્યો હતો. ત્યાંથી કોઇ રીતે ભાગી જઈને વહાણના યોગે સમુદ્રને પેલે પાર જઇને હું ભોગપુર નગરે પહોંચ્યો હતો અને ત્યાં તમારા પિતાને ઘરેજ રહ્યો હતો. પછી બધા લોકોની સમક્ષ મેં મારી જમણી આંખ તેમની પાસે ઘરેણે ( ગીરે ) મૂકીને એક લાખ સોનામહોર લીધી હતી. પછી હું ત્યાંથી અહીં આવ્યો અને તે સોનામહોરો અહીંના રાજાને ભેટ તરીકે આપી. મારો પૂર્વ અપરાધ ખમાવીને હું પાછો પ્રથમની જેમ પ્રધાન થયો. 'અહો! દ્રવ્યથી શું થતું નથી?' હે સખે! મારા ભાગ્યયોગે તું અહીં આવી ચડ્યો, માટે હવે લક્ષ સોનામહોર લઇને મને મારૂં જમણું નેત્ર પાછું આપ કે જેથી મારો વ્યવહાર બરાબર ચાલી શકે. હે ભદ્ર! મને નેત્ર આપ્યા પછી તારે તારા કરિયાણાનો વિક્રય કરવો; કારણ કે સજ્જન જનો આહાર અને વ્યવહારમાં લજ્જા રાખતા નથી.' આ પ્રમાણે કહીને તે પ્રધાન પોતાને ઠેકાણે ગયો. એટલે તારાચંદ્ર શેઠે ચિંતામાં પડીને યુગની જેમ રાત્રિના પાછલા બે પ્રહર વ્યતીત કર્યા.

બીજે દિવસે મહામાયાયુક્ત પેલો માયામય મોચી ભમતો ભમતો શેઠના તંબુ આગળ આવ્યો અને તેણે શેઠના જોડા સાંધવા માંડ્યા. સાંધતા સાંધતા તે મોચી બોલ્યો કે—'હે શેઠ! મને જોડા દુરસ્ત કરામણ શું આપશો?' એટલે શેઠે કહ્યું કે—'તને ખુશી કરીશ.' હવે મોચીએ કામ પૂરૂં કર્યું; એટલે શેઠે તેને એક રૂપીઓ આપવા માંડ્યો, મોચીએ લીધો નહીં. તે તો કહે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે 'મને ખુશી કરવાનું કહ્યું છે માટે મને ખુશી કરો.' શેઠ વચને બંધાઇ ગયેલ હોવાથી સો રૂપીયા આપવા માંડ્યા, છેવટે હજાર દેવા માંડ્યા પણ તે સંતુષ્ટ થયો નહીં. એટલે શેઠે પૂછ્યું કે—'ત્યારે તારે વધારે શું જોઇએ?' તે બોલ્યો કે—'હે શેઠ! જો વહાણમાંની બધી વસ્તુ મને આપી દ્યો તો મને સંતોષ થાય, અન્યથા હું રાજી થાઉં નહીં; અને હવે મારી રજા વિના જો આમાંની કાંઇ પણ વસ્તુ વેચશો તો હું તમને રાજાની આજ્ઞાના ભંગનો દંડ અપાવીશ.' આમ રાજાની આણ આપી કૂટ બુદ્ધિવાળો તે મોચી ચાલ્યો ગયો.

તારાચંદ્ર શેઠ ચિંતાતુર મને નગરમાં ભમવા લાગ્યો. ભમતો ભમતો તે વેશ્યાઓના ઘર તરફ ગયો. ત્યાં પ્રશસ્ત રૂપવતી એવી મદનમંજરી નામની વેશ્યાએ તેને જોયો, એટલે તેણીએ શેઠની સામે કટાક્ષપાત કર્યો. અને પોતાની સુલોચના નામની દાસીને મોકલીને તેણે શેઠને પોતાના ઘરમાં બોલાવ્યા. પછી પરમ આનંદપૂર્વક તેણીએ શેઠને સ્નાન તથા ભોજન કરાવ્યું. એ પ્રમાણે આનંદથી વેશ્યાને ત્યાં રહેતાં કેટલાક દિવસો વ્યતિત થયા. એક દિવસે વેશ્યાએ તેને પૂછ્યું કે—'અહીં તમે શા માટે આવ્યા છો?' એટલે તેણે પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને વેશ્યા બોલી કે—'વિપત્તિ આવતાં સુજ્ઞ જનોએ ખેદ ન કરવો. સંસારમાં સુખ અને દુઃખ બંને પ્રાણીઓની સાથેજ રહેલા છે. માટે બુદ્ધજનોએ સુખ દુઃખની પ્રાપ્તિમાં હર્ષ શોક ન કરવો.' આ પ્રમાણે કહી ત્રિલોચન ભટ્ટ પાસે જઇને તેને નમન કરી વેશ્યાએ બહુજ કોમળ ગિરાથી વિજ્ઞપ્તિ કરી કે—'હે સુજ્ઞ! મારા પતિ તારાચંદ્ર શેઠ ઉપર મોટું સંકટ આવી પડ્યું છે; માટે તેમાંથી નિર્વિઘ્ને તેનો નિસ્તાર થશે કે નહિ તે કહો.' એટલે તે બોલ્યો કે—'તારો પતિ તે સંકટમાંથી સુખે નિસ્તાર પામશે. માટે તારે તે સંબંધી અંતરમાં શોક ન કરવો.' આ પ્રમાણે વેદવાક્ય સમાન તે ભટ્ટના વચન સાંભળીને તે વેશ્યા અંતરમાં આનંદ પામતી પોતાને ઘરે ગઇ. રાત્રે તારાચંદ્ર શેઠને ઠગોની વાતો સાંભળવા માટે સૂર્યભવનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોકલ્યો. તે ત્યાં જઇને પ્રચ્છન્નપણે બેસી રહ્યો. એવામાં લોભનંદી ત્યાં આવ્યો, એટલે એક વિદ્યાર્થીએ તેનું આગમન ભટ્ટને નિવેદન કર્યું. લોભનંદીએ પોતાનો પૂર્વ વૃત્તાંત જણાવીને કહ્યું કે—'હે ભટ્ટજી ! તમે જ્યોતિષ તપાસીને કહો કે મારી ઇચ્છા પાર પડશે કે નહિ ?' એટલે તેણે હોરા [1] જોઇને કહ્યું કે—'હે ભદ્ર ! જો તે શ્રેષ્ઠી તને આ પ્રમાણે [2] કહેશે તો શું જવાબ આપીશ ? માટે હે ભદ્ર ! શુભ તો કંઇ થવું દૂર રહ્યું, પણ ઉલટું સંકટ આવી પડશે.' તે સાંભળીને તે શૂન્ય બનીને પોતાને ઘરે ગયો; એટલે મહાબુદ્ધિના પાત્ર અને પાસે રહેલા એક વિદ્યાર્થીએ તે ઉપાધ્યાયને કહ્યું કે— 'હે પ્રભો ! હોરા ( નાડી ) જ્ઞાનનું રહસ્ય મને પુન: ભણાવો; એટલે ભટ્ટજી તરતજ તેને ભણાવવાને તૈયાર થયા.' 'સુજ્ઞ જનો શિષ્યને વિદ્યા આપવામાં સતત ઉદ્યમી હોય છે.'

ભટ્ટજીએ વિદ્યાર્થીને કહ્યું કે 'વેદાધ્યયન, દાન, દેવપૂજન, વિષાપહાર તથા નગર કે ઘરમાં પ્રવેશ કરતાં ડાબી નાડી ચાલતી હોય તો શુભ ગણાય છે; અને સંગ્રામ, ભોજન, સ્નાન, સ્ત્રીસંગ, રાજદર્શન તથા અન્ય ક્રૂર કર્મમાં જમણી નાડી શુભ ગણેલ છે. ઘરમાંથી નીકળતાં ડાબી કે જમણી જે નાડીમાંથી વાયુનો સંચાર થતો હોય તે બાજુનો પગ પ્રથમ ઉપાડવો. પોતાની કાર્યસિદ્ધિને ઇચ્છતા પુરૂષે ગુરૂ, બુધ (પંડિત), નૃપ અને અમાત્ય તથા અન્ય પણ ઇષ્ટદાયકને પૂર્ણાંગે ( નમસ્કારાદિ ) કરવા. આસન કે શયન પર પૂર્ણાંગે બેસારવામાં આવેલી કામિનીઓ વશ થાય છે. એ ઉપરાંત બીજું કાર્મણ નથી. જો ચંદ્રનાડી ચાલતી વખતે કોઇ પૂછે તો તેને સંધિનો આદેશ આપવો અને સૂર્યસ્થ નાડી વખતે પૂછે તો વિગ્રહનો આદેશ આપવો. જો ચંદ્રસ્થાને વાયુ વહેતો હોય અને સૂર્યસ્થાને પૂછે તો સેંકડો વૈદ્યો છતાં પણ તે રોગી મરણથી બચી નહીં શકે એમ સમજવું. જો રવિ-

૧ જ્યોતિષનો એક પ્રકાર. ૨ શું કહેશે તે ગુપ્તપણે તે શેઠને સમજાવ્યું જણાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થાને વાયુ વહેતો હોય અને પૂછનાર ચંદ્રસ્થાને પૂછે, તો ઉદ્ર રક્ષણુ કરનાર છતાં રોગી મરણુજ પામે એમ જાણુવું. જે અંગે વાયુ સંચરતો હોય ત્યાંજ રહેતો જો પૂછે તો રોગોથી પીડિત છતાં પણુ તે રોગી અવશ્ય જીવશે એમ જાણુવું. નાસિકા ડાબી બાજુએ વહેતી હોય યા જમણી બાજુએ વહેતી હોય તે વખતે વહેતી નાડી તરફની બાજુએ રહીને જો પૂછે તો પુત્ર થશે એમ કહેવું અને ન ચાલતી નાડીની બાજુએ રહીને જો પૂછે તો પુત્રી થશે એમ કહેવું. પૃથ્વીમાં જીવવિજ્ઞાન, જળ અને વાયુમાં મૂળ જ્ઞાન, અગ્નિમાં ધાતુ-વિજ્ઞાન અને આકાશમાં શૂન્ય એમ કહેવું.' [૧]

આ પ્રમાણે તે પોતાના શિષ્યને ભણાવતો હતો, એવામાં વંચનામતિ મંત્રી ત્યાં આવ્યો અને પ્રથમની જેમ તેણે પણ વાત કરી; એટલે ત્રિલોચને પણ પૂર્વવત્ તેને જવાબ આપ્યો. પછી મોચી આવ્યો, તેને પણ ત્રિલોચને પૂર્વની જેમજ જવાબ આપ્યો. એટલે જાણે પોતાનો જ્યેષ્ઠ પુત્ર મરણ પામ્યો હોય તેમ મંત્રી શ્યામ મુખવાળો થઇ ગયો અને તે વિપ્રના કટુક વાકયોથી મોચી પણ મનમાં લોભનંદી શ્રેષ્ઠીની જેમ આનંદ અને અહંકારરહિત થઈ ગયો. પ્રચ્છન્નપણે બધું સાંભળનાર તારાચંદ્ર શેઠ આ પ્રમાણેનાં સુધારસ સમાન ભટ્ટનાં વચનોથી અંતરમાં આનંદ પામતો સ્વ-સ્થાને ગયો.

હવે પ્રભાતે વેશ્યાની સાથે રાજા પાસે આવીને તારાચંદ્રે બધો પોતાનો વૃત્તાંત નિવેદન કર્યો; એટલે રાજાએ ક્રોધાયમાન થઇને પ્રથમ લોભનંદી શ્રેષ્ઠીને બોલાવ્યો. તે આવીને સાશંકપણે રાજાને નમસ્કાર કરીને બેઠો; એટલે રોષથી રક્ત નેત્ર કરી રાજાએ આક્ષેપપૂર્વક કહ્યું કે—'અરે શ્રેષ્ઠિન્! આવું અધર્મી કૃત્ય અહીં રહીને કેમ કરે છે? શું આવા રાજ્યનો કોઇ ધણી નથી અથવા શું અહીં ન્યાય નથી કે જેથી આવાં અનુચિત કાર્યો તું સ્વેચ્છાએ

૧ આ હકીકત પૃથ્વી વિગેરે તત્ત્વ સંબંધી જણાય છે. નાડી સાથે તત્ત્વોનું વહન પણ જેવાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા કરે છે ?' આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠીએ ધૈર્યપૂર્વક કહ્યું કે—"હે રાજન્! મારી વાત સાંભળો. હું અહીં આવેલા તે શેઠની પાસે સરલ રીતે જઇ સંલાપપૂર્વક કેટલોક વિવેક કરીને બેઠો. એટલે શેઠે મને પૂછ્યું કે—'હે મિત્ર! આ મારા કરિયાણાનું વેચાણ કરતાં કંઇ લાભ થાય તેમ છે કે નહિ?' એટલે હું બોલ્યો કે—'હે ભદ્ર! આ તારી વસ્તુઓનું વેચાણ અહીં થાય તેમ નથી.' આથી હે રાજન્! એ બોલ્યો કે—'ત્યારે તો હું ભાગ્યહીન છું.' એટલે હું બોલ્યો કે—'હે મિત્ર! તને જે રૂચે તે વસ્તુનું એક પ્રસ્થ તું મારી પાસેથી લઇ લેજે અને હું તારી બધી સારી નરતી વસ્તુઓ લઇ લઇશ.' આ વાત એણે કબુલ રાખી; એટલે મેં એને કોલ આપ્યો. હે નાથ! આ સંબંધમાં મેં ઘણા સાક્ષીઓ પણ રાખેલા છે." આ પ્રમાણેની તેની વાત સાંભળીને રાજા બોલ્યો કે—'આ શ્રેષ્ઠીનું કથન તો ન્યાયયુક્ત જણાય છે, વળી એણે સાક્ષીઓ રાખેલા હોવાથી એને લક્ષ્ય વસ્તુ મળવી જ જોઇએ.' એટલે તારાચંદ્ર શેઠ સ્મિતપૂર્વક બોલ્યો કે-'જો મારી ઇચ્છાનુસાર એક પ્રસ્થ મને એ આપે, તો એ કરાર મારે કબુલ છે.' લોભનંદી બોલ્યો કે—'તમારી મરજી પ્રમાણે એક પ્રસ્થ માગી લ્યો, વિવાદ કરીને ફોગટ કાળક્ષેપ શા માટે કરવો પડે છે?' એટલે તારાચંદ્ર બોલ્યો કે—'મારૂં વચન બરાબર સાંભળો. હે ભદ્ર! ઉત્તરના પવનથી પાવન થયેલા, [1]ઉદૂખળમાં ખંડાયેલા અને સ્ત્રીને હાથે લેવાયેલા એવા મચ્છરોના હાડકાંનું એક પ્રસ્થ મને રાજસભા સમક્ષ અર્પણ કર અને મારા કરીઆણા લઇ લે.' આ પ્રમાણેની તારાચંદ્ર શેઠની માગણી થવાથી તે શ્રેષ્ઠી વિલક્ષ થઇ ગયો. 'જળની જેમ ધીમંત જનોની મતિને કંઇ અસાધ્ય નથી.'

પછી પ્રધાનને બોલાવવામાં આવ્યો; એટલે તે આવી રાજાને નમસ્કાર કરીને બેઠો. રાજાએ તેને પૂછ્યું કે—'આનું કરિયાણું કેમ અટકાવ્યું છે?' એટલે તે બોલ્યો કે—'મારી જમણી આંખ

૧ ખારણીઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એને ખાતે ઉધાર છે. એના પિતાને ત્યાં ગીરો મૂકેલી છે, માટે લાખ સોનામહોર લઇને તે મને પાછી આપે.' આ જવાબ સાંભળીને રાજાએ કહ્યું કે—'આ મંત્રી ન્યાયસર કહે છે.' એટલે તારાચંદ્ર શેઠ બોલ્યા કે—'એ સુજ્ઞ મંત્રીનું કહેવું બરાબર છે; પરંતુ હે રાજન્! મારે ઘરે માણસોની હજારો આંખો ગીરો રાખેલી છે. તેની અંદર પડી ગયેલી હોવાથી એની આંખ મારા ઓળખવામાં આવતી નથી. માટે એ મંત્રી મને પોતાની ડાબી આંખ આપે કે જેથી બરાબર તેની સાથે મેળવીને હું એની જમણી આંખ એને આપું.' શેઠનો ઉત્તર સાંભળીને રાજાએ મંત્રીને કહ્યું કે—'આ શેઠ બરાબર યુક્તિસર બોલે છે, માટે તારા ડાબા નેત્ર સાથે મેળવીને તારૂં જમણું નેત્ર તને પાછું આપશે.' એટલે મંત્રીએ વિચાર કર્યો કે–'અહો! એણે મતિના પ્રપંચથી મને નિરૂત્તર કર્યો.' આ પ્રમાણે ચિંતવીને તે માયાવી મૌન ધરીને ત્યાંથી ચાલ્યો ગયો.

પછી મોચીને સભાસમક્ષ બોલાવીને તારાચંદ્ર શેઠે કહ્યું કે–'મારા કરિયાણાના વેચાણને શા માટે અટકાવે છે?' એટલે તે મોચી બોલ્યો કે—'જ્યાંસુધી મને સંતુષ્ટ કર્યો નથી, ત્યાંસુધી તમારાથી કરિયાણું વેચાશે નહિ.' એટલે તારાચંદ્ર શેઠ બોલ્યા કે—'હે મોચી! આ રત્નચંદ્ર રાજાને ઘેર પુત્ર અવતર્યો છે. કહે તેના જન્મથી તને સંતોષ (આનંદ) છે કે નહિ?' તે બોલ્યો કે—'હે મિત્ર! તે હકીકત સાંભળીને હું સંતુષ્ટ (ખુશી) થયો છું.' આમ કહીને તે ચાલ્યો ગયો. પછી તારાચંદ્ર શેઠ રાજાના ચરણકમળને નમસ્કાર કરીને ને ત્રણ ગ્રહથી મુક્ત થઇ વ્યવહારપરાયણ થયો.

હવે એકદા એજ નગરમાં રહેનારો ધન નામે કોઇ જુગારી ક્ષુધાથી અત્યંત પીડિત થયેલો તારાચંદ્ર શેઠ પાસે આવ્યો. 'કલ્પાંત કાળથી પર્વતો નાશ પામે તેમ ક્ષુધાથી પરાભવ પામેલા પ્રાણીઓના પ્રાણ, બુદ્ધિ અને પરાક્રમ એ સર્વ નાશ પામે છે. ક્ષુધાથી હણાયેલા જીવની સુવાસના, ઇંદ્રિયબળ, ધર્મકૃત્ય, રતિ અને સ્મૃતિ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ પાંચ અવશ્ય નાશ પામે છે.' તારાચંદ્ર શેઠે તેને ગૌરવ અને સ્નેહપૂર્વક જમાડ્યો. 'અન્નદાન સમાન બીજું દાન થયું નથી કે થવાનું નથી.' રાત્રે તે જુગારીએ લોભનંદીના ઘરમાં પદ્માકાર ખાતર દીધું. કારણકે તેવાઓને શું અસાધ્ય હોય છે? એવામાં 'ॐ ग्रां ह्रीं नमः' એવા મંત્રાક્ષરો સાથે વારંવાર તારાચંદ્ર શેઠનું પ્રગટ રીતે નામોચ્ચાર કરનાર, બળતા અગ્નિના કુંડ પાસે રહેલો, આસુરી (ક્લિષ્ટ) ધ્યાન ધરનાર, તિલાદિક હોમનાર અને કણેરના પુષ્પોથી દેવતાને પૂજનાર એવા લોભનંદીને તેણે એકાંતમાં બેઠેલો જોયો. તેને જોતાં પેલા જુગારીને વિચાર આવ્યો કે-'આ ક્રિયા તારાચંદ્ર શેઠના પ્રાણહરણ માટે થતી લાગે છે, માટે આ બનાવના ખબર હું હમણાજ જઇને તારાચંદ્ર શેઠને આપું; કારણ કે ગૌરવ અને સ્નેહસહિત એણે મને ભોજન કરાવ્યું છે. જેણે માત્ર માથેથી તૃણ ઉતાર્યું હોય તેના ઉપકારનો બદલો પણ મસ્તક આપીને વાળવો જોઇએ, તો પછી આવા સર્વથા ઉપકાર કરનારને માટે તો કહેવું જ શું?' આ પ્રમાણે ચિંતવીને ચૌર્યકર્મથી નિવૃત્ત થઇ પ્રભાતે તે તારાચંદ્રશેઠના ઘર તરફ તે વાત કહેવા ચાલ્યો. એવામાં તેણે કેટલાક લોકોને મુંગા મુંગા ચાલ્યા આવતા જોયા; એટલે તેણે પૂછ્યું કે-'આ લોકો પ્રાણરહિત હોય તેવા કેમ દેખાય છે?' તે સાંભળી એક માણસે તેને જવાબ આપ્યો કે-'તારાચંદ્રશેઠના શરીરમાં દાહ થયો છે.' તે સાંભળીને ધન વિચારવા લાગ્યો કે-'અહો! ખરેખર આ લોભનંદીનાં દુષ્ટ ચેષ્ટિતનુંજ પરિણામ છે; કારણ કે તેવા મંત્રોનું માહાત્મ્ય નિરર્ગલ હોય છે.' પછી તે તરતજ રત્નચંદ્ર રાજાની પાસે ગયો અને રાત્રે જોયેલી બધી હકીકત તેણે રાજાને કહી સંભળાવી. રાજા તરતજ લોભનંદીને ત્યાં તેની સાથે ગયો તો તેના કહ્યા પ્રમાણે બધું જોયું. તેથી દુષ્ટ જનોને શિક્ષા કરવામાં તત્પર એવા રાજાએ પાપપિંડની જેમ લોભનંદીના ગળામાં પાષાણનો ગોળો બાંધીને તેને મહાસાગરમાં નાખાવી દીધો. પછી તારાચંદ્ર શેઠ ઔષધોપચારથી કેટલેક દિવસે સ્વસ્થ થયા અને પો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાને નગરે ગયા. જે મનુષ્ય લોભનંદીની જેમ અનર્થદંડ કરે છે તે ક્રૂર મનુષ્ય તેની જેમ ભવસાગરમાં નિમગ્ન થાય છે.

## ઇતિ અનર્થદંડોપરી લોભનંદી કથા.

પછી આનંદથી બિરાજમાન એવા કુંભરાજાએ પરમાત્માને પ્રણામ કરીને કહ્યું કે-' હે ભગવન્ ! અનર્થદંડનું વર્ણન આપે કર્યું તે મેં સાંભળ્યું. કલ્યાણને ઇચ્છતા જે પ્રાણીઓ અનર્થદંડનો ત્યાગ કરે છે તેમના અનર્થના ત્યાગની સાથેજ સર્વે અર્થો સિદ્ધ થાય છે.'

ભગવંત બોલ્યા કે-"હવે ચાર શિક્ષાવ્રતનું સ્વરૂપ કહું છું. ' સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ-એ ચાર શિક્ષાવ્રત કહેવાય છે. તેને જે પુણ્યાત્મા પાળે છે તે અવશ્ય સિદ્ધિને વરે છે. તેમાં પ્રથમ સર્વ પ્રાણીઓપર અંતઃકરણથી જે સમભાવ રાખવો તે પ્રથમ સામાયિક શિક્ષાવ્રત છે. આ પ્રથમ શિક્ષાવ્રતમાં વર્તનાર શ્રાવક તેટલો કાળ યતિસમાન ગણાય છે, અને તે ચંદ્રાવતંસક રાજાની જેમ કર્મક્ષય કરી શકે છે. તેની કથા આ પ્રમાણે છે—

## સામાયિક વ્રતોપરિ ચંદ્રાવતંસક રાજાની કથા.

લક્ષ્મીના સંકેત સ્થાન સમાન સાકેત નામે નગર છે. ત્યાં ચદ્રાવતંસક નામે રાજા રાજ્ય કરતો હતો. એકદા મેઘની જેમ અધિક હિમની વૃષ્ટિ કરનાર તથા પદ્મિનીના માનને ( શોભાને ) લુંટનાર એવી શિશિરઋતુ આવી. એ શિશિરઋતુના માઘ માસમાં અહંકારરહિત અને નિર્મળ આશયવાળો તે રાજા એકદા રાત્રે પોતાના આવાસ ભવનમાં આવ્યો અને રાજચિન્હોનો ત્યાગ કરી ભાવનાસહિત વિધિપૂર્વક દંડકોચ્ચાર કરી ( કરેમિભંતે ઉચ્ચરી ) ને તેણે સામાયિક ગ્રહણ કર્યું. તે વખતે તેણે એવો પણ-નિયમ લીધો કે—' જ્યાંસુધી અંધકારનો નાશ કરનાર આ દીપક બળતો રહે[1] ત્યાંસુધી મારે ધ્યાનસ્થ રહેવું.' આમ ચિંતવીને સામાયિકથી

૧ તેની ઉપર ઉજેહી ન આવે તેવી રીતે દૂર દીપક રાખેલ હોય તેવો સંભવ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પવિત્ર થયેલ તથા આર્ત્ત અને રૌદ્ર ધ્યાનથી રહિત થયેલ રાજા કાયોત્સર્ગમાં સ્થિત થયો.[૨] એવામાં 'રાજાને અંધારૂં ન થાય' એવા ઈરાદાથી તેની શય્યાપાલિકાએ આવીને રાત્રીના પહેલા પહોરે દીપકમાં તેલ પૂર્યું. તે વખતે રાજાએ વિચાર કર્યો કે-' એ મારા કર્મનો ક્ષય કરનારી છે, તેથી પૂર્વ કર્મને ભેદવામાં મારા ભાવને હું વિશેષે સંયુક્ત કરી દઇશ–જોડી દઇશ.' પછી બીજા પહોરે પણ તે દીપકમાં જાગતી એવી શય્યાપાલિકાએ પુનઃ તેલ નાખ્યું. એટલે રાજાએ ચિંતવ્યું કે—' રણાદિકમાં મેં ઉત્કટ કષ્ટ સહન કરેલું છે તો તેની પાસે પરંપરાએ સુખ આપનાર એવું આ કષ્ટ શું હીસાબમાં છે ? ' હવે બીજો પહોર વ્યતીત થતાં તે દાસીએ ભક્તિને લીધે જાગૃત થઇને દીપકમાં તેલ ઉમેર્યું; એટલે રાજાએ ચિંતવ્યું કે—' શરીર સ્વવશ છતાં તાપથી મુક્ત રહી હું મારા પાપનું પ્રક્ષાલન કરીશ. બધા પુરૂષો પરવશ રહીને પ્રાયઃ કષ્ટ સહન કરેજ છે, પણ તેથી કાંઇ કર્મનો ક્ષય થતો નથી અને આ કષ્ટ સહન કરતાં તો મારાં ઉત્કટ કર્મોનો નાશ થાય તેમ છે. ' પછી પ્રભાત થતાં બહુ વખત ઉભા રહેવાથી થયેલ શ્રમથી અને તજ્જન્ય વ્યથાથી ખિન્ન થયેલ રાજા પણ બુઝાવાને તૈયાર થયેલા દીપકની જેમ મૃત્યુને અભિમુખ થયો, એટલે ભાવનામાં ઉલટી વૃદ્ધિ કરીને તેમજ આલોચનાદિક કરીને આયુક્ષયે મરણ પામી તે રાજા મહર્દ્ધિક દેવ થયો. ' જેમ એ રાજાએ સામાયિકવ્રત અખંડ પાળ્યું તેમ અન્ય ભવ્યોએ પણ સર્વ સુખને આપનાર એવું એ વ્રત ગ્રહણ કરીને તેવીજ રીતે પાળવું. '

## ઇતિ સામાયિકવ્રતે ચંદ્રાવતંસક કથા

હવે છઠ્ઠા દિગ્વ્રતમાં એટલે દિશાઓ સંબંધી જવા આવવામાં જે અવધિ રાખેલ ( મર્યાદા બાંધેલ ) હોય તેમાં દિવસે દિવસે સંક્ષેપ કરવો તે બીજું દેશાવકાશિક શિક્ષાવ્રત છે. જે પ્રાણી દેશા-

૨ કાયોત્સર્ગ કેમ રહીને કરવાનો નિયમ છે.

વકાશિકવ્રતને આચરે છે, તે ધીમાન ધનસેન શેઠની જેમ સુખી થાય છે, તે કથા આ પ્રમાણે છે.

## દેશાવકાસિક વ્રતોપરી ધનસેનશેઠ કથા.

રત્નખેટ નામના ખેટ ( ખેડા ) માં રત્નધન નામે સારી મતિવાળો શેઠ હતો. તેને ધનસેન નામે પુત્ર હતો. તે સર્વદા નીચનો સંગ કરનાર, સ્વભાવેજ વિદુષક, પરાપવાદમાં કુશળ અને સજ્જનોના દોષ કહેનારો હતો.

એકદા શ્રેષ્ઠીએ તેને પ્રેમપૂર્વક એકાંતમાં બોલાવીને કહ્યું કે–' હે વત્સ ! કીર્ત્તિરૂપ લતાને હિમસમાન એવા પરાપવાદનો તું ત્યાગ કર. પરાપવાદ રૂપ વૃક્ષનું કળહ એ મૂળ છે, દુર્વચન એ તેના સ્કંધ છે, ધર્મભ્રંશ એ તેના પુષ્પો છે અને દુર્ગતિ એ તેનું ફળ છે. વળી હે પુત્ર ! નીચના સંગથી સંસારસંતતિ બહુજ દીર્ઘ થતી જાય છે. તે સંબંધમાં ચંદ્રયશાના નવ ભવનું ચરિત્ર સાંભળ.

## ચંદ્રયશાની અવાંતર કથા.

' આ ભરતક્ષેત્રમાં બ્રહ્મપુર નામે નગર છે. ત્યાં બ્રહ્મસેન નામે રાજા રાજ્ય કરતો હતો. પણ તે ક્રૂરતામાં સર્વ કરતાં શ્રેષ્ઠ હતો; સમસ્ત શાસ્ત્રમાં કુશળ એવો વિદુર નામે તે રાજાને પુરોહિત હતો. તેને શીલમાં ધુરંધર એવી પુરંદરયશા નામે પત્ની હતી. તેમને પોતાના જીવ સમાન વલ્લભ એવી ચંદ્રયશા નામે પુત્રી હતી. તે પોતાના વંશપરંપરાથી ચાલ્યા આવતા આર્હત ધર્મમાં બીલકુલ ભાવવાળી નહોતી. એકદા કલહરૂપ વનની કદલીસમાન, પૈશૂન્યથી વ્યાપ્ત ચિત્તવાળી, કામભોગમાં આસકત અને સદાચાર માર્ગના શત્રુ જેવી બ્રહ્મસુંદરી નામે કોઇ યશોદેવ નામના વણિકની પત્ની સાથે તેને મિત્રાઇ થઈ; કારણકે મિત્રાઇ સમાન સ્વભાવવાળાનેજ થાય છે. આ હકીકત જાણીને તેના મા બાપ તેને અટકાવવા લાગ્યા હતા કે—' હે વત્સે ! એની સાથે તારે મિત્રાઈ કરવી શ્રેયસ્કર નથી. સર્પના મસ્તકપર રહેલું રત્ન ઉદ્યોતકારી હોતું નથી, પણ ભય કરનારૂં હોય છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે અટકાવ્યા છતાં તે તેની મિત્રાઇથી નિવૃત્ત ન થઇ. 'પ્રાયઃ જેને માટે અટકાવ કરવામાં આવે છે તેનું લોકો ઉલટું વધારે સેવન કરે છે.'

એકદા ખિન્ન થયેલી ચંદ્રયશાને તેની સખીએ કહ્યું કે—'મૂર્ખના મનની જેમ કેમ આજે અત્યંત શૂન્ય દેખાય છે?' એટલે તે બોલી કે–'હે સખી! હમણા મારો સ્વામી મારાથી વિરક્ત છે, મદિરાથી રક્ત થયેલાની જેમ મદિરાવતીમાં અતિ આસક્ત બનીને તે મારી સામે નજર પણ કરતો નથી; તેથી હે સખી! પુત્ર વિનાની એવી જે હું તેણે કાળ શી રીતે વ્યતીત કરવો? પુત્ર કે પતિ વિના મારો આ જન્મ કેવળ વૃથા જાય છે.' આ પ્રમાણે સાંભળીને તે બોલી કે—'હે ભદ્રે! વિષાદ શા માટે કરે છે? હું તેનો ઉપાય બતાવું તે સાંભળ, કે જેથી તારો પતિ તારાપર ગળીના રંગ જેવો અત્યંત અનુરક્ત થાય. અહીં નગરની બહાર ધર્મધી નામે એક જોગણુ છે. તે બહુશ્રુત, પ્રભાવવાળી અને આવા કામમાં અતિ કુશળ છે, માટે આપણે તેની પાસે જઇએ.' આમ વિચારીને તે બંને તેની પાસે ગઇ. અને ધનાદિકથી તેનો સત્કાર કરીને ચંદ્રયશાએ પોતાના પતિનો વૃત્તાંત કહી સંભળાવ્યો; એટલે તે બોલી કે—'તમે ખેદ ન કરો, હું એનો ઉપાય કરીશ.' તે સાંભળી બ્રહ્મસુંદરી બોલી કે—'હે માત! અમારી ઉપર તમે મોટો અનુગ્રહ કર્યો. આપની જેવા તો પરોપકારમાંજ પ્રવર્તે છે.' પછી તે પરિવ્રાજિકાએ સાક્ષાત્ દુષ્ટ કર્મ સમાન ઉચ્ચાટન નામે ચૂર્ણ ચંદ્રયશાને આપ્યું. તે ચૂર્ણ પતિના શિરપર નાખવાથી તે ચૂર્ણના માહાત્મ્યવડે તે મદિરાવતી પરથી વિરક્ત થઇ ચંદ્રયશાપર અનુરક્ત થયો; પરંતુ આ કૃત્યથી તેણે મહાદુઃખના કારણરૂપ અત્યંત ક્લિષ્ટ કર્મ બાંધ્યું કે જે કર્મનો વિપાક બહુ સંસારના કારણરૂપ થયો. (પ્રથમ ભવ) હવે કાળક્રમે ચંદ્રયશા મરણ પામીને તે કર્મના વિપાકથી કોઇ પર્વતપર પોતાના યૂથનાથને અપ્રિય એવી હાથણી થઇ. પુર્વભવના કર્મોદયથી જ્યાં એ હાથણી પ્રીતિપૂર્વક ક્રીડા કરતી, ત્યાં તે

હાથી જતો નહિ; વળી તેને જોઇને નૂતન દાવાનળની જેમ તે અંતરમાં બળતો હતો. ( બીજો ભવ ) ત્યાંથી મરણ પામીને તેજ પર્વતપર તે વાંદરી થઇ અને પોતાના દુષ્કૃતને વશ એવી તે પૂર્વભવની જેમ પોતાના પતિને અનિષ્ટ થઈ. એકદા યૂથપતિએ તે બલીમુખીને મારી, એટલે શૂન્ય હૃદયથી ભમતી એવી તેને બળાત્કારથી કોઇ પુરૂષે પકડી લીધી, અને લોઢાની એક મોટી સાંકળ સાથે તેને બાંધી દીધી. (ત્રીજો ભવ) આથી તે મહાદુઃખથી પીડિત થઇ મરણ પામીને કોઇ કસાઇને ઘેર કુકડી થઈ. ત્યાં પણ પૂર્વની જેમ તે કુકડાને અનિષ્ટ થઇ પડી. ( ચોથો ભવ ) પછી મરણ પામીને તે બિલાડી થઇ. ( પાંચમો ભવ ) ત્યાંથી મરણ પામીને તે સદા આધિયુક્ત, દુર્ગંધી શરીરવાળી, પામન ( ખસ ) યુક્ત, ક્રૂર, વામણી અને દુર્ભગા એવી ચાંડાળની પત્ની થઇ. ( છઠ્ઠો ભવ ) તેને મારીને ચાંડાળે ઘરની બહાર કહાડી મૂકી, એટલે તે ઘોર અરણ્યમાં ભમતી કોઇ સાધુઓના જોવામાં આવી. આથી મુનિઓએ તેને પૂછ્યું કે— ‘ હે ભદ્રે ! અમને માર્ગ બતાવ. ’ એટલે તેણે માર્ગ દર્શાવ્યો. એટલે તે મુનિ બોલ્યા કે—‘ હે ભદ્રે ! સ્વહિતની ઇચ્છા રાખીને સુખકર એવા ધર્મનું આરાધન કર. ’ તે બોલી કે—‘ ધર્મનું સ્વરૂપ કેવું હોય ? ’ એટલે મુનિઓએ તેને યથાવિધિ ધર્મનું સ્વરૂપ કહી સંભળાવ્યું. ત્યારથી તે શુદ્ધ આર્હત ધર્મનું આરાધન કરવા લાગી. ત્યાંથી મરણ પામીને પૂર્વ કર્મના બાકી રહેલા દોષાંશથી તે શ્વેતવી નગરીના સ્વામીની સુતા થઈ. ( સાતમો ભવ ) અને કોશલનગરના સ્વામી સાથે તેનો વિવાહ થયો. અન્યદા તેના અંતઃપુરમાં કોઇ યક્ષિણી તેની સરખું રૂપ વિકુર્વીને તેના પતિ પાસે ગઇ. તે વૃત્તાંત જાણવાથી રાજપુત્રી અતિ દુઃખિત થઇ કોઇ સાધ્વી પાસે જઇ તેમને નમસ્કાર કરીને તેમની પાસે બેઠી. સાધ્વીએ જ્ઞાનથી તેના પૂર્વભવનું સ્વરૂપ જાણીને પરિવ્રાજિકાનાં ચૂર્ણ વિગેરેની તમામ હકીકત કહી સંભળાવી; તેથી તેનું મોહતિમિર ગલિત થઇ ગયું અને બોધિબીજ પ્રદીપ્ત થયું. તેને જાતિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્મરણ ઉત્પન્ન થતાં તેણે પણ પોતાના પૂર્વ ભવ દીઠા; તેથી તેના અંતરમાં વિશેષ સંવેગ પ્રસર્યો, એટલે તે બોલી કે—'હે ભગવતી! હજી એ કિલષ્ટ કર્મ કેટલું બાકી છે?' સાધ્વીએ કહ્યું કે—'હે વત્સે! એ તારૂં કર્મ હવે એક અહોરાત્ર પ્રમાણ બાકી છે.' તે બોલી કે—'મારો પતિ મને શી રીતે ઓળખી શકશે?' સાધ્વીએ કહ્યું કે—'અત્યારે પેલી કૃત્રિમ રૂપધારિણી ઉપર તારો પતિ શંકિત થયો છે; તેથી તારો સ્વામી રાત્રે પોતાની પાસે ગુપ્ત રીતે જિનેશ્વરની પ્રતિમા રાખશે, તેને જોઇને ચોરની જેમ તે યક્ષિણી દૂર ભાગી જશે. કારણ કે દુષ્ટ દેવદેવીઓ જિનપ્રતિમાની પાસે રહી શકતા નથી.' પછી તે બોલી કે—'હે મહાસતી! મારા પતિનું તે કાંઈ અહિત કરશે કે નહિ?' તે બોલ્યા કે—'હે શુભાશયે! તારા પતિના શુભાદેયથી તે કંઇ કરી શકશે નહિ. તેના ગયા પછી તારો ભર્ત્તાર તને પ્રાણવલ્લભા કરશે; કારણકે આ બધો પરાભવ પૂર્વ કર્મના યોગે જ થયેલો છે.'

પછી તે પુનઃ બોલી કે—'હે ભગવતી! આર્હત ધર્મમાં જે તત્ત્વભૂત હોય તે કરૂણા કરીને મને કહો. કારણ કે તમે કરૂણાનિધાન છો.' એટલે સાધ્વીએ સર્વ મંત્રોમાં પ્રધાન, ભયભીત ને વજ્રના પંજરરૂપ, મુક્તિમાર્ગને સાધનાર, જ્ઞાનસંપત્તિના દીપકરૂપ અને જીવની જેવો શાશ્વત નમસ્કારમંત્ર તેને યથાવિધિ શીખવ્યો અને રાજપત્નિએ સમ્યક્ પ્રકારે તે મંત્રનો સ્વીકાર કર્યો. પછી નમસ્કારના ધ્યાનમાં તત્પર રહી તેણે એક ક્ષણની જેમ સમસ્ત રાત્રિ ત્યાંજ આનંદપૂર્વક વ્યતિત કરી. એવામાં તે યક્ષિણીનાં વૃત્તાંતને જાણીને તેનો પતિ ઉપાશ્રયમાં આવી તેની આગળ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એટલે તે બોલી કે-'હે આર્યપુત્ર! મારે આપની ઉપર કશો રોષ નથી; કારણ કે આ બધું મારા પૂર્વકર્મથી થયું છે. અપરાધ કે ગુણમાં બીજા બધા તો નિમિત્તમાત્ર જ હોય છે.' પછી રાજાએ કહ્યું કે—'હે દેવી! કર્મની ઉપર પણ શા માટે કોપ કરે છે?' એટલે સાધ્વીએ કહેલ તેના પૂર્વભવનો વૃત્તાંત તેણે મૂળથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહી સંભળાવ્યો. તે સાંભળીને રાજાએ કહ્યું કે—'અહો! પૂર્વ કર્મનું આવું ફળ કે જે સાથે જોડાયેલાની જેમ ભવોભવ મારી પત્નીના અનુભવવામાં આવ્યું.' પછી પ્રવર્ત્તિનીને નમસ્કાર કરીને રાણી સહિત રાજા પોતાના સ્થાને ગયો. અને તે રાણી બાર વ્રત પાળીને સ્વર્ગે ગઇ.[1]

## ઇતિ ચંદ્રયશા કથા.

'હે વત્સે! આ ચંદ્રયશાનું ચરિત્ર સાંભળીને જો તું પોતાની ઉન્નતિને ઇચ્છતો હોય તો પવિત્ર બુદ્ધિ રાખી નીચ સંગનો સત્વર ત્યાગ કર.' આ પ્રમાણે સાંભળીને તેણે તાતને નમસ્કાર કરીને કહ્યું કે—'હે તાત! હું હવે નીચ સંગથી સર્વથા નિવૃત્ત થાઉં છું અને શુભ આશયથી તમારા માર્ગમાં પ્રવૃત્ત થાઉં છું. હે તાત! આર્હત ધર્મ સાંભળવાની હવે મારી ઇચ્છા છે.' એટલે તેણે જૈન ધર્મનું સ્વરૂપ અને શ્રાવકના વ્રતની હકીકત કહી સંભળાવી. તે સાંભળી સદ્ગુરૂની જેમ તેની પાસેથી ભાવપૂર્વક તેણે આર્હત્ ધર્મ અંગીકાર કર્યો અને દેશાવકાશિક વ્રતના આરાધનમાં વિશેષ તત્પર થયો.

એકદા પોતાના પિતાના આદેશથી માલનો ક્રયવિક્રય કરવાને માટે તે પાંચસો બળદપર કરીઆણાની ગુણો ભરીને ચાલ્યો. તે વખતે બળદને કંઠે બાંધેલા સ્ફુરાયમાન ઘંટાના નાદ જાણે દેશાંતરની લક્ષ્મીને બોલાવવાના ઉદ્ભટ દૂત હોય એવા પ્રસરવા લાગ્યા. આગળ જતાં અંગ અને બંગદેશની મધ્યમમાં બધો સાથ નિવાસ કરીને રહ્યો, તે વખતે સમુદ્રમાં નદીઓની જેમ બીજો સાથ તે સાર્થને આવીને મળ્યો. એ વખતે ભગવંતની પૂજા કરીને રાત્રે ધનસેને સાર્થ પર્યંતનું દેશાવકાશિક વ્રત અંગીકાર કર્યું. ત્યાર પછી તરતમાં રાત્રિના પ્રારંભમાંજ કોઇએ આવીને સાર્થપતિને કહ્યું કે—'હે દેવ! સાર્થને લુંટવાને માટે ભીલ લોકો આવે છે.' આ સમાચાર

૧ પ્રારંભમાં નવ ભવ કહ્યા છે. અહીં સાતમો ભવ પૂરો થાય છે, એમ ભવ ગણતાં આઠ થાય છે, નવ થતા નથી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે બીજા વૈદેશિકોને પણ કહ્યા; એટલે તેમણે ધનસેનને કહ્યું કે– ‘ હે ધનસેન ! આપણે સત્વર અહીંથી ભાગી જઇએ. ’ ધનસેન બોલ્યો કે—‘ અહીંજ વ્યૂહ કરીને રહો, જાગતા એવા આપણને ભીલ લોકો શું કરવાના હતા ? ’ તે સાંભળી વૈદેશિકો બોલ્યા કે— ‘ હે ધનસેન ! યષ્ટિ, મુષ્ટિ, બાણ, પાષાણ અને ગોળા વિગેરેથી તેઓ વ્યૂહનો ભેદ કરશે; માટે વિચારવા જેવું છે. ’ ધનસેન બોલ્યો કે— ‘ આજે રાત્રે આ સાર્થ પડેલ છે ત્યાંથી આગળ જવાનો મેં તો નિયમ કરેલો છે, તેથી મારે તો અહીંજ રહેવું છે. ’ તેઓ બોલ્યા કે—‘ હે ભદ્ર ! આ તમારી કેવી મૂર્ખતા કે અત્યારે નિયમ લઇને બેઠા છો ! સ્વસ્થ અવસ્થામાં હોઇએ ત્યારે વ્રત લેવું ને પાળવું જોઇએ. હવે જો તમારે અહીંજ રહેવું છે તો રાત્રે ધર્મના પ્રભાવથી તમારો બચાવ થાઓ, અમે તો માલ સહિત ચાલ્યા જઇશું, કારણ કે ભાગતા જનોને ભય નડતો નથી. ’ આમ કહીને રાત્રિના પ્રારંભમાંજ બીજા વૈદેશિક લોકો પોતાનો સાર્થ સાથે લઇને ભયને લીધે મૃગલાની જેમ ચાલી નીકળ્યા. ‘ અહો ! મરણ સમાન બીજો કોઇ ભય નથી. ’ એવામાં સામે સાક્ષાત્ જાણે કાળરાત્રિના પુત્ર હોય એવા ભીલો આયુધો લઇને સામા મળ્યા. અને ઉગ્ર કર્મોથી આત્માની જેમ તેમણે સાર્થને ઘેરી લીધો. પછી તમામ સામાન લુંટી લઇને પાષાણ વિગેરેથી તેમને મારવા લાગ્યા; એટલે રાત્રેજ સાર્થજનો જીવ લઇને ભાગી ગયા. અહીં વ્રત લઇને બેસી રહેલા ધનસેનને ધર્મના પસાયે કંઇ સંકટ ન આવ્યું. ગયેલા માણસોની હકીકત નિર્બળ થઇને ભાગતા એવા કોઇ પુરૂષની પાસેથી જાણીને ધનસેન ખેદ પામ્યો અને બહુજ શાંત મનથી જૈનધર્મમાં વિશેષે અનુરાગી થયો. પછી દૂર દેશમાં વસ્તુઓનો ક્રયવિક્રય કરી લક્ષ્મી ઉપાર્જન કરીને તે પોતાના રત્નપુર નગરમાં પાછો આવ્યો અને સારી રીતે શ્રાવક ધર્મ પાળવા લાગ્યો. પ્રાંતે અનશન કરી સમાધિધ્યાનમાં તત્પર રહી મરણ પામીને તે પ્રથમ દેવલોકમાં લલિત નામે દેવ થયો. ત્યાંથી ચ્યવીને અનુક્રમે પરમ પદને પામશે. ”

ઇતિ દશમા વ્રતોપરી ધનસેન કથા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'હે રાજન્ ! જેમ એ ધનસેને વિવેકપૂર્વક દેશાવકાશિક વ્રત પાળ્યું તેમ બીજાઓએ પણ તે વ્રત પાળવું.' એટલે કુંભરાજા બોલ્યા કે—'હે નાથ ! ધનસેન કૃતાર્થ થયો કે જેની ધર્મમાં આવી પરમાર્થની ભાવના દૃઢ હતી. ભાગ્યવંત જનો નગર, શરીર કે દ્રવ્યનો ત્યાગ કરવા તત્પર હોય છે, પરંતુ જીવિતવ્યનો વ્યય થતાં પણ પોતાના અભિગ્રહનો ત્યાગ કરતા નથી.'

પછી કુંભરાજાએ કહ્યું કે—'હે સ્વામિન્ ! હવે પૌષધ વ્રત સાંભળવાની મને ઉત્કંઠા છે. આપના વચન સાંભળતાં કોનું મન તૃપ્ત થાય ?' કુંભરાજાની આવી ઇચ્છા હોવાથી સંદેહરૂપ અંધકારને રવિ સમાન એવા મલ્લિનાથ ભગવંત આમ્રફળ સમાન અને તત્ત્વને સ્રવનારી વાણીવડે બોલ્યા કે—'કલ્યાણકારી એવા ધર્મના ધ્યાનને જે પોષણ આપે છે તેને તત્ત્વજ્ઞો પૌષધવ્રત કહે છે. હે રાજન્ ! પૌષધવ્રતમાં સ્થિર રહેલા કેટલાક ધીર જનો શિખરસેનની જેમ મરણાંત કષ્ટને પણ અન્યત્વભાવથી સહન કરે છે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

## અગ્યારમા પૌષધવ્રતોપરી શિખરસેન કથા.

મિથિલા નગરીમાં વિજયી, ન્યાયી અને વિનયી એવો વિજયધર્મ નામે રાજા રાજ્ય કરતો હતો. ચંદ્રધર્મા નામે તેને રાણી હતી. એકદા સંધ્યાકાળે સૌંદર્યવતી એવી તે રાણી પોતાની સખીઓ સાથે ક્રીડા કરતી હતી, એવામાં 'વિશિષ્ટ લક્ષણયુક્ત આ સ્ત્રીરત્ન છે' એમ ધારીને વિદ્યાથી સર્વને વ્યામોહિત કરી અંતઃપુરમાં બેઠેલી ચંદ્રધર્માનું વિદ્યા સાધનને માટે કોઈ વિદ્યાધરે હરણ કર્યું. અપૂર્વ નિધાનના હરણની જેમ રાણીનું હરણ સાંભળીને રાજા મૂળથી છેદાયેલા વૃક્ષની જેમ ધરણીતળપર પડી ગયો. ચંદન દ્રવયુક્ત પંખાના પવનથી બહુવાર પ્રતીકાર કરતાં તે સાવધાન થયો, એટલે વિલાપ કરવા લાગ્યો કે—'હે પૂર્ણ ચંદ્રમુખી ! હે પ્રિયે ! હે મૃગલોચને ! તું મને કહ્યા વિના ક્યાં ચાલી ગઇ ? હે દેવિ ! તારા વિના આ નગર બધું મને શૂન્ય દેખાય છે. મારા પ્રાણ તો તારી પાછળજ ગયા છે, અહીં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો માત્ર મારું શૂન્ય કલેવરજ રહેલું છે.' આ પ્રમાણે રાજા શોકસાગરમાં નિમગ્ન હતો એવામાં ચોથે દિવસે એક મંત્રસિદ્ધ જટાધર આકાશ-માર્ગે ત્યાં ઉતરી આવ્યા અને બોલ્યો કે—'હે મિત્ર! મંત્રસિદ્ધિને માટે મેં તમારી કાંતાનું હરણ કર્યું છે, મારે સિદ્ધ કરવાના મંત્રની આરાધનામાં ગુરૂએ મને એવો કલ્પ (આચાર) બતાવ્યો છે. તમારી રાણીને મેં બ્હેનની જેમ રાખી છે; માટે તમારે ખેદ કરવાનું કંઇ કારણ નથી. વળી છ મહિનાને અંતે મારો મંત્ર સિદ્ધ થતાં હું તેને પાછી મૂકી જઇશ, એટલે તમારે તેનો સમાગમ થશે.' આ પ્રમાણે કહીને તે સિદ્ધ પુરૂષ ચાલ્યો ગયો, એટલે રાજા પુનઃ મૂર્છા પામ્યો; કેમકે ખસની ફોડલી ખણવાથી જેમ આર્દ્ર થાય તેમ રાજાનું દુઃખ તેથી ઉલટું તાજું થયું. પછી મૂર્છાને અંતે સાવધ થયા છતાં રાજા પ્રિયાનું સ્મરણ કરીને તેના ધ્યાનમાં મૌન ધારણ કરીને રહ્યો. એ પ્રમાણે પલ્યોપમ સમાન કેટલાક દિવસો તેણે વ્યતીત કર્યા. અનુક્રમે રાજાનું વ્યામોહતિમિર ધીમેધીમે દૂર થવાથી પ્રાપ્ત થયેલ અપૂર્વ નિધાનની જેમ પ્રધાનાદિ સર્વ આનંદ પામ્યા.

અન્યદા ઉદ્યાનપાળકે આવીને કહ્યું કે—'હે રાજન્! અતુલ મંગલથી તમે અતિશય વિજય પામો. આપના ઉદ્યાનમાં ગજગામી અને અનેક સંશયરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન જિનેશ્વર ભગવંત પધાર્યા છે.' આ પ્રમાણે સાંભળીને આનંદ પામી રાજાએ તેને ઇનામ આપી વિસર્જન કર્યો અને પોતે ભગવંતને વંદન કરવા માટે ઉદ્યાનમાં આવ્યો. ત્યાં ભગવંતના શોભાયમાન ત્રણ પ્રાકાર (ગઢ) જોઇને ધારાથી હણાયેલા કદંબ વૃક્ષની જેમ તે રોમાંચિત થયો. પછી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ વિચિત્ર સ્તોત્રોથી સ્તવીને રાજા યથાસ્થાને બેઠો. એટલે ભગવંત આ પ્રમાણે દેશના આપવા લાગ્યા—

'હે ભવ્ય જનો! અનાદિ નિધન એવો એટલે જે ઉત્પન્ન થયો નથી અને જેનો નાશ થવાનો નથી એવો આ જીવ ઉત્કટ કર્મોથી બંધાઇને સમુદ્રમાં દુષ્ટ વાયુથી ભ્રમિત થયેલા વહાણની જેમ આ પારાવાર સંસારમાં અત્યંત ભ્રમણ કરે છે. તેવી રીતે ભમતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રવહણને જેમ કોઇ દ્વીપ (બેટ) ની પ્રાપ્તિ થાય તેમ આ જીવને કલ્પવૃક્ષ સમાન મનોવાંચ્છિત આપનાર જૈન ધર્મ પ્રાપ્ત થાય છે. તે ધર્મ સાધુ અને શ્રાવકના ભેદથી બે પ્રકારનો છે. તેમાં પંચ મહાવ્રતથી મનોહર એવો સાધુધર્મ કહેલો છે. તે મોક્ષને માટે બહુજ નજીકનો માર્ગ છે. શ્રાવક ધર્મના આરાધનથી બે ત્રણ ભવે મોક્ષ મળે છે, પરંતુ વિષયાસક્ત જીવોને એ ધર્મ વધારે સુગમ લાગે છે.' આ પ્રમાણેની દેશના સાંભળીને રાજાએ પૂછયું કે—'હે ભગવન્! હું કયા ધર્મના પ્રભાવથી રાજા થયો છું ?' એટલે ભગવંત કહેવા લાગ્યા કે—

"આજ ભરતક્ષેત્રમાં ચાર પ્રકારના હાથીઓનું ઉત્પત્તિસ્થાન અને ભૂમિતિના દંડ સમાન વિંધ્ય નામે પર્વત છે. તે વિંધ્યાચળની પાળમાં ક્ષત્રિઓમાં અગ્રેસર જીવહિંસામાં તત્પર અને ચોરી કરવામાં કુશળ એવો શિબિરસેન નામે તું પલ્લિપતિ હતો. અને અત્યારે જે તારી પત્ની છે તે પ્રેમરત્નની રોહણભૂમિ સમાન અને સાક્ષાત્ જાણે પલ્લિની લક્ષ્મી હોય એવી શ્રીમતી નામે તે ભવમાં તારી ભાર્યા હતી. એકદા ગુંજા ( ચણોઠી ) તથા મુકતાફળના હાર તથા વલ્કલના વસ્ત્રને ધારણ કરનારી, મયૂરપીંછના મુગટને પહેરનારી, પ્રિયંગુલતા સમાન ભાસુર, કિલ્લામાં અને પર્વતના નિકુંજમાં તારી સાથે ફરનારી, અને નિઝરણાનું જળપાન કરી મૃગલીઓને ત્રાસ ઉપજાવનારી એવી તેણીએ મહાગિરિ ઉપર યૂથભ્રષ્ટ થયેલ હરણ અથવા સાર્થથી ભ્રષ્ટ થયેલ મુસાફરની જેમ ભ્રમણ કરતા એક સાધુને જોયા. એટલે પલ્લિપતિએ તે સાધુને પૂછયું કે—'હે સાધો! તમે અહિં શા માટે ભમો છો ?' તે બોલ્યા કે—'હે ભદ્ર! અમારા સમુદાયથી હું કાલે સાંજે જુદો પડી ગયો છું, તેથી દિગ્મૂઢની જેમ હું ફર્યા કરૂં છું. મને માર્ગ મળી શકતો નથી, માટે જો તમે મને માર્ગ બતાવશો તો તમારૂં કલ્યાણ થશે.' પછી તમે બંનેએ તે સાધુને પોતાના ઘરે લઈ જઇ સારા સ્થાનમાં આશ્રય આપ્યો, અને વસ્ત્ર, અન્ન અને શય્યા વિગેરેથી તેમને પડિલાભ્યા. તેમની પાસેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આર્હત ધર્મ સાંભળતાં તમને શુભ ભાવના ઉત્પન્ન થઇ, તેથી આવશ્યકાદિ વિધિ તમે શીખ્યા. તે વખતે સંસારપરથી વિરાગ લાવીને તમે એવો નિશ્ચય કર્યો કે—'પાતકના ઔષધરૂપ એવા પૌષધને હું ચારે પર્વણીએ ગ્રહણ કરીશ.'

એકદા અમાવાસ્યાના દિવસે શુદ્ધ ભાવથી તેં તથા શુભ આશયવાળી એવી શ્રીમતીએ પૌષધવ્રત લીધું. એવામાં પોતાના પુચ્છથી પૃથ્વીપર આચ્છોટન કરતો, ગર્જનાવડે દિશાઓને શબ્દાયમાન કરતો, કોપાગ્નિની જ્વાળાથી જેના બંને લોચન રક્ત દીપક સમાન થઇ ગયા છે તેવો, જાણે સાક્ષાત્ રૌદ્રરસ હોય તેવો અને યમરાજાનું જાણે પ્રતિબિંબ હોય તેવો એક સિંહ અર્ધ રાત્રે પૌષધાલયમાં આવ્યો. તેને જોઇને 'ધનુષ્ય, ધનુષ્ય' એમ વારંવાર બોલતા તને જોઇને તારી પત્નીએ મિતાક્ષરમાં તને કહ્યું કે—'હે નાથ! જૈનસાધુની જેમ પૌષધવ્રતવાળા એવા તમારે શસ્ત્ર ગ્રહણ કરીને જીવનો ઘાત કરવો ઉચિત નથી, માટે કર્મરૂપ ઇંધનને અગ્નિ સમાન એવા આ ઉપસર્ગને સહન કરો કે જેથી મોક્ષનું સુખ હસ્તગોચર થાય.' આ પ્રમાણે ગુરૂવાક્યની જેવાં હિતકર તેનાં વચન સાંભળીને તું સમતાને ધારણ કરી ક્ષમામાં સ્થિત થયો. સિંહે તારી પાસે આવીને તને સખ્ત રીતે મસ્તકમાં પ્રહાર કર્યો. તે વખતે અનિત્યાદિ ભાવનાને જાણનાર એવા તેં વિચાર કર્યો કે—'હે જીવ! પૂર્વે નરકમાં તેં જે કષ્ટ સહન કર્યું છે તેની પાસે આ શું માત્ર છે? તેની આગળ તો આ વાનકીમાત્રજ છે. હે જીવ! આ સંસારમાં સેંકડોવાર તેં પ્રાણનો ત્યાગ કર્યો છે, પણ કર્મવૃક્ષને બાળવાને અગ્નિસમાન એવું પાંડિત્ય મરણ તને પ્રાપ્ત થયું નથી.' આ પ્રમાણે ભાવના ભાવતાં હે રાજન્! તું મરણ પામી છઠ્ઠા લાંતક દેવલોકમાં દેવ થયો અને તારી પ્રિયા પણ મરણ પામીને તારી દેવી થઇ. હે ભદ્ર! પલ્લીપતિના ભવમાં પૂર્વે નિરપરાધી પશુઓને પરસ્પર વિયોજિત કર્યા હતા તેના દુઃસહ વિપાકને લઇને ચિરકાળથી તું પ્રિયાવિરહનું દુઃખ સહન કરે છે." આ પ્રમાણેના ભગવંતનાં વચન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળીને લઘુકર્મી એવા તે રાજાએ પોતાના પુરંદર નામના પુત્રને રાજ્ય સોંપીને ચારિત્ર અંગીકાર કર્યું અને ભગવંતની પાસે રહી દુષ્કર તપ તપી પ્રાંતે કેવળી થઈને તેજ ભવમાં મોક્ષે ગયા. પછી પેલો વિદ્યાધર પોતાનું કાર્ય પૂર્ણ થતાં રાણીને લઈને ત્યાં આવ્યો, એટલે પોતાના સ્વામીનો વૃત્તાંત સાંભળી તેણે પણ ભગવંત પાસે દીક્ષા લીધી. તે રાણી પણ તેજ ભવે મોક્ષે ગઈ. "

## ઇતિ પૌષધવ્રતોપરી શિખરસેન કથા.

આ પ્રમાણે સાંભળીને પરાક્રમી એવા કુંભરાજાએ કહ્યું કે— 'હે ભગવન્! પૌષધવ્રત સંબંધી દૃષ્ટાંત મારા સાંભળવામાં આવ્યું. એ શિખરસેન પૌષધવ્રતમાં સાવધાન રહીને કૃતાર્થ થયો કે જેણે પ્રાણાંત સમયે પણ પૌષધવ્રત બરાબર પાળ્યું. હે સ્વામિન્! હવે ચતુર્થ શિક્ષાવ્રત સાંભળવા ઇચ્છું છું કે જેથી શ્રાવકધર્મ સમગ્ર રીતે પૂર્ણ થાય.' એટલે ભગવંત બોલ્યા કે—" અતિથિને સંવિભાગ આપવું-દાન દેવું તે ચોથું શિક્ષાવ્રત ગણાય છે. અવસરે પ્રાપ્ત થયેલા સાધુને પ્રાસુક અન્ન, પાન, વસ્ત્ર, પાત્રાદિ વસ્તુનું દાન આપવાથી અતિથિ સંવિભાગ વ્રત આરાધાય છે. એ વ્રતનું સેવન કરતાં ચરમ જિનેશ્વરના શાસનમાં ચંદના (ચંદનબાળા) મોક્ષ પામશે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

## મુનિદાન ઉપર ચંદનબાળા કથા.

"ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા, સિદ્ધાર્થ રાજાના નંદન, પાવન આકૃતિવાળા, સુવર્ણ સમાન કાંતિથી સુંદર, સિંહ જેવા પરાક્રમી, સિંહના લાંછનવાળા, જેમણે મનહર ચારિત્ર ધારણ કરેલું છે એવા, છળ-કપટથી રહિત અને છદ્મસ્થપણે વિચરતા ચરમ જિનેશ્વર શ્રી મહાવીર વિહાર કરતા એકદા કૌશાંબી નગરીમાં પધાર્યા. ત્યાં શત્રુઓની સેંકડો સેનાઓને જીતનાર શતાનીક નામે રાજા રાજ્ય કરતો હતો; અને ચેટક (ચેડા) રાજાની પુત્રી મૃગાવતી તેની રાણી હતી. તે રાજાને સુગુપ્ત નામે પ્રધાન હતો અને નંદા નામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેની પત્ની હતી. તે મૃગાવતી રાણીની પરમ સખી અને પરમ પ્રીતિનું ભાજન હતી. તે નગરીમાં ધનમાં ધનદ ( કુબેર ) સમાન ધનાવહ નામે શેઠ રહેતો હતો. ગૃહકર્મમાં ધુરંધર એવી મૂળા નામે તે શેઠને પત્ની હતી.

અન્યદા પોષમાસની કૃષ્ણ પ્રતિપદાને દિવસે ( પોષ વદિ ૧ મે ) ઈતર જનોને દુર્ગ્રાહ્ય એવો ભગવંતે આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો કે—' લોહની સાંકળમાં જેના બંને પગ બાંધેલા હોય, જે મસ્તકે મુંડિત હોય, કંઇક દુઃખથી રૂદન કરતી હોય, રાજપુત્રી છતાં દાસીપણાને પામેલ હોય, જેનો એક પગ દ્વારની અંદર અને એક પગ દ્વારની બહાર હોય અર્થાત્ એવી રીતે ઉંબરામાં બેઠી હોય, અને ભિક્ષુકો બધા આવી ગયા હોય એવા અવસરે જો તેવી સ્ત્રી સુપડાના ખુણામાં રહેલા અડદ મને વહોરાવે તો મારે પારણું કરવું-અન્યથા નહિ.' આ પ્રમાણે અભિગ્રહ ધારણ કરીને ઉંચા નીચા ઘરોવાળા રસ્તાપર જેમનો અભિગ્રહ કોઇના જાણવામાં આવેલ નથી એવા ભગવંત ભિક્ષાને માટે ભ્રમણ કરતા હતા. આ વખતે વારંવાર આપવામાં આવતી ભિક્ષા અભિગ્રહના વશે ભગવંત લેતા નહોતા, તેથી તે નગરીના લોકો ખેદ પામતા હતા. એ રીતે ભિક્ષા લીધા વિના ક્ષુધા પરિષહને સહન કરતા અને શરીર પર મમતા રહિત એવા ભગવંતે ચાર દિવસની જેમ ચાર માસ વ્યતીત કર્યા.

એકદા સુગુપ્ત પ્રધાનના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરતાં જંગમ સુમેરૂ સમાન પ્રભુને તેની પત્નીએ જોયા; એટલે અંતરમાં અતિશય આનંદ લાવીને વીર પ્રભુ પોતાને ઘેર પધાર્યા તેથી પોતાને ધન્ય માનતી નંદાએ અનેક કલ્પનીય વસ્તુ પ્રભુની આગળ ધરી અને મનમાં વિચારવા લાગી કે--' આજે મને દૈવ અનુકૂળ થયું, બધા આશીર્વાદો સત્ય થયા, પુણ્ય પ્રગટ થયું અને કુળદેવી પણ સંતુષ્ટ થઇ.' એ રીતે તે વિચારતી હતી, એવામાં તો ભગવંત અભિગ્રહના વશે ભિક્ષા લીધા વિના તેના ઘરથી ગજગતિએ પાછા ચાલ્યા ગયા. આથી નંદા ચિંતવવા લાગી કે-' અહો ! હું અધન્ય, મંદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્યવાળી અને અસંપૂર્ણ મનોરથવાળી રહી કે જેથી ચિંતામણિ સમાન ભગવંત મારે ઘરે ચાલીને જેમ આવ્યા તેમ પાછા ચાલ્યા ગયા.' આ પ્રમાણે નંદાને ખેદ પામેલી જોઇને એક દાસી બોલી કે–'આ ભગવંત દરરોજ આવીને એ પ્રમાણે ચાલ્યા જાય છે, માટે તેના કારણની તપાસ કરો.' નંદાએ ખેદ સહિત ભગવંત ભિક્ષા લીધા સિવાય પાછા ગયાની વાત પોતાના પતિને કહી સંભળાવી; અને આક્ષેપપૂર્વક કહેવા લાગી કે—'પરના મનને જાણનારી આપની બુદ્ધિ શા કામની કે જગતના નાથ ઘરે આવીને પાછા ચાલ્યા જાય? માટે હે સ્વામિન્! એમનો અભિગ્રહ દુર્લક્ષ છતાં બુદ્ધિના પ્રયોગથી તે જાણો; કારણ કે સર્વજ્ઞની જેમ આપ બુદ્ધિથી અનેક હકીકતો જાણી શકો છો. હે નાથ! જગતના નાથ ભોજન ન કરે ત્યાંસુધી વિવેકી જનોથી ભોજન કેમ કરાય? તેથી આપણો આ જન્મ પશુસમાન અલેખે છે.' આ પ્રમાણે સાંભળીને પ્રધાને કહ્યું કે—'હે મૃગાક્ષિ! ગમે તે રીતે પ્રભાતે હું ભગવંતનો અભિગ્રહ પૂર્ણ કરીશ.'

આ વખતે **મૃગાવતી** રાણીની **વિજયા** નામે પ્રતિહારી ત્યાં આવી હતી; એટલે તેમની ઉક્ત વાતચિત સાંભળીને તેણે જઇને તે વાત રાણીને નિવેદન કરી તે સાંભળીને મૃગાવતીને પણ બહુ ખેદ થયો. 'જિનશાસનના સાચા ભક્તોને આવા પ્રસંગે ખેદ થાય તેમાં આશ્ચર્ય નથી.' શતાનીક રાજાએ રાણીને ખેદયુક્ત જોઇને સંભ્રાંત થઇ તેમજ તેના દુઃખે દુઃખિત થઇ ખેદનું કારણ પૂછયું; એટલે અતિ ખેદથી આચ્છાદિત થયેલ અને બહુજ દીન થઇ ગયેલ એવી તે મહાસતી મૃગાવતીએ મંદ સ્વરે રાજાને કહ્યું કે—'રાજાઓ પોતાના ચરપુરૂષોથી આ ચરાચર વિશ્વને જાણે છે, પણ અહો! તમારૂં મતિકૌશલ્ય કેવું કે પોતાની નગરી ને તેમાં બનતી વાતને પણ તમે જાણતા નથી. ત્રણ લોકના સ્વામી એવા વીર ભગવંત અહીં પધાર્યા છે તે તમારા જાણવામાં છે? કયાંથી હોય? રાજ્યલુબ્ધ જનો ગુરૂભક્તિમાં પ્રમાદીજ હોય છે.' આ પ્રમાણે સાંભળીને રાજા બોલ્યો કે—'અહો! મને ધિક્કાર છે કે હું ભગ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વંતના અભિગ્રહથી અજ્ઞાત રહ્યો છું અને તેમના અભિગ્રહને હું પૂર્ણ કરી શકયો નથી. છતાં હે પ્રિયે! તમે મને ભગવંતના અભિગ્રહ તરફ પ્રેરિત કર્યો એ બહુ સારૂં કર્યું; અને તેથી સ્ત્રી પુરૂષનો મંત્રી, મંત્ર કે ગુરૂ છે એ હકીકત સિદ્ધ થઇ છે. હે પ્રિયે! આ પ્રમાણે તેં મને જાગૃત કર્યો છે, તો હવે પ્રભાતે ભગવંતના અભિગ્રહને જાણીને તેમના શરીરની ગ્લાનિને દૂર કરનાર એવું પારણું હું તેમને કરાવીશ.'

પછી પ્રધાનને બોલાવીને ભગવંતની ભક્તિથી રોમાંચિત થયેલા રાજાએ વીર પ્રભુનો યથાતથ્ય વૃત્તાંત સવિસ્તર તેને કહી સંભળાવ્યો અને કહ્યું કે—'અહો! આપણને ધિક્કાર છે કે ચાર માસથી તપસ્યા કરતા ભગવંતને આપણે વાંદ્યા નહિ અને તેમના અભિગ્રહને જાણવાની પણ દરકાર કરી નહિ. માટે હે પ્રધાન! ગમે તે રીતે ભગવંતનો અભિગ્રહ જાણવો જોઇએ અને તેમને પારણું કરાવવું જોઇએ, નહિ તો આપણું શ્રાવકપણું શા કામનું?' આ પ્રમાણે રાજાનું કથન સાંભળીને પ્રધાન બોલ્યો કે—'હે રાજન્! અભિગ્રહ તો અનેક પ્રકારના શાસ્ત્રમાં સાંભળવામાં આવ્યા છે તે સર્વ શાસ્ત્રને જાણનાર તથ્યવાદી ઉપાધ્યાય આપને કહેશે.' એટલે રાજાએ તરતજ તથ્યવાદી અધ્યાપકને બોલાવ્યા અને કહ્યું કે—'વીર ભગવંતના અભિગ્રહનો બરાબર યથામતિ વિચાર કરો. ધર્મ સંબંધી સર્વ આચારો તમે જાણો છો, તો તેમાંથી કયે પ્રકારે ભગવંત પારણું કરશે તે વિચારીને કહો.' આ પ્રમાણે સાંભળીને ઉપાધ્યાય બોલ્યા કે—"દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી સંયમીઓને માટે ઘણી જાતના અભિગ્રહો કહેવામાં આવેલા છે. તેમાં કોઇ મહર્ષિ ભાલામાં પરોવાયેલા અને કોઇ ઘોડેસ્વારથી આપવામાં આવતા એવા પરિમિત માંડાથી પારણું કરે છે; કોઇ મહાત્મા બાળાદિકના હાથે પ્રાસુક થયેલ એવા ચણા વિગેરે લઇને પારણું કરે છે; કારણ કે અભિગ્રહો અનેક પ્રકારના હોય છે. વળી હે રાજન્! કોઇ મહાત્મા એવો અભિગ્રહ લે છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે—' મદોન્મત્ત પટ્ટહસ્તી આલાનસ્તંભનું ઉન્મૂલન કરી કંદોઇના હાટે જઇ પોતાની સુંઢવતી માંડા લઇને જો મને આપે તો મારે પારણું કરવું. ' ઇત્યાદિ અભિગ્રહો દેવતાની સહાયતાથી પૂરી શકાય છે; પણ વિશિષ્ટ જ્ઞાનના માહાત્મ્ય વિના ભગવંતનો અભિગ્રહ મારા જેવાથી કેમ જાણી કે કહી શકાય ? કારણ કે મહાપુરૂષોનું બધું અગમ્ય હોય છે. " પછી કાર્યકુશળ એવા રાજાએ નગરીમાં આઘોષણા કરાવીને અધ્યાપકે કહેલા અનેક પ્રકારના અભિગ્રહોની સામગ્રી તૈયાર કરાવી; એટલે કેટલાક રાજાની આજ્ઞાથી, કેટલાક જિનભક્તિથી, કેટલાક રત્નવૃષ્ટિની ઇચ્છાથી, કેટલાક કીર્ત્તિની કામનાથી અને કેટલાક જનોએ પોતાનું કુલીનપણું બતાવવા માટે તેવી સામગ્રી તૈયાર કરી, તથાપિ કોઇ રીતે ભગવંતે ભિક્ષા ગ્રહણ કરી નહીં. આથી નગરજનો જાણે કાંઇ છેતરાયા હોય તેમ જેમનું મુખ રાત્રિના કમળ સમાન મ્લાન થઇ ગયું છે એવા તેમજ ખેદાકુળ હોવા સાથે લજ્જિત થઇ ગયા.

હવે એક દિવસ ચાર પ્રકારના તીક્ષ્ણ શસ્ત્ર, કટક, અશ્વો અને હાથીઓથી વહાણો ભરીને પૂર્વ વૈરથી એકજ રાત્રિમાં નદી માર્ગે જઇને શિકારી જેમ તિત્તર પક્ષીને ઘેરે, તેમ શતાનીક રાજાએ ચંપાનગરીને ઘેરી લીધી. એટલે ઝંપાપાતની જેમ તેના આગમનને જાણીને ભયથી વિહ્વળ થયેલ ચંપાનગરીનો દધિવાહન રાજા પલાયન કરી ગયો. પછી શતાનીક રાજાએ હુકમ કર્યો કે— ' આ નગરીમાંથી જે વસ્તુને જે ગ્રહણ કરે તે વસ્તુ તેની સમજવી. ' આથી ધણી વિનાના ઘરની જેમ સુભટોએ તે નગરીમાં અતિશય લુંટ ચલાવી; એટલે કોઇ ચાલાક ઉંટવાળાએ સારાં લક્ષણોથી મનોહર, શોભામાં જાણે સાક્ષાત્ પૃથ્વીપર કોઇ દેવી આવી હોય તેવી અને જાણે સાક્ષાત્ રાજ્યલક્ષ્મી હોય કે જાણે રાજ્યનું સર્વસ્વ હોય એવી દધિવાહનરાજાની ધારિણી નામે રાણીને તેની પુત્રી **વસુમતી** સહિત ઉપાડી. પછી શત્રુના અને પોતાના સૈન્યથી સમલંકૃત થઇને કૃતકૃત્ય થયેલો શતાનીક રાજા પોતાની વિક્રમકથાની સખીરૂપ પોતાની રાજધાનીમાં પાછો આવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપ્રતિમ શોભાયુક્ત ધારિણી રાણીના રૂપથી મોહિત થઇને પેલો ઉંટવાળો માર્ગે લોકો પાસે આ પ્રમાણે વચન કહેવા લાગ્યો કે—' આ પ્રૌઢ અને રૂપવતી સુંદરીને અવશ્ય હું મારી સ્ત્રી કરીશ અને આ કુમારીકાને નગરીના ચતુષ્પથમાં જઇને વેચીશ. ' આ પ્રમાણેના કાનને કટુક લાગે તેવાં દુઃસહ વચનો સાંભળીને અશ્રુથી મહીતળને આર્દ્ર કરતી ધારિણી રાણી મનમાં ચિંતવવા લાગી કે— ' ચંદ્રમા કરતાં પણ સુનિર્મળ એવા ઉત્તમ કુળમાં હું જન્મ પામી અને દધિવાહન રાજાની પટરાણી તરીકે હું પ્રખ્યાત થઇ, વળી આર્હત ધર્મને જાણવાથી હું શીલ-અલંકારને ધારણ કરનારી થઈ, છતાં વિપરીત દૈવયોગે કેવા પાપકારક શબ્દો હું સાંભળું છું. હે જીવ ! મદોન્મત્ત હસ્તીના કર્ણ જેવા ચંચળ આ દેહનો ત્યાગ કરીને અદ્યાપિ સનાતન એવા યશોદેહનું તું શા માટે રક્ષણ કરતો નથી ? માટે બિલમાંથી ઉંદર ચાલ્યો જાય તેમ આ શરીરમાંથી તું ચાલ્યો જા; કારણ કે બીલમાં દ્વિજિહ્વનો ( સર્પ યા દુર્જનનો ) પ્રવેશ થતાં હે પુણ્યવંત ! તારૂં શુભ થવાનું નથી. ' આ પ્રમાણેની તીવ્ર ભાવનાથી જાણે જવાને ઉત્સુક થયા હોય તેમ તેના પ્રાણ ચાલ્યા ગયા. કારણ કે ' કૂષ્માંડ અંગુલિ દેખાડવાથી પણ શોષ પામે છે. ' આ પ્રમાણે રાજપત્નીને મરણ પામેલી જોઇને પેલા ઉંટવાળાએ વિચાર કર્યો કે—' જેમ એ મરણ પામી તેમ આ છોડી પણ ક્ષણવારમાં મરણ પામશે. ' એમ ચિંતવી તેને ધીરજ આપી. પછી કૌશાંબીમાં પહોંચી વેચવાને માટે તેણે રાજમાર્ગમાં તેને ઉભી રાખી અને તેના મસ્તકપર તૃણ મૂક્યું; એટલે તે વિચારવા લાગી. ' અહો ! કયાં અંતઃપુરનો આનંદ ? અને કયાં આ વિક્રયસ્થાન ? કયાં મસ્તકપર મુગટની શોભા અને કયાં આ તણખલાં ? અથવા તો પૂર્વકૃત કર્મોનુંજ આ ફળ છે, પર તો નિમિત્તમાત્ર છે, માટે મારે કોનાપર કોપ કરવો ? ' આ પ્રમાણે રાજપુત્રીને ખેદ પામતી જોઇને સૂર્ય પણ અસ્ત પામ્યો. ' અહો ! સંતજનો ખરેખર પર-દુઃખથી દુઃખિત થાય છે. ' એ વખતે વિક્રયસ્થાનમાં રહેલી એને જોઇને આકાશલક્ષ્મીએ અંધકારના મિષથી કાજળયુક્ત અશ્રુજળની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શોભાને ધારણ કરી. એવામાં દાસ ખરીદવાની ઇચ્છાથી ધનાવહ શેઠ ત્યાં આવ્યો. તે સાક્ષાત્ લક્ષ્મી સમાન તેને જોઇને પરમ પ્રમોદ પામ્યો; અને ચિંતવવા લાગ્યો કે—' આ કન્યા સામાન્ય જણાતી નથી, દૈવયોગે એ આવી દશાને પામી જણાય છે. સંપત્તિ અને વિપત્તિ-એ ખરેખર અરઘટ્ટના ઘટ સમાન હોય છે. વિક્રયસ્થાનમાં રહેલી પોતાની પુત્રીની જેવી એને જોઇને પાકેલાં ચીભડાંની જેમ મારૂં હૃદય દ્વિધા થઇ જાય છે. વળી રત્નના જેવી આ કોઇ હીનના હાથમાં જશે તો બહુ દુઃખ પામશે; કારણકે આ માણસે તો એનો વિક્રય કરવાને માટેજ ચતુષ્પથમાં એને બેસારી છે; તો હું એને મારે ઘરેજ લઇ જાઉં. મારે ઘેર રહેતાં એને બંધુસમાગમ પણ થશે. ઉપકાર એ નૂતન મૂળ દ્રવ્ય છે-એમ સજ્જનો કહે છે માટે હું એનો સ્વીકાર કરૂં. ' આ પ્રમાણે વિચાર કરીને ધનાવહ શેઠ પેલા ઉંટવાળાને ઇચ્છિત ધન આપીને ક્રોધરહિત એવી તે વસુમતી કન્યાને પોતાને ઘરે લઇ ગયા. પછી શ્રેષ્ઠીએ તેને પૂછ્યું કે—' હે વત્સે ! તું કોની પુત્રી છે ? તારૂં ગોત્ર અને નામ શું છે ? તથા તારા માતાપિતા કોણ છે ? ' આ પ્રમાણે સાંભળીને કુળના મહત્ત્વથી પોતાનું કુળ કહેવાને અસમર્થ એવી તે બાળાએ રાત્રે પદ્મિની મોઢું ફેરવી નાખે તેમ પોતાનું મુખ આડું કરી દીધું; એટલે શ્રેષ્ઠીએ વધારે ન પૂછતાં પોતાની પત્ની મૂળાને કહ્યું કે—' આ આપણી પુત્રી છે, માટે નેત્રરૂપ કૈરવને કૌમુદી સમાન એનું તારે લાલન પાલન કરવું. ' આ પ્રમાણે શેઠના કહેવાથી જંગમ કલ્પલતાની જેમ નાના પ્રકારના આભરણથી વિભૂષિત થઇને પુત્રીની જેમ તે ત્યાં સુખે રહેવા લાગી. પછી પ્રજ્ઞા, વિનય, વાણી, શીલ વિગેરે ચંદન સમાન શીતલ અને સુગંધી એવા તેના ગુણોને લઇને ધનાવહ શેઠે તેનું **ચંદના** એવું સત્ય નામ પાડ્યું. પછી બાલ્યવયથી આરંભીને પોતાના નિર્મળ આચરણથી અને તારૂણ્યથી શોભતી તે બાળા દ્વિતીયાના ચંદ્રની જેમ સર્વને આનંદ આપવા લાગી અને અંધકાર ( અજ્ઞાન ) ને દૂર કરવા લાગી. તે સ્વભાવેજ સ્વરૂપવતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો હતી, અને યૌવનલક્ષ્મીથી વૃદ્ધિ પામી એટલે ઈંદ્રમહોત્સવથી અશ્વિની નક્ષત્ર યુકત પૂર્ણિમાની જેમ તે વિશેષે શોભવા લાગી. યૌવનરૂપ ઉદ્યાનને પ્રાપ્ત થયેલી હાથણીની જેવી તેને જોઇને અંતરમાં ભવિષ્યનો વિચાર કરતાં મૂળા ચિંતવવા લાગી કે—' જો કે શેઠ હાલ તો એને સુતા કહીને બોલાવે છે, પણ દૈવયોગે શેઠ જો એને પરણી લેશે તો હું જીવતી છતાં મૃત સમાન થઇ જઇશ. આવી શંકાનું કારણ એકજ છે કે-' એવી કોઇ વિદ્યા, જ્ઞાન, ધ્યાન કે કળા નથી કે જેનાથી કામદેવથી ખરડાયેલું મન નિવૃત્ત થાય. ' વળી અન્યત્ર કહ્યું છે કે—' ઇંદ્રિયો અત્યંત બળવાન્ છે તેથી પંડિત પણ ત્યાં મોહ પામ્યા વિના રહેતો નથી. વિશ્વામિત્રે પણ ઉત્કંઠા સહિત મેનકાને કંઠવડે પકડી, શું બ્રહ્માએ પોતાની પુત્રીને પ્રિયા બનાવવા ઈચ્છા નહોતી કરી ? માટે જ્યાંસુધી સ્ત્રીના કટાક્ષથી પુરૂષ ઘાયલ થયેલ નથી ત્યાંસુધી જ તે શૂરવીર છે. ' આ પ્રમાણે ચિંતવી શાકિનીની જેમ દુષ્ટ આશયવાળી એવી તે મૂળા પોતાના તુચ્છપણાથી વારંવાર અંતઃકરણમાં સંતાપ ધરતી સતી સમય વ્યતીત કરવા લાગી.

અન્યદા ભઠ્ઠીના અગ્નિ સમાન ઉગ્ર, નખને પણ પચાવી નાખે એવી ઉષ્ણ જ્યાં રજ થઇ ગયેલી છે એવી અને માણસોની દૃષ્ટિના વિષયનો નાશ કરનાર એવો ગ્રીષ્મ ઋતુ આવી; એટલે રસ્તાઓ સર્વત્ર પાથરી દીધેલ છાણાની અગ્નિની સમાનતાને ધારણ કરવા લાગ્યા અને અતિ પ્રચંડ ( ઉષ્ણ ) પવન ચોમેર પ્રસરવા લાગ્યો. એ વખતે ધનાવહ શેઠ લાંબા વખતના મુસાફરની જેમ ઘરે આવી ' હાશ ' એવા શબ્દનો ઉચ્ચાર કરીને આસનપર બેઠો. તે વખતે તેના પગ ધોનાર દાસી વિગેરે કોઇ હાજર ન હોવાથી શેઠે ના કહ્યા છતાં વિનયથી ઉઠીને વિશિષ્ઠ બુદ્ધિવાળી એવી ચંદના ભકિતપૂર્વક શેઠના પગ ધોવા લાગી; કારણ કે વિનય એ કુલીન જનોને એક મંડનરૂપ છે. તે વખતે પંકિલ ભૂમિમાં પડતો એનો સુંદર કેશપાશ જાણે મુખરૂપ ચંદ્રના ભયથી નાશતો અંધકાર હોય તેવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાસવા લાગ્યો, એટલે ' પુત્રીના કેશો પંકમાં પડીને ન બગડે. ' એવા ઇરાદાથી પિતાની જેમ પ્રેમાળ એવા શ્રેષ્ઠીએ લાકડીવતી તેને ઉંચે ધરી રાખ્યા, એ વખતે દૂર ગવાક્ષમાં બેઠેલી મૂલાએ તે જોઇને વિચાર કર્યો કે—' જે મેં ચિંતવ્યું હતું તે સત્ય ઠર્યું. એના કેશપાશને અધર ધરી રાખવાથી શેઠ એને પોતાની પત્ની કરવા ધારે છે એવી મારી શંકાને ટેકો મળ્યો; કારણ કે પિતા આવી ક્રિયા ન કરે. ખરેખર ભવિતવ્યતા દુર્જેય છે. તો હવે જંગમ વિષલતાની જેમ એનો મૂળથીજ ઉચ્છેદ કરી નાખું. ' આવો મનમાં નિશ્ચય કરીને મૂલા તે વખતે તો મૌન ધરી રહી.

પછી શેઠ જ્યારે બજારમાં ગયા ત્યારે મૂલાએ હજામને બોલાવીને રોગાર્ત્તની જેમ ચંદનાના કેશપાશનો નાશ કરાવ્યો; અને પગમાં અત્યંત મજબૂત બેડી નાખીને મૂળા પોતાના હાથવતી હાથણીની જેમ તેને મારવા લાગી. પછી એક બંદીની જેમ ચંદનાને ઘરની અંદરના એક ઓરડામાં પૂરી કમાડ બંધ કરી તાળું દઇને કોપના આટોપથી તે કહેવા લાગી કે—' જે કોઇ ચંદનાની વાત શેઠની આગળ કહેશે, તે મારા કોપાગ્નિના હોમદ્રવ્યરૂપ થશે.' આ પ્રમાણે પોતાના સેવક વર્ગને ધાસ્તી બતાવીને મૂલા પોતાના વાસભવનમાં આવી. પછી સાંજે શેઠ આવીને પૂછવા લાગ્યા કે,—' મારી પુત્રી ક્યાં છે?' પણ શેઠાણીના ભયથી શેઠને કોઇએ જવાબ આપ્યો નહીં. કારણ કે ઘરના બધા નોકરો શેઠાણીને વશ હોય છે. શેઠે ધાર્યું કે—' સ્વચ્છ મનવાળી મારી પુત્રી કોઇ બીજાને ઘરે ગઇ હશે અને ત્યાં આનંદ કરવા રહી હશે.' એમ ધારી પ્રેમાળ અને કોમળ બુદ્ધિવાળા શેઠે તે દિવસ વ્યતીત કર્યો, બીજે દિવસે પણ ચંદનાને ન જોવાથી શેઠે નોકરોને પૂછ્યું, છતાં જાણે મુંગા થઇ ગયા હોય તેમ માણસોમાંથી કોઇ કાંઇપણ બોલ્યું નહિ; એટલે શોકાતુર થઇને શ્રેષ્ઠીએ પોતાના નોકરોને કહ્યું કે—' જાણતાં છતાં પણ જો તમે નહિ કહો તો હું તમને કાઢી મૂકીશ.' આ પ્રમાણે સાંભળીને એક વૃદ્ધા દાસીએ મનમાં વિચાર કર્યો કે—' દૃષ્ટિને આનંદ આપનારી ચંદના જો મારા જીવિતવ્યથી પણ જીવતી હોય તો બહુજ સારી વાત, કારણ કે મારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે મરણ કાંઇ દૂર નથી. મારૂં શરીર જરાથી જર્જરિત થઇ ગયું છે, નજર દૂર જતી નથી અને સ્મરણશક્તિ બિલકુલ નાશ પામી ગઇ છે, અને એ બાળા હજી સુયૌવના છે. તે મહાકાષ્ટમાં પડેલી હોવાથી વખતે મરણ પામશે; કેમકે લતાથી છુટું પડેલ પુષ્પ કેટલો વખત ખીલેલું રહી શકે ? વળી ચંદનાની વાત શેઠની આગળ કહેતાં શેઠાણી મને શું કરવાની હતી ? 'ગાડું ચાલ્યા પછી ગણેશ શું કરી શકે ?' આ પ્રમાણે વિચાર કરીને કોપયુક્ત રક્ત નેત્રવડે મૂળાના જોતાં છતાં તેણે ચંદનાને પૂરી રાખેલી તે મકાન શેઠને બતાવ્યું; એટલે ધનાવહ શેઠે પોતે દ્વાર ઉઘાડ્યું અને તેમાં બેઠેલી ક્ષુધા તૃષાથી આર્ત્ત તથા મ્લાન શરીરવાળી ચંદનાને જોઇ. તે વખતે હાથણીથી જેમ પગમાં મજબુત સાંકળો ( બેડીઓ ) થી તે બંધાયેલી હતી, ભિક્ષુકીની જેમ મસ્તકે મુંડિત હતી, ચાસુંડાની જેમ કૃશોદરી હતી, અત્યંત અશ્રુધારાથી પૃથ્વીને સિંચતી હતી, પોતાના કર્મને દોષ આપતી હતી અને પોતાની સ્થિતિનો તે વિચાર કરતી હતી.

પછી મારવાડમાં ગયેલી રાજહંસીની જેવી તેને જોઇને દુઃખિત થતાં શેઠે કહ્યું કે—'હે વત્સે ! શાંત થા.' હું તારે માટે ખાવાનું લાવું છું.' એમ કહીને તે રસોડામાં ગયો. ત્યાં દૈવયોગે કંઇ પણ અવશિષ્ટ ભોજન તેના જોવામાં ન આવ્યું; એટલે તેણે થોડા અડદ પડ્યા હતા તે લઇને સુપડાના ખુણામાં તેને આપ્યા અને કહ્યું કે—'હે વત્સે ! તારી બેડી ભાંગવાને માટે હું લુહારને તેડી આવું ત્યાં સુધી તું આ અડદનું ભક્ષણ કર.' આમ કહીને શેઠ લુહારને તેડવા ગયા.

અહીં ચંદના ઉભી ઉભી મનમાં ખેદ પામી સતી વિચાર કરવા લાગી કે—'અહો ! રાજકુળમાં મારો જન્મ કયાં ? અને આ દાસીપણાનું ચેષ્ટિત કયાં ? આ શેઠના ઘરે હું કયાં અને મારી આવી અવસ્થા કયાં ? અત્યારે તો ઉચ્છિષ્ટ કાકમાંસ અને તે પણ માગી લાવેલું મળે તેના જેવું થયું. અઠ્ઠમના પારણાને અવસરે ભોજન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવા માટે મને અડદ મળ્યા, તોપણ જો સમતાના નિધાન એવા કોઇ સંયમી અતિથિ આવે તો સારૂં કે જેથી તેમને આપીને પછી હું ભોજન કરૂં. દાન કર્યા વિના ભોજન કરવું તે પશુઓનેજ યોગ્ય છે અને અતિથિને સંવિભાગ આપીને ભોજન કરવું તે લક્ષ્મીના ભાજનરૂપ છે.' આ પ્રમાણે ચિંતવીને પ્રેમપૂર્વક દૂરથી અતિથિને બોલાવતી હોય એવી રાજસુતાએ દ્વાર સન્મુખ દૂર નજર કરી; એટલે ભિક્ષાને માટે નગરીમાં ભમતા અને ચંદનાના જાણે પુણ્યરાશિ હોય એવા મહાવીર પ્રભુ ત્યાં પધાર્યા. તેમને જોઇને ચંદના ચિંતવવા લાગી કે—' અહો! તપના પાત્ર, મોક્ષલક્ષ્મીના સ્વામી, મહાસત્ત્વવંત અને પોતાના શરીરપર પણ નિર્મમ એવા તપસ્વીને મેં પૂર્વે કંઈ દાન આપેલું નથી, તેથીજ મારી આવી અવસ્થા થઇ છે; અત્યારે તો મારા ભાગ્યનો ઉદયજ જણાય છે, જેથી આ મહામુનિ અહીં પધાર્યા છે, એમને જોતાં મારૂં મન ખિન્ન છતાં શાંતિ પામે છે.' આ પ્રમાણે વિચાર કરીને અડદ સહિત સુપડાને લઇને ચંદના આગળ ચાલી અને એક પગ બારણાની અંદર અને બીજો પગ બહાર મૂક્યો; પણ ગાઢ બેડીને લીધે બારણાની આગળ જવાને અસમર્થ હોવાથી તે ત્યાંજ ઉભી રહી અને દૃઢ ભક્તિથી ભગવંતને કહેવા લાગી કે-' હે ભવતારક ભગવન્! જો આ અડદ આપને કલ્પે તો મારા પર અનુગ્રહ કરી આ સુપડાના ખુણામાંથી ગ્રહણ કરો.' એટલે દ્રવ્ય, ક્ષેત્રાદિથી પોતાના અભિગ્રહને સંપૂર્ણ થયેલ સમજીને ભગવંતે અડદની ભિક્ષા લેવા માટે પોતાનો શ્રેષ્ઠ હાથ પ્રસાર્યો,[1] એટલે ચંદના ચિત્તમાં ચિંતવવા લાગી કે-' અહો! હું ધન્ય અને કૃતપુણ્ય છું; વળી સુપાત્રે દાન આપતાં હું ક્ષમાવંત જનોને પણ શ્લાઘ્ય છું.' આ પ્રમાણે હર્ષ લાવી આખા જગતને

[1] અન્યત્ર એવો ઉલ્લેખ છે કે આ વખતે તેના નેત્રમાં અશ્રુ ન હોવાથી પોતાના અભિગ્રહમાં તેટલી ખામી જાણી પ્રભુ પાછા વળ્યા એટલે ચંદનાની આંખમાં આંસુ આવ્યા તે જોઇ પ્રભુએ પાછા વળીને પોતાનો હાથ પસાર્યો —અને દાન લીધું.



P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વાભાવિક હર્ષ સહિત નિહાળતી, ભગવંતનું રૂપ જોવાથી ક્ષુધા સંબંધી ગ્લાનિને ભૂલી જતી, ભક્તિમાં તત્પર અને રોમાંચિત થઈ સતી તેણે સુપડાના ખુણામાંથી કેટલાક અડદ ભગવંતના હાથમાં નાંખ્યા. એવામાં ' અહો દાન ! અહો દાન ! ' એમ વારંવાર પ્રશંસા કરતા અને શરીરની કાંતિથી દેદીપ્યમાન એવા કેટલાક દેવા પ્રેમપૂર્વક ત્યાં પ્રગટ થયા અને જયધ્વનિથી મનોહર એવા પંચ દિવ્યો તેમણે પ્રગટ કર્યા. તેજ વખતે જીર્ણ દોરડીની જેમ તેના પગની બેડીઓ તુટી પડી, અને પગમાં સુવર્ણના નૂપુર બની ગયા. વળી તત્કાળ જાણે પૂર્વ પ્રેમથીજ હોય તેમ કેશપાશ પણ જાણે ઉગેલો હોય તેવા શોભવા લાગ્યો. એ વખતે સર્વાંગે દિવ્ય વસ્ત્રોને ધારણ કરનારી એવી ધારિણીસુતા ચંદનાને વીરભક્ત દેવોએ માનુષી છતાં દેવી જેવી બનાવી દીધી; અને આકાશમાં દિવ્ય ભેરીને વારંવાર વગાડવા લાગ્યા તથા જયનાદ કરતા સતા નાચવા લાગ્યા. તે દુંદુભિનો અવાજ સાંભળીને શતાનિક રાજા, મૃગાવતી અને નંદા (મંત્રી સ્ત્રી) ની સાથે સુગુપ્ત પ્રધાન–બધા ત્યાં જિનેશ્વરના પારણાનો પ્રસંગ જોવા આવ્યા; તથા જેમનો અભિગ્રહ સંપૂર્ણ થયો છે એવા વીર પ્રભુને અવધિજ્ઞાનથી જાણીને અંતરમાં ઉલ્લાસ પામી તેજથી આકાશને દ્યોતિત કરતો ઇંદ્ર પણ ત્યાં આવ્યો. તે વખતે ચંપાનો પરાભવ થતાં દધિવાહન રાજાનો સંપુલ નામે કંચુકી શતાનીક રાજા પાસે આવીને રહ્યો હતો તે ત્યાં આવી વસુમતીને જોઇને તેના ચરણ પાસે બેસી ગયો અને મુક્તકંઠે બીજાને રોવરાવતો સતો રૂદન કરવા લાગ્યો. એટલે રાજાએ તેને પૂછ્યું કે—' તું શા માટે રૂદન કરે છે ? ' તે બોલ્યો કે—' ધારિણી રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી આ દધિવાહન રાજાની પુત્રી છે. પોતાના રાજ્યથી પરિભ્રષ્ટ થયેલી અને દાસીની જેમ પરઘરે રહેલી આ સ્વામિસુતાને જોઇને મને મુક્તકંઠે રડવું આવે છે. એટલે રાજાએ કહ્યું કે— ' હવે તારે શોક ન કરવો. એણે તો ભગવંતને પ્રતિલાભ્યા. સમસ્ત સંસારમાં એ ધન્ય છે—કે જેણે વીર પ્રભુને પારણું કરાવ્યું. '

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વખતે મૃગાવતી રાણી બોલી કે—'હે નાથ! ધારિણી તો મારી સગી બ્હેન હોવાથી નેત્રને આનંદ આપનારી આ તેની પુત્રી મારી ભાણેજ થાય.' એ વખતે છ મહિનામાં પાંચ દિવસ ઓછે ભગવંત ઉત્કૃષ્ટ તપનું પારણું કરીને ધનાવહ શેઠના ઘરમાંથી બહાર નીકળ્યા. તે વખતે લોભને વશે શતાનીક રાજા થયેલ રત્નવૃષ્ટિનું કોઇ માલેક નથી એમ જાણી તે લેવા લાગ્યો પણ ઇંદ્રે તેને અટકાવ્યો; એટલે ચંદનાના આદેશથી ધનાવહ શેઠે તે રત્નો ગ્રહણ કર્યાં.

ત્યારે પછી ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં ચંદનાએ તેમની પાસે જઇ દીક્ષા લીધી; અને તેજ ભવમાં શાશ્વત મોક્ષપદને પામી. મેઘના જળથી સિંચાયેલી લતાઓ જેમ તરતજ વિકસ્વર થાય છે તેમ સુપાત્રદાનના માહાત્મ્યથી સજ્જનોને સત્વરજ સંપત્તિ પ્રાપ્ત થાય છે.'

## ઇતિ દ્વાદશ વ્રતોપરી ચંદનબાળા કથા.

આ પ્રમાણેના શ્રાવકના વ્રતો પાળવાથી શ્રાવક અનુક્રમે બે ત્રણ ભવે મોક્ષસુખને પામે છે."

પછી કુંભરાજાએ ઉચ્ચ ભાવથી કહ્યું કે-'હે ભગવાન! અનુક્રમે મોક્ષ આપનાર એવા શ્રાવકધર્મની મારે જરૂર નથી. મારે તો તાત્કાળિક ફળ આપનાર મુનિધર્મની અપેક્ષા છે-તે ગ્રહણ કરવાની મારી ઇચ્છા વર્તે છે.' એમ કહી નગરીમાં જઇ પોતાના મલ્લ નામના પુત્રને રાજ્યપર બેસાર્યો. તે વખતે પોતપોતાના પુત્રોને રાજ્યે બેસારીને છ મિત્રો પણ ત્યાં આવ્યા અને વિમાનમાં બેઠેલા દેવોની જેમ શિબિકામાં આરૂઢ થઇને ચાલ્યા. પછી આનંદદાયક દિવ્ય સંગીત થતાં અને આકાશમાં રહેલા દેવોથી કૌતકપૂર્વક જોવાતાં, અન્ય દીક્ષા લેનારા પુરૂષો તથા પ્રભાવતી અને અન્ય રાણીઓ સહિત કુંભરાજા મહોત્સવ પૂર્વક સમવસરણમાં આવ્યા અને ભગવંતને પ્રદક્ષિણા દઇને ભક્તિપૂર્વક કહેવા લાગ્યા કે:-'હે ભગવન્! મને સંસારસાગરથી તારો' પછી પરિવારયુક્ત ભગવંતના છ મિત્રોએ પણ કહ્યું કે-'હે નાથ! અમને પણ આ સંસારથી પાર ઉતારો.' એટલે શ્રીકુંભરાજા પ્રમુખ પુરૂ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ષોને અને પ્રભાવતી પ્રમુખ પૌરનારીઓને સામાયિકવ્રતોચ્ચારપૂર્વક વાસક્ષેપ નાખીને ભગવંતે પોતે દીક્ષા આપી. ભગવંતના છએ મિત્રો પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને ભગવંતની પહેલાં મોક્ષે ગયા.

પ્રભુના મિષગ્ નામે પ્રથમ ગણધર થયા અને બીજા ભુવનમાં ઉત્તમ એવા સત્તાવીશ ગણધરો થયા. તેમણે ઉત્પાદ, વિગમ અને ધ્રૌવ્ય–એ ત્રિપદીના અનુસારે સત્વર (અંતર્મુહૂર્ત્તમાં) સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરી. પછી દિવ્ય ચૂર્ણથી ભરેલ થાળ ઇંદ્રે હાથમાં ધારણ કર્યો, એટલે ભગવંતે ઉઠીને તેમના મસ્તકપર યથાક્રમે વાસક્ષેપ નાખ્યો. પછી દિવ્ય વાજીત્ર વાગતાં, દેવોવડે નૃત્ય કરાતાં અને દેવીઓવડે ધવળમંગળ ગવાતાં ભગવંતે સૂત્રથી, અર્થથી તથા ઉભયથી તેમજ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી તેમજ સાતે નયોથી પ્રત્યેક ગણધરને વિધિપૂર્વક અનુયોગની તથા ગણની સર્વથા અનુજ્ઞા આપી. ત્યાર પછી પ્રથમની જેમ પૂર્વાસનપર બેસીને ભગવંતે દેશના આપી એટલે અનુશાસ્તિમય એવી તે દેશના સાંભળીને તેમણે તેનો સ્વીકાર કર્યો.

પહેલી પોરસીને અંતે ભગવંતના ભ્રાતા શ્રીમલ્લરાજાએ પોતાના મહેલમાંથી વાજીત્રના નાદપૂર્વક ચાર થાળમાં ચાર પ્રસ્થ ( અમુક માપ ) અક્ષત મંગાવ્યા. ઇંદ્રે તેમાં ગંધદ્રવ્ય નાખીને દ્વિગુણ સુગંધી કર્યા. પછી દિવ્ય પૂજાપૂર્વક રાજાએ ભગવંતની આગળ ધરી પછી તેમાંના અક્ષત ઉંચે ઉડાડ્યા; એટલે તેમાંથી અર્ધ તો દેવોએ અધરથીજ લઇ લીધા; અને જમીનપર પડેલામાંથી અર્ધ પરમાનંદદાયક એવા અક્ષત મલ્લરાજાએ લીધા. શેષ અર્ધ ગોત્રીઓની જેમ વહેંચીને અન્ય જનોએ ગ્રહણ કર્યા. એ અક્ષતના પ્રભાવથી છ માસ પર્યંતના પ્રાણીઓના પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો નાશ પામે છે અને છ માસ પર્યંત નવીન રોગ થતા નથી.

પછી ભગવંત શ્રીમલ્લિનાથ પોતાના આસન પરથી ઉઠ્યા અને દેવો સાથે અંતર દ્વારના માર્ગે બીજા ગઢમાં જઇ, તેના ઇશાન ખુણે રચેલા દેવચ્છંદામાં વિશ્રામ લેવા બીરાજ્યા. એટલે બુદ્ધિના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિધાન અને ગુણી એવા શ્રીમાન ભિષગ્ ગણધરે ભગવંતના પાદ-પીઠપર બેસીને ધર્મદેશના આપી. આ પ્રમાણે ગણધરે દેશના આપવાથી જિનેશ્વરને વિશ્રાંતિ મળે, શિષ્યોના ગુણની વૃદ્ધિ થાય અને બંનેની દેશનાપર સભાને સંપૂર્ણ વિશ્વાસ બેસે ઈત્યાદિ ગુણો જોવામાં આવે છે. બીજા પ્રહરને અંતે ગણધર મહારાજની દેશના થઈ રહ્યા પછી પ્રણામ કરીને ભગવંતની દેશનાનું સ્મરણ કરતા ઇંદ્રો પોત પોતાના સ્થાને ગયા

ભગવંતના તીર્થમાં ઇંદ્રાયુધ (વજ્ર) સમાન કાંતિમાન્ અને આઠ બાહુથી મનોહર તથા ભક્તિમાન્ એવો કુબેર નામે યક્ષ થયો. વરદા, ત્રિશૂળ, અભય તથા પરશુથી જેની ચાર જમણી ભુજાઓ ભૂષિત હતી, અને ડાબી ચાર ભુજાઓમાં જેણે શક્તિ, મુદ્ગર, બીજ-પૂર અને માળા ધારણ કરી હતી, જેના ચાર મુખ વિકસ્વર કમળ સમાન શોભતા હતા અને જે સતત્ ભગવંતના ચરણની સેવા કરતો હતો. વળી ભગવંતના શાસનમાં કૃષ્ણ શરીરવાળી, કમળપર બેસ-નારી, મનોહર અને ચંદ્રમા સમાન મુખકમળવાળી વૈરોટ્યા નામે શાસનદેવી થઇ.

આ પ્રમાણે તીર્થની સ્થાપના કરીને વિનયથી સન્મુખ આવી નમ્ર થઇને વંદન કરતા એવા અનેક દેવોથી પરિવૃત્ત એવા શ્રીમલ્લિ-નાથ ભગવાન્ સુવર્ણકમળપર પોતાના ચરણકમળને સ્થાપન કરતા સતા ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

॥ इत्याचार्यश्रीविनयचंद्रविरचिते श्रीमल्लिस्वामिचरिते महा-काव्ये विनयांके सम्यक्त्वपूर्वकप्राणातिपातविरमणादिव्र-तेषु सुदत्त-सुबंधु-संगमक-सुदर्शन-भोगदत्त-मि-त्रानंद-भीमभीमसेन-लोभनंदी-ताराचंद्र-चं-द्रावतंसक-धनसेन-शिखरसेन-चंदनबाला-कथाव्यावर्णनो नाम सप्तमः सर्गः ॥७॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## अष्टम सर्ग.

હવે શ્રીમલ્લિનાથ ભગવંત દેવોએ સ્થાપન કરેલા દિવ્ય સુવર્ણ કમળો પર પોતાના ચરણદ્વયને સ્થાપન કરતા સતા વિહાર કરતા હતા, ત્યારે પોતાની પ્રભાથી દિશાઓને પૂરનાર તથા રવિસમાન દેદિપ્યમાન એવું ધર્મચક્ર તેમની આગળ ચાલતું હતું, પોતપોતાના વિકસિત પુષ્પોથી બધી ઋતુઓ શોભાયમાન થઈ રહી હતી; કંટકો નમ્ર અને નીચા મુખવાળા થઇ જતા હતા. પોતાની પાંખ વિસ્તારીને પક્ષીઓ પ્રદક્ષિણા કરતા હતા અને સર્વ જીવોને સુખકારી એવો અનુકુળ પવન વાતો હતો. એવા પ્રકારના અતિશયની ઋદ્ધિ સહિત વિહાર કરતા ભગવંત કુશાવર્ત્ત દેશના ભૂષણરૂપ ચંદ્રપુર નગરે પધાર્યા. ત્યાં આસ્તિક નામે રાજા રાજ્ય કરતો હતો. તે નાસ્તિક હોવાથી પ્રત્યક્ષ પ્રમાણ અને પંચભૂતની સ્થિતિનેજ માનતો હતો. તેણે ' અહીં સર્વજ્ઞ પધાર્યા છે ' એમ સાંભળ્યું, તેથી મનમાં કોપ લાવીને તે ભગવંતની સાથે વિવાદ કરવા આવ્યો. જગત્સ્વામીએ તત્ત્વપ્રકાશક વાણીથી દૃષ્ટાંતો સહિત જીવાજીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ તેને કહી સંભળાવ્યું, એટલે તે અંતરમાં વ્યામોહ પામીને વિચાર કરવા લાગ્યો કે–' એ તત્ત્વો સાક્ષાત્ ( પ્રત્યક્ષ ) પ્રમાણનો વિષય ન હોવાથી અસત્ છે. ' તેના હૃદયભાવને જાણીને ભગવંત બોલ્યા કે—' હે રાજન્ ! તારા અંતરમાં જે નાસ્તિકતા છે તે તારી અપેક્ષાએ તો સર્વ પ્રાણીઓમાં સંભવે છે, પણ તેમ નથી. જો પ્રત્યક્ષ પ્રમાણજ તને ઇષ્ટ છે તો તું તારા પૂર્વપુરૂષોને માને છે કે નહિ ? જો ન માનતો હોય તો પછી સર્વ અવ્યવસ્થિત થઇ જશે. તારી સ્થિતિ પણ નહીં બને, પરંતુ આ જીવ કોઇ રીતે પ્રત્યક્ષગમ્ય છે, કોઇ રીતે પરોક્ષગોચર છે, અને કોઇ રીતે અનુમિતિથી ગમ્ય છે; માટે સર્વથા જીવ છે. અને તે સિદ્ધ થતાં સર્વજ્ઞત્વ તો તનેજ ( તારામાંજ ) અહીં પ્રત્યક્ષ છે. જો તેમ ન હોય તો સર્વત્ર જીવ નથી એવું સર્વજ્ઞ વિના કોણ કહી શકે ? અને સર્વજ્ઞત્વ સિદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થતાં જીવત્વ સર્વરીતે સિદ્ધ થશે. જીવત્વ સિદ્ધ થતાં પુણ્ય પાપાદિ બધાં સિદ્ધ થઈ શકે છે; કારણ કે વૃક્ષોદય થતાં શું પલ્લવો પ્રગટ ન થાય?' આ પ્રમાણે સાંભળીને રાજાએ કહ્યું કે—'હે ભગવન્! જો પરલોક હોય, તો મારી માતા ધર્માસક્ત અને પ્રાણીઓ પર સર્વથા દયાળુ હતી. આપના મતથી તે સ્વર્ગે ગઇ હશે અને મારો પિતા પાપી હોવાથી તે અવશ્ય નરકે ગયો હશે. તો મારી માતા અહીં આવીને મને સત્વર કેમ બોધ આપતી નથી અને મારો પિતા નરકમાંથી આવીને કેમ મને પાપ કરતાં નિવારતો નથી? માટે હે જગન્નાથ! પરલોકમાં સ્વર્ગાદિકની સ્થિતિ જણાતી નથી. આ રીતે પ્રત્યક્ષ વ્યત્યય જોવામાં આવતાં કોણ સુજ્ઞ વ્યામોહ પામે?' ભગવંત બોલ્યા કે-"હે રાજન્! તારી માતા સ્વર્ગમાંથી આ મનુષ્યલોકમાં આવતી નથી તેનું કારણ સાંભળ. દેવો પંચેંદ્રિયોના વિષયોમાં સદા આસક્ત હોય છે, નાના પ્રકારની ક્રીડા કરવામાં તત્પર હોય છે, વિધેય અર્થમાં અસમાપ્ત હોય છે તથા મનુષ્યોપર સ્પૃહા રહિત હોય છે. વળી મનુષ્ય લોકની દુર્ગંધથી તેઓ હે રાજન્! પૂર્વ-સ્નેહ કે ભગવંતના કલ્યાણક સિવાય અહીં આવતા નથી. અને પરમાધાર્મિકોથી નિરંતર અત્યંત બાધા પામતા એવા અત્યંત પરાધીન નારક જીવો તો અહીં શી રીતેજ આવી શકે?' એટલે પુનઃ તે બોલ્યો કે—'હે ભગવન્! એકદા મેં એક ચોરને મોટી કુંભીમાં નાખ્યો અને તેનું દ્વાર બરાબર બંધ કરી લાખથી છિદ્રરહિત કરી દીધું. તે ચોર તેમાં મરણ પામેલ જોવામાં આવ્યો, પણ તેનો જીવ કયાંથી નીકળ્યો તે જણાયું નહીં. વળી કુંભીમાં બરાબર તપાસ કરતાં તેમાં પણ જીવ જોવામાં આવ્યો નહીં અને તેના મૃતકમાં અનેક કૃમિ જંતુઓ પડેલા જોવામાં આવ્યા; એટલે જીવનું આવવા જવાપણું સંભવતું નથી. તેજ પ્રમાણે બીજા એક ચોરના મેં સૂક્ષ્મ કટકા કરાવ્યા પણ તેમાં જીવ મારા જોવામાં આવ્યો નહીં, માટે જીવ નથી એમ સિદ્ધ થાય છે.' પછી ભગવંત બોલ્યા કે—'હે રાજન્! જેમ કોઈ વીર પુરૂષ કાચની કોઠીમાં બેસી તેને બરાબર બંધ કરીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમાં તે શંખ વગાડે તો શંખનો શબ્દ (અવાજ) જેમ બહાર આવે, તેમ જીવ બહાર આવ્યા છતાં જોવામાં આવતો નથી. વળી પુરૂષ અગ્નિમાં મૂકીને લોહનો ગોળો ધમે તો તેમાં અગ્નિ કયાંથી પેસે છે તે જેમ જણાતું નથી તેમ પ્રવેશ કરતો જીવ પણ જોવામાં આવતો નથી, તેથીજ હે રાજન્! અંદર ઉત્પન્ન થયેલા કૃમિ તારા જોવામાં આવ્યા છે. વળી તેં એક ચોરના કકડે કકડા કર્યા પણ જીવ દેખાયો નહીં તેનો ઉત્તર સાંભળ—અરણીના કાષ્ટ પરસ્પર ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે પણ કોઇ મૂર્ખ અગ્નિ મેળવવા માટે તેના કકડે કકડા કરી નાખે તો તેમાંથી અગ્નિ નીકળે ખરો ? ન નીકળે—તેમ જીવને માટે પણ સમજવું.' આ પ્રમાણેના ઉત્તરથી કંઇક વ્યામોહ પામીને રાજાએ કહ્યું કે—' હે ભગવન્! એક દિવસે એક અપરાધી ચોરને મેં પકડ્યો. તેના જીવતાં તેને કાંટામાં નાખીને સર્વ જનો સમક્ષ મેં તોળ્યો અને તેના શ્વાસનો નિરોધ કરી તેને મારીને પછી પણ તેજ પ્રમાણે તોળી જોયો તો જેટલો પ્રથમ હતો તેટલો જ થયો. જીવ ગયા છતાં તોલમાં કિંચિત્ પણ ઘટ્યો નહીં, માટે હે ભગવન્! દેહથી અન્ય કોઇ જીવ નથી એમ મને લાગે છે.' ભગવંત બોલ્યા કે—' એક ગોવાળીયાએ એક મશકને વાયુથી ભરીને તોળી અને પછી તે ખાલી કરીને તોળી પણ તેનું વજન તો તેટલુંજ થયું; માટે સર્વાંગમાં વ્યાપક છતાં કથંચિત્ દેહથી ભિન્ન અને સ્વસંવેદનથી સંસિદ્ધ એવો જીવ પ્રત્યક્ષ છેજ, પરંતુ તેનો તોલ હોતો નથી. વળી ધ્વજકંપનથી વાયુની જેમ ચૈતન્યને અનુસરીને અનેક પ્રકારની ચલન અને સ્પંદનાદિક ચેષ્ટાથી જીવ લક્ષ્યમાં આવી શકે છે. વળી આ સંસારી જીવ લોકાકાશના પ્રદેશ જેટલા પ્રદેશવાળો, સ્વયં કર્મનો કર્તા અને ભોક્તા, સંકોચ અને વિકાસ ધર્મના સ્થાનરૂપ, કાયાના પ્રમાણવાળો (જેવડી કાયા પ્રાપ્ત થાય તેવડો થનારો), ચૈતન્યયુકત, વીર્યલબ્ધિથી સંયુકત, ભોગોપભોગ સહિત, ભેદ છેદથી વિયુકત (જેના વિભાગ ન થાય તેવો) અને સર્વ ગતિમાં જનારો છે.' આ પ્રમાણેનો ઉત્તર સાંભળીને રાજા બોલ્યો કે—' હે ભગવન્! આજે મારો મોહ સત્વર પલાયન કરી ગયો છે અને વિકસિત થયેલા મનમાં ઉજ્વળ

આસ્તિકયનો ઉદય થયો છે; પરંતુ કુળક્રમથી આવેલા નાસ્તિકપણાને મેં બહુ કાળથી અંગીકાર કરેલ હોવાથી તેનો ત્યાગ કરતાં પોતામાં હીનતા આવે તેવા ભયને લીધે હું તેમ કરવા સમર્થ નથી.' ભગવંત બોલ્યા કે—' હે મહાભાગ ! વિવેકી જનોને એ ત્યજન તો બહુ સહેલું છે. સંસારમાં કુળક્રમથી આવતા વ્યાધિ અને દારિદ્રને શું લોકો તજી દેતા નથી ? તજી દે છે. આ સંબંધમાં એક દૃષ્ટાંત સાંભળ—નાના પ્રકારના વાહનો લઇને વેપારને માટે નીકળેલા કેટલાક વણિકોએ માર્ગમાં એક લોઢાની ખાણ જોઇ, એટલે તેમાંથી બન્યું તેટલું લોહ લઇ લીધું. લોહ લઇને આગળ ચાલતાં સીસાની ખાણ આવી એટલે લોઢું મૂકી દઇને સીસું ગ્રહણ કર્યું; પણ તેમાંના એક વાણિયાએ મહામોહથી લોઢાનો ત્યાગ કર્યો નહીં. પછી આગળ ચાલતાં તાંબાની, રૂપાની અને સુવર્ણની તથા મણિની ખાણો આવી. તે જોઇને મનમાં મુદિત થઇ તે વણિકો ક્રમસર પૂર્વે લીધેલનો ત્યાગ કરીને છેવટે મહાકિમતી મણિઓને લેવા લાગ્યા; પરંતુ તે વણિકોએ પગલે પગલે કહ્યા છતાં પેલા એક વાણિયાએ જાણે ઇતર મહામોહ હોય તેમ પ્રથમના લોહનો ત્યાગ નજ કર્યો. પછી તે સર્વે પોતપોતાના ઘરે આવ્યા અને મણિઓના વેચાણથી બધા વણિકો કુબેર ભંડારી જેવા શ્રીમંત બની ગયા; એટલે તેમને તેવા શ્રીમંત જોઇને જાણે રાજરોગ ઉત્પન્ન થયેલ હોય તેમ પેલો લોહગ્રાહી વણિક દિવસે દિવસે અને ક્ષણે ક્ષણે ક્ષીણ થતો ગયો અને દુઃખી થયો. તેમ હે રાજન્! આ કદાગ્રહરૂપ આગ્રહને મુકી દ્યો, નહિતો તે વણિકની જેમ તમારે પણ પસ્તાવાનો વખત આવશે. "

આ પ્રમાણે ભગવંતના કથનને સાંભળી પ્રભુને નમસ્કાર કરીને રાજાએ કહ્યું કે—' હે ભગવન્! હવે આ સંસાર–સાગરથી મને પાર ઉતારો. હે નાથ ! આપની મૂર્ત્તિથી યંત્રિત કરતાં મોહપિશાચ નાશી ગયો અને શુભ જ્ઞાન ઉત્પન્ન થવાથી આપનું કહેલ તત્ત્વ મારા જાણવામાં આવ્યું; પરંતુ નિર્વાણસુખની પ્રાપ્તિના હેતુભૂત સર્વ ગુણો જો પ્રાપ્ત કરવા હોય તો તેને

૩૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે આ મનુષ્યભવ જ શ્લાઘ્ય છે-મનુષ્યભવમાં જ થઇ શકે છે એમ સજ્જનો કહે છે, તેથી હું મારા મનુષ્યજન્મને સફળ કરવા ઇચ્છું છું ' એમ કહી પોતાની નગરીમાં જઇ, પોતાના પુત્રને રાજ્ય પર સ્થાપન કરી, પવિત્રતાને માટે પુષ્કળ દાન આપી યથાર્થ આસ્તિક બનેલો આસ્તિક રાજા સાતસો રાજપુત્રો સાથે ભગવંત પાસે આવ્યો અને ભગવંતે કહેલા સન્મંત્રથી પ્રભુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું.

હવે શાલ્મલી નામના ગામમાં ગોધનના સમુદાયથી અભિરામ અને સદા વૃષો (વૃષભો) ને પોષવામાં તત્પર એવો કઠ નામે ખેડુત રહેતો હતો. તેને દારિદ્રરૂપ ભિક્ષુકની મઢુલી સમાન કઠીનાસા નામે પત્ની હતી. તે સગર્ભા થતાં પોતાના મનમાં સંતોષ પામી. એવામાં ગર્ભમાં આવેલ જીવના દુષ્કર્મના ભારથી જ હોય તેમ કઠ મરણ પામ્યો અને પુત્રને જન્મ આપીને સુવાવડની પીડામાં કઠનાસા પણ દૈવયોગે મરણ પામી, એટલે માશીએ સ્નેહથી ઉછેરીને મોટો કરેલો તે બાળક પોતાની આજીવિકાને માટે ગ્રામ્યજનોનાં વાછરડાં ચારવા લાગ્યો. પણ ગામના પાદરે ચરતા એવા તે વાછરડાંઓને યમદૂત સમાન પ્રચંડ એવા વરૂઓ આવીને ફાડી ખાતા હતા; એટલે તે વાછરડાના સ્વામીઓ તેને વારંવાર બહુ માર મારતા હતા; તેથી તે કાર્ય છોડી દઇને આજીવિકાની ખાતર તે પારકા ક્ષેત્રોમાં હળ ખેડવા લાગ્યો. પણ જેમના ક્ષેત્રમાં તે હળ ખેડતો, તેમના ખેતરમાં એક કણ પણ ધાન્ય નીપજતું નહિ; તેથી ગ્રામ્યજનો તેની તર્જના કરીને કહેવા લાગ્યા કે-' અરે! કપોતના બચ્ચા સમાન! તું અમારા ક્ષેત્રમાં પગ મુકીશ નહિ. '

આ પ્રમાણે તર્જના પામવાથી તે પોતાના ગામમાંથી ચાલી નીકળ્યો; અને ભૂતાર્ત્તની જેમ શૂન્ય બુદ્ધિથી મહીપીઠપર ભ્રમણ કરતાં તેણે રોહણાચલ પર્વતે જઇને ભૂમિ ખોદી જોઇ, પણ તેમાંથી ધૂળ સિવાય તેને કશું પ્રાપ્ત થયું નહીં. કહ્યું છે કે—' ગમે ત્યાં જાઓ, આકાશમાં જાઓ કે પાતાળમાં જાઓ પણ પૂર્વ કર્મો તો આગળ ને આગળ જ ચાલવાના છે. ' પછી દીન મુખ કરી સર્વથા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુણ્યવર્જિત, સર્વ ઉપાયોથી પરિભ્રષ્ટ અને દુષ્કર્મના મર્મથી છેતરાયેલો એવો તે ત્યાંથી પણ પાછો વળ્યો. એવામાં 'ઉદયથી માંડીને અસ્ત સમય સુધી એને ભોજન આપવાને હું સમર્થ થયો નહીં' એમ ધારીનેજ હોય તેમ સૂર્ય પણ અસ્ત થયો; એટલે સંધ્યા વખતે અરણ્યરૂપ મહાસાગરમાં બેટરૂપ એક મનોહર દેવમંદિર તેણે જોયું. અને તે મંદિરમાં ભદ્ર આકારવાળો, સારા લક્ષણવાળો અને સુવર્ણના વર્ણ જેવા શરીરવાળો કોઇ પુરૂષ બેઠેલો તેના જોવામાં આવ્યો. તે પુરૂષે જિનબિંબની જેમ પુષ્પોથી એક ચિત્રઘટનું પૂજન કરીને ઘંટના અવાજ સમાન હુંકારો કર્યો, એટલે તેના પ્રભાવથી ત્યાં એક દેદીપ્યમાન પ્રાસાદ થઈ ગયો, અને તે પ્રાસાદમાં દેવાંગનાઓ જેવી લલનાઓ ગજગતિથી દાખલ થઈ. પછી પ્રથમ ઉત્પન્ન થયેલા દેવની જેમ પ્રગટ રીતે જય જયારવ કરતી તે સ્ત્રીઓએ ઉષ્ણ જળથી તેને સ્નાન કરાવ્યું. પછી તેમણે પગથી મસ્તક સુધી તેને સારાં સારાં આભરણો પહેરાવ્યાં; એટલે તે સિદ્ધ પુરૂષ સાક્ષાત્ જંગમ કલ્પવૃક્ષ સમાન ભાસવા લાગ્યો. પછી તે સિદ્ધ પુરૂષ દિવ્ય રસવતી જમ્યો. અહો ! સિદ્ધ થયેલ વિદ્યાઓથી શું શું પ્રાપ્ત નથી થતું ? પછી અનુપમ સુખોમાં એક પહોરની જેમ ત્રિયામા ( રાત્રિ ) ને વ્યતીત કરીને પ્રભાતે તેણે તે બધું સંહરી લીધું. અને તે ચિત્રઘટને દેવમંદિરના એક ખુણામાં મૂકીને તે સિદ્ધ પુરૂષ પુનઃ પ્રથમ પ્રમાણેજ તે દેવમંદિરમાં બેસી ગયો.

આ બધું સાક્ષાત્ જોઇને પેલો ગ્રામ્ય પુરૂષ ગુરૂની જેમ અત્યંત ભક્તિભાવથી તેની સેવા કરવા લાગ્યો. અનુક્રમે તે ગ્રામ્ય પુરૂષે પગ દાબવા વિગેરેથી તથા પ્રતિદિન બહુજ વિનય કરવાથી તેને સંતુષ્ટ કર્યો. કહ્યું છે કે—'વિનય એ સંપત્તિનું ધામ છે, કીર્ત્તિનું કાર્મણ છે, ધર્મસાગરને ચંદ્ર સમાન છે અને ઉન્નતિનું મૂળ છે.' એટલે તે સિદ્ધ પુરૂષ બોલ્યો કે—'અહો ! હું તારાપર સંતુષ્ટ થયો છું, માટે તને રૂચે તે માગી લે.' એટલે તે ગ્રામીણ હાથ જોડીને બોલ્યો કે—'અહો ! મહારાજ ! હું પુણ્યરહિત છું, મારા સ્વજન સંબંધી બધા મરણ પામ્યા છે, મારી બુદ્ધિ શૂન્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઈ ગઇ છે અને જાણે આકાશમાર્ગથી ભ્રષ્ટ થયો હોઉં તેમ હું એકાકી છું. હવે હું આપને શરણે આવ્યો છું, તો આપને ઉચિત લાગે તેમ કરો; કારણ કે મહાસત્ત્વવંત મહાત્માઓ પરોપકાર કરવામાં સદા તત્પર હોય છે. વળી દયાળુત્વ, અનૌદ્ધત્ય, દાક્ષિણ્ય, પ્રિય ભાષિત્વ, અને પરોપકાર—એ મહાત્માઓના સહજ ભૂષણો છે.' આ પ્રમાણે સાંભળીને તે સિદ્ધ પુરૂષ ચિંતવવા લાગ્યો કે—' અહો ! આ અપુણ્યનું સ્થાન અને દરિદ્રાવસ્થાથી દૂષિત થયેલ છે, છતાં વિનયવાન્ છે; માટે જો એ મંદ ભાગ્યવાળા પર ઉપકાર કરવામાં આવે તો વ્યાધિગ્રસ્ત પ્રાણીને ઐાષધિની જેમ તે વધારે પુણ્યકારક થાય તેમ છે. સંપત્તિ પામીને સર્વ પ્રાણીઓ પર ઉપકાર કરવો તેજ યોગ્ય છે. બાકી ચારે બાજુ પરિભ્રમણ કરીને તો શું કાગડો પણ પોતાનું ઉદર ભરતો નથી ?' આ પ્રમાણે વિચાર કરી હર્ષ પામીને તે સિદ્ધ પુરૂષ બોલ્યો કે—' હે ભદ્ર ! ઇચ્છિત લક્ષ્મીના મહાસાગર રૂપ વિદ્યા તને આપું ? કે તે વિદ્યાથી અભિમંત્રિત ( તૈયાર ) આ શ્રેષ્ઠ ચિત્રઘટ આપું ? એનો બરાબર વિચાર કરીને તને ગમે તે માગ.' એટલે ગ્રામીણ વિચારવા લાગ્યો કે—' જો દૈવયોગે વિદ્યાનો એકાદ અક્ષર વિસ્મૃત થઇ જાય તો મારી શી દશા થાય ? માટે સર્વ અભીષ્ટ અર્થોને આપનાર આ તૈયાર ચિત્રઘટ જ માગી લઉં.' એમ ચિંતવીને તે બોલ્યો કે—' હે દેવ ! મને ચિત્રઘટ આપો.' એટલે તે સિદ્ધપુરૂષે કલ્પવૃક્ષ સમાન તે ચિત્રઘટ તેને આપ્યો કે જેના પ્રભાવથી તેના સમીહિત અર્થો તેને સંપ્રાપ્ત થાય.

પછી પોતાની ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થયેલા નિધાનની જેમ ચિત્રઘટ પામીને પોતાના ગામ ભણી જતાં તે ચિંતવવા લાગ્યો કે—' જ્યાં ત્યાં એવી બહુ લક્ષ્મી પણ શા કામની કે જે મિત્રો પ્રમોદથી વિકસિત નેત્રવાળા થઇને જુએ નહિ.' આમ વિચારીને તે ઘટ સૌ જુએ તેમ પોતાના મસ્તક પર લઇને તે પોતાને ગામ આવ્યો; એટલે લોકોએ તેને આનંદ પૂર્વક ચિત્રકુંભના નામથી બોલાવ્યો. પછી તે લોકોના જેતાં તેણે કવીંદ્રના કાવ્યની જેમ ઘટના માહાત્મ્યથી

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તરત એક મહેલ બનાવ્યો અને કુંભના અતિશય પ્રભાવથી તેણે વસ્ત્રાદિ તૈયાર કર્યા તથા અલ્પ દિવસોમાં તે સારો કુટુંબી બની ગયો. તે બંધુ રહિત છતાં તેના ઘણા બાંધવો થયા. 'ખરેખર લક્ષ્મી મહાદેવીનો પ્રભાવ પૃથ્વીપર જયવંત વર્ત્તે છે.' કહ્યું છે કે—'લક્ષ્મી અનાથોને દોરનાર છે, મિત્ર રહિતની એ સખી છે અને ગુરૂ રહિતની એ ગુરૂ છે.'

એકદા કોઈ પર્વ દિવસે તેણે પોતાના સર્વ સ્વજનોને એકત્ર કર્યા અને વિવિધ ભોજનો તથા વસ્ત્રોથી તેમનો સત્કાર કર્યો; એટલે હર્ષને લીધે લયપૂર્વક તેઓ નૃત્ય કરવા લાગ્યા. આથી તે પણ આનંદના મંદિરરૂપ તે કુંભને મસ્તક પર રાખી બંને હાથથી તાલ દેવા લાગ્યો. એવામાં પ્રમાદના વશથી તે કુંભ તેના મસ્તક પરથી પડી ગયો અને કાચી માટીના પાત્રની જેમ તરત ભાંગી ગયો; એટલે ગાંધર્વ નગરની જેમ તેનાથી થયેલું બધું અદૃશ્ય થઇ ગયું. કુંભના ભાંગવાથી તેના પૂણ્ય પણ ભાંગી ગયાં, એટલે પૂણ્યસમૃદ્ધિના આવવાથી દૂર ગયેલું પૂર્વોપાર્જિત દારિદ્ર જાણે પૂર્વના સ્નેહથી જ આવ્યું હોય તેમ એક ક્ષણમાત્રમાં આવીને તેને ભેટ્યું.

કુંભ ભાંગી જવાથી મૃતાર્ત્તની જેમ અત્યંત શૂન્ય મનવાળો થઇ ગયેલો તે બંધુ રહિત ભમતો ભમતો કુશાગ્રદેશના મુખમંડન રૂપ ચંદ્રપુર નામના નગરમાં આવ્યો. ત્યાં જતાં તેણે સાંભળ્યું કે-'અહીં કોઇ સર્વજ્ઞ દેવ પધારેલા છે' એટલે 'હવે તે મારા ઘટનો કંઇ ઉપાય બતાવશે.' એમ વિચારી તે તેમની પાસે આવ્યો અને ભગવંતને નમસ્કાર કરીને ભદ્ર આશયવાળો તે સમવસરણમાં ભગવંતની લક્ષ્મીને જોતો સતો બેઠો. ભગવંતે તેને કહ્યું કે-'હે ભદ્ર! તું ચિત્રકુંભને મેળવવાનો ઉપાય અંતરમાં વિચારે છે?' આ પ્રમાણે સાંભળીને તેણે મનમાં ધાર્યું કે-'ખરેખર! આ સર્વજ્ઞ દેવ છે, માટે એમની પાસે હું ચિત્રકુંભ મેળવવાવડે પ્રાપ્ત થાય તેવા અવિનાશી સુખને માગું.' એટલે ભગવંત પુનઃ બોલ્યા કે:-'હે ભદ્ર! જો અવિનશ્વર અને ઉત્કૃષ્ટ સુખને ઇચ્છતો હોય તો તું દીક્ષા અંગીકાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર.' આ પ્રમાણે સાંભળીને તે બોલ્યો કે-'હે નાથ! જો દીક્ષા નિત્ય સુખ આપનારી હોય તો તે દીક્ષા મને આપો; કારણકે હું આપને સિદ્ધ પુરૂષ સમજું છું.' પછી પોતાના બંધુ અને પ્રિયા સહિત તે ચિત્રકુંભ ગ્રામીણે ભગવંતની પાસે દીક્ષા અંગીકાર કરી. 'લઘુકર્મીને શું પ્રાપ્ત ન થાય?'

હવે ગંગા અને સિંધુ નદીથી વિરાજિત એવા ભારતવર્ષમાં દેવનગર સમાન **હસ્તિનાગપુર** નામે નગર છે. ત્યાં સિંહ સમાન શૂરવીર **સિંહરથ** નામે રાજા હતો. તેને **કાંચનમાલા** નામે સતી પત્ની હતી. તે નગરમાં ગુરૂમહારાજના ચરણકમળની સેવા કરવામાં ભ્રમર સમાન અને ધાર્મિક **જિનદત્ત** નામે એક મુખ્ય વણિક રહેતો હતો. તેને ઘરે પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવામાં તત્પર અને ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થયેલો **દેવપાળ** નામે એક ગોવાળ હતો. નિરંતર ધર્મમાં તત્પર એવા શેઠને જોઈને શુદ્ધ મનવાળો તે ગોવાળ ભદ્રક ભાવથી ચિંતવવા લાગ્યો કે—"ધર્મથી ધન, રાજ્ય, વિજયલક્ષ્મી, ઇચ્છિત અર્થ અને સુખ તથા કીર્ત્તિ મળે છે, ધર્મ એ અતુલ મંગળ છે, પાપરૂપ વૃક્ષને તે અગ્નિ સમાન છે અને ચાર ગતિરૂપ સંસારમાં પડતા પ્રાણીઓને તે બચાવનાર છે.' પછી ઉઠતાં બેસતાં અને સુતાં નમસ્કાર મંત્રને ગણતા તે શેઠને જોઇને ભદ્રક દેવપાળે તેને પૂછ્યું કે-'હે શ્રેષ્ઠિન્! આ મંત્ર જેવું દરરોજ આપ શું બોલ્યા કરો છો?' શેઠે કહ્યું કે-'હે મહાભાગ! એ મંત્રથી મહાફળ પ્રાપ્ત થાય છે. ધનહીનનું તે ધન છે, રૂપહીનનું એ ઉત્તમ રૂપ છે અને એ નમસ્કારમંત્રથી રોગી જનોના રોગ નાશ પામે છે.' આ પ્રમાણેનાં શેઠનાં વચન સાંભળીને શુભ આશયવાળો દેવપાળ સર્વ ઇચ્છિતને આપનાર એવો તે પરમેષ્ઠિ-મહામંત્ર શેઠની પાસેથી શીખ્યો.

કેટલાક દિવસો પછી મહાભીષ્મ એવા ગ્રીષ્મઋતુરૂપ વૃક્ષને કુઠાર સમાન વર્ષાકાળ આવ્યો; એટલે અભીષ્ટ અને ઉન્નત એવા ધારાધરને આવેલ જોઇને કદંબ અને કુટજ પુષ્પોથી વસુધા જાણે સત્કાર કરતી હોય એવી ભાસવા લાગી. મેઘરાજાનું આગમન જોઇને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દૂરથી સ્તુતિપાઠકોની જેમ કેકારવના મિષથી મયુરો જયજયારવ કરવા લાગ્યા; અને મુસાફરો મહાઉત્કંઠાપૂર્વક પોતાના ઘર તરફ આવવા લાગ્યા; કારણ કે 'જડ ( જળ ) ની સાથે લેશ માત્ર પણ કોણ સજ્જન સમાગમ કરે ?'

પછી પુષ્કળ વરસાદ વરસવાથી થયેલા દુર્દમ કાદવથી રસ્તાઓ સંચારરહિત થઈ ગયા. 'જાડ્ય ( અજ્ઞાન કે જળ ) નો ઉદય થતાં માણસોને બધું દુઃખકર થઇ પડે છે.' લક્ષ્મીના સંચયથી પુણ્યવંત જનોના ઘરની જેમ ભૂમિના સર્વ વિભાગો જળથી પૂરાઇ ગયા. નદીને કાંઠે રમતાં બાળકો રેતીથી જાણે ભૂમિના રોમાંકુર હોય એવા રમ્ય દેવગૃહો રચવા લાગ્યા. પ્રયત્નપૂર્વક કમળને ગ્રહણ કરી જયશીળ અને પોતાના પક્ષબળથી શોભતા એવા રાજહંસો પોતાના આશ્રમ તરફ જવા લાગ્યા. ( અહીં શ્લેષ હોવાથી અન્ય પક્ષે શત્રુઓનું આક્રમણ કરી શત્રુઓની લક્ષ્મીને લઇ લઈને જયવંત થયેલા તથા પોતાના લશ્કરથી શોભતા એવા રાજહંસો-મોટા રાજાઓ પોતાની રાજધાની તરફ ચાલવા લાગ્યા. )

આ પ્રમાણે વરસાદ પુષ્કળ વરસતો હતો છતાં તે ગોવાળ ગાયોને લઇને પર્વતના પ્રદેશમાં ચારવા ગયો. ત્યાં હાથમાં જેણે દંડ રાખેલો છે અને કંબળથી જેણે પોતાના શરીરને આચ્છાદિત કરેલ છે એવા તે ગોવાળે નદીના વેગથી ધોવાઇ ગયેલી જમીનમાં એક જિનપ્રતિમાનું મુખ જોયું; એટલે તેના દર્શનરૂપ મેઘથી જેને આનંદના અંકુર પ્રગટ થયા છે એવા તેણે પ્રાપ્ત થયેલ અદ્ભુત નિધાનની જેમ તે બિંબને જમીનની બહાર કાઢી અને એક વેદિકા ( ઓટલો ) બનાવી તેનાપર તે જિનબિંબને સ્થાપન કરી તેણે તૃણની ભીંતોથી સુશોભિત એવું મંદિર બનાવ્યું. પછી તેણે ચિંતવ્યું કે—'અહો ! હું ધન્ય અને કૃતપુણ્ય છું કે દેવાધિદેવ ઋષભ પરમાત્મા પોતે મને પ્રત્યક્ષ પ્રાપ્ત થયા.' પછી નદીકાંઠે સ્નાન કરી શ્વેત વસ્ત્ર પહેરીને તેણે ભગવંતનું સ્નાત્ર કર્યું અને પોતાના આત્માને પવિત્ર કર્યો. પછી નવીન પુષ્પોવડે ભગવંતની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજા કરીને ભાવથી મસ્તક નમાવી શુભાશયથી તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો:—' જગતને વંદ્ય અને જગતના તારનાર, અનંત જ્ઞાન તથા અનંત સુખના ભાજન તથા પરમેષ્ઠીમાં પ્રથમ એવા શ્રી વૃષભસ્વામીને મારો નમસ્કાર થાઓ. ' આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરી પ્રમોદથી પ્રફુલ્લિત નેત્રવાળો તથા ભક્તિથી રોમાંચિત થયેલો તે પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો. પછી તેણે તેજ વખતે એવો નિશ્ચય કર્યો કે—' યાવજ્જીવ આ ઉત્તમ જિનાધીશની પૂજા કરીને પછીજ મારે જમવું. ' ત્યાર પછી દરરોજ વનના પુષ્પો વડે ભગવંતની પૂજા કરતાં તે ગોપાળ દેવપાળનો કેટલોક કાળ વ્યતીત થયો.

અહીં સિંહરથરાજાની કાંચનમાળા નામની પ્રેયસી ( રાણી ) ને તેના કુક્ષિરૂપ સરોવરને શોભાવવામાં હંસી સમાન મનોરમા નામે પુત્રી થયેલી હતી એકદા ગ્રીષ્મઋતુરૂપ સર્પના જાંગુળીમંત્ર સમાન વર્ષાકાળ આવ્યો; જેથી સમુદ્રના કલ્લોલની જેમ બધા માર્ગો અત્યંત દુર્ગમ થઇ ગયા; એટલે જળથી પૂર્ણ એવી નદીને સામે કાંઠે જવાનું સર્વથા મુશ્કેલ થઇ ગયેલું હોવાથી ત્યાં જવાની ભાવનામાંજ રમનાર અને સરલ એવા તેને શ્રેષ્ઠીએ ભોજન કરવા માટે બહુ કહ્યું, છતાં પોતાની પ્રતિજ્ઞા પાળવામાં દૃઢ હોવાથી ભક્તિમાન એવા દેવપાળને સાત ઉપવાસ થયા, પછી નદીનું પૂર કાંઇક મંદ થતાં આઠમે દિવસે ભુજદંડથી નદી ઉતરીને તે પોતાના કરેલા ચૈત્યમાં આવ્યો, અને જાણે સુખસાગરના કલ્લોલમાં રમતો હોય તેમ પોતાના આત્માને શુભ ભાવનાવડે ભાવીત કરતા તે ગોપાળે સ્તોત્રપાઠપૂર્વક ભગવંતને પ્રણામ કર્યા, એટલે તેની ભક્તિથી સંતુષ્ટ થયેલા અને ઉંચે ગગનાંગણમાં રહેલા એવા તે પ્રતિમાના અધિષ્ઠાયક દેવે આ પ્રમાણે મધુર વાણીવડે કહ્યું કે—' હે મહાભાગ ! સ્વચ્છ મનવાળો એવો તું યથેચ્છ વર માગ; કારણ કે ગુરૂજનોના ચરણની સેવા પ્રાણીઓને સફળજ થાય છે. ' એટલે દેવપાળ અંતરમાં આનંદ પામીને બોલ્યો કે—' હે દેવ ! જો તું સંતુષ્ટ થયો હોય, તો મને રાજ્યસંપત્તિ આપ. ' તે સાંભળીને દેવ બોલ્યો કે—' સમુદ્રરૂપ પરિ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ખથી રમ્ય એવી એક નગરીની જેમ તું અલ્પ સમયમાં વસુધાને અવશ્ય મેળવીશ.' એમ કહીને તે દેવ અદૃશ્ય થઇ ગયો, ત્યારથી મનમાં વિશેષ પ્રમોદ લાવીને મહામતિ દેવપાળ વિશેષ ભાવથી ભગવંતની પૂજા ભક્તિ કરવા લાગ્યો.

એકદા તે નગરની બહારના ઉદ્યાનમાં **દમસાર** નામના મહામુનિને ઘાતિકર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, એટલે દેવોએ આનંદપૂર્વક પુષ્પવૃષ્ટિ કરી અને મનોહર વૈક્રિય એવું સુવર્ણ કમળ રચ્યું; પછી તે કમળપર બિરાજમાન થઇને તે મહામુનિ ધર્મોપદેશ દેવા લાગ્યા. આ વખતે દેવોનું આગમન જોઇને રાજા પણ ત્યાં વંદન કરવા આવ્યો. કેવળી ભગવંતે ઉપદેશ આપતાં જણાવ્યું કે—" હે રાજન્ ! કદલીના ગર્ભ સમાન આ સંસાર અસાર છે, અને પ્રાણીઓને ગૃહવાસ એ સદા દુઃખોના નિવાસરૂપ છે. જેઓ વજ્રની જેવી પોતાની મુષ્ટિથી પર્વતોને ચૂર્ણ કરી નાખે તેવા હોય છે, તેમના હાથ પણ મરણ નજીક આવતાં કંપાયમાન થઇ જાય છે. આવે વખતે પ્રાણીઓને નિર્વાણપદના સાધક એવા જિનોપજ્ઞ ધર્મ વિના બીજું કોઇ શરણભુત થતું નથી. "

આ પ્રમાણેની દેશના સાંભળીને રાજાએ સંસારવાસથી વૈરાગ્ય પામી હાથ જોડીને પોતાના આયુષ્યનું પ્રમાણ પૂછયું; એટલે જ્ઞાનથી સર્વ જગતની સ્થિતિને જાણનાર એવા મહામુનિ બોલ્યા કે—' હે રાજન્ ! તારૂં આયુષ્ય હવે માત્ર ત્રણ દિવસનું બાકી છે.' તે સાંભળતાં શીતાર્ત્તની જેમ રાજાના બંને હાથ કંપાયમાન થઇ ગયા અને તે ચિંતવવા લાગ્યો કે—' અલ્પ જીવિતવ્ય હોવાથી હવે હું શું કરી શકીશ ? ' એટલે ભગવાન્ બોલ્યા કે—' હે રાજન્ ! ખેદ ન પામ, વિવેકી જનો અલ્પ આયુષ્યમાં પણ શું કરી શકતા નથી ? એક મુહૂર્ત્ત માત્ર પણ જો સાવદ્યનો ત્યાગ કરવામાં આવે તો શાશ્વત લક્ષ્મી પ્રાપ્ત થઇ શકે છે. એકવાર મંત્ર ગણવાથી પણ વિષના કલ્લોલ નાશ પામે છે.' એટલે રાજાએ કહ્યું કે—' હે ભગવન્ !



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઈ પ્રબળ પરાક્રમી પુરૂષને રાજ્યપર બેસારીને હું આવું ત્યાંસુધી હે દયાનિધાન ! આપ અહીં રહેજો.' મહામુનિ બોલ્યા કે—' હે મહાપુરૂષ ! આપત્તિના મૂળરૂપ પ્રમાદ બીલકુલ કરીશ નહિ. સર્વ કાર્યોમાં પ્રમાદ એ પ્રથમ શત્રુ છે.'

પછી ગુરૂને પગે પડીને રાજા પોતાને સ્થાને આવ્યો અને રાજ્ય સંબંધી ચિંતામાં તે સમગ્ર દિવસ તેણે કષ્ટથી વ્યતીત કર્યો તે ચિંતવવા લાગ્યો કે—' આ રાજ્યનો પરાક્રમથી પૂર્ણ એવો અધિષ્ટાતા કોણ થશે ? પુત્રરહિત એવો હું કયા ઉપાયવડે આ પ્રજાપાલનના કાર્યને તજી શકીશ ?' આ પ્રમાણેની ચિંતામાં મગ્ન થયેલા રાજાની આગળ મધ્ય રાત્રે અંધકારને દૂર કરનારી દીપિકાની જેવી સિદ્ધા નામની તેની કુળદેવી પ્રત્યક્ષ થઇને બોલી કે—' હે નરનાથ ! તું તારા મનમાં કાંઈ પણ ખેદ કરીશ નહિ. પ્રભાતે તું પાંચ દિવ્ય સજ્જ કરજે અને તે દિવ્યોએ નિર્માણ કરેલા પુરૂષને લાવી પોતાના પુત્રની જેમ રાજ્યપર બેસારી પરલોકના સાધનને માટે તું પ્રયત્ન કરજે.' આ પ્રમાણે કહીને તે દેવી અદૃશ્ય થઇ. પ્રભાતે રાજાએ સજ્જ કરેલા પંચ દિવ્ય સર્વત્ર પ્રતિમાર્ગે ફરવા લાગ્યા, એટલે રાજ્યના લોભથી ઇંદ્રના સામાનિક દેવોની જેમ શણગાર સજીને મંત્રી અને સામંતોના પુત્રો હાથીની આગળ આગળ ચાલવા લાગ્યા; પરંતુ આખા નગરમાં ભમતાં રાજ્યને લાયક કોઇ પુરૂષ તેમના જોવામાં ન આવવાથી મધ્યાન્હ સમયે નગરની બહારના ઉદ્યાનમાં તેઓ ગયા. ત્યાં વૃક્ષ નીચે લાકડીનું ઓસીકું બનાવીને અને કંબળથી શરીરને આચ્છાદિત કરીને દેવપાળ સુતો હતો. તેને જોઇને સાક્ષાત્ નવા જળકણને વરસાવનાર મેઘ સમાન ગર્જનાવડે હાથીએ ગંભીર ગર્જના કરી, અશ્વે કોકિલાના શબ્દ સમાન સુંદર હેષારવ કર્યો, વિકસિત કમળ સમાન શ્વેત છત્ર વિસ્તૃત થયું, (ઉઘડી ગયું,) અને ગંગાની લહરી સમાન બે શ્વેત ચામર પોતાની મેળે વીંજાવા લાગ્યા. પછી તેનાપર અભિષેક કરી હાથીએ તે ગોપાળને પોતાના સ્કંધપર બેસાર્યો, એટલે સિંહરથ રાજાએ તેજ દિવસે મહોત્સવપૂર્વક તેને રાજ્ય આપીને પોતાની પુત્રી પરણાવી.

પછી તે મહામુનિ પાસે જઈને સિંહરથ રાજાએ પૂર્વે ઉપાર્જન કરેલા અજ્ઞાનનો નાશ કરનારા વ્રતોનો ભાવથી સ્વીકાર કર્યો, અર્થાત્ દીક્ષા લીધી; અને તેની સાથેજ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને આયુષ્ય પૂર્ણ કરી તે મહામુનિ ચોથા દેવલોકમાં પૂર્ણાયુષ્યવાળા દેવ થયા.

હવે તે ગોવાળના કંબળ અને ઉપાનહ વિગેરેને અન્ય ગોવાળો શેઠને ઘરે જઇને આપી આવ્યા, અને સાંજે ગાયો પણ સ્વયમેવ શેઠને ઘેર ગઇ. અહીં રાજ્યના સામંતોએ દેવપાળને ગોવાળ સમજીને ઇર્ષ્યા અને અહંકારથી તેને નમસ્કાર ન કર્યો. 'ખરેખર લોકો પૂજિતનેજ પૂજનારા હોય છે.' દેવપાળ રાજાએ 'આ મહાજનમાં પ્રધાન પુરૂષ છે' એમ ધારીને જિનદત્તને બોલાવ્યો, પરંતુ તે પણ અવજ્ઞા બતાવતો સતો આવ્યો નહિ; અને પ્રભાતે જાણે અવજ્ઞાથી ભેટ કરેલ હોય તેમ તેણે રાજાના મુખ્ય દ્વાર પાસે તેના કંબળાદિક મૂકાવી દીધા. તે જોઇને રાજા ચિંતવવા લાગ્યો કે—'અહો! આ બધી પૂર્વ કર્મની ચેષ્ટા લાગે છે. રાજ્યઋદ્ધિથી વિભૂષિત થયા છતાં પણ મને આ લોકો તૃણ કરતાં હલકો માને છે, માટે આવા રાજ્યને ધિક્કાર થાઓ; પરંતુ આ બાબતમાં મારે ખેદ શામાટે કરવો જોઇએ? જેણે આ રાજ્ય આપ્યું છે, તેજ આ બધા લોકોને આજ્ઞા ઉઠાવનાર પણ કરશે.' પછી સ્નાન કરી જ્યાં પેલા જિનબિંબ છે ત્યાં જઇ વિધિપૂર્વક જિનેશ્વરની પૂજા કરીને તે બોલ્યો કે—'હે સ્વામિન્! ઉલટું પરાભવને આપનારૂં એવું આ રાજ્ય મને શા માટે આપ્યું?' એટલે પેલો વ્યંતર પ્રકટ થઇને બોલ્યો કે—'હે ભદ્ર! માટીનો હાથી બનાવી તેના પર આરૂઢ થઇને તું અહીં આવવા માટે નીકળજે. મારા પ્રભાવથી તું તે હાથી ઉપર આરૂઢ થઇશ, એટલે તે હાથી સાચા હાથીની જેમ ચાલશે. તે જોઇને બધા લોકો તારી આજ્ઞા તરતજ ઉઠાવશે.' આ પ્રમાણે સાંભળી મનમાં આનંદ પામીને તે સ્વસ્થાને આવ્યો.

પછી રાજાના હુકમથી કુંભારોએ એક માટીનો હાથી બનાવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે ' આ હાથીપર આરૂઢ થઇને રાજા જિનેશ્વરને વંદન કરવા જનાર છે ' આવી ચર્ચા ચાલતાં સમસ્ત નગરના બધા લોકોના મનમાં આશ્ચર્ય અને હાસ્ય ઉત્પન્ન થયું; એટલે સામંતો, મંત્રીપુત્રો, નગરજનો અને ગ્રામ્ય જનો—સર્વે તે જોવાને માટે રાજમંદિર પાસે આવ્યા; કારણ કે ' બધા લોકોને અદ્દભુત કૌતુક પ્રિય હોય છે. ' પછી શુભ દિવસે તે હાથીપર આરૂઢ થઇ શૃંગારસહિત રાજાએ પોતાના શેઠને બોલાવીને માવતના આસનપર બેસાર્યો; એટલે વ્યંતરના પ્રભાવથી તે માટીનો હાથી ચાલ્યો. આવા અપૂર્વ કુતૂહળને જોઇને બધા લોકો આશ્ચર્ય પામ્યા. રાજા તે હાથીપર બેસી નગરની બહાર જઇ પોતે કરાવેલા ચૈત્યમાં ભગવંતને નમસ્કાર કરી તેજ હાથીપર બેસીને પાછો પોતાના ભવનમાં આવ્યો; અને શેઠને આદેશ કર્યો કે—' હે શ્રેષ્ઠિન્ ! આ હાથીને આલાનસ્તંભ સાથે બાંધો. '- આ પ્રમાણેનો રાજાનો આદેશ પામીને તે હર્ષિત થયો. પછી શ્રેષ્ઠીએ રાજાની જેમ તેના કુંભસ્થળપર અંકુશનો પ્રહાર કર્યો, છતાં જાણે કોઇએ અટકાવ્યો હોય તેમ તે હાથી એક પગલું પણ આગળ ચાલ્યો નહીં; તેથી શેઠ આશ્ચર્ય પામી તરતજ તે હાથીપરથી નીચે ઉતરીને ભક્તિપૂર્વક રાજાના ચરણકમળને નમ્યો, અને બોલ્યો કે — ' હે રાજન્ ! ગોવાળ સમજીને આપનો જે કાંઇ મેં અપરાધ કર્યો હોય તે પુણ્યલક્ષ્મીના સ્થાન એવા આપ ક્ષમા કરો. ' ત્યારે પછી દેવના પ્રભાવથી બધા રાજાઓ પણ શેષાની જેમ તેની આજ્ઞા માથે ચડાવવા લાગ્યા.

પછી રાજાએ સુવર્ણના સ્તંભોથી મનોહર અને શાશ્વત જિનભવન સમાન એક ચૈત્ય કરાવ્યું; અને તેમાં પેલા જિનબિંબ પધરાવીને શ્વેત વસ્ત્ર ધારણ કરી શ્રેણિકરાજાની જેમ ભક્તિમાન્ એવો તે ત્રિકાળ ભગવંતની પુષ્પાદિકવડે પૂજા કરવા લાગ્યો. વળી તે ચૈત્યમાં અઠ્ઠાઇ વિગેરે પર્વોમાં શાસન ઉન્નતિને માટે સૂર્યાભદેવની જેમ નાટક કરાવવા લાગ્યો.

એકદા ભગવંતને વંદન કરવાને માટે ઇંદ્રાણી સહિત ઇંદ્રની-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમ મનોરમા રાણી સહિત તે નગરની બહાર આવ્યો; એવામાં જેણે લંગોટી પહેરી છે, ભારથી જેનું ગળું વાંકું વળી ગયું છે અને જેનું શરીર અતિશય કૃશ છે એવા કોઇ કઠીયારાને મનોરમા રાણીએ જોયો. તેને જોઇને મોહપરાયણ થયેલી રાણી તરતજ મૂર્છા પામી, અને અર્ધ છિન્ન વૃક્ષની જેમ પૃથ્વીતળપર ઢળી પડી; એટલે રાણીને આપત્તિમાં આવી પડેલી જોઇને રાજા જાણે વજ્રથી ઘાયલ થયો હોય તેમ મહાકષ્ટ પામતો સતો બોલ્યો કે—' જેને જે પ્રયોગ આવડતાં હોય તે પ્રયોગ બધા અહીં અજમાવો, કારણ કે સંકટ સમયે વિદ્યામંત્રના અધિષ્ઠિત દેવતાઓને સંભારવાની જરૂર પડે છે.' તે વખતે વૈદ્યો કહેવા લાગ્યા કે—' એને પિત્તથી મૂર્છા આવી છે.' નિમિત્તિયાઓ બોલ્યા કે—' એને ગ્રહની પીડા છે.' અને માંત્રિકો બોલ્યા કે—' કોઇ દેવતાની છાયાનો એને દોષ લાગ્યો છે.' આ પ્રમાણે કહીને વૈદ્યો શર્કરાદિક ઔષધોની તૈયારી કરવા લાગ્યા, નિમિત્તિયાઓ મંત્રપૂર્વક ગ્રહોની પૂજા કરવા લાગ્યા, અને માંત્રિકો દેવતાઓનું પૂજન કરવા લાગ્યા. આપ્ત (હિતેચ્છુ) જનો અનેક પ્રકારની માનતાઓ માનવા લાગ્યા. એક બાજુ સેવકપુરૂષો કમળના પત્રોની શય્યા રચવા લાગ્યા, બીજી બાજુ સ્થૂળ મોતીઓનું ચૂર્ણ કરવા લાગ્યા, અને કેટલાક પુષ્કળ જળકણને વરસાવનાર જાણે સાક્ષાત્ મેઘ હોય તેવા પંખાઓથી રાણીને મંદ મંદ પવન નાખવા લાગ્યા. આ પ્રમાણે ઘણા ઉપચારો કરતાં રાણીની મૂર્છા દૂર થઇ એટલે રાણી મધુર સ્વરે કહેવા લાગી કે—

" અડવિહિ પત્તી ન ઇહિ,
જલુ તો વિ નવૂઠા હત્થ;
અંવો તહવિ કવાડિયહ;
અજ્જ વિ સા વિ અવત્થ. "

આ પ્રમાણેનું રાણીનું કથન સાંભળીને રાજાએ પૂછ્યું કે—' હે દેવી ! આ વૃત્તાંત શું છે, કે જેથી તું આ પ્રમાણે બોલે છે ? ' રાણી બોલી કે—' હે દેવ! પેલા કઠીયારાને અહીં સત્વર બોલાવી મ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવો.' રાજાએ સેવકને મોકલી તેને બોલાવ્યો, એટલે તે આવ્યો. તેને જોઈને મનોરમા બોલી કે-"અહો ! આ કાહલ મારો પૂર્વ જન્મનો પતિ છે. પૂર્વ ભવે હું સિંહલિકા નામે એની પત્ની હતી; અને દુઃખ, દૌર્ભાગ્ય અને દારિદ્ર સંબંધી પરાભવનું એક સ્થાન હતી. એકદા હું એની સાથે ઉંચા તાલવૃક્ષોથી મનોહર એવા વનમાં લાકડા લેવા ગઇ. એવામાં મિથ્યાત્વરૂપ પટળ દૂર થઇ જવાથી અતિશય લક્ષ્મીથી શોભાયમાન એવા આ જિનેશ્વર ભગવંતના બિંબને સૂર્યની જેમ મહા ભાગ્યયોગે મેં જોયા; એટલે મેં મારા પતિને કહ્યું કે— 'હે પ્રિય ! ચાલો, આપણે જગતને નમવા યોગ્ય એવા આ દેવની પૂજા કરીએ.' તે બોલ્યો કે—'તુંજ હમેશાં એની પૂજા કર, મારે કરવી નથી.' એ રીતે વલ્લભને ધર્મ રહિત જાણીને નદીને કીનારે ઉગેલા સિંદુવારના પુષ્પો લાવી મેં ભાવથી એ દેવની પૂજા કરી. ત્યાર પછી હે રાજન્ ! જટા જૂટથી મંડિત, અને ગોવાળના વેષને ધારણ કરનાર એવા તમને ભગવંતની પૂજા કરતાં મેં જોયા; એટલે મનમાં એવી ભાવના જાગ્રત થઇ કે—'અહો ! આ ગોવાળને ધન્ય છે કે જે ભાવથી ભગવંતની પૂજા કરે છે; અને દેવપૂજાથી વિમુખ એવો મારો પતિ અધન્ય છે કે જે દેવપૂજા કરતો નથી.' આ પ્રમાણે ભાવના ભાવતી હું તેજ દિવસે કુત્સિત અન્નના યોગે મરણ પામીને રાજાના ઘરે અવતરી. હે દેવ ! પરભવમાં અનંત સૌખ્ય-લક્ષ્મીને આપનાર એવું આ દેવપૂજાનું તાત્કાળિક પ્રાપ્ત થયેલું ઉત્તમ ફળ આપના જાણવામાં આવ્યું હશે. વળી હે પ્રાણનાથ ! આ કઠીયારાને જોઇને મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે અને તેથી મારો પૂર્વ ભવ મેં જે જોયો તે મૂર્છા દૂર થતાં મેં આપને કહી બતાવ્યો છે." આ પ્રમાણે સાંભળીને રાજાએ કહ્યું કે—'ભગવંતની પૂજાનું મહત ફળ તને તો બીજા ભવમાં મળ્યું, પણ મને તો તેનું ફળ આ ભવમાંજ મળ્યું છે.'

આ પ્રમાણે વાત ચાલે છે તેવામાં જાણે સાક્ષાત્ ધર્મ હોય તેવા અને નિર્મમ એવા ભગવાન્ મુનિચંદ્રસૂરિ ત્યાં ઋષભદેવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભુને નમસ્કાર કરવા પધાર્યા; એટલે તે મુનિના ચરણકમળને નમસ્કાર કરીને રાજાએ તેમની દેશના સાંભળી. દેશનાને અંતે રાજાએ પોતાની રાણી સહિત ભાવથી સમ્યકત્વ અંગીકાર કર્યું, અને પોતે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. પછી પરમ શ્રાવક થયેલા રાજાએ બાર વ્રતનું યથાર્થ પ્રતિપાલન કરતાં સમસ્ત પૃથ્વીને ચૈત્યોથી વિભૂષિત કરી, દરેક દેશમાં અમારિ પટહ વગડાવ્યો અને દરેક નગરમાં જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કર્યો. મનોરમા રાણી નિર્દોષ સમ્યકત્વ પાળીને આયુષ્ય પૂર્ણ થતાં સમાધિપૂર્વક મરણ પામી દેવલોકમાં ઉત્પન્ન થઇ. રાજાને તેના મરણથી અત્યંત શોક થયો.

અન્યદા આસ્તિકમહર્ષિની સાથે સમતાના નિધાન એવા ભગવંત વિહાર કરતા અનુક્રમે હસ્તિનાપુર પધાર્યા. ભગવંતને ત્યાં પધારેલા જાણીને દેવપાળ રાજા વંદન કરવા માટે આવ્યો અને ભગવંતને પ્રદક્ષિણા દઈ સ્તવના કરીને જિનેશ્વરપર પોતાની દૃષ્ટિ સ્થાપન કરી તે યથાસ્થાને બેઠો, એટલે મોહરૂપ કર્દમને ધોઇ નાંખવામાં મહા પ્રવાહ સમાન જગત્પતિ બોલ્યા કે—'હે રાજન્! રાણીના મરણથી તને દુઃખ પ્રાપ્ત થયું છે; પણ પાણીથી ભરેલા કાચા કુંભની જેમ આ સંસારમાં બધું અનિત્ય છે. તેમાં જે મમત્વ રાખવો એ મહા મોહનું ચેષ્ટિત છે. સર્વ જીવો આ જીવને પુત્રપણે અને સ્ત્રીપણે સંબંધમાં આવ્યા છે. એવો કોઇ પણ સંબંધ નથી કે જેનો કર્મવશ જીવોએ સ્પર્શ કર્યો ન હોય? સ્નેહમાં મગ્ન બનીને જેના લગ્નાદિ હર્ષ કાર્યો કરવામાં આવે છે, તેનાજ પ્રેતકાર્યો શોકાતુર થઇને કરવા પડે છે. જે પ્રાણી આ સંસારની અનિત્યતાને બરાબર સમજે છે તે કિંમતી પુષ્પમાળા શુષ્ક થયા છતાં પણ શોક કરતો નથી અને જે સર્વ પદાર્થોમાં નિત્યતાને માની બેઠેલ હોય છે તે એક માટીનું વાસણ ભાંગી જતાં પણ રૂદન કરવા બેસે છે.' ઇત્યાદિ ભગવંતની દેશના સાંભળીને રાજા ભવપાશથી વિરકત થયો; અને પોતાના પુત્રને રાજ્યપર બેસારી વૈરાગ્યથી રંગિત થયેલા ત્રણસો રાજપુત્રો સાથે શ્રી મલ્લિનાથ ભગવંત પાસે તેણે દીક્ષા અંગીકાર કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસ સ્વભાવથી અભિમાની એવો કોઈ બ્રાહ્મણ ભગવંત પાસે આવીને સ્તંભની જેમ સ્થિર ઉભો રહ્યો; એટલે ભગવંત બોલ્યા કે—'હે માનવ! તું માન ન કર, અને આ વંદ્ય છતાં નિંદ્ય છે એમ મનમાં ન લાવ. પૂર્વે પણ માનના મહાત્મ્યથી **યજ્ઞદત્ત** નામે બ્રાહ્મણ અશુભ કર્મબંધ કરીને નિંદનીય કુળમાં જન્મ પામ્યો હતો તેની કથા સાંભળ:—

## યજ્ઞદત્ત અથવા ચિલાતીપુત્ર કથા.[1]

'મહીમંડળના મંડનરૂપ ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં સાક્ષાત્ ક્રોધ હોય એવો **યજ્ઞદત્ત** નામે એક ક્રોધી બ્રાહ્મણ રહેતો હતો. પોતાને પંડિત માનનાર એવો તે બ્રાહ્મણ નિરંતર જિનશાસનની નિંદા કરતો હતો. 'સ્વલ્પમતિવાળા જનોથી થતી ક્રિયાપ્રવૃત્તિ તેને હિતકારક થતી નથી.' અન્યદા સહનશીલ છતાં પણ તેની નિંદાને સહન નહીં કરી શકવાથી ગુરૂએ પ્રતિષેધ કર્યા છતાં કોઈ બુદ્ધિમાન્ એવા શિષ્યે તે બ્રાહ્મણને વાદ કરવા બોલાવ્યો. કારણ કે 'પારકું લશ્કર નજરે પડતાં સુભટો સ્થિર રહી શકતા નથી.' પછી વિવાદના પ્રારંભમાં તે બંને જણાએ એવી સખ્ત પ્રતિજ્ઞા કરી કે—'જે જેનાથી જીતાય તે તેનો શિષ્ય થાય.' પછી વિવાદમાં હેતુવાદી ( પ્રવીણ ) એવા તે શિષ્યે પેલા બ્રાહ્મણને જીતી લીધો. 'સૂર્ય ઉદય પામતાં શું અંધકાર ટકી શકે છે?' વાદમાં હારી જવાથી તે બ્રાહ્મણે તેની પાસે પૂર્વની પ્રતિજ્ઞા પ્રમાણે વ્રત લીધું. કારણ 'દુષ્કર પ્રતિજ્ઞા પાળવામાં પણ સંત જનો ત્વરાવાળા હોય છે.' 'અહો! પ્રતિજ્ઞાવશે વ્રત લેતાં પણ તે સુખકર થાય છે. જુઓ! વિના પ્રયોજને પણ સુધાનો આહાર કરતાં તે જરાને હરે છે.'

ચારિત્ર લીધાં છતાં પણ જાતિએ બ્રાહ્મણ હોવાથી તેને શરીર ને વસ્ત્રની મલિનતા ઉપર દુગંચ્છા આવવા લાગી; એટલે શાસનદેવીએ તેને બોધ આપ્યો–ઘણી રીતે સમજાવ્યો, છતાં તે મહામુનિ

1 આ બે ભવનાં જુદાં જુદાં નામ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વસ્ત્ર અને અંગના મેલને નિંદવા લાગ્યા. હવે તેના સંસર્ગથી તેની જ્ઞાતિવાળાઓને તો શાંતિ પ્રાપ્ત થઈ; કારણ કે વર્ષાઋતુના મેઘના સંસર્ગથી દવદગ્ધ વૃક્ષોને પણ શાંતિ પ્રાપ્ત થાય છે. હવે તેના પર અનુરાગને ધારણ કરતી અને શઠ એવી તેની સ્ત્રીએ તેને વશ કરવા માટે અન્યદા તેને આહારમાં કાર્મણ ( ચૂર્ણ ) આપી દીધું; એટલે તેના ભક્ષણથી રાજયક્ષ્મા (ક્ષય) વ્યાધિની જેમ તેનું શરીર નિરંતર ક્ષય પામવા લાગ્યું. અનુક્રમે પંચ નમસ્કારનું સ્મરણ કરતાં તે મુનિ કાળ કરીને દેવલોકે ગયા. તેનું અવસાન સાંભળીને તેની સ્ત્રીએ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી માનવજન્મરૂપ વૃક્ષના ફળ સમાન ચારિત્ર ગ્રહણ કર્યું; પરંતુ પતિહત્યા રૂપ ઘોર પાતકને આળોવ્યા સિવાય તપ કરીને તે સ્વર્ગે ગઈ. ' તપથી ખરેખર સર્વ અર્થની સિદ્ધિ થાય છે.'

હવે યજ્ઞદત્તનો જીવ સ્વર્ગથી ચ્યવીને રાજગૃહ નગરમાં ધન નામના સાર્થવાહની ચિલાતી નામે દાસીનો પુત્ર થયો. તે ચિલાતીનો પુત્ર હોવાથી તેને ચિલાતીપુત્ર કહીને સૌ બોલાવવા લાગ્યા. 'ગોવાળોના નામ પાડવા માટે કોણ પ્રયાસ કરે છે ? ' યજ્ઞદત્તની સ્ત્રીનો જીવ સ્વર્ગથી ચ્યવીને ધનશેઠની ભદ્રા નામે સ્ત્રીની કુક્ષીથી પાંચ પુત્રો ઉપર સુંસુમા નામે પુત્રી થઈ. શ્રીમાન એવા ધનશેઠે સુંસુમાને બાળપણામાં સંભાળવાને માટે પેલા દાસીના પુત્રને નીમ્યો, કારણ કે ' તેવાઓને તેવું કામજ યુક્ત છે. ' તેણે ઘણી વખત અપરાધ કર્યા છતાં રાજાથી ભય પામીને શ્રેષ્ઠીએ તેને સર્પની જેમ ઘરતી બહાર કહાડી મૂક્યો. એટલે તે અન્યાય અને અસતીના સંકેતસ્થાનરૂપ સિંહગૂહા નામની પલ્લીમાં ગયો. ત્યાં અનીતિમાર્ગમાં પ્રવીણ એવા તેને ચોરોની સાથે મિત્રાઇ થઈ. ' જ્યાં સમાનતા હોય ત્યાં મિત્રાઇ થાયજ છે. ' અન્યદા સિંહગૂહાનો સ્વામી મરણ પામ્યો, એટલે ચોરોએ તેને પલ્લીપતિના પદપર સ્થાપન કર્યો. પલ્લીપતિપણું મળવાથી તે સર્પોને ગરૂડની જેમ રાજાઓને પણ દુર્જય થઇ પડ્યો.



P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે અહીં કામદેવે કામી જનોના ચિત્તને સ્થાપન કરવા સારૂ સુંસુમાને એક ઉત્તમ રાજધાની જેવી અતિ સુંદર તૈયાર કરી; અર્થાત્ તે યૌવનાવસ્થા પામવાથી બહુ રૂપવંત થઇ.

અન્યદા ચિલાતીપુત્રે ચોરો સાથે સંકેત કર્યો કે 'રાજગૃહ નગરમાં પાંચ પુત્રવાળો ધન નામે શેઠ છે, તેને રૂપ સંપત્તિમાં અનુપમ એવી સુંસુમા નામે સુતા છે. આપણે તેને ત્યાં ધાડ પાડવા જવું. તેમાં જે દ્રવ્ય મળે તે તમારૂં અને સુંસુમા નામની તેની પુત્રી મારી.' આ રીતે નિશ્ચય કરીને ચિલાતીપુત્ર રાત્રે ઘણા ચોરોની સાથે ધનના ઘરમાં પેઠો અને ઘરના તમામ માણસોને અવસ્વાપિની નિદ્રા આપી. પછી અપુત્રીયાના ધનની જેમ ચોરો આખા ઘરને વેગથી લુંટવા લાગ્યા. ચિલાતીપુત્રે પદ્મિનીને હાથી ઉપાડે અથવા સીતાને રાવણ ઉપાડે તેમ પ્રીતિલતાને મેઘના ઉદય સમાન સુંસુમાને ગ્રહણ કરી; પરંતુ તેજ દિવસે પરણેલા જંબુકુમારની જેમ ધનશેઠ ઉપર તેની વિદ્યા નિષ્ફળ થઇ, ચાલી શકી નહી; એટલે તે શેઠ આ વાત જાણતા હતા, છતાં પણ પોતાના પુત્રો સહિત દૂર થઇ ગયો. 'નીતિમંતોની એવી નીતિજ છે.' અહીં તેનું સમગ્ર ધન લુંટાવીને અને પોતે સુંસુમાને લઇને દુર્જય એવો ચિલાતીપુત્ર લુંટારાઓ સહિત તેના ઘરમાંથી પલાયન કરી ગયો. તેના ગયા પછી ધનશેઠે કોટવાળને (આરક્ષકને) બોલાવીને જાહેર કર્યું કે—'સમસ્ત ધન તથા સુંસુમાને ચોરો લઇ જાય છે, માટે સ્વાધીન કરી આપો.' એટલે આરક્ષક જનો ચોરની પાછળ ચાલ્યા. ધનશેઠ પણ પોતાના પાંચ પુત્રો સહિત તેની સાથે ચાલ્યો. 'અહો ! આ રસ્તેજ તે ચોરો પલાયન કરી ગયા લાગે છે' એમ તેમના પગલાપરથી જોતાં જોતાં 'સમીપમાંજ તેમનો શબ્દ સંભાય છે.' એમ કરતાં અને 'તેમના ચરણથી ઉડેલી રજજ આ દેખાય છે.' આ પ્રમાણે બોલતાં ને ચાલતાં થોડા વખતમાંજ ચોરીના માલ સહિત તે ક્રૂર ચોરો દૂરથી આરક્ષકોના જોવામાં આવ્યા. એટલે 'આ બાજુથી એમને પકડો અને મારો' એમ બોલતાં આરક્ષકોએ મૃગોને વાગુરિકોની જેમ ચોરોને ઘેરી લીધા, એટલે આરક્ષકોના મારથી ત્રાસ પામી ધન મૂકીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્યેનથી પક્ષીઓની જેમ તે ચોરો ભાગી ગયા. પછી આરક્ષક જનો તો તે દુષ્પ્રાપ્ય એવું પુષ્કળ ધન પામીને પાછા વળ્યા; કારણ કે 'કૃતાર્થ થયેલા જનો પાછા સ્વસ્થાનેજ જાય છે.'

હવે પોતાના સ્કંધ ઉપર અપર ખડગ યષ્ટિની જેમ સુંસુમાને ઉપાડીને ચાલતો ચિલાતીપુત્ર ગુફામાં સિંહની જેમ એક મોટા અરણ્યમાં પેઠો, એટલે તેના હાથમાંથી પુત્રીને છોડાવવાને માટે પોતાના પાંચ પુત્રો સહિત આતુર એવો ધન-શેઠ પોતાના મનની સાથે સ્પર્ધા કરતો સત્વર દોડવા લાગ્યો. એટલે પલ્લિપતિ ચિલાતીપુત્રે 'સુંસુમા મારી પણ ન થાય અને એની પણ ન થાય' એમ વિચારીને કદલીની જેમ તેનું મસ્તક કાપી નાખ્યું, અને ધડ પડતું મૂકી મસ્તક હાથમાં લઇને આગળ દોડ્યો. અહીં તે ધડની આગળ આવતાં પોતાના પુત્રો સહિત શેઠ અત્યંત દુઃશ્રવ એવા પ્રતિધ્વનિથી વૃક્ષોને પણ રોવરાવતો સતો રૂદન કરવા લાગ્યો; અને તે ધડને ત્યાંજ પડયું મૂકીને પોતાના પુત્રો સહિત તે પાછો ફર્યો. એવામાં તપેલી રજથી નખ પણ પચી જાય એવો મધ્યાન્હ સમય થયો; એટલે શેઠના શોકથી અત્યંત ખેદ સહિત થયેલા સ્વજનોની જેમ નીકળતા પુષ્પ રજના મિષથી વૃક્ષો પણ આંસુ પાડવા લાગ્યા. તે વખતે જળ કે ફળ તો દૂર રહ્યા, પણ ધનશેઠના પુત્રોએ ઉલટા જાણે પલ્લિપતિએ પ્રેર્યા હોય તેમ સિંહાદિ પશુઓ જોયા. તે વખતે ધનશેઠ પુત્રીનું મરણ, ધનનો નાશ અને અસહ્ય દુઃખનું આવી પડવું—તેને વારવાર ચિંતવતો દૈવને ઠપકો દેવા લાગ્યો. પુનઃ તેણે વિચાર કર્યો કે—'આપત્તિને લાવનાર અને સંપત્તિને હરનાર દૈવજ છે. વળી સન્મતિને યા નિંદ્ય મતિને પણ તેજ આપનાર છે.' આ પ્રમાણે વિચાર કરતો ધનશેઠ મહા મુશ્કેલીએ રાજગૃહ નગરે પહોંચ્યો અને ત્યાં સુંસુમાનું તેણે યથાવિધિ પ્રેતકાર્ય કર્યું. પછી વૈરાગ્ય પામીને શ્રી વીર પરમાત્મા પાસે તેણે દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે તપ તપીને ધનર્ષિ સ્વર્ગે ગયા. અહીં સુંસુમાના મુખને વારંવાર જોતો અને જાણે પ્રિયાની પાછળ જતો હોય તેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિલાતીપુત્ર દક્ષિણ દિશા તરફ ચાલ્યો. એવામાં કાયોત્સર્ગે રહેલા, ધર્મધ્યાનમાં તત્પર, કામદેવના શત્રુ અને મેરૂ પર્વતની જેવા અડગ એક મુનિને તેણે જોયા; એટલે પોતાના કર્મથી અત્યંત લજ્જિત થયેલા તેણે મહાત્માને કહ્યું કે–'હે મુનિ! ધર્મ કહે, નહિ તો આની જેમ તારૂં મસ્તક પણ છેદી નાખીશ.' એટલે પોતાના જ્ઞાનથી તેને ભવ્ય જાણીને તે મહાત્માએ કહ્યું કે—'ઉપશમ વિવેક અને સંવર આચરવો.' આ પ્રમાણે કહીને મહાસત્વશાળી અને ભવ્ય જીવોને બોધ આપવામાં કુશળ એવા તે ચારણ મુનિ આકાશગામિની વિદ્યાના બળથી આકાશમાં ઉત્પતી ગયા.

અહીં મુનિની કહેલ પદત્રયીનું વારંવાર ધ્યાન કરતાં પોતે દુષ્ટ છતાં શુભ કર્મના ઉદયથી ચિલાતીપુત્રમાં આવા પ્રકારની ભાવના જાગી કે—'સુજ્ઞ જનોએ ક્રોધાદિ કષાયોનો ઉપશમ કરવો જોઇએ. પણ અહો! કૃમિઓથી કોઠીની જેમ હું તો તે કષાયોથી વ્યાપ્ત છું–ભરેલો છું, માટે સંતોષરૂપ ચૂર્ણ સહિત શ્રદ્ધારૂપ મગના પાણીને પથ્યપણે સ્વીકારી શમરૂપ ઔષધના યોગે તે કષાયરૂપ વ્યાધિની આજે હું ચિકિત્સા કરૂં.' વળી 'ધર્મરૂપ રોહણાચલના માણિક્ય સમાન, શિવસંપત્તિ સાથે જોડી આપનાર, કીર્તિરૂપ કાંતાના કાર્મણ સમાન, જ્ઞાનવૃક્ષના કયારા સદશ, માહાત્મ્યના આધારરૂપ, મોહકાષ્ઠના કરવત રૂપ અને સાવદ્યના ત્યાગરૂપ વિવેકને ધીમાન જનો ધારણ કરે છે, તો મારાં ઉગ્ર પાપના સાક્ષીરૂપ આ સુંસુમાના શિરને હાથમાં ધારણ કરતા સતા મારામાં લક્ષ્મીના કારણરૂપ વિવેક કયાં છે?' આમ વિચારીને દુર્ગતિરૂપ દ્વારના એક કાંગરા જેવા અને સાક્ષાત્ અકલ્યાણરૂપ એવા તે મસ્તકને ચિલાતીપુત્રે મૂકી દીધું. પછી પુનઃ તે વિચારવા લાગ્યો કે—'ઇંદ્રિયો અને મનના નિરોધને માટે સંવર કહેલ છે. મોક્ષલક્ષ્મીના ભૂષણરૂપ તે સંવરને ભાગ્યયોગેજ હું પામી શકયો છું.' આ પ્રમાણે ત્રણે પદોના અર્થોની ભાવના ભાવતાં ભાવ સમાધિમાં તેનું મન એકાગ્ર થઇ ગયું.

હવે મસ્તકના રક્તથી ખરડાયેલ એવા તે મહાત્માના દેહ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર ચડી આવીને કીડીઓએ તમનું આખું શરીર ચાલણી સમાન સછિદ્ર કરી દીધું, એક બાજુથી પેસીને બીજી બાજુ નીકળવા લાગી. આ પ્રમાણે મહાન્ ઉપસર્ગ ઉપસ્થિત થયા છતાં ચિત્રસ્થની જેમ સ્થિર રહેલા તે મહાત્મા અઢી દિવસ પર્યંત તે ઉપસર્ગને સહન કરીને શુભ ભાવના સંયોગથી મરણ પામી સ્વર્ગે ગયા.

## ઇતિ ચિલાતીપુત્ર કથા.

આ પ્રમાણે માનના સંબંધમાં યજ્ઞદત્તનું દૃષ્ટાંત સાંભળીને તે વિપ્રે માનને તજી દઈ ભગવંતને પ્રણામ કર્યા; અને કહ્યું કે—'હું બ્રાહ્મણોમાં અગ્રેસર છું; અને આ તો ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયેલા છે તો મારે તેમને કેમ વાંદવા? આવા કરોડો ભવને વધારનારો મારો વિકલ્પ હે સ્વામિન્! આપના સમાગમથી ક્ષણવારમાં નષ્ટ થયો છે. અહો! ગુરૂ સમાગમથી શું પ્રાપ્ત ન થાય?' આ પ્રમાણે કહી ફરી ફરી ભગવંતના ચરણે નમીને તે બ્રાહ્મણે માનનો ત્યાગ કરી ભગવંત પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

હવે ભગવંત વિહાર કરતા શ્વેતાંબી નગરીએ પધાર્યા. ત્યાં ત્રણસો ક્રોધી તાપસો રહેતા હતા. તેઓ 'આ ભગવાન્ સર્વજ્ઞ છે' એવું કર્ણકટુ વચન સાંભળીને દુષ્કર્મોનો વિનાશ કરવાના કારણરૂપ સમવસરણમાં આવ્યા; એટલે ભગવંતે તેમને ઉદ્દેશીને કહ્યું કે— "હે મુનિઓ! 'સર્વજ્ઞ' એટલું વચન સાંભળતાં તમે કોપથી મલીન શા માટે થાઓ છો?" આ પ્રમાણે પોતાના મનોગત ભાવને જાણવાથી તેઓ ભગવંતના ચરણે નમી કાંઇક ઉત્સુક થઇને કહેવા લાગ્યા કે—'હે પ્રભો! કોપ સંબંધી વ્યાખ્યાન આપ કરો.' એટલે તેમને બોધ કરવાના ઉદ્દેશથી વિઘ્નરૂપ અંધકારને દૂર કરવામાં ભાસ્કર સમાન ભગવંત કહેવા લાગ્યા કેઃ—

## અથ ચંડ રૂદ્રાચાર્યની કથા.

સિદ્ધાંતના પારગામી છતાં સ્વભાવે અધિક કોપાયમાન અને ભુવનમાં વિખ્યાત એવા ચંડરૂદ્ર નામે એક આચાર્ય હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્રોધાવેશથી વ્યાપ્ત એવા તે મુનિ અત્યલ્પ ક્રિયાનો લોપ થતાં કોઈ-વાર અલ્પ પ્રમાદ કરતા એવા મુનિસમૂહ ઉપર પણ આક્રોશ કરતા હતા. સ્વલ્પમાત્ર પણ મુનિઓની સ્ખલનાને સહન કરવાને અસમર્થ અને મુનિઓને ક્લેશ ઉપજાવનાર એવા તે સૂરિ સમુદાયથી જરા દૂર પ્રદેશમાં જ રહેતા હતા. એકદા સતત્ માસકલ્પ કરતા એવા તે સંયમી ગચ્છની સાથે વિચરતા માલવદેશમાં અવંતીના ઉદ્યાનમાં પધાર્યા.

હવે અહીં કોઇ શેઠનો કામદેવ સમાન સુંદર પુત્ર રતિસમાન એક શેઠની કન્યાને તરતમાંજ પરણ્યો છે. તે યુવક પોતાના સમાન આચારવાળા મિત્રોની સાથે આ મુનિઓના ચરણકમળથી પાવન થયેલા તે રમ્ય ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે આવ્યો. ત્યાં દરેક વૃક્ષની નીચે નાના પ્રકારની ક્રીડા કરતાં તેના મિત્રોએ ધર્મધ્યાનમાં પરાયણ એવા મુનિઓને જોયા; એટલે ગર્ભશ્રાવકની જેમ યથાયોગ્ય નમસ્કાર કરીને ક્ષમાશ્રમણપૂર્વક તેમણે મુનિઓને વંદન કર્યું; અને કહ્યું કે—' હે પૂજ્યો ! આ અમારો મિત્ર બાલ્યવયથી વૈરાગ્યરંગિત છે અને અત્યારે એ દીક્ષા લેવાને ઉત્સુક છે; માટે એના મનોરથ પૂર્ણ કરો.' એટલે તેમને શઠ અને મશ્કરા સમજીને મુનિ બોલ્યા કે—' દીક્ષા આપવાનો અધિકાર ગુરૂનો છે. અમારા જેવા શિષ્યોનો નથી, તેથી અમારાથી દીક્ષા આપી ન શકાય.' એટલે તેમણે પુનઃ હાસ્યસહિત પૂછ્યું કે—' તમારા ગુરૂ કયાં છે ?' એટલે મુનિઓએ ' કલહની સાથે કલહ ભલે ઘસાય ' એમ વિચારીને હાથની સંજ્ઞાથી દૂર બેઠેલા પોતાના ગુરૂને બતાવ્યા. બધા યુવકો તરતજ ત્યાં ગયા; અને આચાર્યને નમસ્કાર કરી નવ પરિણિત યુવકના મિત્રોએ પૂર્વ પ્રમાણે આચાર્યને કહ્યું. તે સાંભળી આચાર્યે ચિંતવ્યું કે—' આ મૂર્ખ જનો મારી સાથે શા માટે હાસ્ય કરે છે ? માટે કેશલોચના મિષે હું એમને એનું ફળ બતાવું.' આમ વિચારી કોપથી હાથ અને અધરને કંપાવતા એવા તેમણે તેમના મુખમાં નાખવા માટેજ હોય તેમ તેમની પાસે ભસ્મ મગાવી; એટલે ' આ મહાત્મા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શું કરે છે તે તો જોઇએ.' એમ ધારીને કૌતુકથી તેઓ ભસ્મ લઈ આવ્યા. પછી પેલા યુવકને પોતાના બે સાથળમાં પકડીને 'હે ગુરો! એનો લોચ ન કરો, એને મૂકી દો' એમ તે મિત્રોના બોલતાં છતાં ગુરૂએ તરતજ તેનું મસ્તક લુંચિત કરી નાંખ્યું; એટલે તે નવોઢ (તરતમાં પરણેલ) શેઠનો પુત્ર વિચારવા લાગ્યો કે—' ગમે તે રીતે પણ હું લુંચિત તો થયો, હવે આવી સ્થિતિવાળા મને ગૃહસ્થપણું અત્યંત અનુચિત છે, મશ્કરીમાં પણ મને ભવતારક એવું સાધુપણું પ્રાપ્ત થયું છે, માટે હવે તો ભગવંતના કથન પ્રમાણે તેનો ભાવથી સ્વીકારજ કરૂં?' એ વખતે પાસે ઉભેલા તેના મિત્રોના નિઝરણા સમાન વહેતાં અને તેના મસ્તક પર પડતાં આંસુઓથી ભસ્મથી વ્યાપ્ત એવા તેના શિરપર પંકની શંકા થવા લાગી. આ બધું જોઇને ખેદ સહિત તે મિત્રો ચિંતવવા લાગ્યા કે—"અહો! આપણે કરેલી મશ્કરી તેઓને માથે આવી પડી. દુષ્કર ઇક્ષુદંડને લઈ જતાં પાડાના શિરે માર પડવા જેવું થયું. આપણે જે અત્યંત વિચાર વિનાનું ભાષણ કર્યું તેનુ ફળ કેશલુંચનના મિષથી એને પ્રાપ્ત થયું. ખરેખર! દુરાશય એવા આપણે એના મિત્રો છતાં અત્યારે એના શત્રુ જેવા થયા, કે જેથી આ બિચારાની કલ્પનામાં પણ ન આવી શકે એવી દશા થઇ. હવે વિવાહના મહોત્સવમાં આનંદી બનેલા એવા એના સ્વજનોને આ મહા ઉદ્વેગ કરનારો વાત પણ આપણે શી રીતે કહેવી? 'કુસંગથી કદાચ મરણ ન થાય તો તિરસ્કાર તો થાયજ.' આ કહેવતને આપણે કુટિલ આશયવાળાઓએ યથાર્થ કરી બતાવી." આ પ્રમાણે અત્યંત ખેદ પામેલા તે બધા મિત્રોને તે નવદીક્ષિત યુવક જાણે જુનો સાધુ હોય તેમ કહેવા લાગ્યો કે—'હે મિત્ર! મશ્કરી કરતાં પણ મને જિનભાષિત શ્રામણ્ય પ્રાપ્ત થયું છે; એટલે કાચનો કટકો લેવા જતાં રત્ન મળ્યા જેવું થયું છે. ઇચ્છા વિના પણ મને પ્રાપ્ત થયેલી દીક્ષા મારા પુણ્યને સાધનારી થઈ છે. ઇચ્છા વિના જમતાં પણ શું મોદકથી તૃપ્તિ થતી નથી? થાય છે, સંસારસાગરમાં ડુબતા મને સત્વર વ્રતરૂપ વહાણ અપાવવાથી તમે તાર્યો છે, તેથી તમે મારા ખરેખરા સાચા મિત્રો થયા છો.' આ પ્રમા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શેનાં તેનાં વચનો સાંભળી આંખમાં આંસુ લાવી તેના અલંકાર લ-ઇને તેઓ પોતાને સ્થાને ગયા.

હવે તે નવીન શિષ્યે ગુરૂને કહ્યું કે—' હે મહાત્મન્! મારા સ્વજનો મને વ્રતમાં હરકત કરશે, માટે એવી રીતે કરવું યોગ્ય છે, કે જેથી પાખંડી જનોમાં જિનશાસન હાસ્યાસ્પદ ન થાય.' એટલે આચાર્ય બોલ્યા કે—' હે વત્સ! દિવસે તું માર્ગ બરાબર જોઇ આવ, એટલે આપણે રાત્રે બરાબર તે માર્ગે જઇ શકીએ.' તેણે તે વાત સ્વીકારી. માર્ગ જોઇને આવતાં તે યુવક મુનિવેષથી ગીતાર્થ જેવા શોભવા લાગ્યા. પછી આવશ્યક ક્રિયા કરીને એક પહોર રાત્રિ વ્યતીત થતાં તે મુનિ ગુરૂની સાથે ચાલ્યા. આગળ ચાલતો તે શિષ્ય સ્પષ્ટ અને અલ્પગ્ર માર્ગ બતાવતો હતો, છતાં જરાના ભારથી આક્રાંત થયેલા તે આચાર્ય વારંવાર પગલે પગલે સ્ખલના પામતા હતા; તેથી તે બોલ્યા કે—' અરે દૂર્જન શિષ્ય! તેં આ તે કેવા પ્રકારનો માર્ગ જોયો છે?' આવા અગ્નિસમાન વાકયોથી તે મહાત્મા પોતેજ બળવા લાગ્યા; કેમકે તે વચનોથી શિષ્યને જરાપણ ક્રોધ થયો નહોતો. વળી વધારે ક્રોધ આવતાં દંડના અગ્ર ભાગથી કોપ રૂપ અરઘટ્ટના વિસ્તૃત ખાટકારના ભ્રમને કરે તેવી રીતે તે આચાર્ય શિષ્યના મસ્તક પર પ્રહાર કરવા લાગ્યા; પરંતુ ક્ષમાવંતમાં અગ્રેસર એવો તે શિષ્ય ગુરૂ પર કિંચિત્ ક્રોધ ન કરતાં ચિંતવવા લાગ્યો કે—' અહો! ગુરૂને સંતાપ ઉત્પન્ન થાય તેવું મેં વર્તન કર્યું છે. મારે નિમિત્તે વિનીત શિષ્યોના સમુદાયમાંથી છુટા પડીને આ મહાત્માને પગલે પગલે કષ્ટ અને સ્ખલના ખમવી પડે છે. સર્વ પ્રકારના અંધકારસમૂહને દૂર કરનાર એવા આ આચાર્યરૂપ સૂર્યને બુધના યોગની જેમ મારો યોગ સંકષ્ટને નિમિત્તે થયો છે. એ ગુરૂ મને મારે છે અને મારા પર આક્રોશ કરે છે તેમાં એમનો બીલકુલ દોષ નથી, તેમાં મારોજ અપરાધ છે કે મેં એમને રાત્રે વિહાર કરાવ્યો. જિનેશ્વરની ઇંદ્રો સેવા કરે તેમ કેટલાક શિષ્યો બહુજ રોમાંચિત થઇને પ્રતિદિન પોતાના ગુરૂની ભક્તિપૂર્વક સેવા કરે છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને હું ઉલટો ગુરૂને કષ્ટ ઉપજાવનારો થઇ પડ્યો છું."

આ પ્રમાણે ક્ષમાપૂર્ણ મનથી શુભ ભાવના ભાવતાં તે શિષ્યને સર્વ પર્યાયના તત્ત્વને સૂચવનારૂં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું; એટલે હસ્તકમળમાં રહેલ મુક્તાફળની જેમ સમસ્ત લોકને જોતા એવા તે મુનિ સુખપૂર્વક આચાર્ય મહારાજને સુમાર્ગે લઇ જવા લાગ્યા. એવામાં પ્રાતઃકાળ થયો, એટલે શિષ્યના મસ્તકરૂપ પર્વત પરથી ઝરતી જાણે સાક્ષાત્ ક્રોધાગ્નિની જ્વાળા હોય તેવી રૂધિરની ધારા તે આચાર્યના જોવામાં આવી; એટલે તેમણે વિચાર કર્યો કે–"અહો ! આ મુનિ નવદીક્ષિત છતાં ધન્ય છે અને હું પૂર્વદીક્ષિત છતાં અધન્ય છું. મેં આવો તીવ્ર ક્રોધ અને આક્રોશ કર્યો, છતાં એણે અપૂર્વ ક્ષમા જ રાખી. મેં સચ્ચારિત્રનું કથન કર્યું અને સિદ્ધાંતની વાચનાઓ આપી; પણ મેં સાધુને ઉચિત ક્ષમા તો ધારણ ન જ કરી. તે કારણ માટે સાધુઓએ પણ ક્રોધરૂપી અપસ્મારના દોષથી દૂષિત એવા મને તજી દીધો; કારણકે એક ક્રોધને અવકાશ આપવાથી બીજાઓનો અવકાશ મારા અંતરમાં રહી શકયો નહીં. વળી નિરંતર સાધુઓના સમુદાયમાં રહેતાં છતાં પણ હું ક્રોધી જ રહ્યો; કારણકે પાણીનો કાચબો પાણીમાં રહીને તરવામાં જ કુશળ હોય છે." આ પ્રમાણે અતિ તીવ્ર સંવેગરૂપ અગ્નિવડે કર્મરૂપ વૃક્ષોને બાળી નાખવાથી તે મહાત્માને ઘાતી કર્મનો ક્ષય થતાં નિર્મળ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું; એટલે પોતાના કેવળી થયેલા નવીન શિષ્ય સાથે શ્રી ચંડરૂદ્ર આચાર્ય પુનઃ પોતાના પરિવારમાં આવ્યા અને પરિવારની સંપદાથી પરિવૃત્ત થયા. પછી ભવ્ય જનોને પ્રતિબોધ આપવામાં તત્પર એવા તે ગુરૂ શિષ્ય ચિરકાળ વસુધા પર વિચરીને પ્રાંતે અચળ સ્વરૂપી અને કલ્યાણકારી એવી મોક્ષ સંપત્તિને પામ્યા.

## ઇતિ ચંડરૂદ્રાચાર્ય કથા.

આ પ્રમાણેની કથા સાંભળીને સર્વ તાપસોના અંતર શાંત થઇ ગયા અને તેમણે ભગવંતની પાસે સર્વજ્ઞકથિત ધર્મ સાંભળી દીક્ષા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધારણ કરી. પછી ત્યાંથી વિહાર કરતાં ત્રિભુવનમાં સૂર્ય સમાન એવા ભગવંત લક્ષ્મીવડે અમરાવતી સમાન શોભતી **અદિરાવતી** નામની નગરીએ પધાર્યા. ત્યાં સ્વભાવે સ્ત્રીલંપટ એવો **યશશ્ચંદ્ર** નામે રાજા રાજ્ય કરતો હતો. ભગવંતને આવ્યા સાંભળીને ત્યાં દેવાંગનાઓ આવવાના સંભવથી તે રાજા દેવાંગનાઓનાં રૂપ જોવાને માટે ભગવંતની પાસે આવ્યો. એટલે તેને બોધ થાય એવા હેતુથી ભગવંતે ધીર વાણીથી કુળધ્વજ રાજાની કથા કહેવાનો પ્રારંભ કર્યો:--

## કુળધ્વજ રાજકથા.

જંબૂદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણ ભરતક્ષેત્રમાં પૃથ્વીના મુગટમણિસમાન **અયોધ્યા** નામે નગરી છે. ત્યાં સર્વ રાજાઓમાં અગ્રેસર **શંખ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **ધર્મવતી ધારિણી** નામે રાણી હતી. તેમને ધ્વજાની જેમ વંશના ભૂષણરૂપ, બહોંતેર કળાઓનું ભાજન અને સમસ્ત સંપત્તિના દ્વારભૂત **કુલધ્વજ** નામે પુત્ર હતો. એકદા સમાન ગુણવાળા પોતાના મિત્રો તથા અમાત્યાદિથી પરિવૃત્ત થઇ તે નગરની પાસેના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં સેંકડો શાખાઓવાળા વૃક્ષની નીચે પદ્માસને બિરાજમાન, સેવકોથી રાજાની જેમ મુનિઓથી પરિવૃત્ત, મધુર વાણીથી ધર્મદેશના આપતા અને સાક્ષાત્ જાણે ધર્મ હોય એવા **માનતુંગ** નામના ગુરૂ તેના જોવામાં આવ્યા; એટલે વિનીતપણાથી તેમની પાસે જઇ યથાવિધિ નમસ્કાર કરી ઉચિતાસને બેસીને તે ધર્મદેશના સાંભળવા લાગ્યો:—

'આ ભવરૂપ નાટકમાં આ પ્રાણી દુષ્ટ અષ્ટ કર્મરૂપ વિસ્તીર્ણ નેપથ્યને ધારણ કરીને નિરંતર નટની જેમ પોતાના રૂપને ફેરવ્યા કરે છે વળી તેમાં સ્વેચ્છાએ સંચરતા સતા પણ દુષ્ટ કામરૂપ વ્યાધ સ્ત્રીરૂપ પાશથી જીવરૂપ સારંગ (હરણ) ને બાંધી લે છે. સ્વદારાનો ત્યાગ કરી પરદારામાં આદર કરનારા (પરસ્ત્રીલંપટ) પુરૂષો કેવળ પોતાના આત્માને નરકમાં પડવાનુંજ કરે છે. પરસ્ત્રીગમન કરવાથી કુળાચારનો ત્યાગ કરવો પડે છે, પ્રાણો સંશયમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી પડે છે અને સત્યતાનો પરિભ્રંશ થાય છે.' આ પ્રમાણેની દેશના સાંભળીને તે રાજપુત્ર વૈરાગ્ય પામ્યો અને પરદારાથી વિરક્ત થઇ પરસ્ત્રીગમન નિષેધનો તેણે સ્વીકાર કર્યો. પછી આચાર્ય મહારાજના ચરણકમળને વંદન કરીને પાછા ફરતાં રસ્તામાં કેટલીક સ્ત્રીઓ કળહ કરતી રાજકુમારના જોવામાં આવી, એટલે તેણે પૂછ્યું કે—' વારંવાર રોષમાં આવીને તમે શા માટે કળહ કરો છો ?' એટલે તેમાંથી એક સ્ત્રી બોલી કે—' હે દેવ ! સૌભાગ્યના કંદરૂપ એવી હું લોહકાર ( લુવાર ) ની સ્ત્રી છું. બંને કુંભ પૂર્ણ ભરીને માથે ઉપાડવાથી તેના ભારવડે જેની ગરદન વાંકી વળી ગઇ છે એવી હું અહીં સુધી આવી છું. આ રથકારની કનકમંજરી નામે પત્ની છે અને તે બંને કુંભ ખાલી લઇને મારી સામે ચાલી આવે છે; એટલે એના કુંભ ખાલી હોવાથી એણે મને માર્ગ આપવો જોઇએ. એક આ કારણ છે અને બીજું કારણ એ છે કે—હે કુશળ રાજેંદ્ર ! આ વસુધા તળપર જેટલું મારા પતિમાં વિજ્ઞાન છે, તેટલું વિજ્ઞાન બીજા કોઇમાં નહિ હોય, તેથી પણ એણે મને માર્ગ આપવો જોઇએ." આ પ્રમાણે સાંભળીને મનમાં કૌતુક ઉત્પન્ન થવાથી કુમારે તેને પૂછ્યું કે—' સર્વ લોકોને આનંદ આપનાર એવા તારા પતિમાં કેવું વિજ્ઞાન છે ? ' એટલે તે બોલી કે—' હે રાજન ! મારો પતિ લોહકારોમાં મુખ્ય અને વિજ્ઞાનરૂપ લતાઓને વર્ષાકાળ સમાન છે. જો તે રાજાના આદેશથી મત્સ્ય બનાવે તો તે આકાશ માર્ગે ઉડીને મહાસાગરમાં જઇ શકે છે અને ત્યાં ગલરંધ્રદ્વારાએ મોતીઓ ગળીને તે લોહનું માછલું પુનઃ પોતાના સ્થાને આવે છે.' આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને જરા મુખ મરડી તાળી વગાડીને પેલી રથકારની પત્ની વચમાં બોલી ઉઠી કે—' એ વિજ્ઞાનથી લોકમાં કંઇ પ્રશંસા પ્રાપ્ત ન થાય અને લોકોને ખબર પણ ન પડે, તેથી મારે તો તેજ વિજ્ઞાન માન્ય છે કે જે મારા પતિમાં વિદ્યમાન છે.' આ પ્રમાણે સાંભળીને રાજપુત્રે તેને કહ્યું કે—' હે સુલોચને ! તારા પતિમાં કેવું રમ્ય વિજ્ઞાન છે તે કહી બતાવ. ' એટલે રથકારની પત્ની કહેવા લાગી કે—'આ રમ્ય નગરમાં રૂપમાં સાક્ષાત કંદર્પ સમાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવો કંદર્પ નામે મારો પતિ સૂત્રધાર (સુતાર) છે. તે જો કાષ્ઠનો અશ્વ બનાવે તો તે સ્વાર સહિત આકાશમાં છ મહિના સુધી ભમ્યા કરે છે.' આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને કૌતુકી રાજપુત્ર પોતાના પરિવાર સાથે તે બંને સ્ત્રીઓ સહિત રાજસભામાં આવ્યો અને તે સમસ્ત વૃત્તાંત તેણે પોતાના પિતાને કહી સંભળાવ્યો; એટલે રાજાએ તે લુહાર અને સુતાર બંનેને બોલાવ્યા. પછી આશ્ચર્યસહિત રાજાએ તે લુહારને લોખંડ અપાવ્યું, એટલે તેણે તરતજ તે લોખંડનો એક મત્સ્ય બનાવ્યો અને તે મત્સ્યની પીઠ પર તેણે એક ઓરડો બનાવ્યો. પછી શુભ દિવસે રાજાની સાથે તે લુહાર તે ઓરડામાં બેઠો, અને તેની પીઠે વાયુને પકડે તેવી એક ખીલી સ્થાપી, એટલે ગરૂડની જેમ તે મત્સ્ય આકાશમાર્ગે ઉડ્યો અને મત્સ્યપર બેઠેલ વિદ્યાધર સમાન તે રાજા ગામ અને નગરથી વ્યાપ્ત એવી વિપુળ વસુધાને જોવા લાગ્યો; પછી તે મત્સ્ય સમુદ્રમાં ગયો. એટલે તે ઓરડો બંધ કરવામાં આવ્યો. તેથી રાજા અને લોહકાર જાણે ગર્ભમાં રહેલા હોય તેવા દીસવા લાગ્યા. હવે સમુદ્રમાં દાખલ થતાં ગલરંધ્રદ્વારાએ માંસની જેમ બહુ મોતીઓ ગળીને ધનુષ્યથી મુક્ત થયેલ બાણની જેમ તે મત્સ્ય પાછો ફર્યો. ક્ષણવારમાં પોતાના નગરે આવતાં પેલી ખીલી ખેંચી એટલે નિધાનની જેમ તેમાંથી મોતીઓની ધારા પડવા લાગી. આ પ્રમાણે જોઇને કૌતુક પામેલા રાજાએ તે લુહારને પૂછ્યું કે-' આ મત્સ્ય બરાબર ગમનાગમન કેમ કરી શકયો?' એટલે તે બોલ્યો કે—' હે દેવ! મેં સિદ્ધા નામે દેવીનું આરાધન કર્યું છે. તેણે આકાશમાં ગમનાગમન કરવા માટે મને આ બે ખીલીઓ આપી છે. એ કીલિકાના યોગે હે રાજન! હું ગગનાંગણમાં જઇ આવી શકું છું. ' અચિંત્ય એવી દેવશક્તિ માણસોને શું સાધી આપતી નથી?'

પછી સુતારે રાજાના આદેશથી ઇંદ્રના અશ્વ સમાન એક કાષ્ટમય અશ્વ સત્વર બનાવીને રાજા પાસે રજુ કર્યો; અને કોમળ શબ્દોમાં કહ્યું કે—' હે દેવ! આ અશ્વપર આપ અથવા આપનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુળધ્વજ કુમાર બિરાજમાન થાઓ.' એટલે રાજકુમાર બોલ્યો કે—' હે તાત ! આપનો હુકમ હોય તો આ કૃત્રિમ અશ્વપર બેસીને હું વસુધાતળને જોઉં.' રાજાએ તેને આજ્ઞા આપી, એટલે સુતારે તરતજ આકાશમાં ગમનાગમનને માટે બે ખીલીઓ કુમારને અર્પણ કરી. પછી એક ખીલી તેની પીઠ પર સ્થાપન કરીને પોતાના પિતાને નમસ્કાર કરી રાજકુમાર કાષ્ઠના અશ્વપર બેઠો; એટલે આશ્ચર્યથી વિસ્મય પામતા નેત્રવડે સર્વ લોકોના દેખતાં તે કાષ્ઠમય અશ્વ આકાશમાર્ગે ઉડ્યો અને ક્ષણવારમાં તો અદૃશ્ય થઇ ગયો, એટલે લોકો આ પ્રમાણે તર્ક કરવા લાગ્યા કે—' શું એ સ્વર્ગમાં ગયો કે સિદ્ધાંજનથી અદૃશ્ય થઇ ગયો ?' પછી કેટલોક માર્ગ ભમીને રાજપુત્રે ખીલી ખેંચી, એટલે તે અશ્વ એક નગરીના ઉદ્યાનમાં ઉતર્યો. પછી કુળધ્વજ કુમારે તે અશ્વના કાષ્ઠોને જુદા જુદા કરી તેનો એક ભારો બાંધ્યો, અને તે ભારો પોતાના મસ્તક નીચે રાખીને શ્રમથી ખિન્ન થયેલ હોવાથી એક આમ્રવૃક્ષની નીચે તે સુઇ ગયો. એવામાં સૂર્ય આકાશના મધ્ય ભાગમાં આવ્યો, પરંતુ જાણે અટકાવી દીધી હોય તેમ તે વૃક્ષની છાયા કુમારની ઉપર સ્થિર થઇ ગઈ. એ અવસરે તે ઉદ્યાનનો માલેક માળી ત્યાં પુષ્પો લેવા માટે આવ્યો; એટલે મધ્યાન્હ કાળે પણ સ્થિર છાયાવાળું તે મનોહર વૃક્ષ તેના જોવામાં આવ્યું. તેણે વિચાર કર્યો કે—' અલ્પ વખતથી સુતેલા આ પુરૂષનોજ આ પ્રભાવ જણાય છે.' એમ ધારી તેણે તેના પગના અંગુઠાને સ્પર્શ કર્યો, એટલે રાજકુમાર તરત જાગૃત થયો. પછી તે માળીએ ભક્તિપૂર્વક તેને વિજ્ઞપ્તિ કરી કે—' ભાગ્યવંત એવા આપ આજે મારા ઘરના અતિથિ છો.' પ્રાર્થના ભંગથી ડરનાર એવા કુમારે તેને હા કહી. એટલે બહુ જ હર્ષપૂર્વક તેને પોતાના ઘરે તેડી જઇને તેણે ભોજન કરાવ્યું. પછી ઘરના એક ખુણામાં તે લાકડાનો ભારો મૂકીને સાંજે કુમાર નગર જોવા ચાલ્યો. આગળ ચાલતાં સુવર્ણની પુતળીઓથી વ્યાપ્ત, રૂપાના તોરણથી ભાસુર, લક્ષ્મીના સંકેત સ્થાનરૂપ, નેત્રરૂપ મુસાફરને પરમ સમાન, પ્રમોદરૂપ રાજાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સભા સમાન, મોક્ષમાર્ગના મધ્ય વૃક્ષ સમાન અને ધર્મના સાક્ષાત્ નિધાનરૂપ એક જિનમંદિર તેના જોવામાં આવ્યું. ત્યાં શ્રીમાન્ મુનિસુવ્રત ભગવંતના બિંબને જોઇને નમતા એવા મુગટના તેજથી શોભાયમાન એવા રાજકુમારે પ્રભુને પ્રણામ કર્યા.

આ અવસરે છડીદારે વેગથી આવીને આજુબાજુએ રહેલા દરેક માણસને ત્યાંથી દૂર કર્યા. તે જોઇને કુમારને આશ્ચર્ય લાગ્યું કે 'આ શું?' એટલે તેનું કારણ જાણવા માટે પરમાત્મામાં લીન થયેલા યોગીની જેમ તે મંદિરના એક ખુણામાં સંતાઇને ભરાઈ રહ્યો. એવામાં કોઈ અસાધારણ રૂપવતી કન્યા ત્યાં આવી અને જિનપૂજન કરી પોતાની સખીઓની સાથે તેણે નૃત્ય કર્યું. પછી ભગવંતને નમસ્કાર કરીને જાણે સ્રીયારાજ્યને વિસ્તારતી હોય તેમ તે પોતાની સખીઓની સાથે પોતાના અંતઃપુરમાં આવી. ત્યારપછી રાત્રે ખુણામાંથી બહાર આવી તે સુંદરીના રૂપમાં મોહિત થયેલા કુમારે કોઈ પુરૂષને પૂછયું કે—'આ સુલોચના બાળા કોણ છે?' એટલે તે બોલ્યો કે:—'હે દેવ! સાંભળો. કથારસનું કર્ણથી પાન થઇ શકે છે; અને એની હકીકતના શ્રવણ માત્રથી પણ પ્રાણીઓને આનંદ થાય તેમ છે:—

'સારા કિલ્લાથી મંડિત એવું આ રત્નપુર નામે નગર છે. અહીં મુનિસુવ્રત સ્વામીનો શ્રાવક વિજયી નામે રાજા છે. એ રાજાએ વિસ્તીર્ણ અને સુવર્ણના ઉંચા તોરણથી મનોહર તથા લક્ષ્મીના કુળગૃહરૂપ આ ચૈત્ય બંધાવ્યું છે. હે દેવ! તે રાજાની જયમાલા નામની રાણીથી ઉત્પન્ન થયેલ અને સર્વ લક્ષણ સંપૂર્ણ એવી ભુવનમંજરી નામે આ કન્યા છે. અન્યદા હાથણીની જેમ કુમારીને યૌવનઉદ્યાનને પ્રાપ્ત થયેલી જોઇને વિજયી રાજા તેના વિવાહને માટે કોઇ સારા રાજાની શોધ કરવા લાગ્યો. પોતાને માટે કુમારની શોધ થતી સાંભળીને કુમારીએ પોતાના મનમાં વિચાર કર્યો કે:—' મારો વિવાહ થવાનું હવે નજીક આવ્યું છે, પરંતુ મનુષ્ય છતાં પોતાની શક્તિથી જે આકાશગામી થયેલ હોય તેનેજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારે પતિ કરવો, અન્યથા અગ્નિનું શરણુ લેવું.' આ પ્રમાણેનો પોતાનો ગુપ્ત અભિપ્રાય તેણે પોતાની એક પ્રિય સખીને જણાવ્યો, અને તેણે એકાંતમાં જઇને કહી રાજાને સંભળાવ્યો; એટલે આકાશપુષ્પની જેમ તેનો દુર્લભ નિશ્ચય જાણીને રાજા બહુજ ચિંતાપૂર્વક મૌન ધરી રહ્યો." આટલી હકીકત કહીને તે પુરૂષ રાજમંદિરમાં ચાલ્યો ગયો અને કુળધ્વજ કુમાર માળીના ઘરે આવ્યો. પછી ખુણામાં મૂકેલા કાષ્ઠમય અશ્વને સજ્જ કરીને ખીલીના યોગથી તે કુમાર રાજકન્યાના આવાસમાં આવ્યો; અને તેની શય્યાની ચારે બાજુ અર્ધ ચર્વિત તાંબૂલ નાખીને પુનઃ તેજ માર્ગે તે પાછો સ્વસ્થાને ચાલ્યો ગયો. તેના ગયા પછી જાગૃત થયેલી રાજકન્યાએ સર્વત્ર વિસ્તૃત થયેલ તાંબૂલને જોઇને વિચાર કર્યો કેઃ—'શું અહીં કોઇ દેવ કે વિદ્યાધર પ્રચ્છન્નપણે આવ્યો હશે ?' આવી ચિંતામાં તેણે એક વર્ષની જેમ તે દિવસ વ્યતીત કર્યો અને રાત્રે કપટનિદ્રામાં તે સુતી. બીજે દિવસે પણ અર્ધરાત્રે કાષ્ઠના અશ્વપર આરૂઢ થઇને તેજ રીતે કુળધ્વજ કુમાર ત્યાં આવ્યો, અને ત્યાં તાંબૂલ નાખીને જેવામાં ચાલ્યો, એવામાં રાજકુમારીએ તેના વસ્ત્રનો છેડો પોતાના બંને હાથવતી પકડી લીધો, અને કહ્યું કેઃ—'હે ધીમાન્! તમે કયાં રહો છો અને હવે કયાં ચાલ્યા જાઓ છો ?' એ પ્રમાણે કુમારીએ પૂછ્યું—એટલે તે કહેવા લાગ્યો કેઃ—'હે બાળે ! હું મનુષ્ય છતાં કાષ્ઠના અશ્વથી આકાશગામી થયેલો છું.' આ પ્રમાણેનું કથન સાંભળી રાજકુમારી બોલી કે—'મારો મનોરથ આજે પૂર્ણ થયો.' પછી પુરોહિતની જેમ દીપકને સાક્ષી કરીને ગાંધર્વ વિવાહથી તે કુમાર રાજકન્યાને પરણ્યો અને અંતઃપુરના રક્ષક પુરૂષોને વાયુની જેમ અગોચર એવો તે કુમાર ભુવનમંજરી સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. એટલે લાવણ્યથી પવિત્ર એવા ભુવનમંજરીના અવયવો વિશેષ વૃદ્ધિને પામવા લાગ્યા અને મુક્તાફળોથી મનોહર એવા સમુદ્રતટની જેમ તે શોભવા લાગ્યા. તેના શરીરની વૃદ્ધિ જોઇને કુશળ સખીજનોએ ધાર્યું કે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'અકાળે વૃક્ષોમાં ફળસંપત્તિ આવે એ ભયકારક છે.' એમ ચિંતવી પોતાના મુખકમળને નમ્ર રાખી તે સખીએ એકાંતમાં બેઠેલી જયમાળાને તે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળતાં દુઃખથી અભ્યાસ કરેલ એવી વિદ્યાના વાક્યથી ભ્રષ્ટ થયેલ વિદ્યાધરીની જેમ ચિંતામગ્ન થઈ સતી તે ત્યાંજ બેસી રહી. રાજા અંતેઉરમાં આવ્યો ત્યારે એકાંતમાં બેઠેલી જયમાળા તેના જોવામાં આવી; એટલે તેણે પૂછયું કે-'હે દેવી! પોતાનું ભાન ભૂલી જઈને અનવસરે પોતાની સ્ત્રીને વિધવા બનાવવાને ઈચ્છતા એવા કયા પુરૂષે તારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે?' રાણી બોલી કે-'હે નાથ! આપના પ્રાસાદથી કોઈએ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી; પરંતુ આપણી કુમારી પુત્રીના કૌમાર્યનું વચનને અગોચર એવું ખંડન થયું જણાય છે. હે પ્રાણનાથ! રાત્રે ભય વિના કોઈ વીર પુરૂષ આવીને અદત્ત એવી આપણી કન્યાને ભોગવે છે.' આ પ્રમાણેની હકીકત સાંભળીને રાજાએ કહ્યું કે-'હે દેવી! મારા ઘરમાં આવીને જે દુષ્ટે આવું આચરણ કર્યું હશે તેને હું સત્વર યમના ઉપહારરૂપ કરીશ.' આ પ્રમાણે કહીને કોપના આટોપથી અને ઉત્કટ સ્વેદબિંદુથી જેની ભ્રકુટી ભીષણ થઈ ગઈ છે એવો રાજા તેને શોધ કરવાની ઈચ્છાથી રાજસભામાં આવ્યો. એટલે ભવવાગુરા નામની વેશ્યાએ રાજાનું આકૃત જાણી લીધું. કારણકે 'પરના મનને ઓળખવું એ વેશ્યાઓનો સ્વભાવજ હોય છે.' પછી ચિંતાથી આકુળવ્યાકુળ થયેલા રાજાને તેણે આગ્રહથી ચિંતાનું કારણ પૂછયું; એટલે રાજાએ પોતાની પુત્રીનો ગુપ્ત વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. તે સાંભળી 'તેવા અન્યાયના કરનારને હે રાજન્! બાંધીને આપની સમક્ષ હું રજુ કરીશ.' આવી દૃઢ પ્રતિજ્ઞા કરીને ભવવાગુરા પોતાને ઘરે ગઈ અને સાંજે બુદ્ધિથી નાના પ્રકારના ઉપાયોને જાણનારી એવી તે ગણિકાએ કન્યાના ભવનમાં તેલસહિત સિંદૂરનો સર્વત્ર લેપ કર્યો. રાત્રે અશ્વપર આરૂઢ થઈ કુળધ્વજ કુમાર આર્દ્ર સિંદૂરથી લિપ્ત કરેલ બારીએથી ભુવનમાં દાખલ થયો અને તેની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે એક ઘડીની જેમ રાત્રિ વ્યતીત કરીને પ્રભાત થયા અગાઉ માળીને ઘરે પાછો ચાલ્યો ગયો. એવામાં સૂર્ય ઉદય પામ્યો, એટલે પ્રાતઃકાળે તે ગણિકા કન્યાના ભવનાંગણમાં આવી અને કમળના જેવા તેના પગના પ્રતિબિંબ તેની દૃષ્ટિએ પડ્યા. તે પ્રતિબિંબના અનુમાનથી તેણે તે આવનાર કોઈ રાજપુત્ર છે એમ સમજી લીધું કારણ કે 'કાવ્યથી કવિનો ભાવ જણાય છે અને આચારથી કુળ ઓળખાય છે.' પછી આરક્ષકોને લઈને તેની શોધમાં ભમતાં દ્યૂતસ્થાનમાં બેઠેલો રાજપુત્ર તે ભત્રવાગુરાના જોવામાં આવ્યો. સિંદૂરથી રકત થયેલા પગથી તેણે તેને ઓળખી લીધો, એટલે તેના આદેશથી આરક્ષકોએ તેને બળાત્કારથી પકડ્યો અને તે સમાચાર રાજાને પહોચાડ્યા. તે ખબર સાંભળીને પવનથી અગ્નિની જેમ રાજાનો કોપ અત્યંત વૃદ્ધિ પામ્યો, તેથી એવું કામ કરનારના ષંઢની જેમ મને દર્શન ન થાય તો ઠીક એમ ધારીને રાજાએ પરબાર્યો તેને જોયા વિનાજ વધ કરવાનો આદેશ આપ્યો. રાજાનો આદેશ થતાં ક્રૂર આરક્ષકો તરતજ તે રાજકુમારને લઇને વધભૂમિ તરફ ચાલ્યા. એવામાં રસ્તે જતાં લોકો તેનું રૂપ જોઇને પરસ્પર વાતચિત કરવા લાગ્યા કે—"રાજપુત્રીએ આને વર તરીકે પસંદ કર્યો તેમાં તેણે ખોટું શું કર્યું ? વળી અમૃત સમાન ગુણોથી શ્રેષ્ઠ અને કળાવાન્ એવા આના વિયોગથી ચંદ્રમાના વિયોગે પૂર્ણિમાની રાત્રિની જેમ રાજપુત્રી અવશ્ય મૃત્યુ પામશે. તેમજ કદી રાજપુત્રીએ આવું ભૂલભરેલું કામ કર્યું, તો રાજાએ તે ગુપ્ત ન રાખતાં જાહેર શા માટે કર્યું ? કારણ કે—દક્ષ જનો પોતાના ઘરના દુશ્ચરિત્રની સંભાળ રાખે છે અને જાણવામાં આવે તો તેને ગોપવે છે—જાહેર કરતા નથી." ઇત્યાદિ લોકોની વાતો સાંભળતો અને રાજસુભટોથી ઘેરાયેલો રાજપુત્ર પેલા માળીના ઘર આગળ આવ્યો; એટલે રાજસુભટોને કહ્યું કે—"જો તમારી રજા હોય તો મારા કુળમાં પરંપરાથી સેવાયેલી અને આ માળીના ઘરમાં વસનારી મારી કુળ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવીને હું નમસ્કાર કરી આવું. ” સુભટોએ રજા આપી, એટલે તે માળીના ઘરમાં જઈ શરીરને રસવેદ્દી સજ્જ કરે તેમ તેણે પેલા અશ્વને સજ્જ કર્યો અને અત્યંત વિસ્મિત નેત્રથી તે રાજસુભટાદિકના દેખતાં કાષ્ઠના અશ્વ પર બેસી એક પક્ષીની જેમ તે આકાશમાં ઉડ્યો. પછી વેગથી તે કુમારીના આવાસમાં જઇ જાણે ચિરકાળના ભ્રમણથી પરિશ્રાંત થયો હોય તેમ તે કૃત્રિમ અશ્વ નીચે ઉતર્યો અને પોતાની નવોઢાની જેમ તે રાજકુમારીને અશ્વ ઉપર પોતાની આગળ બેસાડીને તે રાજકુમાર સમુદ્રરૂપ કિલ્લાવાળા કોઇ બેટમાં આવ્યો.

તે બેટમાં નીલ તમાલના વૃક્ષો જાણે સાગરનું જળપાન કરવા મેઘ ઉતર્યો હોય તેવા શોભી રહ્યા હતા અને ચંદ્રમા સમાન ફીણની રાશિઓ નદીઓના સમાગમમાં સમુદ્રના જાણે હાસ્યોદ્ગાર હોય તેવી શોભતી હતી. ત્યાં ઉતરીને નિર્ભય એવો રાજપુત્ર મનમાં જેમ કામદેવ આરામ લે તેમ કોમળ પલ્લવોની પથારી કરીને સુતો અને શ્રમિત થયેલ હોવાથી તરતજ તેને નિદ્રા આવી ગઇ. તે વખતે પોતાના સ્વામીને ક્ષુધાથી ક્ષીણુ થયેલા જાણીને મોદક લાવવાની ઇચ્છાથી સાક્ષાત્ આકાશ દેવતાની જેમ રાજકુમારી પેલા કાષ્ઠના અશ્વ પર બેસીને પોતાના મહેલમાં આવી અને મહેલની બારી ઉપર અશ્વ મૂકીને તે રાજકન્યા મોદકાદિક લેવા માટે પોતાના આવાસમાં ગઇ. એવામાં સખ્ત પવનથી સમુદ્રમાં સ્ખલના પામતા વહાણની જેમ તે અશ્વ જમીન પર પડી ગયો અને ભાંગી ગયો. હવે રાજપુત્રી ઉતાવળી મોદક લઇને ત્યાં આવી, એટલે તેણે કાષ્ઠ-અશ્વને જમીન પડેલો અને ભગ્ન થયેલો જોયો, એટલે તેણે ચિંતવ્યું કે—‘ અહો ! દૈવ પ્રતિકૂળ હોય તો બધું અનર્થકારી થાય છે. અત્યારે મને પૂર્વનું ઉગ્ર કર્મ ઉદયમાં આવ્યું જણાય છે. જો અનુકૂળ હોય તો પિતાની જેમ સંકટમાં પણ તે સંભાળ રાખે છે અને પ્રતિકૂળ થતાં ન્યાયમાર્ગે ચાલનાર છતાં પણ નિંદાપાત્ર થવાય છે. સમુદ્રના મધ્યમાં પતિને એકલા મૂકીને અહીં આવવું અને અહીં કાષ્ઠના અશ્વનો ભંગ થવો—આ બધું ભાગ્યના વિપર્યયથી જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મને પ્રાપ્ત થયું છે; પરંતુ હવે પતિના દર્શન થાય ત્યારે જ મારે ભોજન કરવું, અન્યથા ભોજનનો ત્યાગ છે.' આ પ્રમાણેનો પ્રેમવૃક્ષના દોહદ સમાન ઘણો તીવ્ર નિયમ તેણે ધારણ કર્યો.

અહીં રાજપુત્ર નિદ્રાનો ત્યાગ કરીને પ્રેમરૂપ સુવર્ણને માટે સુવર્ણાચળની ચૂલિકાસમાન પોતાની પ્રિયાને જોવા લાગ્યો; પરંતુ તેને કોઇ જગ્યાએ દીઠી નહીં. એટલે ચિંતવવા લાગ્યો કે—'શું લક્ષ્મીની ભ્રાંતિથી સમુદ્રે મારી પ્રિયાને લઇ લીધી અથવા શું કૃષ્ણે લક્ષ્મીની બુદ્ધિથી તેનું હરણ કર્યું ?' એવામાં પોતાના રૂપવૈભવથી અપ્સરાઓને પણ જીતે એવી કોઇ વિદ્યાધરી આકાશમાર્ગેથી ત્યાં આવી.

તેને કુમારે પૂછ્યું કે—'તું કોણ છે? કયાં રહે છે? અને અહીં શા માટે આવી છે? મારા શ્રવણયુગળના પ્રમોદને માટે તે વાત તું મને કહે.' એટલે વિદ્યાધરી બોલી કે— 'હે મહાભાગ! કર્ણને સુધારસના સિંચન સમાન અને મહાપ્રીતિરૂપ મેઘને પૂર્વદિશાના પવન સમાન મારો કથારસ સાંભળ— વૈતાઢ્ય પર્વતપર મણિરથ નામે એક વિદ્યાધરોનો અગ્રેસર રાજા હતો. તેની કનકલોચના નામે હું પટરાણી છું. અહો! બહુ ખેદની વાત છે કે તે મારા વલ્લભને આજેજ એક વૈરીએ બળત્કારથી પકડી લીધો છે. હે ધીનિધાન! તેનાજ રૂપાંતરને પામેલ હોય એવો તું મારા જોવામાં આવ્યો છે. અત્યારે કામદેવના બાણોથી ભેદાતા આ મારા દેહને તારા સંગમરૂપ બખ્તર વિના અન્ય કોઇ શરણભૂત નથી.' આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને કુલધ્વજ કુમાર બોલ્યો કે-'હે માત! પરસ્ત્રીગમનનો મારે નિયમ છે, તેથી સારી રીતે સિંચેલા વૃક્ષની જેમ હું તેનો ભંગ કરવા ઇચ્છતો નથી.' આ પ્રમાણેનું તેનું વચન સાંભળીને તે વિદ્યાધરની વલ્લભાએ વિદ્યાથી મંત્રેલું એક પુષ્પ તે કુમારપર નાખ્યું. એટલે વિષ સમાન તે પુષ્પના પ્રભાવથી રાજકુમાર અત્યંત મૂર્છા પામ્યો અને મનરહિત અસંજ્ઞી પંચેંદ્રિય સમાન થઇ ગયો. એટલે કાષ્ઠની જેમ તેને ઉપાડીને તે સ્ત્રીએ તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદ્રમાં નાખી દીધો. 'અહો ! પ્રેમથી ચંચળ એવી સ્ત્રીઓના નિર્દયપણાને ધિક્કાર થાઓ.' હવે એ વખતે તેજપુંજની જેમ આકાશમાંથી પડતો તે રાજકુમાર જળદેવીના જોવામાં આવ્યો; એટલે સ્વામીએ આપેલા પ્રસાદની જેમ તેણે પોતાના હસ્તકમળમાં તેને ઝીલી લીધો. જળદેવીના પ્રભાવથી વિદ્યાધરીએ વાપરેલી પુષ્પવિદ્યાનો પ્રભાવ નાશ પામ્યો, એટલે રાજકુમારે નેત્ર ઉઘાડ્યા અને તરતજ તે સ્વસ્થ થયો. પછી તે દેવીએ કુમારને તેનું વૃત્તાંત પૂછ્યું, એટલે તેણે વિદ્યાધરીનો વૃત્તાંત તથા પરસ્ત્રીગમનનો પોતાનો નિયમ કહી સંભળાવ્યો. એ હકીકત સાંભળીને જળદેવી બોલી કે–'હે મહાભાગ ! હું તારો દઢ નિયમ સાંભળવાથી તારાપર સંતુષ્ટ થઇ છું, માટે વર માગ. વૃષ્ટિને કરનાર દિવસની વીજળીની જેમ દેવદર્શન અમોઘ હોય છે.' રાજકુમાર બોલ્યો કે–'પરોપકારમાં તત્પર એવી હે જળદેવી ! મારી પ્રિયાની સાથે મારો યોગ થાય તેમ કર.' એટલે તરતજ તેને હાથમાં ઉપાડીને જાણે લાજની[1] અંજલિ હોય તેમ દેવીએ ભુવનમંજરીના મહેલના આંગણામાં મૂકી દીધો. ત્યાં કાષ્ઠનો ભગ્ન થયેલ અશ્વ અને શોકરૂપ ખીલાથી મોહિત થયેલ ચેતનાવાળી તથા રૂદન કરતી એવી પોતાની પ્રિયા તે કુમારના જોવામાં આવી. પછી જળદેવી બોલી કે—'હે વત્સ ! હવે તારૂં શું અભીષ્ટ કરૂં.' તે બોલ્યો કે–'હે પૂજ્ય ! આ અશ્વને સજ્જ કરી આપો.' એટલે દેવીએ તરતજ પોતાની શક્તિથી તે કાષ્ઠના અશ્વને સજ્જ કર્યો. 'ખરેખર ! દેવદેવીઓની શક્તિમાં અચિંત્ય મહિમા રહેલો હોય છે.' પછી દેવી પોતાના સ્થાને ગઇ અને રાજકુમાર સત્વર પોતાની પ્રિયા સહિત તે અશ્વપર બેઠો.

અહીં છ મહિના પૂર્ણ થયા છતાં કુમાર ન આવ્યો, એટલે શંખરાજાએ બળાત્કારથી તે સુતારને પકડાવ્યો, અને તેને બાળી દેવા માટે એક ચિતા તૈયાર કરાવી. 'ખરેખર રાજાઓ રૂષ્ટમાન થાય ત્યારે યમ જેવા થાય છે અને તુષ્ટમાન થાય ત્યારે કુબેર

[1] ધાણીની.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવા થાય છે.' પછી વિરસ વાજીંત્રોના નાદ સાથે પૌરજનોના દેખતાં આંસુઓથી જેના લોચન ભરાઇ ગયાં છે એવા સુતારને ચિતાની પાસે લાવવામાં આવ્યો. ત્યાં બળિદાનની જેમ તે સુતારને જેવામાં અગ્નિમાં નાખે છે તેવામાં પ્રિયાસહિત આવતો રાજકુમાર આકાશમાં જોવામાં આવ્યો. તરતજ તે આકાશથી નીચે આવી અશ્વપરથી ત્યાંજ ઉતર્યો, એટલે પૌરજનોએ પુત્રાગમનની રાજાને વધામણી આપી. પછી તે સુતાર સહિત પોતાના કુમારને રાજાએ સુસ્વર વાજીંત્રના નાદ તથા મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. અને તે લુહાર તથા સુતારને રાજાએ કેટલાક દેશ બક્ષીસ કર્યા. 'પ્રસન્ન કરવામાં આવેલા રાજાઓ નિરર્થક થતા નથી-સાર્થકજ થાય છે.' પછી કાળક્રમે શંખરાજા મરણ પામ્યો, એટલે નીતિને જાણનાર એવો કુળધ્વજ કુમાર રાજા થયો, અને ભુવનમંજરીને તેણે પટ્ટરાણી બનાવી. પછી તે રાણી સાથે કુળધ્વજ રાજા પોતાની ઇચ્છા પ્રમાણે વિષયસુખ ભોગવવા લાગ્યો.

એકદા તે નગરમાં આવેલા કેવલી ભગવંત પાસે અપાર સંસારથી તારનારી ધર્મદેશના સાંભળીને રાણી સહિત રાજા પ્રતિબોધ પામ્યો અને રાજ્યપર પોતાના પુત્રને સ્થાપન કરીને કુળધ્વજ રાજાએ વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી.

સંસારને આત્માના કેદખાના સમાન માનતા તે રાજર્ષિ આ પ્રમાણે મનોહર ભાવના ભાવવા લાગ્યા કે– 'લક્ષ્મી ચપળ છે, સુખ સ્વલ્પ છે, શરીર પરિણામી છે અને આજ કે કાલ તે પ્રયાણ કરવાનુંજ છે તો મારે નિરૂદ્યમી શા માટે રહેવું ? પુનઃ જન્મ પામવો અને પુનઃ મરણ પામવું તથા પુનઃ પુનઃ કલેશની પરંપરા પામવી એવી અરઘટ્ટની ઘટીકા સમાન ઘટના કદાપિ ફરી શકે તેવી નથી.' આ પ્રમાણેની ભાવના ભાવતાં શુંખલા બંધનરહિત અશ્વની જેમ નિરંતર ભ્રમણ કરતા મનને તે મહાત્માએ વિશિષ્ટ જ્ઞાનરૂપ લગામથી વશ કર્યું. ગુરૂલંઘન ( મોટી લાંઘણ ) ન કરતાં માત્ર સિદ્ધાંતાર્થના ચૂર્ણથીજ તે મહામુનિએ કામદેવથી ઉત્પન્ન થતા જ્વર (તાવ)ને શાંત કરી દીધો. શુભ ધ્યાનરૂપ નાસિકાવડે સુઘવાની દવાના યોગે તેમણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક લીલામાત્રમાં કુવાસનારૂપ સખ્ત શ્લેષ્મ ( સળેખમ ) નો નાશ કર્યો. વળી તે મહાત્માએ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ઔષધના યોગે માયારૂપ વાયુ, અજ્ઞાનરૂપ પિત્ત અને મોહરૂપ સખ્ત શ્લેષ્મનો જય કર્યો. શર્કરા સમાન સદા દેદીપ્યમાન ભાવનારૂપ ઔષધથી તે મહાત્માનો દર્શનમોહનીય રૂપ ભ્રમનો વ્યાધિ દૂર થઇ ગયો. વળી અલ્પ પણ સંકલ્પ વિકલ્પના પરિહારથી તેમણે દુર્ધર એવી ઇંદ્રિયોને વશ કરી લીધી. ક્ષમા વિગેરે ગુણોના પરિગ્રહથી વૈરીની જેવા દુર્જય કષાયોને તેમણે શાંત કરી દીધા. આ પ્રમાણે વિશુદ્ધ ભાવવાળા કુળ-ધ્વજ મુનિને અનુક્રમે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને સર્વ કર્મ ખપાવી તેઓ નિર્વાણપદને પામ્યા.

## ઇતિ કુળધ્વજ કુમાર કથા.

આ પ્રમાણેની કથા કહીને ભગવંત યશશ્ચંદ્રરાજાને કહેવા લાગ્યા કે— "હે રાજન્ ! કુળધ્વજ રાજાની જેમ તારે પણ પરસ્ત્રીનો નિયમ પાળવો. કારણ કે—સ્ત્રીઓની દુર્ગાહ્ય મનોવૃત્તિ કામથી બહુ તરલિત હોય છે. સમુદ્રના જળતરંગો શું કોઇના માપવામાં આવ્યા છે ? વળી મધુર અને કોમળાંગી છતાં પરસ્ત્રી દુ:ખદાયક છે. શું વિષલતાનો સ્પર્શ કરતાં કોઇને આનંદ થાય છે ? " આ પ્રમાણેની ભગવંતની વાણીથી યશશ્ચંદ્ર રાજાએ વૈરાગ્ય પામીને પાંચ હજાર રાજપુત્રો સહિત ચારિત્ર અંગીકાર કર્યું.

અનુક્રમે વસુધા પર વિહાર કરતા એવા ભગવંત શ્રીમલ્લિ-નાથ સ્વામીના ભિષગ્ વિગેરે અઠ્યાવીશ ગણધરો થયા, ચાલીશ હજાર તત્ત્વધારી સાધુઓ થયા, પંચાવન હજાર તપસ્વી સાધ્વીઓ થઇ, છસો છાસઠ[1] સર્વ તત્ત્વને જાણનારા ચૌદપૂર્વી મહાત્માઓ થયા, (૨૨૦૦) અવધિજ્ઞાની અને તેટલાજ કેવળજ્ઞાની થયા. (૨૯૦૦) વૈક્રિય લબ્ધિવાળા અને (૧૭૫૦) સમતાધારી જગતના મનને જાણનારા મન:પર્યાયજ્ઞાની મહાત્માઓ થયા, (૧૪૦૦) કીર્તિ-

[1] ત્રિષષ્ઠિ શ. પુ. ચ. માં ૬૬૮ કહ્યા છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

વંત વાદીઓ થયા, (૧૮૩૦૦૦) શ્રાવકો થયા અને (૩૭૦૦૦૦) શ્રાવિકાઓ થઇ.

હવે ભગવંત પોતાનો નિર્વાણસમય પાસે જાણીને મોક્ષમહેલના સંક્રમરૂપ સમેતગિરિ પર પધાર્યા. સો વર્ષ કરતાં ન્યૂન એવા પંચાવન હજાર વર્ષ પર્યંત પૃથ્વી પર વિચરતાં ભગવંતનો ઉપર કહ્યા પ્રમાણે પરિવાર થયો. પછી પાંચસો મહામુનિઓના પરિવાર સહિત પ્રભુએ સમેતગિરિ પર આરોહણ કરીને એક માસનું અનશન કર્યું. અનુક્રમે ફાગણ શુદિ બારશના દિવસે ચંદ્રનો અશ્વિની નક્ષત્ર સાથે યોગ થતાં જેના ચરણકમળ ત્રણ લોકને વંદનીય છે, તથા જેઓ ભવ્ય જનોને પ્રતિબોધ આપી સંસારથી પાર ઉતારનાર છે, એવા ભગવંતે વૃષભયુગલને સારથિની જેમ બાદરકાય યોગવડે બાદર વચનયોગ અને બાદર મનોયોગનો નિરોધ કર્યો. પછી સૂક્ષ્મકાયયોગનો આશ્રય કરીને યોગીની જેમ શ્વાસપ્રશ્વાસને રોકવાથી ભગવંતે બાદર કાયયોગનો નિરોધ કર્યો. પછી સૂક્ષ્મ કાયયોગમાં રહીને સૂક્ષ્મ વચનયોગ અને મનોયોગનો નિરોધ કરી પ્રભુ ત્રીજા સૂક્ષ્મક્રિયાધ્યાનમાં[1] લીન થયા. પછી પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર પ્રમાણે જેનો કાળ છે એવા ઉચ્છિન્નક્રિય નામના ચોથા ધ્યાનનો ભગવંતે આશ્રય કર્યો અને ક્ષીણાષ્ટ-કર્મરહિત જેમને અનંત ચતુષ્ટય સિદ્ધ થયા છે એવા, સર્વ પ્રકારના કલેશથી મુક્ત, કેવળજ્ઞાની, કેવળદર્શી, લેપના અભાવથી તુંબિકાની જેમ સ્વભાવે ઉર્ધ્વગામી એવા ભગવાન્ સમશ્રેણીએ લોકાગ્રને પ્રાપ્ત થયા.

ભગવંતના નિર્વાણ સમયે પૂર્વે કોઇ વાર સુખને પ્રાપ્ત નહીં થયેલા એવા દુઃખિત નારક જીવોને પણ ક્ષણભર સુખ પ્રાપ્ત થયું. ભગવંતની સાથે જેમણે અનશન ક્રિયા કરી છે એવા મહાસત્ત્વવંત મુનિ મહાત્માઓ પણ સર્વ કર્મોથી મુક્ત થઇ પરમપદને પામ્યા. પછી ઇંદ્રે દેવો સહિત ત્યાં આવી ક્ષીરસમુદ્રનું જળ વિગેરે મંગાવી પ્રભુના શરીરને ક્ષીરસમુદ્રના જળથી સ્નાન કરાવ્યું અને દિવ્ય સુગંધી

૧ શુક્લધ્યાનનો ત્રીજો પાયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંગરાગથી વિલેપન કર્યું. પછી બે શ્વેત વસ્ત્ર પહેરાવીને વિમાન સમાન શિબિકામાં ઇંદ્રે પોતે નેત્રમાં અશ્રુ લાવી ભગવંતના દેહને સ્થાપન કર્યો, અને માળાની જેમ ઇંદ્રે તે શિબિકા સ્કંધ પર ધારણ કરી, એટલે દેવતાઓ શિબિકાની આગળ ધૂપ ઉખેવવા લાગ્યા. શ્રી મલ્લિનાથરૂપ ભાસ્કર નયનને અગોચર થતાં ચક્રવાકની જેમ શ્રાવક અને શ્રાવિકાઓમાં અત્યંત શોક વ્યાપી ગયો. ભગવંતના સૌમ્ય ગુણોને સંભારતી અને પગલે પગલે સ્ખલના પામતી અપ્સરાઓ પાછળ રહીને મંદ સ્વરે પ્રભુના ગુણ ગાવા લાગી. પછી ઇંદ્રે શિબિકા ચિતા પાસે લઇ જઇને ભગવંતના શરીરને ચિતામાં સ્થાપન કર્યું, એટલે અગ્નિકુમાર દેવોએ તેમાં અગ્નિ વિકુર્વ્યો, અને તેના ઉદ્દીપનને માટે વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વ્યો. અન્ય દેવોએ ગોશીર્ષચંદન વડે તે ચિતાને વિશેષ જ્વાલામય કરી. તે જ્વલંત ચિતામાં દેવતાઓ બહુમાન પૂર્વક અનેક પ્રકારના ગંધ ધૂપ અને સરસ ઘૃતથી ભરેલા ઘડાઓ હોમવા લાગ્યા. ભગવંતના શરીરનું માંસ બળી જતાં દેવતાઓએ ક્ષીરસમુદ્રનું જળ લાવી ચિતાને બુઝાવી દીધી.

એ વખતે પ્રથમેંદ્રની જેમ બીજા ઇંદ્રોએ સાધુઓના શરીરોને પશ્ચિમ દિશામાં રચેલી ચિતામાં સ્થાપન કર્યો અને તેનો પણ ઉપર પ્રમાણે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. પછી સૌધર્મ અને ઇશાનેંદ્રે ભક્તિપૂર્વક ભગવંતની જમણી અને ડાબી ઉપરલી દાઢા ગ્રહણ કરી તથા ચમરેંદ્ર અને બલીંદ્રે નીચેની બે દાઢા ગ્રહણ કરી. બીજા ઇંદ્રો તથા દેવતાઓએ ભગવંતના દાંત અને અસ્થિ ગ્રહણ કર્યા, ભગવંતની ચિતાની ભસ્મ મનુષ્યોએ ગ્રહણ કરી. જિનેશ્વરોનું સર્વ અંગ ને ભસ્માદિ સર્વ પવિત્ર હોવાથી તે વંદ્ય અને પૂજ્ય હોય છે. પછી ભગવંતની ચિતાના સ્થાને દેવોએ એક સ્તૂપ બનાવ્યો તે નાના પ્રકારના રત્નમય હોવાથી રત્નાચળના શૃંગ સમાન શોભવા લાગ્યો.

આ પ્રમાણે શ્રી મલ્લીનાથ ભગવંતનો નિર્વાણમહોત્સવ કરીને દેવતાઓ નંદીશ્વર દ્વીપે અઠ્ઠાઇમહોત્સવ કરવા ગયા, અને અઠ્ઠાઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહોત્સવ કરીને પોતપોતાને સ્થાને જઇ ઇંદ્રોએ ભગવંતની દાઢા પૂર્ણ ભક્તિવડે માણવસ્તંભની ઉપર રહેલા દાબડાઓમાં સ્થાપન કરી.

ભગવંતે સંસારીપણામાં (સો વર્ષ) કૌમારવ્રત પાળ્યું હતું. ૫૪૯૦૦ વર્ષ કેવળી પર્યાય પાળ્યો હતો. કુલ પંચાવન હજાર વર્ષનું આયુષ્ય સમાપ્ત કર્યું અને અરનાથના નિર્વાણ પછી એક હજાર કોટિ વર્ષ જતાં શ્રી મલ્લિનાથ પ્રભુનું નિર્વાણ થયું.

આ પ્રમાણે શ્રવણયુગલને અમૃતની તલાવડી સમાન અને સમસ્ત પ્રકારની લક્ષ્મીને આપનાર એવા શ્રી મલ્લિનાથ ભગવંતના ચરિત્રને જે સંસારી પ્રાણીઓ વિનયથી નમ્ર થઇને અવગાહે છે, તેમના સર્વ મનોવાંચ્છિત અવશ્ય સફળ થાય છે.

॥ इत्याचार्य श्री विनयचंद्रविरजिते श्रीमल्लिस्वामिचरिते महाकाव्ये विनयांके आस्तिकनृप–चित्रकुंभ–देवपालगोपाल–पद्मदत्त–चिलातीपुत्र–चंद्ररुद्राचार्यशिष्य–कुळध्वजमहर्षिकथानकगर्भितो निर्वाणवर्णनो नामाष्टम सर्गः ॥ ८ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રશસ્તિ.

સદ્‌વૃત્ત ( ગોળાકાર અથવા સદાચારી ) અને તમોપહારી ( અંધકાર અથવા અજ્ઞાનને દૂર કરનાર ) એવો ચંદ્ર નામે ગચ્છ પૃથ્વીપર પ્રસિદ્ધ થયેલો છે, પણ આશ્ચર્ય એ છે કે જેની ઉપર કોઇ વાર સમુદ્રે રાગ કર્યો નથી. તે ગચ્છમાં ભવ્ય જનોની વાંચ્છાને પૂરનાર એવા શીલગુણ નામે આચાર્ય થયા. જેમનું પંચ શાખાયુકત કલ્પવૃક્ષ લોકોને નવીન પ્રકારની છાયા આપે છે. એ ગચ્છમાં પૂર્વ પ્રીતિથી તરંગિત થઇ જાણે વચનથી બંધાયેલી હોય અથવા આકર્ષિત થયેલી હોય તેમ ત્રિભુવનસ્વામિની દેવી જેમની પાસે આવતી હતી એવા, સૌભાગ્યથી અદ્દભુત વૈભવવાળા, અવિદ્યા-અંધકારને દૂર કરનારા અને સંસારરૂપ મહાસાગરને માટે અગસ્તિ ઋષિ જેવા શ્રીમાન્ માનતુંગ નામે જયવંત આચાર્ય થયા. ત્યાર પછી જેમની લાવણ્યથી પવિત્ર અને ઉત્તમ રસવતી સમાન ભારતી ( વાણી ) વ્યાખ્યા-પર્વમાં પ્રાણીઓને પરિપાકપણાથી અત્યંત પેશલ એવી તૃપ્તિ આપે છે અને જે વાણીથી અજીર્ણ ( અનશ્વર ) છતાં પણ અવિકલ અને નિર્મળ સુખ પ્રાપ્ત થાય છે એવા નવીન સૂપકાર જેવા શ્રીમાન રવિપ્રભ નામે વિજયવંત આચાર્ય થયા. વિવિધ પ્રકારના ગ્રંથોની રચનામાં જે ગુરૂ બ્રહ્મા સમાન હતા, છતાં તે રજોગુણી કે અસત્ય સ્થિતિવાળા કદાપિ ન હતા. તેમના પટ્ટને શોભાવનારા, રામચંદ્રની જેમ ભવ્ય જનોના મનોરૂપ હરિણને આનંદ આપનારા, ત્રણ પ્રકારની વિદ્યાઓથી પાવન અને શ્રીમાન્ રૈવતાચળના ઉંચા શિખરપર સુધ્યાનમાં લીન થઇને પોતાના આયુરૂપ તરૂના પ્રપાતયોગે જેઓ સ્વર્ગતિને પામ્યા છે એવા જયવંત શ્રી નરસિંહસૂરિ નામે આચાર્ય થયા. ત્યાર પછી નિરંતર પાંચ સમિતિના આરાધનમાં તત્પર, ત્રણ ગુપ્તિ અને ત્રણ શકિતને ધારણ કરનાર, પાંચ મહાવ્રતરૂપ વલ્લભ અને વિલસાયમાન એવા ગંધર્વ-ગર્વથી ઉધ્ધુર, શ્રીમાન રવિપ્રભસૂરિના વિકસિત પટ્ટના અલંકારરૂપ અને સાક્ષાત્ જાણે નરેંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય એવા શ્રીમાન્ નરેંદ્રપ્રભ નામે આચાર્ય થયા. ત્યારપછી દુર્વાર એવા પ્રતિવાદીરૂપ વિંધ્યાચલમાં આનંદ કરનાર એવા ચાંદ્રકુળમાં વિખ્યાત, ઉદ્દામ મહિમાથી પ્રખ્યાત, મુનિઓમાં અગ્રેસર, અને શબ્દોરૂપી તરંગોથી વ્યાપ્ત તથા અપરિમિત એવા આઠ વ્યાકરણરૂપ સમુદ્રોને જેણે પોતાના વ્યાકરણની પ્રશસ્તિ રૂપ ચુલુકોથી અત્યંત ચિત્રિત કરી દીધેલ છે એવા જયવંત શ્રીમાન્ દેવાનંદસૂરિ થયા. એમના પટ્ટ પર રૂપમાં કનકની પ્રભા સમાન, સાક્ષાત્ બૃહસ્પતિ જેવા અને જાગ્રત મહિમાવાળા શ્રી રત્નપ્રભ નામે તેમના શિષ્ય થયા. એમના ચરણકમળમાં ભ્રમર સમાન તથા શ્રી વિનયેંદુની સાથે નવીન પ્રીતિને ધારણ કરનાર એવા શ્રી પ્રદ્યુમ્નસૂરિએ સ્વપરના બોધને માટે આ આખા ચરિત્રનું સંશોધન કર્યું. પૂજ્યશ્રી રત્નસિંહસૂરિ સુગુરૂના શિષ્ય શ્રીમાન્ નરેંદ્રપ્રભુના આદેશથી વિનયાંક પાર્શ્વચરિત્ર રચવાની ઇચ્છાથી ગચ્છના મુગટરૂપ શ્રી રવિપ્રભગુરૂના અલ્પબુદ્ધિ શિષ્ય શ્રી વિનયેંદુસૂરિએ આ શ્રી મલ્લિનાથ સ્વામીનું નવીન ચરિત્ર બનાવ્યું. આ ભરતક્ષેત્રમાં જ્યાં સુધી જિનશાસન જયવંત વર્તે છે અને વૃષભોથી પોષણ પામેલ ધાન્ય વૃદ્ધિ પામે છે, ત્યાં સુધી મેઘની જેવા સુંદર શ્યામ શરીરવાળા શ્રી મલ્લિનાથ ભગવંતનું આ રસના પૂરથી મનોહર અને પ્રોદ્દામ એવું ચરિત્ર ચિરકાળ જયવંતુ રહો.

॥ इति प्रशस्ति ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

### અમારી સભા તરફથી છપાયેલા
### ગુજરાતી ભાષાના વાંચનારાઓને ખાસ ઉપયોગી
### ભાષાંતરો વિગેરે

**૧–૪ શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.**

૧ પર્વ ૧ લું, બીજું, ૨–૪–૦ ૨ પર્વ ૩–૪–૫–૬. ૨–૪–૦
૩ પર્વ ૭–૮–૯ મું. ૩–૦–૦ ૪ પર્વ ૧૦ મું. ૧–૮–૦.

**૫–૯ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ ભાષાંતર.**

| | |
|---|---|
| ૬ ભાગ ૧ લો. ( સ્થંભ ૧થી૪ ) | ૧–૮–૦ |
| ૭ ભાગ ૨ જો. ( સ્થંભ ૫થી૯ ) | ૨–૦–૦ |
| ૮ ભાગ ૩ જો. (સ્થંભ ૧૦થી૧૪) | ૧–૮–૦ |
| ૯ ભાગ ૪ થો. (સ્થંભ ૧૫થી૧૯) | ૨–૦–૦ |
| ૧૦ ભાગ ૫ મો. (સ્થંભ ૨૦થી૨૪) | ૨–૦–૦ |

| | |
|---|---|
| ૧૦ ચરિતાવળી ભાગ ૧ લો. ( કથાઓનો સંગ્રહ ) | ૧–૦–૦ |
| ૧૧ " ભાગ ૨ જો. " | ૧–૦–૦ |
| ૧૨ " ભાગ ૩ જો. " | ૧–૦–૦ |

આ ત્રણે ભાગના જુદા જુદા વિભાગો છુટક મળી શકે છે.

| | |
|---|---|
| ૧૩ શ્રીશત્રુંજય મહાત્મ્ય ભાષાંતર | ૨–૮–૦ |
| ૧૪ શ્રીગૌતમકુળક બાળાવબોધ ( અનેક કથાઓ ) | ૨–૮–૦ |
| ૧૫ ઉપમિતિભવપ્રપંચ પીઠબંધનું ભાષાંતર. | ૦–૧૨–૦ |
| ૧૬ અધ્યાત્મ કલ્પદ્રુમ, વિવેચન સાથે. | ૧–૮–૦ |
| ૧૭ આનંદઘનપદ્ય રત્નાવળી ( ૫૦ પદ્યો વિવેચન સાથે ) | ૨–૦–૦ |
| ૧૮ શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર | ૦–૮–૦ |
| ૧૯ શ્રી પ્રબોધ ચિંતામણિ ભાષાંતર. | ૦–૮–૦ |
| ૨૦ પ્રતિક્રમણના હેતુ. | ૦–૮–૦ |
| ૨૧ રત્નશેખર રત્નવતી કથા. | ૦–૪–૦ |
| ૨૨ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો જુબીલી અંક | ૦–૧૨–૦ |
| ૨૩ કુવલયમાળા ભાષાંતર ( અતિ રસીક ) | ૦–૮–૦ |
| ૨૪ જ્ઞાનપંચમી. | ૦–૮–૦ |
| ૨૫ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર | ૧–૮–૦ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust